શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી આચારાંગ સૂત્ર - ૨

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

इमेणाचेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ
जुद्धारिहं खलु दुल्लहं

आचारांग अ. ५ उ. ३

હે પ્રાણી ! આપણા આત્માના સાથે યુદ્ધ કર બહાર યુદ્ધ કરવાથી મતલબ શું છે !
દુષ્ટ આત્માના સમાન યુદ્ધ યોગ્ય બીજી વસ્તુ દુર્લભ છે.

અપ્રશસ્ત આત્મા સાથે જ યુદ્ધ આવશ્યક છે.

— જીવનના અનુક્રમે સત્યસાર —

लोगस्स सारं धम्मो, धम्मंपि य नाणसारियं बिंति
नाणं संजमसारं संजमसारं च निव्वाणं ॥

आचारांग अ. ५ उ. १

સમસ્ત લોક (સંસાર)નો સાર શ્રી સદ્ધર્મ છે સદ્ધર્મનો સાર જ્ઞાન છે જ્ઞાનનો સાર સંયમ-ચારિત્ર છે સંયમ (ચારિત્ર)નો સાર નિર્વાણ (મોક્ષ) છે.



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત પ્રથમ અંગ

# શ્રી આચારાંગ સૂત્ર - ૨

**દ્વિતીય શ્રુતસ્કંધ**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી પુષ્પાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સ
મ
ર્પ
ણ

**સૌરાષ્ટ્ર કેસરી**

**બા. બ્ર. પૂ. ગુરુદેવ**

**શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..**

# સમર્પણ

જેના મુખારવિંદમાંથી અમૃતમયી,

અમીરસ સભર અરિહંતવાણી વરસતી હતી,

સર્વ જીવોને શાસન રસી

કરવાની ભાવના વર્તતી હતી,

આગમના સૂત્રો અને શ્લોકો

જેના કંઠમાં ગુંજતા હતા,

વચનમાં સર્વને આવકાર હતો,

જે સર્વના 'પ્રાણ' સમ બન્યા હતા,

જેના દર્શને મમ જીવન સૃષ્ટિ હરિયાળી બની,

તેવા પરમ શ્રદ્ધેય પૂ. બા. બ્ર.

પ્રાણલાલજી મહારાજ સાહેબના

રત્નત્રય સભર કરકમળમાં

સાદર સમર્પણ.

- પૂ. મુક્ત - લીલમ સુશિષ્યા

સાધ્વી પુષ્પા

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ અર્હં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વર્ધયતિ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સહ –
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે –
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે –

આનંદ મંગલમ્

૨૭-૪-૨૦૦૯
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્રીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

## સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




## શતાદ્દિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ

પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)
## માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી
## શ્રી - કાંતીભાઈ રૂગનાથ દોશી

દાનધર્મ ગૃહસ્થ જીવનની આધારશિલા છે.

દાનધર્મની આરાધનાથી અહિંસા, સંયમ, તપની આરાધના થાય છે. તેથી ગૃહસ્થના ચાર પ્રકારના ધર્મ દાન, શીલ, તપ અને ભાવમાં દાનધર્મની પ્રધાનતા અને પ્રાથમિકતા છે. શ્રી કાંતીભાઈ અને મંજુલાબેન ગૃહસ્થધર્મનું યત્કિંચિત પાલન કરતાં વિવિધક્ષેત્રમાં પોતાની સંપત્તિનો સદ્વ્યય કરી જીવન સફળ કરી રહ્યા છે. શ્રી કાંતીભાઈ વર્ષોથી શ્રી કામાણી જૈન ભુવનમાં પ્રમુખપણે શ્રીસંઘમાં સેવા આપી ભવોભવ જિનશાસનની પ્રાપ્તિ થાય તેવું પુણ્યકર્મ બાંધી રહ્યા છે.

સ્વ. પિતાશ્રી રૂગનાથભાઈ તથા માતુશ્રી નર્મદાબેનના ઉપકારોને સ્મરણમાં રાખી તેમની સ્મૃતિને ચીરંજીવ બનાવવા માટે તેઓશ્રીએ શ્રુતાધાર તરીકે લાભ લીધો છે.

ભાઈશ્રી પિયુષભાઈ તથા સૌ. અરૂણાબેન પણ હંમેશા વડિલબંધુના સત્કાર્યમાં પ્રસન્નભાવે સહયોગ આપી રહ્યા છે. બંને બંધુઓના સુપુત્રો કેતનભાઈ, કોનલભાઈ, રીપલભાઈ તથા પુત્રવધુ સૌ. અર્ચનાબેન, સૌ. મયુરીબેન તથા સૌ. ધરાબેન પણ કુળની ઉજ્જવળ પરંપરાને અખંડ રાખવા પુરુષાર્થશીલ રહે છે. સુપુત્રી સેજલબેન નિલયભાઈ વોરા તથા તેજલબેન અનિરૂદ્ધભાઈ મહેતા માતા- પિતાના સંસ્કાર પામી મનુષ્ય જીવનને સફળ બનાવી રહ્યા છે.

આ પુણ્યવાન પરિવાર **ગુરુદેવ પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.** તથા **પૂ. વિરમતિબાઈ મ.** થી પ્રભાવિત થઈ, દેવ - ગુરુ - ધર્મની શ્રદ્ધાથી રંગાઈને **પૂ. ગુરુદેવના ૩૯ મા જન્મદિને** શ્રુતભક્તિની અમૂલ્ય ભેટ અર્પણ કરી રહ્યા છે, તેઓશ્રીએ અનેકશઃ ધન્યવાદ...

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે - બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ - બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 12 | **ઉદ્દેશક–૫** | |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 14 | અગ્રપિંડ ગ્રહણ વિવેક | ૩૬ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 16 | વિષમ માર્ગમાં ગમન વિવેક | ૩૭ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 18 | બંધદ્વાર ખોલવાનો વિવેક | ૩૯ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 20 | પૂર્વ પ્રવિષ્ટ શ્રમણાદિની ઉપસ્થિતિમાં ભિક્ષાવિધિ | ૪૦ |
| અભિગમ | 22 | **ઉદ્દેશક–૬** | |
| સંપાદકીય | 27 | આહારાર્થી પશુ–પક્ષીઓના માર્ગમાં ગમન વિવેક | ૪૫ |
| સંપાદન અનુભવો | 53 | ગૃહસ્થના ઘરમાં પ્રવિષ્ટ સાધુનો વિવેક | ૪૬ |
| અનુવાદિકાની કલમે | 57 | પૂર્વકર્મ દોષયુક્ત આહાર ગ્રહણ વિવેક | ૪૭ |
| ૩૨ અસ્વાધ્યાય | 62 | સચિત્ત સંસૃષ્ટ આહાર ગ્રહણ વિવેક | ૪૮ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | ખાંડી–ઝાટકી અપાતા આહાર ગ્રહણ નિષેધ | ૫૦ |
| **અધ્યયન–૧ : પિંડૈષણા** | | **ઉદ્દેશક–૭** | |
| પરિચય | ૧ | માલોપહૃત, ઉદ્ભિન્ન દોષયુક્ત અહાર | ૫૩ |
| **ઉદ્દેશક–૧** | | છકાય જીવ પ્રતિષ્ઠિત આહાર ગ્રહણ વિવેક | ૫૬ |
| સચિત્ત સંસક્ત, આહાર ગ્રહણ વિવેક | ૩ | ધોવણ પાણીની એષણા | ૫૮ |
| બીજ સહિત આહારગ્રહણ વિવેક | ૫ | **ઉદ્દેશક–૮** | |
| અન્યતીર્થિકો સાથે ગમન નિષેધ | ૮ | બીજ, ગોઠલી આદિ યુક્ત ધોવણ પાણી | ૬૧ |
| ઔદેશિકાદિ દોષરહિત આહાર એષણા | ૧૦ | સુગંધ માણવાનો નિષેધ | ૬૨ |
| અગ્રપિંડાદિ ગ્રહણ નિષેધ | ૧૩ | શસ્ત્ર અપરિણત વનસ્પતિ આહાર ગ્રહણ નિષેધ | ૬૨ |
| **ઉદ્દેશક–૨** | | **ઉદ્દેશક–૯** | |
| મહોત્સવમાં આહાર ગ્રહણ વિવેક | ૧૬ | આધાકર્માદિ આહાર ગ્રહણ નિષેધ | ૭૦ |
| ભિક્ષા યોગ્ય કુળ | ૧૭ | પરિભોગૈષણા વિવેક | ૭૩ |
| મહોત્સવોમાં આહારાદિ એષણા | ૧૯ | ગ્રહણૈષણા વિવેક | ૭૬ |
| સંખડી ગમન નિષેધ | ૨૦ | **ઉદ્દેશક–૧૦** | |
| **ઉદ્દેશક–૩** | | સામુહિક આહારની આદાન–પ્રદાન વિધિ | ૭૮ |
| સંખડી ગમન નિષેધ | ૨૩ | બહુઉજ્ઝિતધર્મા આહાર ગ્રહણ નિષેધ | ૮૦ |
| શંકાસ્પદ આહાર ગ્રહણ નિષેધ | ૨૭ | અગ્રાહ્ય પદાર્થોનો પરિભોગ–પરિષ્ઠાપન વિધિ | ૮૩ |
| ભંડોપકરણ સહિત ગમન | ૨૭ | **ઉદ્દેશક–૧૧** | |
| રાજકુળમાં ભિક્ષા ગમન નિષેધ | ૨૯ | નિષ્કપટ ભાવે ગ્લાન સાધુ સેવા | ૮૫ |
| **ઉદ્દેશક–૪** | | સાત પિંડૈષણા, | ૮૭ |
| સંખડીમાં ભિક્ષાર્થ ગમન નિષેધ | ૩૧ | સાત પાનૈષણા | ૯૧ |
| ગાય દોહવાના સમયે ભિક્ષાર્થે પ્રવેશ નિષેધ | ૩૨ | પડિમા સ્વીકારમાં અહંનો ત્યાગ. | ૯૨ |
| અતિથિ શ્રમણ સાથે વ્યવહાર વિવેક | ૩૪ | | |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| **અધ્યયન–૨ : શય્યૈષણા** | | વિહાર ચર્યામાં ભાષા સંયમ | ૧૬૩ |
| પરિચય | ૯૪ | વિહારમાં નિર્ભયતાની સાધના | ૧૬૫ |
| **ઉદ્દેશક–૧** | | **અધ્યયન–૪ : ભાષાજાત** | |
| જીવ જંતુરહિત ઉપાશ્રય ગવેષણા | ૯૫ | પરિચય | ૧૬૯ |
| ઔદ્દશિક ઉપાશ્રય વિવેક | ૯૬ | **ઉદ્દેશક–૧** | |
| પરિકર્મ દોષયુક્ત ઉપાશ્રય વિવેક | ૯૮ | ભાષાગત અનાચાર વિવેક | ૧૭૦ |
| ઊંચા ઉપાશ્રયમાં વિવેક | ૧૦૦ | સોળ પ્રકારના વચન | ૧૭૧ |
| ગૃહસ્થાદિથી સંસક્ત ઉપાશ્રયનો વિવેક | ૧૦૨ | ભાષાના ચાર પ્રકાર | ૧૭૩ |
| **ઉદ્દેશક–૨** | | સંબોધન ભાષા વિવેક | ૧૭૬ |
| ગૃહસ્થ સંસક્ત ઉપાશ્રયના દોષો | ૧૦૭ | પ્રાકૃતિક તત્ત્વ સંબંધી ભાષા વિવેક | ૧૭૭ |
| ત્રસ–સ્થાવર જીવોથી સંસક્ત ઉપાશ્રય વિવેક | ૧૧૦ | **ઉદ્દેશક–૨** | |
| અન્ય તીર્થિકોના સ્થાનમાં નિવાસ વિવેક | ૧૧૧ | કઠોરકારી, પીડાકારી, સાવદ્યકારી ભાષા વિવેક | ૧૮૦ |
| શય્યા સંબંધી નવપ્રકારની ક્રિયા | ૧૧૨ | પંચેન્દ્રિય, વનસ્પતિ સંબંધી ભાષા વિવેક | ૧૮૨ |
| **ઉદ્દેશક–૩** | | શબ્દાદિ વિષયક ભાષા વિવેક | ૧૮૭ |
| ઉપાશ્રય એષણા વિવેક, ઉપાશ્રયમાં યતના | ૧૨૧ | **અધ્યયન–૫ : વસ્ત્રૈષણા** | |
| ઉપાશ્રયની યાચના વિધિ | ૧૨૫ | પરિચય | ૧૯૦ |
| નિષિદ્ધ ઉપાશ્રય | ૧૨૬ | **ઉદ્દેશક–૧** | |
| સંસ્તારક ગ્રહણ વિવેક | ૧૨૯ | ગ્રાહ્ય વસ્ત્રોના પ્રકાર, પરિમાણ | ૧૯૧ |
| સંસ્તારક એષણાની ચાર પ્રતિમા | ૧૩૦ | વસ્ત્ર ગ્રહણ કરવાની ક્ષેત્ર મર્યાદા | ૧૯૩ |
| સંસ્તારકને પાછા આપવાનો વિવેક | ૧૩૩ | ઔદ્દેશિકાદિ દોષયુક્ત વસ્ત્રૈષણા નિષેધ | ૧૯૩ |
| સ્થંડિલભૂમિ પ્રતિલેખના | ૧૩૩ | બહુમૂલ્યવાન વસ્ત્રનો નિષેધ | ૧૯૪ |
| શયન વિધિ વિવેક શય્યા સમભાવ | ૧૩૪ | વસ્ત્રૈષણાની ચાર પ્રતિમાઓ | ૧૯૭ |
| **અધ્યયન–૩ : ઈર્યા** | | અનૈષણીય વસ્ત્ર ગ્રહણ નિષેધ | ૧૯૯ |
| પરિચય | ૧૩૮ | વસ્ત્ર ગ્રહણ પૂર્વે પ્રતિલેખન | ૨૦૨ |
| **ઉદ્દેશક–૧** | | ગ્રાહ્ય-અગ્રાહ્ય વસ્ત્ર વિવેક | ૨૦૩ |
| વર્ષાવાસ વિહાર ચર્યા | ૧૩૯ | વસ્ત્ર પ્રક્ષાલન અને વસ્ત્ર સૂકવાની વિધિ | ૨૦૪ |
| વિહાર ચર્યાનો વિવેક | ૧૪૨ | **ઉદ્દેશક–૨** | |
| નૌકારોહણ વિધિ | ૧૪૫ | વસ્ત્ર ધારણ વિધિ | ૨૦૮ |
| **ઉદ્દેશક–૨** | | વસ્ત્ર સાથે વિહારાદિ | ૨૦૯ |
| નૌકારોહણમાં ઉપસર્ગ | ૧૫૧ | પ્રાતિહારિક વસ્ત્રને પાછા આપવાની વિધિ | ૨૧૦ |
| ઈર્યા સમિતિ વિવેક | ૧૫૪ | વસ્ત્રોમાં અનાસક્ત ભાવ | ૨૧૧ |
| જંઘા પ્રમાણ પાણીને પાર કરવાની વિધિ | ૧૫૪ | **અધ્યયન–૬ : પાત્રૈષણા** | |
| વિષમ માર્ગાદિમાં ગમન નિષેધ | ૧૫૬ | પરિચય | ૨૧૪ |
| **ઉદ્દેશક–૩** | | **ઉદ્દેશક–૧** | |
| વિહારમાં પ્રેક્ષા સંયમ | ૧૬૦ | પાત્રના પ્રકાર અને મર્યાદા | ૨૧૫ |
| આચાર્યાદિની સાથે વિહારમાં વિનય વિધિ | ૧૬૨ | દોષયુક્ત, મૂલ્યવાન પાત્રગ્રહણ નિષેધ | ૨૧૬ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પાત્રૈષણાની ચાર પ્રતિમાઓ | ૨૧૮ | મનોરંજન સ્થળાદિમાં શબ્દ સંયમ | ૨૭૧ |
| અનેષણીય પાત્ર ગ્રહણ નિષેધ | ૨૨૦ | **અધ્યયન–૧૨ : રૂપ સપ્તક** | |
| પાત્ર ગ્રહણ પૂર્વે પ્રતિલેખન | ૨૨૧ | પરિચય | ૨૭૫ |
| **ઉદ્દેશક–૨** | | રૂપદર્શનમાં સંયમ | ૨૭૬ |
| ગોચરી પૂર્વે પાત્ર પ્રતિલેખન | ૨૨૪ | **અધ્યયન–૧૩ : પરક્રિયા સપ્તક** | |
| સચિત્ત પાણી પરઠવાની વિધિ | ૨૨૫ | પરિચય | ૨૭૮ |
| પાત્ર સહિત ગમન | ૨૨૬ | પરક્રિયા | ૨૭૯ |
| **અધ્યયન–૭ : અવગ્રહ પડિમા** | | પાદ, કાય, વ્રણ, પરિકર્મ આદિ પરક્રિયા નિષેધ | ૨૭૯ |
| પરિચય | ૨૨૮ | **અધ્યયન–૧૪ : અન્યોન્ય ક્રિયા સપ્તક** | |
| **ઉદ્દેશક–૧** | | પરિચય | ૨૮૯ |
| અવગ્રહ ગ્રહણની અનિવાર્યતા | ૨૨૯ | અન્યોન્ય ક્રિયા નિષેધ | ૨૯૦ |
| અવગ્રહ યાચના વિધિ | ૨૩૧ | **અધ્યયન–૧૫ : ભાવના** | |
| સાંભોગિક, સમનોજ્ઞાદિ સાધુઓ સાથે વ્યવહાર | ૨૩૩ | પરિચય | ૨૯૨ |
| સાધુ માટે વર્જિત સ્થાન | ૨૩૫ | ભગવાન મહાવીર સ્વામીના પાંચ કલ્યાણક નક્ષત્ર | ૨૯૪ |
| **ઉદ્દેશક–૨** | | ભગવાનનું ગર્ભાવતરણ, ગર્ભ સંહરણ | ૨૯૫ |
| ધર્મશાળાદિ જાહેર સ્થાનમાં અવગ્રહ વિધિ | ૨૩૮ | ભગવાનનો જન્મ, નામકરણ, બાલ્યકાલ | ૨૯૯ |
| આંબાવાડી આદિમાં સાધુનો વિવેક | ૨૩૯ | ભગવાનના ત્રણનામ, સ્વજનોના નામ | ૩૦૩ |
| અવગ્રહ ગ્રહણની સાત પ્રતિમા | ૨૪૨ | ભગવાનના માતા–પિતાની ધર્મ સાધના | ૩૦૪ |
| અવગ્રહના પાંચ પ્રકાર | ૨૪૫ | દીક્ષા સંકલ્પ, સાંવત્સરિક દાન, લોકાંતિક દેવ વિજ્ઞપ્તિ | ૩૦૫ |
| **અધ્યયન–૮ : સ્થાન સપ્તિકા** | | ભગવાનનો અભિનિષ્ક્રમણ મહોત્સવ | ૩૦૯ |
| પરિચય | ૨૪૭ | સાધનાકાળ, કેવળજ્ઞાન પ્રાપ્તિ, ધર્મદેશના | ૩૧૮ |
| જીવ જંતુયુક્ત સ્થાન ગ્રહણ નિષેધ | ૨૪૮ | પાંચ મહાવ્રત અને તેની ભાવનાઓ | ૩૨૪ |
| ચાર સ્થાન પ્રતિમા | ૨૪૯ | **અધ્યયન–૧૬ : વિમુક્તિ** | |
| **અધ્યયન–૯ : નિષીધિકા સપ્તિકા** | | પરિચય | ૩૪૩ |
| પરિચય | ૨૫૨ | અનિત્ય ભાવના | ૩૪૪ |
| નિષદ્યા ભૂમિની શુદ્ધિ | ૨૫૩ | સાધકની સહિષ્ણુતા, સમભાવથી શુદ્ધિ | ૩૪૫ |
| સ્વાધ્યાય ભૂમિની સાવધાની | ૨૫૪ | બંધનથી મુક્ત | ૩૪૯ |
| **અધ્યયન–૧૦ : ઉચ્ચાર પ્રશ્રવણ સપ્તક** | | **પરિશિષ્ટ–૧ :** ત્રિપદી ચિંતન | ૩૫૩ |
| પરિચય | ૨૫૫ | **પરિશિષ્ટ–૨ :** ગોચરી સંબંધી દોષો | ૩૫૬ |
| ઉચ્ચાર–પ્રશ્રવણ વિવેક | ૨૫૬ | **પરિશિષ્ટ–૩ :** વિવેચિત વિષયોની અકારાદિ | ૩૬૩ |
| જીવ હિંસક, જનાકીર્ણ સ્થંડિલભૂમિનો વિવેક | ૨૫૬ | અનુક્રમણિકા | |
| ઉચ્ચાર પ્રશ્રવણ પરિષ્ઠાપન વિધિ | ૨૬૪ | ❖❖❖❖❖ | |
| **અધ્યયન–૧૧ : શબ્દ સપ્તક** | | | |
| પરિચય | ૨૬૬ | | |
| વાજિંત્ર શબ્દ શ્રવણમાં સંયમ | ૨૬૭ | | |
| વિવિધ સ્થાનોમાં શ્રોતેન્દ્રિય સંયમ | ૨૬૯ | | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઇ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઇ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઇ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઇ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઇ, બહેન વેલબાઇ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઇ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જવલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઇ મ., પૂ. શ્રી વેલબાઇ મ., પૂ. શ્રી |

માનકુંવરબાઈ મ.

| | | |
|---|---|---|
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્રષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. |
| | તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈમ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈમ., શ્રી સુબોધિકાબાઈમ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. શ્રી જયંતમુનિજી મ.સા.

## ''આચારાંગ સૂત્રના બંને શ્રુતસ્કંધોનો સુમેળ''

પરમ પવિત્ર શ્રી પ્રથમ અંગ આચારાંગ સૂત્ર ઉપર જે કાંઈ વિચારાત્મક સામગ્રી છે, તે અહીં પ્રસ્તુત કરતાં તત્ત્વચિંતન માટે ઘણી ઉપયોગી થશે તેવી ધારણા છે. હાલ તુરંત દ્વિતીય શ્રુતસ્કંધ ઉપર લખવાનું છે, પરંતુ તે પહેલા એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઉદ્ભવે છે તેની વિવેચના જરૂરી છે.

પ્રથમ શ્રુતસ્કંધ અને દ્વિતીય શ્રુતસ્કંધ, બંને ખંડોમાં ખરેખર કોઈ મેળ ખાતો પરિસંવાદ નથી. બંનેના વિષય ભિન્ન છે, આંતર–બાહ્ય પરિસ્થિતિને સ્પર્શતી બંનેની નિરૂપણા લગભગ વિભિન્ન છે, ભાષામાં પણ ઘણો જ ભેદ દેખાય છે, પ્રાચીનતા અને અર્વાચીનતા જેવી ઝલક દેખાય છે, તેથી સહજ પ્રશ્ન થાય છે કે– આ બંને વિભિન્ન વિષયોને પ્રથમ અંગમાં જ કેમ સ્થાન આપવામાં આવ્યું ? અને બંને આચારાંગ તરીકે કેમ ખ્યાતિ પામ્યા ?

પ્રશ્નનો પ્રત્યુત્તર ઘણો જ ઊંડો છે, જેથી થોડો તલસ્પર્શી વિચાર કરીશું– આખી જૈન સાધના, જૈન દર્શન કે નિર્ગ્રંથ પ્રવચન બે ધારામાં પ્રવાહિત થયેલું છે, આભ્યંતર સાધના એટલે કષાયાદિક વિભાવોની વિમુક્તિ અને બાહ્ય સાધના એટલે સંપૂર્ણ રહન-સહન, હલન-ચલન, બોલ-ચાલ, આહાર-પાણી, ભોજન આદિની વ્યવસ્થા, નિહાર અને વિહાર બંનેના નિયમો અને ઉપનિયમો. આગમ ગ્રંથોમાં તેના ઉપર સૂક્ષ્મ દષ્ટિપાત કરી, ઝીણામાં ઝીણી ક્રિયાઓ માટે વ્યવસ્થિત આદેશ–પ્રત્યાદેશનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ખરું પૂછો તો બાહ્ય ક્રિયાઓ એ દેહાદિક યોગ સંબંધી ક્રિયાઓ છે જ્યારે આભ્યંતર પરિણતિ શુદ્ધ કે અશુદ્ધ આત્મદ્રવ્ય સાથે જોડાયેલી સ્વાભાવિક કે વૈભાવિક પર્યાયો છે. બંને ક્રિયાઓ સાથે કોઈ મેળ જણાતો નથી. કડકમાં કડક સાધ્વાચાર પાળવા છતાં, તીવ્ર કાષાયિક ભાવોને કારણે આવા મહાત્માઓ દુર્ગતિ પામે છે જ્યારે કેટલાક સાધક આત્માઓ સહજ ભાવે શુદ્ધ પરિણતિનું અવલંબન કરી ઊર્ધ્વગતિ પામે છે, આવું હોવા છતાં જૈન દર્શનમાં કે જૈન શાસ્ત્રોમાં આચારકાંડ ઉપર ભારોભાર વજન આપવામાં આવ્યું છે અને શાસ્ત્રોના સેંકડો ચેપ્ટર આચારકાંડના સૂક્ષ્મ નિયમ– ઉપનિયમથી ભરેલા છે. આ દ્વિતીય શ્રુતસ્કંધ પણ તેમાંનો

એક મહાકાય ગ્રંથ છે.

હવે અહીં આપણે વિચારીએ કે– આભ્યંતર ક્રિયાઓ સાથે બાહ્ય ક્રિયાઓનો એટલો તાલ-મેળ ન હોવા છતાં આચારકાંડના આટલા વિશદ વર્ણનની મહત્તા શું છે ?

વસ્તુતઃ દર્શનની દષ્ટિએ બે જાતના કારણો જોવા મળે છે. એક સાધક કારણ અને એક બાધક કારણ. સાધક કારણ જેમ સાધનામાં સહયોગી છે, તેથી પણ વધારે સહયોગી બાધક કારણનો અભાવ છે. બાધક કારણો જ્યાં સુધી પ્રબળ અસ્તિત્વ સાથે ઉપસ્થિત હોય ત્યાં સુધી સાધક કારણને અવકાશ મળતો નથી. ગાડી ગમે તેવી સારી હોય છતાં માર્ગમાં પડેલા મોટા પથ્થરાઓ તેને આગળ વધવા દેતા નથી. બાધક કારણોનો પરિહાર નિતાંત જરૂરી છે. જેમ કોઈ કુંભાર ચાકડા ઉપર માટી મૂકીને, ઘડો તૈયાર કરવા ઈચ્છે છે, પરંતુ ત્યાં ઊભેલો બંધુકધારી ધમકી આપે છે કે ચાકડો ચલાવીશ તો ગોળી મારી દઈશ, અહીં બધા સાધક કારણો હોવા છતાં કાર્ય અટકી જાય છે, ઉપયોગી વ્યક્તિની ઉપસ્થિતિ કરતા પણ પ્રતિયોગીનો અભાવ વધારે મહત્ત્વપૂર્ણ છે.

આત્મ દ્રવ્ય સ્વયં પોતાની શુદ્ધ પર્યાયો ઉપર પરિણતિ કરવા તત્પર છે. આત્માની અનંત શક્તિ હોવાથી તેનો સ્વભાવ પ્રગટ કરવામાં વિશેષ અનુબળની જરૂર નથી પરંતુ બાધક કારણોને હટાવવા માટે, યોગ અને અધ્યવસાયોને નિયમિત કરવા માટે અને માર્ગમાંથી હટી જવા માટે સંયમ, તપ અને તીવ્ર ક્રિયાશીલતાની પૂરેપૂરી જરૂર છે. ગંદા વાસણમાં સારી રસોઈ ન થઈ શકે, મેલું પાણી પીવાથી તૃષા મટે કે ન મટે પરંતુ રોગની ઉત્પત્તિ થાય, આવા તો આપણે સેંકડો ન્યાય આપી શકીએ તેમ છીએ. આ ન્યાયના આધારે સમજી શકાય છે કે– બાધક કારણોને હટાવવા માટે કઠોર ક્રિયાની આવશ્યકતા છે. ક્રિયા કે તપસ્યા સીધી રીતે મોક્ષની સાધક નથી, પરંતુ પરોક્ષ રીતે બાધક કારણોને હટાવનારી હોવાથી મોક્ષ માર્ગને મોકળો કરે છે. અધ્યાત્મવાદીઓના મનમાં છે કે– દેહાદિક ક્રિયાઓથી આત્મકલ્યાણ કેમ સંભવે ? સીધી રીતે આ બાપડાનો પ્રશ્ન ઠીક જ છે, પરંતુ સમગ્ર દર્શન દષ્ટિએ તે ટૂંકી બુદ્ધિનો પ્રશ્ન છે. વસ્તુતઃ આત્મા તો સ્વયં સિદ્ધ તત્ત્વ છે. એની શુદ્ધ પર્યાયો સ્વયંભૂ પ્રગટ થાય છે પરંતુ જ્યાં સુધી અવરોધો ઊભા હોય, ત્યાં સુધી પર્યાયોનું પરિણમન વૈભાવિક થઈ જાય છે. જે દોર ઉપર નટને નાચવું છે, તે દોર ઉપર વાંદરો બેઠો હોય તો નટને નાચવાનો અવકાશ રહેતો નથી. વાંદારાનું હટવું જરૂરી છે. નાચનાર તો નટ જ છે અને સ્વયં તે જ નાચશે પરંતુ તેનો દોર ખાલી હોવો જરૂરી છે.

આટલી પંક્તિઓ પછી આ વિષયનો મર્મ સમજાય તેમ છે.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ આચારાંગ સૂત્રનો પ્રથમ શ્રુતસ્કંધ તો

આધ્યાત્મિક ભાવોથી ભરપૂર એવો ઉચ્ચકોટીનો નિશ્ચયવાણી યુક્ત દ્રવ્યાનુયોગી સ્કંધ છે. જેમાં નિશ્ચિત રૂપે આત્મ દ્રવ્યની અખંડતાનું પદ પદ પર ધ્યાન દોર્યું છે. ભારતના ઉચ્ચકોટીના અધ્યાત્મિક ગ્રંથોમાં ઉપનિષદોના ભાવોના લેવલથી પણ ઊંચા લેવલના નિશ્ચયાત્મક ભાવો જોઈ શકાય છે. પાછળના દિગમ્બર કે શ્વેતામ્બર પરંપરાના આચાર્યોએ સમયસાર આદિ કે વિશેષઆવશ્યક ભાષ્ય આદિ ગ્રંથોની રચના કરી છે. તેના બીજ આ પ્રથમ સ્કંધમાં જોઈ શકાય છે. આ રીતે પ્રથમ સ્કંધ આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ ઉપર રચાયેલી ભિતિકા જેવો છે. જ્યારે આથી વિપરીત બીજો શ્રુતસ્કંધ સમગ્ર ક્રિયાકાંડથી ભરેલો છે. જેમાં બાહ્ય ક્રિયાઓ ઉપર અતિસૂક્ષ્મ ધ્યાન આપવામાં આવ્યું છે. સાધકને કલ્પના પણ ન હોય તેવા સૂક્ષ્મ દોષોથી વિમુક્ત રાખવા માટે ઘણી જ સૂચનાઓ આપવામાં આવી છે. બધા પદો, વિધિ-નિષેધથી ભરેલા છે. શું કરવું અને શું ન કરવું ? શું બોલવું અને શું ન બોલવું ? ઈત્યાદિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, આ આઠે પ્રવચન માતાઓની પાંખડી-પાંખડી કરીને અથવા તાર-તાર કરીને અને પડ-પડ ખોલીને બધા ક્રિયાકાંડના ભાવોનું ઉદ્‌ઘાટન કર્યું છે. વાંચતાં-વાંચતાં હૃદય ગદ્‌ગદ થાય છે કે આગમકારોએ પોતાના સાધકોને બચાવીને દરેક રીતે તૈયાર કરવા કેટલી બધી કાળજી ભરી બુદ્ધિપૂર્વકની ભાવનાઓ વ્યક્ત કરી છે.

ચાહે જૈન ભિક્ષુ હો કે ભિક્ષુણી હો તેને બધી રીતે સજ્જ કરી સેનાની રૂપે તૈયાર કર્યા છે, મસ્ત ભાવે વિચરણ કરી, કોઈ પણ પ્રકારના બંધનમાં પડ્યા વિના કે કોઈની લાગ–લપેટ કે સેહમાં આવ્યા વિના, એક સ્વતંત્ર ફક્કડ મસ્ત સાધુરૂપે તાલબદ્ધ જીવન તૈયાર કરી, ગુરુ આજ્ઞામાં રહી, નિર્ગ્રંથ પ્રવચનનો ડંકો વગાડે છે. આ આખું શાસ્ત્ર બાધક કારણોનો પરિહાર કરવા માટે તેજ તલવાર જેવું છે અને જો સાધક આ ક્રિયાકાંડનું અનુશીલન કરી, નિષ્પૃહ રહી, પવિત્ર ભાવોથી સાધના કરે, તો સાધકની આસપાસ આભા મંડળની રચના કરી વિશુદ્ધ પરમાણુઓ સ્વતઃ પોતાની વર્ગણા પ્રમાણે, સ્વ મેળે ખેંચાઈ આવે તેમ છે. બાકીના આધ્યાત્મિક ભાવો સ્વતઃ અંકુરિત થઈ આત્માના અસંખ્ય પ્રદેશોમાં છવાઈ જાય, આઠ રૂચક પ્રદેશના ભાવો અસંખ્ય પ્રદેશોમાં પ્રગટ થઈ જાય છે. તેમનો તપ ત્યાગ, બાધક કારણોનો નાશ કરી આત્મ જ્યોતિ રૂપે પરિણત થાય છે. આચારાંગનો આ બીજો શ્રુતસ્કંધ, ધ્યાન પૂર્વક વાંચી, વિચારી સાધક તેનું અનુશીલન કરે. કદાચ તેને લાગે કે આજના આ પંચમ કાળમાં આટલી બધી તીવ્રક્રિયાશીલતા સંભવિત નથી તો પણ મનમાં તે કાળના મુનિ વિશે જે સુંદર ક્રિયા ભાગો ઉપદેશાયા છે, તેનો સંકલ્પ કરી, તેની મહત્તાનું ધ્યાન રાખી, પોતાના સાકાર ઉપયોગ રૂપ જ્ઞાનમાં તેની કોતરણી કરી, અંતરંગમાં તે ભાવોની ભક્તિ કરે અને યથાસંભવ સાધુ ક્રિયાઓનું પાલન કરે, આડંબરોથી દૂર રહે, પરિગ્રહ ભાવોની ઉપેક્ષા

કરે અને આ બીજો સ્કંધ મૂર્તિમાન રૂપે સાધકના મનમાં પૂજ્ય ભાવ પ્રગટ કરે, તો પણ કોટી કર્મની નિર્જરા સાથે આગામી જન્મોમાં આવું નિર્મળ અણીશુદ્ધ સ્નાતક ચારિત્ર પાળવાનો અવસર ઊભો થાય અને પંચમ કાળમાં જે કાર્ય અધુરું રહે, તે યોગ્ય કાળે પરિપૂર્ણ કરી શકે.

આ આખો શ્રુતસ્કંધ એક પ્રકારની જીવનની ખેડ કરવાની હોય અને તેમાં સારામાં સારી ઉપજ થાય તે રીતે શાસ્ત્રકારે પાથીએ પાથીએ તેલ નાખ્યું છે. અહીં આખા શ્રુતસ્કંધનો અનુવાદ, ભાવાર્થ કે પરમાર્થ આ વિદુષી સાધ્વીજી મંડળ પ્રકાશિત કરવાના છે અને તેમાં મહર્ષિ ત્રિલોકમુનિ જેવા સિદ્ધ શાસ્ત્ર વ્યક્તિનું માર્ગદર્શન મળવાનું છે. જેથી અહીં મેં કોઈ પણ ચેપ્ટરનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ સમગ્ર શાસ્ત્ર વિષે બે શબ્દો કહ્યા છે.

જૈનદર્શનનો આચારકાંડ પણ એટલો બધો સન્નદ્ધ છે કે– પ્રત્યેક જગ્યાએ જ્યાં ખીલી મારવી પડે ત્યાં ખીલી મારે છે, ટાંકો લેવો પડે ત્યાં ટાંકા માર્યા છે. તે ઉપરાંત નિયમ–ઉપનિયમ રૂપ તાણાવાણાથી સુંદર વસ્ત્ર રૂપી આ શાસ્ત્રને વણવામાં આવ્યું છે, તૈયાર કરવામાં આવ્યું છે. જેમ કપડામાં ડીઝાઈન મૂકવામાં આવે તેમ કોઈ કોઈ જગ્યાએ તો આઠ પાંખડીવાળા ફૂલ ગોટાઓ મૂકી વસ્ત્રને શણગારવામાં આવ્યું છે. દુઃખની વાત એ છે કે– આપણા સમાજમાં ઘણા ગાવાવાળા સંત-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ છે, પરંતુ તેમણે આ બધા શાસ્ત્રોના સૂક્ષ્મ ભાવોને વણી લેતી કવિતાઓ કે પદોની રચના કરી, સરલ ભાવે ગાઈ શકાય, તેવા પદો તૈયાર કર્યા નથી, જેને પરિણામે આખો સમાજ શાસ્ત્રથી ઘણા ગાઉની દૂરી ઉપર રહી ગયો છે. અમુક સાધુ સંતોને છોડી આ બધા શાસ્ત્રના ભાવો બંધ પડેલી પેટીમાં સંગ્રહિત મોતી જેવા છે. ધન્ય છે આપણા ગોંડલ સંપ્રદાયના વિદુષી સાધ્વીજી સંઘને અને એથી વધારે વંદનીય છે, પ્રાતઃ સ્મરણીય સૌરાષ્ટ્ર કેસરી પૂજ્યપાદ ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. તથા તપસમ્રાટ પૂજ્ય શ્રી રતિલાલજી સ્વામી, જેમના નામે આ શાસ્ત્રમાળા પ્રગટ થઈ રહી છે. તેમણે જે કાંઈ તપસ્યા કે પુરુષાર્થ કર્યો હતો, તેનું સ્પષ્ટ પ્રતિબિંબ શાસ્ત્રમાળા રૂપે અભિવ્યક્ત થઈ રહ્યું છે અને શાસ્ત્રભાવો ગુજરાતી સરળ ભાષામાં સમાજ સુધી પહોંચાડવા માટે એક કેનલનું કામ થઈ રહ્યું છે. "નર્મદાનો બંધ" થયા પછી નર્મદાના પાણી કચ્છ કાઠીયાવાડ સુધી પહોંચી રહ્યાં છે, તેનું માધ્યમ એક નહેર છે. તે જ રીતે આ શાસ્ત્રભાવો રાજકોટ રોયલ પાર્કના પુરુષાર્થથી નહેરમાં પ્રવાહિત થઈ નિર્મળ જળ રૂપે ઘર ઘર પહોંચશે, અભિલાષા એ જ છે કે– હવે પછી આ બધા ભાવો કવિતામાં ઉતરી, સરળ ભાષામાં કંડારાઈને જનતા ગાઈ શકે, લોક જીવનમાં તે શાસ્ત્રો જીવંત બની પ્રકાશ આપતા થાય,

ભગવાન મહાવીરની વાણી ઘટ ઘટ ગુંજતી થાય.

આપ સહુનો ઉપકાર માનું છું કે– આ મહાન જ્ઞાનયજ્ઞમાં અભિગમ રૂપે મારી વિચારધારાને પ્રગટ કરવા માટે આપ સૌ અવસર આપી રહ્યા છો અને આટલે દૂર હોવા છતાં, લખવાની ક્ષમતા ન હોવા છતાં વારંવાર પ્રેરણા આપી ઉત્પ્રેરિત કરો છો અને ખાસ કરીને તમારો તકાદો આવ્યા પછી દર્શનાબાઈ મહાસતીજી કાળજી રાખીને અમને લખાવવા માટે પૂરી પ્રેરણા આપે છે અને લેખ તૈયાર થઈ જાય છે. આ અવસરે તેઓ પણ મહત્ત અભિનંદનીય છે. આગળ ઉપર આ શાસ્ત્રનું મહાન કાર્ય પરિપૂર્ણ થવા જાય છે અને તેમાં બાકીના ભગવત્ વાણી ભરેલા આગમ ઉપર લખવા માટે જે સૂચના મળી છે તદ્નુસાર પ્રયાસ કરીશું......

આ અવસરે ત્યાનાં સમગ્ર સાધક મંડળને અંતરના આશીર્વાદ આપતા હર્ષ થાય છે અને આ આખું આગમ પ્રકાશનનું કાર્ય સોળઆના પ્રગટ થાય, બધા બાધક કારણો હટી જાય અને બધી જાતનો સંપૂર્ણ સહયોગ મળે તેવી ભાવના સાથે અહીં વિરમું છું.

**જયંત મુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

ભાવયોગિની બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

ચૌદસો બાવન ગણધર રચિત જિન પ્રણીત,
દ્વાદશાંગી શ્રુતદેવતાની નિશદિન કરું હું અર્ચનાવલી. ॥૧॥
શ્રી પુંડરિક સિંહસેન ચારુ વજ્રનાભ ચરમ,
પ્રદ્યોતન વિદર્ભ દિન્નદયાળને નિરંતર ધરું અર્ધ્યાવલી. ॥૨॥
વરાહ આનંદ ગોસ્તુભ સુધર્મ મંદર યશારિષ્ટ,
ચક્રાયુધ સાંબકુંભ ઈન્દ્રને ત્રિકાળ કરું વંદનાવલી ॥૩॥
મલ્લિ શુભ વરદત્ત દિન્ન ઈન્દ્રભૂતિ પ્રમુખ,
ચોવીસ જિન ગણધરના ગુણ ગાતા સદા મારી હો પ્રણામાંજલી...॥૪॥

**પ્રિય પાઠક મુમુક્ષુ સાધક ગણ !**

આજે અમારો મનમયૂર થનગની રહ્યો છે. આપશ્રીએ અમોને આવકાર્યા છે. જિનપ્રણીત વાણીના ગુજરાતી અનુવાદની અનુમોદના કરી મહાપુણ્યના સહભાગી અમે-તમે સહુ બન્યા છીએ. આપ સહુ અમારા ઉત્સાહમાં દિવેલ પૂરી જ્ઞાનદીપ જલાવવાની પ્રેરણા આપી રહ્યા છો, તેવી શુભભાવનાથી અમો ગુરુપ્રાણ આગમ બત્રીસીનું ૩૧મું આગમરત્ન બહાર પાડી આનંદ અનુભવી રહ્યા છીએ.

આ આગમ પ્રથમ અંગસૂત્ર શ્રી આચારાગ સૂત્રનો બીજો શ્રુતસ્કંધ છે. તેનું પ્રકાશન અમે પહેલા પણ શ્રમણી વિદ્યાપીઠ(ઘાટકોપર)માંથી ભાવાર્થ સહિત કરાવ્યું છે. આજે ફરીથી શબ્દાર્થ, પદાર્થ અને વિવેચન સહિત તેનું પ્રકાશન કરી રહ્યા છીએ. જેમાં પંચાચારમય સાધુ જીવનને ઘડવાની સંજીવની જડીબુટ્ટી છે. પ્રથમ શ્રુતસ્કંધના ગંભીર, ગહન તથા જ્ઞાતવ્ય ભાવોને જ્ઞ પરિજ્ઞાથી જાણીને બીજા શ્રુતસ્કંધમાં પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી નિયમ લેવાય છે.

પ્રસ્તુત સૂત્રમાં તે પ્રત્યાખ્યાન પરિજ્ઞા વિધિ–નિષેધ સહિત સાધુચર્યાના રૂપમાં દર્શાવી છે. તે સહજ અને સરળ હોવા છતાં આચરણમાં લાવવી કઠિન છે પરંતુ અશક્ય નથી. જીવ ધારે તે કરી શકે છે.

જીવ અનાદિકાળથી અજીવનો સંગાથી હોવાના કારણે તે પુદ્‍ગલપિંડ રૂપ

શરીર ધારણ કરે છે. તે શરીર ટકાવવા આહારની જરૂર પડે છે. ગૃહસ્થો છકાય જીવોનો કૂટો કરીને આરંભ-સમારંભ દ્વારા આહાર બનાવે છે અને તેનાથી જીવન વ્યવહાર નિભાવે છે.

એક વીતરાગનો માર્ગ જ એવો છે કે તેમાં સર્વ વિરત સંત, પાપરહિત આહાર પ્રાપ્ત કરીને જીવન વ્યવહાર ચલાવે છે. તેની રીતનું વર્ણન આ આગમમાં છે. તો ચાલો, આપણે જોઈએ તેની રીતભાત... પરમાર્થી સંતનો આચાર આમ્રવૃક્ષ જેવો છે. માટે આપણે આ સંપાદકીય લેખનું નામ રાખશું **આચાર આમ્રવૃક્ષ...**

આમ્રવૃક્ષની વૃદ્ધિ ધરતીમાં આમ્રફળની ગોઠલી વાવવાથી થાય છે. પવન, પ્રકાશ, પાણી અને ખાતર મળે, ત્યારે બીયારણ પોતાની પાત્રતા પ્રમાણે ખાતરમાંથી યોગ્ય આહાર ગ્રહણ કરી ફળ ઉત્પન્ન કરે છે. આંબાની ગોઠલી પોતાની પાત્રતા પ્રમાણે તૂરાશ, ખટાશ અને મીઠાશ પ્રાપ્ત થાય તેવો સુંદર આહાર ગ્રહણ કરે છે.

આમ્ર વૃક્ષ સમ આપણા આચાર છે. જીવને ઊર્ધ્વગામી બનાવવા માટે સાધક નિર્દોષ આહાર ગ્રહણ કરે ત્યારે તૂરાશ, ખટાશનો અનુભવ તેને કરવો પડે છે ત્યારપછી આ અનુભવને પોતાના સંયમ–તપ દ્વારા મીઠાશમાં સંક્રમિત કરી, આત્મસ્વરૂપમાં પરિણત કરી, આચાર આમ્રફળના રસનો આસ્વાદ મેળવવા કાયાનો કસ કાઢી કર્મરૂપ છોતરા અને ભવભ્રમણ રૂપ ગોઠલાને જુદા કરે છે. ત્યારપછી સાધકનો આત્મા સિદ્ધગતિમાં સદાને માટે પહોંચી જાય છે.

પ્રિય બંધુઓ ! મીઠી મીઠી મંદ-મંદ પવન લહેરખી આવી રહી હતી. સૂર્ય હસુ હસુ થઈને પ્રકાશ પાથરી રહ્યો હતો. ચારે ય બાજુ વસંત ખીલી ઊઠી હતી. આમ્રવૃક્ષો ખૂબ-ખૂબ ખીલી ઊઠ્યા હતા. એક પણ વૃક્ષ એવું ન હતું કે જે મૂળથી ફળ સુધીના પ્રત્યેક અંગમાંથી મધુમાસની મીઠી મહેંક પ્રસરાવતું ન હોય ! નગરજનો આ મોસમને માણવા ઉમટી પડ્યા હતા. એવી જ રીતે મારો શ્રુતજ્ઞાન રૂપી પુંસ્કોકિલ અક્ષર શ્રુતાદિના અલંકારથી સજ્જ બનીને, સમાચારીની પાંખે, નમ્રતાના નભમાં ઊડીને વિવેકરૂપી વસંતઋતુનો આનંદ માણવા આચાર આમ્રવાટિકામાં પહોંચી ગયો.

ત્યાં તેણે અદ્ભુત દશ્ય જોયું. શ્વેતવસ્ત્રધારી સંતો ઉન્મિલિત નમણા નેત્રવાળા, પોતાના આચાર રૂપ આમ્રવૃક્ષોને ફલિત કરવા માટે પુરુષાર્થ કરી રહ્યા હતા. ધર્મધ્યાનની ધરતીમાં, કલ્યાણ રૂપ ક્યારીમાં બોધિબીજનું વાવેતર કરીને તેને પલ્લવિત કરવા સંયમ રૂપ જલનું સીંચન કરી રહ્યા હતા. કોઈના આચાર આમ્રવૃક્ષો ફળોથી લચકતા, પરિપક્વ બની કેવળી પરમાત્મા રૂપે બિરાજમાન હતા, તો કોઈ આચાર આમ્રફળનો રસ ગ્રહણ કરી મોક્ષે પધારી રહ્યા હતા, કોઈના આમ્રવૃક્ષમાં જ્ઞાનમંજરીઓ પ્રગટ થઈ ગઈ હતી

અને તેઓ આચાર્ય રૂપે બિરાજમાન હતા, તો કોઈના આમ્રવૃક્ષમાં કૂંપળો કે પાંદડાઓ પ્રગટ થયા હતા. તેવા વૃક્ષવાળા ઉપાધ્યાય અને સ્થવિર ભગવંતો બિરાજમાન હતા અને કેટલાક સાધુ ભગવંતો બોધિબીજને લઈને ઊભા હતા. ધર્મધ્યાનની ધરતીમાં બીજનું વાવેતર કેમ કરવું, તે શીખી રહ્યા હતા.

મારા પુંસ્કોકિલને ખૂબ-ખૂબ મઝા આવી ગઈ. તે આમ્રમંજરીને જોતાં કૂંજન કરી ઊઠ્યો, ડોલી ઊઠ્યો, બોલી ઊઠ્યો, અદ્ભુત...અદ્ભુત. મારા માટે જ્ઞાનાચારની મંજરીઓ કેવી તૈયાર થઈ ગઈ છે, મને મારો ખોરાક મળી ગયો, પરંતુ આ મંજરીઓ ઉત્પન્ન કરવા માટે શું કરવું પડે, તેની ક્રિયા મૂળમાંથી જોઈ લઉં તો ખરો.. ચાલો, પેલા સંત પાસે, વસંત ઋતુની મોજ માણવા પહોંચી જાઉં, તેઓ કેવી રીતે બોધિબીજનું વાવેતર કરે છે ? આચાર્ય ભગવંત વાવેતર કરવા માટે કેવો ઉપદેશ આપે છે ? તેમ વિચાર કરીને મતિજ્ઞાન રૂપી મિત્ર સાથે આવી પહોંચ્યો સદ્ગુરુના ચરણમાં... આવીને નમન કર્યું, નમન કરીને ગુરુ શિષ્યના વાર્તાલાપને સાંભળવા બેસી ગયો. **ગુરુદેવ બોલ્યા**, વત્સો ! એકચિત્તે સાંભળો...

**અધ્યયન–૧ : પિંડૈષણા :–** પિંડ એટલે પુદ્ગલોને ભેગા કરીને રચેલા શરીરનું માળખું, તેને ટકાવવા માટે આહાર રૂપી(ખાતર)ની જરૂર પડે છે. આહારના ચાર પ્રકાર છે– **असणं**– ભૂખ શાંત કરનારા ખાદ્ય પદાર્થો. **पाणं**– તરસ શાંત કરનારું પાણી. **खाइमं**– ભૂખ અને તરસ બંને શાંત કરનાર ફળ–મેવા. **साइमं**– ભૂખ–તરસને બંને શાંત ન કરતાં માત્ર મુખને સુવાસિત બનાવે તેવા મુખવાસ.

આ ચારે પ્રકારનો આહાર લેવા તમારી સાથે સમિતિ અને ગુપ્તિ આ બંને દેવીઓની પરિચારિકા આવશે. તેમાં એષણા નામની પરિચારિકા તમારા નેત્રમણિ બનશે, તેની સહાયતાથી તમે સ્પષ્ટ જોઈ શકશો.

ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરો ત્યારે તમારું સ્વાગત થાય કે પધારો ગુરુદેવ ! તો તે સાંભળીને ફૂલાશો નહીં અને અપમાન થાય, તો મુરઝાશો નહીં, પ્રસન્ન ચહેરે સહન કરજો. ગૃહસ્થો તમારી સામે ઘણી ચીજો લાવે, તો તે જોઈને લલચાશો નહીં, પરંતુ એષણાના નેત્રમણિથી જોઈ લેજો કે તે પદાર્થો કાચા, સચેત, પૃથ્વી, પાણી, અગ્નિથી સ્પર્શિત, વાયુથી વીંઝાતા, વનસ્પતિના બીજવાળા, તેના સંઘટ્ટાથી સ્પર્શિત થયેલા, કોહવાઈ ગયેલા, રસજ જીવજંતુવાળા, લીલણ ફૂલણથી યુક્ત તો નથી ને ? તે આહાર મારા નિમિત્તે, મારા ઉદ્દેશથી બનાવેલો, ખરીદીને, ઝૂંટવીને કે ઉધાર લાવેલો, કાચો–પાકો, અધકચરો, આખા દાણાવાળો, તો નથી ને ? તેની પૂર્ણપણે ખાતરી કર્યા પછી પોતાના માટે અથવા સાધર્મિક સાધુઓ માટે પથ્ય હોય, તેટલો જ આહાર લેવો,

એક જ ઘરમાંથી બધુ ન લેવાય, ગૃહસ્થને બીજીવાર ન બનાવવું પડે તેની કાળજી રાખીને લેવો. ચારે પ્રકારના આહારમાંથી જેટલી જરૂર હોય તેટલો જ લેવો. લાવ્યા પછી ફેંકી દેવો ન પડે તેમ જાત્રા-માત્રાની જાણકારી દિમાગમાં ગોઠવીને જવું.

બીજું એ ધ્યાનમાં રાખવાનું છે કે જૈનેતર ભિક્ષુઓની સાથે ગૃહસ્થના ઘરમાં ન જવું, આહાર કે નિહાર માટે અથવા સ્વાધ્યાય કે વિહાર માટે પણ તેઓની સાથે ન જવું તથા તેઓ માટે બનાવેલો આહાર હોય, તો તે ન લેવો.

અજુગુપ્સિત, અનિંદિત ઉત્તમ આચારવાળા, અભક્ષ્ય ન ખાનારા, બાર કુળની અને તેના જેવા બીજા કુળોની ગોચરી લેવા યોગ્ય જાણીને તેના ઘરમાં જ પ્રવેશ કરીને આહારાદિની યાચના કરવી.

ઈન્દ્રમહોત્સવ, સ્કંદ મહોત્સવ તેમજ યક્ષ, રાક્ષસ, સ્તૂપ વગેરેના મહોત્સવ સંબંધી તથા તપસંબંધી ભોજનના મોટા આરંભ–સમારંભપૂર્વકના મહોત્સવો હોય, તે ભોજનમાં જ્યાં અનેક ભિક્ષુઓ આદિને આમંત્રિત કર્યા હોય, તેને દેવા માટે, પીરસવા માટે લોકોની દોડધામ ચાલતી હોય, ત્યારે ત્યાં ગોચરી માટે ન જવું. તેમ જ મોટા જમણવારમાં પંક્તિબદ્ધ બેઠેલા લોકોની ભીડભાડ હોય, તેવા પ્રીતિભોજન, મૃત્યુ ભોજન, લગ્ન ભોજન, કોઈ પણ પર્વની પૂર્વે કે પછી તથા ચારે ય દિશામાં ક્યાંય પણ સંખડીરૂપ ભોજન સમારંભમાં આહારની લાલસાથી ન જવું. જે દિશામાં જમણવાર હોય, તેની વિરુદ્ધ દિશામાં જઈને પ્રાસુક આહાર ગ્રહણ કરવો.

**શિષ્ય :** ભદંત ! ત્યાં કેમ ન જવાય ?

**ગુરુદેવ :** ત્યાં જવાથી ઘણીવાર અણગારની તુચ્છતા દેખાય, ક્યારેક ભીડભાડમાં પડી જવાય, ગોચરીની શુદ્ધિ ન રહે. ગરિષ્ઠ ભોજનથી વિકૃતિ આવે, પૂર્વના સંસ્કારથી રાગભાવ, વિષય વાસના ઉત્પન્ન થાય, યોગીમાંથી ભોગી બની જવાય. આવા ઘણા જ કારણોથી આચાર આમ્રવૃક્ષને શુદ્ધ આહાર ન મળે. તો તે વૃક્ષ રસવંતુ ન થાય માટે હે વત્સ ! ત્યાં ન જવાય. હા, એક ઉપાય છે. તે કાર્ય બધુ પતી જાય, ભોજન કરાવનાર ગૃહસ્થ ઉદાર અને દાનેશ્વરી હોય, તે સાધુને વિનંતી કરે, તો સુયોગ્ય, પ્રાસુક અને ગ્રહણ કરવા યોગ્ય આહાર લેવા જવું હોય તો જવું, આ વાત ધ્યાનમાં લઈને સમયજ્ઞ બની જવું.

**શિષ્ય :** જી ગુરુદેવ ! સેવં ભંતે ! સેવં ભંતે !

**ગુરુદેવ :** વત્સ ! ગોચરીનો સમય જોઈને જવું; ગાય, ભેંસ, બકરી દોહાઈ રહી હોય, ત્યારે ન જવું. ગૃહસ્થે બીજા માટે આહારાદિ કાઢી રાખ્યા હોય, તે ન લેવા, બીજાને

અંતરાય પડે તેમ ન જવું, ઉપાશ્રયમાં અન્ય સાધર્મી સંતો પધારે, તો તેનો વિવેક જાળવવો. તેની સાથે માયાકપટ ન કરવું, ગોચરી લેવા જતાં ખાડા-ટેકરા, ઊંચા-નીચા રસ્તા કે વિષમ માર્ગ આવે, તો તે રસ્તે ન ચાલવું, સમ માર્ગે જવું. બીજો રસ્તો ન જ હોય, તો તે રસ્તે કાળજીપૂર્વક પડી ન જવાય તેમ ચાલવું. ગૃહસ્થનું ઘર બંધ હોય, તો ખોલીને ન જવું કદાચ જવું પડે, તો તેની આજ્ઞા લઈને ખોલવું.

કૂકડા, કબૂતરાદિ પક્ષીઓ ચણી રહ્યા હોય, તો ત્યાંથી પસાર ન થવું, કદાચ જવું પડે, તો તે ઊડી ન જાય, ગભરાઈ ન જાય કે ભયભીત ન થાય, તેમ ધીમે પગલે, દયાળું બનીને યતનાપૂર્વક જવું. ગૃહસ્થના ઘેર સર્વ અંગોપાંગ સ્થિર રાખીને ઊભા રહેવું.

આહાર લેવા માટે ગૃહસ્થને નીસરણી મૂકવી પડે તેમ હોય, અંધારું હોય, નીચે તલઘરમાં હોય, વગેરે ન દેખાતી જગ્યાએથી લાવેલો આહાર ન લેવો, આહાર રેણ બંધ ડબ્બાદિમાં હોય, તો તેને ખોલાવીને ન લેવો.

આ સર્વ દોષોને ટાળીને લાવેલો નિર્દોષ આહાર રસાસ્વાદ વિના ભોગવવો. સારો આહાર મળે, તો ગુરુદેવને ન દેખાડવાની માયા ન કરવી. સાથે રહેતા બધા સાધુઓનો સંવિભાગ કરવો. સાત પિંડૈષણા અને સાત પાનૈષણામાંથી કોઈપણ અભિગ્રહ ધારણ કરીને શુદ્ધ આહાર લાવવો.

હે વત્સ ધર્મવીર અણગાર ! આવા શુદ્ધ અને નિર્દોષ આહાર–પાણી રૂપ ખાતર મળે, તેને ઉદરમાં પધરાવી શાંત ચિત્તે સ્વાધ્યાયનું સીંચન કરવામાં આવે, તો આહારની શુદ્ધિથી આચારની શુદ્ધિ થાય છે અને શુદ્ધ આચાર દ્વારા જ ધર્મધ્યાનની ધરતી પર વાવેલા બોધિબીજમાંથી આમ્રવૃક્ષને ઉગાડી શકાય છે. તમે પણ આ બીજનું વાવેતર તથા સીંચન આ રીતે કરજો.

**શિષ્ય :** હા, ભદંત ! તેમ જ થાઓ ! મારે તો પરમાર્થી સંત બનીને આચાર આમ્રવૃક્ષને ખીલવવું છે માટે જ કહું છે કે

આ પરમાર્થી સંતને **આચાર પાળવો લાગે છે ઈષ્ટ,**
**જેવો આમ્રરસ લાગે છે મિષ્ટ.**

શિષ્યે આ પ્રમાણે શુદ્ધ આહાર રૂપ ખાતર લાવી, ગુરુદેવને દેખાડી, બોધિબીજનું વાવેતર કર્યું. આમ્રવૃક્ષ પાંગરે તેમ સ્વાધ્યાયાદિ સમાચારીનું સીંચન કરતા અણગાર લીન બની ગયા. તે જોઈને, મારો પુંસ્કોકિલ આ સંવાદ સાંભળી ખુશ થયો અને તુર્તજ અમલીકરણ જોઈને તૃપ્ત થયો.

**અધ્યયન બીજું : શય્યૈષણા :–** ધર્મધ્યાન રૂપ ધરતીમાં વાવેલા બોધિબીજનું રખોપું કરવા મુનિરાજને રહેવાનું, બેસવાનું, સૂવાનું જે સ્થાન હોય, તેને શય્યા કહે છે. તે શય્યા–સ્થાન કેવું હોવું જોઈએ, તેનું જ્ઞાન લેવા ધર્મવીર અણગાર ગુરુ ચરણોમાં ઉપસ્થિત થયા. તિક્ખુત્તોના પાઠથી વંદના કરી ઉત્કટ આસને બિરાજમાન થઈને પૂછવા લાગ્યા, હે પ્રભો ! કાયા રૂપ આમ્રવૃક્ષને પોષણ આપવા માટે ખાતર રૂપ આહાર શુદ્ધિ તો જાણી પરંતુ સાધકને રહેવા માટે કેવું સ્થાન જરૂરી છે ? તેનો બોધ આપો. તે સાંભળવા હું ઉત્સુક બન્યો છું. શિષ્યે આ જિજ્ઞાસા પ્રગટ કરી ત્યાં સુધીમાં મારો પુંસ્કોકિલ ત્યાં પહોંચી ગયો અને તે યોગીરાજની માફક બેસી ગયો.

**ગુરુદેવ :** વત્સ, મુનિરાજ ! સ્થાન શુદ્ધિ માટે તેની ગવેષણા કરવા ફરવું પડે છે. સ્થાન પણ એષણા પરિચારિકા રૂપ નેત્રમણિથી જોવું પડે છે.

જે સ્થાન માલિકનું પોતાનું જ હોય, સાધુને ઉદ્દેશીને બનાવેલું ન હોય, સાધુને માટે ખરીદેલું કે ભાડે લીધેલું વગેરે દોષ યુક્ત સ્થાન ન હોય, તે સ્થાનમાં જ સાધુને રહેવું જોઈએ. સ્થાન શુદ્ધિ માટે પાંચ પ્રકારનો વિવેક રાખવો જોઈએ.

(૧) જે સ્થાન લીલોત્તરી, ધાન્યાદિ સ્થાવર જીવો કે કીડી મંકોડા આદિ ત્રસ જીવયુક્ત ન હોય, બાવા જાળાથી રહિત હોય, સ્ત્રી, પશુ (પંડગ) નપુંસક રહિત હોય, સાધ્વી માટે પુરુષ રહિત હોય (૨) ગૃહસ્થે નવું મકાન બનાવ્યું હોય અને પોતે કે બીજાએ તે વાપરી લીધું હોય (૩) તે સ્થાનમાંથી સચેત ચીજ વસ્તુઓની હેરવણી–ફેરવણી કરવી પડે તેમ ન હોય (૪) ઉપરનો માળ પડી જવા જેવો ન હોય (૫) ગૃહસ્થોના સંસર્ગવાળું, કાચા પાણી કે અગ્નિવાળું ન હોય; તેવા નિર્દોષ સ્થાન, ધર્મશાળા, ઉપાશ્રય કે ગૃહસ્થના મકાનમાં સાધુ રહી શકે છે. ગૃહસ્થના મકાનમાં જ્યાં ગૃહસ્થની અવર-જવરનો રસ્તો જુદો હોય અને ગૃહસ્થના સ્નાનાદિ કાર્યો, વાર્તાલાપ, ઠઠ્ઠા–મશ્કરી, ઝગડા વગેરે મોહજનક કાર્યો દેખાતા ન હોય તથા કૂતરા, બિલાડા, ગાય, ભેંસ આદિ પશુઓ વસતા ન હોય, તેવા સ્થાનમાં આચાર આમ્રવૃક્ષને ઉછેરવા માટે માલિકની અથવા ગુરખાની આજ્ઞા લઈને રહેવું જોઈએ. ક્યારેક ધર્મશાળામાં ઉતારો મળી જાય અને સંન્યાસી વગેરે ત્યાં રહ્યા હોય, તો ત્યાં ઉતર્યા પછી રાત્રિમાં ચાલતા કોઈને ઠેસ ન લાગે, તે ભિક્ષુકોના સામાનને ઠોકર ન વાગે. તેની કાળજી રાખવી, હાથ પસારીને જયણાપૂર્વક અવર જવર કરવાનું ધ્યાનમાં રાખવું જોઈએ.

હે ધર્મવીર અણગાર ! આ વાત તમારા ખ્યાલમાં બરાબર રાખજો. હવે બીજી વાત એ છે કે જે જગ્યામાં ઉતારો કરો તે જગ્યામાં પાટ–પાટલા, સંસ્તારક વગેરે જે જોઈએ તે ત્યાંથી કે ગૃહસ્થના ઘરમાંથી યાચના કરીને જોઈને, પ્રમાર્જન કરીને ગ્રહણ

કરવા, કોઈ જીવજંતુવાળા ન લેવાઈ જાય તેનો ખ્યાલ રાખવો. તે સંસ્તારક પાટ, પાટિયું સડેલું ન હોય, સ્થિર હોય, હલતું ન હોય, તે જોઈને ગૃહસ્થની આજ્ઞા લઈને લેવું. જે પ્રમાણેની આજ્ઞા લીધી હોય, તે પ્રમાણે રાખીને પાછું આપવું.

હે શિષ્ય ! આસન પાથરીને બેસો, સૂઓ કે ઊભા રહો, ત્યારે પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને તે ક્રિયાઓ કરવી; સૂઓ ત્યારે માથાથી પગ સુધી શરીરનું પ્રમાર્જન કરવું. સૂતી વખતે કોઈ વડીલો કે નાના સંતોને હાથ–પગ વાગી ન જાય, તેની કાળજી રાખવી. સૂવાની વ્યવસ્થા એક વેંત અથવા એક હાથ જેટલી દૂરી રાખીને કરવી.

શય્યા ઉપર બેસતા, ઊઠતા મોટા અવાજે શ્વાસોશ્વાસ ન લેવા. ખાંસી, ઉધરસ, છીંક, બગાસુ, ઓડકાર કે અપાનવાયુ છોડતાં યતના રાખવી. સુયોગ્ય શય્યા મળે, તો તેનો ગર્વ ન કરવો. અયોગ્ય મળે, તો ગ્લાનિ ન કરવી. સમભાવ ધારણ કરી આચારરૂપી આમ્રવૃક્ષને વિકસાવવું.

જિજ્ઞાસુ ધર્મવીર અણગાર મસ્તક નમાવીને બોલ્યા, હા ભંતે ! તેવી જ રીતે કરીશ અને નિર્દોષ ઉતારો શોધીને વિચરીશ હા, **ગુરુવર ! મને અહિંસક આચાર લાગે ઈષ્ટ, જેવા આમ્રરસ લાગે મિષ્ટ.** હે પ્રભો ! હવે મને નવી દિશા દેખાડવાની કૃપા કરજો. મારે મોક્ષ ફળ પ્રાપ્ત કરવું છે. આ વાર્તાલાપ સાંભળીને મારો પુંસ્કોકિલ હર્ષાન્વિત બની ગયો.

**અધ્યયન ત્રીજું : ઈર્યા :–** ધર્મ ચક્રવર્તીના પુત્ર **बुद्धपुत्त नियागट्ठी** મોક્ષાર્થી મહાત્મા ધર્મવીર અણગારે ગુરુદેવની શિક્ષા વાગોળી વાગોળીને આત્મસ્થ કરી. પોતાના કાયયોગ રૂપી આંગણામાં રોપેલા આચાર આમ્રવૃક્ષને અંકુરિત થયેલું જાણી આહ્‌લાદભાવે વધુમાં વધુ સ્વાધ્યાય રૂપી જલનું સીંચન કરવા લાગ્યા. ધર્મધ્યાનની ધરતીમાંથી વિનયરૂપી મૂળ અંકુરિત થઈને બહાર આવ્યું. હવે થડ સ્કંધ ગોચર થયું. ચરણથી પીધેલા સ્વાધ્યાયના શુદ્ધ નીરથી પાંગરેલા તે આમ્રવૃક્ષને જોવા માટે તે થનગની ઊઠ્યા. મારો શ્રુતજ્ઞાનરૂપી પુંસ્કોકિલ તે પરમાર્થી અણગારને જોતો જ રહી ગયો. અણગારનો ઉછેર કરતા સમિતિ માતા અણગારની તાલાવેલી તથા તત્વત્રયીની સ્ફૂર્તિ જોઈ વધારે વેગીલા બન્યા. એષણા પરિચારિકા ખૂબ–ખૂબ સેવા કરવા લાગી. સમિતિ માતાએ ઈર્યા પરિચારિકાને બોલાવીને કહ્યું, આજે તમારે તેના ચરણની કાળજી લેવાની છે. ચરણોની ચર્યા કેવી હોવી જોઈએ, તેનું જ્ઞાન આજે સદ્‌ગુરુદેવ આપશે. તમે નૂતન અણગારના ચરણોની સેવા કરો. ઈર્યા પરિચારિકા ખુશ થઈ, બે હાથ જોડી, સમિતિ માતાની આજ્ઞા સ્વીકારી મુનિરાજ સાથે ચાલવા લાગી. મુનિરાજ ખૂબ પ્રસન્ન હતા. તેમણે બુદ્ધિનો સહારો લીધો ન હતો. જ્ઞાનનો સહારો લઈને આમ્રવાટિકામાં સદ્‌ગુરુના ચરણોમાં પહોંચી ગયા. ગુરુદેવને નમસ્કાર

કરી બેઠા અને જ્ઞાન પ્રાપ્ત કરવા તત્પર થયા. તેટલી વારમાં જ મારો પુંસ્કોકિલ પહોંચી ગયો.

**ગુરુદેવ બોલ્યા–** વત્સ ! તને સમજાઈ ગયુંને, ચાલો, આચાર આમ્રની કલમ કાઢી હવે કરણ–ક્યારીમાં તેને રોપવી જોશે. તે કલમી આંબો બહુ મીઠાશ વાળો કરવો હોય, તો તમારે એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં જવું પડશે. માટે ચાલવાની ક્રિયા નિર્દોષ કરશો ત્યારે આમ્રવૃક્ષ વિકસિત થશે.

**શિષ્ય :** હા, પ્રભો ! પ્રકાશો.

**ગુરુદેવ :** સાંભળો, વત્સ. પેલો એષણાનો નેત્રમણિ તો તમોને ફાવી ગયો છે. આજે ઈર્યા તમારા ચરણના પાદ ત્રાણ બનશે. તે તમોને ગમનાગમન કરાવશે. ગમનાગમન ત્રણ કારણે થાય છે. આહાર લેવા માટે, વિહાર માટે અને નિહાર માટે. આ ત્રણ ક્રિયા માટે કાયાને ચલાવવી પડે છે. અહીં મનને વિચારોથી, સંકલ્પ–વિકલ્પથી મુક્ત રાખવાનું છે, વચનને પણ મૌન અને શાંત રાખવાનું છે. ફક્ત કાયાને ગમનાગમનની ક્રિયામાં યોગથી જોડવાની છે અને જ્ઞાનના ઉપયોગથી રસ્તામાં ચાલતાં કોઈ જીવજંતુ કચડાઈ ન જાય, તે માટે સાડા ત્રણ હાથની ભૂમિ સુધી દષ્ટિ ફેલાવીને જોવાની છે. દિવસે આ રીતે જોઈને ચાલવું અને રાત્રે પ્રમાર્જન કરીને ચાલવું, વિહાર કરતાં બધા જીવો સાથે મિત્રતા રાખવી. ગામમાં, નગરમાં કે અટવીમાંથી પસાર થતાં વચ્ચે કોઈ લૂંટારા, ચોર વગેરે સામે મળી જાય, ત્યારે તે ઊભા રાખે, તો નિર્ભયપણે સમભાવપૂર્વક ઊભા રહી જવું; તે પ્રશ્ન પૂછે, તો પરિમિત શબ્દોમાં અહિંસાનો ઉપદેશ આપવો. ચોર આદિ ન સમજે અને બધી ઉપધિ મૂકી દેવાનું કહે, તો મૂકી દેવી પણ સમભાવથી ડગવું નહીં.

રસ્તામાં ચાલતા નદી આવે, બીજો રસ્તો ન હોય, તો નદીના પાણીની ઊંડાઈનું માપ કાઢી એક પગ ઊંચો કરીને એક પગ નદીના પાણીમાં મૂકતા ચાલવું, જેમ બને તેમ પાણીના જીવોની વિરાધના ઓછી થાય, તેની કાળજી રાખવી, પેલે પાર જઈને કાયોત્સર્ગ કરી તે જીવોને ખમાવી લેવા. ક્યારેક માર્ગમાં મોટી નદી આવે બીજો માર્ગ ન હોય અને પેલે પાર જવું જરૂરી હોય અને નાવમાં બેસીને જવાનું હોય, ત્યારે પણ વિધિસહિત નાવમાં ચઢવું. શરીરને મસ્તકથી લઈને પગ સુધી પોંજી લેવું. સાગારી સંથારો કરીને, પોતાનો બધો સામાન એક બંધનમાં બાંધીને સાથે લઈને ધીરે–ધીરે નાવમાં ચઢવું. બીજા મુસાફરોને મુસીબત ન થાય તેમ સમભાવપૂર્વક મૌનભાવે પેલા આમ્રવૃક્ષનું જતન કરતા બેસવું. કદાચ નદીમાં તોફાન થાય, નાવનો નિયામક કોપાયમાન થાય, સાધુને કોઈ પણ પાપક્રિયા કરવાનું કહે, તો મૌન રાખી સહન કરવું પણ પાપક્રિયા કરવી નહીં, ક્યારેક નિયામક કે બીજા કોઈ સાધુને નદીના પાણીમાં ફેંકી દે તો પણ

શરીર પર બધા વસ્ત્રો બાંધીને સમભાવે તણાતા રહેવું. પાણીના જીવોની ઓછામાં ઓછી હિંસા થાય, તેવા મૈત્રીભાવથી પાણીનો પ્રવાહ જ્યાં લઈ જાય, ત્યાં જવું. મૃત્યુ થઈ જાય, તો પણ કોઈની ખરાબ ચિંતવના ન કરવી. અરિહંતનો જાપ કરતાં યાત્રા પૂરી કરવી. જો બચી જવાય તો કિનારે આવીને પોતાના શરીરના પાણીને લૂછવાની ક્રિયા ન કરવી, માત્ર ઊભા રહેવું. શરીર ઉપરથી બધું જ પાણી સૂકાઈ જાય, ત્યાર પછી જ નજીકના ગામ તરફ જવું.

ગુરુદેવની સાથે વિહાર કરતાં આશાતના દોષને ટાળીને વિનયપૂર્વક વ્યવહાર કરવો. કોઈ પારધી પશુ–પક્ષી માટે પૂછે, તો સમિતિપૂર્વક જવાબ દેતા આવડે તો દેવો, નહીં તો મૌન રાખવું, પણ જીવહિંસા ન થાય, તેની કાળજી રાખવી. હે વત્સ ! ઈર્યા પરિચારિકા સાથે પ્રસન્નતાપૂર્વક ઉપસર્ગ પરીષહ સહન કરતાં, હિંસા ન થાય તેવા ભાવથી આચાર આમ્રવૃક્ષની કલમને રોપી દેવી, ત્યારપછી તેનું થડ બંધાઈ જશે અને તેમાંથી શાખા–પ્રશાખા કેમ નીકળે છે, તે અવસરે કહીશ.

આ વાત સાંભળીને શિષ્યે અંતર મનથી નિર્ણય કરીને કહ્યું, હા ભંતે ! હું આવી જ ચાલવાની ક્રિયા કરીશ. મારા આચાર આમ્રવૃક્ષને પાંગરતું કરવા કટિબદ્ધ બનીશ. મારો પુંસ્કોકિલ મુનિરાજને વંદી રહ્યો અને મંજરી કેમ અને ક્યારે આવે છે તેની રાહ જોવા લાગ્યો. મુનિરાજ બોલ્યા– **આવા આચાર પાળવા લાગે મને ઈષ્ટ,**

**જેવો આમ્રરસ લાગે મિષ્ટ.**

**અધ્યયન ચોથું : ભાષાજાત :–** ધર્મ અણગાર મુનિરાજે આચાર આમ્રવૃક્ષને મૂળ માંથી ફળ સુધી વિકસિત કરવા માટે ગુરુદેવની એક એક શિક્ષા વિધિ જાણી. આહાર શુદ્ધિ, સ્થાન શુદ્ધિ, ગમનાગમનની વિધિ વગેરેની અદ્‌ભુત કળા જાણી લીધી. તેનો આત્મા આનંદવિભોર બની ગયો. હવે નવી વિધિ જાણવા ઉત્સુક બન્યો, ગુરુદેવે જે જે ક્રિયાનો નિષેધ કર્યો, તેણે તે ક્રિયા છોડી દીધી, કરવા યોગ્ય ક્રિયામાં સ્થિર બની ગયા. ગુરુદેવ પાસે પ્રસન્ન ચહેરે આવી અહોભાવથી વંદન કરી વિનંતી કરી, હે પ્રભો! ફરમાવો મારા ફાયદાની વાતો. હું જરૂર વીતરાગના કાયદાને પાળીશ.

અંતેવાસી શિષ્યના અંતરના ઉદ્‌ગાર સાંભળી ગુરુદેવ પ્રસન્ન થયા અને કૃપા વરસાવી કહેવા લાગ્યા. તે જ સમયે મારો પુંસ્કોકિલ ત્યાં પહોંચી ગયો. તેને જોઈને **ગુરુદેવ બોલ્યા,** જો વત્સ ! આંબાની ડાળે બેઠેલો આ પુંસ્કોકિલ બોલે છે, તેનો અવાજ તને કેવો લાગ્યો ? **શિષ્યે કહ્યું,** મધુર, મધુરમ્ મધુરમ્.

**ગુરુદેવ :** આજે આ જ વાત મારે કરવાની છે. આજનો અભ્યાસ છે. 'ભાષાજાત' તેના

ઉપર આપણા સમિતિ દેવીના પ્રિય પરિચારિકા ભાષા દેવી છે. તે તારી જીભની પરિચર્યા કરશે. તે તને ક્રોધથી, લોભથી, હાસ્ય કે ઠઠ્ઠા મશ્કરીથી કે વિચાર્યા વિના બોલવાની મનાઈ કરશે. તને નિષ્ઠાભાષી બનાવી દેશે પરંતુ તેને તું સાથે રાખ, તો જ આ શક્ય બને. સાધકને સત્ય અને વ્યવહાર, આ બે ભાષા જ બોલવા યોગ્ય છે, તેના સિવાયની ભાષા સાવદ્યકારી–પાપકારી છે. સંત બન્યા પછી નિર્વદ્ય ભાષા જ બોલાય અને નિર્વદ્ય ભાષામાં પણ વિવેક જાળવવાનો હોય છે, વ્યાકરણ શુદ્ધિમાં એકવચન, દ્વિવચન, બહુવચન આદિ સોળ પ્રકારના વચનોમાંથી જ્યાં જે યોગ્ય હોય તે ઉપયોગપૂર્વક બોલવું. એકવચન બોલવા યોગ્ય હોય, તો એકવચનનો પ્રયોગ કરવો, સ્ત્રીલિંગમાં પુલિંગનો પ્રયોગ ન કરાય. શબ્દ શુદ્ધિ, પદ શુદ્ધિ અને વાક્ય શુદ્ધિ, ગદ્ય–પદ્યમાં બોલવાની રીત વ્યવસ્થિત રાખવી. પહાડ, વાદળા, વનસ્પતિ, ઝરણા વગેરે પ્રાકૃતિક દશ્યો જોવા, પણ તે દશ્યોને જોઈ લીધા પછી ભાષા પરિચારિકાને સાથે રાખીને અતિશયોક્તિ રહિત, નિર્વદ્ય ભાષા બોલવી. તેણી તને અસત્ય ભાષણ કરવા દેશે નહીં. તેમજ કર્કશકારી, છેદકારી, ભેદકારી, માર્મિકકારી, મૃષાકારી, સાવદ્યકારી, આશ્રવકારી, નિશ્ચયકારી, પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વનો નાશ કરનારી, પીડાકારી ભાષા પ્રયોગને છોડાવીને સત્ય, મધુર, હિતકારી, પથ્યકારી ભાષા બોલવાની પ્રેરણા આપી વર્ચસ્વી બનાવશે. બોલતા સમયે ભાષા પરિચારિકા સાથે હશે, તો તારું વચન, 'લબ્ધિવંત' બની જશે.

ઉપરાંત તમે ગામ–નગરમાં, પરિષદમાં કે ધર્મ સભામાં કે ગોચરીમાં ગમે ત્યાં જાઓ ત્યાં સત્ય અને વ્યવહાર ભાષાનો પ્રયોગ કરજો. રખેને ભાષા પારિચારિકાને છોડી દેશો, તો સાધક જીવનમાં હોનારત સર્જાશે, માટે ભાષા ઉપર ખૂબ કંટ્રોલ રાખવો. વધુ પ્રમાણમાં મૌનભાષી બનવું, જરૂર પડે ત્યારે વિચારીને બોલવું. આ ઉપાયો જ તમારા આચાર આમ્રવૃક્ષનું સિંચન કરી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચારની પાંચ શાખાઓ પ્રગટ કરશે. પુંસ્કોકિલના પંચમ સ્વર જેવો તમારો સ્વર સુસંસ્કૃત બનાવીને પંચમ ગતિ સુધી લઈ જશે. પુંસ્કોકિલ મૌનપણે સાંભળતો હતો. આ વાર્તાલાપમાં તે બોલી ઉઠયો, મધુરમ્ વિરૌતિ = તે મધુર કૂંજન કરતો ડોલીને કહેવા લાગ્યો, હે ગુરુદેવ ! જિનવાણીનો જય થાઓ, જય થાઓ, આ પ્રમાણે સદ્ગુરુને બિરદાવીને સ્થિર થઈ ગયો.

આચાર આમ્રવૃક્ષોને વિકસાવી પાંચ શાખા પ્રગટાવવા શિષ્યે ચોથી શિક્ષાનો મસ્તક નમાવીને સ્વીકાર કર્યો. હું દરેક પ્રસંગમાં ભાષા શુદ્ધિપૂર્વક નિર્વદ્ય ભાષા બોલવાનો ઉપયોગ જરૂર રાખીશ. મારા આચાર આમ્રવૃક્ષને સાત્ત્વિક બનાવવા પૂરો પ્રયત્ન કરીશ. તેથી જ કહું છું કે **હે ગુરુદેવ !** **મને આચાર પાળવા લાગે છે ઈષ્ટ,**
**જેવો આમ્રરસ લાગે મિષ્ટ.**

**અધ્યયન પાંચમું : વસ્ત્રૈષણા :–** મારો પુંસ્કોકિલ ધર્મવીર અણગારનો સાથી બની ગયો. તે ત્યાં જ રહેવા લાગ્યો. અણગારની ચર્યા જોતો જાય અને ધન્યવાદની અનુમોદના દેતો જાય. ગુરુદેવ પાસે બંને મિત્રો ચાલ્યા. એકે આકાશમાં ઉડ્ડયન કર્યું અને એક ધરતી પર ચાલવા લાગ્યો. બંને આમ્રવાટિકામાં ગુરુદેવની સમીપે પહોંચી ગયા. બંનેએ મત્થએણં વંદામિ કહીને પ્રવેશ કર્યો. ગુરુદેવ રાહ જોઈને બેઠા હતા. બંનેએ વંદન કરીને જિજ્ઞાસા પ્રગટ કરી, **ગુરુદેવ બોલ્યા,** વત્સો ! આચાર આમ્રવૃક્ષને કોઈ રજના પરમાણુ ન લાગી જાય તેને ઢાંકવા માટે વસ્ત્ર લાવવું જરૂરી છે. તીર્થંકરો દીક્ષા લે ત્યારે દેવો એક વસ્ત્ર તેમના ખંભા પર નાંખે છે, તેને દેવદૂષ્ય કહે છે.

વસ્ત્રો સાધુને યાચના કરીને લાવવા પડે છે. તે વસ્ત્રો બહુ મૂલ્યવાન, હિંસાથી બનેલા, સાધુના નામે ખરીદેલા, ઉધાર લાવેલા, ઝૂંટવીને લાવેલા વગેરે દોષયુક્ત વસ્ત્રો હોય, તો તે સાધુને કલ્પતા નથી. સાધુને ફક્ત સુતરાઉ કે ઉનના વસ્ત્રો ખપે છે. તે પણ વસ્ત્રો દોષ રહિત હોય તો જ સાધુને ખપે છે. સાધુને કલ્પનીય વસ્ત્ર પણ ગૃહસ્થ આપે, તો તેને હાથમાં લઈને જોઈ લેવું, તે વસ્ત્ર ટકાઉ, ડાઘ વિનાનું, પોતાની જરૂરિયાત પ્રમાણે હોય, તો જ લેવું. પેલા એષણા પરિચારિકાના નેત્રમણીથી ચારે છેડા જોઈ લેવા. વસ્ત્રના છેડે ગાંઠ મારી હોય, તો તેને ખોલીને જોઈ લેવું તેમાંથી ધન, રત્નાદિ જે નીકળે, તે ગૃહસ્થને પાછું આપવું, તે વસ્ત્રમાં જીવજંતુ બેસી જાય તેવું, પોલું જાળી વાળું ન હોય, તે ધ્યાનમાં રાખવું.

પ્રભુએ કહ્યું છે કે જો સાધકનું શરીર આરોગ્યવાન હોય, તો એક વસ્ત્ર રાખે. ગ્લાન, નિર્બળ, વૃદ્ધ, નવદીક્ષિત બે થી ત્રણ જોડી વસ્ત્ર રાખે. સાધ્વીજીઓ ચાર વસ્ત્ર રાખે. આ રીતે પોતાના શરીર પ્રમાણે પરિમિત વસ્ત્રો લેવા. ઉપધિથી ઉપાધિ વધે છે. માટે જેટલી જોઈએ તેટલી ઉપધિ રાખવી. વસ્ત્રની ગવેષણા માટે બે ગાઉના એરિયામાં જ જવું.

વસ્ત્ર વિભૂષા માટે નથી, લજ્જા નિવારણ માટે છે માટે લોલુપતા વધે તેવા વસ્ત્રો ન લેવા. વસ્ત્રોને વધારે ઉજ્જવળ બનાવવા, સારા દેખાવા માટે ચમકીલા વસ્ત્રો લાવવા નહીં, તેને પરિધાન ન કરવા.

વસ્ત્રને સૂકવવા હોય, ત્યારે અતિ ઊંચા સ્થાને, થાંભલા કે દિવાલ પર, બાવા જાળા–જીવજંતુ આદિ હોય તેવા સ્થાને વસ્ત્રો ન સૂકવવા. અચિત્ત ભૂમિ પર વસ્ત્ર કંપિત થાય, વાયરાના જીવો મરે, તેવા સ્થાનમાં પણ ન સૂકવવા.

વસ્ત્રોમાં કોઈ રંગ લગાવવો નહીં, નિશાની કરવી નહીં, સિલાઈમાં ડીઝાઈન પાડવી નહીં. સિલાઈ પણ એવી કરવી કે નાનામાં નાના જીવજંતુ તેમાં બેસીને ફસાઈને

મરી ન જાય તેનું ધ્યાન રાખવું, વસ્ત્રમાં– ચોલપટ્ટક, પછેડી, નેસઠીયું, આસન, પાત્રાની જોળી વગેરે રાખવા. સાધર્મિક સંતોને વસ્ત્રો આપી શકાય તેવી રીતે વસ્ત્રની આજ્ઞા લેવી. સાધર્મિકો સાથે લેતી–દેતી કરવામાં વિવેક રાખવો, જેથી રાગ–દ્વેષ ન થાય. તેમાં પણ માયાચાર ન કરવા. આ સર્વ વાતોનો ખ્યાલ રાખી નિર્વદ્ય જીવન જીવશો, તો આરાધક થાશો. તમારા આચાર આમ્રવૃક્ષની શાખાઓમાંથી પ્રશાખા પ્રસ્ફુટિત થશે.

**શિષ્ય બોલ્યો,** ધન્યાસ્મિ. ગુરુદેવ ! હું ધન્ય બની ગયો. પુંસ્કોકિલની પણ વાચા ખુલી ગઈ, તે તો નાચીને કહેવા લાગ્યો કે હવે મારું મિષ્ટ ભોજન તૈયાર થઈ રહ્યું છે, હું બીજું ભોજન જમીશ નહીં. બીજું કલ્યાણકારી ભોજન ન મળે ત્યાં સુધી કૂંજન કરીશ નહીં. આ રીતે બંને મિત્રો એક બીજાની સામે જોતા ગુરુદેવને નમસ્કાર કરીને પોતાના સ્થાને ગયા. પોતાને જોઈએ તેટલા નિર્દોષ વસ્ત્રની એષણા કરીને લાવ્યા કે તુરંત જ આચાર આમ્રવૃક્ષની પંચાચાર રૂપ શાખા ઉપર દશ યતિધર્મ રૂપ પ્રશાખા વિકસી ગઈ. તે જોઈને બંને મિત્રો ખુશ થયા.

**અધ્યયન છઠ્ઠું : પાત્રૈષણા :–** બંને મિત્રોએ ગુરુદેવને સવાલ પૂછ્યો કે આચાર આમ્રવૃક્ષની શાખા–પ્રશાખા તો પાંગરી ગઈ પણ તેના પર કેરી ક્યારે આવશે ?

**ગુરુદેવ :** હે ધર્મવીર અણગાર ! ઉતાવળા કે ઉત્સુક થાઓ મા, ધીરજ રાખો, આચાર આમ્રવૃક્ષમાં શાખા પછી પ્રશાખા થાય, ત્યારપછી કૂંપળો અને પાંદડા બને, જો હું તમોને તેની વાત કરું છું.

તીર્થંકરો તો કરપાત્રી હોય તેથી આહાર હાથમાં જ ગ્રહણ કરી એકાંતમાં જઈ વાપરે પણ આપણા હાથ પોલાણવાળા હોવાથી તેમાં ભોજન પૂર્ણ સુરક્ષિત રહી શકતું નથી, માટે સામાન્ય સાધુઓને કરપાત્ર હોવા છતાં બીજા કાષ્ઠ પાત્ર, માટીનાં પાત્ર કે તુંબીનાં પાત્ર લેવા પડે છે. તેની પણ યાચના ગૃહસ્થને ઘરે જઈને કરવી પડે છે. તે પાત્ર પણ સાધુના નિમિત્તે બનાવેલા ન હોય, સામે લાવ્યા ન હોય, તે સર્વે એષણાના નેત્રમણિથી તપાસીને જાણી લેવું જોઈએ. જેવી રીતે વસ્ત્રની વાત કરી તેવી જ રીતે પાત્રની વાત જાણવી. પાત્રો વિધિ સહિત લાવીને રંગ રોગાન કરવા જોઈએ. તે પાત્ર કાણાવાળા, તૂટેલા કે આહાર ચીપકી ગયા પછી નીકળે નહીં તેવા ન લાવવા. ડીઝાઈનથી શોભિત તથા વિભૂષિત કરાય નહીં પરંતુ ટકાઉ, ધ્રુવ, રહી શકે તેવા પાત્ર લેવા, શુદ્ધ અને નિર્દોષ પાત્રની ગવેષણા કરીને લાવવા, તે આમ્રવૃક્ષના પાંદડા છે. તે પાત્રનું કામ કરે છે. વિશેષ ભાવ અવસરે કહીશ, એમ કહી ગુરુદેવ મૌન થઈ ગયા. પ્રણામ કરીને બંને મિત્રો પાછા પગે ચાલવા લાગ્યા, પોતાના સ્થાને આવીને પોતાના આચાર આમ્રવૃક્ષનું નિરીક્ષણ કર્યું, તો તે આંબો ચરણ સિત્તેરીના પાંદડાથી સુશોભિત બની ગયો

હતો. બંને મિત્રો ગુરુદેવના વચનો પ્રત્યે શ્રદ્ધાન્વિત બની નમી પડ્યા. ધન્ય હો ગુરુદેવ! આપ અમોને સાચા રાહે લાવનાર પરમ ઉપકારી છો. બંને સાથે મળીને બોલ્યા–

**આચાર પાળવા લાગે ઈષ્ટ,**

**જેમ આમ્રરસ લાગે બહુ બહુ મિષ્ટ.**

**અધ્યયન સાતમું : અવગ્રહપ્રતિમા :–** શિષ્યો હવે ગુરુદેવમય બની ગયા હતા. તેમનું હૃદય તૂં હી તૂં હી પોકારી રહ્યું હતું. ત્યાં આવીને પ્રણામ કરીને કહ્યું– ગુરુદેવ ! અમારું આચાર આમ્રવૃક્ષ શાખા–પ્રશાખા અને પર્ણોથી પાંગરી ઊઠ્યું છે.

**ગુરુદેવ :** શિષ્યો ! બહુ આનંદમાં ન આવી જવું. તેમજ બહાવરા પણ ન બની જવું. તમે મૂળમાંથી પિંડૈષણા, શય્યૈષણા, ઈર્યા, ભાષાજાત, વસ્ત્રૈષણા અને પાત્રૈષણાની વાતો જાણી. આ જાણ્યા પછી તમારે વસ્તુની ગોઠવણી માટે સમિતિ મૈયાની પારિચારિકા નિક્ષેપાદેવીને મળવું જોઈએ. તે તમોને ઉપધિ ક્યાં રાખવી ? કેમ રાખવી ? તે શીખવાડશે. તેની પહેલા એક વાત જાણવી બહુ જરૂરી છે. તે બે કાનના એક કાન કરીને સાંભળો. શિષ્યે કહ્યું ભલે, ગુરુદેવ ! ફરમાવો.

**ગુરુદેવ :** સાધકને શરીર સાચવવા સ્થાન જોઈએ, પહેરવા વસ્ત્ર જોઈએ, આહાર લાવવા પાત્ર જોઈએ, તેને રાખવાની જગ્યા જોઈએ, આ બધુ ભલે તમે યાચના કરીને લઈ આવો પણ તે શરીર, વસ્ત્ર, પાત્ર વગેરેને જ્યાં નિક્ષેપાદેવી કહે ત્યાં, તે જગ્યામાં મૂકતા પહેલા અવગ્રહ = આજ્ઞા લેવી જોઈએ.

જેના રાજ્યમાં જાઓ, તે રાજાની, તે નગરના કોટવાળની, ત્યાંથી આગળ વધીને જે ઘરમાં કે ઉપાશ્રયાદિમાં ઉતારો કરો, તેના માલિકની અથવા તેના અધિષ્ઠાયક કોઈની પણ આજ્ઞા લેવી, તેને અવગ્રહ કહે છે. જેની અનુજ્ઞા લ્યો, તેને આ પ્રમાણે કહેવું કે ભાઈ ! અમે શેષકાળ કે ચાર્તુમાસકાળ રહેવા માટે તમારી આજ્ઞા લઈએ છીએ. અમે અત્યારે અમુક ઠાણા છીએ. કદાચ અમારી સમાન બીજા સાધુઓ આવી જાય, તો તેના માટે પણ તમારી અનુજ્ઞા લઈએ છીએ. ઉતારાનો અવગ્રહ લીધા પછી સાધર્મિક સાધુઓ માટે પાટ, પાટલા, ઔષધ, સોય, કાતર, કર્ણશોધનિકા, સંસ્તારક વગેરે લાવો, તેની પણ આજ્ઞા લેવી જરૂરી છે. સાધર્મિક સાધુઓએ એકબીજાની ઉપધિ વાપરવી હોય, તો તેની પણ આજ્ઞા લેવાની હોય છે. અન્ય સાધુની નેશ્રામાં રહેલી વસ્તુને લેવી હોય કે પોતાની નેશ્રાની વસ્તુ બીજાને દેવી હોય, તો આજ્ઞા લઈને લેવાય-દેવાય છે. આ બધી રીત નિક્ષેપાદેવી તમોને યાદી અપાવીને શીખવાડશે. વસ્તુને કેમ પકડાય, કેમ મૂકાય, હાથ-પગને કેમ વ્યવસ્થિત રખાય, તે શીખી લેવું. જે જગ્યા શક્રેન્દ્ર મહારાજની

માલિકીમાં છે. તેના માટે શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લેવી. સંપૂર્ણ ભરતક્ષેત્ર તેમની માલિકીમાં છે. ભલે તે દેવલોકમાં  હોય પણ તમારે કોઈપણ જગ્યાએ બેસવું, ઉઠવું હોય, ત્યાં કોઈ વ્યક્તિ આજ્ઞા દેનારી ન હોય, ત્યારે શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લઈને બેસવું. આવા પાંચ પ્રકારના અવગ્રહ છે. (૧) દેવેન્દ્ર અવગ્રહ (૨) રાજ અવગ્રહ (૩) ગૃહપતિ અવગ્રહ (૪) સાગારિક અવગ્રહ (૫) સાધર્મિક અવગ્રહ. આ અવગ્રહ સંબંધી આચાર સામગ્રી છે. તેમાં રહીને સાધુ– સાધ્વી ઘણા અભિગ્રહ ધારણ કરી શકે છે, જે સ્થાનમાં રહેવાનું થાય ત્યાં આમ્રવન, ઈક્ષુવન, લસણની વાડી આદિ હોય, તે સ્થાન જીવજંતુવાળું ન હોય, તેવા નિર્દોષ સ્થાનમાં રહે. તે જગ્યામાં રહેવા માટે જેની આજ્ઞા લીધી હોય, તેના સિવાયની અન્ય વ્યક્તિ આમ્રફળ, ગંડેરી કે લસણ આપવાની ઈચ્છા કરે, તો પોતાની જરૂર પ્રમાણે પિંડૈષણા અધ્યયનમાં કહ્યું, તે પ્રમાણે નિર્દોષ હોય, તો તેને શારીરિક સ્વસ્થતા માટે ગ્રહણ કરે. આ ઉપધિ– ઉપકરણને રાખવાના સ્થાનની રીત, તમોને નિક્ષેપા દેવી શીખવાડશે, માટે તેને સાથે રાખીને  આ કળા શીખી લ્યો, **શિષ્યો બોલ્યા,** ગુરુદેવ ! ભલે, તેમ થાઓ. તેમણે નિક્ષેપા દેવીનો સાથ કરી આ કળા શીખી લીધી. નિક્ષેપાદેવી તેમના હાથ, પગ વગેરે ઉપાંગોની રક્ષા–જયણા કરવા લાગ્યા. આચાર આમ્રવૃક્ષના ચરણસિત્તરિના પાંદડા ઉપર કરણસિત્તરિના ફૂલો ખીલી ઊઠ્યા. મંજરીઓના રૂપમાં આમ્રવૃક્ષ શોભવા લાગ્યું. તે જોઈને બંને મિત્રોનો આનંદ સમાતો નથી. તેઓ હવે ગુરુદેવના પ્યારા શિષ્ય બની ગયા હતા. અપ્રમત્ત અવસ્થામાં રહીને જલદી-જલદી રસવાળા સ્વાદુ આમ્રફળને પ્રાપ્ત કરવા તત્પર બન્યા અને બોલ્યા–

**આચાર પાળવા લાગે અમોને ઈષ્ટ,**
**જેવો આમ્રરસ લાગે મિષ્ટ.**

**અધ્યયન આઠમું : સ્થાન સપ્તિકા :–** ગુરુદેવની વાણી ઝીલવા બંને મિત્રો બેસી ગયા હતા. ગુરુદેવ પધાર્યા, ત્યારે ઊભા થઈને નમસ્કાર કરીને ગુરુદેવને બિરાજમાન કર્યા. ત્યારપછી હાથ જોડી ઊભા રહ્યા. ગુરુદેવની આજ્ઞા થતાં ઉત્કટ આસને બેઠા. ગુરુદેવ બોલ્યા– અવગ્રહની વાત તમે જાણી લીધી. હવે જે સ્થાનમાં તમે ઉતરો તે સ્થાનમાં તમારે કાયોત્સર્ગ કરવાની આદત પાડવી જોઈએ. આ કાયાનો સંયમ કેળવવાની ખૂબ ખૂબ જરૂર છે. આચાર આમ્રવૃક્ષની માવજત કરવી પડે છે. વસંતઋતુ જેવું વાતાવરણ નિત્ય રહે તે માટે તેવી ક્રિયાઓ તેની પાસે કરવી પડે છે, તે ક્યારેય કરમાય નહીં માટે ત્યાં રોજ ધ્યાન ધરવું પડે છે. ધ્યાન ધરવા કાયાને સ્થિર રાખવી પડે છે તેના માટે જુદા જુદા અભિગ્રહ ધારણ કરવા પડે છે. જે સ્થાનમાં ઊભા રહેવું હોય, ધ્યાન કરવું હોય, તે સ્થાન બરોબર જોવું. પોતે ઊભો રહે ત્યારે બીજા જીવોને કોઈ બાધા

કે પીડાજનક નથી ને ? તે તપાસીને રહેવાનો અભિગ્રહ ધારણ કરવો. તેની ચાર પ્રતિજ્ઞા આ પ્રમાણે છે–

(૧) હું અચેત સ્થાનમાં રહીશ, દિવાલ આદિનો આશ્રય લઈશ, હાથ પગનું આકુંચન– પ્રસારણ કરીશ તેમજ મર્યાદિત ભૂમિમાં પરિભ્રમણ પણ કરીશ.

(૨) હું અચેત સ્થાનમાં રહીશ, દિવાલ આદિનો આશ્રય લઈશ, હાથપગનું આકુંચન– પ્રસારણ કરીશ પરંતુ ભ્રમણ કરીશ નહીં.

(૩) હું અચેત સ્થાનમાં રહીશ, દિવાલાદિનો આશ્રય લઈશ પરંતુ હાથ પગનું આકુંચન–પ્રસારણ કે પરિભ્રમણ કરીશ નહીં.

(૪) હું અચેત સ્થાનમાં રહીશ, પરંતુ દિવાલ આદિનો સહારો લઈશ નહિ તથા આકુંચન–પ્રસારણ કે ભ્રમણ પણ કરીશ નહીં.

હે વત્સ ! આ રીતે અભિગ્રહ કરવો જોઈએ. પરિમિત કાળ માટે કાયોત્સર્ગ કરવાથી જીવની એકાગ્રતા વધે છે. આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય અને આચાર આમ્રમંજરીમાં ખટરસાદિની પ્રાપ્તિ થાય છે માટે કાયાની માયામાં મુંજાયેલો આત્મા આસક્ત ન બને તેની કાળજી કરવી. સદાય ઊભા રહેવાનો અને તેમાં મર્યાદિત સમયે ચાર વિશેષ અભિગ્રહ કરવા રૂપ તપ અણગારે જરૂર કરવો, પરંતુ જે ન કરી શકે તેનો તિરસ્કાર અને સ્વયંમાં અહંકાર આવી ન જાય તેની સાવધાની રાખવી. આ છે આચાર આમ્ર મંજરીમાંથી ફળ પ્રાપ્ત કરવાની રીત. તમે તેમજ વર્તો તેવી મારી શુભેચ્છા.

શિષ્યે સ્વીકારી લીધું અને બોલ્યા– **આચાર પાળવા લાગે અમોને ઈષ્ટ,**
**જેવો આમ્રરસ લાગે મિષ્ટ.**

**અધ્યયન નવમું : નિષદ્યાસપ્તિકા :–** ગુરુદેવની પાસે બંને મિત્રો આવ્યા અને વીર્યોલ્લાસપૂર્વક બોલ્યા, હે પ્રભો ! મારા આચાર આમ્રવૃક્ષમાં મંજરીઓ બેસી ગઈ છે. તેની મીઠી સોડમ આવવા લાગી છે. કાર્યોત્સર્ગનો પ્રભાવ ઘણો જ છે. પ્રભુ, હવે અમારે શું કરવું ? **ગુરુદેવે ઉપદેશ આપ્યો,** વાહ વત્સ વાહ ! તમે સાધુ જીવનમાં ઘણા આગળ વધી રહ્યા છો. તોપણ જ્યારે ઊભા રહેવાની શક્તિ ઓછી થાય, ત્યારે બીજો અભ્યાસ પણ જરૂરી બને છે, માટે હવે બેસવાની રીત પણ શીખી જાઓ.

રોજ સ્વાધ્યાય કરવી, તે વૈરાગી સાધુનું લક્ષણ છે. **ત્યાગ ટકે ન વૈરાગ્ય વિના.** વૈરાગી સાધુને અનાદિની આદત પ્રમાણે પુદ્ગલ રાગ સતાવે છે તેથી ભગવાને કહ્યું છે કે હે શિષ્યો ! સ્વાધ્યાય કરવા બે, ત્રણ, ચાર સાધુઓ સાથે મળીને સ્વાધ્યાય કરવા બેસો ત્યારે એકબીજાને જોતાં દેહરાગ ઉત્પન્ન થાય છે, તે ઉત્પન્ન થવાથી

ચારિત્રમોહ ઉત્પન્ન થાય. તેના કારણે એકબીજાને આલિંગનાદિ દેવાની ભાવના જાગે તેવા ઈચ્છા રાગને ટાળવો પણ અત્યંત જરૂરી છે કારણ કે તેમ કરવાથી આચાર આમ્રવૃક્ષની મંજરીઓ મુરઝાઈ જાય છે, માટે એવી રીતે બેસવું કે દેહરાગ જાગે નહીં, અરસપરસ કર્મો બંધાય નહીં, ચારિત્રમોહ તગડો બને નહીં. ઉદયના અડપલાને ટાળીને સ્વાધ્યાયના આસનથી બેસી સ્થિરાસન કેળવવું. ગુરુદેવની આ શિક્ષા સાંભળીને ધર્મરાજ અણગારે અને મારા પુંસ્કોકિલે મસ્તક નમાવી દીધું અને કહ્યું, હા, પ્રભો ! આપનો આદેશ અને આજ્ઞા અમારા કલ્યાણ માટે થાઓ, જેથી અમારી મંજરી સ્વાધ્યાય રસથી રસદાર બની જશે. માટે જ તો– **આચાર લાગે છે અમોને ઈષ્ટ,**

**જેવો આમ્રરસ લાગે છે મિષ્ટ.**

**અધ્યયન દસમું : ઉચ્ચાર પ્રસ્રવણ સપ્તિકા :–** ગુરુદેવે બંને શિષ્યો પર કૃપાદષ્ટિ રાખીને કહ્યું, એવો પુરુષાર્થ ઉપાડો કે કર્મમલ જલદી નાશ પામે અને પાછું કામપંકમાં ઉત્પન્ન થવું ન પડે. વીતરાગ પરમાત્માએ આપણા પર મહાન કરુણા કરી છે. આહાર લીધા પછી, તે સપ્ત ધાતુના રૂપમાં પરિણત થયા પછી આ શરીર નિસ્સાર વસ્તુને બહાર કાઢે છે. તે મળ-મૂત્ર, નાકની લીંટ, શરીરનો મેલ વગેરે. અશુચિ નિવારણની બાધા થાય ત્યારે તેનો અવરોધ કરવો નહીં, પરંતુ પાત્રમાં કે જંગલમાં તેનું નિવારણ કરવા જવું. પોતાની પાસે કે વસ્ત્ર કે પાત્ર ન હોય, તો સાધર્મિક ગુરુબંધુની પાસે માંગીને લઈ લેવું. તેનો ત્યાગ કરવાની રીત આપણી સમિતિ માતાની પરિષ્ઠાપનિકા દેવી પાસે શીખી લેવી. તે તમોને આ પ્રમાણે શીખવાડશે કે ફેંકવા જેવો જે નિહાર છે તેને એકાંતમાં લઈ જવો, ત્યાં જગ્યાનું નિરીક્ષણ કરવું; જીવજંતુ, લીલોતરી, બીયારણ આદિથી રહિત નિર્દોષ જગ્યા મળી જાય, તે પણ ઊંચી-નીચી કે પોલાણવાળી ન હોય તે જોવું. ત્યાં નાંખવાથી કોઈને જુગુપ્સા ન થાય, તેમ નીચા નમીને ચાર અંગુલની ઊંચાઈમાં હાથ રાખીને ધીરે ધીરે, જલદી સૂકાઈ જાય તેમ પરઠવું. પરઠવામાં કોઈ જીવોની હિંસા ન થાય, તે ખાસ ધ્યાન રાખવું. વૃક્ષનું થડ હોય, તો જેટલા પ્રમાણનું થડ હોય તેનાથી ડબ્બલ હાથની જગ્યા છોડીને, શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લઈને પરઠવું પછી 'વોસિરે' શબ્દનું ઉચ્ચારણ કરવું. આ વાત વાગોળી વાગોળીને યાદ રાખજો. પરિષ્ઠાપના દેવીને સાથે લઈ જવી, જેથી તે તમારા કાર્યની પરિચર્યા વ્યવસ્થિત કરશે. આ તમારી પાંચમી ધાત્રી માતા છે. હે શિષ્યો ! તમારું આમ્રવૃક્ષ રસદાર મંજરીથી યુક્ત બની ગયા પછી ફળથી ફલિત થશે.

**અધ્યયન અગિયારમું : શબ્દ સપ્તિકા :–** આજે ધર્મવીર અણગાર અને મારો પુંસ્કોકિલ બંને પાકા મિત્રોને કંઈક વિશેષ પામ્યા હોય તેવો અનુભવ થયો. બંનેએ

પરસ્પર ગુરુ ગુણનો વાર્તાલાપ કર્યો. કેવા નિષ્કામ કરુણાનિધિ છે, આપણને કેવું કેવું શીખવે છે. પુંસ્કોકિલ બોલ્યો, મને ખબર જ નથી કે આ આમ્રવૃક્ષમાં મંજરી કેમ આવે. હું તો જ્યાં મંજરી જોઉં ત્યાં મારો આત્મા થનગની ઊઠે અને અમારા બધા મિત્રોને સાથે લઈને મંજરીના રસને માણીએ. મંજરીનું ઉત્પાદન કેટલું અઘરું છે. હજુ તો ફળ કેમ મળે તેનો પાઠ ભણવાનો બાકી છે, ચાલો, ત્યારે ગુરુદેવ પાસે બંને આવ્યા, પ્રણામ કર્યા અને ઉત્સુક બનીને, હાથ જોડીને ગુરુદેવનું મુખ નિહાળી રહ્યા.

**ગુરુદેવે કહ્યું,** હે શિષ્યવરો ! આજે આચાર આમ્રવૃક્ષના ફળ પકાવવાની રીત દર્શાવું છું. સાંભળો ! મનુષ્ય ભવ બહુ પુણ્યયોગે મળે છે. મનુષ્યોને દશ પ્રાણ પ્રાપ્ત થાય છે. તેમાં શ્રોતેન્દ્રિય બલ પ્રાણ અને ચક્ષુરિન્દ્રિય બલ પ્રાણ કામી છે. તે ફક્ત ઈચ્છા ઉત્પન્ન કરે, આ બંને પ્રાણોમાંથી એકને શબ્દો સાંભળવા ગમે, બીજાને રૂપ જોવું ગમે. શ્રોતેન્દ્રિય બલપ્રાણ બહુ બહુ પુણ્યના પુંજથી પ્રાપ્ત થાય છે તેને શબ્દો સાંભળવાની ઈચ્છા થાય છે પરંતુ તમે સમિતિ દેવીની ત્રણ પુત્રીઓ મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિને સાથે રાખશો. તે તમારી આભ્યંતર રક્ષા કરશે. તમોને બધા પ્રકારના વાજિંત્રોના સ્વર સાંભળવાની ઈચ્છા જાગશે, ધ્વનિવર્ધક સાધનોના શબ્દો, ચતુરંગી સેનાના શબ્દો, ઘોડાનો હણહણાટ, હાથીના ગુલગુલાટ, રથના રણઝણાટ, પાયદળના ધડબડાટ, ઉત્સવોની ઉદ્‌ઘોષણા, ભેરીના અવાજ વગેરે સાંભળવા શ્રોતેન્દ્રિય દોટ મૂકે, ત્રિકોણ, ચતુષ્કોણ વગેરે રસ્તામાં જોવા માટે આંખ તલસે ત્યારે તમારી મનોગુપ્તિ બહેન તમોને રોકશે, વચનગુપ્તિબહેન તમોને તેની પ્રશંસા કરતાં અટકાવશે અને કાયગુપ્તિબહેન તમને ઊભા થવા દેશે નહીં. આવા શબ્દો સાંભળવા સ્વાધ્યાય છોડીને જવાય નહીં. શબ્દની ધ્વનિના અનેક સ્થાનો છે. તે વિવિધ સ્થાનોનું વર્ણન અરિહંત પરમાત્માએ કર્યું છે. શ્રોતેન્દ્રિય બહુ સજાગ છે પરંતુ તમારે શબ્દોની રાગબુદ્ધિ કે દ્વેષબુદ્ધિ છોડવી. આ બધી ઈચ્છાઓ ચારિત્રમોહના ઉદયના કારણે થાય છે. તે મોહ તગડો બને તેવી એક પણ ક્રિયા ન કરવી. સંસારનો સઘળો મોહ છોડવાનું એક જ કારણ છે કે તમારે યથાખ્યાત ચારિત્રનો આચાર પ્રગટ કરવાનો છે. માટે વત્સો ! ચારિત્ર મોહ છોડી શ્રોતેન્દ્રિયનો નિગ્રહ કરવો. શબ્દ સપ્તકને છોડીને પોતાના સ્વાધ્યાયનો ઉપદેશાત્મક અવાજ સાંભળવો. આ જ આચાર આમ્રવૃક્ષને સફળ કરવાની સામગ્રી છે, બાકી તો કલેશાત્મક કષાયાત્મક, વિષયાનુબંધી રાગાત્મક શબ્દો અનેકવાર આ જીવે સાંભળ્યા છે. તેમાં રક્ત, વિશેષ અનુરક્ત, ગૃદ્ધ, વિશેષ ગૃદ્ધ થઈને આ જીવે સંસારનો વધારો કર્યો છે. હવે તેવી ક્રિયા ન થાય, તેની કાળજી રાખવી.

ગુરુદેવનો ઉપદેશ સાંભળી બંને શિષ્યો તૃપ્ત થયા. હાથ જોડી, માન મોડી કહ્યું, ભદન્ત ! આપનું વચન તહેત કરવાનો પુરુષાર્થ કરશું. અમને તો **આચાર લાગે છે**

ઈષ્ટ, જેમ આમ્રરસ લાગે મિષ્ટ.

**અધ્યયન બારમું : રૂપ સપ્તિકા :–** કામોત્પાદક શબ્દની વાત સાંભળી બંને મિત્રો વિચાર વિમર્શમાં ગરકાવ થઈ ગયા. ગુરુદેવનો અપૂર્વ ઉપદેશ કેવો મજાનો છે. વિધિ–નિષેધની વાતો કરી આપણી મલિનતા કઢાવી શુદ્ધિ પ્રાપ્ત કરાવે છે. શ્રોતેન્દ્રિયના વિષયોને તો જાણ્યા. ચાલો, હવે ચક્ષુરિન્દ્રિયના વિષયોને જાણીએ. જયણાની ચાલે બંને મિત્રો ગુરુ પાસે આવ્યા. ગુરુદેવને વંદન નમસ્કાર કર્યા. ગુરુદેવે વિધિ સમજાવવા પ્રસન્ન ચિત્તે વાક્ય ઉચ્ચાર્યા–જુઓ વત્સ ! આ આપણા ચક્ષુ. કેટલા નિર્મળ છે પરંતુ મન જ્યારે રાગાત્મક થઈને ચક્ષુના માધ્યમે રૂપ જોવા લાલાયિત થાય છે, ત્યારે શાંત આત્મ સરોવરમાં વૃત્તિના વમળો ઉત્પન્ન થાય છે. રૂપની આસક્તિએ અનેક આત્માઓને સ્વભાવ તરફ જતાં રોકી વાસનામાં વસાવી નિગોદના ઘરમાં મોકલી દીધા છે. રૂપ માત્ર ઈચ્છા કરાવે છે તેનાથી ભોગવટો થતો નથી.

રૂપવાળી ચીજોના શાસ્ત્રકારે ચાર ભેદ કહ્યા છે. (૧) ગ્રથિમ રૂપ– ફૂલ આદિને ગૂંથીને બનાવેલા સ્વસ્તિકાદિ (૨) વેષ્ટિમ રૂપ– વસ્ત્રાદિને વણાટમાં વણીને બનાવેલી પુતળી આદિના રૂપો (૩) પુરિમ રૂપ– રૂ વગેરે ભરીને બનાવેલી પુરુષાદિની આકૃતિ વગેરે (૪) સંઘાતિમ રૂપ– અનેક વસ્તુઓને મેળવીને બનાવેલા રૂપ, કાષ્ઠકર્મ– સુંદર રથ વગેરે, પુસ્તકર્મ– વસ્ત્ર અથવા તાડપત્રના પુસ્તકો પર બનાવેલા ચિત્રો, મણિકર્મ– વિવિધ મણિઓથી બનાવેલા સુંદર કલાકૃતિના રૂપ, સોના–ચાંદીની માળાઓ, પાંદડામાં બનાવેલા ચિત્રો વગેરે કામનાને ઉત્તેજિત કરે તેવા ચિત્રો જોવાની ઈચ્છા કરવી નહીં. ક્યારેક ઈચ્છા થઈ જાય, તો પણ મનોગુપ્તિનો સહારો લઈને સાધક જીવનને સુરક્ષિત રાખવું. ચિત્રોમાં રાગ–દ્વેષ ન કરવા, તેમાં લુબ્ધ કે ગૃદ્ધ ન થવું. આ છે સાધક જીવનનો વિવેક. મનમોહક રૂપમાં જરાપણ લુબ્ધ થાય, તો આચાર–આમ્રવૃક્ષોને ઉધઈ લાગીને તમારા આમ્રફળ ખવાઈ જશે માટે હે વત્સો ! ચિત્રો જોવાના વિચારમાં મનોગુપ્તિ, ચિત્રો જોઈને રાગાત્મક ભાષાપ્રયોગમાં બીજી વચનગુપ્તિ અને સ્વાધ્યાય છોડીને કલાકૃતિ જોવાની તાલાવેલીમાં ત્રીજી કાયગુપ્તિની પરહેજી પાળીને આચાર આમ્રવૃક્ષની રક્ષા મેળવવી. આ પ્રયોગ કરશો તો આમ્રવૃક્ષના ગોઠલી બંધાવાની શરૂઆત થઈ ગઈ છે અને તેના નાના કાચા ફળો બની નભી જશે, મોટા થશે, પાકા થશે. ફળ સુફળ થશે, તેથી ત્રણ ગુપ્તિને હંમેશાં મન, વચન, કાયામાં ગોઠવી દેજો.

આ પ્રમાણે ગુરુદેવનો ઉપદેશ સાંભળી બંને અવાક્ થઈ ગયા. મૌનભાવે તેનો સ્વીકાર કરી ચક્ષુરિન્દ્રિયને કેળવણી આપવા વીર્યોલ્લાસવાળા બન્યા. ત્યારપછી બંને બોલી ઉઠ્યા, અમારો આચાર આંબો ઘણો વિકસિત થઈને પાંગરી ઉઠ્યો છે.

**ગુરુદેવ !** **આચાર પાળવા લાગે છે ઈષ્ટ,**
**જેવો આમ્રરસ લાગે મિષ્ટ.**

**અધ્યયન તેરમું : પરક્રિયા સપ્તિકા :–** બંને મિત્રોએ આચાર આમ્રવૃક્ષનું નિરીક્ષણ કર્યું. તેની અનુપ્રેક્ષા કરીને જોયું તો કાચી કેરી મોટી થઈ ગઈ હતી. તેના રસનું પરિવર્તન થઈ રહ્યું હતું. ગુરુદેવની શિક્ષાથી શિક્ષિત થયેલા બંને સર્વવિરતિ અણગાર સ્વાધ્યાય સિવાય કાંઈ જ કરતા ન હતા તેથી આમ્રવૃક્ષ નિર્વિઘ્ને વૃદ્ધિ પામ્યું. તેઓ હવે કેરી પાકવાની રાહ જોઈ રહ્યા હતા. આજે ગુરુદેવ ક્યા ઉપદેશનું રસપાન કરાવશે તે જિજ્ઞાસા લઈને જયણાપૂર્વક ગુરુદેવ પાસે આવીને વિનયપૂર્વક ચરણોમાં બેસી ગયા.

**ગુરુદેવ બોલ્યા–** આજે તમોને ઉચ્ચકક્ષાનું પરક્રિયા વિષયક જ્ઞાન દેવું છે. સંસાર છોડવો સહેલો છે પણ સંસારીના સંબંધો છોડવા મુશ્કેલ છે. તમે સંસારનો ત્યાગ કર્યો ત્યારે નિર્ણય કર્યો હતો કે હું કોઈની સેવા લઈશ નહીં.

સાધુ-સાધ્વીનો શિરસ્તો છે કે બીજા દ્વારા પોતાના માટે કરાતી કર્મજનક ક્રિયાની ઈચ્છા ન કરે કે બીજા પાસે કહીને પણ ન કરાવે. કદાચ કોઈ ગૃહસ્થ પગને સાફ કરે, પગ દબાવે, માલિશ કરે, તેલ, ઘી આદિ ચોપડે, મસળે, ચૂર્ણથી ઉબટન, લેપ કરે, ઠંડા કે ગરમ પાણીથી પગ ધૂએ વગેરે કોઈપણ ક્રિયા ગૃહસ્થ કરે તો તે કલ્પતું નથી. સાધુ તે ક્રિયામાં આસ્વાદિત થાય નહીં, વચનથી કહે નહીં, કાયા પર થતાં આવા કામની, સ્પર્શેન્દ્રિયના મુલાયમ સ્પર્શની મોજ માણે નહીં, કારણ કે **मंदा य फासा बहुलोहणिज्जा** વર્ણાદિ સ્પર્શો બહુ લોભામણા હોય છે. તે લોભની જાળમાં ફસાઈ જવાય, તો અનર્થ સરજાય છે. જેમ ખેતરમાં થયેલા પાકને તીડ ખાઈ જાય છે. તેમ આચાર આમ્રવૃક્ષના ફળોને સુકુમારતાના દોષરૂપી તીડ ખાઈ જાય છે. ગૃહસ્થને આધીન બનેલો સાધક મોહોત્પાદક સ્પર્શોથી આસક્ત થઈ જાય. ત્યારે ગૃહસ્થો તેમના શરીર પર હાર, મુકુટ આદિ અલંકારો પહેરાવી શરીરને શણગારે છે, સાધુ જીવનમાં ન કલ્પે તેવી ક્રિયાઓ કરે છે, માટે હે સાધક ! આવી કોઈ ક્રિયાને મનથી ઈચ્છવી નહીં, વચનથી કહેવું નહીં અને કાયાથી તેવું આચરણ કરવું નહીં. બીજું વિશેષમાં પગમાં કાંટો લાગ્યો હોય, પગમાં ઘાવ પડ્યો હોય, મેલ જામ્યો હોય, માથામાં જૂ, લીખ પડી જાય તો ગૃહસ્થના ખોળામાં સૂઈને, શસ્ત્રક્રિયા કરાવવી નહીં, ગૃહસ્થ ઘણા જ લાડ લડાવીને આ ક્રિયાઓ કરે, તોપણ તેમ કરાવે નહીં. આ છે મુનિ જીવનમાં સમાધિ પ્રાપ્ત કરવાની સામગ્રી. તમે તેને અપનાવશો એટલે આમ્રફળ પાકવા લાગશે.

આ પ્રમાણે શિષ્યોને આચારનું ભાન કરાવ્યું. શિષ્યો અવાક્ થઈ ગયા. ક્યારેય

ખબર ન હતી કે આમ કરવાથી પાપ લાગે, તે આજે ખબર પડી. ઊભા થઈને ભૂતકાળમાં પાપ કર્યું કે કરાવ્યું હોય, તેની માફી માંગી અને હવે પાપ નહીં કરવાની પ્રતિજ્ઞાના દઢ સંકલ્પી બનીને બોલ્યા– **આચાર પાળવા લાગે અમોને ઈષ્ટ,**

**જેવો આમ્રફળનો રસ લાગે મિષ્ટ.**

**અધ્યયન ચૌદમું : અન્યોન્ય ક્રિયા સપ્તિકા :–** આચાર આમ્રવૃક્ષમાં આવેલા આમ્રફળ ખટાશમાંથી મીઠાશ તરફ જઈ રહ્યા હતા. લીલી છાલ પીળી થઈ રહી હતી. તેની સાધના શુદ્ધ આચાર તરફ ઝૂકતી હતી. આમ્રવૃક્ષ ફળના ભારથી નમ્રાતિનમ્ર બની ગયું હતું. અહંકાર તો ક્યારનો ય ઓગળી ગયો હતો. મારો પુંસ્કોકિલ ખુશ હતો સાથે ઉદાસ હતો કારણ કે આ અણગાર બહુ જ ક્રિયાશીલ હતા. તેવી ક્રિયા પોતે કરી શકતો ન હતો છતાં ય ભાવના ભાવી રહ્યો હતો કે હું આવો ક્યારે બનું ? તે મિત્રો આવ્યા અને ઉન્મિલિત નેત્રોથી પ્રણામ કરીને ગુરુચરણોમાં બેસી ગયા. આજે ગુરુજી ગંભીર મુદ્રામાં હતા. તેઓ બોલ્યા, વત્સ ! તેરમા અધ્યયનમાં સંસારી ગૃહસ્થ વિષયક વાતો હતી પણ આજે તો આપણે આપણા ત્યાગી વિષયક વાતો કરવાની છે. અનાદિકાળથી દેહરાગના પોષણથી દેહરાગની આદત ધીઠ બની ગઈ છે, તેથી બે સાધુ કે બે સાધ્વી અરસ-પરસ ચરણથી લઈને મસ્તક સુધીના અંગોને દબાવવા, માલિશ કરાવવું વગેરે ક્રિયા કરાવવાની ઈચ્છા થાય, ત્યારે તે રાગોત્પાદક હોવાથી સાધુએ તેમ ન કરાય. જો નાના સાધુ વડીલ સાધુના પગનું પ્રમાર્જનાદિ કરે, તો તેનો વિવેક કહેવાય પરંતુ જેનાથી દેહરાગ વધતો હોય, રાગની માત્રા ટપકતી હોય, તો તેને ગુપ્તિ દ્વારા રોકી દઈને મનથી પણ તેની ઈચ્છા ન કરવી, વચનથી ન કહેવું અને કાયાથી ન કરાવવું. તે સુખનો આસ્વાદન મનથી પણ ન કરે. શેષ વર્ણન પરક્રિયાની સમાન જાણવું. સંસારીથી તો બચી જવાય પણ એકબીજાની ક્રિયાથી બચવા માટે ઘણી જ કાળજી રાખવામાં દઢ વૈરાગ્યની જરૂર પડે છે. આ જ આચારની પૂર્ણતા છે. આ પ્રમાણે દેહરાગ છોડવા પ્રયત્નશીલ બનવું. આ વૈરાગ્યભાવ જ આચાર આમ્રવૃક્ષના ફળને સમય પર પકાવીને સફળ બનાવે છે. અસ્તુ ! આવી ક્રિયા પ્રભુ મહાવીરે અપનાવી છે. સાધુજનોને રાગજનક ક્રિયાના ત્યાગથી જ કેવળજ્ઞાન પ્રગટ થયું છે.

આવું આચરણ કરવું, તેવો અડગ નિર્ધાર કરીને બંને ઊભા થયા. આજે તેનો અભ્યાસ પૂર્ણ થતો હતો. વિધિ–નિષેધથી આચારની પૂર્ણ માહિતી જાણી લીધી હતી. તેઓએ ગુરુદેવને પ્રણામ કર્યા અને પોતાના સ્થાને આવી આત્મા સાથે સવાલ–જવાબનો સંવાદ કર્યો તેમાં જવાબ મળ્યો કે **આચાર લાગે છે મને ઈષ્ટ, જેમ આમ્રફળનો રસ લાગે મિષ્ટ.**

**અધ્યયન પંદરમું : ભાવના :–** બંને અણગાર દૂર બેઠા નિસ્વાર્થ પ્રેમથી પ્રશ્નચર્ચા અને જ્ઞાનગોષ્ઠી કરી રહ્યા હતા. વૃક્ષ તો લચકતું બની ગયું હતું. પુંસ્કોકિલે આમ્રવાટિકામાં પ્રવેશ કર્યો ત્યારથી જ વસંતઋતુ મહેંકી રહી હતી. આમ્રવાટિકામાં બીજા પણ ઘણા વૃક્ષો હતા. તે પણ શોભાયમાન હતા. વૃક્ષો તો અનેકવાર જોયા હતા પરંતુ માનવ પોતે જ આચાર આમ્રવૃક્ષ બની શકે, તેના એંધાણ કે તેની વિધિ પ્રથમ વાર જ સાંભળી. તેનું દિલ–દિમાગ દયાળુ અને ભવભીરુ બની ગયું. હવે ગુરુદેવના શ્રીમુખે પ્રભુ મહાવીરનું જીવન સાંભળવાનું હતું. જલદી તૈયાર થઈને આવ્યા, ગુરુ સમક્ષ દક્ષતાપૂર્વક, શાંત ચિત્તે ગુરુવાણી સાંભળવા મુમુક્ષુતા પ્રગટ કરી, ગુરુદેવ બોલ્યા, આવું કઠિન આચરણ અનુભવી સિવાય કોઈ દર્શાવી ન શકે. અનંત તીર્થંકરો અને સામાન્ય કેવળીઓએ સર્વ અનાચરણો રોકી દઈને ઈન્દ્રિય વિજેતા બનીને મોક્ષ તરફ પ્રયાણ કર્યું છે.

પ્રભુ મહાવીરે અનેક ભવમાં ઊંચુ ઊંચુ આચરણ કર્યું. તેના ફળ સ્વરૂપે તેઓએ નંદનના ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું, ત્યાર પછી દશમા પ્રાણત દેવલોકમાં ગયા ત્યાંથી ચ્યવીને માહણકુંડ નગરમાં દેવાનંદાની કુક્ષીમાં આવ્યા. બલવત્તર કર્મના ઉદયે ત્યાંથી પણ દેવો દ્વારા સંહરણ થયું અને ત્રિશલા રાણીની કુક્ષિમાં આવ્યા.

ચૈત્ર સુદ તેરસે સર્વ ગ્રહો ઉચ્ચ સ્થિતિમાં હતા ત્યારે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજા પિતા અને ત્રિશલા માતાના લાલ તરીકે પ્રભુએ જન્મ ધારણ કર્યો. તેમનો જન્મ થતાં જ દેવોએ મહાન વર્ષા કરી હતી. ગામમાં ધન–ધાન્યની ઘણી વૃદ્ધિ થઈ, તેથી પુત્રનું નામ વર્ધમાન રાખ્યું. ૫૬ દિશાકુમારિકાઓએ નાલ છેદન આદિ સૂતિકા કર્મ કર્યું, દેવોએ મેરુ પર્વત પર જન્મ મહોત્સવ ઉજવ્યો, પાંચ ધાત્રીઓથી ઉછેર થવા લાગ્યો. આ રીતે વર્ધમાન કુમાર વૃદ્ધિ પામતાં યોગ્ય વયના થયા. તેમના ત્રણ નામ આ પ્રમાણે છે– માતાપિતાએ નિયત કરેલું **વર્ધમાન** નામ, આત્મશુદ્ધિ માટે સાધનાનો શ્રમ કરતા હોવાથી પોતે દીક્ષા ગ્રહણથી પ્રાપ્ત **શ્રમણ** નામ અને ભયંકર ભયજનક ઉપસર્ગો સહેવાના કારણે દેવોએ પ્રસિદ્ધ કરેલું **શ્રમણ ભગવાન મહાવીર** નામ હતું. તેઓશ્રીના કાકાનું નામ સુપાર્શ્વ હતું. તેમના જ્યેષ્ઠ ભ્રાતા નંદીવર્ધન અને મોટી બહેનનું નામ સુદર્શના હતું. વર્ધમાનકુમાર યોગ્ય ઉંમરે યશોદા નામની રાજકન્યા સાથે લગ્નગ્રંથીથી જોડાયા. અનાસક્તભાવે ભોગાવલી કર્મો ભોગવતાં એક પુત્રીનો જન્મ થયો. તેનું નામ પ્રિયદર્શના હતું.

પ્રભુ મહાવીરના માતા-પિતા પાર્શ્વનાથના શાસનમાં હતા. તેમણે બાર વ્રત અંગીકાર કરીને શુદ્ધ શ્રાવકના વ્રત પાળ્યા હતા. આખરી જીંદગીમાં સંથારો કરીને પંડિત મરણ પ્રાપ્ત કરી બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં

જન્મ ધારણ કરીને મોક્ષે જશે.

જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે ભોગાવલી કર્મ પૂરું થતાં વૈરાગ્ય વાસિત બનીને દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. લોકાંતિક દેવોએ ધર્મ પ્રવર્તન માટે વિનંતી કરી. પ્રભુએ એક વર્ષ સુધી રોજે રોજ એક પ્રહર સુધી એક કરોડ આઠ લાખ સોના મહોરનું દાન આપ્યું. એક વર્ષમાં ત્રણસો અઠ્યાસી કરોડ એંસી લાખ સુવર્ણ મુદ્રાનું દાન આપ્યું. ત્યારપછી ઈન્દ્ર– ઈન્દ્રાણી, દેવ-દેવીઓ અને માનવો વગેરેએ દીક્ષા મહોત્સવ કર્યો. પ્રભુ અને નિરાગી નિષ્કામી બની યશોદા પત્નીનો ત્યાગ કરી, જ્યેષ્ઠ ભાઈ બહેનનો સ્નેહ સંબંધ છોડી, સર્વથા નિઃસ્નેહી બનવા કેશ લુંચન કર્યા પછી દીક્ષા મંત્ર ભણ્યા. સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી સિદ્ધ થવાનું લક્ષ બાંધીને વિચર્યા. કઠિન કર્મો ઉદયમાં આવતા અનેક પરીષહને સહન કર્યા. સહનશીલતા એટલી જબરજસ્ત હતી કે અનાર્યો દ્વારા કૂવામાં ડૂબકી ખવડાવવી, ગૃહસ્થો દ્વારા કૂતરા કરડાવવા આવી કોઈ પણ પરિસ્થિતિમાં દેહની પરવાહ કર્યા વિના પરીષહો પ્રતિક્રિયા કર્યા વિના સહન કર્યા.

એકલા શાંતરસના પરમાણુથી બનેલો સુકુમાર રાજવંશી દેહ, પરંતુ સંયમ– તપની દઢ ભાવના હતી. વજ્રસમા મજબૂત શરીરમાં ઘાવ પડતાં પણ ચરમ શરીરી દેહનો નાશ થતો નહીં. તે દેહમાં કોઈ વૈદકીય ઉપચાર કર્યા વિના સ્વયંમાંથી સ્ફૂરાયમાન થતાં શાંતરસના ઔષધથી તે કર્મો સમાઈ જતાં હતા. પ્રતિક્રિયા ન કરનાર માનવ ખુદ નવું કર્મ બાંધતા નથી અને તેના જૂના કર્મો ક્ષય થઈ જતાં સહજ રીતે આરામ થઈ જાય છે. તીર્થંકરનો આત્મા જેટલું આયુષ્ય લાવ્યા હોય તેટલું જ ભોગવે છે. તેઓ નિરૂપક્રમી આયુષ્યવાળા હોય છે. વત્સ ! આ વાત બહુ લક્ષમાં લેવા જેવી છે. જીવ સ્વયંના આચારથી જ વૃક્ષનો જન્મ ધારણ કરે પરંતુ તે દેહ પોતાના માટે ઉપયોગમાં લેતા નથી પરંતુ છકાય જીવોને શાતાકારી બનાવે છે. તેમના એક એક પરમાણુ જેના શરીરમાં પહોંચે તેનો ક્રોધ શાંત થઈ જાય છે. શરીર નશ્વર છે પણ આયુષ્ય પ્રમાણે તે સજીવન રહે છે.

આ રીતે ભગવાન બાર વર્ષ અને પંદર દિવસ પછી શ્યામક ગાથાપતિના ક્ષેત્રમાં શાલ્મલી વૃક્ષની નીચે ઋજુવાલિકા નદીના કિનારે ચોથા પ્રહરે ચાર ઘાતીકર્મ ક્ષય કરી સર્વજ્ઞ બન્યા. ત્યારપછી દેવોને ઉપદેશ આપ્યો. બીજા દિવસે બાર પ્રકારની પરિષદ આવી, પ્રભુએ ઉપદેશ આપ્યો, અગિયાર ગણધર બન્યા, તીર્થની સ્થાપના કરી. મહાવ્રતધારીને ઈરિયા ભાવનાથી લઈને સ્પર્શેન્દ્રિયના નિગ્રહ સુધીની પચ્ચીશ ભાવનાનું વર્ણન સમજાવ્યું. પોતે તર્યા અને ભવ્ય જીવોને તરવાની જડીબુટ્ટી અર્પણ કરી. આ છે માનવ આચાર આમ્રવૃક્ષના ફળ પ્રાપ્ત કરવાની આબેહૂબ રીત. સ્વયં આચરે અને પછી બીજાને શીખવાડે છે. ધન્ય હો પ્રભુ આપને ! આપે શેષ જીવનમાં ઉપદેશ આપીને

મોક્ષ પ્રાપ્ત કરવાની રીત દર્શાવી છે. આપણે સહુ તે સર્વજ્ઞના પુત્રો છીએ તેથી તેવો જ પુરુષાર્થ કરવો જોઈએ. પ્રભુના ઉપદેશ પ્રમાણે પ્રયોગ કરીએ તો તેના રાજ્યમાં પહોંચી શકાય છે. આ છે આચાર સમાધિની સામગ્રી. સમતાથી તેનો પ્રયોગ કરજો. પ્રભુના પાંચ કલ્યાણક ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા અને સ્વાતિ નક્ષત્રમાં પ્રભુ મોક્ષે પધાર્યા.

બંને શિષ્યો આ વાત સાંભળીને મહાવીર જેવા બનવા અગ્રસર થયા અને બોલી ઊઠ્યા– **આચાર પાળવો લાગે ઈષ્ટ,**
**જેમ આમ્રરસ લાગે મિષ્ટ.**

આમ્રવૃક્ષના ફળ પાકી ગયા હતાં અને હવે વૃક્ષ પરથી તૂટું તૂટું થઈ રહ્યાં હતાં. તે કેમ તૂટે છે તેની કળા શીખવા બંને આતુર બન્યા.

**અધ્યયન સોળમું : વિમુક્તિ :–** ધર્મવીર અણગાર અને મારો પુંસ્કોકિલ બંને ગુરુદેવ પાસે પહોંચી ગયા. તેઓ બંને શીઘ્રાતિશીઘ્ર આમ્રફળ ખાવા આતુર બન્યા હતા. ગુરુદેવે તેમની તમન્ના જોઈને ઉપદેશ આપ્યો. જુઓ, આ પ્રકીર્ણક ઉપદેશ છે. આપણે જે પૌદ્ગલિક દેહ ધારણ કર્યો છે તે અનિત્ય છે, ગમે તેટલો સાચવો તો પણ તેનો નાશ થવાનો છે, માટે તેના થકી કાર્ય સિદ્ધ કરી લેવું. ગૃહત્યાગી, આરંભ–પરિગ્રહના ત્યાગી સંયમવાન, અનુપમ જ્ઞાનવાન, નિર્દોષ આહારના ગવેષક સાધકો કર્મ સંગ્રામ ખેલી આત્મવિજેતા બને છે. અજ્ઞાનીજનો દ્વારા અપાતા કષ્ટોને સમભાવે સહન કરનાર, અવસરના જાણકાર, ક્ષમાદિ ગુણના ધારક, પ્રાણી માત્રના રક્ષક, સ્ત્રીઓ પ્રત્યે નિરાસક્ત, પૂજા પ્રતિષ્ઠાના નિષ્કામી સાધક આલોક–પરલોકની કામના રહિત, મૈથુનથી ઉપરત, મૂળગુણ–ઉત્તરગુણમાં દોષ ન લગાડનાર સાધક સંસાર સમુદ્રને તરી જાય છે. તેના આચાર આમ્રવૃક્ષનું ફળ પાકી જાય છે.

સાધક આ દેહરૂપ આમ્રવૃક્ષનું પોષણ કરીને આચારનું આમ્રફળ પ્રાપ્ત કરે છે. તેના મન, વચન, કાયયોગનો ઉપયોગ કરી ક્ષપક શ્રેણી દ્વારા ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી સર્વજ્ઞ બની જાય છે. ત્યારપછી અઘાતી કર્મ ક્ષય કરીને અંતે સિદ્ધાલયનું રાજ્ય મેળવે છે.

આ ઉપદેશ સાંભળીને ધર્મવીર અણગારે તેવા જ પ્રકારની ક્રિયા કરી, તેનાથી તેને આચાર આમ્રફળ પ્રાપ્ત થયું. તેના રસપાન કરીને તે પોતાના સ્વદેશમાં જવા ઉત્સુક બન્યા. તેમણે આયુષ્ય બળ હતું ત્યાં સુધી આત્માનંદના રસનું આસ્વાદન કરતા રહ્યા. જેમ કેરીનો રસ ઘોળી ઘોળીને પીવાય અને ગોઠલા–છોતરા ફેંકી દેવાય તેમ ધર્મવીર અણગારે જ્ઞાનરસ પીધો, ઘાતી-અઘાતી કર્મ ક્ષય થતાં ઔદારિક શરીરરૂપ ઉપરના છોતરા અને તૈજસ-કાર્મણ શરીર રૂપ ગોઠલાને છોડીને આત્માના આનંદરસનો અનુભવ

કરતાં સિદ્ધાલયમાં પધારી ગયા.

તેમનું આચાર આમ્રવૃક્ષ સંપૂર્ણ રીતે ફલિત થઈને સફળ થયું. તેમના આચાર ફળને નજરોનજર જોઈને મારો પુંસ્કોકિલ મોક્ષ મેળવવાની રીત જાણીને, આચાર આમ્રવૃક્ષને ઉગાડવાની કળા સંપાદન કરી વસંત ૠતુનો આનંદ માણી પંચ પરમેષ્ઠીના વારંવાર દર્શન કરતો આમ્રવાટિકામાંથી પાછો ફર્યો અને મારામાં સમાઈ ગયો.

અને બોલતો રહ્યો– **આચાર પાળવા લાગે મને ઈષ્ટ,**
**જેમ આમ્રરસ લાગે મિષ્ટ.**

આ છે ઊચ્ચકક્ષાનું જ્ઞાન આપતો બીજો શ્રુતસ્કંધ. આચારશુદ્ધિ વિના યથાખ્યાત ચારિત્ર પ્રગટ થતું નથી માટે આપણે સહુ પુરુષાર્થ કરીને આચારણ સુધારીએ. અસ્તુ... ચતુર્વિધ સંઘમાં આચરણનું અભિયાન જાગે તેવી મંગલ ભાવના સાથે વિરમું છું.

પ્રિય મુમુક્ષુ ગણ ! આપણે આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનું સંપાદકીય આચાર આમ્રવૃક્ષ રૂપે આલેખ્યું છે ત્યારે આ સંપાદિકાના હૃદયમાં ગુરુણીદેવા પૂ. અંબાબાઈ મ. મુખ્ય રહ્યા છે. ઉપકારી ગુરુણીનું નામ જોડી ગુરુ ૠણના ભારમાંથી યત્કિંચિત મુક્ત થવાનો પ્રયાસ કર્યો છે. ખરેખર ! આમ્રવૃક્ષ પુષ્ટિકારી અને તુષ્ટિકારી છે. પૂ. પ્રાણગુરુદેવ પણ પોતાના ઉપદેશમાં કાયાને આંબો કહેતા અને કેરીમાં રહેલા રસને આત્માનો જ્ઞાનાનંદ રસ દર્શાવીને અનેકવાર સમજાવતા હતા. આજે આ સંપાદકીય લેખનું લેખન કરતાં પૂ. ગુરુદેવના ઉપદેશનું રહસ્ય મને સમજાયું છે અને સંપાદકીય લેખનું એકાએક આ નામ રખાયું છે. તો તમે તેને વધાવીને આત્મા સાથે તુલના કરશો. ધર્મની ધરતી પર બોધીબીજનું વાવેતર કરીને સર્વવિરતિનો માર્ગ સ્વીકારીને આહાર, રહેવાનું સ્થાન, ચાલવા માટે ઈરિયા, બોલવા માટે ભાષા, વસ્ત્ર, પાત્ર, આજ્ઞા, સ્થાનસપ્તિકા, નિષદ્યા, પરઠવાની વિધિ, શબ્દ અને રૂપની અનાસક્તિ, પરક્રિયા અને અન્યોન્ય ક્રિયાનો ત્યાગ, ભાવના અને વિમુક્તિ, આ સોળ અધ્યયનની જે પદ્ધતિ ગોઠવાયેલી છે તે આમ્રવૃક્ષને યોગ્ય બની જાય છે. સારું એટલું તમારું (પાઠકનું) અને ન સમજાય તેટલું મારું, એમ સમજીને વાંચશો, તો મારો પુરુષાર્થ હું સફળ માનીશ. બાકી મારો સ્વાધ્યાય તો અહર્નિશ ચાલુ જ છે.

**આભાર : ધન્યવાદ : સાધુવાદ :–**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતીલાલજી મ.સા.**નો

અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત, નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્‌ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠા, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના અનુવાદિકા અનુવાદ અર્પિત પુષ્પાબાઈ મહાસતીજી છે. તે અમારા પટ્ટોધરા, પ્રવચન પ્રભાવિકા, વિનયશીલા છે. જેના પગલે ૭૯ સાધ્વીજીઓ દીક્ષિત થયેલા છે. તે સાધ્વીજીને મારી શુભેચ્છા છે કે આપની રહેણી કરણી જ્ઞાનમય, શ્રદ્ધામય, ચારિત્રમય, નિરામય રહે અને આત્માનું ઉત્થાન કરી પંચમ આરામાં પંચમ ગતિ પ્રાપ્ત થાય તેવી યોગ્યતા દિનપ્રતિદિન પ્રાપ્ત કરતા રહો તેવી ગુરુણીશ્રીની અંતરભીની શુભેચ્છા......

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં જયવંતભાઈ શાહ, કુમારી ભાનુબહેન પારેખને ધન્યવાદ આપું છું.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ

શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી સર્વ કાર્યકરો, આગમના શ્રુતાધાર બનનારને અને અન્ય દાનદાતા મહાનુભાવોને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं– खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના

સુશિષ્યા – **આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

**ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા**

દ્વાદશાંગી ગણિપિટકમાં અગ્રસ્થાન ધરાવતું, સાધકોને પંચાચારની શુદ્ધિનો બોધ કરાવતું, પ્રભુ મહાવીર સ્વામીની સાધનાના માધ્યમથી સાધકોને સાધનાનો માર્ગ સાદ્યંત પ્રગટ કરતું શ્રી આચારાંગ સૂત્ર જિનપ્રવચનના સાર રૂપ છે.

તેના પ્રત્યેક સૂત્ર સાધુ જીવનના વ્યવહારને સ્પર્શે છે, તેથી આચાર શુદ્ધિ માટે તેની સ્પષ્ટતા થવી અત્યંત જરૂરી છે. આવા આચાર પ્રધાન શાસ્ત્રોનું સંપાદન એ સંપાદકોની હળવી કસોટી જ છે.

પ્રથમ પિંડૈષણા અધ્યયનમાં અનેક સ્થાને સાધુને અગ્રાહ્ય, અખાદ્ય પદાર્થોના નામો છે. ઉદ્દેશક–૪ સૂત્ર–૧, ઉદ્દેશક–૮ સૂત્ર–૯, ઉદ્દેશક–૯ સૂત્ર–૪, ઉદ્દેશક–૧૦ સૂત્ર–૫, ૬માં **मच्छं, मंसं, मज्जं** જેવા અભક્ષ્ય પરક પદાર્થોનો નામોલ્લેખ છે.

જગતના સર્વ જીવોની નવકોટિએ રક્ષા કરનાર, પરમોત્કૃષ્ટ અહિંસાના આરાધક સાધુઓ કોઈ પણ સંયોગોમાં અભક્ષ્ય પદાર્થોનું સેવન કરે, તે કદાપિ શક્ય નથી. જૈનધર્મમાં અહિંસા પરમો ધર્મ છે. સાધુ તો શું ? શ્રાવકો પણ માંસાહાર કરતાં નથી. શ્રાવકો તો વનસ્પતિમાં અનંતકાય(કંદમૂળ)ના પણ ત્યાગી હોય છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં માંસાહારને નરકગતિના બંધનું કારણ કહ્યું છે. **चउहिं ठाणेहिं जीव णेरइयाउयत्ताए कम्मं पकरेंति, तं जहा– महारंभयाए, महापरिग्गहयाए, पंचिदियवहेणं, कुणिमाहारेणं ।**(સ્થાન–૪, ઉદ્દેશક–૪, સૂત્ર–૧૧૩). ચાર કારણે જીવ નરકાયુનો બંધ કરે છે– (૧) મહાઆરંભ– અમર્યાદિત હિંસાથી, (૨) મહાપરિગ્રહથી– અમર્યાદિત સંગ્રહથી, (૩) પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી અને (૪) કુણિમ આહાર– માંસ ભક્ષણ કરવાથી.

મોક્ષ ગતિને પ્રાપ્ત કરવા પુરુષાર્થશીલ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ નરકાયુનો બંધ કરાવનારું માંસ ભક્ષણ કરે જ નહીં. તેઓને માટે મદ્યપાનનો પણ નિષેધ છે.

**सुरं वा मेरगं वा वि, अण्णं वा मज्जगं रसं ।**
**ससक्खं ण पिबे भिक्खू, जसं सारक्खमप्पणो** ॥– દશવૈકાલિક સૂત્ર–૫/૨/૩૬.

પોતાના સંયમરૂપી નિર્મળ યશનું રક્ષણ કરતો સંયમી ભિક્ષુ સુરા, મહુડાની મદિરા કે બીજા કોઈ પણ માદક પદાર્થોનું આત્મસાક્ષીએ અને કેવળી ભગવાનની સાક્ષીએ સેવન ન કરે. આ રીતે આગમ ગ્રંથોમાં અનેક સ્થાને સાધુઓને માંસ-મદિરાનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે.

શ્રી આચારાંગ સૂત્રમાં અભક્ષ્ય પરક શબ્દો લિપિકાળમાં પ્રક્ષિપ્ત કરવામાં આવ્યા હોય, તેમ લાગે છે. પ્રથમ અધ્યયનના ચોથા ઉદ્દેશકમાં નવવધુના પ્રવેશ નિમિત્તે, શ્રાદ્ધ નિમિત્તે, દીકરીના લગ્ન પછી પિયર આવવાના પ્રસંગે થતાં ભીડભાડવાળા જમણવારમાં સાધુને ગોચરીએ ન જવાનું કથન છે. અહીં વિવિધ પ્રકારના જમણવારના નામોલ્લેખનો પ્રસંગ છે, પરંતુ તે નામોલ્લેખ પૂર્વે અભક્ષ્યપરક શબ્દ મૂકાયા છે, તે અપ્રાસંગિક છે. તે જ રીતે દસમા ઉદ્દેશકના પ્રથમ સૂત્રમા અને દશવૈકાલિક સૂત્રના અધ્યયન–૫/૨/૭૩– ૭૪ ગાથામાં એકદમ સામ્યતા છે. તેમાં દશવૈકાલિકા સૂત્રમાં **बहुअट्ठियं पोग्गलं** શબ્દ છે. તેના સ્થાને અહીં **बहुअठियं मंसं** શબ્દ છે. આ ઉપરથી સમજી શકાય છે કે લિપિકાળમાં કોઈ જૈનેતર લહિયાથી **पोग्गलं** શબ્દના સ્થાને **मंसं** શબ્દ પ્રક્ષિપ્ત થયો હોય. આચાર્યો આવા મદ્ય–માંસ પરક શબ્દોના વનસ્પતિ પરક અર્થ કરે છે. આયુર્વેદિક ગ્રંથોમાં પણ પશુ–પક્ષીના નામવાળી વનસ્પતિઓનો ઉલ્લેખ છે, પરંતુ આવા શબ્દ પ્રયોગોના આધારે ઘણા જૈનેતર વિદ્વાનો અનિવાર્ય સંયોગોમાં ભગવાન મહાવીર સ્વામી પણ માંસાહાર કરતાં હતા અને તેમણે તેમના સાધુને પણ છૂટ આપી હતી, તેવા આક્ષેપો કરી રહ્યા છે. આવા પ્રક્ષિપ્ત આગમ પાઠોથી શાસનની હીલના, લઘુતા થાય છે, તેથી પ્રસ્તુત સંસ્કરણમાં આજથી ૭૦ વર્ષ પૂર્વે પ્રકાશિત પુપ્ફ ભિક્ખુ સંપાદિત સુત્તાગમેનો આધાર લઈને તે–તે શબ્દોને મુદ્રિત કર્યા નથી અને.....રિક્ત સ્થાન રાખીને તેનો સંકેત કર્યો છે.

બીજા શય્યૈષણા અધ્યયનમાં શય્યા સંબંધી નવક્રિયાના કથનમાં ઉપસ્થાન ક્રિયાનું કથન છે. તેમાં **से आगांतरेसु......उडुबद्धियं वा वासावसियं वा कप्पं उवाइणवित्ता तं दुगुणा तिगुणेण अपरिहरिता तत्थेव.......**(અધ્યયન–૨/૨/૮). એક સ્થાનમાં માસકલ્પ કે ચાતુર્માસ કલ્પ વ્યતીત કર્યા પછી સાધુ બમણો અને ત્રણગુણો કાળ અન્યત્ર વ્યતીત કર્યા વિના તે સ્થાનમાં આવીને રહે, તો તેને ઉપસ્થાન ક્રિયા લાગે છે. માસકલ્પથી બમણોકાળ અર્થાત્ બે માસકલ્પ અને ચાતુર્માસ કલ્પથી ત્રણ ગુણો કાળ અર્થાત્ ત્રણ ચાતુર્માસ થાય અને તે અર્થ પરંપરા સાથે સંગત નથી. પરંપરાનુસાર એક સ્થાનમાં ચાતુર્માસ કલ્પ વ્યતીત કર્યા પછી, બે ચાતુર્માસ અન્યત્ર કર્યા પછી ત્રીજું ચાતુર્માસ તે જ સ્થાનમાં કરી શકાય છે.

આ બેગણા-ત્રણગણા કાળ સંબંધી વિચારણા કરી કે ૨૯ દિવસના માસકલ્પથી

બમણો કાળ અર્થાત્ ૨૯ × ૨ = ૫૮ દિવસ અને ૧૨૦ દિવસના ચાતુર્માસ કલ્પથી ત્રણગણો કાળ અર્થાત્ ૧૨૦ × ૩ = ૩૬૦ દિવસ(બાર માસ) પછી સાધુ તે સ્થાનમાં જઈ શકે છે. આ રીતે બે ગણા–ત્રણ ગણા કાળનું વિધાન પરંપરા સંગત થાય છે.

સાધુ કે સાધ્વી ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર, મૂત્રોત્સર્ગ–મળોત્સર્ગ(પરઠવા) માટે સ્થંડિલભૂમિમાં કે સ્વાધ્યાય અર્થે સ્વાધ્યાય ભૂમિમાં જાય ત્યારે સાધુ પોતાના **सव्वभंडगमायाए** (૧/૩/૫), **सव्वं चीवरमायाए** (૫/૨/૨), **सपडिग्गहमायाए** (૬/૨/૪) સર્વ ભંડોપકરણ, સર્વ વસ્ત્ર, પાત્રાદિ સર્વ ઉપકરણો સાથે લઈને જાય છે, તેવું વિધાન તે-તે અધ્યયનોમાં છે. સ્થંડિલ ભૂમિમાં સ્વાધ્યાય યોગ્ય પોથી–પુસ્તકાદિ, સ્વાધ્યાય ભૂમિમાં ભોજન યોગ્ય જોળી-પાત્રાદિ અને ગોચરીમાં સ્થંડિલ ભૂમિ યોગ્ય માત્રક પાત્ર વગેરે લઈ જવામાં ઔચિત્ય નથી, તેથી તદ્‌વિષયક વિચારણાના અંતે નિશ્ચિત્ત કર્યું કે સર્વ ઉપકરણો એટલે તદ્‌યોગ્ય આવશ્યક સર્વ ઉપકરણો લઈને સાધુ જાય અર્થાત્ ગોચરી માટે નીકળે ત્યારે તદ્‌યોગ્ય જોળી-પાત્રા વગેરે સર્વ ઉપકરણો લઈને જાય, સ્થંડિલ ભૂમિમાં જાય ત્યારે તદ્‌યોગ્ય માત્રક પાત્ર, પાદપ્રોચ્છનાદિ લઈને જાય અને ગ્રામાનુગ્રામ વિહાર કરે ત્યારે પોતાના સર્વ ભંડોપકરણ સાથે લઈને નીકળે છે.

**से भिक्खू वा भिक्खुणि वा आयरिय उवज्झाएहिं सद्धिं....** અધ્યયન–૩, ઉદ્દેશક–૩, સૂત્ર ૩–૪માં આચાર્ય–ઉપાધ્યાય સાથે વિહાર કરતાં સાધુ–સાધ્વી હાથ વગેરેના સ્પર્શથી તથા આચાર્યાદિ કોઈને ઉત્તર આપતા હોય તેમની વચ્ચે બોલીને આશાતના ન કરવાનું વિધાન છે. વિહારમાં આચાર્ય–ઉપાધ્યાય સાથે સાધુઓ જ હોય છે સાધ્વીજીઓ હોતા નથી તથા સાધ્વીજીઓમાં આચાર્યાદિ પદવી નથી, તેથી સૂત્રપાઠમાં **भिक्खुणि** શબ્દને કૌંસ કરેલ છે.

સાધ્વીજીઓમાં પ્રવર્તિની પદવી હોય છે. સાધ્વી સમુદાય(ગચ્છ)ની સારણા–વારણા પ્રવર્તિની કરે છે. વિહારમાં પ્રવર્તિની સાધ્વીની આશાતના ન થાય, તે રીતે સાધ્વીજીઓ વિહાર કરે, તેવો આ સૂત્રનો ભાવ છે, તેમ સમજવું.

આ રીતે વૃત્તિ–વ્યાખ્યાગ્રંથોના આધારે, અન્ય આગમોના સંદર્ભ સહિત, પૂર્વાપર અર્થનું સંતુલન કરીને સૂત્ર અને તેના ભાવાર્થને સ્પષ્ટ કરીને વાચકોની સ્પષ્ટતા અને સરળતા માટે ગુરુકૃપાના અલૌકિક બળે અમે આગમ મનીષી પૂ. ત્રિલોક મુનિ મ.સા.ના માર્ગદર્શનથી યત્કિંચિત્ પુરુષાર્થ કરી રહ્યા છીએ.

અમ શ્રદ્ધાના કેન્દ્રબિંદુ સમ તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના અદશ્ય આશિષરૂપી શક્તિપાતથી અમારું કાર્ય પૂર્ણતા તરફ જઈ રહ્યું છે. આગમ કાર્યની

પૂર્ણતા માટે કૃતનિશ્ચયા પ્રધાન સંપાદિકા અમ ઉપકારી ગુરુણી મૈયા પૂ. લીલમબાઈ મ. તથા સર્વાંશે મૂક સહયોગી ગુરુણી મૈયા પૂ. વીરમતી બાઈ મ.નો સફળ સથવારો અને અમ ગુરુકુલ વાસી પૂ. બિંદુબાઈ મ. આદિ સર્વ ગુરુભગિનીઓની સદ્ભાવના જ આમારા કાર્યને વેગવંતુ બનાવે છે. એક-એક આગમ સંપાદનની પૂર્ણતાના પાવન પ્રસંગે સહુના સહિયારા પુરુષાર્થનો અમે અંતરથી સ્વીકાર કરીએ છીએ.

સંપાદન કાર્યમાં છદ્મસ્થયોગે જિનવાણીથી ઓછી-અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય, તો પંચપરમેષ્ઠી ભગવંતો તથા આત્મ સાક્ષીએ ત્રિવિધ–ત્રિવિધે ક્ષમા યાચના...

અંતે ઉપકારી, સંસ્કારદાતા પૂ. માતા-પિતાના તથા ગુરુ ગુરુણીના ઉપકારોને સ્મૃતિપટ પર લાવીને વિરામ પામીએ છીએ.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

સાધ્વી શ્રી પુષ્પાબાઈ મ.

શ્રી આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ છે. તેમાં ગુરુપ્રાણ આગમ બત્રીસીના સાતમા આગમરત્ન રૂપે આચારાંગ સૂત્ર ભાગ–૧માં પ્રથમ શ્રુતસ્કંધનું પ્રકાશન થઈ ગયું છે. આજે આચારાંગ સૂત્ર ભાગ–૨માં દ્વિતીય શ્રુતસ્કંધનું પ્રકાશન થઈ રહ્યું છે. તેને **आचाराग्र** અથવા **आचारचूला** કહે છે.

**आचाराग्र :– आचार + अग्र** આચારનો અગ્રભાગ અર્થાત્ વિસ્તાર, તે આચારાગ્ર કહેવાય છે. જેમ વૃક્ષના મૂળનો વિસ્તાર તેની શાખા,પ્રશાખાઓ છે. તેમ પ્રથમ શ્રુતસ્કંધના આચારધર્મ રૂપ વિષયનો વિસ્તાર બીજા શ્રુતસ્કંધમાં થયેલો હોવાથી, તેને **આચારાગ્ર** કહે છે.

**आचारचूला :–** ચૂલા = શિખર અથવા ચોટી. જેમ પર્વતની ઉપરના ભાગને ચોટી કે પ્રાસાદની ઉપરના ભાગને શિખર કહે છે. તેમ બીજા શ્રતુસ્કંધનો વિષય પ્રથમ શ્રુતસ્કંધના શિખર સમ અથવા ચોટી સમ હોવાથી તેને **આચાર ચૂલા** કહે છે.

પ્રાચીન માન્યતા અનુસાર બીજો શ્રુતસ્કંધ પાંચ ચૂલાઓમાં વિભક્ત છે. **हवइ य स पंच चूलो ।** આ પાંચ ચૂલામાંથી ચાર ચૂલા બીજા શ્રુતસ્કંધમાં વિદ્યમાન છે અને પાંચમી ચૂલા આચારાંગ સૂત્રથી ભિન્ન 'નિશીથસૂત્ર' ના નામે એક સ્વતંત્ર આગમ રૂપે પ્રસિદ્ધિ પામેલ છે. શ્રી આચારાંગ સૂત્રમાં સાધ્વાચાર તથા તેની વિવિધ પ્રકારની મર્યાદાઓનું વિશદ્ વિશ્લેષણ છે અને તે આચાર મર્યાદામાં દોષ લાગે, ત્યારે તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિતનું વિધાન શ્રી નિશીથ સૂત્રમાં છે. આ રીતે નિશીથ સૂત્ર આચારાંગ સૂત્રથી પૂર્ણતઃ સંબંધિત છે. વર્તમાને ઉપલબ્ધ દ્વિતીય શ્રુતસ્કંધની ચાર ચૂલામાં સોળ અધ્યયન અને તેના ૩૪ ઉદ્દેશક છે. તેનું વિભાજન આ પ્રમાણે છે.

**પ્રથમ ચૂલામાં** સાત અધ્યયન અને પચ્ચીશ ઉદ્દેશક છે.

| નામ | ઉદ્દેશક | વિષય |
|---|---|---|
| ૧. પિંડૈષણા | ૧૧ | આહારની ગવેષણાની વિધિ અને તેની શુદ્ધિના ઉપાયો. |
| ૨. શય્યૈષણા | ૩ | સાધનાને અનુકૂળ સ્થાન શુદ્ધિ |

| | | |
|---|---|---|
| ૩. ઈર્યૈષણા | ૩ | ઈર્યા સમિતિની વિધિ અને શુદ્ધિના ઉપાયો |
| ૪. ભાષાજાતૈષણા | ૨ | ભાષા સમિતિની વિધિ અને શુદ્ધિના ઉપાયો. |
| ૫. વસ્ત્રૈષણા | ૨ | સાધુને કલ્પનીય વસ્ત્રની મર્યાદા. |
| ૬. પાત્રૈષણા | ૨ | સાધુને કલ્પનીય પાત્રની મર્યાદા. |
| ૭. અવગ્રહૈષણા | ૨ | શય્યા-સંસ્તારક વગેરેની આજ્ઞાગ્રહણ વિધિ અર્થાત્ આયાણ–ભંડ–મત્ત નિક્ખેવણિયા સમિતિની વિધિ અને શુદ્ધિના ઉપાયો. |

**બીજી ચૂલામાં** સાત અધ્યયન છે. તેમાં ઉદ્દેશક નથી.

| | |
|---|---|
| ૮. સ્થાન સપ્તિકા | સાધુને રહેવા યોગ્ય સ્થાન વિવેક. |
| ૯. નિષિધિકા સપ્તિકા | સ્વાધ્યાય–ધ્યાન યોગ્ય સ્થાન વિવેક. |
| ૧૦. ઉચ્ચાર પ્રસ્રવણ સપ્તિકા | ઉચ્ચાર પ્રસ્રવણ પરિઠાવણિયા સમિતિની વિધિ અને શુદ્ધિ |
| ૧૧. શબ્દ સપ્તિકા | શબ્દાદિ વિષયોમાં અનાસક્તિનો ઉપદેશ. |
| ૧૨. રૂપ સપ્તિકા | રૂપાદિ વિષયોમાં અનાસક્તિનો ઉપદેશ. |
| ૧૩. પરક્રિયા સપ્તિકા | સાધુને માટે ગૃહસ્થ દ્વારા થતી ક્રિયાનો નિષેધ. |
| ૧૪. અન્યોન્ય ક્રિયા સપ્તિકા | સાધુને પરસ્પર ન કરવા યોગ્ય ક્રિયાનો નિષેધ. |

**ત્રીજી ચૂલામાં** 'ભાવના' નામનું એક જ અધ્યયન છે. તેમાં ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું સમગ્ર જીવન ચરિત્ર તથા સાધુના પંચ મહાવ્રત તથા પચ્ચીશ ભાવનાનું નિરૂપણ છે.

**ચોથી ચૂલામાં** 'વિમુક્તિ' નામનું એક અધ્યયન છે. તેમાં સાધકોને કર્મબંધનથી મુક્ત થવા માટેના વિવિધ પ્રયોગોનું નિદર્શન છે.

સંક્ષેપમાં ચારે ચૂલામાં સાધુને માટે પાંચે સમિતિની વિસ્તૃત વિધિ દ્વારા આચાર શુદ્ધિના ઉપાયોનું પ્રતિપાદન છે.

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીના મતાનુસાર બીજા શ્રુતસ્કંધના વિષયનો સંકેત

પ્રથમ શ્રુતસ્કંધમાં વિદ્યમાન છે. બીજા શ્રુતસ્કંધમાં તેનો વિસ્તાર છે, તેથી બીજા શ્રુતસ્કંધને પ્રથમ શ્રુતસ્કંધનું પરિશિષ્ટ પણ કહી શકાય છે.

પ્રથમ શ્રુતસ્કંધમાં સાધકની આભ્યંતર ભાવવિશુદ્ધિની મુખ્યતા છે અને બીજા શ્રુતસ્કંધમાં પાંચે સમિતિની શુદ્ધિ દ્વારા બાહ્યાચાર શુદ્ધિની પ્રધાનતા છે. આ રીતે શ્રી આચારાંગ સૂત્રમાં સાધકને બાહ્ય અને આભ્યંતર સાધના માટેનું માર્ગદર્શન સર્વાંશે પ્રાપ્ત થઈ જાય છે, તેથી જ દ્વાદશાંગીમાં તેની અગ્રતા સહજ સિદ્ધ થાય છે.

**દ્વિતીય શ્રુતસ્કંધના કર્તા :–** આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના રચયિતા ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ પટ્ટધર પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી છે. તે કથન નિર્વિવાદ છે પરંતુ બીજા શ્રુતસ્કંધના કર્તા વિષયક ભિન્ન–ભિન્ન માન્યતાઓ પ્રચલિત છે. કેટલાક આચાર્યો તેને સ્થવિરકૃત માને છે, પરંતુ સ્થવિરનું કોઈ ચોક્કસ નામ ઉપલબ્ધ નથી. તે સ્થવિરકૃત હોય, તેવું કોઈ અન્ય ચોક્કસ પ્રમાણ પ્રાપ્ત થતું નથી. તે ઉપરાંત બંને શ્રુતસ્કંધના વિષયો પરસ્પર પૂરક છે. ભાષાની ભિન્નતા હોવા છતાં વિષય અનુસાર ભાષાનો પ્રયોગ થયો છે.

આચારાંગ ચૂર્ણિ તથા નિશીથ ચૂર્ણિમાં **थेरा गणधरा ।** ગણધરને સ્થવિર કહ્યા છે. વૃત્તિકાર શ્રી શીલાંકાચાર્યના મતાનુસાર **श्रुत वृद्धैश्चतुर्दशपूर्वविद्भिः ।** ચૌદ પૂર્વધર શ્રુતવૃદ્ધ મુનિને સ્થવિર કહે છે. આ રીતે ગણધરો તથા ચૌદ પૂર્વધરો માટે સ્થવિર શબ્દનો પ્રયોગ પ્રાચીન કાલથી પ્રચલિત છે, તેથી બીજા શ્રુતસ્કંધના કર્તા સ્થવિર ગણધર ભગવંત હોય, તે યથોચિત જણાય છે.

શ્રી દશવૈકાલિક સૂત્રની રચના વીર નિર્વાણ પછી ૫૮ વર્ષે શ્રી શય્યંભવાચાર્યે કરી, ત્યારે તેમની સમક્ષ આચારાંગ સૂત્રનો બીજો શ્રુતસ્કંધ વિદ્યમાન હશે, તેવું સ્પષ્ટ જણાય છે. બીજા શ્રુતસ્કંધનું પિંડૈષણા અધ્યયનના પદ્યાનુવાદ રૂપે જ દશવૈકાલિક સૂત્રનું પાંચમું પિંડૈષણા અધ્યયન છે. દશવૈકાલિક સૂત્રના ચોથા છજ્જીવનિકાયની રચના પંદરમા 'ભાવના' અધ્યયનના આધારે, 'સુવાક્યશુદ્ધિ' નામના સાતમા અધ્યયનની રચના આચારાંગ સૂત્રના ચોથા ભાષાજાતૈષણાના અધ્યયનના આધારે થઈ હોય તેમ સ્પષ્ટ પ્રતીત થાય છે, તેથી સિદ્ધ થાય છે કે શય્યંભવાચાર્યની સમક્ષ આચારાંગ સૂત્રનો બીજો શ્રુતસ્કંધ વિદ્યમાન હતો. તે ઉપરાંત પંદરમાં 'ભાવનાસ્ર અધ્યયનનો ઉલ્લેખ શ્રી સમવાયાંગસૂત્ર તથા શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં છે.

શ્રી સ્થાનાંગ સૂત્રના ચોથા સ્થાનમાં ચાર શય્યા પ્રતિમા, ચાર વસ્ત્રપ્રતિમા, ચાર પાત્ર પ્રતિમા, ચાર સ્થાન પ્રતિમાનું વર્ણન, સાતમા સ્થાનમાં સાત પિંડૈષણાનું વર્ણન બીજા શ્રુતસ્કંધની સમાન છે. આ રીતે બીજા શ્રુતસ્કંધના અનેક વિષયોની અન્ય આગમોના વિષયો સાથે અત્યંત સામ્યતા જોતા સિદ્ધ થાય છે કે આચારાંગ સૂત્રના બંને શ્રુતસ્કંધની રચના અન્ય આગમોથી પ્રાચીન છે અને તેથી જ તે ગણધરકૃત માનવામાં કોઈ વિરોધ જણાતો નથી.

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધ પર નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ, કૃત વિસ્તૃત વ્યાખ્યા અને વ્યાખ્યા અનુસાર વિશદ્ ચૂર્ણિ ઉપલબ્ધ છે. તે ઉપરાંત અન્ય અનેક વિદ્વાનોએ પણ તદ્‌વિષયક પોતાના ભાવો પ્રગટ કર્યા છે, પરંતુ બીજા શ્રુતસ્કંધની વ્યાખ્યા તથા ચૂર્ણિ અત્યંત સંક્ષિપ્ત છે તેમજ ઉત્તરવર્તી અન્ય આચાર્યોએ પણ તેનું વિશેષ વિવેચન કર્યું નથી. પ્રસ્તુત સંસ્કરણમાં પૂર્વાચાર્યો કૃત વ્યાખ્યાગ્રંથને આધારભૂત બનાવીને, ઉપલબ્ધ અન્ય પ્રકાશનોનું અવલોકન કરીને વિષયને સમજાવવાનો યથાશક્ય પ્રયત્ન કર્યો છે.

મહ્દ પુણ્યોદયે પ્રાપ્ત થયેલા આ સંયમી જીવનમાં શ્રી આચારાંગ સૂત્રની વાંચણીનો યોગ પૂ. ગુરુભગવંતો સમીપે થયેલો. વર્ષો પછી પુણ્યોદયે આચારાંગના બીજા શ્રુતસ્કંધના આ ભાવોને અનુવાદના માધ્યમે આલેખવાનો યોગ મારા માટે બન્યો તે મારા માટે એક આશ્ચર્યકારી બીના છે. જે આ કાર્ય થયું છે તેમાં મારી કોઈ શક્તિ કે સામર્થ્ય નથી પરંતુ પૂ. તપસ્વી ગુરુદેવ તથા મંગલમૂર્તિ પૂ. ગુરુણીદેવા મોટા સ્વામી તેમજ જેમનો સંયમ મહોત્સવ મારા વૈરાગ્યનું કારણ બન્યો છે, તેવા ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મહાસતીજીની અસીમ કૃપાથી જ આ કાર્ય થવા પામ્યું છે. તેઓશ્રીની કૃપા જ મારા જીવનમાં પ્રેરક બની રહે એવી મંગલ ભાવના સાથે મારા ઉપકારીને યાદ કરતા હૃદય પ્લાવિત બની રહ્યું છે. જેનું જીવન આગમમય છે અને તેમાં તદાકાર છે તેવા આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મહારાજે સૂત્ર પાઠોના શબ્દ શબ્દનું સંશોધન કરીને તેના ભાવોને વ્યવસ્થિત કરવા પ્રયત્ન કર્યો છે તેમને ભાવ સહ વંદન કરું છું. તેમના ઉપકારને હું કઈ રીતે વાળી શકું ? પૂ. મહારાજ સાહેબ ! આપના જેવી જ્ઞાનદષ્ટિ મારામાં ખીલે તેવી ભાવના ભાવું છું.

આગમના ભાવોને જીવનમાં વણી તન્મય બનવાની જેમની ઉત્કૃષ્ટ ઉત્કંઠા છે,

જેમનો મહા વૈરાગ્ય મને સંસારમાંથી તારનારો બન્યો. એવા પ્રધાન સંપાદિકાના સ્થાનને શિરમોર બનાવી આ આગમને અવગાહી અનેક શબ્દો અને અર્થને યથાર્થ ભાવમાં લાવીને આગમને ઓપિત કરી રહ્યા છે તેવા મમ ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ સ્વામીના ચરણોમાં ત્રિયોગે વંદન કરી કહું છું કે તમારી કૃપાના આભારથી આભારિત બની રહું તેવી ભાવના.

જેમણે આચારાંગ સૂત્રનું અવગાહન, લેખન કાર્ય કરી મને અર્પિત કર્યું છે, તેવી મમ સદા સંગાથિની, વિનયી, વિદુષી, ગુરુભગિની આર્યા હસુમતિજી તથા તેમાં અનુમોદનાનો સૂર પુરનાર સેવાભાવી આર્યા અનુમતિજીનો એવં મમ ગુરુકુળવાસી સહયોગી સર્વ સતિજીઓનો આદર કરું છું.

સહસંપાદિકાના સ્થાનમાં અપ્રમત્ત ભાવે શબ્દોની વૃત્તિ, ટીકા, નિર્યુક્તિ આદિના ઊંડાણમાં જઈ શબ્દો, તેના ભાવ અને અર્થનું અવલોકન, ચિંતન, મનન કરી માર્મિક ભાવોને પકડી પૂર્વાપરના સંબંધને વ્યવસ્થિત કરનાર મમ ગુરુ ભગિની સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકાનો આભાર માનું તેટલો ઓછો છે.

પ્રસ્તુત સંસ્કરણમાં પૂ. આત્મરામજી મ.સા. તથા યુવાચાર્ય શ્રી મધુકર મુનિ મ.સા. તેમજ મુનિ શ્રી નથમલજી સંપાદિત આગમનો તથા વૃત્તિ આદિનો આધાર લીધો છે, તે સર્વ સંપાદકો અને પ્રકાશકોનો તથા આ આગમનું પ્રુફ રીડીંગાદિ કાર્યમાં જેણે જેણે સાથ સહકાર આપ્યો છે, તે સર્વનો આભાર માનું છું.

સ્વદ્રવ્યને જ્ઞાન માર્ગમાં વાપરી, મળેલી સંપત્તિનો સદુપયોગ કરનાર શ્રુતાધાર સ્વ. કમળાબેન પુરુષોત્તમભાઈ દામાણીના સુપુત્રો કાંતિભાઈ તથા નરેશભાઈ પરિવારને ધન્યવાદ આપું છું. ગુરુપ્રાણ આગમ બત્રીસીના પ્રમુખશ્રી તથા સર્વ કાર્યકરોને પણ ધન્યવાદ છે.

સંયમી જીવન નિર્દોષ બનાવવામાં સહાયક શ્રી અરિહંતભાષિત, ગણધર ગ્રંથિત આ સૂત્રના અનુવાદમાં મારી છદ્મસ્થતા અને અજ્ઞાનતાને કારણે ભૂલ થવી સહજ છે, તે ભૂલનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**પૂ. મુક્તલીલમ ગુરુણીના સુશિષ્યા**

**સાધ્વી પુષ્પા**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી આચારાંગ સૂત્ર

ગણધર રચિત પ્રથમ અંગ

## ભાગ - ૨

## દ્વિતીય શ્રુતસ્કંધ

**મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ**

અનુવાદિકા :
પૂ. શ્રી પુષ્પાબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પહેલું અધ્યયન

## પરિચય

શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં ચાર ચૂલા છે. પ્રથમ ચૂલામાં–૭ અધ્યયન, બીજી ચૂલામાં–૭ અધ્યયન ત્રીજી ચૂલામાં–૧ અધ્યયન અને ચોથી ચૂલામાં એક અધ્યયન છે. આ રીતે આ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનો ૪ ચૂલામાં વિભક્ત છે. તેમાં પ્રથમ ચૂલાના સાત અધ્યયનોમાંથી પ્રથમ અધ્યયનનું નામ **પિંડૈષણા** છે.

**પિંડૈષણા–** પિંડ = સમૂહ. સંયમ આદિ ગુણોનો સમૂહ ભાવપિંડ છે અને તેમાં ઉપકારક આહારાદિનો સમૂહ દ્રવ્યપિંડ છે. દ્રવ્યપિંડના ત્રણ પ્રકાર છે– (૧) આહાર (૨) શય્યા અને (૩) ઉપધિ. પ્રસ્તુત અધ્યયનમાં આહારપિંડની વિવિધ પ્રકારની એષણાનું વિસ્તૃત વર્ણન હોવાથી અધ્યયનનું નામ **પિંડૈષણા** છે.

શ્રી દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનનું નામ પણ પિંડૈષણા છે. તેમાં પણ આહારપિંડની એષણા સંબંધી વિવિધ પ્રકારના દોષોનું વર્ણન છે. આ રીતે બંને આગમોના પિંડૈષણા અધ્યયનોના વિષયમાં અત્યંત સામ્યતા છે. શ્રી દશવૈકાલિક સૂત્રનું પિંડૈષણા અધ્યયન પદ્યરૂપે છે અને આ સૂત્રનું પિંડૈષણા અધ્યયન ગદ્યરૂપે છે.

આ અધ્યયનમાં અગિયાર ઉદ્દેશકો છે. તેમાં ક્રમશઃ સાધુને માટે ભિક્ષાચરીથી આહાર પ્રાપ્તિના નિયમોનું વિધિ-નિષેધથી નિરૂપણ છે. સામાન્ય રીતે ભિક્ષાના ત્રણ પ્રકાર છે– (૧) અનાથ, અપંગ વ્યક્તિ લાચારીથી ભીખ માંગીને ભોજન પ્રાપ્ત કરે, તે **દીનવૃત્તિભિક્ષા** છે. (૨) પોતાના પૌરુષત્વનો નાશ કરીને શ્રમ કરવામાં સમર્થ હોવા છતાં પ્રમાદને વશ થઈ ભીખ માંગીને ભોજન પ્રાપ્ત કરે, તે **પૌરુષઘ્ની ભિક્ષા** છે. (૩) સર્વસ્વ ત્યાગી સંયમી પુરુષ કેવળ સંયમ નિર્વાહ માટે, દેહના પોષણ માટે પ્રાસુક અને એષણીય ભોજનની ખુમારી પૂર્વક યાચના કરે, તે **સર્વસંપત્કરી ભિક્ષા** છે.

ભિક્ષાની પૂર્ણ વિશુદ્ધિ માટે શાસ્ત્રકારોએ ત્રણ પ્રકારની એષણાનું કથન કર્યું છે–

**(૧) ગવેષણા–** પ્રાસુક–જીવરહિત અને નિર્દોષ આહારનું અન્વેષણ કરવું, તે ગવેષણા છે. તેમાં સોળ ઉદ્‌ગમના અને સોળ ઉત્પાદનના દોષોનો સમાવેશ થાય છે.

**(૨) ગ્રહણૈષણા–** ગૃહસ્થને અપ્રીતિ કે ભારરૂપ ન થવાય, તેમજ સાધુની સ્વયંની સ્વાદવૃત્તિનું પોષણ ન થાય, તે રીતે ગૃહસ્થ પાસેથી નિર્દોષ આહાર ગ્રહણ કરવો, તે ગ્રહણૈષણા છે. તેમાં એષણાના દશ દોષોનો સમાવેશ થાય છે.

**(૩) પરિભોગૈષણા–** નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલા ભોજનને અનાસક્ત ભાવે ભોગવવું, તે પરિભોગૈષણા છે. તેમાં માંડલાના પાંચ દોષોનો સમાવેશ થાય છે.

આ સર્વ ઉદ્દેશકોમાં સાધુને આહારની ગવેષણા કરતાં ઉપસ્થિત થતી વિવિધ પરિસ્થિતિઓના વિસ્તૃત વર્ણન દ્વારા ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા વગેરે ગોચરી સંબંધી દોષોનું કથન કર્યું છે અને તે-તે પરિસ્થિતિઓમાં દોષોથી દૂર રહેવા સાધુએ કેવી-કેવી રીતે વિવેક રાખવો, તેની સમજણ આપી છે.

અગિયારમા ઉદ્દેશકમાં આહાર-પાણીની ગવેષણા કરતાં સાધુના વિવિધ અભિગ્રહો, સાત પિંડૈષણા અને સાત પાનૈષણાના માધ્યમથી સમજાવ્યા છે.

સૂત્રકારે એષણા સમિતિની શુદ્ધિ માટે અનેક વિધેયાત્મક-નિષેધાત્મક પ્રવૃત્તિના કથન પછી અંતે સાધકોને પોત-પોતાની ગવેષણા સંબંધી અહંકારનો ત્યાગ કરવાનું સૂચન કરીને કષાયવિજયના લક્ષ્ય પ્રતિ જાગૃત કર્યા છે.

આ રીતે આહારાદિ પ્રાપ્તિની સમગ્ર પ્રક્રિયા આત્મસાધનામાં કઈ રીતે સહાયક બને છે, તેના વિશદ વિશ્લેષણ સાથે આ અધ્યયન પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# પહેલું અધ્યયન : પિંડૈષણા

## પહેલો ઉદ્દેશક

**સચિત્ત સંસક્ત આહાર ગ્રહણ વિવેક :–**

**१** से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा; पाणेहिं वा पणएहिं वा बीएहिं वा हरिएहिं वा; संसत्तं, उम्मिस्सं, सीओदएण वा ओसित्तं, रयसा वा परिघासियं; तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा; परहत्थंसि वा परपायंसि वा अफासुयं अणेसणिज्जं ति मण्णमाणे लाभे वि संते णो पडिगाहेज्जा ।

से य आहच्च पडिगाहिए सिया, से तमादाय एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अप्पंडे अप्पपाणे अप्पबीए अप्पहरिए अप्पोसे अप्पुदए अप्पुत्तिंग-पणग-दगमट्टिय-मक्कडासंताणए विगिंचिय विगिंचिय, उम्मिस्सं विसोहिय विसोहिय तओ संजयामेव भुंजेज्ज वा पीएज्ज वा ।

जं च णो संचाएज्जा भोत्तए वा पायए वा; से तमादाय एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता अहे झामथंडिलंसि वा अट्ठिरासिंसि वा किट्टरासिंसि वा तुसरासिंसि वा गोमयरासिंसि वा अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि पडिलेहिय-पडिलेहिय पमज्जिय-पमज्जिय तओ संजयामेव परिट्ठवेज्जा ।

**શબ્દાર્થ :–** **पिंडवायपडियाए** = આહાર પ્રાપ્તિની પ્રતિજ્ઞાથી **पाणेहिं** = બેઇન્દ્રિયાદિ પ્રાણીઓથી **पणएहिं** = લીલ ફૂગથી **संसत्तं** = સંયુક્ત **उम्मिस्सं** = મિશ્રિત **सीओदएण वा ओसित्तं** = અથવા કાચા પાણીના છાંટા ઊડ્યા હોય **रयसा वा परिघासियं** = ઊડીને આવેલી સચિત્ત રજથી વ્યાપ્ત હોય **तहप्पगारं** = તે પ્રકારના, તેવા **अफासुयं** = અપ્રાસુક, સચિત્ત **अणेसणिज्जं** = દોષયુક્ત છે **ति** = આ પ્રમાણે **मण्णमाणे** = સમજીને.

**आहच्च** = કદાચિત્ **पडिगाहिए सिया** = ભૂલથી તેનું ગ્રહણ થઈ ગયું હોય તો **आदाय** = તેને ગ્રહણ કરીને **एगंतमवक्कमेज्जा** = એકાંત સ્થાનમાં જાય **आरामंसि** = ઉદ્યાનમાં **उवस्सयंसि** = ઉપાશ્રયમાં **विगिंचिय विगिंचिय** = તે જીવોને અલગ કરી-કરીને **उम्मिस्सं** = તેમાં ભળી ગયા હોય તે **विसोहिय विसोहिय** = શોધી-શોધીને **तओ** = ત્યાર પછી **संजयामेव** = યત્નાપૂર્વક.

**जं च** = જો તે આહારને **णो संचाएज्जा** = શક્ય ન હોય **अहे झामथंडिलंसि** = બળેલી જગ્યા

પર **अट्ठिरासिंसि** = હાડકાના ઢગલા પર **किट्टरासिंसि** = લોખંડ, કાષ્ઠ, પથ્થરના નાના ટુકડાના ઢગલા પર **तुसरासिंसि** = ભૂસાના ઢગલા પર **गोमयरासिंसि** = છાણના ઢગલા પર **अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि** = આ રીતના બીજા કોઈ પ્રાસુક પદાર્થોના ઢગલા પર.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા ગ્રહણ કરવાના ઉદ્દેશ્યથી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે ત્યારે આહારના વિષયમાં આ પ્રમાણે જાણે કે ગૃહસ્થના હાથમાં કે પાત્રમાં રહેલા આહાર, પાણી, મેવા-મીઠાઈ આદિ ખાદિમ, મુખવાસ આદિ સ્વાદિમ, આ ચારે પ્રકારનો આહાર બેઈન્દ્રિય આદિ જીવોથી, લીલ ફૂગ આદિ અનંત કાયથી, ઘઉં આદિ બીજોથી, શાકભાજી આદિ લીલોતરીથી સ્પર્શિત કે મિશ્રિત છે, સચિત્ત જલથી સ્નિગ્ધ છે, સચિત્ત રજથી ખરડાયેલો છે; તો તે આહારને અપ્રાસુક-સચિત્ત અને અનેષણીય-દોષયુક્ત જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે.

જો ભૂલથી ઉપરોક્ત સંસક્ત-મિશ્રિત આહાર ગ્રહણ થઈ ગયો હોય, તો તે આહારને લઈને ઉદ્યાન કે ઉપાશ્રયના એકાંત સ્થાનમાં જઈને, વિકલેન્દ્રિય જીવોના ઈંડાથી રહિત, જીવ રહિત, બીજ રહિત, લીલોતરી રહિત, ઝાકળ રહિત, સચેત જલ રહિત, કીડીઓના દર રહિત, લીલ-ફૂગ રહિત, ભીની માટી રહિત કરોળિયાના જાળા કે કરોળિયાના પડ રહિત સ્થાનમાં તે મિશ્રિત આહારનું શોધન કરીને અર્થાત્ તેમાંથી પ્રાણી, બીજાદિને દૂર કરીને, ત્યાર પછી સંયમી સાધુ તેને વાપરે અથવા પાન કરે.

જો તે આહારમાં ઘણા જીવજંતુ હોય અને તે આહાર વાપરી શકાય તેમ ન હોય, ખાવા કે પીવા યોગ્ય ન હોય, તો તે આહારને લઈને સાધુ એકાંત સ્થાનમાં જાય અને ત્યાં બળેલી જગ્યામાં કે હાડકાં, લોખંડ, ભૂસા, સૂકાયેલા છાણ વગેરેના ઢગલા પર અથવા અન્ય આવા પ્રકારની કોઈ પણ નિર્દોષ સ્થંડિલ(પરઠવા યોગ્ય) ભૂમિનું શોધન કરીને, તે ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને સાધુ તે આહારને યતનાપૂર્વક પરઠી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે સચિત્ત સંસક્ત આહારના વિવેકનું નિરૂપણ છે.

જૈન શ્રમણો ત્રણ કરણ-ત્રણ યોગથી અહિંસા મહાવ્રતનું પાલન કરે છે. દેહનિર્વાહ માટે તે નિર્દોષ આહાર ગ્રહણ કરે છે. આહારની શુદ્ધિ માટે બે પ્રકારની સાવધાની જરૂરી છે– **(૧) પ્રાસુક આહાર–** તે આહાર જીવ રહિત અર્થાત્ અચિત્ત હોય અને **(ર) એષણીય–** સાધુચર્યાના નિયમાનુસાર આધાકર્મી આદિ સર્વ પ્રકારના દોષોથી રહિત, નિર્દોષ હોય. જો આહાર આ બંને પ્રકારે શુદ્ધ હોય, તો જ સાધુ તેને ગ્રહણ કરે છે.

જો તે આહાર સચિત્ત બીજ વગેરેથી સ્પર્શિત કે મિશ્રિત હોય, જેમ કે– સાકરમાં કે મીઠાઈમાં કીડીઓ ચડી ગઈ હોય, સૂકા ખાદ્ય પદાર્થ પર સચેત મીઠું કે જીરું ભભરાવેલું હોય, રોટલી વગેરે ભોજન પર પાણીના છાંટા પડ્યા હોય, અથાણા વગેરે ફુગાઈ ગયા હોય, દાળ કે ખમણ આદિમાં ઉપરથી કોથમીર નાંખેલી હોય, આ રીતે કોઈ પણ અચિત્ત ખાદ્ય પદાર્થ ત્રસ કે સ્થાવર જીવોથી મિશ્રિત હોય; તો સાધુ તેને ગ્રહણ કરે નહીં.

**आहच्च :–** આ શબ્દના વિવિધ અર્થ થાય છે– (૧) સહસા– એકાએક ગ્રહણ થયો હોય (ર) અનાભોગ– ઉપયોગ વિના ગ્રહણ થયો હોય (૩) દાતાએ ભૂલથી વહોરાવી દીધો હોય (૪) સાધુ દ્વારા ભૂલથી ગ્રહણ

થઈ ગયો હોય. ઉપરોક્ત કોઈ પણ કારણથી સચિત્ત સંસક્ત અપ્રાસુક આહાર ગ્રહણ થઈ ગયો હોય, તો સાધુ ઉપાશ્રયમાં જઈને તે આહારનું શોધન કરીને, અચેત આહારને ભોગવી શકે છે.

**णो संचाएज्जा :–** જો તે આહારમાંથી જીવોને પૃથક કરવાની શક્યતા ન હોય, તો સાધુ તે આહારને નિર્દોષ સ્થાનમાં પરઠી શકે છે, જેમ કે– ફૂગાયેલી મીઠાઈ, અથાણા આદિ, મીઠું ભભરાવેલા સૂકા(ખાખરાદિ) પદાર્થો, ખસખસ નાંખેલા તાજા મોદક, કીડીઓ સહિતની જલેબી કે ઘેવર, તથા રસ ચલિત–બગડી ગયેલા પદાર્થો વગેરેમાંથી જીવોનું સંશોધન કરવું મુશ્કેલ હોય અથવા તેમાંથી જીવોને પૃથક્ કરવામાં વિરાધનાની સંભાવના હોય તો તેવા મિશ્રિત આહારને સાધુ પરઠી શકે છે.

**पिंडवाय पडियाए :–** પિંડપાત = ભિક્ષાલાભ. ભિક્ષા પ્રાપ્તિના ઉદ્દેશથી જ ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે. તે સિવાય સાધુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતા નથી.

**अफासुयं :–** અપ્રાસુક. જેમાંથી જીવ નીકળી ગયા હોય અર્થાત્ જે પદાર્થ જીવ રહિત હોય, તે પ્રાસુક છે અને જે પ્રાસુક નથી અર્થાત્ જે પદાર્થ જીવ સહિત હોય તે અપ્રાસુક છે.

**अणेसणिज्जं :–** અનેષણીય. સાધુ ઉદ્‌ગમાદિ દોષોથી રહિત આહારની એષણા-ગવેષણા કરે છે, તે દોષોથી રહિત, ગવેષિત આહાર એષણીય કહેવાય છે, તેનાથી વિપરીત અર્થાત્ ઉક્ત દોષોથીયુક્ત આહાર સાધુને માટે અનેષણીય અને અકલ્પનીય હોય છે.

સાધુ માટે આહાર સંબંધી ત્રણ પ્રકારની એષણાનું કથન છે– **(૧) ગવેષણા–** સોળ ઉદ્‌ગમના અને સોળ ઉત્પાદનના દોષ રહિત નિર્દોષ આહારની શોધ કરવી, તે ગવેષણા છે. **(૨) ગ્રહણૈષણા–** દશ એષણાના દોષોને ટાળીને આહાર ગ્રહણ કરવો, તે ગ્રહણૈષણા છે. **(૩) ગ્રાસૈષણા–** પ્રાપ્ત થયેલા નિર્દોષ આહારને માંડલાના પાંચ દોષો ટાળીને ભોગવવો, તે ગ્રાસૈષણા છે. ત્રણે પ્રકારની એષણાથી શુદ્ધ એષણીય આહાર જ સાધુ માટે કલ્પનીય છે.

ઉદ્‌ગમ આદિ ગોચરીના દોષો સંબંધી વિસ્તૃત વિવેચન માટે જુઓ– પરિશિષ્ટ–ર ક્યારેક કોઈ પદાર્થ જીવરહિત, પ્રાસુક હોય પરંતુ તે ઉદ્‌ગમ આદિ દોષોથી દૂષિત હોય, તો તે પદાર્થ એષણીય ન હોવાથી સાધુને માટે અગ્રાહ્ય છે, તેથી સાધુ માટે પ્રાસુક અને એષણીય આહાર જ કલ્પનીય છે.

**थंडिलंसि :–** સ્થંડિલભૂમિ. જે સ્થાનમાં શરીરની અશુચિ આદિનો ત્યાગ કરાય તે ભૂમિ સ્થંડિલભૂમિ કહેવાય છે. તે ભૂમિ **अप्पंडे** = વિકલેન્દ્રિયાદિ જીવોના ઈંડા રહિત અર્થાત્ જીવરહિત હોવી જોઈએ. અહીં **अप्प**–અલ્પ શબ્દ પ્રયોગ સર્વ નિષેધ અર્થમાં પ્રયુક્ત છે. ત્રસ કે સ્થાવર બંને પ્રકારના જીવોથી રહિત અચેત ભૂમિ, જેમ કે– બળેલી ભૂમિ, લોખંડ, હાડકાં વગેરેના ટુકડાનો ઢગલો, સૂકાયેલા છાણનો ઢગલો વગેરે નિર્દોષ ભૂમિનું વિધિવત્ પ્રતિલેખન–નિરીક્ષણ અને પ્રમાર્જન કરીને પરઠવા યોગ્ય પદાર્થોને ત્યાં યતનાપૂર્વક પરઠે. [*પરઠવાની વિધિ સંબંધી વિસ્તૃત વિવેચન માટે જુઓ– શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન–૨૪.*]

### બીજ સહિત આહાર ગ્રહણ વિવેક :–

**૨ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जाओ पुण ओसहीओ जाणेज्जा– कसिणाओ सासियाओ अविदलकडाओ अतिरिच्छच्छिण्णाओ अव्वोच्छिण्णाओ तरुणियं वा छिवाडिं अणभिक्कंतभज्जियं पेहाए अफासुयं**

**अणेसणिज्जं ति मण्णमाणे लाभे संते णो पडिगाहेज्जा ।**

**से भिक्खू वा भिक्खुणी** *जाव* **पविट्ठे समाणे से जाओ पुण ओसहीओ जाणेज्जा– अकसिणाओ असासियाओ विदलकडाओ तिरिच्छच्छिण्णाओ वोच्छिण्णाओ तरुणियं वा छिवाडिं अभिक्कंतभज्जियं पेहाए फासुयं एसणिज्जं ति मण्णमाणे लाभे संते पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **ओसहीओ जाणेज्जा** = ધાન્યોના વિષયમાં જાણે **कसिणाओ** = અખંડ **सासियाओ** = અવિનષ્ટ યોનિ **अविदलकडाओ** = જેના બે ભાગ થયા નથી **अतिरिच्छच्छिण्णाओ** = જેનું તીરછું છેદન થયું નથી **अव्वोच्छिण्णाओ** = જે જીવરહિત થયું નથી **तरुणियं वा छिवाडिं** = કાચી શિંગો હોય **अणभिक्कंतभज्जियं** = જે થોડીક શેકેલી હોય **अभिक्कंतभज्जियं** = સારી રીતે અગ્નિમાં શેકેલી **पेहाए** = જોઈને **फासुयं** = પ્રાસુક, અચિત્ત **एसणिज्जं ति** = એષણીય નિર્દોષ છે **मण्णमाणे** = સમજીને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે ધાન્યના વિષયમાં જાણે કે આ ધાન્ય અખંડ છે, અવિનષ્ટ યોનિ અર્થાત્ ઉગવાની યોગ્યતા નાશ પામી નથી, તેના બે કે બેથી વધારે ટુકડા થયા નથી, તીરછું છેદન થયું નથી, જીવરહિત નથી, કાચી શિંગ અગ્નિમાં બરોબર શેકેલી નથી, તો તેને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે ધાન્ય આદિના વિષયમાં આ પ્રમાણે જાણે કે આ ધાન્ય અખંડ નથી, તેની યોનિ–ઉગવાની યોગ્યતા નાશ પામી છે, તેના બે કે તેથી વધારે ટુકડા થયા છે, તીરછું છેદન થયું છે, તે જીવ રહિત છે, કાચી શિંગ અગ્નિમાં બરાબર શેકેલી છે, તો તે ધાન્ય આદિને પ્રાસુક તેમજ એષણીય જાણીને ગ્રહણ કરે.

**३** **से भिक्खू वा भिक्खुणी** *जाव* **समाणे से जं पुण जाणेज्जा– पिहुयं वा बहुरयं वा भुज्जियं वा मंथुं वा चाउलं वा चाउलपलंबं वा सइं भज्जियं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**से भिक्खू वा भिक्खुणी** *जाव* **समाणे से जं पुण जाणेज्जा– पिहुयं वा** *जाव* **चाउलपलंबं वा असइं भज्जियं दुक्खुत्तो वा भज्जियं, तिक्खुत्तो वा भज्जियं, फासुयं संते** *जाव* **पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **पिहुयं** = ઘઉં આદિનો પોંક **बहुरयं** = બહુ ભુસાવાળા પદાર્થ–જુવાર, બાજરા, મકાઈના ડૂંડા **भुज्जियं** = અગ્નિથી શેકેલા હોય **मंथुं** = ખાંડેલા હોય **चाउलं** = ચોખા **पलंबं** = શાલિનો પોંક **सइं भज्जियं** = અગ્નિથી એકવાર શેકેલા, થોડીકવાર શેકેલા **असइं** = અનેકવાર, પરિપૂર્ણ રીતે **दुक्खुत्तो** = બે વાર **तिक्खुत्तो** = ત્રણવાર.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે જાણે કે– ઘઉં આદિ ધાન્યના પોંક, જુવાર, બાજરો, મકાઈ આદિના ડૂંડા, અગ્નિ દ્વારા થોડા શેકેલા છે; ચોખા કે શાલિના પોંક વગેરે પદાર્થો, એક વાર શેકેલા અર્થાત્ થોડા શેકેલા(અર્ધપક્વ) છે, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.

સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે જાણે કે– ઘઉં આદિ ધાન્યના પોંક ***યાવત્*** ચોખાના પોંક વગેરે બે-ત્રણવાર શેકેલા અર્થાત્ પરિપૂર્ણ શેકલા છે, તો તેને પ્રાસુક અને એષણીય સમજીને ગ્રહણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે ધાન્ય અને તેના પોંક વગેરે સચિત્ત પદાર્થોના ગ્રહણ સંબંધી વિધિ-નિષેધ દર્શાવ્યા છે.

**ओसही :–** ઔષધિ, બીજવાળી વનસ્પતિ. ઘઉં, જવ, મકાઈ, બાજરો અને શાલિ જેવા ધાન્ય આદિ માટે અહીં ઔષધિ શબ્દનો પ્રયોગ છે. ઘઉં આદિ ધાન્ય કાચા હોય ત્યારે તેમાં અસંખ્યાત જીવ હોય છે અને તે પાકી જાય પછી તેના અખંડ દાણામાં એક જીવ હોય છે અને તેમાં ઉગવાની યોગ્યતા હોય, ત્યાં સુધી તે સચેત હોવાથી સાધુને માટે અગ્રાહ્ય છે.

મગ-મઠ આદિ કઠોળના બે ભાગ કરવાથી અર્થાત્ તેની દાળ બનવાથી તે અચેત થઈ જાય છે; આ રીતે બીજ સહિતની વનસ્પતિઓમાં વિવિધતા હોય છે. સંક્ષેપમાં સાધુ આહાર ગ્રહણ કરતા પહેલાં તેની સચેતતા-અચેતતાનું પૂર્ણપણે પરીક્ષણ કરીને ત્યાર પછી જ તેને ગ્રહણ કરે.

**कसिणाओ :–** સંપૂર્ણ–અખંડિત તથા અનુપહત. જે ધાન્યના દાણા અખંડ હોય તે.

**सासियाओ :– जीवस्य स्वाम्–आत्मीयामुत्पत्तिं प्रत्याश्रयो यासु ताः स्वाश्रयाः, अविनष्ट योनयः इत्यर्थः ।** જીવની પોતાની ઉત્પત્તિનો આશ્રય જેમાં છે, તે સ્વાશ્રય છે અર્થાત્ જેની યોનિ નષ્ટ થઈ નથી, જેમાં ઉગવાની યોગ્યતા હોય તે સ્વાશ્રિતા છે. દરેક ધાન્યનો સચિત્ત રહેવાનો યોનિકાલ ભિન્ન-ભિન્ન છે. કેટલાક ધાન્યો ત્રણ, પાંચ કે સાત વર્ષ સુધી સચિત્ત યોનિવાળા રહે છે.

**अतिरिच्छछिण्णाओ :–** તીરછું છેદન થયું ન હોય. બીજ-ધાન્યના તીરછું છેદન અર્થાત્ આડા(કે ઊભા) ટુકડા ન થયા હોય, તો સાધુ-સાધ્વી તેને લઈ શકતા નથી.

**तरुणियं वा छिवाडिं :–** તરુણી અર્થાત્ પાકેલી ન હોય તેવી કાચી મગ આદિની શિંગ.

**भुज्जियं :–** તેના ત્રણ અર્થ થાય છે– (૧) ખાંડેલું હોય (૨) દળેલું હોય (૩) અગ્નિમાં શેકેલું હોય.

**पिहुयं :–** નવા-તાજા ઘઉં, મકાઈ આદિ ધાન્યને અગ્નિમાં શેકીને પોંક બનાવે છે. તેને બરોબર ન શેકવાથી તેમાં કોઈક દાણા અપક્વ રહેવાની સંભાવના છે.

**अफासुयं–अणेसणिज्जं ... णो पडिगाहेज्जा :–** જીવ સહિત હોય, તે આહાર અપ્રાસુક છે અને ઉદ્ગમ આદિ ગોચરીના દોષો સહિત હોય, તે આહાર અનેષણીય છે. જે પદાર્થ જીવ રહિત હોવા છતાં આધાકર્મી આદિ દોષોથી યુક્ત હોય, તો તે સાધુને માટે અગ્રાહ્ય છે. કેટલાક પદાર્થો ઉદ્ગમાદિ દોષરહિત હોવા છતાં જીવયુક્ત હોય, તો પણ સાધુને માટે તે અગ્રાહ્ય છે. સાર એ છે કે પ્રાસુક અને એષણીય પદાર્થો જ સાધુને ગ્રાહ્ય છે. સૂત્રકાર સાધુને કલ્પનીય પદાર્થો માટે પ્રાસુક અને એષણીય, આ બંને શબ્દોનો પ્રયોગ એક સાથે જ કરે છે. પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે પોંક વગેરેમાં સચેતની સંભાવનાથી સાધુને ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે. પોંક વગેરે પદાર્થો આધાકર્મી આદિ દોષયુક્ત(અનેષણીય) છે કે નહીં તેની વિવક્ષા નથી. તેમ છતાં સૂત્રમાં **अफासुयं** સાથે **अणेसणिज्जं** અપ્રાસુક અને અનેષણીય આ બંને શબ્દનો સાથે પ્રયોગ કર્યો છે. આ રીતે સચેત-અપ્રાસુક પદાર્થના ગ્રહણ નિષેધ સમયે **अफासुयं अणेसणिज्जं**, આ બંને શબ્દ પ્રયોગ કરવાની પદ્ધતિ સૂત્રકારે સર્વત્ર અપનાવેલી છે.

**અન્યતીર્થિકો સાથે ગમનનો નિષેધ :–**

**૪ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविसिउकामे णो अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ अपरिहारिएण सद्धिं गाहावइकुलं पिंडवायपडियाए पविसेज्ज वा णिक्खमेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **परिहारिओ** = દોષોનું વર્જન કરનાર ઉત્તમ સાધુ, પરિહારિક સાધુ **अपरिहारिएण** = અપરિહારિક(દોષોને નહીં છોડનાર) પાર્શ્વસ્થાદિ સાધુની સાથે.

**ભાવાર્થ :–** ભિક્ષાના નિમિત્તે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવા ઇચ્છુક સાધુ કે સાધ્વી અન્યતીર્થિકો–તાપસો કે શાક્યાદિ શ્રમણોની સાથે કે ગૃહસ્થોની સાથે પ્રવેશ કરે નહિ તથા સાધર્મિક સાધુઓમાં પણ પરિહારિક ઉત્તમ સાધુ, અપરિહારિક–પાર્શ્વસ્થાદિ સાધુની સાથે પ્રવેશ કરે નહિ કે ત્યાંથી નીકળે નહિ.

**૫ से भिक्खू वा भिक्खुणी वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खममाणे वा पविसमाणे वा; णो अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा अपरिहारिएण सद्धिं बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमेज्ज वा पविसेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **बहिया** = બહાર **वियारभूमिं** = સ્થંડિલ ભૂમિમાં **विहारभूमिं** = સ્વાધ્યાય ભૂમિમાં.

**ભાવાર્થ :–** સ્થંડિલભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાંથી નીકળતા કે પ્રવેશ કરતા સાધુ કે સાધ્વી અન્યતીર્થિક તાપસો અથવા ગૃહસ્થોની સાથે પ્રવેશ કરે નહીં કે નીકળે નહીં તથા સાધર્મિકોમાં પણ ઉત્તમ સાધુ, પાર્શ્વસ્થાદિ સાધુની સાથે સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાં પ્રવેશ કરે નહિ કે નીકળે નહીં.

**૬ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे णो अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा अपरिहारिएण सद्धिं गामाणुगामं दूइज्जेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી એક ગામથી બીજા ગામ જતાં હોય ત્યારે અન્યતીર્થિકો કે ગૃહસ્થોની સાથે વિહાર કરે નહીં તથા સાધર્મિકોમાં પણ ઉત્તમ સાધુ, પાર્શ્વસ્થ આદિ સાધુઓ સાથે વિહાર કરે નહીં.

**૭ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे णो अण्णउत्थियस्स वा गारत्थियस्स वा परिहारिओ वा अपरिहारियस्स असणं वा पाणं वा खाइमं वा साइमं वा देज्ज वा अणुपदेज्ज वा ।**

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરમાં ભિક્ષાને માટે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી અન્યતીર્થિકો કે ગૃહસ્થોને અશનાદિ ચારે પ્રકારનો આહાર આપે કે અપાવે નહીં. તેમજ ઉત્તમ સાધુ, પાર્શ્વસ્થાદિ શિથિલાચારી સાધુને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, આ ચાર પ્રકારનો આહાર પોતે આપે નહિ અને બીજા પાસે અપાવે નહિ.(અથવા નિમંત્રણ કરે નહીં)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરિહારિક–ઉત્તમ સાધુ કે સાધ્વીને અન્યતીર્થિક સાધુ આદિની સાથે ભિક્ષા માટે

ગૃહસ્થના ઘેર જવું, સ્થંડિલભૂમિ, સ્વાધ્યાયભૂમિ કે વિહારમાં સાથે ચાલવું તથા આહાર આપવો-અપાવવો કે નિમંત્રણ કરવું વગેરે વ્યવહારોનો નિષેધ છે.

**अण्णउत्थियस्स :–** અન્યતીર્થિકો. અન્ય ધર્મ કે સંપ્રદાયના સાધુ, ચરક, પરિવ્રાજક, શાક્ય, આજીવક– ગોશાલક મતાનુયાયી.

**गारत्थियस्स :–** ગૃહસ્થ. ગારત્થ શબ્દથી, જે ઘરમાં સ્થિત છે, સંસારનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કર્યો નથી, તેવા ગૃહસ્થોનું ગ્રહણ થાય છે અથવા **गृहस्थाः पिंडोपजीविनो** । બીજાના પિંડ પર જીવન જીવતાં બ્રાહ્મણ આદિ યાચક, તેવા ગૃહસ્થોનું અહીં કથન છે.

**परिहारिओ :–** પરિહારિક. મૂળગુણ અને ઉત્તરગુણોમાં દોષોનો પરિહાર–ત્યાગ કર્યો હોય તેવા ઉત્તમ ગુણોના ધારક સાધુ **પરિહારિક સાધુ** કહેવાય છે અને તેનાથી વિપરીત અર્થાત્ સાધ્વાચારમાં દોષોનું સેવન કરનાર પાર્શ્વસ્થ, કુશીલ આદિ સાધુ **અપરિહારિક સાધુ** કહેવાય છે.

ઉત્તમ સાધુને અન્યતીર્થિકો સાથે, ગૃહસ્થો સાથે કે અપરિહારિક સાધુઓ સાથે (૧) ગોચરીમાં (ર) સ્થંડિલભૂમિમાં (૩) સ્વાધ્યાય ભૂમિમાં (૪) વિહારમાં સાથે જવાનો અને (પ) તેને આહાર આપવાનો, અપાવવાનો કે નિમંત્રણ કરવાનો નિષેધ છે કારણ કે તેમાં અનેક દોષોની સંભાવના છે.

**(૧) ગોચરી માટે ગૃહસ્થના ઘરમાં અન્યતીર્થિકાદિ સાથે પ્રવેશ કરવાથી** ઈર્યા સમિતિનું યથાર્થ પાલન થતું નથી, અન્યતીર્થિકો સાથે હોવાથી દાતાને ક્યારેક અણગમો થાય, દ્વેષ થાય, ઈચ્છા ન હોવા છતાં ક્યારેક તેને અનિચ્છાએ શરમાઈને આહાર આપવો પડે, દુષ્કાળાદિ સમયે બધા સાથે હોય, તો પર્યાપ્ત માત્રામાં આહારની ઉપલબ્ધિ ન થાય, દાતા ઉપર ભાર વધી જાય, ક્યારેક અનેષણીય આહાર લેવો પડે, શાસનની લઘુતા થાય વગેરે અનેક દોષોની સંભાવના છે.

**(ર) સ્થંડિલ ભૂમિમાં અન્યતીર્થિકાદિ સાથે જવાથી** સાધુ પાસે અચિત્ત જલ હોય અને અન્યતીર્થિકો પાસે સચેત જલ હોય છે, તેથી તેની સાથે વાતચીત કરવાથી તે જીવોની વિરાધના થાય છે, તેની સાથે ચાલતા ક્યારેક સચેત જલનો સ્પર્શ થઈ જાય છે. તેની આગળ ચાલે, તો તેને પોતાનું અપમાન લાગે છે, તેની પાછળ ચાલે તો શાસનની લઘુતા થાય છે, ક્યારેક બધા સાથે હોવાથી નિર્દોષ સ્થંડિલભૂમિની પ્રાપ્તિ દુર્લભ થાય; ઈત્યાદિ અનેક દોષોની સંભાવના છે.

**(૩) સ્વાધ્યાય ભૂમિમાં અન્યતીર્થિકાદિ સાથે જવાથી** શાસનની લઘુતા વગેરે પૂર્વોક્ત દોષોની સાથે પરસ્પર વાતચીત કરતાં ક્યારેક દાર્શનિક સિદ્ધાંતોમાં વાદ વિવાદ ઊભો થાય અને તેના પરિણામે દ્વેષ, ક્લેશ-કદાગ્રહ જેવા અશુભ ભાવો જાગૃત થાય, તેમજ સ્વાધ્યાયમાં સ્ખલના વગેરે અનેક દોષોની સંભાવના છે.

**(૪) વિહારમાં અન્યતીર્થિકાદિ સાથે જવાથી** ઈર્યાસમિતિનું યથાર્થ પાલન થાય નહિ, વાતચીતમાં સમય વ્યતીત થવાથી સાધુ યથાસમયે, યથાસ્થાને પહોંચી શકે નહિ, અન્ય આવશ્યક ક્રિયાઓમાં સ્ખલના થાય, ક્યારેક અન્યતીર્થિકો કે ગૃહસ્થો સાથે હોવાથી વડીનીત-લઘુનીતની બાધાને સંકોચના કારણે રોકવી પડે અને તેનાથી શારીરિક નુકશાન અને માનસિક વ્યગ્રતા થાય, વગેરે અનેક દોષોની સંભાવના છે.

**(પ) અન્યતીર્થિક શ્રમણાદિને આહાર આપવા, અપાવવાથી** કે નિમંત્રણ કરવાથી તેના અસંયમ ભાવની અનુમોદના થાય, શાસનની હીલના થાય છે. શ્રાવકો દ્વારા સાધુને માટે વહોરાવેલો આહાર અન્યતીર્થિકોને આપવાથી સાધુનું ત્રીજું મહાવ્રત ખંડિત થાય છે તેમજ ગૃહસ્થનો વિશ્વાસઘાત થાય છે.

આ રીતે કોઈ પણ નિમિત્તથી અન્યતીર્થિકો આદિ સાથેનો સમાગમ સાધુ-સાધ્વી માટે અનેક અનર્થોનું સર્જન કરે છે. ક્યારેક અતિ ગાઢ સંપર્કથી સાધુની શ્રદ્ધા અને સંયમમાં શિથિલતા તથા વિપરીતતા આવી જાય, ક્યારેક શ્રાવકોના મનમાં પણ સંદેહ ઉત્પન્ન થાય તેથી સાધુ-સાધ્વીએ અન્યતીર્થિકો આદિ સાથેના કોઈ પણ પ્રકારના વ્યવહારનો સંપૂર્ણ ત્યાગ કરીને પોતાના સંયમની આરાધનામાં તલ્લીન રહેવું જોઈએ.

તે જ રીતે સાધર્મિક પરિહારિક સાધુઓ પણ ગોચરી આદિમાં અપરિહારિક–પાર્શ્વસ્થ સાધુઓ સાથે જાય, તો ઉપરોક્ત દોષોની સંભાવના હોવાથી સાધર્મિક પરિહારિક સાધુ પાર્શ્વસ્થ સાધુઓ સાથે પણ જાય નહીં.

**ઔદ્દેશિકાદિ દોષ રહિત આહારની એષણા :–**

**૮ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारम्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छेज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएइ, तं तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा पुरिसंतरकडं वा अपुरिसंतरकडं वा बहिया णीहडं वा अणीहडं वा अत्तट्ठियं वा अणत्तट्ठियं वा परिभुत्तं वा अपरिभुत्तं वा आसेवियं वा अणासेवियं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**एवं बहवे साहम्मिया, एगं साहम्मिणिं, बहवे साहम्मिणीओ समुद्दिस्स चत्तारि आलावगा भाणियव्वा ।**

**શબ્દાર્થ :– अस्सिंपडियाए** = અકિંચન નિર્ગ્રંથો માટે, સાધુની પ્રતિજ્ઞાથી **एगं साहम्मियं** = એક સાધર્મિકનો **समुद्दिस्स** = ઉદ્દેશ્ય કરીને **पुरिसंतरकडं** = પુરુષાંતર કૃત–દાતાએ અન્યની માલિકીનું કર્યું હોય અર્થાત્ દાતાએ અન્ય પુરુષને આપ્યું હોય **अपुरिसंतरकडं** = દાતાનું હોય **बहिया** = બહાર **णीहडं** = કાઢ્યું હોય **अणीहडं** = કાઢ્યું ન હોય **अत्तट्ठियं** = દાતાએ કે અન્ય કોઈ વ્યક્તિએ સ્વીકાર કર્યો હોય **अणत्तट्ठियं** = દાતાએ કે અન્ય કોઈએ સ્વીકાર કર્યો ન હોય **परिभुत्तं वा अपरिभुत्तं** = દાતાએ કે અન્ય કોઈ વ્યક્તિએ તેમાંથી કંઈક વાપર્યું હોય કે વાપર્યું ન હોય **आसेवियं वा अणासेवियं** = દાતાએ કે અન્ય કોઈ વ્યક્તિએ તે આહારમાંથી વિશેષરૂપે (પરિપૂર્ણ રીતે) વાપર્યું હોય કે ન વાપર્યું હોય.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી જાણે કે કોઈ ભદ્ર પ્રકૃતિના ગૃહસ્થે અકિંચન નિર્ગ્રંથો માટે એક સાધર્મિક સાધુના ઉદ્દેશ્યથી– (૧) પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરીને આહાર બનાવ્યો છે, (૨) ખરીદીને લીધો છે, (૩) ઉધાર લીધો છે, (૪) કોઈની પાસેથી બળજબરીથી ઝૂંટવીને લીધો છે, (૫) આહારના માલિકની આજ્ઞા વિનાનો છે તથા (૬) સાધુને માટે અન્ય સ્થાનેથી લાવેલો છે, તો તેવા પ્રકારનો દોષિત અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહાર અન્ય વ્યક્તિને આપી દીધો હોય, કે અન્ય પુરુષને આપ્યો ન હોય, ઘરમાંથી બહાર કાઢ્યો હોય કે બહાર કાઢ્યો ન હોય, બીજાએ તેનો સ્વીકાર કર્યો હોય કે સ્વીકાર કર્યો ન હોય, તે આહારમાંથી દાતાએ કે અન્ય કોઈપણ વ્યક્તિએ થોડું વાપર્યું હોય કે વાપર્યું ન હોય અથવા પર્યાપ્ત માત્રામાં વાપર્યું હોય કે વાપર્યું ન હોય, તો પણ ઉપરોક્ત દોષવાળા આહારને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં પણ સાધુ ગ્રહણ કરે નહિ.

આ જ રીતે (૨) ઘણા સાધર્મિક સાધુઓના ઉદ્દેશ્યથી, (૩) એક સાધર્મિક સાધ્વીના ઉદ્દેશ્યથી તથા (૪) ઘણી સાધર્મિક સાધ્વીઓના ઉદ્દેશ્યથી બનાવાયેલા આહારને ગ્રહણ ન કરવા સંબંધી ક્રમશઃ ચાર સૂત્રાલાપક કહેવા જોઈએ.

**૯ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा बहवे समण-माहण-अतिहि-किवण-वणीमए पगणिय-पगणिय समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छेज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएइ। तं तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा पुरिसंतरकडं वा अपुरिसंतर-कडं वा बहिया णीहडं वा अणीहडं वा अत्तट्ठियं वा अणत्तट्ठियं वा, परिभुत्तं वा अपरिभुत्तं वा, आसेवियं वा अणासेवियं वा अफासुयं अणेसणिज्जं ति मण्णमाणे लाभे संते णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **समण-माहण-अतिहि-किवण-वणीमए** = શાક્યાદિ ભિક્ષુ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ-દરિદ્ર, ભિખારી આ સર્વેને **पगणिय-पगणिय** = ગણી ગણીને **अपरिभुत्तं** = ખાવાનો પ્રારંભ ન થયો હોય **आसेवियं** = બધાએ ન ખાઈ લીધું હોય.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી જાણે કે– અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ રૂપ ચારે પ્રકારનો આહાર ઘણા(જૈન-જૈનતેર) શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, કૃપણો, યાચકોને ગણી ગણીને તેમના ઉદ્દેશ્યથી (૧) પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનો આરંભ કરી બનાવ્યો છે, (૨) ખરીદી લીધો છે, (૩) ઉધાર લીધો છે, (૪) કોઈની પાસેથી બળજબરીથી ઝૂંટવી લીધો છે, (૫) આહારના માલિકની આજ્ઞા લીધા વિનાનો છે તથા (૬) સાધુ માટે અન્ય સ્થાનેથી લાવેલો છે; તો તેવા પ્રકારનો દોષિત અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહાર અન્ય વ્યક્તિને આપી દીધો હોય કે અન્ય પુરુષને આપ્યો ન હોય, ઘરમાંથી બહાર કાઢ્યો હોય કે બહાર કાઢ્યો ન હોય, બીજાએ તેનો સ્વીકાર કર્યો હોય કે સ્વીકાર કર્યો ન હોય, તે આહારમાંથી દાતાએ કે અન્ય કોઈપણ વ્યક્તિએ થોડું વાપર્યું હોય કે વાપર્યું ન હોય અથવા પર્યાપ્ત માત્રામાં વાપર્યું હોય કે વાપર્યું ન હોય, તો પણ ઉપરોક્ત દોષવાળા આહારને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં પણ સાધુ ગ્રહણ કરે નહિ.

**१० से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा बहवे समण-माहण-अतिहि-किवण-वणीमए समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्च अच्छेज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएइ, तं तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अपुरिसंतरकडं अबहिया णीहडं अणत्तट्ठियं अपरिभुत्तं अणासेवियं अफासुयं अणेसणिज्जं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पुरिसंतरकडं, बहिया णीहडं, अत्तट्ठियं, परिभुत्तं, आसेवियं फासुयं एसणिज्जं** *जाव* **पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી જાણે કે– અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારનો આહાર ઘણા શ્રમણો, માહણો, અતિથિઓ, ગરીબો અને યાચકોના ઉદ્દેશ્યથી (સમુચ્ચય રીતે કોઈ પણ જાતિ કે વ્યક્તિની ગણના કર્યા વિના) પ્રાણી આદિ જીવોનો સમારંભ કરીને શ્રમણાદિના નિમિત્તથી બનાવવામાં આવ્યો છે, ખરીદીને લીધો છે, ઉધાર લીધો છે, બળજબરીથી ઝૂંટવી લીધો છે, આહારના માલિકની આજ્ઞા વિનાનો છે, અન્ય સ્થાનેથી લાવેલો છે, તે પ્રકારનો દોષિત અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહાર અન્ય વ્યક્તિને આપ્યો ન હોય, ઘરથી બહાર કાઢ્યો ન હોય, અન્ય પુરુષે સ્વીકાર્યો ન હોય, કોઈએ તેમાંથી થોડું વાપર્યું ન હોય, પરિપૂર્ણ વાપર્યું ન હોય, તો તે આહારને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

જો તે આ પ્રમાણે જાણે કે તે તથાપ્રકારનો આહાર અન્ય પુરુષને આપી દીધો છે, ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યો છે, તેને સ્વીકારી લીધો છે, તેમાંથી કોઈકે થોડું વાપર્યું છે અથવા કોઈકે તેમાંથી પરિપૂર્ણ વાપર્યું છે, તો તેવા પ્રકારના આહારને પ્રાસુક અને એષણીય સમજીને ગ્રહણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને ઔદેશિક આદિ દોષોથી દૂષિત સર્વથા અગ્રાહ્ય અને કદાચિત્ ગ્રાહ્ય-અગ્રાહ્ય આહારનું કથન છે.

અહિંસા મહાવ્રતના પાલન માટે અને એષણા સમિતિની શુદ્ધિને માટે સાધુ કે સાધ્વી નિર્દોષ આહારને જ ગ્રહણ કરે છે.

(૧) કોઈ એક કે અનેક સાધુ કે સાધ્વીના નિમિત્તે તેમના સ્પષ્ટ સંકલ્પપૂર્વક તૈયાર કરેલો ઔદેશિક ક્રીત આદિ છએ દોષોથી દૂષિત આહાર સાધુ માટે સર્વથા અગ્રાહ્ય છે.

(૨) અનેક શ્રમણ, બ્રાહ્મણ આદિ માટે તૈયાર કરેલો ઔદેશિક, ક્રીતાદિ દોષયુક્ત આહાર પણ સાધુને અગ્રાહ્ય છે, કારણ કે સૂત્રોક્ત શ્રમણ શબ્દથી જૈન શ્રમણોનું પણ ગ્રહણ થાય છે. અન્ય શ્રમણો સાથે જૈન શ્રમણો પણ તે આહારમાં નિમિત્તભૂત હોવાથી તે આહાર પણ સાધુ-સાધ્વીને સર્વથા અગ્રાહ્ય છે.

(૩) શ્રમણો, બ્રાહ્મણો આદિમાંથી કોઈની સ્પષ્ટ ગણના વિના સમુચ્ચય દાન દેવા નિમિત્તે તૈયાર કરેલો ઔદેશિક આહાર કે ખરીદેલો વગેરે આહાર જો પુરુષાંતરકૃત થઈ જાય અર્થાત્ જેના નિમિતે તે આહાર થયો છે, તેને આપી દીધો હોય, અન્ય વ્યક્તિના ઘેર મોકલી દીધો હોય, તે વ્યક્તિએ તેનો સ્વીકાર કરી લીધો હોય, તે આહારમાંથી થોડું કે ઘણું કોઈ પણ વ્યક્તિએ વાપરી લીધું હોય, ત્યારપછી સાધુ તેને ગ્રહણ કરી શકે છે. જ્યાં સુધી તે આહાર અપુરુષાંતરકૃત હોય અર્થાત્ દાતાએ તે આહાર જેને દેવાનો છે તેને આપ્યો ન હોય, અન્ય વ્યક્તિના ઘેર મોકલ્યો ન હોય, તે વ્યક્તિએ તેનો સ્વીકાર કર્યો ન હોય, તે આહારમાંથી થોડું કે ઘણું વાપર્યું ન હોય, ત્યાં સુધી સાધુ તેને ગ્રહણ કરી શકતા નથી.

**पुरिसंतरकडं, अपुरिसंतरकडं :–** પુરુષાંતરકૃત, અપુરુષાંતરકૃત. દાતાએ પોતાના ખાદ્ય પદાર્થોને કોઈપણ કારણથી અન્ય ને આપી દીધા હોય, તે પદાર્થો પુરુષાંતરકૃત કહેવાય છે અને જ્યાં સુધી તે ખાદ્ય પદાર્થો કોઈને આપ્યા ન હોય, પોતાની માલિકીમાં જ હોય, તે પદાર્થો અપુરુષાંતરકૃત કહેવાય છે.

સાધુને ગ્રાહ્ય-અગ્રાહ્ય આહારના સ્પષ્ટીકરણ માટે સૂત્રકારે **पुरिसंतरकडं** આદિ પાંચ અને તેના

વિરોધી પાંચ વિશેષણો સહિતના દશ શબ્દોનો પ્રયોગ કર્યો છે. તેમાંથી પુરુષાંતર થવા સંબંધી પાંચ વિકલ્પો આ પ્રમાણે છે–

(૧) **पुरिसंतरकडं :–** આહાર અન્ય વ્યક્તિને આપી દીધો હોય.

(૨) **बहिया णीहडं :–** આહાર પોતાના ઘરેથી બીજાના ઘરે મોકલી દીધો હોય.

(૩) **अत्तट्ठियं :–** બીજી વ્યક્તિએ તે આહારનો સ્વીકાર કરી લીધો હોય.

(૪) **परिभुत्तं :–** તે આહારમાંથી કોઈપણ વ્યક્તિએ થોડું પણ વાપર્યું હોય.

(૫) **आसेवियं :–** કોઈ વ્યક્તિએ તે આહારમાંથી પર્યાપ્તપણે વાપર્યું હોય.

આ પાંચે વિકલ્પમાંથી કોઈ પણ વિકલ્પયુક્ત આહાર પુરુષાંતરકૃત કહેવાય છે અને તે આહાર અન્યની માલિકીમાં આવી જવાથી કે અન્ય વ્યક્તિ દ્વારા તેનો ઉપયોગ થઈ જવાથી તે આહાર શ્રમણ બ્રાહ્મણો માટેનો રહેતો નથી, તેથી તે આહાર સાધુને ગ્રાહ્ય બની શકે છે, તે આહાર તેનાથી વિપરીત પાંચ વિકલ્પો યુક્ત હોય, જેમ કે– (૧) અન્ય વ્યક્તિને આપ્યો ન હોય, (૨) બીજાના ઘેર મોકલ્યો ન હોય (૩) દાતાએ તેને સ્વીકાર્યો ન હોય (૪-૫) તે આહારમાંથી થોડું કે ઘણું કોઈએ વાપર્યું ન હોય, તો તે શ્રમણ બ્રાહ્મણો માટેનો દાનનો આહાર હોવાથી તે સાધુને સર્વથા અગ્રાહ્ય છે.

દાતાએ જે આહાર નિષ્પાદનમાં જૈન શ્રમણનો સ્પષ્ટ નિર્દેશ-સંકલ્પ કર્યો હોય તે આહાર આ દસે પ્રકારમાંથી કોઈ પણ પ્રકારનો હોય તોપણ સાધુ-સાધ્વીને અગ્રાહ્ય છે.

જો તે આહારનું નિષ્પાદન દાતાએ દાન માટે કર્યુ છે પણ તેમાં જૈન શ્રમણનો સંકલ્પ કર્યો ન હોય, તો તેવો આહાર સૂત્રોક્ત દસ વિશેષણોમાંથી અપુરુષાંતરકૃત આદિ પાંચ વિશેષણો યુક્ત હોય તો સાધુને અગ્રાહ્ય છે, પરંતુ પુરુષાંતરકૃત આદિ બીજા પ્રતિપક્ષી પાંચ વિશેષણોમાંથી કોઈ પણ એક વિશેષણયુક્ત આહાર હોય; તો તે આહાર સાધુને માટે ગ્રાહ્ય છે.

**अस्सिं पडियाए :–** કેટલીક પ્રતોમાં **अस्सिंपडियाए** પાઠના સ્થાને **अस्संपडियाए** પાઠ જોવા મળે છે. બંને શબ્દોનો તાત્પર્યાર્થ એક જ છે. (૧) **अस्संपडियाए–** જેની પાસે સ્વધન કે કિંચિત્માત્ર દ્રવ્ય નથી તે અકિંચન અથવા સ્વ સ્વામિત્વ રહિત અપરિગ્રહી–નિર્ગ્રંથ ''અસ્વ'' છે. તેની પ્રતિજ્ઞાથી એટલે તેને લક્ષ્યમાં રાખીને કે ''હું તેઓને આહાર આપીશ'' આ પ્રકારના અભિપ્રાયથી આહાર તૈયાર કરવો. (૨) **अस्सिं पडियाए– अस्मिन् प्रतिज्ञाय-अस्मिन् साधुं प्रतिज्ञाय प्रतीत्य वा–** આ જૈન નિર્ગ્રંથ સાધુઓના લક્ષ્યથી, અભિપ્રાયથી આહાર તૈયાર કરવો. પ્રસ્તુત પ્રસંગમાં **अस्सिं–** શબ્દ નિર્ગ્રંથ સાધુનો વાચક છે કારણ કે ऋषि શબ્દના પ્રાકૃતમાં **इसिं** અને **अस्सिं** રૂપ થાય છે. પ્રાકૃત વ્યાકરણ પ્રમાણે 'ऋ'નું પરિવર્તન ત્રણ પ્રકારે થાય છે, જેમ કે– (૧) **ऋषि = इसि** (૨) **ऋतु = उउ** (૩) **ऋण = अण** । આ રીતે અહીં **अस्सिं** એ આર્ષ પ્રયોગ છે અને તેનો અર્થ ऋषि = નિર્ગ્રંથ થાય છે.

### અગ્ર પિંડાદિ ગ્રહણ નિષેધ :–

**૧૧ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसिउकामे से जाइं पुण कुलाइं जाणेज्जा– इमेसु खलु कुलेसु णितिए पिंडे दिज्जइ, णितिए अग्गपिंडे दिज्जइ, णितिए भाए दिज्जइ, णितिए अवड्ढभाए दिज्जइ, तहप्पगाराइं**

**कुलाइं णितियाइं णितिओवमाणाइं णो भत्ताए वा पाणाए वा पविसेज्ज वा णिक्खमेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **णितिए पिंडे दिज्जइ** = નિત્ય આહાર આપવામાં આવે છે **अग्गपिंडे** = અગ્રપિંડ, શ્રેષ્ઠ ભોજન, વિશિષ્ટ ભોજન, મિષ્ટાન્ન **भाए** = અર્ધો ભાગ **अवड्ढभाए** = ચોથો ભાગ **तहप्पगाराइं कुलाइं** = તથાપ્રકારના કુળોમાં **णितियाइं** = નિત્ય દાન દેનારા **णितिओवमाणाइं** = નિત્ય દાન માટે પ્રસિદ્ધ.

**ભાવાર્થ :–** આહાર ગ્રહણની અભિલાષાથી ગૃહસ્થના ઘરમાં પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી જાણે કે આ કુળમાં હંમેશાં તૈયાર કરેલા પૂર્ણ આહારનું દાન થાય છે, વિશિષ્ટ ભોજનનું દાન થાય છે, હંમેશાં તૈયાર કરેલા આહારના અર્ધાભાગનું દાન થાય છે, હંમેશાં ચોથા ભાગનું આહારદાન થાય છે, તથાપ્રકારના કુળમાં કે જે નિત્યદાન આપે છે અને દાન માટે પ્રસિદ્ધ થયેલા છે; તે કુળોમાં સાધુ-સાધ્વી આહાર પાણી માટે પ્રવેશ કરે નહીં કે ત્યાંથી નીકળે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને દાન માટે પ્રખ્યાત કુળોમાં ગોચરીએ જવાનો નિષેધ કર્યો છે.

જે કુળોમાં સામાન્ય રીતે હંમેશાં ભોજનનું દાન અપાતું હોય અથવા જે કુળોમાં નિત્ય વિશિષ્ટ ભોજન(મિષ્ટાન્નાદિ)નું દાન અપાતું હોય; જે કુળોમાં નિરંતર આહાર માટે ભિક્ષુઓનું આવાગમન થતું હોય, જે કુળોમાં આહારનો અર્ધોભાગ કે ચોથો ભાગ કાયમ દાનમાં અપાતો હોય તેવા કુળમાં સાધુ કે સાધ્વી આહાર માટે પ્રવેશ કરે નહીં, કારણ કે તે કુળમાં દાન માટે જ આહાર તૈયાર કરવામાં આવે છે. જો સાધુ કે સાધ્વી તે આહાર ગ્રહણ કરી લે તો પ્રતિદિન આવનારા અન્ય યાચકોને આહાર-પાણીમાં અંતરાય પડે અને તે કુળમાં સાધુ કે સાધ્વી દરરોજ જાય, તો ગૃહસ્થ સાધુ-સાધ્વી માટે આરંભ-સમારંભ કરીને અધિક આહાર તૈયાર કરે અને સાધુ દોષના ભાગી બને છે.

તેમજ અનેક યાચકો આદિનું આવાગમન નિરંતર થતું હોય ત્યાં જૈન શ્રમણો પણ જાય, તો શાસનની લઘુતા થાય છે, તેથી સાધુએ દાન માટે પ્રસિદ્ધ કુળને છોડીને અન્ય ઘરોમાં ગોચરી માટે જવું જોઈએ.

સૂત્રોક્ત આ પ્રકારના દાનકુળોમાં ગોચરીએ જવાનું પ્રાયશ્ચિત્ત, નિશીથ સૂત્રના બીજા ઉદ્દેશકમાં બતાવ્યું છે. પ્રસ્તુતમાં તેવા દાનકુળ સાધુ-સાધ્વી માટે પૂર્ણતયા વર્જિત કહ્યા છે.

**अग्गपिंड :–** અગ્ર શબ્દના બે અર્થ થાય છે (૧) **अग्र** એટલે શ્રેષ્ઠ, પિંડ = આહાર. અગ્રપિંડ એટલે શ્રેષ્ઠ ભોજન, વિશિષ્ટ ભોજન-મિષ્ટાન્ન, સુખડી વગેરે; (૨) અગ્ર એટલે પ્રારંભનું. ઘરમાં રસોઈ બની ગયા પછી, કોઈપણ વ્યક્તિ જમે તે પહેલાં તે ભોજનમાંથી થોડું ભોજન દાન માટે કઢાય છે, તેને પણ અગ્રપિંડ કહે છે અથવા ભોજનના પ્રારંભમાં દેવ-દેવીઓના નૈવેદ્ય રૂપે કઢાતું ભોજન પણ અગ્રપિંડ છે.

આ રીતે અગ્રપિંડ શબ્દ બંને અર્થમાં પ્રચલિત હોવા છતાં પ્રસ્તુત પ્રસંગમાં તેનો અર્થ દાન માટેનું શ્રેષ્ઠ ભોજન યથોચિત છે.

**णिइएभाए :–** નિત્ય ભાગ. **अर्धपोषो दीयते ।** અર્ધપોષ એટલે વ્યક્તિના પોષણ માટે જેટલો પર્યાપ્ત આહાર જોઈએ, તેનો અર્ધોભાગ.

**अवड्ढभाए :–** અપાર્દ્ધભાગ એટલે કે પર્યાપ્ત આહારનો ચોથો ભાગ.

**णितियाइं-णितिओवमाणाइं :–** નિત્યદાન સંજ્ઞક. નિત્ય દાન આપવાના કારણે જે કુળો દાન માટે પ્રસિદ્ધ હોય તે કુળો.

**ઉપસંહાર :–**

**१२ एवं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને સદા-નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર આ ઉદ્દેશકના ઉપસંહાર રૂપ છે. તે સંયમી જીવનમાં નિર્દોષ આહારની પ્રાપ્તિની મહત્તા દર્શાવે છે અને સાધક જીવનમાં તેના મૂલ્યનો નિર્દેશ કરે છે. સાધક જીવનમાં ગવેષણા, ગ્રહણૈષણા પરિભોગૈષણાના દોષોનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું, તે જ્ઞાનાચાર છે; નિર્દોષ આહારની મહત્તા સ્વીકારવી તે દર્શનાચાર છે; નિર્દોષ આહારની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનવું અને પ્રાપ્ત થયેલા નિર્દોષ આહારને અનાસક્ત ભાવે ભોગવવો, તે ચારિત્રાચાર છે; નિર્દોષ આહારની પ્રાપ્તિ ન થાય ત્યારે સમભાવપૂર્વક ઈચ્છાનો નિરોધ કરવો, તે તપાચાર છે અને જ્ઞાનાદિ આચાર પાલનમાં તથા નિર્દોષ આહારની ગવેષણામાં પોતાની વીર્યશક્તિનો પ્રયોગ કરવો, તે વીર્યાચાર છે.

આ રીતે નિર્દોષ આહારની પ્રાપ્તિ અને તેના ઉપભોગમાં પંચાચારની પુષ્ટિ થાય છે. તે ઉપરાંત તેમાં રસેન્દ્રિયવિજય થાય છે; તે જ સંયમ જીવનની મુખ્ય સમગ્રતા-સંયમ સમાચારી છે, તેથી સાધુ-સાધ્વીઓએ તેના પાલનમાં અપ્રમત્તપણે પુરુષાર્થશીલ રહેવું જોઈએ. આમ એષણા સમિતિની પૂર્ણતઃ શુદ્ધિ દ્વારા સાધક પૂર્ણતાની પ્રાપ્તિ કરી શકે છે.

**॥ અધ્યયન–૧/૧ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : બીજો ઉદ્દેશક

**મહોત્સવમાં આહારગ્રહણ વિવેક :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा; अट्ठमिपोसहिएसु वा अद्धमासिएसु वा मासिएसु वा दोमासिएसु वा तेमासिएसु वा चाउमासिएसु वा पंचमासिएसु वा छम्मासिएसु वा उऊसु वा उउसंधीसु वा उउपरियट्टेसु वा बहवे समण-माहण-अतिहि-किवण-वणीमगे एगाओ उक्खाओ परिएसिज्जमाणे पेहाए, दोहिं उक्खाहिं परिएसिज्जमाणे पेहाए, तिहिं उक्खाहिं परिएसिज्जमाणे पेहाए, चउहिं उक्खाहिं परिएसिज्जमाणे पेहाए, कुंभीमुहाओ वा कलोवाईओ वा संणिहिसंणिचयाओ वा परिएसिज्जमाणे पेहाए, तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अपुरिसंतरकडं** *जाव* **अणासेवियं; अफासुयं अणेसणिज्जं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**अह पुण एवं जाणेज्जा पुरिसंतरकडं** *जाव* **आसेवियं; फासुयं** *जाव* **पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– अट्ठमिपोसहिएसु** = આઠમના કે આઠ દિવસના તપ વિશેષના મહોત્સવમાં **अद्धमासिएसु** = પંદર દિવસના વ્રત વિશેષના મહોત્સવમાં **उऊसु** = ઋતુની મોસમમાં **उउसंधीसु** = ઋતુઓની સંધિમાં **उउपरियट्टेसु** = ઋતુ પરિવર્તનમાં **एगाओ उक्खाओ** = એક વિભાગના વાસણોથી **परिएसिज्जमाणे** = પીરસતા **पेहाए** = જોઈને **दोहिं उक्खाहिं** = બે વિભાગના વાસણોમાંથી-બે ખાનાવાળા કમંડળથી **तिहिं उक्खाहिं** = ત્રણ ખાનાવાળા કમંડળથી **कुंभीमुहाओ** = નાના મુખવાળા વાસણથી **कलोवाईओ** = વાંસની છાબડીથી **संणिहिसंणिचयाओ** = સંગ્રહસ્થાનમાંથી, કોઠારમાંથી, મોટા વાસણમાંથી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી આહાર પ્રાપ્તિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે જાણે કે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચારે પ્રકારનો આહાર આઠમના પૌષધવ્રતના ઉપલક્ષ્યમાં અથવા પાક્ષિક, માસિક, દ્વિમાસિક, ત્રિમાસિક, ચાતુર્માસિક, પંચમાસિક કે છમાસિક મહોત્સવના ઉપલક્ષ્યે બનાવવામાં આવ્યો છે; ઋતુઓ, ઋતુસંધિકાલીન તેમજ ઋતુ પરિવર્તનકાલીન ઉત્સવના ઉપલક્ષ્યમાં બનાવવામાં આવ્યો છે અને ઘણા શ્રમણ, માહણ, અતિથિ, દરિદ્ર તેમજ ભિખારીઓને એક ખાનાવાળા-કમંડળમાંથી, બે, ત્રણ કે ચાર ખાનાવાળા કમંડળથી, સાંકડા મુખવાળા ઘડાઓથી અને વાંસની છાબડીઓથી તે આહારને પીરસાતો જુએ; સંગ્રહિત કરેલા ગોરસ-દૂધ, દહીં, ઘી આદિને પીરસાતા જુએ અને જો તે આહાર પુરુષાંતરકૃત ન હોય, બહાર કાઢેલ ન હોય, અધિકૃત ન હોય, પરિભુક્ત કે આસેવિત ન હોય, તો તે ચારે ય પ્રકારના આહારને અપ્રાસુક અને અનેષણીય જાણી તે પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

જો એ પ્રમાણે જાણે કે આ આહાર પુરુષાંતરકૃત થઈ ગયો છે, ઘરમાંથી બહાર કાઢ્યો છે, કોઈની

માલિકીમાં આવી ગયો છે, તેનો થોડો અથવા વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે, તો તથાપ્રકારના આહારને પ્રાસુક અને એષણીય સમજીને ભિક્ષુ ગ્રહણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પર્વ તિથિમાં બનાવેલા આહારની ગ્રાહ્યતા-અગ્રાહ્યતા વિષયક નિરૂપણ છે.

**अष्टम्यां पौषध–उपवासादिकोऽष्टमीपौषधः स विद्यते येषां तेऽष्टमी पौषधिका–उत्सवाः।** આઠમ વગેરે પર્વતિથિના પૌષધોપવાસના પારણાનો ઉત્સવ હોય, તે જ રીતે પાક્ષિક, માસિક આદિ ઉપવાસના પારણાનો ઉત્સવ હોય, બે ઋતુનો સંધિકાલ અથવા ઋતુ પરિવર્તનનો મહોત્સવ હોય, જેમ કે– ઉનાળો પૂર્ણ થાય અને ચોમાસાનો પ્રારંભ થાય ત્યારે ખેડૂતો વગેરે સાથે મળીને મહોત્સવ ઉજવતા હોય છે, આવા કોઈ પણ પ્રસંગે શ્રમણો, બ્રાહ્મણો, યાચકો આદિને માટે આહાર તૈયાર કરવામાં આવ્યો હોય, તેવો આહાર સાધુ કે સાધ્વી ગ્રહણ ન કરે, કારણ કે તેમાં આધાકર્મ આદિ દોષોની સંભાવના છે અને તેમજ અન્ય યાચકોને અંતરાય થાય છે.

જો તે આહાર અન્યને અપાઈ ગયો હોય, દાતાએ બીજા ઘેર મોકલી દીધો હોય, બીજાએ તે આહારને સ્વીકારી લીધો હોય, તો તે આહાર સાધુ ગ્રહણ કરી શકે છે. મહોત્સવના સ્થાનમાં પણ જેને આપવાનો હોય તેને અપાઈ જાય, લોકો જમી જાય પછી તે આહારમાંથી તેના સ્વજનો કે કર્મચારીઓ ભોજન કરવાના હોય કે કરતા હોય તો ત્યાંથી પણ સાધુ કે સાધ્વી તેને ગ્રહણ કરી શકે છે.

સંક્ષેપમાં કોઈ પણ ઉત્સવના પ્રસંગે અન્ય ભિક્ષુઓ ભોજન કરવા માટે કે આહાર લેવા માટે આવતા-જતા હોય, ઘણા લોકોનું આવાગમન થતું હોય તે સમયે સાધુ-સાધ્વીએ ત્યાં જવું ઉચિત નથી. આવા પ્રસંગે ત્યાં જવાથી સાધુની રસલોલુપતા પ્રગટ થાય છે, અન્ય યાચકોને જૈન શ્રમણો પ્રતિ અભાવ થાય છે અને આવા પ્રસંગે ત્યાં ન જવાથી સાધુની સંતોષ ભાવના અને ત્યાગવૃત્તિ પુષ્ટ થાય છે.

**ભિક્ષા યોગ્ય કુળ :–**

**૨ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **अणुपविट्ठे समाणे से जाइं पुण कुलाइं जाणेज्जा, तं जहा– उग्गकुलाणि वा भोगकुलाणि वा राइण्णकुलाणि वा खत्तियकुलाणि वा इक्खागकुलाणि वा हरिवंसकुलाणि वा एसियकुलाणि वा वेसियकुलाणि वा गंडागकुलाणि वा कोट्टागकुलाणि वा गामरक्खकुलाणि वा बोक्कसालियकुलाणि वा अण्णयरेसु वा तहप्पगारेसु कुलेसु अदुगुंछिएसु अगरहिएसु असणं वा पाणं वा खाइमं वा साइमं वा फासुयं** *जाव* **पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :– एसियकुलाणि** = ગોપાલાદિ કુળ **वेसियकुलाणि** = વૈશ્ય કુળ **गंडागकुलाणि** = નાપિત– વાણંદ કુળ **कोट्टागकुलाणि** = સુથાર કુળ **गामरक्खकुलाणि** = ગ્રામરક્ષક કુળ **बोक्कसालियकुलाणि** = વણકર કુળ **अदुगुंछिएसु** = અજુગુપ્સિત કુળોમાં, જાતિની અપેક્ષા એ શ્રેષ્ઠ કુળ **अगरहिएसु** = અગર્હિત– અનિંદિત કુળોમાં, આચરણની અપેક્ષાએ શ્રેષ્ઠ કુળ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે કુળોના વિષયમાં જાણે કે આ ઉગ્રકુળ, ભોગકુળ, રાજન્યકુળ, ક્ષત્રિયકુળ, ઈક્ષ્વાકુકુળ, હરિવંશકુળ, ગોપાલાદિકુળ, વૈશ્યકુળ, નાપિતકુળ

સુથારકુળ, ગ્રામરક્ષકકુળ કે વણકરકુળ છે. તે તથા આવા પ્રકારના બીજા પણ જે અજુગુપ્સિત અને અગર્હિત કુળ હોય, તે કુળમાંથી પ્રાસુક અને એષણીય અશનાદિ ચારે ય પ્રકારના આહાર પ્રાપ્ત થાય, તો તેને ગ્રહણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને ભિક્ષા ગ્રહણ યોગ્ય કુળોનું કથન છે.

'કુળ' શબ્દનો સામાન્ય અર્થ વંશ, ગોત્ર અથવા પૂર્વજોની વંશ પરંપરા થાય છે. વિશેષ અપેક્ષાએ પિતૃપક્ષને કુળ અને માતૃપક્ષને વંશ કહે છે, પરંતુ પ્રસ્તુતમાં કુળનો સામાન્ય અર્થ વિવક્ષિત છે. સૂત્રોક્ત કુળોમાં માતૃ-પિતૃ બંને પક્ષોનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં ઉગ્રકુળ વગેરે પ્રાચીન સમયના પ્રસિદ્ધ કુળોનો ઉલ્લેખ છે. જેમ કે– **ઉગ્રકુળ–** ભગવાન ઋષભદેવે જે કુળને રક્ષકરૂપે સ્થાપિત કર્યા હતા તે. **ભોગકુળ–** રાજાના પૂજ્ય પુરોહિત અથવા બ્રાહ્મણ કુળ, **રાજન્યકુળ–** રાજાની સાથે મિત્રની સમાન વ્યવહાર કરનાર ક્ષત્રિય આદિ કુળ, **ઈક્ષ્વાકુકુળ–** ઋષભદેવ પ્રભુના વંશજો, **હરિવંશકુળ–** શ્રીકૃષ્ણ અથવા યદુકુળના વંશજો.

કેટલાક સદા પ્રચલિત કુળોના નામ આ પ્રમાણે છે– **એષિતકુળ–** ગોવાળ જ્ઞાતિ, **વેષિતકુળ–** વૈશ્ય-વણિક જ્ઞાતિ, **ગંડકકુળ–** વાણંદ જ્ઞાતિ, **કોટ્ટાકકુળ–** સુથાર જ્ઞાતિ, **વોક્કશાલિક–** વણકર જ્ઞાતિ, ગ્રામરક્ષક કુળ વગેરે કુળમાં તથા આવા પ્રકારના અન્ય અજુગુપ્સિત કે અગર્હિત(અનિંદિત) કુળમાં સાધુ ભિક્ષા માટે પ્રવેશ કરે.

**જુગુપ્સિત કુળ :–** જાતિની અપેક્ષાએ સમાજમાં જે કુળની ગણના તુચ્છ કુળ તરીકે થતી હોય, તેવા હરિજન, અનાર્ય, મ્લેચ્છાદિ કુળ જુગુપ્સિત કુળ છે અથવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક કુળના લોકોનો જે કુળના લોકો સાથે આહાર-પાણીનો વ્યવહાર ન હોય, તેના ઘરમાં પ્રવેશ સ્વીકાર્ય ન હોય, તે **જુગુપ્સિતકુળ** છે.

જાતિની અપેક્ષાએ સમાજમાં જેની ગણના ઉચ્ચકુળમાં થતી હોય, તેવા આર્ય સંસ્કૃતિનું આચરણ કરનારા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યાદિ કુળ અજુગુપ્સિત છે અથવા જે કુળના લોકો સાથે આહાર પાણીનો વ્યવહાર હોય, જેના ઘરમાં પ્રવેશ સ્વીકાર્ય હોય, તે **અજુગુપ્સિતકુળ** છે.

**ગર્હિત કુળ :–** જે કુળની વ્યક્તિઓના આચાર-વિચાર સજ્જન પુરુષોને યોગ્ય ન હોય, તેવા નિંદિત આચરણ કરનારા કુળને ગર્હિતકુળ કહે છે અને જે કુળની વ્યક્તિઓના આચાર-વિચાર સજ્જન પુરુષોને યોગ્ય હોય, તે અગર્હિત કુળ છે. જેમ કે– જે ઘરમાં માંસ, માછલી વગેરે અભક્ષ્ય પદાર્થો રંધાતા હોય, માંસના ટુકડા, હાડકાં, ચામડાં આદિ પડ્યા હોય, પશુઓ કે માછલીઓ આદિને મારવામાં આવતા હોય, જેના વાસણોમાં માંસ રાંધવામાં આવતું હોય, જ્યાં જાહેરમાં વ્યભિચાર થતો હોય, વેશ્યાઓના નાચગાન થતા હોય, દારૂ વગેરે માદક દ્રવ્યો પીવાતા હોય કે વેંચાતા હોય, આ રીતે જેનું આચરણ ખરાબ હોય તે ગર્હિત એટલે નિંદાપાત્ર-નિંદિત ઘર છે. તેવા ઘરોમાં ભિક્ષા માટે જવાથી ભિક્ષુને પોતાને ઘૃણા ઉત્પન્ન થાય છે, સંસર્ગથી બુદ્ધિ મલિન થાય છે અને ત્યાં જવાથી લોકનિંદા થાય, આહારની શુદ્ધિ ન રહે તેમજ ધર્મસંઘની બદનામી થાય છે.

તાત્પર્ય એ છે કે સાધુ-સાધ્વી પોતાની સંયમ સુરક્ષા માટે તેમજ વ્યવહાર શુદ્ધિને લક્ષ્યમાં રાખીને શાસનની લઘુતા ન થાય, તે રીતે આગમ નિર્દિષ્ટ કુળોમાં વિવેકપૂર્વક, પ્રાસુક અને એષણીય આહારની ગવેષણા કરે છે.

**મહોત્સવોમાં આહારાદિની એષણા :–**

**૩** **से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायं पडियाए** *जाव* **अणुपविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा समवाएसु वा पिंडणियरेसु वा इंदमहेसु वा खंदमहेसु वा रुद्दमहेसु वा मुगुंदमहेसु वा भूयमहेसु वा जक्खमहेसु वा णागमहेसु वा थूभमहेसु वा चेइयमहेसु वा रुक्खमहेसु वा गिरिमहेसु वा दरिमहेसु वा अगडमहेसु वा तडागमहेसु वा दहमहेसु वा णईमहेसु वा, सरमहेसु वा, सागरमहेसु वा आगरमहेसु वा अण्णयरेसु वा तहप्पगारेसु विरूवरूवेसु महामहेसु वट्टमाणेसु बहवे समण-माहण-अतिहि-किवण-वणीमए एगाओ उक्खाओ परिएसिज्जमाणे पेहाए दोहिं उक्खाहिं** *जाव* **संणिहिसंणिचयाओ वा परिएसिज्जमाणे पेहाए तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अपुरिसंतरकडं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– दिण्णं जं तेसिं दायव्वं; अह तत्थ भुंजमाणे पेहाए– गाहावइभारियं वा गाहावइभगिणिं वा गाहावइपुत्तं वा गाहावइधूयं वा सुण्हं वा धाइं वा दासं वा दासिं वा कम्मकरं वा कम्मकरिं वा, से पुव्वामेव आलोएज्जा– आउसो ! त्ति वा भगिणि ! त्ति वा दाहिसि मे एत्तो अण्णयरं भोयणजायं ? से सेवं वदंतस्स परो असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहट्टु दलएज्जा, तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं** *जाव* **पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **समवाएसु** = મેળો, જ્યાં માનવ સમુદાય ભેગો થયો હોય, તેવા સ્થાનમાં **पिंडणियरेसु** = મૃતક ભોજન અર્થાત્ શ્રાદ્ધમાં **थूभ** = સ્તૂપ-મૃતક વ્યક્તિની સ્મૃતિમાં જે સ્મારક તૈયાર થાય તે સ્તૂપ **चेइए** = ચૈત્ય-યક્ષાદિનું મંદિર **दिण्णं** = દેવાઈ ગયું હોય **दायव्वं** = દેવા યોગ્યને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે ત્યારે જાણે કે અહીં ઘણા માણસો ભેગા થયા છે, પિતાનું શ્રાદ્ધ છે અથવા ઈન્દ્રમહોત્સવ, સ્કંધ મહોત્સવ, રુદ્રમહોત્સવ, મુકુંદ મહોત્સવ, ભૂત મહોત્સવ, યક્ષ મહોત્સવ, નાગ મહોત્સવ તથા સ્તૂપ, ચૈત્ય, વૃક્ષ, પર્વત, ગુફા, કૂવા, તળાવ, જળાશય, નદી, સરોવર, સાગર કે ખાણ સંબંધી મહોત્સવ તેમજ અન્ય કોઈ પણ તથાપ્રકારના મહોત્સવ થઈ રહ્યા છે, તેના ઉપલક્ષ્યમાં અશનાદિ ચારે ય પ્રકારના આહાર ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, યાચક વગેરેને એક ખાનાવાળા કમંડળથી, બે, ત્રણ કે ચાર ખાનાવાળા કમંડળથી, સાંકડા મુખવાળા ઘડાઓથી કે વાંસની છાબડીથી પીરસાઈ રહ્યા છે તથા સંગ્રહ કરેલા ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ આદિ પીરસાઈ રહ્યા છે, તે જુએ અને જાણે કે આ આહાર પુરુષાંતરકૃત થયો નથી, ઘરથી બહાર કાઢેલો નથી; કોઈ દ્વારા અધિકૃત, પરિભુક્ત કે આસેવિત નથી, તો તે આહારને ભિક્ષુ અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

જો સાધુ એ પ્રમાણે જાણે કે જેને જે આહાર દેવાનો હતો તે અપાઈ ગયો છે, ગૃહસ્થોએ ભોજન કરી લીધું છે, તો ત્યાં જઈને તે ગૃહસ્થના પત્ની, બહેન, પુત્ર, પુત્રી કે પુત્રવધૂ, ધાવમાતા, દાસ કે દાસી, નોકર

કે નોકરાણીને પૂછે, હે આયુષ્યમતી બહેન ! આ ભોજનમાંથી શું મને કાંઈ આપશો ? આ પ્રમાણે સાધુ કહે ત્યારે દાતા અશનાદિ ચારે પ્રકારનો આહાર લાવીને સાધુને આપે તો આ રીતે અશનાદિ ચારે ય પ્રકારના આહારની સાધુ સ્વયં યાચના કરે અથવા તે ગૃહસ્થ પોતે આપે તો તે પ્રાસુક અને એષણીય આહારને સાધુ ગ્રહણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિવિધ પ્રકારના ઉત્સવો નિમિત્તે તૈયાર થયેલા આહારની ગ્રાહ્યતા-અગ્રાહ્યતા વિષયક સ્પષ્ટીકરણ છે.

સૂત્રોક્ત કોઈ પણ ઉત્સવોમાં ઘણા શ્રમણો, બ્રાહ્મણો, યાચકો આદિને માટે ભોજન તૈયાર થાય છે. તે ભોજન પુરુષાંતરકૃત આદિ ન થાય ત્યાં સુધી સાધુ કે સાધ્વીને માટે અગ્રાહ્ય હોય છે. જો તે ભોજનમાંથી દાતાના સ્વજનો આદિ પણ ભોજન લેવાના હોય, તો યાચકોને ભોજન કરાવ્યા પછી, તે સ્વજનો પણ ભોજન કરી લે ત્યારપછી અથવા ભોજન કરતા હોય ત્યારે સાધુ-સાધ્વી પોતાની સંયમ વિધિ અનુસાર આહાર ગ્રહણ કરી શકે છે.

**સંખડી ગમન નિષેધ :–**

**૪ से भिक्खू वा भिक्खुणी वा परं अद्धजोयणमेराए संखडिं णच्चा संखडिपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**से भिक्खू वा भिक्खुणी वा पाईणं संखडिं णच्चा पडीणं गच्छे, अणाढायमाणे, पडीणं संखडिं णच्चा पाईणं गच्छे अणाढायमाणे, दाहिणं संखडिं णच्चा उदीणं गच्छे अणाढायमाणे, उदीणं संखडिं णच्चा दाहिणं गच्छे अणाढायमाणे । जत्थेव सा संखडी सिया, तं जहा– गामंसि वा णगरंसि वा खेडंसि वा कब्बडंसि वा मडंबंसि वा पट्टणंसि वा दोणमुहंसि वा आगरंसि वा णिगमंसि वा आसमंसि वा संणिवेसंसि वा रायहाणिंसि वा संखडिं संखडिपडियाए णो अभिसंधारेज्जा गमणाए । केवली बूया– आयाणमेयं ।**

**શબ્દાર્થ :– परं अद्धजोयणमेराए** = પ્રકર્ષથી, ઉત્કૃષ્ટ અર્ધા યોજનથી વધુ દૂરના ક્ષેત્રમાં **संखडिं** = જમણવારને **णच्चा** = જાણીને **संखडिपडियाए** = સ્વાદિષ્ટ આહારની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી **गमणाए** = જવા માટે **णो अभिसंधारेज्जा** = મનમાં સંકલ્પ કરે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અર્ધાયોજન અર્થાત્ બે ગાઉ પ્રમાણ ક્ષેત્રથી પણ વધુ દૂર મોટો જમણવાર છે, એ પ્રમાણે જાણીને ત્યાં આહાર પ્રાપ્તિ માટે જવાનો સંકલ્પ કરે નહિ. સાધુ કે સાધ્વી જાણે કે પૂર્વદિશામાં જમણવાર છે તો તેના પ્રતિ ઉપેક્ષાભાવ ધારણ કરીને પશ્ચિમ દિશામાં ભિક્ષાર્થે ગમન કરે; પશ્ચિમ દિશામાં જમણવાર છે, તેમ જાણીને તેના પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખી પૂર્વ દિશામાં ભિક્ષાર્થે ગમન કરે. આ જ રીતે દક્ષિણ દિશામાં જમણવાર હોય તો ઉત્તર દિશામાં જાય અને ઉત્તર દિશામાં જમણવાર હોય તો દક્ષિણ દિશામાં જાય. ગામ, નગર, ખેડ, કર્બટ, મડંબ, પટ્ટણ, આકર, દ્રોણમુખ–બંદર, આશ્રમ, સન્નિવેશ ***યાવત્***

રાજધાની આદિ કોઈ પણ સ્થાનમાં મોટો જમણવાર હોય, તો તે જાણીને સ્વાદિષ્ટ આહાર માટે ત્યાં જવાનો સંકલ્પ કરે નહીં. કેવળી ભગવંતોએ તેને કર્મબંધનું કારણ કહ્યું છે.

**૫** **संखडिं संखडिपडियाए अभिसंधारेमाणे आहाकम्मियं वा उद्देसियं वा मीसज्जायं वा कीयगडं वा पामिच्चं वा अच्छेज्जं वा अणिसट्ठं वा अभिहडं वा आहट्टु दिज्जमाणं भुंजेज्जा, असंजए भिक्खुपडियाए खुड्डियदुवारियाओ महल्लियाओ कुज्जा, महल्लियदुवारियाओ खुड्डियाओ कुज्जा, समाओ सेज्जाओ विसमाओ कुज्जा, विसमाओ सेज्जाओ समाओ कुज्जा; पवायाओ सेज्जाओ णिवायाओ कुज्जा, णिवायाओ सेज्जाओ पवायाओ कुज्जा, अंतो वा बहिं वा उवसयस्स हरियाणि छिंदिय-छिंदिय दालिय-दालिय संथारगं संथारेज्जा, एस विलुंगयामो सेज्जाए अक्खाए ।**

**तम्हा से संजए णियंठे तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा; संखडिं संखडिपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **असंजए** = અસંયતિ, ગૃહસ્થ **भिक्खुपडियाए** = સાધુ માટે **खुड्डियदुवारियाओ** = નાના દરવાજાને **महल्लियाओ** = મોટો **कुज्जा** = કરે **महल्लियदुवारियाओ खुड्डियाओ कुज्जा** = મોટા દરવાજાને નાનો કરે **विलुंगयामो** = દોષો **अक्खाए** = કહ્યા છે **संजए णियंठे** = સંયત નિર્ગ્રંથ **पुरेसंखडिं** = લગ્નાદિની પહેલાની જમણવારી **पच्छासंखडिं** = મૃત્યુ નિમિત્તની પાછળની જમણવારી **उवसयस्स** = ઉપાશ્રય, સ્થાન.

**ભાવાર્થ :–** જે સાધુ જમણવારીમાં જવાના વિચારથી જમણવારીમાં જાય, તેને ગૃહસ્થ દ્વારા આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, વેચાતા લીધેલા, ઉધાર લીધેલા, જબરજસ્તીથી ઝૂંટવીને લીધેલા, બીજાની માલિકીના પદાર્થને તેની આજ્ઞા વિના લીધેલા કે સામે લાવીને આપેલા આહારને સેવન કરવા રૂપ દોષોનું સેવન થાય છે. કોઈ ભાવિક ગૃહસ્થ, સાધુ જમણવારમાં પધારશે તેવી સંભાવનાથી નાના દરવાજાને મોટો બનાવે તથા મોટા દરવાજાને નાનો બનાવે, વિષમ સ્થાનને સમાન બનાવે તથા સમ સ્થાનને વિષમ બનાવે, વધારે હવા-વાળા સ્થાનને હવા વગરનો બનાવે કે હવા વિનાના સ્થાનને વધારે હવાવાળો બનાવે; સાધુના નિવાસ માટે સ્થાનની અંદર અને બહાર ઊગેલી લીલોતરીને કપાવે, તેને મૂળથી ઉખેડીને ત્યાં સંસ્તારક-આસન બિછાવે ઈત્યાદિ આ શય્યા-ઉપાશ્રય સંબંધી દોષોની સંભાવના રહે છે, માટે સંયમી નિર્ગ્રંથ આ પ્રમાણે થતી પૂર્વ સંખડી-પ્રીતિભોજન અથવા મૃત વ્યક્તિની પાછળ કરવામાં આવતા શ્રાદ્ધ વગેરે પશ્ચાત્ સંખડી-જમણવારમાં ભિક્ષાર્થે જવાનો સંકલ્પ કરે નહિ.

**વિવેચન :–**

**संखडी :–** આ એક દેશ્ય-દેશી શબ્દ છે. **संखंड्यते विराध्यते प्राणिनो यत्र सा संखडी ।** જેમાં આરંભ-સમારંભના કારણે પ્રાણીઓની વિરાધના થાય છે, તેને સંખડી કહે છે. મોટા ભોજન સમારંભમાં અન્નને વિવિધ પ્રકારે સંસ્કારિત કરવામાં આવે છે, આ કારણે પણ તેને સંસ્કૃતિ-સંખડી કહેવામાં આવે છે. તેના બે પ્રકાર છે– (૧) પૂર્વ સંખડી– લગ્ન આદિ કોઈ પણ પ્રસંગની પૂર્વે જે પ્રીતિભોજન થાય, તે પૂર્વ

સંખડી કહેવાય છે. (૨) પશ્ચાત્ સંખડી– મૃત વ્યક્તિની પાછળ શ્રાદ્ધ આદિ નિમિત્તે જે ભોજન સમારંભ થાય, તે પશ્ચાત્ સંખડી કહેવાય છે.

સંખડીમાં જવાથી અનેક દોષો લાગે છે– (૧) સ્વાદની લોલુપતા (૨) સ્વાદ લોલુપતાવશ અત્યંત વધારે આહાર લાવવાનો લોભ (૩) વધારે પ્રમાણમાં સ્વાદિષ્ટ ભોજન કરવાથી સ્વાસ્થ્યની હાનિ, પ્રમાદમાં વૃદ્ધિ, સ્વાધ્યાયમાં અંતરાય (૪) લોકોની ભીડમાં સ્ત્રીનો સ્પર્શ, તેમજ મુનિવેશની અવહેલના (૫) લોકોમાં સાધુ પ્રત્યે અશ્રદ્ધાભાવ વધવાની સંભાવના (૬) શુદ્ધ એષણીય આહારની દુર્લભતા. તે ઉપરાંત શ્રદ્ધાળુ ગૃહસ્થને ખબર પડી જાય કે અમુક સાધુ પ્રીતિભોજન પર પધારી રહ્યા છે, તો મારે તેમને આહાર આપવો છે, એમ વિચારીને તે સાધુના ઉદ્દેશ્યથી ખાદ્યસામગ્રી તૈયાર કરાવે, ખરીદીને લાવે, ઉધાર લાવે, ઝૂંટવીને લાવે, બીજાની વસ્તુને પોતાના કબજામાં લઈને આપે, અન્ય સ્થાનેથી લાવીને આપે તેવા આહાર ગ્રહણ કરવાથી એષણા સમિતિનો ભંગ થાય અને સંયમની વિરાધના થાય છે.

કોઈ કોઈ ઉત્સવોની જમણવારી એક દિવસ કે બે, ત્રણ દિવસ સુધી ચાલે છે. ગૃહસ્થ પોતાના પૂજનીય સાધુને ત્યાં પધારવાનો આગ્રહ કરે છે અથવા ગૃહસ્થને ખબર પડી જાય કે સાધુ પધારવાના છે, તો તે તેઓના નિવાસ માટે અલગ વ્યવસ્થા કરે છે. તે સ્થાન માટે સૂત્રમાં ઉપાશ્રય શબ્દનો પ્રયોગ થયેલ છે. તે સ્થાન સ્ત્રી, પશુ, પંડગના સંપર્કથી રહિત, સાધુના નિવાસ યોગ્ય બનાવવા માટે ગૃહસ્થ મકાનની અનેક રીતે મરામત કરાવે, ત્યાં ઊગેલી લીલોતરીને કપાવે, આ રીતે પણ અનેક દોષો લાગે છે, જે મૂળપાઠથી સ્પષ્ટ છે. આવા દોષોની સંભાવનાના કારણે સાધુ સંખડીની એટલે વિવિધ પ્રકારના મોટા જમણવારની ઉપેક્ષા કરે અને ત્યાં જાય નહીં.

**ઉપસંહાર :–**

**६ एवं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ કે સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સમાચારી છે, તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થશીલ રહેવું જોઈએ.આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૨ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**સંખડી ગમન નિષેધ :–**

**१ से एगइओ अण्णयरं संखडिं आसित्ता पिबित्ता छड्डेज्ज वा वमेज्ज वा भुत्ते वा से णो सम्मं परिणमेज्जा, अण्णयरे वा दुक्खे रोगायंके समुप्पज्जेज्जा। केवली बूया आयाणमेयं ।**

**શબ્દાર્થ :–** **एगइओ** = એકદા **अण्णयरं** = કોઈ એક **आसित्ता** = સરસ આહાર વાપરીને **पिबित्ता** = દૂધ આદિ પીને **छड्डेज्ज** = ઝાડા થાય **वमेज्ज** = ઊલટી થાય **भुत्ते** = ખાધેલું **से दुक्खे** = તે દુઃખી થાય છે **रोगायंके** = રોગ આતંકાદિ **समुप्पज्जेजा** = ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** મોટા જમણવારમાં ગયેલા સાધુને ક્યારેક ગરિષ્ટ આહારાદિ ખાવા-પીવાથી ઝાડા કે ઉલટી થાય, તે આહાર સારી રીતે પચે નહિ તો, તેના ફળ રૂપે તાવ કે ઉદર શૂળ વગેરે કોઈ ભયંકર દુઃખ કે રોગાંતક ઉત્પન્ન થાય છે, માટે કેવળી ભગવંતોએ સંખડીને કર્મબંધનું કારણ કહ્યું છે.

**२ इह खलु भिक्खू गाहावईहिं वा गाहावईणीहिं वा परिवायएहिं वा परिवाइयाहिं वा एगज्झं सद्धिं सोंडं पाउं भो वतिमिस्सं हुरत्था य उवस्सयं पडिलेहमाणे णो लभेज्जा, तमेव उवस्सयं सम्मिस्सीभावमावज्जेज्जा, अण्णमण्णे वा से मत्ते विप्परियासियभूए इत्थिविग्गहे वा किलीबे वा, तं भिक्खुं उवसंकमित्तु बूया– आउसंतो समणा ! अहे आरामंसि वा अहे उवस्सयंसि वा राओ वा वियाले वा गामधम्मणियंतियं कट्टु रहस्सियं मेहुणधम्मपरियारणाए आउट्टामो। तं चेगइओ साइज्जेज्जा ।**

**अकरणिज्जं चेयं संखाए, एए आयाणा संति संचिज्जमाणा पच्चावाया भवंति । तम्हा से संजए णियंठे तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडिपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **गाहावईहिं** = ગૃહસ્થોથી **गाहावईणीहिं** = ગૃહપતિની સ્ત્રીઓથી **परिवायएहिं** = પરિવ્રાજકોથી **परिवाइयाहिं** = પરિવ્રાજિકાઓથી **एगज्झं सद्धिं** = એક સાથે મળવા પર **सोंडं पाउं** = મદિરા પાન કરીને **वतिमिस्सं** = ચિત્તભ્રમ થઈ જશે **हुरत्था** = કદાચિત્ **उवस्सयं** = ઉપાશ્રયની **पडिलेहमाणे** = પ્રતિલેખના કરતાં, શોધતાં **णो लभेज्जा** = ઉપાશ્રય નહીં મળવાના કારણે **तमेव उवस्सयं** = તે જ ઉપાશ્રયમાં **सम्मिस्सीभावमावज्जेज्जा** = ગૃહસ્થો કે પરિવ્રાજકોની સાથે રહેવાનું થશે **अण्णमण्णे** = પરસ્પર **मत्ते** = મદોન્મત થઈને **विप्परियासियभूए** = વિપરીત ભાવને પ્રાપ્ત થશે અને તેના સંપર્કથી સાધુ પણ પોતાને ભૂલી જશે **इत्थिविग्गहे** = સ્ત્રીના શરીરમાં તથા **किलीबे** = નપુંસકમાં-વિપરીત ભાવને પ્રાપ્ત થઈ જાય છે **उवसंकमित्तु** = પાસે આવીને **अहे आरामंसि** = ઉદ્યાનમાં **अहे उवस्सयंसि** =

ઉપાશ્રયમાં **राओ** = રાત્રિમાં **वियाले** = અકાળમાં **गामधम्मणियंतियं कट्टु** = ઈન્દ્રિય સુખોપભોગ માટે **रहस्सियं** = એકાંત સ્થાનમાં **मेहुणधम्मपरियारणाए** = મૈથુન ધર્મનું સેવન કરવામાં **आउट्टामो** = પ્રવૃત્તિ કરીએ **तं** = તે પ્રાર્થનાને **चेगइओ** = કોઈ અનભિજ્ઞ સાધુ **साइज्जेज्जा** = સ્વીકાર કરે.

**अकरणिज्जं** = અકરણીય કાર્ય છે **च एयं** = ફરી આ **संखाए** = જાણીને **आयाणा** = કર્મને આવવાનો માર્ગ **संचिज्जमाणा** = ક્ષણ-ક્ષણમાં કર્મ એકઠા કરતા **पच्चावाया** = આ રીતે બીજો પણ કર્મ આવવાનો માર્ગ.

**ભાવાર્થ :–** સંખડીમાં ગયેલા સાધુ જો ત્યાં ગૃહસ્થો કે તેની પત્નીઓ, પરિવ્રાજક કે પરિવ્રાજિકાઓ મદિરાપાન કરતા હોય તેઓની સાથે મળીને મદિરા પાન કરે, તેઓની સાથે હળીમળી જાય, ક્યારેક ઉપાશ્રયની શોધ કરતા ન મળે તો તે ગૃહસ્થ કે પારિવ્રાજકોની સાથે જ રહી જાય, તેઓ પરસ્પર મદોન્મત થઈ વિપરીત ભાવને પ્રાપ્ત થાય, મદિરાના પ્રભાવથી પોતાના સ્વરૂપને ભૂલી સ્ત્રી શરીરમાં કે નપુંસકોના શરીરમાં આસક્ત થાય, તેના સંપર્કથી સાધુ પણ ભાન ભૂલી જાય, ત્યારે તેને આસક્ત જોઈને સ્ત્રી કે નપુંસકો તેની પાસે આવીને કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! બગીચામાં કે ઉપાશ્રયમાં રાત્રે કે સંધ્યા સમયે આપણે મળશું અને ત્યાં ઈન્દ્રિય સુખોપભોગ માટે એકાંત સ્થાનમાં રતિક્રીડા કરશું, તેવા સમયે કોઈ અજ્ઞાની સાધુ તેઓની તથાપ્રકારની પ્રાર્થનાનો સ્વીકાર પણ કરે.

તેથી તીર્થંકર ભગવંતોએ કહ્યું છે કે ભિક્ષુ માટે સંખડી ગમન અકરણીય છે, તે કર્મના આશ્રવનો માર્ગ છે, દોષોનું સ્થાન છે, કર્મોનો સંચય વધે છે, પૂર્વોક્ત અનેક દોષો ઉત્પન્ન થાય છે, માટે નિર્ગ્રંથ મુનિઓએ પૂર્વ કે પશ્ચાત્ કોઈ પણ સંખડીમાં જવાનો સંકલ્પ પણ કરવો ન જોઈએ.

**३ से भिक्खू वा भिक्खुणी वा अण्णयरं संखडिं सोच्चा णिसम्म संपरिहावइ उस्सुयभूयेणं अप्पाणेणं । धुवा संखडी । णो संचाएइ तत्थियराइयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं पडिगाहेत्ता आहारं आहारेत्तए । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।**

**से तत्थ कालेण अणुपविसित्ता तत्थियराइयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं पडिगाहेत्ता आहारं आहारेज्जा ।**

**શબ્દાર્થ :–** **संपरिहावइ** = જાય છે **उस्सुयभूयेणं** = ઉત્સુકતાપૂર્વક **अप्पाणेणं** = આત્માથી **धुवा संखडी** = નિશ્ચિત રૂપે સંખડીમાં આહાર મળશે, આ આશયથી **णो संचाएइ** = સમર્થ થાય નહીં, કરે નહીં **तत्थ** = ત્યાં **इयराइयरेहिं** = બીજા-બીજા અર્થાત્ સંખડી વિનાના **कुलेहिं** = ઘરોમાંથી **सामुदाणियं** = સામુદાનિક, ઘણા ઘરોમાંથી **एसियं** = એષણીય, **वेसियं** = સાધુના વેષથી પ્રાપ્ત **पिंडवायं** = આહારને **पडिगाहेत्ता** = ગ્રહણ કરીને **आहारं आहारेत्तए** = આહારને વાપરવા માટે **माइट्ठाणं** = માયા સ્થાનનો **संफासे** = સ્પર્શ થાય છે, સેવન કરે છે. **णो एवं करेज्जा** = આ રીતે ન કરવું જોઈએ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અન્ય કોઈ પણ પ્રકારના જમણવારને સાંભળીને, જાણીને, ત્યાં જવાનો મનમાં નિર્ણય કરીને, ત્યાં નિશ્ચિત રૂપથી મનગમતા ખાદ્ય પદાર્થો મળશે, તેમ જાણીને ઉત્સુક મનથી તે દિશામાં જલદી-જલદી જાય છે. તે સાધુ (જમણવારમાં જ બધી ખાદ્ય સામગ્રી મળી જશે એ પ્રમાણે વિચારીને)

બીજા-બીજા ઘરોમાંથી એષણીય, સાધુ વેશથી પ્રાપ્ત, નિર્દોષ આહાર મળવા છતાં ગ્રહણ કરતા નથી. આ પ્રકારે કરવાથી તે શ્રમણ માયા-કપટનું સેવન કરે છે માટે સાધુ આ પ્રમાણે કરે નહિ.

સાધુ સંખડીવાળા ગામમાં જઈને પણ સંખડીવાળાના ઘરમાં આહાર માટે જાય નહિ. બીજા-બીજા ઘરોમાં સામુદાનિક ભિક્ષાથી એષણીય તથા સાધુ વેષથી પ્રાપ્ત નિર્દોષ આહારને ગ્રહણ કરીને તેનું સેવન કરે.

**૪ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– गामं वा** *जाव* **रायहाणिं वा, इमंसि खलु गामंसि वा** *जाव* **रायहाणिंसि वा संखडी सिया, तं पि य गामं वा** *जाव* **रायहाणिं वा संखडिं संखडिपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**केवली बूया– आयाणमेयं ।**

**आइण्णावमाणं संखडिं अपुणविस्समाणस्स पाएण वा पाए अक्कंतपुव्वे भवइ, हत्थेण वा हत्थे संचालियपुव्वे भवइ, पाएण वा पाए आवडियपुव्वे भवइ, सीसेण वा सीसे संघट्टियपुव्वे भवइ, काएण वा काए संखोभियपुव्वे भवइ, दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलुणा वा कवालेण वा अभिहयपुव्वे भवइ, सीओदएण वा ओसित्तपुव्वे भवइ, रयसा वा परिघासियपुव्वे भवइ, अणेसणिज्जेण वा से परिभुत्तपुव्वे भवइ, अण्णेसिं वा देज्जमाणं पडिग्गाहियपुव्वे भवइ । तम्हा से संजए णिग्गंथे तहप्पगारं आइण्णावमाणं संखडिं संखडिपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **आयाणमेयं** = કર્મબંધનું સ્થાન છે **आइण्णावमाणं** = આકીર્ણ-સાંકડી. લોકો વધુ અને જગ્યા ઓછી હોય અથવા લોકો વધુ અને ખાદ્ય સામગ્રી ઓછી હોય તેને આકીર્ણ-અવમ સંખડી કહે છે **अक्कंतपुव्वे** = પરસ્પર આક્રાંત થવું, અથડાવું **संचालियपुव्वे** = એક બીજાના ધક્કા લાગવા **आवडियपुव्वे** = પાત્ર સાથે પાત્રનું ટકરાવવું **संघट्टियपुव्वे** = મસ્તક સાથે મસ્તકનું ટકરાવવું **संखोभियपुव्वे** = શરીર સાથે શરીરનો સંઘર્ષ થવો **दंडेण** = દંડાથી **अट्ठीण** = હાડકાંથી **मुट्ठीण** = મુઠીથી **लेलुणा** = ઢેફાથી **कवालेण** = ઠીકરાથી **अभिहयपुव्वे भवइ** = આ સાધનોથી અભિહત થાય છે **सीओदएण** = ઠંડા પાણીથી **ओसित्तपुव्वे भवइ** = સિંચિત થાય છે **रयसा वा परिघासियपुव्वे भवइ** = ધૂળથી ભરાય જાય છે **अणेसणिज्जे** = અનેષણીય આહાર **परिभुत्तपुव्वे भवइ** = ભોગવનાર થાય છે **अण्णेसिं वा दिज्जमाणे पडिगाहियपुव्वे भवइ** = બીજાને અપાતા આહારને વચ્ચે જ ગ્રહણ કરનાર થાય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે અમુક ગામ ***યાવત્*** રાજધાનીમાં સંખડી છે, "તો તે ગામ ***યાવત્*** રાજધાનીમાં થનારી સંખડીમાં જઈશ" તેવા સંકલ્પથી ત્યાં જવાનો વિચાર પણ કરે નહિ. કેવળી ભગવંતોએ તેને કર્મબંધનું સ્થાન કહ્યું છે.

તે સંખડીમાં થોડા માણસો માટે ભોજન બનાવાયું હોય અથવા થોડા માણસોનો સમાવેશ થાય તેવા તે સ્થાનમાં ઘણા માણસો આવી ગયા હોય, તો ત્યાં ભીડ થઈ જાય છે અને ત્યાં પગ સાથે પગ અથડાય, હાથ સાથે હાથની અથડામણ થાય, પાત્રથી પાત્ર ટકરાય, માથા સાથે માથુ અફળાય અથવા કાયાથી

કાયાનો સ્પર્શ થાય અને તે કારણે જ દંડ, હાડકાં, મુટ્ઠી, ઢેફાં, ઠીકરાં આદિથી પરસ્પર એક બીજા ઉપર પ્રહાર કરવાની સંભાવના છે, એક બીજા ઉપર સચેત પાણી ફેંકવામાં આવે, જન સમૂહના આવાગમનથી વધુ પ્રમાણમાં ઊડતી ધૂળથી શરીર ભરાય જાય, યાચકોની સંખ્યા વધારે હોવાથી અનેષણીય આહારનો પણ ઉપભોગ કરવો પડે તથા બીજાને આપવામાં આવતા આહારને વચમાંથી જ ઝાપટ મારીને લેવો પડે, આ રીતે અનેક દોષો ઉત્પન્ન થાય છે, માટે સંયમી નિર્ગ્રંથ મુનિ તેવી આકીર્ણ અને સંકીર્ણ તેમજ થોડા ભોજનવાળી સંખડીમાં આહાર ગ્રહણના સંકલ્પથી જવાનો વિચાર કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંખડીમાં જવાથી સાધુને થતાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દોષોનું નિરૂપણ કર્યું છે.

**શારીરિક હાનિ–** સાધુનો આહાર પરિમિત અને સાત્વિક હોય છે. સંખડીમાં સ્વાદિષ્ટ અને ગરિષ્ટ ભોજન પાણીની સંભાવના હોય છે અને પ્રમાદવશ સાધુ અધિક આહાર કરી લે અને તેનું પાચન ન થાય, તો ઝાડા-ઊલટી, ઉદરશૂળ આદિ રોગ ઉત્પન્ન થાય છે. સંખડીમાં લોકોની ભીડ હોવાથી અથડામણ, સ્પર્શ, થાય અને ક્યારેક પરસ્પર પ્રહાર, સંક્લેશ આદિ થાય છે.

**માનસિક હાનિ–** સંખડીના આહારથી રોગગ્રસ્ત સાધુનું ચિત્ત આર્ત-રૌદ્ર ધ્યાન યુક્ત બની જાય, અરતિ, અપ્રસન્નતા, પરસ્પરમાં વેર-ઝેર, સંક્લેશ થાય છે. પર્યાપ્ત આહાર પ્રાપ્ત ન થવાથી ક્યારેક માનહાનિ, ખેદ કે ગ્લાનિ તથા દાતા પ્રત્યે અશુદ્ધ ભાવો થાય છે.

**આધ્યાત્મિક હાનિ–** સંખડીમાં સાધુચર્યાના નિયમાનુસાર આહારની ગવેષણા થતી નથી. અનેષણીય આહાર ગ્રહણ તથા તેના આસેવનથી અને સ્વાદિષ્ટ આહારની આસક્તિથી કર્મોનો બંધ થાય છે.

સંખડીવાળા ગામમાં સ્વાદિષ્ટ ભોજનની અપેક્ષાથી તે જ દિશામાં અન્ય ઘરમાં ગોચરીએ જનાર સાધુ માયાકપટનું સેવન કરે તેવી સંભાવના છે.

આ રીતે સંખડી સાધુની શારીરિક સ્વસ્થતાનો, માનસિક એકાગ્રતાનો અને આત્મ સાધનાનો નાશ કરે છે. સંક્ષેપમાં સંખડી અનંત કર્મબંધનું સ્થાન હોવાથી સાધુ કે સાધ્વીને ત્યાં જવું હિતાવહ નથી.

**संपरिहावइ :–** દોડવું. કોઈ રસાસક્ત સાધુ સંખડીનું નામ સાંભળતાં જ, ત્યાં મોટો જમણવાર હોવાથી મને ખાવાના સુંદર પદાર્થો પ્રાપ્ત થશે, તેવા વિચારથી તે સ્થાનની સન્મુખ અત્યંત ઉત્સુક મનથી દોટ મૂકે છે.

**माइठाणं संफासे :–** માયાસ્થાન એટલે કપટ કે કપટ યુક્ત આચરણ. સાધુ સંખડીવાળા ગામમાં જાય ત્યારે સંખડિનો આહાર લેવાની ઈચ્છા હોવા છતાં સીધા સંખડીની જગ્યાએ ન જતાં તે ગામમાં બીજા-બીજા ઘરોમાં ફરે. મને(તે સાધુને) જોઈને સંખડીવાળા ગૃહસ્થ આહાર માટે અવશ્ય વિનંતી કરશે. આ પ્રકારની ભાવનાથી અને સ્વાદિષ્ટ આહારની આસક્તિથી સાધુ તથાપ્રકારનું વર્તન કરે છે અર્થાત્ માયાનું સેવન કરે છે.

**सामुदाणियं एसियं वेसियं पिंडवायं :– સામુદાનિક–** ગરીબ-તવંગરનો ભેદભાવ રાખ્યા વિના જુદા-જુદા ઘરોમાંથી નિર્દોષ આહાર ગ્રહણ કરવો. **એષણીય–** આધાકર્મ આદિ દોષો ટાળીને આહાર ગ્રહણ કરવો. **વેષિત–** સાધુના વેશથી. વેશની મર્યાદા એટલે સાધુ સમાચારી અનુસાર પ્રાપ્ત થયેલો આહાર. સંક્ષેપમાં વિહાર કરતા સંખડીનું ગામ વચમાં આવતું હોય અને ત્યાં રહ્યા સિવાય બીજો કોઈ ઉપાય ન હોય

તો સાધુ સંખડીવાળું ઘર છોડીને બીજા ઘરોમાંથી સામુદાનિક ભિક્ષાથી એષણીય આહાર ગ્રહણ કરીને વાપરે.

**आइण्णावमा–** આકીર્ણ અને અવમ. આ બંને શબ્દો સંખડીના વિશેષણ છે– (૧) જનાકુલતાવાળી સંખડી **આકીર્ણ** સંખડી કહેવાય છે અને (૨) જેમાં ભોજન થોડું બનાવ્યું હોય કે ઓછી જગ્યા હોય અને લોકો વધુ આવ્યા હોય, તે **અવમ** સંખડી છે.

**શંકાસ્પદ આહાર ગ્રહણનો નિષેધ :–**

**૫ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा एसणिज्जे सिया, अणेसणिज्जे सिया ? वितिगिंछासमावण्णेण अप्पाणेणं असमाहडाए लेस्साए तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा लाभे संते णो पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :– एसणिज्जे सिया** = એષણીય છે કે **अणेसणिज्जे सिया** = અનેષણીય છે ? **वितिगिंछासमावण्णेण** = આ પ્રકારની વિચિકિત્સા–આશંકાયુક્ત **अप्पाणेणं** = આત્માથી **असमाहडाए लेस्साए** = સમાધાન રહિત લેશ્યાથી, સંદેહાત્મક ચિત્તવૃત્તિથી.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વીને આ આહાર એષણીય છે કે અનેષણીય ? અર્થાત્ આહાર શુદ્ધ છે કે અશુદ્ધ છે ? તેવી મનમાં શંકા થાય અને આ પ્રકારની સંદેહાત્મક ચિત્તવૃત્તિથી તે શંકાસ્પદ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, ચારે પ્રકારના આહારને પ્રાપ્ત થવા છતાં પણ ભિક્ષુ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને શંકાસ્પદ આહાર-પાણી ગ્રહણનો નિષેધ કર્યો છે.

આહારની નિર્દોષતા કે સદોષતાના વિષયમાં શંકા થયા પછી તેનો નિર્ણય ન થાય, ત્યાં સુધી સંકલ્પ-વિકલ્પની દશામાં સાધુ આહાર ગ્રહણ કરે નહીં, કારણ કે શંકિત આહાર ગ્રહણ કરવાથી ક્યારેક સદોષ આહાર ગ્રહણ થઈ જાય માટે તે શંકાનું નિવારણ ન થાય ત્યાં સુધી તે આહાર સાધુને માટે ત્યાજ્ય છે.

**ભંડોપકરણ સહિત ગમન :–**

**૬ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविसिउकामे सव्वं भंडगमायाए गाहावइकुलं पिंडवायपडियाए पविसेज्ज वा णिक्खमेज्ज वा ।**

**से भिक्खू वा भिक्खुणी वा बहिया विहारभूमिं वा वियारभूमिं वा णिक्खममाणे वा पविस्समाणे वा सव्वं भंडगमायाए बहिया विहारभूमिं वा वियारभूमिं वा णिक्खमेज्ज वा पविसेज्ज वा ।**

**से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे सव्वं भंडगमायाए गामाणुगामं दूइज्जेजा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર પ્રાપ્તિ માટે જાય, ત્યારે તે(તદ્યોગ્ય) આવશ્યક સર્વ ઉપકરણ (વસ્ત્ર, પાત્ર, જોળી, રજોહરણ વગેરે) લઈને ઘરમાં પ્રવેશ કરે કે નીકળે.

સાધુ કે સાધ્વી બહાર મલોત્સર્ગ ભૂમિમાં કે સ્વાધ્યાય ભૂમિમાં જાય, ત્યારે પણ(તદ્યોગ્ય) આવશ્યક સર્વ ઉપકરણ સાથે લઈને ત્યાંથી નીકળે કે પ્રવેશ કરે.

સાધુ કે સાધ્વી એક ગામથી બીજા ગામ વિહાર કરતા હોય, ત્યારે પોતાના સર્વ ઉપકરણ સાથે લઈને વિહાર કરે.

**૭ से भिक्खू वा भिक्खुणी वा अह पुण एवं जाणेज्जा, तिव्वदेसियं वा वासं वासमाणं पेहाए, तिव्वदेसियं वा महियं संणिचयमाणिं पेहाए, महावाएण वा रयं समुद्धुयं पेहाए, तिरिच्छ संपाइमा वा तसा पाणा संथडा संणिचयमाणा पेहाए, से एवं णच्चा णो सव्वं भंडगमायाए गाहावइकुलं पिंडवायपडिवाए पविसेज्ज वा णिक्खमेज्ज वा, बहिया विहारभूमिं वा वियारभूमिं वा णिक्खमेज्ज वा पविसेज्ज वा गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **तिव्वदेसियं वासं** = અલ્પ કે તીવ્ર વર્ષા **वासमाणं** = વરસતી **पेहाए** = જોઈને **महावाएण** = મહાવાયુથી **रयं** = રજને **समुद्धुयं** = ઊડતી **पेहाए** = જોઈને **तिरिच्छ संपाइमा** = તિરછા ઊડતા **तसा पाणा** = ત્રસ પ્રાણીઓના **संथडा** = સમુદાયને **संणिवयमाणा** = ઊડતા તેમજ પડતા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી કદાચ એમ જાણે કે અલ્પ કે વધુ પ્રમાણમાં વરસાદ વરસી રહ્યો છે, અલ્પ કે વધુ પ્રમાણમાં ઝાકળ, ધુમ્મસ વરસી રહી છે, મહાવાયુ-આંધીથી ધૂળ ઊડી રહી છે, તિરછા ઊડતા ઘણા ત્રસ જીવો એક સાથે ઊડી રહ્યા છે; ત્યારે સાધુ કે સાધ્વી સર્વ આવશ્યક ઉપકરણ સાથે લઈને પણ આહાર નિમિત્તે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે નહિ, નીકળે નહિ તથા બહાર મલોત્સર્ગ ભૂમિમાં કે સ્વાધ્યાય ભૂમિમાં પણ પ્રવેશ કે નિર્ગમન કરે નહિ અને એક ગામથી બીજા ગામમાં વિહાર પણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગોચરી આદિ કોઈ પણ આવશ્યક કાર્ય માટે બહાર જતાં સમયે યોગ્ય સર્વ ઉપકરણ સાથે લઈને જવાનું કથન છે.

**सव्वं भंडगमायाए :–** સર્વ ભંડોપકરણને સાથે લઈને. પ્રસ્તુત પ્રસંગમાં સર્વ શબ્દનો અર્થ તે કાર્યને યોગ્ય સર્વ ઉપકરણો સાથે લઈને જાય, તે પ્રમાણે થાય છે. જેમ કે સાધુ ગોચરી જાય, ત્યારે આહારને યોગ્ય પાત્ર, જોળી વગેરે; પાણી લેવા માટે જાય ત્યારે પાણી લઈ શકાય તેવું મોટું પાત્ર તથા તેને યોગ્ય જોળી લઈને જવું જરૂરી છે. જો આહાર કે પાણી માટે ગયેલા સાધુ પાસે યોગ્ય પાત્ર કે જોળી વગેરે ન હોય, તો તેને મુશ્કેલી થાય છે, તેને ફરી સ્વસ્થાને આવીને પુનઃ તે આહાર-પાણી લેવા જવું પડે છે.

સ્થંડિલભૂમિ જાય ત્યારે એક પાત્ર, જોળી, આવશ્યકતા અનુસાર પાણી હોવું જરૂરી છે. સ્વાધ્યાયભૂમિમાં જાય, ત્યારે પોતાનું આસન, પુસ્તક, પોથી, પાના વગેરેની જરૂર હોય છે. આ રીતે સાધુ પોતાની પ્રવૃત્તિ અનુસાર તદ્યોગ્ય આવશ્યક સર્વ ઉપકરણો ઉપયોગપૂર્વક સાથે રાખે છે. પ્રમાદવશ તેમાં ભૂલ કરે નહીં અને જ્યારે ગ્રામાનુગ્રામ વિહાર કરે ત્યારે પોતાના ભંડોપકરણમાંથી કોઈ પણ વસ્તુ ભૂલાઈ

ન જાય, તેનું વ્યવસ્થિત ધ્યાન રાખે અને વિહારમાં પોતાના સર્વ ઉપકરણો સાથે લઈને જાય છે.

સ્થવિરકલ્પી સાધુઓ ગોચરી માટે કે કે સ્વાધ્યાયાદિ માટે સર્વ ઉપકરણો સાથે લઈને જાય, તે યથાસંગત નથી. જેમ કે– સાધુ પોતાના પોથી-પાના વગેરે લઈને ગોચરીની ગવેષણા માટે જાય, તો તેમાં સાધુને મુશ્કેલી થાય છે. શૌચક્રિયા માટે સર્વ ઉપકરણો સાથે લઈ જવા તે વ્યવહારોચિત પણ નથી. આ રીતે સાધુ જ્યાં જાય ત્યાં વ્યવસ્થિત રીતે પોતાની આવશ્યકતાનુસાર પોતાના ઉપકરણો સાથે રાખે છે. તે ઉપરાંત સ્થવિરકલ્પી અનેક સાધુઓ સાથે વિચરતા હોય છે, તેથી પરસ્પર પોતાની ઉપધિ અન્ય સંતને સોંપીને જઈ શકે છે, તેથી તેમાં ચોરી વગેરેનો ભય રહેતો નથી.

સંક્ષેપમાં સાધુએ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ સમયાનુસાર વિવેકપૂર્વક કરવી જોઈએ.

ટીકાકારો આ સૂત્રનો સંબંધ જિનકલ્પી, પ્રતિમાધારી એકલવિહારી સંતો સાથે કરે છે, પરંતુ શાસ્ત્રોમાં જિનકલ્પી આદિ સંતો માટે અનેક સ્વતંત્ર વિધાનો જોવા મળે છે, તેથી આ સૂત્રનો સંબંધ જિનકલ્પી આદિ સાધુ માટે છે તેવું એકાંતે નથી.

વરસાદ, ધુમ્મસ, વંટોળિયાના સમયે તથા ઘણા ત્રસ જીવો ઉડતા હોય ત્યારે ભિક્ષુએ ભિક્ષા માટે કે સ્વાધ્યાય માટે બહાર નીકળવું ન જોઈએ, કારણ કે તેમાં જીવોની વિરાધના થાય છે.

શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર, વ્યવહાર સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, નિશીથ સૂત્ર આદિ આગમોમાં સાધુ કે સાધ્વીને મળ-મૂત્રની બાધા રોકવાનો નિષેધ છે, તેથી તેઓ વરસાદ આદિ કોઈ પણ સૂત્રોક્ત પરિસ્થિતિમાં પણ મળ-મૂત્રના નિવારણ માટે નજીકમાં વિવેક પૂર્વક બહાર જઈ શકે છે, તેને પરિસ્થિતિક અપવાદ-છૂટ રૂપે સમજવું જોઈએ.

**રાજકુળમાં ભિક્ષા ગમનનો નિષેધ :–**

**૮ से भिक्खू वा भिक्खुणी वा से जाइं पुणा कुलाइं जाणेज्जा, तं जहा– खत्तियाण वा राईण वा कुराईण वा रायपेसियाण वा रायवंसट्ठियाण वा; अंतो वा बाहिं वा गच्छंताण वा संणिविट्ठाण वा णिमंतेमाणाण वा अणिमंतेमाणाण वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा लाभे संते णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **खत्तियाण** = ક્ષત્રિય કુળમાં **राईण** = રાજન્ય કુળમાં **कुराईण** = નાના રાજાઓના કુળમાં **रायपेसियाण** = રાજના નોકરાદિ કુળમાં **रायवंसट्ठियाणं** = રાજવંશમાં સ્થિત કુળ અર્થાત્ રાજાના સંબંધીઓના કુળમાં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગોચરીના ઘરોના વિષયમાં જાણે કે આ ચક્રવર્તી આદિ ક્ષત્રિયોના કુળ, અન્ય રાજાઓના કુળ, નાના રાજાઓના કુળ(ઠાકોર), રાજાના નોકરાદિ દંડપાશિક આદિના કુળ, રાજવંશીય-રાજાના સંબંધીઓના કુળ છે, તો તે આ કુળોના ઘરની બહાર કે અંદર જતી, ઊભેલી કે બેઠેલી, વ્યક્તિઓ દ્વારા નિમંત્રણ કરવામાં આવે કે નિમંત્રણ કરવામાં ન આવે, સાધુ તે કુળોમાંથી પ્રાપ્ત થતાં અશનાદિ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મુનિને માટે વિવિધ રાજકુળમાં આહાર ગ્રહણ કરવા જવાનો નિષેધ કર્યો છે.

ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ ક્ષત્રિય કુળ, અન્ય રાજકુળ કે રાજવંશસ્થ કુળમાં સાધુ કે સાધ્વી આહાર માટે પ્રવેશ કરે નહીં.

રાજભવનમાં લોકોનું આવાગમન થતું હોય છે. તેમાં સાધુ ઈર્યાસમિતિનું યથાર્થ રીતે પાલન કરી શકતા નથી. **एतेषां कुलेषु संपातभयात्र प्रवेष्टव्यम्** । રાજકુળોમાં રાજકીય ઉથલપાથલ તેમજ અનેક પ્રકારના ષડયંત્ર રચાતા હોય છે. ગુપ્તચરો સાધુના વેષમાં રાજ દરબારમાં કે અંતઃપુરમાં ઘુસી જતાં હોય છે, તેથી ક્યારેક કોઈક સાધુને ગુપ્તચર સમજીને પકડી લે અથવા આહારને વિષમિશ્રિત કરીને આપે, આવા અનેક ભયસ્થાનોની સંભાવના હોવાથી સાધુ કે સાધ્વી રાજકુળમાં આહાર માટે પ્રવેશ કરતાં નથી. તેમજ ચક્રવર્તી આદિ રાજાઓનો આહાર અત્યંત ગરિષ્ટ અને મદવર્ધક હોવાથી સાધુને માટે ત્યાજ્ય છે.

પ્રસ્તુતમાં ક્ષત્રિય, રાજન્યાદિ કુળનું કથન છે, તે મૂર્ધાભિષિક્ત રાજાના સંબંધિત કુળો જાણવા. મૂર્ધાભિષિક્ત–મુકટ બંધી રાજા એટલે અનેક રાજાઓથી અભિષિક્ત(અભિષેક કરાયેલા)રાજા. નિશીથ સૂત્ર ઉદ્દેશક–૮/૯ પ્રમાણે સાધુને મુકુટબંધી રાજા, તેના પરિવારજનો તથા તેના સંબંધિત કર્મચારી વગેરે અનેક કુળોમાંથી આહાર ગ્રહણનો નિષેધ છે.

મુનિને રાજકુળમાં આહાર માટે ન જવાનું સૂત્રોક્ત કથન સાપેક્ષ છે, કારણ કે આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં સાધુને ભિક્ષા માટે જવા યોગ્ય ઉગ્રકુળ, ભોગકુળ, રાજન્ય કુળ, ઈક્ષ્વાકુવંશ, હરિવંશ આદિ કુળોનું કથન છે, તેથી સ્પષ્ટ થાય છે કે જે રાજકુળ આદિમાં મુકુટબંધી રાજા ન હોય કે તેઓના સંબંધી ન હોય અને ત્યાં જવામાં આપત્તિ કે દોષની સંભાવના ન હોય તો ત્યાં વિવેકપૂર્વક સાધુ નિર્દોષ આહારની ગવેષણા કરી શકે છે.

**ઉપસંહાર :–**

**९ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सवट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૩ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : ચોથો ઉદ્દેશક

**સંખડીમાં ભિક્ષાર્થ ગમન નિષેધ :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– ... आहेणं वा पहेणं वा हिंगोलं वा संमेलं वा हीरमाणं पेहाए, अंतरा से मग्गा बहुपाणा बहुबीया बहुहरिया बहुओसा बहुउदया बहुउत्तिंग-पणग-दगमट्टिय-मक्कडासंताणगा, बहवे तत्थ समण-माहण-अतिहि-किवण-वणीमगा उवागया उवागमिस्संति, तत्थाइण्णा वित्ती । णो पण्णस्स णिक्खमण-पवेसाए णो पण्णस्स वायण-पुच्छण-परियट्टणाणुप्पेह-धम्माणुओगचिंताए । से एवं णच्चा तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडिपडियाए णो अभिसंधारेज्ज गमणाए ।**

**से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– ... आहेणं वा** *जाव* **संमेलं वा हीरमाणं पेहाए, अंतरा से मग्गा अप्पपाणा** *जाव* **संताणगा, णो जत्थ बहवे समण-माहण** *जाव* **उवागमिस्संति अप्पाइण्णावित्ती, पण्णस्स णिक्खमण-पवेसाए, पण्णस्स वायण-पुच्छण-परियट्टणाणुप्पेह-धम्माणुयोगचिंताए । सेवं रुच्चा तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडिपडियाए अभिसंधारेज्ज गमणाए ।**

**શબ્દાર્થ :–** **आहेणं** = જે ભોજન પુત્રવધૂના પ્રવેશ પછી બનાવવામાં આવે છે **पहेणं** = પુત્રવધૂ પિયર જાય ત્યારે તેના પિતાના ઘરમાં જે ભોજન તૈયાર થાય છે **हिंगोलं** = મૃતકના નિમિત્તે જે ભોજન બને છે અથવા યક્ષાદિની યાત્રા માટે બનાવેલ **संमेलं** = પરિજનોના સન્માનાર્થે તથા મિત્રો માટે બનાવેલ **हीरमाणं** = આ સ્થાનોમાંથી ભોજનને લઈ જતા **पेहाए** = જોઈને **तत्थाइण्णा वित्ती** = જનાકીર્ણતા છે **पण्णस्स** = પ્રજ્ઞાવાન સાધુને **णो वायण-पुच्छण-परियट्टणाणुप्पेह-धम्माणुओग-चिंताए** = વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્માનુયોગચિંતાને યોગ્ય નથી તેમ જાણે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે– લગ્ન પછી નવવધૂના પ્રવેશના લક્ષ્યે આ જમણવાર છે, પિતૃગૃહમાં કન્યાના પુનઃ પ્રવેશ પ્રસંગે બનાવેલું ભોજન, શ્રાદ્ધનું ભોજન, પરિજનોના સન્માન નિમિત્તનું ભોજન છે અને લોકો એક સ્થાનેથી બીજા સ્થાને ખાદ્ય સમાગ્રી લઈ જઈ રહ્યા છે અને રસ્તામાં ઘણા પ્રાણી, બીજ, લીલોતરી, ઝાકળ, પાણી, કીડીઆરા, પંચવર્ણી લીલફૂગ, સચેત પાણીથી ભીની થયેલી માટી, કરોળિયાના જાળા આદિ છે. ત્યાં ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, દરિદ્ર, યાચક આદિ આવ્યા હોય, આવી રહ્યા હોય અથવા આવવાના હોય, તેથી તે સ્થાન અનેક લોકોની ભીડથી વ્યાપ્ત થઈ રહ્યું હોય, તેવા સમયે પ્રજ્ઞાવાન સાધુએ ત્યાં પ્રવેશ કરવો કે નીકળવું યોગ્ય નથી. તેમજ તે સ્થાન ભિક્ષુની વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા કે ધર્મકથા રૂપ સ્વાધ્યાયની પ્રવૃત્તિ માટે પણ યોગ્ય નથી, તેમ જાણીને સાધુ સંયમને ખંડિત કરનારી પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડીમાં જવાનો મનથી પણ સંકલ્પ કરે નહિ.

સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં જાય, ત્યારે એમ જાણે કે નવ પરિણત પુત્રવધૂના પ્રવેશ આદિના લક્ષ્યે ભોજન થઈ રહ્યું છે ***યાવત્*** મેળા આદિ માટેના ભોજનમાંથી લોકો ભોજન સામગ્રી એક સ્થાનેથી બીજા સ્થાને લઈને જઈ રહ્યા છે; રસ્તામાં પ્રાણી ***યાવત્*** કરોળિયાના જાળા નથી તથા ત્યાં ઘણા ભિક્ષુ-બ્રાહ્મણાદિ આવ્યા નથી, આવતા નથી અને આવવાના પણ નથી; લોકોની ભીડ પણ ઓછી છે તેમજ પ્રાજ્ઞ સાધુની વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્માનુયોગ ચિંતનમાં કોઈ બાધા ઉપસ્થિત થાય તેમ નથી; આ પ્રમાણે જાણીને ભિક્ષુ તે પ્રકારની પૂર્વસંખડી કે પશ્ચાત્ સંખડીમાં ગોચરી માટે વિવેક પૂર્વક જઈ શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંખડી-જમણવારના સ્થાને ગોચરી જવાનો નિષેધ અને અપવાદ માર્ગે ત્યાં જવાનું વિધાન કર્યું છે.

સાધક સાધનાના લક્ષ્યે, દેહ પોષણ માટે અનાસક્ત ભાવે સાત્ત્વિક આહાર ગ્રહણ કરે છે અને શાંતચિત્તે સ્વાધ્યાય, ધ્યાનમાં રત રહે છે.

સાધુ પોતાની સાધનામાં સ્ખલના થાય, માનસિક શાંતિનો ભંગ થાય તેવા મોટા જમણવારમાં પ્રાયઃ જાય નહીં. તેમ છતાં ક્યારેક જમણવાર સિવાયના ઘરોમાં આહાર પ્રાપ્ત થવો મુશ્કેલ હોય; બાલ, વૃદ્ધ, ગ્લાન કે તપસ્વી સાધુ માટે આહાર પ્રાપ્ત કરવો જરૂરી હોય, તો સાધુ મોટા જમણવારમાં પણ વિવેકપૂર્વક જઈ શકે છે, જ્યારે લોકોની ભીડ ન હોય, એષણા સમિતિની શુદ્ધિ પૂર્ણપણે જળવાઈ રહે તેમ હોય, ત્યારે દાતાની ભાવના અનુસાર સંયમભાવપૂર્વક ત્યાંથી આહાર ગ્રહણ કરી શકે છે.

ક્યારેક જમણવાર કરનાર દાતાને સાધુ પ્રતિ શ્રદ્ધા અને ભક્તિભાવ હોય અને તે સાધુને ભાવપૂર્વક વિનંતિ કરે તોપણ સાધુ ઉપરોક્ત વિવેક સહિત ત્યાં જાય અને નિર્દોષ આહારને આવશ્યકતા પ્રમાણે ગ્રહણ કરી શકે છે.

આ રીતે સંખડીગમન કે નિષેધનું સૂત્રોક્ત કથન અનેકાંતિક છે.

આગમોમાં આમિષભોજી કુળોની ગણના ગર્હિત કુળોમાં કરવામાં આવી છે અને સાધુને તેવા કુળોમાં ગોચરીએ જવાનો નિષેધ છે. આ આગમની પ્રતોમાં પ્રસ્તુત ચોથા ઉદ્દેશકના પહેલા સૂત્રમાં તથા આઠમા ઉદ્દેશકના નવામા સૂત્રમાં; નવમા ઉદ્દેશકના ચોથા સૂત્રમાં; દસમા ઉદ્દેશકના પાંચમા-છટ્ઠા સૂત્રમાં અખાદ્ય પદાર્થ સૂચક શબ્દોનો પ્રયોગ લિપિદોષ કે પ્રક્ષિપ્ત થયેલ હોય તેમ જણાય છે. આજથી સિત્તરે વર્ષ પૂર્વે શ્રમણ શ્રી પુષ્ફ ભિક્ખુ સંપાદિત **સુત્તાગમે**માં તે શબ્દો નથી. તદનુસાર અહીં તે શબ્દોના સ્થાને ... નિશાની દર્શાવેલ છે.

**ગાય દોહવાના સમયે ભિક્ષા માટે પ્રવેશ નિષેધ :–**

**૨ से भिक्खू वा भिक्खुणी वा गाहावइ कुलं पिंडवायपडियाए** *जाव* **पविसिउकामे से जं पुण जाणेज्जा– खीरिणीओ गावीओ खीरिज्जमाणीओ पेहाए, असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवक्खडिज्जमाणं पेहाए, पुरा अप्पजूहिए । सेवं णच्चा णो गाहावइकुलं पिंडवायपडियाए पविसेज्ज वा णिक्खमेज्ज वा । से तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता अणावायमसंलोए चिट्ठेज्जा।**

**अह पुण एवं जाणेज्जा– खीरिणीओ गावीओ खीरियाओ पेहाए, असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवक्खडियं पेहाए, पुरा पजूहिए । सेवं णच्चा तओ संजयामेव गाहावइकुलं पिंडवायपडियाए पविसेज्ज वा णिक्खमेज्ज वा ।**

**શબ્દાર્થ :– खीरिणीओ गावीओ** = દૂધ દેનારી ગાયો **खीरिज्जमाणीओ पेहाए** = ગાયો દોવાતી હોય તેને જોઈને **उवक्खडिज्जमाणं** = બનાવાઈ રહ્યો હોય **पुरा अप्पजूहिए** = હજુ સુધી તેમાંથી કોઈને આપ્યું નથી **आयाए** = જાણીને **अणावायमसंलोए** = જ્યાં ગૃહસ્થાદિ આવતા જતા ન હોય અને જોતા ન હોય તેવા સ્થાનમાં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરે આહાર માટે પ્રવેશ કરતાં જાણે કે અત્યારે દૂધાળી ગાયોને દોહી રહ્યા છે, ઘરમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, આ ચારે ય પ્રકારનો આહાર તૈયાર થઈ રહ્યો છે અને તેમાંથી બીજા કોઈને આપ્યું નથી. આ પ્રકારની પરિસ્થિતિને જાણીને સંયમશીલ ભિક્ષુ આહાર ગ્રહણ કરવા માટે ઘરમાં પ્રવેશ કરે નહિ, પરંતુ લોકોની અવજવર ન હોય, લોકોને દષ્ટિગોચર ન થવાય તેવા સ્થાનમાં ઊભા રહે.

ત્યાર પછી જ્યારે એમ જાણે કે દૂધાળી ગાયો દોહાઈ ગઈ છે, અશનાદિ ચારે ય પ્રકારનો આહાર તૈયાર થઈ ગયો છે અને પહેલાં જેને આપવાનું છે તેને અપાઈ ગયું છે, ત્યારે તે સંયમી સાધુ આહાર પ્રાપ્તિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે કે નીકળે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મુનિને ગૃહસ્થના ઘરમાં આહાર પ્રાપ્તિ માટે ન જવાના ત્રણ કારણોનું નિરૂપણ છે.

(૧) ગૃહસ્થના ઘરે ગાયો દોહાતી હોય, (૨) આહાર તૈયાર થયો ન હોય, (૩) બીજા કોઈને આહાર આપવાનો હોય તેને અપાયો ન હોય, આ ત્રણેય બાધક કારણ ન હોય તો સાધુ આહાર માટે ઘરમાં પ્રવેશી શકે છે, નીકળી શકે છે.

ગાયોને દોહવાના સમયે જો સાધુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, તો ક્યારેક સાધુને જોઈને ગાયો ભડકી જાય, કોઈ સરળ શ્રદ્ધાળુ ગૃહસ્થ સાધુને જોઈને વાછરડાને દૂધ પીતા છોડાવીને સાધુને દૂધ દેવાની દષ્ટિએ જલદી-જલદી ગાયોને દોહવા લાગે, તેનાથી ગાયોને ત્રાસ થાય અને વાછરડાને દૂધ પીવામાં અંતરાય થાય છે.

ગૃહસ્થને ત્યાં આહાર તૈયાર થયો ન હોય તો સાધુને જોઈને ગૃહસ્થ વિશેષ અગ્નિ પ્રજ્વલિત કરીને જલદી-જલદી ભોજન તૈયાર કરે, સાધુ માટે અલગ ભોજન તૈયાર કરાવે, તેમાં જીવવિરાધના થાય, સાધુને આહાર લીધા વિના પાછા ફરતાં જોઈને કેટલાક ગૃહસ્થોને ક્ષોભ થાય છે.

ગૃહસ્થને ત્યાં તૈયાર થયેલો આહાર જેના માટે બનાવ્યો હોય, તેણે વાપર્યો ન હોય, તે પહેલા જ સાધુ લઈ લે, તો ગૃહસ્થને નવો આહાર તૈયાર કરવો પડે, તો સાધુને પશ્ચાત્ કર્મ દોષ લાગે છે.

ક્યારેક સાધુ યથાસમયે ગૃહસ્થના ઘેર જાય અને ત્યાં તેને ઉપરોક્ત બાધક કારણોની ખબર પડે અને એમ લાગે કે થોડીવારમાં ત્રણે કારણો સમાપ્ત થઈ જાય તેમ છે, તો તે સાધુ વિવેક પૂર્વક એકાંતમાં લોકોના આવાગમનથી રહિત સ્થાનમાં જઈને ઊભા રહે. ત્યાર પછી તે-તે કાર્ય પૂર્ણ થઈ જાય ત્યારે તે

ઘરમાં પ્રવેશ કરે, પરંતુ જો આહાર તૈયાર થવામાં વધુ સમય લાગે તેમ હોય, તો સાધુ ત્યાં ઊભા ન રહે અન્ય ઘરોમાં ગોચરી જાય અથવા ઉપાશ્રયમાં પાછા આવી જાય.

**અતિથિ શ્રમણ સાથે વ્યવહાર વિવેક :–**

**३ भिक्खागा णामेगे एवमाहंसु समाणा वा वसमाणा वा गामाणुगामं वा दूइज्जमाणे– खुड्डाए खलु अयं गामे, संणिरुद्धाए, णो महालए, से हंता भयंतारो ! बाहिरगाणि गामाणि भिक्खायरियाए वयह ।**

**संति तत्थेगइयस्स भिक्खुस्स पुरेसंथुया वा पच्छासंथुया वा परिवसंति, तं जहा– गाहावई वा गाहावइणीओ वा गाहावइपुत्ता वा गाहावइधूयाओ वा गाहावइ सुण्हाओ वा धाईओ वा दासा वा दासीओ वा कम्मकरा वा कम्मकरीओ वा तहप्पगाराइं कुलाइं पुरेसंथुयाणि वा पच्छासंथुयाणि वा पुव्वामेव भिक्खायरियाए अणुपविसिस्सामि, अवि य इत्थ लभिस्सामि पिंडं वा, लोयं वा, खीरं वा दहिं वा** *जाव* **सिहरिणिं वा, तं पुव्वामेव भोच्चा पेच्चा पडिग्गहं च संलिहिय संमज्जिय तओ पच्छा भिक्खूहिं सद्धिं गाहावइकुलं पिंडवायपडियाए पविसिस्सामि वा णिक्खमिस्सामि वा । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।**

**से तत्थ भिक्खूहिं सद्धिं कालेण अणुपविसित्ता तत्थियराइयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं पडिगाहेत्ता आहारं आहारेज्जा ।**

**શબ્દાર્થ :– समाणा** = શક્તિ ક્ષીણ થવાના કારણે એક જગ્યાએ સ્થિરવાસ રહેલા **वसमाणा** = માસકલ્પાદિ વિહાર કરતાં **खुड्डाए** = નાનું ક્ષેત્ર હોય **संणिरुद्धाए** = કેટલાક ઘર બંધ છે **णो महालए** = આ ગામ મોટું નથી **हंता** = ખેદ સૂચક સંબોધન **भयंतारो** = હે પૂજ્ય મુનિવર ! **बाहिरगाणि** = બહારના **गामाणि** = ગામોમાં **भिक्खायरियाए** = ભિક્ષા નિમિત્તે **वयह** = જાઓ **संति तत्थेगइयस्स भिक्खुस्स** = તે ગામમા રહેનાર કોઈ એક ભિક્ષુને **पुरेसंथुया** = પૂર્વના પરિચિત ભાઈ-ભત્રીજા આદિ **पच्छासंथुया** = પાછળથી પરિચિત શ્વસુર પક્ષના લોકો **अविय** = અથવા **इत्थ** = આ કુળમાં **लभिस्सामि** = ઇચ્છા અનુસાર(ભિક્ષા) પ્રાપ્ત કરીશ **पिंडं** = વિશિષ્ટ ચોખાદિ **लोयं** = નમક યુક્ત સ્વાદિષ્ટ આહાર **सिहरिणिं** = શિખરિણી નામની મીઠાઈ **तत्थियराइयरेहिं कुलेहिं** = અન્યાન્ય અનેક કુળ.

**ભાવાર્થ :–** કોઈ એક નામધારી ભિક્ષુ સ્થિરવાસ રહ્યા હોય કે ચાર્તુમાસ અર્થે રહ્યા હોય અથવા ગ્રામાનુગ્રામ વિહાર કરતા માસ કલ્પ રહ્યા હોય.(ત્યાં કોઈ અતિથિ શ્રમણ પધારે, ત્યારે) તે નામધારી ભિક્ષુ અન્ય ભિક્ષુઓને કહે કે હે પૂજ્યવરો ! આ ગામ ઘણું નાનું છે, તેમાં પણ કેટલાક ઘરો કારણ વિશેષથી ગોચરી માટે બંધ છે, ગામ મોટું નથી, માટે હે પૂજ્યવરો ! આપ ભિક્ષાચરી માટે નજીકના બીજા ગામમાં પધારો.

તે ગામમાં તે નામધારી સાધુના પૂર્વ પરિચિત માતા-પિતા આદિ કુટુંબીજનો કે પશ્ચાત્ પરિચિત-શ્વસુર પક્ષના લોકો રહેતા હોય, જેમ કે– ગૃહપતિ, ગૃહપત્નીઓ, ગૃહપતિના પુત્ર, પુત્રીઓ, પુત્રવધૂઓ, ધાવમાતાઓ, દાસ-દાસી, નોકર-નોકરાણીઓ; તેવા પ્રકારના પૂર્વપરિચિત કે પશ્ચાત્ પરિચિત ઘરમાં હું તે સાધુઓના આવ્યા પહેલાં જ ભિક્ષા માટે જઈશ અને ત્યાંથી ઈષ્ટ વસ્તુઓને પ્રાપ્ત કરી લઈશ, જેમ કે–

બાસમતી ચોખાદિ, લવણ યુક્ત સ્વાદિષ્ટ આહાર, દૂધ, દહીં ***યાવત્*** (માખણ, ઘી, ગોળ, તેલ, મધ, જલેબી, ગોળ ની રાબ, માલપુવા) શિખરિણી-મીઠાઈ વિશેષ વગેરે પદાર્થોને લાવીને હું પહેલા જ ખાઈ-પીને, પાત્રોને ધોઈ સાફ કરીને પછી અન્ય ભિક્ષુઓની સાથે આહાર લેવા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીશ અને નીકળીશ. આ પ્રકારનો વ્યવહાર કરનાર તે સાધુ માયા-કપટનું સેવન કરે છે. સાધુઓએ તેવું કરવું જોઈએ નહિ.

તે સાધુએ ભિક્ષાના સમયે અન્ય ભિક્ષુઓની સાથે જ ગામમાં ઉચ્ચ, નિમ્ન, મધ્યમ કુળોમાંથી સામુદાનિક ભિક્ષાથી પ્રાપ્ત થયેલો એષણીય, વેષથી પ્રાપ્ત અને નિર્દોષ આહાર અન્ય સાધુઓની સાથે જ સમભાવપૂર્વક કરવો જોઈએ.

**વિવેચન :–**

જૈન શ્રમણો એકાંત આત્મ સાધના માટે જ પુરુષાર્થ કરે છે અને જગતના સર્વ જીવો સાથે મૈત્રી અને વાત્સલ્ય ભાવપૂર્વકનો વ્યવહાર કરે છે. તેમાં પણ આત્મસાધનાના પથિક અન્ય સાધુઓ સાથે તેનો વિશેષ વાત્સલ્ય સભર વ્યવહાર હોય, તે સહજ છે.

તેમ છતાં કોઈ સાધુ પોતાની સંકુચિત દૃષ્ટિથી અન્ય સાધુઓ સાથે માયા-કપટ કરીને તુચ્છ વ્યવહાર કરે, તેવી સંભાવનાને નજર સમક્ષ રાખીને શાસ્ત્રકારે તેમ ન કરવા માટે પ્રેરણાત્મક સંદેશ આ સૂત્રમાં આપ્યો છે.

સૂત્રકારનો આશય મૂળપાઠ અને ભાવાર્થમાં સ્પષ્ટ છે કે આત્માર્થી મુનિ રસલોલુપતાથી માયાચારનું સેવન ન કરે, પરંતુ અન્ય મુનિઓ સાથે સરળતાપૂર્વક સેવાભાવ યુક્ત વ્યવહાર કરે. તે તેના માટે નિર્જરાનું કારણ બને છે.

**૪ एवं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૪ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : પાંચમો ઉદ્દેશક

**અગ્રપિંડ ગ્રહણ વિવેક :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– अग्गपिंडं उक्खिप्पमाणं पेहाए, अग्गपिंडं णिक्खिप्पमाणं पेहाए, अग्गपिंडं हीरमाणं पेहाए, अग्गपिंडं परिभाइज्जमाणं पेहाए, अग्गपिंडं परिभुज्जमाणं पेहाए, अग्गपिंडं परिट्ठविज्जमाणं पेहाए, पुरा असिणाइ वा अवहाराइ वा, पुरा जत्थण्णे समण-माहण-अतिहि-किवण-वणीमगा खद्धं-खद्धं उवसंकमंति, से हंता अहमवि खद्धं-खद्धं उवसंकमामि । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा।**

**શબ્દાર્થ :–** **अग्गपिंडं** = અગ્રપિંડને **उक्खिप्पमाणं** = કાઢતા **णिक्खिप्पमाणं पेहाए** = બીજી જગ્યાએ રાખતા જોઈને **हीरमाणं पेहाए** = કોઈ જગ્યાએ લઈ જવાતા જોઈને **परिभाइज्जमाणं पेहाए** = વેંચતા, ભાગ કરતા જોઈને **परिभुज्जमाणं पेहाए** = જમતા જોઈને **परिट्ठविज्जमाणं पेहाए** = પરઠતા, ચારે બાજુ ઉડાડતા જોઈને **पुरा असिणाइ** = પહેલા શ્રમણાદિ જમીને ચાલ્યા ગયા હોય છે **अवहाराइ** = લઈને ચાલ્યા ગયા છે **खद्धं-खद्धं** = જલ્દી-જલ્દી **उवसंकमंति** = જાય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે કોઈ ઘરમાં અગ્રપિંડને કાઢી રહ્યા છે, અગ્રપિંડને કોઈ અન્ય જગ્યાએ રાખી રહ્યા છે, અગ્રપિંડને ક્યાંક લઈ જઈ રહ્યા છે, અગ્રપિંડને વિભાજિત કરી રહ્યા છે, અગ્રપિંડને ખાઈ રહ્યા છે, અગ્રપિંડને ચારે બાજુ ઉડાડી રહ્યા છે, પહેલાં શ્રમણાદિ અગ્રપિંડનું ભોજન કરીને ચાલ્યા ગયા છે અને કેટલાક અગ્રપિંડને લઈને ચાલ્યા ગયા છે, અમે પણ પહેલાં પહોંચીએ આ ભાવથી કેટલાક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, દરિદ્ર, યાચક આદિ જલદી-જલદી આવી રહ્યા છે, તો તેઓને જોઈને કોઈ સાધુ એવો વિચાર કરે કે હું પણ જલદી-જલદી અગ્રપિંડ લેવા જાઉં, તો તેમ કરનાર સાધુ માયા-સ્થાનનું સેવન કરે છે, માટે સાધુએ તેમ ન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને અગ્રપિંડ ગ્રહણનો નિષેધ કર્યો છે.

**અગ્રપિંડ :–** તેના બે અર્થ થાય છે– (૧) દાન માટેનું શ્રેષ્ઠ ભોજન. (૨) રસોઈ તૈયાર થઈ ગયા પછી કોઈ પણ વ્યક્તિ જમે તે પહેલા તેમાંથી દાન માટે કઢાતું થોડું ભોજન.

પ્રસ્તુત પ્રસગંમાં સૂત્રકારે અગ્રપિંડની વિવિધ ક્રિયાઓનું વર્ણન કર્યું છે, તેના આધારે સ્પષ્ટ થાય છે કે અહીં પણ અગ્રપિંડ શબ્દ પ્રયોગ પ્રથમ ઉદ્દેશકના દશમા સૂત્રની જેમ દાન માટેના શ્રેષ્ઠ ભોજનનો જ બોધક છે. અગ્રપિંડની વિવિધ ક્રિયાઓ આ પ્રમાણે છે– (૧) અગ્રપિંડને કાઢવો (૨) બીજા સ્થાને રાખવો (૩) અન્યત્ર લઈ જવો (૪) તેનું વિભાજન કરવું (૫) સ્વયં ખાવો (૬) ચારે દિશામાં ઉડાડવો (૭) વિવિધ ભિક્ષાચરોને આપવો. તે ભિક્ષાચરોમાંથી કેટલાક ત્યાં જ જમી લે છે, કેટલાક સાથે લઈને ચાલ્યા જાય છે, કેટલાક લેવા માટે જલદી-જલદી આવી રહ્યા હોય છે.

અગ્રપિંડની ઉપરોક્ત કોઈ પણ ક્રિયા જોઈને સાધુ તે આહાર ગ્રહણ કરવા જાય નહીં, કારણ કે તે દાનપિંડ છે. તેને ગ્રહણ કરવાથી અન્ય વ્યક્તિને અંતરાય પડે છે, તેથી પ્રથમ ઉદ્દેશકમાં તેનો નિષેધ કર્યો છે. અહીં આહારની લોલુપતાથી સાધુને તે આહાર માટે જલદી-જલદી જવાનો નિષેધ છે.

સાધુની શીઘ્રગતિમાં– (૧) તેની આતુરતા અને રસલોલુપતાનો ભાવ પ્રગટ થાય છે, (૨) ઈર્યા સમિતિનું પાલન થતું નથી, (૩) બીજા ન પહોંચે તે પહેલા મારે પહોંચવું છે. તેવી ભાવનાથી ક્યારેક માયા-કપટ કરવું પડે છે, (૪) મને આહાર મળશે કે નહીં તેવા અનેક વિકલ્પોથી ચિત્ત વ્યગ્ર રહે છે, (૫) ચિત્તની વ્યગ્રતાથી આહારની સદોષતા-નિર્દોષતાનું યથાર્થ પરીક્ષણ થતું નથી, (૬) સાધુની દીનતા પ્રગટ થાય અને જિનશાસનની અવહેલના થાય છે.

આ રીતે દાન માટેના શ્રેષ્ઠ ભોજન રૂપ અગ્રપિંડના ગ્રહણમાં અનેક દોષોની સંભાવના હોવાથી સાધુ તેને ગ્રહણ કરે નહીં.

**વિષમ માર્ગમાં ગમન વિવેક :–**

**२ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं *जाव* पविट्ठे समाणे अंतरा से वप्पाणि वा फलिहाणि वा पागाराणि वा तोरणाणि वा अग्गलाणि वा अग्गलपासगाणि वा, सइ परक्कमे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा ।**

**केवली बूया– आयाणमेयं । से तत्थ परक्कममाणे पयलेज्ज वा पक्खलेज्ज वा पवडेज्ज वा, से तत्थ पयलमाणे वा पक्खलमाणे वा पवडमाणे वा; तत्थ से काए उच्चारेण वा पासवणेण वा खेलेण वा सिंघाणेण वा वंतेण वा पित्तेण वा पूएण वा सुक्केण वा सोणिएण वा उवलित्ते सिया । तहप्पगारं कायं णो अणंतरहियाए पुढवीए, णो ससिणिद्धाए पुढवीए, णो ससरक्खाए पुढवीए, णो चित्तमंताए सिलाए, णो चित्तमंताए लेलूए, कोलावासंसि वा दारुए जीवपइट्ठिए; सअंडे, सपाणे *जाव* संताणए; णो आमज्जेज्ज वा णो पमज्जेज्ज वा णो संलिहेज्ज वा णो णिल्लिहेज्ज वा णो उव्वलेज्ज वा णो उव्वट्टेज्ज वा णो आयावेज्ज वा णो पयावेज्ज वा ।**

**से पुव्वामेव अप्पससरक्खं तणं वा पत्तं वा कट्ठं वा सक्करं वा जाइज्जा, जाइत्ता से तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमेत्ता अहे झामथंडिल्लंसि वा *जाव* अण्णयरंसि वा तहप्पगारंसि पडिलेहिय-पडलेहिय पमज्जिय-पमज्जिय तओ संजयामेव आमज्जेज्ज वा पमज्जेज्ज वा संलिहेज्ज वा णिल्लिहेज्ज वा उव्वलेज्ज वा उव्वट्टेज्ज वा आयावेज्ज वा पयावेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **अंतरा** = માર્ગમાં **वप्पाणि** = ઊંચી, નીચી જમીન હોય અથવા બીજ વાવવા માટે ખેતરમાં ક્યારા બનાવ્યા હોય **फलिहाणि** = ખાઈ ખોદી રાખી હોય **पागाराणि** = ખંડિત કિલ્લો **तोरणाणि** = તોરણ દ્વાર **अग्गलाणि** = અર્ગલા, દરવાજા બંધ કરવાનો આગળીયો **अग्गलपासगाणि** = જેમાં અર્ગલા બંધ કરવામાં આવે છે, તે વિભાગ **सइ परक्कमे** = બીજો રસ્તો હોય તો **संजयामेव** = યતનાપૂર્વક

**परक्कमेज्जा** = તે રસ્તેથી જાય **उज्जुयं**= તે સીધા, ટૂંકા રસ્તેથી **णो गच्छेज्जा** = જાય નહિ.

**पयलेज्ज** = ડગમગે કે સ્ખલના પામે **पक्खलेज्ज** = લપસી જાય **पवडेज्ज** = પડી જાય **उवलित्ते सिया** = ખરડાઈ જાય **तहप्पगारं कायं** = તથા પ્રકારથી ખરડાયેલા શરીરને **अणंतरहियाए पुढवीए** = પૃથ્વી અર્થાત્ સચેત પૃથ્વીથી **ससिणिद्धाए पुढवीए** = સ્નિગ્ધ પૃથ્વીથી **ससरक्खाए पुढवीए** = રજસહિતની પૃથ્વીથી **चित्तमंताए सिलाए** = સચેત શિલાથી **चित्तमंताए लेलूए** = સચેત ઢેફાથી **कोलावासंसि** = ઘુણથી યુક્ત **दारुए** = લાકડાથી **जीवपइट्ठिए** = જીવ પ્રતિષ્ઠિત અર્થાત્ લાકડામાં ઉધઈ, માંકડ આદિ જીવો હોય **णो आमज्जेज्ज** = એકવાર આમર્જન કરે નહિ **णो पमज्जेज्ज** = ફરી-ફરી પ્રમાર્જન કરે નહિ **णो संलिहेज्ज** = લૂછે નહિ **णो णिल्लिहेज्ज** = વિશેષ લૂછે નહિ **णो उव्वलेज्ज** = ઘર્ષણ કરે નહીં **णो उव्वट्टेज्ज** = વિશેષ ઘર્ષણ કરે નહિ **णो आयावेज्ज** = તડકામાં સૂકવે નહિ **णो पयावेज्ज** = તડકામાં વિશેષ સૂકવે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં ગોચરી માટે જતાં હોય, ત્યારે રસ્તાની વચ્ચે ટેકરાઓ અથવા ખેતરના ક્યારાઓ, ખાઈઓ, ખંડેર થઈ ગયેલો કોટ, તેના તોરણદ્વારો, આગળિયો કે આગળિયાનો અગ્રભાગ વગેરે અવશેષો પડ્યા હોય અને તેના કારણે રસ્તો વિષમ બની ગયો હોય, તો સંયમી સાધુ તે રસ્તેથી જાય નહીં. જો બીજો રસ્તો ફરીને જતો હોય તોપણ સાધુ તે રસ્તાથી જ જાય, પરંતુ તે સીધા અને ઉબડ-ખાબડ માર્ગથી ન જાય, કારણ કે કેવળી ભગવંતોએ તેને કર્મબંધનું કારણ કહ્યું છે.

ક્યારેક તેવા વિષમ માર્ગથી જતા સાધુનો પગ લપસી જાય, શરીર ધ્રુજી જાય કે પડી જાય છે અને ક્યારેક લપસી જવાથી, ધ્રૂજી જવાથી કે પડી જવાથી સાધુનું શરીર મળ, મૂત્ર, કફ, લીંટ, વમન, પિત્ત, પરુ, વીર્ય અથવા લોહીથી ખરડાઈ જાય ત્યારે સાધુ તે મળ, મૂત્રાદિથી ખરડાયેલા શરીરને સચેત માટીથી, સ્નિગ્ધ માટીથી, સચેત ચિકણી માટીથી, સચેત પથ્થરથી, સચેત પથ્થરના ઢેફાથી કે ઘુણ લાગેલા લાકડાથી, જીવયુક્ત લાકડાથી તેમજ વિકલેન્દ્રિય જીવોના ઈંડા આદિથી યુક્ત લાકડાથી (૧-૨) એકવાર કે અનેકવાર (અલ્પ કે વિશેષ) સાફ કરે નહિ, (૩-૪) એકવાર કે વારંવાર(અલ્પ કે વિશેષ) લૂછે નહિ, (૫-૬) એકવાર કે અનેકવાર ઉબટનાદિ લગાવે નહિ અને (૭-૮) એકવાર કે અનેકવાર તડકામાં સૂકવે નહિ.

તે સાધુ પહેલાંથી જ સચેત રજ આદિથી રહિત અચેત ઘાસ, પાંદડા, લાકડા, કાંકરા આદિની યાચના કરે અને એકાંત સ્થાનમાં જાય; ત્યાં જઈને અચેત જગ્યાનું પ્રતિલેખન તથા પ્રમાર્જન કરીને યત્નાપૂર્વક ખરડાયેલા તે શરીરને સાફ કરે, લૂછે, માટી આદિ લગાવે કે તડકામાં એકવાર કે વારંવાર(અલ્પ કે વિશેષ) સુકાવે અને શુદ્ધ કરે.

**३ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– गोणं वियालं पडिपहे पेहाए, महिसं वियालं पडिपहे पेहाए, एवं मणुस्सं आसं हत्थिं सीहं वग्घं विगं दीवियं अच्छं तरच्छं परिसरं सियालं विरालं सुणयं कोलसुणयं कोकंतियं चित्ताचिल्लडयं वियालं पडिपहे पेहाए सइ परक्कमे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा ।**

**શબ્દાર્થ :–** **गोणं** = બળદ **वियालं** = મદોન્મત્ત, વિકરાળ **पडिपहे** = રસ્તાને રોકીને ઊભા છે **पेहाए** = જોઈને **महिसं वियालं** = મદોન્મત્ત પાડો **वग्घं** = વાઘ **विगं** = વરુ **दीवियं** = ચિત્તા **अच्छं** = રીંછ **तरच्छं**

= વાઘની જાતિ વિશેષ **परिसरं** = અષ્ટાપદ **सियालं** = શિયાળ **विरालं** = બિલાડા **सुणयं** = કૂતરા **कोलसुणयं** = જંગલી ભૂંડ, સૂવર **कोकंतियं** = શિયાળ જેવા નિશાચર પ્રાણી **चित्ताचिल्लडयं** = જંગલના પ્રાણી વિશેષ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર ભિક્ષા માટે જઈ રહ્યા હોય, ત્યારે તે રસ્તામાં સામે, મદોન્મત્ત (વિકરાળ) સાંઢ, પાડા, દુષ્ટ મનુષ્ય, ઘોડા, હાથી, સિંહ, વાઘ, વરુ, ચિત્તા, રીંછ, વાઘ વિશેષ, અષ્ટાપદ, શિયાળ, બિલાડા, કૂતરા, જંગલી સૂવર, શિયાળ વિશેષ, ચિત્તા ચિલ્લડક-જંગલી વરુવિશેષ, રસ્તા રોકીને ઊભા હોય કે બેઠા હોય, તેવી પરિસ્થિતિમાં બીજો રસ્તો હોય તો તે ભયવાળા માર્ગથી સાધુ જાય નહિ.

**૪ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे अंतरा से ओवाए वा खाणुं वा कंटए वा घसी वा भिलुगा वा विसमे वा विज्जले वा परियावज्जेज्जा, सइ परक्कमे संजयामेव परक्कमेज्जा; णो उज्जुयं गच्छेज्जा।**

**શબ્દાર્થ :– ओवाए** = ખાડો હોય **खाणुं** = ઠૂંઠું હોય **कंटए** = કાંટા હોય **घसी** = પર્વતની ઢાળવાળી જમીન હોય **भिलुगा** = ફાટેલી જમીન હોય **विसमे** = ઊંચી નીચી ધરતી હોય **विज्जले** = કીચડ હોય **परियावज्जेज्जा** = તેવો માર્ગ આવી જાય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરોમાં ભિક્ષા માટે જઈ રહ્યા હોય ત્યારે રસ્તામાં વચ્ચે ખાડો, ઠૂંઠું, કાંટા, ઢાળવાળી જગ્યા, ફાટેલી જમીન, ઊંચો-નીચો રસ્તો કે કીચડ અથવા કાદવ આવે ત્યારે સાધુ નજીકમાં કોઈ બીજો રસ્તો હોય તો ત્યાંથી ચાલે, પરંતુ ખાડા આદિવાળા તે સીધા(ટૂંકા) રસ્તે ચાલે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને વિષમ માર્ગે કે ભયવાળા માર્ગે ચાલવાનો નિષેધ કરીને તેમાં થતાં અનિષ્ટોનું કથન કર્યું છે. રસ્તો ઊંચો-નીચો હોય, ખાઈ, ખંડિત કિલ્લો અને તેના આગળિયો આદિ અવશેષ રૂપ મોટી વસ્તુ વચ્ચે પડી હોય, મદોન્મત્ત આખલા, પાડા, જંગલી જાનવરો વચ્ચે ઊભા હોય, રસ્તાની વચ્ચે ખાડા આદિ હોય કે કાદવ કીચડ હોય, તો તેવા વિષમ માર્ગે સાધુ જાય નહીં, તેવા વિષમ માર્ગે જવાથી ક્યારેક સાધુને લપસી કે પડી જવાનો ભય રહે છે અને જંગલી જાનવરોથી બચવા માટે જલ્દી ચાલતા ક્યારેક પડી જાય છે. પડી જવાથી ત્યાં રહેલા જીવોની વિરાધના થાય, તેનાથી સંયમની વિરાધના થાય છે. સતત ભયભીત રહેવાથી, ચિત્તની વ્યગ્રતાથી આત્મવિરાધના થાય છે, તેથી **सइ परक्कम्मे संजयामेव परक्कमेज्जा ...** આ વિધાન અનુસાર જો અન્ય માર્ગ હોય, તો મુનિએ તેવા વિષમ માર્ગે ન જવું જોઈએ, પરંતુ અન્ય માર્ગ ન જ હોય, તો તેવા વિષમ માર્ગે અત્યંત સાવધાનીથી યતનાપૂર્વક ગમન કરવું જોઈએ.

વિષમ માર્ગે યતનાપૂર્વક ગમન કરવા છતાં પણ જો ક્યારેક સાધુ લપસી જાય, તેનું શરીર કાદવ-કીચડ આદિ અશુદ્ધિમય પદાર્થોથી ખરડાય જાય, તો તેને સાફ કરવા સચિત્ત પત્થર વગેરેનો ઉપયોગ કરે નહીં, પરંતુ શાંતિથી એકાંત સ્થાનમાં જઈને નિર્દોષ રીતે અચેત પથ્થરાદિથી સાફ કરે, જો સાધુ પાસે પ્રાસુક જળ હોય કે નજીકમાં મળવાની શક્યતા હોય તો તેનાથી પણ શુદ્ધિ કરી શકાય છે.

**બંધ દ્વાર ખોલવામાં વિવેક :–**

**૫ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलस्स दुवारबाहं कंटगबोंदियाए**

**परिपिहियं पेहाए, तेसिं पुव्वामेव उग्गहं अणणुण्णविय अपडिलेहिय अप्पमज्जिय णो अवंगुणेज्ज वा पविसेज्ज वा णिक्खमेज्ज वा । तेसिं पुव्वामेव उग्गहं अणुण्णविय पडिलेहिय पमज्जिय तओ संजयामेव अवंगुणेज्ज वा पविसेज्ज वा णिक्खमेज्ज वा ।**

**શબ્દાર્થ :– दुवारबाहं** = દ્વાર ભાગને **कंटगबोंदियाए** = કાંટાના જાળાથી **परिपिहियं** = બંધ કરવામાં આવ્યો હોય **उग्गहं** = આજ્ઞા માગે **अणणुण्णविय** = રજા લીધા વિના **अप्पमज्जिय** = પ્રમાર્જન કર્યા વિના **णो अवंगुणेज्ज** = તે દરવાજો ખોલે નહિ **पविसेज्ज** = ખોલીને પ્રવેશ કરે નહિ **णिक्खमेज्ज** = નીકળે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર ભિક્ષા માટે જઈ રહ્યા હોય, ત્યારે ઘરનું આંગણું કે ફળીયું કાંટાની વાડથી બંધ કરેલું હોય, તો તે જોઈને તે ઘરના માલિકની આજ્ઞા લીધા વિના, તેનું પ્રતિલેખન કર્યા વિના અને(જીવજંતુ આદિ હોય, તો) રજોહરણાદિથી પ્રમાર્જન કર્યા વિના તેને ખોલે નહિ, પ્રવેશ કરે નહિ અને તેમાંથી બહાર નીકળે નહિ, પરંતુ પહેલાં માલિકની રજા લઈને પ્રતિલેખન કરે અને જીવજંતુ હોય, તો રજોહરણાદિથી પોંજીને તેને ખોલે, પછી તેમાં પ્રવેશ કરે અને ત્યાંથી નીકળે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને ગૃહસ્થના બંધ દરવાજા ખોલીને ગોચરી જવાનો વિવેક દર્શાવ્યો છે.

જે ઘરનો દરવાજો કાંટાની વાડ આદિથી બંધ હોય, તો આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના, ઉપરથી દીવાલ ઓળંગીને કે કાંટા દૂર કરીને પ્રવેશ કરવો સાધુ માટે યોગ્ય નથી, કારણ કે તેમ કરવાથી સાધુને અદત્તનો દોષ લાગે, ગૃહસ્થને સાધુ પ્રત્યે ઘૃણા કે દ્વેષ થાય, તે સાધુ ઉપર ચોરીનો આરોપ પણ મૂકે, ક્યારેક દરવાજા ખુલ્લા રહી જવાથી કોઈ વસ્તુ ચોરાઈ જાય કે કોઈ પશુ દ્વારા વસ્તુ ભાંગે-તૂટે તો સાધુ પ્રત્યે શંકા થાય છે.

જો તે ઘરમાં જવું આવશ્યક હોય તો તે ઘરના સભ્યની રજા લઈને દરવાજાનું પ્રતિલેખન, પ્રમાર્જન કરીને યતનાપૂર્વક ખોલીને જાય.

સંક્ષેપમાં સાધુના વ્યવહારથી શાસનની હીલના ન થાય, લોકોને સાધુ પ્રત્યે અભાવ ન થાય, તેમજ સાધુને સૂક્ષ્મ પણ અદત્તનું સેવન ન થાય તે રીતે વિવેકપૂર્વક ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવો જોઈએ.

**પૂર્વ પ્રવિષ્ટ શ્રમણ આદિની ઉપસ્થિતિમાં ભિક્ષા ગ્રહણની વિધિ :–**

**६ से भिक्खू वा भिक्खुणी वा *जाव* समाणे से जं पुण जाणेज्जा– समणं वा माहणं वा गामपिंडोलगं वा अतिहिं वा पुव्वपविट्ठं पेहाए णो तेसिं संलोए संपडिदुवारे चिट्ठेज्जा ।**

**केवली बूया– आयाणमेयं । पुरा पेहाए तस्सट्ठाए परो असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहट्टु दलएज्जा । अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा, एस हेउ, एस कारणं, एस उवएसो– जं णो तेसिं संलोए संपडिदुवारे चिट्ठेज्जा ।**

**से तमायाए एगंतमवक्कमेज्जा एगंतमवक्कमेत्ता अणावायमसंलोए चिट्ठेज्जा।**

**શબ્દાર્થ :–** **गामपिंडोलगं** = ગામના યાચક અર્થાત્ દરિદ્ર **अतिहिं** = અતિથિ **पुव्वपविट्ठं पेहाए** = પહેલા પ્રવેશ કરેલા જોઈને **तेसिं संलोए** = તેઓને દેખાય તેમ **सपडिदुवारे** = દરવાજાની સામે **णो चिट्ठेज्जा** = ઊભા રહે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં સમયે જાણે કે તેના ગયા પહેલાં જ અહીં ઘણા શાક્યાદિ શ્રમણ, બ્રાહ્મણ, ગામપિંડોલક એટલે કે રોટલા બંધાવેલા બાવાજી, અતિથિ અને યાચક આદિએ પ્રવેશ કરેલો છે, તો તેને જોઈને તેઓની નજર ન પડે તેમ ઉભા રહે. કેવળી ભગવંતોએ તેને કર્મબંધનું કારણ કહ્યું છે.

મુનિને દરવાજા ઉપર ઊભેલા જોઈને ગૃહસ્થ પહેલા જ તેના માટે આરંભ, સમારંભ કરીને અશનાદિ ચારે ય પ્રકારનો આહાર બનાવીને તેને આપશે, તેથી ભિક્ષુઓ માટે તીર્થંકર ભગવંતોએ પહેલાથી જ આ પ્રમાણે પ્રતિજ્ઞા, હેતુ, કારણ અને ઉપદેશ કહ્યો છે કે ભિક્ષુ તે ગૃહસ્થ અને શાક્યાદિ ભિક્ષાચરોની સામે કે તેના નીકળવાના રસ્તામાં ઊભા રહે નહિ.

શાક્યાદિ ભિક્ષુકો ભિક્ષા માટે ઊભા છે તેમ જાણીને સાધુ એકાંત સ્થાનમાં ચાલ્યા જાય અને કોઈ આવતું જતું ન હોય કે જોતું ન હોય તેવા સ્થાનમાં ઊભા રહે.

**૭** **सिक से परो अणावायमसंलोए चिट्ठमाणस्स असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहट्टु दलएज्जा, से एवं वएज्जा– आउसंतो समणा ! इमे भे असणे वा पाणे वा खाइमे वा साइमे वा सव्वजणाए णिसिट्ठे, तं भुंजह वा णं, परिभाए ह वा णं ।**

**तं चेगइओ पडिगाहेत्ता तुसिणीओ उवेहेज्जा– अवियाइं एवं ममेव सिया । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।**

**से तमायाए तत्थ गच्छेज्जा, तत्थ गच्छेत्ता से पुव्वामेव आलोएज्जा– आउसंतो समणा ! इमे भे असणे वा पाणे वा खाइमे वा साइमे वा सव्वजणाए णिसट्ठे । तं भुंजह वा णं, परिभाएह वा णं ।**

**से एवं वदंतं परो वएज्जा– आउसंतो समणा ! तुमं चेव णं परिभाएहि ।**

**से तत्थ परिभाएमाणे णो अप्पणो खद्धं-खद्धं, डायं-डायं, ऊसढं-ऊसढं, रसियं-रसियं मणुण्णं-मणुण्णं, लुक्खं-लुक्खं । से तत्थ अमुच्छिए अगिद्धे अगढिए अणज्झोववण्णे बहुसममेव परिभाएज्जा ।**

**से णं परिभाएमाणं परो वएज्जा– आउसंतो समणा ! मा णं तुमं परिभाएहि, सव्वे वेगइया भोक्खामो वा पाहामो वा ।**

**से तत्थ भुंजमाणे णो अप्पणो खद्धं-खद्धं** *जाव* **लुक्खं । से तत्थ अमुच्छिए अगिद्धे अगढिए अणज्झोववण्णे बहुसममेव भुंज्जेज वा पीएज्ज वा ।**

**શબ્દાર્થ :–सव्वजणाए** = સર્વ ભિક્ષુઓના માટે **णिसट्ठे** = આપ્યો છે **भुंजह** = તે આહારને વાપરો **परिभाएह** = પરસ્પર ભાગ પાડી લ્યો **तं** = તે **चेगइओ** = પરંતુ એકાંતમાં ઊભેલો કોઈ સાધુ **पडिगाहेत्ता** = લઈને **तुसणीओ** = મૌન રહીને **उवेहेज्जा** = ઉપેક્ષા કરે **ममेव सिया** = મને આપ્યું છે તેથી મારા માટે જ છે જો એમ વિચારે તો **से एवं वदंतं** = આ રીતે બોલતા તે સાધુને જો **परो वएज्जा** = બીજા સાધુ કહે **खद्धं-खद्धं** = વધારે સુંદર શાક **ऊसढं** = વર્ણાદિ ગુણોથી યુક્ત પદાર્થ **रसियं** = રસયુક્ત ભોજન **मणुण्णं** = મનોજ્ઞ **णिद्धं** = સ્નિગ્ધ **लुक्खं** = રુક્ષ આહારને **से** = તે સાધુ **तत्थ** = તે આહારમાં **अमुच्छिए** = મૂર્છારહિત **अगिद्धे** = ગૃદ્ધિ રહિત **अगढिए** = આદરભાવ રહિત **अणज्झोववण्णे** = આસક્તિથી રહિત થઈને **बहुसममेव** = સર્વને સમાન રૂપથી **परिभाएज्जा** = વિભાગ કરી દે **भुंज्जेज्ज वा पीएज्ज वा** = વાપરે અથવા પીએ.

**ભાવાર્થ :–** આવાગમન રહિત એકાંત સ્થાનમાં ઊભેલા ભિક્ષુને જોઈને ગૃહસ્વામી અશનાદિ ચારે પ્રકારનો આહાર લાવીને તેને આપે અને એમ પણ કહે કે– હે આયુષ્યમન્ શ્રમણ ! આ અશનાદિ ચારે ય પ્રકારનો આહાર હું આપ સર્વને માટે આપી રહ્યો છું. આપ આ આહારનો ઉપભોગ કરજો અને પરસ્પર વિભાજન કરી લેજો.

ગૃહસ્થનું આ કથન સાંભળીને સાધુ તે આહારને ચુપચાપ ગ્રહણ કરી, એવો વિચાર ન કરે કે આ આહાર મને આપ્યો છે, માટે મારો જ છે. જો તે સાધુ આ પ્રમાણે વિચાર કરીને તે સર્વ આહાર પોતાનો કરી લે, તો તે માયા સ્થાનનું સેવન કરે છે, માટે સાધુ તે પ્રમાણે કરે નહિ.

સાધુ તે આહાર લઈને પહેલાં ઊભેલા અન્ય શ્રમણો પાસે જાય અને તેઓ કાંઈ પણ બોલે, તે પહેલાં પોતે જ કહે કે– હે આયુષ્યમાન શ્રમણો ! આ અશનાદિ ચારે ય પ્રકારનો આહાર ગૃહસ્થે આપણા સર્વ માટે આપ્યો છે, તેથી આપ સર્વ તેનો ઉપભોગ કરો અને પરસ્પર વિભાજન કરી લ્યો.

આ પ્રમાણે કહે ત્યારે કોઈ ભિક્ષુ તે સાધુને કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! આપ જ આ આહારનું વિભાજન કરી દયો, તો તે આહારનો ભાગ કરતા તે સાધુ પોતાના માટે જલદી-જલદી, સારો-સારો, વિશેષ પ્રમાણમાં, વર્ણાદિ ગુણોથી યુક્ત, સ્વાદિષ્ટ, મનોજ્ઞ સ્નિગ્ધ આહાર અને ખાખરા, પાપડ વગેરે મનોજ્ઞ રૂક્ષ-સૂકા પદાર્થો પોતે લઈ ન લે, પરંતુ તે આહારમાં મૂર્ચ્છા રહિત, ગૃદ્ધિ રહિત-લોભ રહિત, આદર રહિત તેમજ અનાસક્ત ભાવે સર્વ માટે એક સરખો વિભાગ કરે.

સમવિભાગ કરતાં સમયે સાધુને જો કોઈ એમ કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! આપ વિભાગ કરો નહિ; આપણે સર્વ સાથે મળીને આ આહાર પાણી વાપરશું, તો સાથે આહાર કરતાં સાધુ પોતે ઘણા પ્રમાણમાં, સુંદર, સરસ આહાર અથવા મનોજ્ઞ(દાળિયા ખાખરા, પાપડ વગેરે) સૂકા ખાદ્ય પદાર્થ જલદી-જલદી ન ખાય, પરંતુ તે સમયે પણ તે આહારમાં મૂર્ચ્છા રહિત, ગૃદ્ધિ રહિત-લોલુપતા રહિત, આદર રહિત અને અનાસક્ત ભાવે બરાબર સમાન પ્રમાણમાં જ ખાય અને પીએ.

**૮ से भिक्खु वा भिक्खुणी वा** *जाव* **समाणे से जं पुण जाणेज्जा– समणं वा माहणं वा गामपिंडोलगं वा अतिहिं वा पुव्वपविट्ठं पेहाए णो ते उवाइक्कम्म पविसेज्ज वा ओभासेज्ज वा । से तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमेत्ता अणावायमसंलोए चिट्ठेज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पडिसेहिए वा दिण्णे वा; तओ तम्मि णियत्तिए । तओ संजयामेव पविसेज्ज वा ओभासेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં પહેલા જાણે કે શાક્યાદિ શ્રમણ, બ્રાહ્મણ, બાવાજી કે અતિથિ આદિ પહેલાથી જ ઘરમાં પ્રવિષ્ટ છે કે દ્વાર પર ઊભા છે, તો તે જોઈને સાધુ તેનું ઉલ્લંઘન કરીને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે નહિ અથવા મોટેથી બૂમ પાડીને દાતા પાસેથી આહારાદિની યાચના કરે નહિ, પરંતુ તેઓને જોઈને, આવાગમન રહિત એકાંત સ્થાનમાં જઈને કોઈની નજર ન પડે તે રીતે ઊભા રહે.

જ્યારે તે જાણે કે ગૃહસ્થે શ્રમણાદિને આહાર આપવાની ના પાડી છે અથવા તેઓને આપી દીધું છે અને તે શ્રમણાદિ ગૃહસ્થના ઘરેથી પાછા ફરી ગયા છે, ત્યારે તે સાધુ યતનાપૂર્વક ગૃહસ્થના ઘરમાં જાય અને આહારાદિની યાચના કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૂર્વ પ્રવિષ્ટ શ્રમણાદિ સાથે જૈન શ્રમણના વ્યવહારનું નિરૂપણ છે.

જૈન શ્રમણોનો પ્રત્યેક વ્યવહાર અન્ય જીવોને ભાર રૂપ થાય તેવો કે અભાવ પ્રગટ કરે તેવો હોતો નથી. ગૃહસ્થના ઘરમાં અન્ય શ્રમણ, ભિક્ષુકો કે યાચકો ઊભા હોય, તો મુનિ ભિક્ષા માટે ત્યાં જાય નહીં, તેમજ તેઓનું ઉલ્લંઘન કરીને કદાપિ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે નહીં. તે પ્રમાણે કરવાથી અન્ય ભિક્ષુકોને ભોજનની અંતરાય થાય, ગૃહસ્થને કે તે ભિક્ષુકોને જૈન શ્રમણો પ્રતિ અભાવ થાય, બધાને ભોજન દેવાથી ગૃહસ્થ ઉપર ભાર વધી જાય, તેથી મુનિ અન્ય ભિક્ષુકોને જોઈને ગૃહસ્થ કે ભિક્ષુકની દૃષ્ટિ ન પહોંચે તેવા એકાંત સ્થાનમાં સમભાવથી ઊભા રહે. જ્યારે અન્ય ભિક્ષુકો ભોજન લઈને ચાલ્યા જાય, ત્યાર પછી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને નિર્દોષ આહારની યાચના કરે.

ક્યારેક એકાંત સ્થાનમાં ઊભેલા મુનિને જોઈને ગૃહસ્થ અશનાદિ ચારે પ્રકારનો આહાર લાવીને આપે અને કહે કે હું ઘર કામમાં વ્યસ્ત હોવાથી બધા સાધુઓને અલગ-અલગ ભિક્ષા આપી શકું તેમ નથી. તમે બધા સાથે મળીને ભોજન કરી લેજો અથવા આહારનું વિભાજન કરી લેજો. આ પરિસ્થિતિમાં મુનિ તે આહાર ગ્રહણ કરીને તેના પર પોતાનો માલિકી ભાવ જમાવે નહીં, તે આહાર બધા સાધુને આપ્યો હોવા છતાં પણ આહાર મને આપ્યો છે, તેથી મારો જ છે, આ પ્રમાણે વિચારે નહી. જો આ પ્રમાણે વિચારે તો મુનિ માયા-કપટનું સેવન કરે છે.

મુનિ તે સર્વ આહાર લઈને સર્વ સાધુઓને બતાવે અને સમભાવપૂર્વક તેનું વિભાજન કરે અથવા સમભાવપૂર્વક તેને વાપરે, વિભાજન કરવામાં કે તેને ભોગવવામાં પણ માયા કપટ ન કરે. સરસ કે નીરસ સર્વ આહારનું સમાન વિભાજન કરે.

આ પ્રકારના વ્યવહારથી ભગવાનની આજ્ઞાનું પાલન, સમભાવની પુષ્ટિ અને સંયમની રક્ષા થાય છે.

જૈન શ્રમણોની સમાચારી અનુસાર જૈન શ્રમણો પોતાના સાંભોગિક સાધુઓ સાથે જ ભોજન-પાણીના આદાન-પ્રદાનનો વ્યવહાર કરે છે. તેઓને અન્ય મતાવલંબી ભિક્ષુકો સાથે કે અસાંભોગિક જૈન શ્રમણો સાથે આહારનું વિભાજન કરવું કે સાથે ભોજન કરવું કલ્પનીય નથી, તેથી સૂત્રોક્ત કથન અનુસાર દાતા અન્ય મતના શ્રમણો અને જૈન શ્રમણો સર્વ માટે સાથે આહાર આપતા હોય તો સાધુ પહેલાં જ કહી દે

કે આ રીતે આહાર ગ્રહણ કરવો અમોને કલ્પતો નથી, તેમ કહીને સાધુ તે આહાર ગ્રહણ ન કરે.

સર્વ જૈન શ્રમણો માટે અર્થાત્ સાધર્મિક સર્વ સાધુઓ માટે સાથે આહાર આપે તો તે ગ્રહણ કરી લે પરંતુ સાંભોગિક સાધુ સિવાય અન્ય સાધર્મિક સાધુ તથા પાર્શ્વસ્થ સાંભોગિક સાથે એક માંડલામાં બેસી આહાર કલ્પતો ન હોવાથી આવી આપવાદિક પરિસ્થિતિમાં ગીતાર્થ સાધુ યથાયોગ્ય નિર્ણય કરી તે સાધર્મિક સાધુ તથા પાર્શ્વસ્થ સાંભોગિક સાધુને આહાર વહેંચી શકે છે અને તેનું પ્રાયશ્ચિત કરી શકે છે, પરંતુ તેઓ સાથે એક માંડલામાં બેસી ભોજન ન કરે.

સમનોજ્ઞ સાધુ સાથે તેમની ઈચ્છા પ્રમાણે આહાર વિભાજન કરે છે અથવા એક માંડલામાં બેસી સાથે આહાર કરે છે.

આ સૂત્રનું સ્પષ્ટીકરણ કરતાં ટબ્બાકારનું(સૂત્રોના સંક્ષિપ્ત શબ્દાર્થ ભાવાર્થના લેખકનું) કથન છે કે જૈન સાધુઓ શાક્યાદિ ભિક્ષુકો કે પાર્શ્વસ્થાદિ જૈન સાધુઓ સાથે કોઈ પણ પરિસ્થિતિમાં ભોજન-પાણીનો વ્યવહાર કરતા નથી. ગૃહસ્થ પાસેથી સર્વ માટે એક સાથે આહાર ગ્રહણ કરવો કે ગૃહસ્થે આપેલો આહાર અન્ય ભિક્ષુકોને આપવો, તે જૈન સાધુનો વ્યવહાર નથી. જૈન સાધુ, પોતાના જ અન્ય સાંભોગિક સાધુઓનો આહાર એક સાથે ગ્રહણ કરે અને તે આહાર લઈને પોતાના સ્થાનમાં જઈને અન્ય સર્વ સાંભોગિક સાધુઓને આમંત્રણ આપીને, બધાની સાથે ભોજન કરે છે અથવા આહારનું વિભાજન કરે. સૂત્રમાં પ્રયુક્ત **આउसंतो समणा** શબ્દ જૈન શ્રમણો માટે છે, અન્ય મતના શ્રમણો માટે નથી.

**ઉપસંહાર :–**

**૯ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ કે સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૫ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : છઠ્ઠો ઉદ્દેશક

**આહારાર્થી પશુ-પક્ષીઓવાળા માર્ગમાં ગમન વિવેક :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुल** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– रसेसिणो बहवे पाणा घासेसणाए संथडे संणिवइए पेहाए तं जहा– कुक्कुडजाइयं वा सूयरजाइयं वा, अग्गपिंडंसि वा वायसा संथडा संणिवइया पेहाए, सइ परक्कमे संजया मेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा ।**

**શબ્દાર્થ :– रसेसिणो** = રસની ગવેષણા કરનારા, આહારાર્થી **घासेसणाए** = આહાર માટે **संथडे** = ભેગા થઈ રહ્યા છે **संणिवइए** = માર્ગમાં બેઠેલા **कुक्कुडजाइयं** = કુકડાની જાતિના જીવો **सूयरजाइयं** = ડુક્કરની જાતિના જીવો **अग्गपिंडंसि** = ભોજનનો પ્રારંભિક થોડોક ભાગ, તે અગ્રપિંડ આહાર ખાવા માટે **वायसा** = કાગડા સમડી આદિ **संथडा** = ભેગા થઈને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી આહાર પ્રાપ્તિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં હોય, ત્યારે જાણે કે રસ્તામાં રસલોલુપી ઘણા પ્રાણીઓ ભેગા થઈને આહાર માટે ઊભા છે, જેમ કે– કૂકડાદિની જાતિના પ્રાણીઓ, ડુક્કરની જાતિના પ્રાણીઓ અથવા અગ્રપિંડ માટે કાગડાઓનો સમૂહ રસ્તામાં બેઠો છે. તે પ્રાણીઓને જોઈને સંયત સાધુ કે સાધ્વી બીજો રસ્તો જો હોય તો યતનાપૂર્વક તે રસ્તેથી જ જાય, પરંતુ પ્રાણીઓથી યુક્ત સીધા(ટૂંકા) રસ્તેથી જાય નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીઓ માટે પશુ-પક્ષીઓને આહારમાં અંતરાય પડે, તે રીતે ગમન કરવાનો નિષેધ છે.

સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ રાખનારા મુનિઓની પ્રત્યેક પ્રવૃત્તિમાં માનવ માત્ર જ નહીં પરંતુ પશુ-પક્ષીઓ આદિ જગજ્જીવોની સુરક્ષા સમાવિષ્ટ છે. સાધુ કે સાધ્વીના ગમન માર્ગમાં પશુઓ ચરતા હોય કે પક્ષીઓ ચણતા હોય, તો મુનિ ત્યાંથી પસાર ન થાય. પશુ-પક્ષીઓની વચ્ચેથી કે તેમની એકદમ બાજુમાંથી પસાર થવાથી– (૧) પશુ-પક્ષીઓ ભયભીત થઈને ભાગી જાય કે ઊડી જાય. (૨) પક્ષીના ઊડવાથી વાયુકાયના જીવો તથા પશુઓના દોડવાથી અન્ય ત્રસ જીવોની વિરાધના થાય. (૩) પશુ-પક્ષીને આહાર-પાણીમાં અંતરાય પડે. આ રીતે જીવોની પરિતાપનામાં નિમિત્ત ન બનવા માટે સાધુ અન્ય માર્ગ હોય તો તે અન્ય માર્ગ ઉપર ચાલે. અન્ય માર્ગ ન જ હોય, તો મુનિ તે જીવોને અંશ માત્ર પણ પરિતાપ ન પહોંચે, તેમ અત્યંત સાવધાની પૂર્વક ત્યાંથી પસાર થાય.

**कुक्कुडजाइयं ... :–** પ્રસ્તુત સૂત્રમાં કૂકડાની જાતિના જીવોથી સર્વ બે પગા પક્ષીઓનું અને ડુક્કરની જાતિના કથનથી સર્વ ચાર પગા પશુઓનું ગ્રહણ કર્યું છે અને પ્રાયઃ અગ્રપિંડ કાગડા, સમડી વગેરેને જ અપાય છે, તેથી તેનું **वायसा** શબ્દથી અલગ કથન છે. સંક્ષેપમાં કોઈ પણ જીવોના આહારાદિમાં અંતરાય ન પડે તે રીતે સાધુ ગમનાગમન કરે છે.

**अग्गपिंडंसि :–** ગૃહસ્થને ત્યાં તૈયાર થયેલા ભોજનમાંથી પ્રારંભિક થોડોક અંશ કાઢીને કાગડાઓ માટે ઉપર ઉડાડીને ખવડાવવામાં આવે તે પ્રકારનાં અગ્રપિંડનું અહીં કથન છે. પહેલા અને પાંચમા ઉદ્દેશકોમાં આ જ શબ્દ પ્રયોગ શ્રમણ બ્રાહ્મણ આદિ માટેના વિશિષ્ટ દાન પિંડ રૂપ ભોજન માટે પ્રયુક્ત થયો છે. શ્રાદ્ધના દિવસોમાં કે સંક્રાતના દિવસે લોકો આ પ્રકારે વિશેષ દાન-પુણ્ય કરે છે.

**ગૃહસ્થના ઘરમાં પ્રવિષ્ટ સાધુનો વિવેક :–**

**૨ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे णो गाहावइकुलस्स दुवारसाहं अवलंबिय-अवलंबिय चिट्ठेज्जा, णो गाहावइकुलस्स दगच्छड्डणमत्तए चिट्ठेज्जा, णो गाहावइकुलस्स चंदणिउयए चिट्ठेज्जा, णो गाहावइकुलस्स सिणाणस्स वा वच्चस्स वा संलोए संपडिदुवारे चिट्ठेज्जा, णो गाहावइकुलस्स आलोयं वा थिग्गलं वा संधिं वा दगभवणं वा बाहाओ पगिज्झिय पगिज्झिय-अंगुलियाए वा उद्दिसिय-उद्दिसिय ओणमिय-ओणमिय उण्णमिय-उण्णमिय णिज्झाएज्जा । णो गाहावइं अंगुलियाए उद्दिसिय-उद्दिसिय जाएज्जा, णो गाहावइं अंगुलियाए चालिय चालिय जाएज्जा, णो गाहावइं अंगुलियाए तज्जिय-तज्जिय जाएज्जा, णो गाहावइं अंगुलियाए उक्खुलंपिय उक्खुलंपिय जाएज्जा, णो गाहावइं वंदिय-वंदिय जाएज्जा, णो य णं फरुसं वएज्जा ।**

**શબ્દાર્થ :–** **दुवारसाहं** = બારસાખનો **अवलंबिय** = આધાર લઈને, **दगच्छड्डणमत्तए** = વાસણોનું ધોયેલું પાણી જ્યાં ભેગું કરાય છે તેવી ચોકડી-કુંડી પાસે **चंदणिउयए** = કોગળા કરવાની જગ્યાએ અથવા પીવાનું પાણી હોય તેવા પાણીઆરા પાસે **सिणाणस्स वा वच्चस्स** = સ્નાનઘર કે સંડાસ પાસે **संलोए** = દષ્ટિ પડતી હોય તેમ **संपडिदुवारे** = દરવાજાની સામે **आलोयं** = બારી કે ઝરૂખા **थिग्गलं** = મકાનના કોઈ સમારકામ કરેલા ભાગને **संधिं** = મકાનના સંધિ સ્થાનને, ચોર દ્વારા પાડેલ બાકોરાને **दगभवणं** = જલઘર, પાણિયારા **बाहाओ पगिज्झिय** = હાથને લાંબા કરી કરીને **अंगुलियाए** = આંગળીથી **उद्दिसिय** = ચીંધીને **ओणमिय** = નીચા વળીને **उण्णमिय** = ઊંચા થઈને **णो णिज्झाएज्जा** = જુએ નહિ અને બીજાને બતાવે પણ નહિ **उद्दिसिय** = બતાવીને **णो जाएज्जा** = યાચના કરે નહિ **अंगुलियाए चालिय** = ગૃહસ્થને આંગળીની પ્રેરણા કરીને **तज्जिय** = ભય બતાવીને **उक्खुलंपिय** = સ્પર્શ કરીને **गाहावइं वंदिय** = ગૃહસ્થની પ્રશંસા કરીને **फरुसं** = કઠોર વચન **णो वएज्जा** = કહે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહારાદિ માટે પ્રવેશ કરે, ત્યારે તેના દરવાજાની બારસાખનો ટેકો લઈને ઊભા ન રહે, વાસણ ધોવાની ચોકડી પાસે, હાથ-પગ કે મોઢું ધોવાની જગ્યાએ, બાથરૂમ કે સંડાસની સામે દષ્ટિ પડે તેમ ઉભા ન રહે અથવા તેમાં જવાના રસ્તામાં કે તેના દરવાજા પાસે, ઘરના ઝરૂખામાં, સમારકામ કરેલા મકાનના કોઈ ભાગમાં, બે દિવાલોની સંધિમાં અથવા પાણિયારા આદિ સ્થાનમાં ઊભા ન રહે. તે સ્થાનમાં ઊભા રહીને પોતાના હાથ લાંબા કરીને, આંગળી ચીંધીને, ઊંચા થઈને અથવા નીચા વળીને ગૃહસ્થોની કોઈ પણ ક્રિયાઓનું નિરીક્ષણ કરે નહીં કે બીજાને બતાવે નહીં. ગૃહસ્થ પાસે આંગળી ચીંધીને ખાદ્ય પદાર્થની યાચના કરે નહીં, ગૃહસ્થને આંગળીથી નિર્દેશ

કરીને, આંગળીથી ભયભીત કરીને, આંગળીનો સ્પર્શ કરીને કે ગૃહસ્થની પ્રશંસા કરીને આહારની યાચના કરે નહીં અને ક્યારેક ગૃહસ્થ આહાર ન આપે તો કઠોર વચન કહે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગૃહસ્થના ઘરમાં પ્રવિષ્ટ મુનિને ઇન્દ્રિય સંયમની હિતશિક્ષા આપી છે.

મુનિનો જીવન વ્યવહાર પોતાના ગૌરવને હાનિ ન થાય તેવો ગૌરવવંતો હોવો જોઈએ. સંયમ વિરાધના ન થાય તેની સાથે જ શાસનનો મહિમા વૃદ્ધિંગત થતો રહે, તે લક્ષ્ય સતત તેની નજર સમક્ષ હોય છે.

ગૃહસ્થના દરવાજાની બારશાખને પકડીને ઊભા રહેતા તે જીર્ણ હોય, તો પડી જાય કે હલી જાય તો તેનાથી મુનિને વાગી જાય, જીવવિરાધના તથા સંયમવિરાધના થાય. ગૃહસ્થના સંડાસ-બાથરૂમ આદિ સ્થાન પાસે ઊભા રહેવાથી ગૃહસ્થને ક્ષોભ થાય છે. વાસણ ધોવાની ચોકડી કે પાણિયારા આદિ સ્થાન પાસે ઊભા રહેવાથી ગૃહસ્થની પ્રવૃત્તિ સ્થગિત થઈ જાય, સૂત્રોક્ત સ્થાનો ઊંચા-નીચા થઈને જોવાથી ગૃહસ્થને અનેક પ્રકારની શંકા થાય છે, સાધુ પ્રતિ દ્વેષ કે અપમાનની ભાવના જાગૃત થાય છે.

આંગળી ચીંધી ચીંધીને વસ્તુની યાચના કરવાથી મુનિની રસલોલુપતા પ્રગટ થાય છે. ક્યારેક ગૃહસ્થને ઇચ્છા ન હોય તોપણ લજ્જાવશ આપવું પડે, ગૃહસ્થની પ્રશંસા કરવાથી ગૃહસ્થના અભિમાનનું પોષણ થાય, ક્યારેક પોતાની લાચારી પ્રદર્શિત થાય છે અને પૂર્વ-પશ્ચાત્ સંસ્તવ ઉત્પાદન નામનો દોષ લાગે છે.

આહાર પ્રાપ્તિ ન થાય, ત્યારે ગૃહસ્થને કઠોર વચન કહેવાથી સાધુ અને સાધુ માર્ગ પ્રતિ ગૃહસ્થને અભાવ થાય, તે શ્રદ્ધાથી ચલિત થઈ જાય અને સાધુની ભાષા સમિતિનો ભંગ થાય છે. કઠોર વચન કહેવા, તે ગૃહસ્થની આશાતના છે. ગૃહસ્થની આશાતના કરનારને નિશીથ સૂત્ર કથિત પ્રાયશ્ચિત્ત આવે છે.

આ રીતે મુનિની ચંચળતાથી સાધુ ધર્મનો નાશ થાય છે, તેથી મુનિએ ગૃહસ્થના ઘરમાં કારણ વિના ઊભા ન રહેવું જોઈએ. વિશિષ્ટ કારણવશ ઊભા રહેવું પડે, તો શિષ્ટાચાર અને સભ્યતાપૂર્વક ઊભા રહેવું જોઈએ.

સૂત્રોક્ત કથનથી સાધુ જીવનની ધીરતા, ગંભીરતા, નિરભિમાનતા, અનાસક્ત ભાવ તેમજ સહિષ્ણુતાનો પરિચય થાય છે. આ ગુણોના વિકાસથી જ સાધુતા પરિપકવ બને છે.

**પૂર્વકર્મ દોષયુક્ત આહાર ગ્રહણ વિવેક :–**

**३** **अह तत्थ कंचि भुंजमाणं पेहाए तं जहा– गाहावइं वा** *जाव* **कम्मकरिं वा । से पुव्वामेव आलोएज्जा– आउसो ! त्ति वा भइणि ! त्ति वा दाहिसि मे एत्तो अण्णयरं भोयणजायं ?**

**से सेवं वयंतस्स परो हत्थं वा मत्तं वा दव्विं वा भायणं वा; सीओदग– वियडेण वा उसिणोदगवियडेण वा; उच्छोलेज्ज वा पधोएज्ज वा । से पुव्वामेव आलोएज्जा– आउसो ! त्ति वा भइणि ! त्ति वा मा एयं तुमं हत्थं वा मत्तं वा दव्विं वा भायणं वा सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेहि वा पधोएहि वा; अभिकंखसि मे दाउं, एमेव दलयाहि ।**

**से सेवं वयंतस्स परो हत्थं वा मत्तं वा दव्विं वा भायणं वा सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेत्ता पधोइत्ता आहट्टु दलएज्जा । तहप्पगारेणं पुरोकम्मकएणं हत्थेण वा मत्तेण वा दव्वीए वा भायणेण वा; असणं वा पाणं वा खाइमं वा साइमं वा; अफासुयं अणेसणिज्जं *जाव* णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરે આહાર માટે પ્રવેશ કરે, ત્યારે ઘરના માલિક ***યાવત્*** નોકરાણી આદિ કોઈને પણ જમતા જોઈને આ પ્રમાણે કહે કે હે આયુષ્યમાન ભાઈ ! અથવા હે બહેન ! આમાંથી મને થોડું ભોજન આપશો ? સાધુ આ પ્રમાણે કહે ત્યારે તે ગૃહસ્થ હાથને, પાત્રને, કડછીને કે કાંસાદિના વાસણને કાચા પાણીથી કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધોવા જાય અર્થાત્ ગૃહસ્થને ધોવા માટેની તૈયારી કરતા જોઈને ભિક્ષુ પહેલાથી જ આ પ્રમાણે કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ ! કે બહેન ! તમે આ રીતે હાથ, પાત્ર, કડછી કે વાસણને ઠંડા પાણીથી કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધૂઓ નહિ. જો તમે મને આહાર આપવાની ઈચ્છા રાખતા હો તો એમજ આપો. આ રીતે સાધુ કહે તોપણ તે ગૃહસ્થ ઠંડા કે ગરમ પાણીથી હાથ, પાત્ર, કડછી કે વાસણને એકવાર કે વારંવાર ધોઈને અશનાદિ લાવીને આપે તો તે પ્રકારના પૂર્વકર્મ દોષયુક્ત હાથ, પાત્ર, કડછી કે વાસણથી લાવેલા અશનાદિ આહારને મુનિ અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**સચિત્ત સંસૃષ્ટ આહાર વિવેક :–**

**૪ अह पुण एवं जाणेज्जा– णो पुरेकम्मकएणं, उदउल्लेणं । तहप्पगारेण उदउल्लेण हत्थेण वा मत्तेण वा दव्वीए वा भायणेण वा; असणं वा पाणं वा खाइमं वा साइमं वा; अफासुयं *जाव* णो पडिगाहेज्जा ।**

**अह पुणेवं जाणेज्जा– णो उदउल्लेणं, ससिणिद्धेणं । सेसं तं चेव ।**

**एवं ससरक्खे, मट्टिया, ऊसे, हरियाले हिंगुलुए, मणोसिला, अंजणे, लोणे, गेरुय, वण्णिय, सेडिय, सोरट्ठिय-पिट्ठ, कुक्कुस, उक्कुट्ठ-संसट्ठेण वि आलावगा भाणियव्वा ।**

**अह पुण एवं जाणेज्जा– णो उक्कट्ठ संसट्ठेणं, असंसट्ठेणं । तहप्पगारेण असंसट्ठेण हत्थेण वा *जाव* पडिगाहेज्जा ।**

**अह पुणेवं जाणेज्जा–णो असंसट्ठे, तज्जाय संसट्ठे । तहप्पगारेण संसट्ठेण हत्थेण वा मत्तेण वा, दव्वीए वा, भायणेण वा; असणं वा पाणं वा खाइमं वा साइमं वा फासुयं *जाव* पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **णो उदउल्लेण** = હાથાદિ ભીના નથી **ससिणिद्धेणं** = સ્નિગ્ધ હાથાદિથી **ससरक्खे मट्टिया** = સચિત્ત માટીથી યુક્ત **ऊसे** = ક્ષારવાળી માટીથી(ખારાથી) **हरियाले** = હડતાલ **हिंगुलुए** = હિંગળો **मणोसिला** = મણસિલ **अंजणे** = અંજન **लोणे** = મીઠું **गेरुय** = ગેરુ **वण्णिय** = પીળી માટી **सेडिय** = ખડીની માટી-સફેદ માટીથી **सोरट्ठिय** = ફટકડીથી **पिट्ठ** = આ સર્વ પૃથ્વીકાયનું સચેત ચૂર્ણ

**कुक्कुस** = વનસ્પતિ, શાકભાજીના ટુકડા, છીલકા **उक्कुट्ठ** = કોથમીર વગેરેની પીસેલી તાજી ચટણી
**संसट्ठेण** = પૃથ્વી અને વનસ્પતિથી ખરડાયેલા **तज्जाय संसट्ठे** = દેય અચિત્ત ખાદ્ય પદાર્થથી ખરડાયેલા
**असंसट्ठे** = ઉપરોક્ત સચિત્ત જળ, પૃથ્વી કે વનસ્પતિથી ન ખરડાયેલા.

**ભાવાર્થ :–** જો સાધુ જાણે કે દાતાએ હાથ, પાત્ર આદિ ભિક્ષા દેવા માટે ધોયા નથી પરંતુ પહેલેથી જ ભીના છે, તો તેવાપ્રકારના કાચા પાણીવાળા હાથ, પાત્ર, કડછી આદિથી લાવીને અપાતો આહાર અપ્રાસુક, અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ. જો સાધુ જાણે કે હાથ, પાત્ર આદિ ભીના નથી, પરંતુ પાણીનો લેપ માત્ર છે કે રેખાઓ ભીની છે તો તેવા પ્રકારના કાચા પાણીવાળા હાથ, પાત્ર, કડછી આદિથી લાવીને અપાતો આહાર અપ્રાસુક, અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

જો જાણે કે હાથ, પાત્ર આદિ સચેત રજ, સચેત માટી, ક્ષારવાળી માટી, હડતાલ, હિંગળોક, મનસિલ, અંજન, મીઠું, ગેરુ-લાલ માટી, પીળી માટી, સફેદ માટી(ખડી), ફટકડી વગેરે સચિત્ત પૃથ્વીના ચૂર્ણથી, સુધારેલ શાકભાજીના બારીક ટુકડા, છીલકા, કોથમીરની તાજી ચટણી આદિ દ્વારા હાથ વગેરે ખરડાયેલા છે, તો તે પ્રકારના હાથ, પાત્રાદિથી લાવીને આપવામાં આવતો આહાર પણ સાધુ ગ્રહણ કરે નહિ,

પરંતુ સાધુ જાણે કે દાતાના હાથ વગેરે સચેત પાણીથી ભીના કે સ્નિગ્ધ નથી, સચેત માટી આદિથી ખરડાયેલા નથી, તો તથાપ્રકારના હાથ કે વાસણાદિથી આપવામાં આવતા અશનાદિને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય તો ગ્રહણ કરે છે.

જો તે સાધુ જાણે કે દાતાના હાથ, પાત્ર આદિ અસંસૃષ્ટ-સચેત પાણી, પૃથ્વી આદિથી ખરડાયેલા નથી, પરંતુ જે પદાર્થ આપવો છે તેનાથી જ ખરડાયેલા છે, તો તથાપ્રકારના હાથ કે વાસણાદિથી આપવામાં આવતા અશનાદિને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય, તો ગ્રહણ કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ માટે સચેત સંસૃષ્ટ આહાર ગ્રહણનો નિષેધ અને સચેત અસંસૃષ્ટ તથા તજ્જાત સંસૃષ્ટ આહાર ગ્રહણનું વિધાન છે.

ગૃહસ્થ સાધુના નિમિત્તે હાથ, વાસણાદિ ધોઈને વહોરાવે, તો સાધુને પૂર્વકૃત દોષ લાગે છે અને વહોરાવ્યા પછી હાથ વગેરે ધોવે, તો પશ્ચાત્કૃત દોષ લાગે છે.

**સંસૃષ્ટ :–** ક્યારેક સાધુને વહોરાવવાના નિમિત્તે નહીં પરંતુ ગૃહસ્થે પોતાના જ કોઈ કામ માટે હાથ આદિ ધોયા હોય અને તેના હાથ સચેત પાણીથી ભીના હોય અથવા તેના હાથ, પાત્ર આદિ સચેત માટી કે સચેત વનસ્પતિ આદિથી સંસૃષ્ટ હોય, તો તેના દ્વારા સાધુ આહાર ગ્રહણ કરે નહીં કારણ કે તેમાં જીવવિરાધના થાય છે.

**અસંસૃષ્ટ :–** જો ગૃહસ્થના હાથ, પાત્રાદિ સચેત પૃથ્વી, પાણી કે વનસ્પતિથી સંસૃષ્ટ ન હોય, તો તેના દ્વારા સાધુ નિર્દોષ અને પ્રાસુક આહારને ગ્રહણ કરી શકે છે.

**તજાત સંસૃષ્ટ :–** જો ગૃહસ્થના હાથ, પાત્રાદિ સચેત પૃથ્વી આદિથી સંસૃષ્ટ ન હોય, પરંતુ વહોરાવવા યોગ્ય ખાદ્ય પદાર્થથી જ સંસૃષ્ટ હોય, જેમ કે ચમચો શાકવાળો જ હોય, તો તે ચમચા દ્વારા પ્રાસુક અને એષણીય પદાર્થ ગ્રહણ કરી શકે છે.

**ખાંડી–ઝાટકી અપાતા આહાર ગ્રહણનો નિષેધ :–**

**૫** **से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– पिहुयं वा बहुरयं वा** *जाव* **चाउलपलंबं वा अस्संजए भिक्खुपडियाए चित्तमंताए सिलाए** *जाव* **मक्कडासंताणाए कोट्टिंसु वा कोट्टेंति वा कोट्टिस्संति वा उप्फणिंसु वा उप्फणिंति वा उप्फणिस्संति वा । तहप्पगारं पिहुयं वा** *जाव* **चाउलपलंबं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **पिहुयं** = ઘઉં આદિના પોંક **बहुरयं** = બાજરા, મકાઈ આદિના ડોડા **चाउलपलंबं** = અધકચરા પકાવેલ કાચા ચોખાના કણાદિ **चित्तमंताए सिलाए** = સચિત્ત પૃથ્વી પર **मक्कडासंताणाए** = કરોળિયા આદિના જાળાથી યુક્ત સ્થાન પર **कोट्टिंसु** = કૂટીને તૈયાર કર્યા છે **कोट्टेंति** = કૂટીને તૈયાર કરી રહ્યા છે **कोट्टिस्संति** = કૂટસે **उप्फणिंसु वा उप्फणंति वा उप्फणिस्संति** = સાધુના માટે ડાંગર આદિના છીલકા જુદા કર્યા હોય, કરતા હોય અને કરશે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે– ઘઉં આદિનો પોંક, બહુરજ–જેમાં ફેંકવાનું વધુ હોય તેવા મકાઈ આદિના ડોડા ***યાવત્*** કમોદ; સાધુને આપવા માટે ગૃહસ્થે સચિત્ત શિલા ઉપર ***યાવત્*** કરોળિયાના જાળા સહિતની શિલા ઉપર ખાંડીને તૈયાર કર્યા છે, તૈયાર કરી રહ્યા છે કે તૈયાર કરશે, તે જ રીતે તે પદાર્થોના ફોતરા સૂપડા વગેરેથી ઝાટકીને જુદા કર્યા છે, કરી રહ્યા છે કે કરશે, તો તેવા પ્રકારના ઘઉં આદિને અપ્રાસુક અને અનેષણીય જાણીને સાધુ ગ્રહણ કરે નહિ.

**૬** **से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– बिलं वा लोणं, उब्भियं वा लोणं; अस्संजए भिक्खुपडियाए चित्तमंताए सिलाए** *जाव* **संताणाए भिंदिंसु वा भिंदंति वा भिंदिस्संति वा; रुचिंसु वा रुचंति वा रुचिस्संति वा, तहप्पगारं बिलं वा लोणं, उब्भियं वा लोणं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **बिलं वा लोणं** = બાળેલું મીઠું, બલવણ, અગ્નિ પર શેકેલું કોઈ પણ પ્રકારનુ મીઠું **उब्भियं वा लोणं** = ઉદ્‌ભિન્ન, કોઈ પણ શસ્ત્રથી ભેદાયેલું અર્થાત્ શસ્ત્ર પરિણત થઈને અચિત્ત થયેલું મીઠું **भिंदिंसु वा भिंदंति वा भिंदिस्संति** = ભેદ્યું છે, ભેદે છે અને ભેદશે કે **रुचिंसु रुचंति रुचिस्संति** = શિલા આદિ ઉપર પીસ્યું છે, પીસે છે કે પીસશે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે ગૃહસ્થે અગ્નિ પરિણત મીઠું–બલવણ કે લીંબુ આદિ શસ્ત્ર પરિણત મીઠાને સાધુ માટે સચેત શિલા આદિ ઉપર ખાંડ્યું છે, ખાંડે છે કે ખાંડશે; બારીક પીસ્યું છે, પીસે છે કે પીસશે, તો તેવા પ્રકારના મીઠાને અપ્રાસુક અને અનેષણીય સમજીને ગ્રહણ કરે નહિ.

**૭** **से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा अगणि-णिक्खित्तं, तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**केवली बूया– आयाणमेयं । असंजए भिक्खुपडियाए उस्सिंचमाणे वा णिस्सिंचमाणे वा आमज्जमाणे वा पमज्जमाणे वा ओयारेमाणे वा उव्वत्तेमाणे वा अगणिजीवे हिंसेज्जा । अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा, एस हेऊ, एस कारणं, एसुवएसे– जं तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अगणिणिक्खित्तं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **उस्सिंचमाणे** = અગ્નિ ઉપર રાખેલા વાસણમાં નાખતાં **णिस्सिंचमाणे** = અગ્નિ ઉપર રાખેલ વાસણમાંથી કાઢતા અથવા ઊભરાતા દૂધને શાંત કરતા **आमज्जमाणे** = હાથાદિથી હલાવતા કે **पमज्जमाणे** = વારંવાર હલાવતા કે **ओयारेमाणे** = અગ્નિ પરથી ઉતારતા કે **उव्वत्तेमाणे** = વાસણને ત્રાંસું કરતા **पुव्वोवदिट्ठा** = પૂર્વોપદિષ્ટ અર્થાત્ તીર્થંકર ભાષિત છે **अगणिणिक्खित्तं** = અગ્નિ ઉપર રાખેલા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરે આહાર માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે અશનાદિ આહાર અગ્નિ ઉપર રાખેલો છે. તો તેવા અશનાદિ ચારે પ્રકારના આહારને પ્રાપ્ત થવા છતાં પણ અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ.

કેવળી ભગવાન કહે છે કે આ કર્મના આશ્રવનો માર્ગ છે, કારણ કે ગૃહસ્થ સાધુના લક્ષ્યે અગ્નિ ઉપર રાખેલા વાસણમાંથી આહાર કાઢતા, ઊભરાતા દૂધ આદિને પાણી આદિનો છંટકાવ કરી શાંત કરતા, તેને હાથ આદિથી એકવાર કે વારંવાર હલાવતાં, અગ્નિ ઉપરથી નીચે ઊતારતાં કે વાસણને ત્રાંસુ કરતાં, તે અગ્નિકાયના જીવોની હિંસા કરે છે. જેથી તીર્થંકર ભગવંતોએ પહેલાંથી જ ભિક્ષુઓને માટે આ પ્રતિજ્ઞા, હેતુ, કારણ અને ઉપદેશ કહ્યો છે કે સાધુ-સાધ્વી અગ્નિ ઉપર રાખેલા અશનાદિ ચારે પ્રકારના આહારને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મુખ્યત્વે વાયુકાય અને અગ્નિકાય જીવોની વિરાધના યુક્ત આહાર ગ્રહણ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

ગૃહસ્થો ભૂંજેલા કે શેકેલા પદાર્થોને સાધુ માટે ખાંડીને, તેનું ભૂસું કાઢીને, ફોતરા ઊડાડીને આપે તો તેમાં વાયુકાયની વિરાધના થાય છે અને ખાંડવા માટેની શિલા વગેરે સચિત્ત કે અન્ય જીવ યુક્ત હોય તો તે જીવોની વિરાધના થાય છે.

**बिलं वा लोणं, उब्भियं वा लोणं :–** બિલ લવણ, ઉદ્‌ભિન્નલવણ. આ બંને અચિત્ત થયેલા મીઠાના નામ છે. સામાન્ય રીતે મીઠું પૃથ્વીકાય હોવાથી સચેત છે. તેને અન્ય વિજાતીય શસ્ત્રનો સંયોગ થાય, ત્યારે તેનાથી પરિણત થઈને તે અચેત થાય છે, જેમ કે મીઠાને શેકી નાંખે ત્યારે તે અગ્નિ પરિણત થવાથી અચેત થઈ જાય છે. તેવું બાળેલું મીઠું કે શેકેલું મીઠું બિલ લવણ–**બલવણ** અચેત છે અથવા લીંબુ, મરચા કેરીમાં આદિમાં મીઠું ભરીને રાખે. લીંબું આદિના રસરૂપી શસ્ત્ર પરિણત થઈને તે સચેત મીઠું અચેત થાય છે. આ રીતે અન્ય કોઈ પણ શસ્ત્રથી અચેત થયેલું મીઠું **ઉદ્‌ભિન્ન લવણ**–મીઠું કહેવાય છે. આ અધ્યયનના દસમા ઉદ્દેશકમાં આ બંને પ્રકારના મીઠાનો સાધુ ઉપયોગ કરી શકે છે, તેવું વિધાન છે અને શ્રી નિશીથ સૂત્રના બારમા ઉદ્દેશકમાં પણ આ બંને પ્રકારના મીઠાના નામ છે, ત્યાં સાધુને સંગ્રહ કરી

રાત્રે રાખીને તેનો ઉપયોગ કરવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. શ્રી દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં સચેત મીઠાના અનેક નામ આપ્યા છે, તેમાં આ બે નામ નથી. આ રીતે આગમ પાઠોને જોતાં સ્પષ્ટ થાય છે કે અચિત્ત મીઠાના વર્ણન પ્રસંગે આ બે પ્રકારના મીઠાનું જ કથન હોય છે.

આ બંને પ્રકારના અચિત્ત મીઠાને ગૃહસ્થો સાધુ માટે ખાંડે કે પીસે તો તે સાધુ માટે અગ્રાહ્ય છે, કારણ કે અચેત ખાદ્ય પદાર્થોમાં કોઈ પણ પ્રકારે પરિવર્તન કરવામાં અન્ય જીવોની વિરાધનાની સંભાવના છે. ખાંડવા, પીસવા વગેરેમાં વાયુકાયની હિંસા થાય છે, તેથી સાધુના નિમિત્તે કોઈ પરિકર્મ થાય, તો તે સાધુને કલ્પનીય નથી.

ક્યારેક ગૃહસ્થો સાધુને જોઈને શાક, દાળ આદિ ચૂલા પરથી નીચે ઉતારે, ક્યારેક તેને ગરમ કરે, ચૂલા પર રહેલા મોટા તપેલામાંથી સાધુને વહોરાવવા માટે શાક આદિ નાના વાસણમાં કાઢે, દૂધ ઊભરાતું હોય, તો તેમાં પાણી છાંટે, ઈત્યાદિ સર્વ ક્રિયાઓમાં અગ્નિકાયિક જીવોની વિરાધના થાય છે, માટે તે આહાર સાધુને અગ્રાહ્ય છે. અગ્નિ ઉપર રહેલા પદાર્થ લેવામાં પણ અનેક રીતે અગ્નિકાયની વિરાધના થાય છે તે સૂત્ર પાઠથી સ્પષ્ટ છે.

સંક્ષેપમાં સાધુને વહોરાવવાના નિમિત્તે કોઈ પણ જીવોને અંશ માત્ર પણ કિલામના કે પરિતાપના થાય, તેવો આહાર સાધુને માટે કલ્પનીય નથી.

**ઉપસંહાર :–**

**૮ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૬ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : સાતમો ઉદ્દેશક

**માલોપહૃત દોષયુક્ત આહાર ગ્રહણ નિષેધ :–**

**१** **से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुणं जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा; खंधंसि वा थंभंसि वा मंचंसि वा मालंसि वा पासादंसि वा हम्मियतलंसि वा अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि उवणिक्खित्ते सिया । तहप्पगारं मालोहडं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**केवली बूया– आयाणमेयं । असंजए भिक्खुपडियाए पीढं वा फलगं वा णिस्सेणिं वा उदूहलं वा अवहट्टु उस्सविय दुरुहेज्जा । से तत्थ दुरुहमाणे पयलेज्ज वा पवडेज्ज वा । से तत्थ पयलमाणे वा पवडमाणे वा हत्थं वा पायं वा बाहुं वा ऊरुं वा उदरं वा सीसं वा अण्णयरं वा कायंसि इंदियजायं लूसेज्ज वा; पाणाणि वा भूयाणि वा जीवाणि वा सत्ताणि वा अभिहणेज्ज वा वत्तेज्ज वा लेसेज्ज वा संघसेज्ज वा संघट्टेज्ज वा परियावेज्ज वा किलामेज्ज वा ठाणाओ ठाणं संकामेज्ज वा । तं तहप्पगारं मालोहडं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– खंधंसि** = ભીંત ઉપર રાખ્યું હોય **थंभंसि** = થાંભલા ઉપર રાખેલ **मंचंसि** = માંચડા ઉપર **मालंसि** = માળ ઉપર **पासादंसि** = મહેલ ઉપર **हम्मियतलंसि** = હવેલીના માળ ઉપર **अण्णयरंसि** = અન્ય કોઈ **तहप्पगारंसि** = આ પ્રકારના **अंतलिक्खजायंसि** = સીડી મૂકીને જે પદાર્થ ઉતારી શકાય તેવા સ્થાનો પર **उवणिक्खित्ते सिया** = રાખ્યું હોય **पीढं** = બાજોઠને **फलगं** = પાટિયાને **णिस्सेणिं** = સીડીને **उदूहलं** = ખાંડણિયાને **अवहट्टु** = લાવીને **उस्सविय** = ઊંચું કરીને **दुरुहेज्जा** = ચઢે **पयलेज्ज** = પગ લપસી જાય **पवडेज्ज** = પડી જાય **इंदियजायं** = અંગોપાંગ **लूसेज्ज** = ઈજા પહોંચે **अभिहणेज्ज** = હિંસા થાય **वत्तेज्ज** = તેને ત્રાસ થાય **लेसेज्ज** = મસળાય જાય **संघसेज्ज** = સંઘર્ષિત થાય **संघट्टेज्ज** = અથડાય જાય **परियावेज्ज** = પરિતાપના થાય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરે ભિક્ષા પ્રાપ્તિને માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે અશનાદિ ચારે પ્રકારનો આહાર ગૃહસ્થને ત્યાં ભીંત ઉપર, થાંભલા ઉપર, માંચડા ઉપર, ઘરના ઉપરના ભાગમાં, મહેલ ઉપર અને હવેલીના બીજા ત્રીજા માળ ઉપર તથા બીજા પણ તેવા પ્રકારના નીસરણી ઉપર ચડીને ઉતારી શકાય તેવા ઊંચા સ્થાન પર રાખેલો છે, તો તે પ્રકારની ઊંચી જગ્યાએથી ઉતારીને આપવામાં આવતો અશનાદિ ચારે ય પ્રકારનો આહાર અપ્રાસુક તેમજ અનેષણીય જાણીને સાધુ ગ્રહણ કરે નહિ.

કેવલી ભગવાન કહે છે– આ કર્મબંધનું કારણ છે, કારણ કે ગૃહસ્થ સાધુને આહાર આપવાના ઉદ્દેશ્યથી ઉપરના ભાગમાંથી ઉતારવા માટે બાજોઠ, પાટલો, નિસરણી કે ખાંડણિયાદિને લાવીને તેના ઉપર

ચઢે, ઉપર ચઢતા તે ગૃહસ્થ લપસી જાય કે પડી જાય અને તેના હાથ, પગ, ભુજા, છાતી, પેટ, મસ્તક કે શરીરના કોઈ પણ અવયવ ભાંગી જાય અથવા તેના પડવાથી પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વની હિંસા થાય, તે જીવો ધૂળ આદિમાં દબાઈ જાય, કચડાઈ જાય, અથડાઈ જાય, પીડા થાય, સંતાપ થાય, ત્રસ્ત થાય કે એક જગ્યાએથી બીજી જગ્યાએ સંક્રમણ થાય, મૃત્યુ પણ પામી જાય તેથી તથાપ્રકારનો માલોપહૃત–ઊંચા સ્થાને રાખેલો અશનાદિ ચારે ય પ્રકારનો આહાર પ્રાપ્ત થવા છતાં સાધુ તેને ગ્રહણ કરે નહિ.

**૨ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा कोट्ठियाओ वा कोलेज्जाओ वा असंजए भिक्खुपडियाए उक्कुज्जिय अवउज्जिय ओहरिय आहट्टु दलएज्जा। तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा मालोहडं ति णच्चा लाभे संते णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– कोट्ठियाओ** = ઉપરથી નીચે સુધી સમાન પહોળાઈવાળી માટીની કોઠીમાંથી **कोलेज्जाओ** = ઉપરથી સાંકડી અને નીચેથી પહોળી કોઠી **उक्कुज्जिय** = અત્યંત નમીને **अवउज्जिय** = તિરછા, વાંકાવળી **ओहरिय आहट्टु** = કાઢી લાવીને **दलएज्जा** = આપે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી આહાર માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ગૃહસ્થ સાધુ માટે અશનાદિ ચારે પ્રકારનો આહાર ઉપરથી નીચે સુધી એક સમાન પહોળાઈવાળી કોઠીમાંથી કે ઉપરથી સાંકડી અને નીચેથી પહોળી કોઠીમાંથી અત્યંત નીચા નમીને, અત્યંત વાંકાવળીને અશનાદિ બહાર કાઢીને આપવાની ઈચ્છા કરે, તો સાધુ તેવા પ્રકારના અશનાદિને માલોપહૃત દોષયુક્ત જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં માલોપહૃત દોષયુક્ત આહાર ગ્રહણ કરવાનો નિષેધ છે.

**मालोहडं :–** માલોપહૃત. તે ઉદ્‌ગમના સોળ દોષમાં તેરમો દોષ છે. ઉપર, નીચે કે તિરછી દિશામાં જ્યાં સહેલાઈથી હાથ પહોંચી શકતા ન હોય, ત્યાં પગના પંજા ઉપર ઊંચા થઈને, નિસરણી, ટિપાઈ કે બાજોઠ આદિ ઉપર ચઢીને, આહાર ઉતારીને, કોઠી આદિમાંથી આહાર બહાર કાઢીને સાધુને આપવામાં આવે, તો તે આહાર માલોપહૃત દોષયુક્ત કહેવાય છે. તેના મુખ્ય ત્રણ પ્રકાર છે– (૧) **ઊર્ધ્વ માલોપહૃત–** ઉપરથી ઉતારેલો (૨) **અધો માલોપહૃત–** ભૂમિઘર અથવા તલઘર કે ભોંયરામાંથી કાઢીને લાવેલો (૩) **તિર્યગ્માલોપહૃત–** ઊંડા વાસણમાંથી કે કોઠી આદિમાંથી નમીને, વાંકાવળીને કાઢેલો. આ ત્રણના પણ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એમ ત્રણ-ત્રણ ભેદ છે. એડી ઊંચી કરીને, હાથ લંબાવીને, છતમાં ટીંગાડેલા શીકા આદિમાંથી કાઢીને લેવામાં આવે, તે જઘન્ય ઊર્ધ્વમાલોપહૃત છે. નિસરણી આદિ રાખીને મેડા ઉપરથી ઉતારીને લાવેલી વસ્તુ ઉત્કૃષ્ટ ઊર્ધ્વમાલોપહૃત છે અને મંચ, થાંભલા કે અભરાઈ ઉપર રાખેલ વસ્તુને ઉતારીને લાવવું, તે મધ્યમ ઊર્ધ્વમાલોપહૃત છે.

ગૃહસ્થ સાધુના નિમિત્તે ઉપર ચઢે કે નીચે ઉતરે તેમાં ક્યારેક પગ લપસી જવાથી તે પડી જાય, તો તેનાથી જીવવિરાધના અને આત્મ વિરાધના થાય છે.

ગૃહસ્થ અત્યંત ઝૂકીને કે વાંકાવળીને આહાર બહાર કાઢે, તો તેમાં પણ અયતના થાય છે. ક્યારેક

ગૃહસ્થને વાગી જાય, હાથ-પગ મરડાઈ જાય, લચક આવી જાય, તો સાધુની કે શાસનની અવહેલના થવાની સંભાવના છે, તેથી સાધુ માલોપહૃત દોષ ટાળીને આહાર-પાણીની ગવેષણા કરે. જો સ્થિર પગથિયા ચડીને ગૃહસ્થ કોઈ વસ્તુ લાવીને આપે, તો ભિક્ષુ તેની નિર્દોષતાનું પરીક્ષણ કરીને ગ્રહણ કરી શકે છે; તેમાં સૂત્રોક્ત દોષોની સંભાવના નથી.

**ઉદ્‌ભિન્ન દોષયુક્ત આહાર ગ્રહણ નિષેધ :–**

**૩ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा मट्टिओलित्तं; तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा** *जाव* **लाभे संते णो पडिगाहेज्जा ।**

**केवली बूया– आयाणमेयं । असंजए भिक्खुपडियाए मट्टिओलित्तं असणं वा पाणं वा खाइमं वा साइमं वा उब्भिंदमाणे पुढवीकायं समारंभेज्जा, तह तेउ-वाउ-वणस्सइ-तसकायं समारंभेज्जा, पुणरवि ओलिंपमाणे पच्छाकम्मं करेज्जा। अह भिक्खूणं पुव्वोवदिट्ठा** *जाव* **जं तहप्पगारं मट्टिओलित्तं असणं वा** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– मट्टिओलित्तं** = માટીથી લીંપેલા અને મોઢા બંધ કરેલા વાસણમાંથી **उब्भिंदमाणे** = ભેદીને-ઉખેડીને કાઢતા **ओलिंपमाणे** = વધેલી વસ્તુની રક્ષા માટે તે વાસણને પુનઃ લેપન કરતાં **पच्छाकम्मं करेज्जा** = પશ્ચાત્ કર્મ કરે છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે જાણે કે અશનાદિ આહાર માટીથી લિપ્ત અર્થાત્ બંધ કરેલા મુખવાળા વાસણમાં રાખેલો છે, તો તેવા પ્રકારના અશનાદિ પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

કેવળી ભગવાન કહે છે કે– આ કર્મઆશ્રવનો માર્ગ છે, સાધુને અશનાદિ આહાર આપવા માટે ગૃહસ્થ માટીથી લીંપેલા વાસણનું મુખ ખોલતા પૃથ્વીકાયનો સમારંભ કરે છે, તે જ રીતે અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો સમારંભ કરે છે, શેષ રહેલા આહારની રક્ષા માટે ફરી વાસણને લીંપવા માટે પશ્ચાત્ કર્મ દોષ થાય છે, તેથી તીર્થંકર ભગવંતોએ કહ્યું છે કે સાધુ સાધ્વીની આ પ્રતિજ્ઞા, હેતુ, કારણ અને ઉપદેશ છે કે તે માટીથી લીંપેલા બંધ વાસણને ખોલીને આપવામાં આવતા અશનાદિ આહારને અપ્રાસુક તેમજ અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને ઉદ્‌ભિન્ન દોષયુક્ત આહાર ગ્રહણનો નિષેધ છે.

**ઉદ્‌ભિન્નદોષ :–** ઉદ્‌ગમના સોળ દોષમાંથી બારમો ઉદ્‌ભિન્ન દોષ છે. માટીના કે લાખ આદિ લેપ્ય પદાર્થથી વાસણનું મુખ બંધ કરેલું હોય, તેને ખોલીને આપવું તે ઉદ્‌ભિન્ન દોષ છે.

પિંડ નિર્યુક્તિમાં ઉદ્‌ભિન્નના બે પ્રકાર બતાવ્યા છે– (૧) પિહિત ઉદ્‌ભિન્ન (૨) કપાટ ઉદ્‌ભિન્ન. માટી, લાખાદિથી બંધ વાસણનું મુખ ખોલવું તે પિહિત ઉદ્‌ભિન્ન છે અને બંધ દરવાજાને ખોલવા તે કપાટોદ્‌ભિન્ન છે. લેપ સચેત કે અચેત બંને પ્રકારના હોય છે, તેને સાધુના નિમિત્તે ખોલવામાં આવે તો તેમાં

પશ્ચાત્કર્મ કે આરંભજન્ય હિંસાની સંભાવના રહે છે, તેથી અહીં પિહિત ઉદ્‌ભિન્ન આહાર ગ્રહણનો નિષેધ કર્યો છે. લાખાદિથી બંધ વાસણને ખોલવામાં અગ્નિકાયનો સમારંભ થાય છે. અગ્નિને પ્રજ્વલિત કરવા હવા નાંખવી પડે તેથી વાયુકાયની હિંસા થાય છે. ઘી આદિનું વાસણ ખોલતાં ઢાંકણું નીચે પડી જાય તો તેનાથી પૃથ્વીકાય, વનસ્પતિકાય અને ત્રસ જીવોની વિરાધના થાય છે. ગૃહસ્થો વાસણોના બંધ કરેલા મુખને ખોલ્યાં પછી અવશેષ દ્રવ્યની સુરક્ષા માટે ફરીથી તે વાસણના મુખ ઉપર ભીની માટી લગાડી, મુખને બંધ કરે અને તેમાં પૃથ્વી તથા પાણી બંનેની વિરાધના થાય છે. આ રીતે વિવિધ પ્રકારે જીવ વિરાધનાની સંભાવના હોવાથી સાધુને ઉદ્‌ભિન્ન દોષ યુક્ત આહાર ગ્રહણ કરવાનો નિષેધ છે.

**છકાય જીવ પ્રતિષ્ઠિત આહારગ્રહણ વિવેક :–**

**૪ से भिक्खु वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा पुढविक्काय-पइट्ठियं । तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે અશનાદિ આહાર સચેત પૃથ્વી ઉપર રાખેલો છે, તો સાધુ-સાધ્વી તેવા પ્રકારના આહારને અપ્રાસુક અને અનેષણીય સમજીને ગ્રહણ કરે નહિ.

**૫ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा आउकायपइट्ठियं; तह चेव । एवं अगणिकायपइट्ठियं** *जाव* **लाभे संते णो पडिगाहेज्जा ।**

**केवली बूया– आयाणमेयं । असंजए भिक्खुपडियाए अगणिं ओसक्किय णिस्सक्किय ओहरिय आहट्टु दलएज्जा । अह भिक्खूणं पुव्वोवदिट्ठा** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– अगणिं ओसक्किय** = અગ્નિમાં લાકડા નાખે **णिस्सक्किय** = પ્રજ્વલિત અગ્નિમાંથી લાકડા કાઢે **ओहरिय** = અગ્નિ પરના વાસણને નીચે ઉતારે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે અશનાદિ આહાર સચેત પાણી આદિ ઉપર રાખેલો છે, તો તેવા પ્રકારના આહારને અપ્રાસુક અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ. તે જ રીતે અગ્નિ ઉપર રાખેલા અશનાદિ આહારને પણ અપ્રાસુક અનેષણીય જાણીને સાધુ, સાધ્વી ગ્રહણ કરે નહિ.

કેવળી ભગવાન કહે છે કે– આ કર્મબંધનું કારણ છે, કારણ કે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિ પ્રગટાવી, હવા નાંખીને વિશેષ પ્રજ્વલિત કરીને કે પ્રજ્વલિત આગમાંથી લાકડા કાઢીને, અગ્નિ ઉપર રાખેલા વાસણને ઉતારીને આહાર લાવીને આપે છે. તીર્થંકર ભગવંતોએ કહ્યું છે કે સાધુ-સાધ્વી માટે આ પ્રતિજ્ઞા, હેતુ, કારણ અને ઉપદેશ છે કે તેઓ અગ્નિ ઉપર રહેલા આહારને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**६ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा–**

असणं वा पाणं वा खाइमं वा साइमं वा अच्चुसिणं । असंजए भिक्खुपडियाए सुप्पेण वा विहुयणेण वा तालियंटेण वा पत्तेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा चेलकण्णेण वा हत्थेण वा मुहेण वा फुमेज्ज वा वीएज्ज वा ।

से पुव्वामेव आलोएज्जा– आउसो ! त्ति वा भगिणि ! त्ति वा मा एयं तुमं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अच्चुसिणं सुप्पेण वा *जाव* फुमाहि वा वीयाहि वा, अभिकंखसि मे दाउं एमेव दलयाहि । से सेवं वदंतस्स परो सुप्पेण वा *जाव* फुमित्ता वीइत्ता आहट्टु दलएज्जा, तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं *जाव* णो पडिगाहेज्जा ।

**શબ્દાર્થ :– सुप्पेण** = સૂપડાથી **विहुयणेण** = પંખાથી, વીંજણાથી **तालियंटेण** = તાડપત્રના પંખાથી **पत्तेण** = પાંદડાથી **साहाए** = શાખાથી **साहाभंगेण** = શાખાના ટુકડાથી **पिहुणेण** = મોર પીંછથી **पिहुणहत्थेण** = મોર પીંછના પંખાથી **चेलकण्णेण** = વસ્ત્રના ટુકડાથી **फुमेज्ज** = ફૂંક મારી ઠંડું કરે કે **वीएज्जा** = પંખાદિથી ઠંડું કરે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ગૃહસ્થ સાધુને આપવા માટે અત્યંત ગરમ અશનાદિ આહારને સૂપડાથી, પંખાથી, તાડપત્રથી, ખજૂરી આદિના પાંદડાથી, શાખાથી, શાખાના ટુકડાથી, મોરપીંછથી, મોર પીંછના પંખાથી, વસ્ત્ર કે વસ્ત્રના છેડાથી, હાથથી કે મુખથી ફૂંક મારીને, પંખા વગેરે દ્વારા હવા નાખીને, ઠંડું કરીને આપવાની તૈયારી કરે છે, તો સાધુ પહેલાં જ ગૃહસ્થને કહે– હે આયુષ્યમાન ગૃહસ્થ કે આયુષ્યમતી બહેન ! તમે આ ગરમ અશનાદિ આહારને આ રીતે સૂપડાથી, પંખા આદિથી કે મુખથી હવા નાખીને ઠંડું કરો નહિ. જો તમારી ઈચ્છા આહાર આપવાની હોય, તો એમ જ આપો. આ પ્રમાણે કહેવા છતાં પણ ગૃહસ્થ અતિ ગરમ આહારને સૂપડા કે પંખા આદિથી હવા નાખીને ઠંડા કરીને આપે, તો ભિક્ષુ તે આહારને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૭** से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं *जाव* पविट्ठे समाणे से जं पुण जाणेज्जा असणं वा पाणं वा खाइमं वा साइमं वा वणस्सइकायपइट्ठियं । तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वणस्सइकायपइट्ठियं अफासुयं अणेसणिज्जं ति मण्णमाणे लाभे संते णो पडिगाहेज्जा । एवं तसकाए वि ।

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે આ અશનાદિ આહાર વનસ્પતિકાય-લીલોતરી આદિ ઉપર રાખેલો છે, તો તેવા પ્રકારના વનસ્પતિકાય ઉપર રાખેલા અશનાદિ ચારે પ્રકારના આહારને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ. આ જ રીતે ત્રસકાય જીવો ઉપર રહેલા આહારને પણ અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય, આ પાંચ એકેન્દ્રિય

જીવો અને બેઇન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના ત્રસકાય જીવો ઉપર રાખેલા આહાર ગ્રહણનો તથા ઉપલક્ષણથી તેનાથી સ્પૃષ્ટ આહાર ગ્રહણનો નિષેધ કર્યો છે.

ક્યારેક આહાર અચેત અને પ્રાસુક હોય પરંતુ તે આહાર ઉપર, આહારના વાસણની નીચે કે ઉપર કાચું પાણી, સચેત મીઠું, લીલોતરી, બીજ આદિ હોય, અગ્નિનો સ્પર્શ થતો હોય, ફૂંક મારીને કે પંખા આદિથી હવા નાખવામાં આવતી હોય અથવા તે આહાર-પાણીના વાસણ નીચે કીડી આદિ ત્રસ જીવો હોય કે સર્પ, વીંછી વગેરે ઝેરી જીવો બેઠા હોય, તે ઉપરાંત હાથી, ઘોડા કે બળદ આદિની પીઠ પર ખાદ્ય પદાર્થ રાખેલા હોય તો તે પણ ત્રસકાય પ્રતિષ્ઠિત કહેવાય છે. સાધુ માટે આ પ્રકારનો આહાર અગ્રાહ્ય છે, કારણ કે અહિંસા મહાવ્રતી સાધક પોતાના આહાર માટે કોઈ પણ જીવને જરા પણ કષ્ટ આપતા નથી.

**ધોવણ પાણીની ગવેષણા :-**

**૮ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा– उस्सेइमं वा संसेइमं वा चाउलोदगं वा अण्णयरं वा तहप्पगारं पाणगजायं अहुणाधोयं अणंबिलं अव्वोक्कंतं अपरिणयं अविद्धत्थं अफासुयं अणेसणिज्जं ति मण्णमाणे लाभे संते णो पडिगाहेज्जा । अह पुण एवं जाणेज्जा– चिराधोयं अंबिलं वुक्कंतं परिणयं विद्धत्थं फासुयं *जाव* पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **उस्सेइमं** = લોટવાળા હાથ, ચમચા વગેરેનું ધોયેલું પાણી **संसेइमं** = બાફેલા કઠોળ કે શાકભાજી વગેરેનું ધોયેલું પાણી **चाउलोदगं** = ભાત(ચોખા)નું ધોવણ **अहुणाधोयं** = તરતના જ ધોયેલા **अणंबिलं** = જેનો સ્વાદ હજુ પરિવર્તિત થયો નથી **अव्वोक्कंतं** = જીવોનું ચ્યવન થયું નથી **अपरिणयं** = શસ્ત્ર પરિણત થયું નથી **अविद्धत्थं** = સર્વથા જીવ રહિત થયું નથી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પાણી માટે પ્રવેશ કરે, ત્યારે પાણીના વિષયમાં આ પ્રમાણે જાણે– (૧) લોટવાળા હાથ, વાસણ વગેરેનું ધોયેલું પાણી, (૨) બાફેલા કઠોળાદિનું ધોયેલું પાણી, (૩) ચોખાનું ધોવણ અથવા તેવા પ્રકારના બીજા કોઈ પણ ધોવણ જે તુરંતના તાજા છે, જેના સ્વાદ, વર્ણાદિનું પરિવર્તન થયું નથી, જીવોનું ચ્યવન થયું નથી, શસ્ત્ર પરિણત થયું નથી, પૂર્ણ રીતે જીવ રહિત થયું નથી, તેવા પાણીને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

જો સાધુ એમ જાણે કે આ ધોવણને ઘણો સમય થઈ ગયો છે, તેના સ્વાદ અને વર્ણાદિનું પરિવર્તન થઈ ગયું છે અને તેમાંથી જીવોનું ચ્યવન થઈ ગયું છે, શસ્ત્ર પરિણત થયું છે અને સર્વથા જીવ રહિત અચિત્ત થઈ ગયું છે; તો તે પાણીને પ્રાસુક અને એષણીય જાણીને તેને સાધુ-સાધ્વી ગ્રહણ કરે.

**૯ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं *जाव* पविट्ठे समाणे से जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा– तिलोदगं वा तुसोदगं वा जवोदगं वा आयामं वा सोवीरं वा सुद्धवियडं वा, अण्णयरं वा तहप्पगारं पाणगजायं पुव्वामेव आलोएज्जा– आउसो ! त्ति वा भगिणि ! त्ति वा दाहिसि मे एत्तो अण्णयरं पाणगजायं? से सेवं वयंतं परो वएज्जा– आउसंतो समणा ! तुमं चेव एयं पाणगजायं पडिग्गहेण वा मत्तएण वा उस्सिंचियाणं ओयत्तियाणं गिण्हाहि । तहप्पगारं**

**पाणगजायं सयं वा णं गेण्हेज्जा, परो वा से देज्जा, फासुयं** *जाव* **पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :– आयामं** = ઓસામણ(ભાત આદિના ઓસામણ, છાશની પરાશ) **सोवीरं** = સળગતા લાકડાને જે પાણીમાં બોળીને ઠારી નાંખવામાં આવે, તે પાણી **सुद्धवियडं** = ઉકાળેલું પાણી **पडिग्गहेण** = પાત્રાથી **मत्तएण** = માટીના વાસણથી **उस्सिंचियाणं** = તે પાત્ર ભરી ભરીને **ओयत्तियाणं** = પાણીના વાસણથી જ ઉલેચીને **गिण्हाहि** = ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાણી માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે પાણીના વિષયમાં જાણે કે આ (૧) તલનું ધોવણ, (૨) ફોતરાનું ધોવણ, (૩) જવનું ધોવણ, (૪) ચોખાદિનું ઓસામણ, (૫) સળગતા લાકડાને પાણીમાં બોળી બુજાવવામાં આવે તે પાણી અથવા કાંજીના ધોયેલા વાસણનું પાણી, (૬) પ્રાસુક (ઉકાળેલું) ગરમ પાણી છે, તો તે અથવા આવા પ્રકારના બીજા પાણીને જોઈને સાધુ ગૃહસ્થને પહેલા જ કહે– હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે હે બહેન ! આ પાણીમાંથી કોઈ પણ પાણી શું મને આપશો ? ત્યારે તે ગૃહસ્થ આ પ્રમાણે કહે કે– હે આયુષ્યમાન્ શ્રમણ ! આ પાણીના વાસણમાંથી તમે પોતે પાત્રથી કે માટીના વાસણથી(લોટા આદિથી) ભરી ભરીને લઈ લ્યો અથવા પાણીના વાસણને ઊંધું વાળી(ઠાલવી) લ્યો. તો સાધુ સ્વયં તે પાણીને ગ્રહણ કરે અથવા ગૃહસ્થ પોતે આપે, તો તેને પ્રાસુક અને એષણીય સમજીને પ્રાપ્ત થવા પર ગ્રહણ કરે.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं** *जाव* **पविट्ठे समाणे से जं पुण पाणगजायं जाणेज्जा– अणंतरहियाए पुढवीए** *जाव* **संताणए उद्धट्टु [ओहट्टु] णिक्खित्ते सिया । असंजए भिक्खुपडियाए उदउल्लेण वा ससिणिद्धेण वा सकसाएण वा मत्तेण, सीओदएण वा संभोएत्ता आहट्टु दलएज्जा । तहप्पगारं पाणगजायं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– अणंतरहियाए पुढवीए** = સચિત્ત પૃથ્વીની પાસે સંઘટ્ટાથી **उद्धट्टु** = કોઈ વાસણમાં ભરીને **णिक्खित्ते सिया** = તે સચિત્ત પૃથ્વી પર રાખેલ હોય **उदउल्लेण** = પાણી ટપકતું હોય તેવા **ससिणिद्धेण** = પાણીથી ભીના **सकसाएण वा मत्तेण** = સચેત પાણીના છાંટાવાળા વાસણથી **सीओदएण** = સચિત્ત પાણીથી **संभोएत्ता** = મિશ્રિત કરતાં **आहट्टु** = લાવીને **दलएज्जा** = આપે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં પાણી માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે પ્રાસુક જલને સચેત પૃથ્વી ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત પદાર્થો પર રાખેલું છે અને ગૃહસ્થ સાધુને તે પાણી સચેત પાણીથી નીતરતા, ભીના કે સચેત પાણીના છાંટા ઉડ્યા હોય તેવા વાસણથી આપે છે અથવા પ્રાસુક પાણીની સાથે સચિત્ત પાણીનું મિશ્રણ કરીને આપે છે, તો તેવા પ્રકારના જળને અપ્રાસુક અને અનેષણીય જાણીને સાધુ પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને ગ્રાહ્ય-અગ્રાહ્ય પાણીનું કથન છે.

અહિંસાના આરાધક સાધુને અચેત પાણી ગ્રાહ્ય છે. કૂવા, નદી, તળાવ આદિના પાણી સચેત છે. તે શસ્ત્ર પરિણત થાય ત્યાર પછી અચેત થાય છે, જેમ કે– સચેત પાણીને ઉકાળવાથી તે અચેત થાય છે. તે જ

રીતે સચેત પાણીમાં અન્ય દ્રવ્યનું મિશ્રણ થાય, પાણીના વર્ણ, ગંધ, રસમાં પરિવર્તન થાય ત્યારે પણ તે અચેત થાય છે. સૂત્રકારે અનેક પ્રકારના ધોવણ પાણીનું કથન કર્યું છે. જેમ કે– લોટવાળા વાસણો ધોયેલું પાણી, ચોખા, તલ, જવ આદિનું ધોયેલું પાણી વગેરે અનેક પ્રકારના ધોવણ પાણી અચેત છે અને તે સાધુ માટે ગ્રાહ્ય છે.

જો કોઈ પણ પ્રકારના ધોવણ પાણી તાજા હોય, તેના વર્ણાદિ પરિવર્તન પામ્યા ન હોય, તો તેમાં સચેત-અચેતની મિશ્રતાની સંભાવના હોવાથી સાધુ માટે તે અગ્રાહ્ય છે.

અચેત અને નિર્દોષ પાણી, અન્ય સચેત પૃથ્વી, પાણી, અગ્નિ કે વનસ્પતિ પર રાખેલું હોય, કોઈ પણ સચેત પદાર્થથી સંસૃષ્ટ હોય અથવા વહોરાવનાર દાતાના હાથ વગેરે ભીના હોય, પાણીથી નીતરતા હોય, અન્ય સચેત પદાર્થોથી સંસૃષ્ટ હોય, તો સાધુ તે અચેત પાણીને ગ્રહણ કરી શકતા નથી.

જો તે પાણી અચેત હોય અને અન્ય કોઈ પણ સચેત પદાર્થથી સંસૃષ્ટ ન હોય અને દાતાના હાથ કે વાસણ પણ સચેત જળથી સંસૃષ્ટ ન હોય, તો સાધુ તે પાણીને ગ્રહણ કરી શકે છે.

**उस्सेइमं :–** લોટ બાંધતી વખતે કે મસળતી વખતે જે પાણીમાં હાથ બોળવામાં કે ધોવામાં આવે છે તે પાણી ઉસ્વેદિમ કહેવાય છે.

ક્યારેક ગૃહસ્થને ત્યાં અચેત પાણી તૈયાર હોય, પરંતુ કોઈ પણ કારણથી પોતે વહોરાવી શકે તેમ ન હોય અને સાધુને કહે કે તમે આ ધોવણ અથવા ગરમ પાણીને લોટા આદિ દ્વારા લઈ લ્યો અથવા પાણીના આ વાસણને ઊંધુ વાળીને પાણી લઈ લ્યો, તો સાધુ પોતાના હાથે ધોવણ પાણી કે ગરમ પાણી ગૃહસ્થની આજ્ઞાથી લઈ શકે છે, તેવું વિધાન નવમા સૂત્રથી સ્પષ્ટ થાય છે.

**ઉપસંહાર :–**

**११ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૭ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : આઠમો ઉદ્દેશક

**બીજ, ગોઠલી આદિ યુક્ત ધોવણ પાણી નિષેધ :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविट्ठे समाणे से जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा– अंबपाणगं वा अंबाडगपाणगं वा कविट्ठपाणगं वा माउलिंगपाणगं वा मुद्दियापाणगं वा दाडिमपाणगं वा खज्जूरपाणगं वा णालिएरपाणगं वा करीरपाणगं वा कोलपाणगं वा आमलगपाणगं वा चिंचापाणगं वा अण्णयरं वा तहप्पगारं पाणगजायं सअट्ठियं सकणुयं सबीयगं असंजए भिक्खुपडियाए छब्बेण वा दूसेण वा वालगेण वा आवीलियाण परिपीलियाण परिस्सावियाण आहट्टु दलएज्जा । तहप्पगारं पाणगजायं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **सअट्ठियं** = ગોઠલીવાળા **सकणुयं** = ફળના ડીંટ કે ડાંખળા વગેરે **सबीयगं** = બીજ સહિત હોય **छब्बेण** = વાંસની છાબડીથી **दूसेण** = વસ્ત્રથી **वालगेण** = ચાળણીથી **आवीलियाण** = ગોઠલી આદિ દૂર કરવા માટે એકવાર ગળીને **परिपीलियाण** = વારંવાર ગળીને **परिस्साइयाण** = ગોઠલી આદિ કાઢીને, નિતારીને **आहट्टु** = લાવીને **दलएज्जा** = આપે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પાણી માટે પ્રવેશ કરે, ત્યારે પાણીના વિષયમાં આ પ્રમાણે જાણે કે આ (૧) કેરીનું ધોવણ, (૨) અંબાડક–બહેડાનું ધોવણ, (૩) કોઠાનું ધોવણ, (૪) બિજોરાનું ધોવણ, (૫) દ્રાક્ષનું ધોવણ, (૬) દાડમનું ધોવણ, (૭) ખજૂરનું ધોવણ, (૮) નાળિયેરનું ધોવણ, (૯) કેરડાનું ધોવણ, (૧૦) બોરનું ધોવણ, (૧૧) આંબળાનું ધોવણ, (૧૨) આંબલીનું ધોવણ છે. આ તથા આવા પ્રકારના અન્ય અનેક પ્રકારના ધોવણ પાણીમાં ગોઠલી(ઠળીયા) છે, ફળના ડીંટ કે ડાંખળા છે, બીજ છે અને ગૃહસ્થ સાધુ માટે વાંસની છાબડીથી, વસ્ત્રથી, ધાતુની ચાળણીથી એકવાર કે વારંવાર ગાળીને, છાલ, બીજ, ગોઠલી આદિ અલગ કરીને અથવા હાથથી ગોઠલી આદિને કાઢીને તે ધોવણ પાણી આપે છે, તો સાધુ-સાધ્વી આવા પ્રકારના પાણીને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ધોવણ પાણીની અગ્રાહ્યતાનું નિરૂપણ છે.

ગૃહસ્થો કેરી આદિ ફળોને પાણીમાં પલાળીને કે પાણીથી ધોઈને ઉપયોગમાં લેતા હોય છે. જે પાણીમાં ફળો પલાળીને રાખ્યા હોય કે ધોયા હોય, તે પાણીના વર્ણ, ગંધ, રસમાં પરિવર્તન થઈ જાય ત્યારે તે પાણી પ્રાસુક–અચેત થઈ જાય છે અને તે પાણી સાધુ માટે ગ્રાહ્ય છે.

અચેત થઈ ગયેલા ધોવણમાં ફળોની ગોઠલી, ડીંટ, ડાંખળા આદિ પડ્યા હોય અને ગૃહસ્થ તેવા પાણીને વાંસની છાબડી, વસ્ત્ર કે ચાળણીથી ગળીને સાધુને આપે અથવા હાથથી તે ગોઠલી વગેરેને પાણીમાંથી કાઢીને આપે, તો તે સાધુને માટે અગ્રાહ્ય છે, કારણ કે ગોઠલી, બીજ વગેરે સચેત છે અને

ગળવાથી તે જીવોને સાધુના નિમિત્તે પરિતાપના થાય છે, માટે તે સાધુને કલ્પનીય નથી. તેવું પાણી ગ્રહણ કરવાથી સાધુની એષણા સમિતિનો ભંગ થાય છે.

**સુંગધ માણવાનો નિષેધ :–**

**૨ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से आगंतारेसु वा आरामागारेसु वा गाहावइकुलेसु वा परियावसहेसु वा अण्णगंधाणि वा पाणगंधाणि वा सुरभिगंधाणि वा अग्घाय अग्घाय से तत्थ आसायवडियाए मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे "अहो गंधो, अहो गंधो" णो गंधमाघाएज्जा ।**

**શબ્દાર્થ :–** **आगंतारेसु** = ધર્મશાળાઓમાં **आरामागारेसु** = ઉદ્યાન શાળાઓમાં **परियावसहेसु** = પરિવ્રાજકોના મઠોમાં **सुरभिगंधाणि** = કેશર-કસ્તૂરી આદિની સુગંધને **आघाय** = સૂંઘીને **आसायपडियाए** = પુનઃ પુનઃ સૂંઘવા માટે **मुच्छिए** = મૂર્છિત **गिद्धे** = ગૃદ્ધ **गढिए** = ગ્રસ્ત **अज्झोववण्णे** = આસક્ત થતાં **णो गंधमाघाएज्जा** = ગંધ સૂંઘે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ધર્મશાળા, ઉદ્યાનગૃહો, ગૃહસ્થોના ઘરોમાં અથવા પરિવ્રાજકોના મઠોમાં રહેતા અથવા ગોચરીએ જતા આહારની સુગંધ(દાળ-શાક વગેરેની સુગંધ), પેય પદાર્થોની સુગંધ તથા તેલ, અતર આદિ સુગંધિત પદાર્થોની સુગંધને વારંવાર સુંઘવા માટે તે સુગંધના આસ્વાદનની ઇચ્છાથી તેમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રસ્ત તેમજ આસક્ત થઈને– વાહ ! કેવી સરસ સુગંધ છે, એમ કહેતા તે પદાર્થોની સુવાસ લે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે ગંધમાં અનાસક્ત ભાવ રાખવાનું સૂચન છે.

ગોચરીએ નીકળેલા, ધર્મશાળા, ઉદ્યાનાદિમાં રહેલા સાધુને આજુબાજુમાંથી સ્વાદિષ્ટ ભોજનની સુગંધ, તેલ–અત્તર વગેરે સુગંધિત પદાર્થોની સુગંધ આવે તો સાધુ તેમાં આસક્ત થાય નહીં. તેની સુગંધને માણીને, તેની પ્રશંસા કરે નહીં. આવા પ્રસંગોમાં સાધુ સંયમ ભાવોમાં સાવધાન રહે અને પોતાની ચિત્તવૃત્તિને સુગંધથી દૂર કરીને ઈર્યા સમિતિ અને એષણા સમિતિના પાલનમાં તલ્લીન રહે.

પ્રસ્તુતમાં ઘ્રાણેન્દ્રિયના વિષયનું કથન છે, પરંતુ ઉપલક્ષણથી પાંચે ઇન્દ્રિયોના વિષયનું ગ્રહણ થાય છે. પાંચમાંથી કોઈ પણ ઇન્દ્રિયના વિષયની અલ્પ આસક્તિ પણ સંયમને નષ્ટ કરી શકે છે, માટે સાધુએ હંમેશાં પોતાની ઇન્દ્રિયો અને મન પર કાબૂ રાખીને જિનાજ્ઞા પાલનમાં દત્તચિત્ત રહેવું જોઈએ.

**શસ્ત્ર અપરિણત વનસ્પતિ આહાર ગ્રહણ નિષેધ :–**

**૩ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– सालुयं वा विरालियं वा सासवणालियं वा, अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **सालुयं** = પાણીમાં ઉત્પન્ન થતા કંદ-કમલ કંદ **विरालियं** = સ્થળમાં ઉત્પન્ન થનાર કંદ–પલાશ કંદ **सासवणालियं** = સરસવની નાલ–દાંડલી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં કમલકંદ, પલાશ કંદ, સરસવની નાલ તથા આ પ્રકારના અન્ય કંદ શસ્ત્રથી અપરિણત(સચેત) છે, તો તેને અપ્રાસુક જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહીં.

**૪ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– पिप्पलिं वा पिप्पलिचुण्णं वा मिरियं वा मिरियचुण्णं वा सिंगबेरं वा सिंगबेरचुण्णं वा, अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं अफासुयं *जाव* णो पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :–** **पिप्पलिं** = પીપર **पिप्पलिंचुण्णं** = પીપરનું ચૂર્ણ **मिरियं** = મરી **मिरियचुण्णं** = મરીનું ચૂર્ણ **सिंगबेरं** = આદું **सिंगबेरचुण्णं** = આદુંના ટુકડા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં કાચા પીપરીમૂળ કે લીલા પીપરીમૂળનું ચૂર્ણ(અધકચરો વાટેલો ભૂકો) મરી કે મરીનું ચૂર્ણ, આદુ કે આદુનું ચૂર્ણ છે. તે તથા તેવા પ્રકારના અન્ય કોઈ કાચા સચેત પદાર્થ કે તેના ચૂર્ણ છે અને તે શસ્ત્રથી પરિણત નથી, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૫ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जं पुण पलंबजायं जाणेज्जा, तं जहा– अंबपलंबं वा, अंबाडगपलंबं वा, तालपलंबं वा, झिज्झिरिपलंबं वा सुरभिपलंबं वा सल्लइपलंबं वा, अण्णयरं वा तहप्पगारं पलंबजायं आमं असत्थपरिणयं अफासुयं *जाव* णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **पलंबजायं** = લટકતા ફળોની જાતિને **अंबाडगपलंबं** = અંબાડા–બહુ બીજવાળા વૃક્ષની એક જાત, તેનું ફળ **तालपलंबं** = તાડનું ફળ(તાડગોળા) **झिज्झिरिपलंबं** = ઝિઝરી–વિશેષ પ્રકારની ખાખરાની વેલનું ફળ **सुरभिपलंबं** = સુગંધી ફળ–જાયફળ **सल्लइपलंबं** = શલ્લકી ફળ–વનસ્પતિ વિશેષ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં વિવિધ પ્રકારના ફળ છે, જેમ કે– કેરી, બહેડાં ફળ, તાડફળ, વેલના ફળ, જાયફળ, શલ્લકી ફળ અથવા આ પ્રકારના અન્ય પણ કોઈ ફળ છે કે જે કાચા છે, શસ્ત્રથી પરિણત નથી, તો સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૬ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं *जाव* पविट्ठे समाणे से जं पुण पवालजायं जाणेज्जा, तं जहा– आसोत्थपवालं वा णिग्गोहपवालं वा पिलंखुपवालं वा णिपूरपवालं वा सल्लइपवालं वा, अण्णयरं वा तहप्पगारं पवालजायं आमं असत्थपरिणयं अफासुयं *जाव* णो पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :–** **पवालजायं जाणेज्जा** = કૂંપળોના વિષયમાં જાણે **आसोत्थपवालं** = પીપળાની કૂંપળ **णिग्गोहपवालं** = વડલાની કૂંપળ **पिलंखुपवालं** = પ્લક્ષ–પીપરની કૂંપળ **णिपूरपवालं** = નંદીવૃક્ષની કૂંપળ **सल्लइपवालं** = શલ્લકી વૃક્ષની કૂંપળ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે કૂંપળોના વિષયમાં જાણે કે

ત્યાં પીપળાની કૂંપળ, વડલાની કૂંપળ, પીપરની કૂંપળ, નંદીવૃક્ષની કૂંપળ, શલ્લકી વેલની કૂંપળ કે આ પ્રકારની અન્ય કોઈ પણ કૂંપળો છે, તે કાચી અને શસ્ત્રથી અપરિણત છે, તો સાધુ તે કૂંપળોને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૭ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण सरडुयजायं जाणेज्जा, तं जहा– अंबसरडुयं वा कविट्ठसरडुयं वा दाडिमसरडुयं वा बिल्लसरडुयं वा अण्णयरं वा तहप्पगारं सरडुयजायं आमं असत्थपरिणयं अफासुयं जाव णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **सरडुयजायं जाणेज्जा** = જેમાં હજુ ગોઠલી પડી નથી તેવા સુકોમળ ફળના વિષયમાં જાણે **अंबसरडुयं** = આંબાના કોમળ ફળ **कविट्ठसरडुयं** = કોઠાના કોમળ ફળ **दाडिमसरडुयं** = દાડમના કોમળ ફળ **बिल्लसरडुयं** = બીલીના કોમળ ફળ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે ત્યારે કોમળ ફળના વિષયમાં એમ જાણે કે આંબાના(ગોઠલી ન પડી હોય તેવા) કોમળ ફળ, કોઠાના કોમળ ફળ, દાડમના કોમળ ફળ, બીલીના કોમળ ફળ અથવા આ પ્રકારના અન્ય કોઈ પણ કોમળ ફળ છે, જે કાચા અને શસ્ત્રથી પરિણત નથી, તો સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૮ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण मंथुजायं जाणेज्जा, तं जहा– उंबरमंथुं वा णिग्गोहमंथुं वा पिलक्खुमंथुं वा आसोत्थमंथुं वा अण्णयरं वा तहप्पगारं मंथुजायं आमं दुरुक्कं साणुबीयं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **मंथुजायं जाणेज्जा** = ચૂર્ણના પ્રકાર જાણે **उंबरमंथुं** = ઉંબરાનું ચૂર્ણ **णिग्गोहमंथुं** = વડના ફળનું ચૂર્ણ **पिलक्खुमंथुं** = પીપરના ફળનું ચૂર્ણ **आसोत्थमंथुं** = પીપળાના ફળનું ચૂર્ણ **आमं** = કાચું **दुरुक्कं** = થોડું પીસેલું હોય **साणुबीयं** = બીજ યુક્ત.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે ચૂર્ણના વિષયમાં એમ જાણે કે ઉંબરાના ફળનું ચૂર્ણ, વડના ફળનું ચૂર્ણ, પીપરના ફળનું ચૂર્ણ, પીપળાના ફળનું ચૂર્ણ અથવા બીજા પણ આવા પ્રકારના ચૂર્ણ છે કે જે કાચા કે કાચા-પાકા વાટેલા છે, તેના બીજ પૂરા વટાયા નથી અર્થાત્ અખંડ બીજ તેમાં દેખાય છે, તો સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૯ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– आमडागं वा पूइपिण्णागं वा ... सप्पिं वा खोलं पुराणगं, एत्थ पाणा अणुप्पसूया, एत्थ पाणा जाया, एत्थ पाणा संवुड्ढा, एत्थ पाणा अवुक्कंता, एत्थ पाणा अपरिणया, एत्थ पाणा अविद्धत्था, अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :–** **आमडागं** = અથાણા, કાચી કેરીના અથાણા આદિ **पूइपिण्णागं** = જૂનો-સડેલો ખોળ **सप्पिं** = જૂનું ઘી **खोलं** = ઘીની નીચેનું કીટુ **पुराणगं** = જૂના પદાર્થો **एत्थ** = આમાં **पाणा** = પ્રાણી, રસજ પ્રાણી

**अणुप्पसूया** = ઉત્પન્ન થયા **एत्थ पाणा जाया** = તેમાં જીવો ઉત્પન્ન થઈ રહ્યા છે **एत्थ पाणा संवुड्ढा** = તેમાં જીવો વૃદ્ધિ પામતા હોય છે **एत्थ पाणा अवुक्कंता** = તેમાંથી જીવો ચ્યવી ગયા ન હોય **एत्थ पाणा अपरिणया** = જીવો શસ્ત્ર પરિણત થયા નથી **एत्थ पाणा अविद्धत्था** = તેમાંથી જીવો પૂર્ણપણે નાશ પામ્યા નથી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે ત્યાં જૂના અથાણા, તલ વગેરેનો ખોળ, જૂનું ઘી અને તેના નીચેનું કીટ ઇત્યાદિ જૂના પદાર્થો છે, જેમાં(રસજ) જીવોની ઉત્પત્તિ થઈ ગઈ છે, જીવો ઉત્પન્ન થઈ રહ્યા છે, જીવોની વૃદ્ધિ થઈ રહી છે, જીવોનો નાશ થયો નથી, જીવો શસ્ત્રથી પરિણત થયા નથી તેમજ જીવો પૂર્ણપણે નાશ પામ્યા નથી, તો સાધુ તેને અપ્રાસુક, અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**१० से भिक्खू वा भिक्खुणी वा** *જાવ* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– उच्छुमेरगं वा अंककरेलुयं वा कसेरुगं वा सिंघाडगं वा पूइआलुगं वा, अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं** *જાવ* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **उच्छुमेरगं** = શેરડીના ટુકડા, ગંડેરી **अंककरेलुयं** = અંકકારેલા જાતની વનસ્પતિ **कसेरुगं** = કસેરું– પાણીમાં થતી વનસ્પતિ **सिंघाडगं** = શીંગોડા **पूइआलुगं** = પૂતિ આલુક–વનસ્પતિ વિશેષ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં શેરડીના ટુકડા, અંકકારેલા, કસેરુ, શિંગોડા તેમજ પૂતિઆલુક નામની વનસ્પતિ વિશેષ અથવા આ પ્રકારની અન્ય પણ લીલી વનસ્પતિ છે, જે શસ્ત્રથી પરિણત નથી, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**११ से भिक्खू वा भिक्खुणी वा** *જાવ* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– उप्पलं वा उप्पलणालं वा भिसं वा भिसमुणालं वा पोक्खलं वा पोक्खलथिभगं वा; अण्णयरं वा तहप्पगारं** *જાવ* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **उप्पलं** = ઉત્પલ-કમળ, સૂર્ય વિકાસી કમળ **उप्पलणालं** = કમળની દાંડી **भिसं** = કમળનો કંદ **भिसमुणालं** = કમળકંદની ઉપરના તંતુ **पोक्खलं** = કમળનું કેશર **पोक्खलथिभगं** = કમળનો કંદ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં સૂર્ય વિકાસી કમળ, કમળની દાંડી, કમળ કંદનું મૂળ, ઉપરના તંતુ, પદ્મકેશર, પદ્મકંદ તથા આવા પ્રકારના બીજા કંદ કાચા છે, શસ્ત્ર પરિણત થયા નથી, તો સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**१२ से भिक्खू वा भिक्खुणी वा** *જાવ* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– अग्गबीयाणि वा मूलबीयाणि वा खंधबीयाणि वा पोरबीयाणि वा अग्गजायाणि वा मूलजायाणि वा खंधजायाणि वा पोरजायाणि वा णण्णत्थ तक्कलिमत्थएण वा तक्कलिसीसेण वा णालिएरिमत्थएण वा खज्जूरिमत्थएण वा तालमत्थएण वा; अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं** *જાવ* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **अग्गबीयाणि** = અગ્રબીજ–જેના અગ્રભાગમાં બીજ હોય, જેમ કે– કોરંટક પુષ્પ, જપાકુસુમાદિ **मूलबीयाणि** = મૂળ બીજ–જેના મૂળભાગમાં બીજ હોય જેમ કે– ઉત્પલકંદાદિ **खंधबीयाणि** = સ્કંધ બીજ–જેના સ્કંધ ભાગમાં(થડ ઉપર) બીજ હોય, જેમ કે થોર, વડ આદિ **पोरबीयाणि** = પર્વબીજ–ગાંઠમાં બીજ હોય, જેમ કે શેરડી આદિ **अग्गजायाणि** = અગ્રજાત–અગ્રભાગથી ઉત્પન્ન થનાર **मूलजायाणि** = મૂળથી ઉત્પન્ન થનાર **खंधजायाणि** = સ્કંધથી ઉત્પન્ન થનાર **पोरजायाणि** = પર્વથી ઉત્પન્ન થનાર **णण्णत्थ** = આ સિવાય **तक्कलिमत्थएण** = વનસ્પતિ વિશેષ, કંદલીનો ગર્ભ **तक्कलिसीसेण** = કંદલીનો ગુચ્છો **णालिएरिमत्थएण** = નાળિયેરનો ગર્ભ **खज्जूरिमत्थएण** = ખજૂરનો ગર્ભ **तालमत्थएण** = તાડનો ગર્ભ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે ત્યાં કોરંટક આદિ અગ્રબીજ; ઉત્પલકંદાદિ મૂળબીજ; વડ, થોર આદિ સ્કંધબીજ; શેરડી આદિ પર્વબીજ યુક્ત વનસ્પતિ છે અથવા અગ્રજાત, મૂળજાત, સ્કંધજાત તથા પર્વજાત વનસ્પતિ છે, તેમાં કંદલીનો ઉપરનો ભાગ, કંદલીનો ગુચ્છો, નાળિયેરનો ઉપરનો ભાગ, ખજૂરનો, તાડનો ઉપરનો ભાગ, આ પદાર્થોને છોડીને, બીજી આવા પ્રકારની જે વનસ્પતિ કાચી છે, શસ્ત્રથી પરિણત થઈ નથી, સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**१३ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– उच्छुं वा काणं अंगारियं संमिस्सं विगदूमियं; वेत्तग्गं वा कंदलिऊसुयं वा अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं *जाव* णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **उच्छुं** = શેરડી **काणं** = છેદવાળી પોલી શેરડી **अंगारियं** = ઋતુ વિશેષથી બદલાયેલા રંગવાળી શેરડી **सम्मिस्सं** = ફાટેલા સાંઠાવાળી શેરડી **विगदूमियं** = શિયાળ આદિ દ્વારા થોડી ખાધેલી શેરડી **वेत्तग्गं** = નેતરનો અગ્રભાગ **कंदलिऊसुगं** = કદલીનો ગર્ભ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં (૧) પોલી શેરડીની ગંડેરી, (૨) ઋતુ પરિવર્તનથી કે રોગના કારણે વિકૃત થઈ ગયેલા વર્ણવાળી શેરડી, (૩) ફાટેલા સાંઠાવાળી શેરડી, (૪) શિયાળ આદિ દ્વારા થોડી ખવાયેલી શેરડી, (૫) નેતરનો અગ્રભાગ, (૬) કદલીનો મધ્યભાગ અથવા તેવા પ્રકારની અન્ય વનસ્પતિ કાચી છે, શસ્ત્રથી પરિણત થઈ નથી, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**१४ से भिक्खू वा भिक्खुणी *जाव* पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– लसुणं वा लसुणपत्तं वा लसुणणालं वा लसुणकंदं वा लसुणचोयगं वा, अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं अफासुयं *जाव* णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં લસણ, લસણના પાન, તેની દાંડી, લસણનો કંદ કે લસણની છાલ કે બીજી તેવા પ્રકારની કાચી વનસ્પતિ છે, શસ્ત્રથી પરિણત નથી, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**१५ से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे से जं पुण जाणेज्जा–**

**अत्थियं वा कुंभिपक्कं तिंदुयं वा वेलुगं वा कासवणालियं वा, अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– कुंभिपक्कं** = ખાડામાં કે વખારમાં રાખીને ધુમાડા આદિથી પકાવેલા ફળ **कासवणालियं** = શ્રીપર્ણી(અરણી)નું ફળ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં અસ્થિક વૃક્ષના ફળ(રંગવાના કામમાં આવતું એક પ્રકારનું ફળ), ટિંબરું, બિલું, ફણસ અથવા શ્રીપર્ણીનું ફળ કે જે **कुंभिपक्कं**– કુંભીપક્વ છે અર્થાત્ ખાડામાં કે કુંભીમાં દબાવીને ધુમાડા આદિથી પકાવવામાં આવ્યા છે તે તથા તેવા પ્રકારના અન્ય ફળો સચેત અને શસ્ત્રથી અપરિણત છે, તેવા ફળોને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**१६ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– कणं वा कणकुंडगं वा कणपूयलिं वा चाउलं वा चाउलपिट्ठं वा तिलं वा तिलपिट्ठं वा तिलपप्पडगं वा, अण्णयरं वा तहप्पगारं आमं असत्थपरिणयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– कणं** = ઘઉં વગેરે ધાન્યના લીલા દાણા **कणकुंडगं** = કાચા દાણા ભળેલા કુસકા **कणपूयलिं** = કાચા દાણાવાળી રોટલી **चाउलं** = લીલા ચોખા **चाउलपिट्ठं** = વાટેલા, પીસેલા લીલા(કાચા) ચોખાનું ખીરું **तिलं** = લીલા તલ **तिलपिट्ठं** = પીસેલા લીલા તલ **तिलपप्पडगं** = તલસાંકળી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે ત્યાં લીલા ઘંઉ, આદિ ધાન્યના દાણા કે તેની કણકી અર્થાત્ લીલા(કાચા) દાણા ભળેલા કુસકા, કણ મિશ્રિત કાચી રોટલી, ફોતરાવાળા ચોખા, વાટેલા ચોખાનું તાજું ખીરું, લીલા તલ, વાટેલા લીલા તલ, તલસાંકળી તથા તેવા પ્રકારની બીજી વસ્તુ છે, જે સચિત છે, શસ્ત્રથી પરિણત થઈ નથી, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિવિધ પ્રકારની વનસ્પતિથી ઉત્પન્ન ખાદ્ય પદાર્થ અપક્વ, અર્ધપક્વ, શસ્ત્રથી અપરિણત, જૂનો-વાસી, સડેલો કે જીવોની ઉત્પત્તિવાળો આહાર હોય, તો તેને લેવાનો નિષેધ કર્યો છે, કારણ કે તે અપ્રાસુક અને અનેષણીય છે. અધિકાંશ આહાર વનસ્પતિજન્ય જ હોય છે અને કેટલોક આહાર ગોરસ-દૂધ, દહીં, માખણ, ઘી આદિ રૂપ હોય છે. શાસ્ત્રમાં વનસ્પતિના દશ પ્રકાર બતાવ્યા છે– (૧) મૂળ (૨) કંદ (૩) સ્કંધ (૪) છાલ (૫) શાખા (૬) પ્રવાલ (૮) પાંદડા (૮) ફૂલ (૯) ફળ (૧૦) બીજ.

આ દશે પ્રકારની વનસ્પતિ જો કાચી, અપક્વ કે અર્ધપક્વ હોય અર્થાત્ પૂર્ણ રૂપે શસ્ત્ર પરિણત ન હોય, તો તે સાધુને માટે અગ્રાહ્ય છે. સૂત્રમાં ક્રમશઃ નિમ્નોક્ત વનસ્પતિઓનો ઉલ્લેખ છે–

(૧) કમળ આદિના કંદ (૨) પીપર, મરી, આદુ આદિ (૩) આંબા આદિના લટકતા ફળ (૪) વિવિધ વૃક્ષોના અંકુર (૫) કોઠા અદિના કોમળ(કાચા) ફળ (૬) ઉંબર, વડ, પીપળો આદિ (૭) જલજ વનસ્પતિ (૮) કમળ આદિના મૂળ વગેરે (૯) અગ્ર બીજ, મૂળ બીજ, સ્કંધ બીજ, પર્વ બીજ આદિ

વનસ્પતિઓ (૧૦) વિકૃત થયેલી શેરડી, વાંસ આદિ (૧૧) લસણ અને તેના સર્વ વિભાગો (૧૨) અસ્થિક આદિ વૃક્ષોના ફળ (૧૩) બીજરૂપ વનસ્પતિ અને તેમાંથી બનાવેલો આહાર (૧૪) કેરી વગેરેના અથાણા, સડેલો ખોળ તથા બગડી ગયેલા ઘી, અથાણા, ખોળ આદિ આહાર.

આ સર્વ પદાર્થો સ્વકાય કે પરકાય શસ્ત્રથી પરિણત થઈને અચેત થઈ ગયા હોય અને તે પદાર્થો ઉદ્ગમાદિ ગોચરીના દોષોથી રહિત હોય, તો જ સાધુ તેને ગ્રહણ કરે છે.

**आमं** :– અપક્વ. આ શબ્દના દ્રવ્ય અને ભાવ આ બે પ્રકારે અર્થ થાય છે– (૧) દ્રવ્યથી અપક્વ એટલે કાચી વનસ્પતિઓ અને અપક્વ ફળો (૨) ભાવથી અપક્વ એટલે સચિત્ત સજીવ વનસ્પતિઓ, બીજયુક્ત પાકા ફળો.

**असत्थपरिणयं** :– અશસ્ત્ર પરિણત. વનસ્પતિના દસે વિભાગ અને અન્ય સજીવ–સચેત પદાર્થોને કોઈ વિરોધી શસ્ત્રોને કે અગ્નિનો સંયોગ ન થયો હોય, તે અચેત થયા ન હોય, તેને અશસ્ત્ર પરિણત કહે છે.

**पुराणगं वा** :– જૂના, વાસી, સડી ગયેલા, જીવોત્પત્તિ યુક્ત પદાર્થો.

જે ફળ પાકીને વૃક્ષ ઉપરથી સ્વયં નીચે પડી ગયા હોય અથવા પાકા ફળને કોઈએ તોડી લીધા હોય, તે પાકા ફળ પણ જ્યાં સુધી બીજ ગોઠલી કે ઠળીયા સહિત હોય, ત્યાં સુધી સચેત છે. જ્યારે તે પાકા ફળ સુધારીને તેમાંથી બીજ કાઢી નાંખવામાં આવે અથવા બીજ સંયુક્ત તે ફળોને અગ્નિ પર સંસ્કારિત કરાય કે અન્ય વિરોધી દ્રવ્યથી શસ્ત્ર પરિણત કરાય ત્યારે તે અચેત થાય છે. જો તે ફળ અર્ધ સંસ્કારિત કે અસંસ્કારિત હોય અથવા અન્ય કોઈ પ્રકારે શસ્ત્ર પરિણત ન હોય, તો તે સચેત હોવાથી સાધુને અગ્રાહ્ય છે.

**साणुबीयं** :– સાનુબીજ. સચેત ફળોનું મંથુ-ચૂર્ણ કે ચટણી કરવામાં આવે કે જેમાં નાના બીજ રહી જાય, બરોબર પીસાય નહીં તે મંથુ–ચૂર્ણને **साणुबीयं** કહીને ગ્રહણ કરવાનો આઠમા સૂત્રમાં નિષેધ કર્યો છે.

**अग्गबीयं-अग्गजायं** :– જે વનસ્પતિના અગ્રભાગમાં બીજ હોય, તે અગ્રબીજ વનસ્પતિ છે અને જેનો અગ્ર ભાગ બીજનું કાર્ય કરે અર્થાત્ વાવવાથી તે અંકુરિત થાય, તે અગ્રજાત વનસ્પતિ છે. આ રીતે મૂલબીજ-મૂલજાત, પર્વબીજ-પર્વજાત, સ્કંધબીજ-સ્કંધજાત આદિના અર્થ સમજવા.

**विगदूमियं** :– શિયાળ આદિ પશુ કે પક્ષીઓ દ્વારા થોડા ખાધેલા ફળો. તે ફળ ભલે ખંડિત થયા હોય, પરંતુ તેમાં બીજ હોવાથી તે સચિત્ત હોય છે, તેથી સાધુ તેને ગ્રહણ કરે નહીં.

આ રીતે સાધુ ગ્રાહ્ય પદાર્થોની સજીવતા-અજીવતા તથા એષણીય-અનેષણીયતાનું સૂક્ષ્મપણે અવલોકન કરીને, ત્યાર પછી જ તેને ગ્રહણ કરે. નિર્દોષ આહારનું સેવન, તે સંયમી જીવનનું પોષક મહત્તમ અંગ છે, તેથી જ સૂત્રકારે વિવિધ વિકલ્પોથી તેનું વર્ણન કર્યું છે.

**णण्णत्थ** :– શાસ્ત્રકારો આ શબ્દનો પ્રયોગ પૂર્વ કથિત વિષયની વિશેષતા, છૂટ-અપવાદ કે ભિન્નતા સૂચવવા કરે છે અને **णण्णत्थ** આ શબ્દ પછી ભિન્નતાનું વિધાન જોવા મળે છે. અહીં ૧૨મા સૂત્રમાં અગ્રબીજ–અગ્રજાત, પર્વબીજ–પર્વજાતનો કથન પછી **णण्णत्थ** નો પ્રયોગ છે અને ત્યાર પછી **तक्कलिमत्थएण** વગેરે શબ્દો છે, તેથી તક્કલી, નાળિયેર, ખજૂર, તાલ વગેરેના **मत्थएण**– શિખરસ્થ ભાગ વિશેષનું ગ્રહણ થાય છે અર્થાત્ અગ્રબીજ-અગ્રજાત વગેરે વનસ્પતિ અગ્રાહ્ય છે, પરંતુ આ તક્કલી, નાળિયેરી, ખજૂરી વગેરેનો શિખરસ્થ ભાગ વિશેષ કે જે વૃક્ષથી અલગ થયા પછી બીજ રહિત અને પરિપક્વ હોવાથી સાધુ માટે ગ્રાહ્ય બને છે, તેથી તેનું સૂચન **णण्णत्थ** શબ્દપ્રયોગ દ્વારા સૂત્રકારે કર્યું છે.

પ્રાયઃ પ્રતોમાં **मत्थएण** શબ્દનો અર્થ ગરભાગ કર્યો છે, તે વિચારણીય છે, કારણ કે ગર ભાગમાં બીજ હોય છે. તે બીજ કાઢ્યા વિના તે ફળ ગ્રાહ્ય બનતું નથી.

**ઉપસંહાર :–**

**૧૭ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. જેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમમાં પુરુષાર્થશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૮ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : નવમો ઉદ્દેશક

**આધાકર્મી આદિ આહાર ગ્રહણ નિષેધ :–**

**१ इह खलु पाईणं वा पडीणं वा दाहिणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति गाहावई वा** *जाव* **कम्मकरीओ वा । तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ– जे इमे भवंति समणा भगवंतो सीलमंता वयमंता गुणमंता संजया संवुडा बंभयारी उवरया मेहुणाओ धम्माओ, णो खलु एएसिं कप्पइ आहाकम्मिए असणे वा पाणे वा खाइमे वा साइमे वा भोत्तए वा पायए वा ।**

**से जं पुण इमं अम्हं अप्पणो अट्ठाए णिट्ठियं, तं जहा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा; सव्वमेयं समणाणं णिसिरामो, अवियाइं वयं पच्छा वि अप्पणो सयट्ठाए असणं वा पाणं वा खाइमं वा साइमं वा चेइस्सामो । एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं अणेसणिज्जं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **णिसिरामो** = આપી દઈને **अप्पणो सयट्ठाए** = આપણા માટે **चेइस्सामो** = બનાવી લેશું **एयप्पगारं** = આ પ્રકારના **णिग्घोसं** = શબ્દને, વાર્તાને.

**ભાવાર્થ :–** આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશામાં કેટલાક શ્રદ્ધાવાન ગૃહસ્થો ***યાવત્*** નોકરાણીઓ હોય છે. તેઓ પરસ્પર આ પ્રમાણે વાર્તાલાપ કરતા હોય કે આ શ્રમણ ભગવંત છે, શીલવાન, વ્રતનિષ્ઠ, ગુણવાન, સંયમી, સંવરવાન, બ્રહ્મચારી અને મૈથુન પ્રવૃત્તિના ત્યાગી છે, આધાકર્મી અશનાદિ આહાર તેઓને ખાવો કે પીવો કલ્પતો નથી.

આપણે આપણા માટે જે ભોજન બનાવ્યું છે, તે સર્વ ભોજન આપણે આ શ્રમણોને આપી દેશું અને આપણા માટે બીજો આહાર બનાવી લેશું. તેઓનો આ પ્રકારનો વાર્તાલાપ સાંભળીને કે જાણીને સાધુ-સાધ્વી આ પ્રકારના અશનાદિ ચારે પ્રકારના આહારને અપ્રાસુક અને અનેષણીય સમજીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**२ से भिक्खू वा भिक्खुणी वा समाणे वा वसमाणे वा गामाणुगामं वा दूइज्जमाणे, से जं पुण जाणेज्जा– गामं वा** *जाव* **रायहाणिं वा । इमंसि खलु गामंसि वा** *जाव* **रायहाणिंसि वा संतेगइयस्स भिक्खुस्स पुरेसंथुया वा पच्छासंथुया वा परिवसंति, तं जहा– गाहावई वा** *जाव* **कम्मकरीओ वा । तहप्पगाराइं कुलाइं णो पुव्वामेव भत्ताए वा पाणाए वा णिक्खमेज्ज वा पविसेज्ज वा ।**

**केवली बूया– आयाणमेयं ! पुरा पेहाए तस्स अट्ठाए परो असणं वा पाणं**

**वा खाइमं वा साइमं वा उवकरेज्ज वा उवक्खडेज्ज वा । अह भिक्खुणं पुव्वोवदिट्ठा एस पइण्णा एस हेऊ एस कारणं एस उवएसो जं णो तहप्पगाराइं कुलाइं पुव्वामेव भत्ताए वा पाणाए वा पविसेज्ज वा णिक्खमेज्ज वा ।**

**से तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता अणावायमसंलोए चिट्ठेज्जा, से तत्थ कालेणं अणुपविसेज्जा, अणुपविसित्ता तत्थियरेयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं एसित्ता आहारं आहारेज्जा ।**

**શબ્દાર્થ :–** **पुरा पेहाए** = પહેલાં આવેલા જોઈને **उवक्करेज्ज** = પૃથ્વીકાય આદિ આરંભ કરશે **उवक्खडेज्ज** = અગ્નિથી પકાવશે **सामुदाणियं** = સામુદાનિક **एसियं** = એષણીય **वेसियं** = વેશની મર્યાદાપૂર્વક, વેશને અનુરૂપ વિધિથી **पिंडवायं** = ભિક્ષાને **एसित्ता** = ગવેષણા કરીને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થિરવાસ રહેતા હોય ચાતુર્માસ બિરાજતા હોય અથવા ગ્રામાનુગ્રામ વિચરણ કરતા જ્યાં રહ્યા હોય, તે ગામ ***યાવત્*** રાજધાનીના વિષયમાં એમ જાણે કે આ ગામ ***યાવત્*** રાજધાનીમાં કોઈ ભિક્ષુના માતા-પિતાદિ પૂર્વ પરિચિત અને સાસુ-સસરાદિ પશ્ચાત્પરિચિત સંબંધીજનો રહે છે, જેમ કે– ગૃહસ્થ ***યાવત્*** નોકરાણી; તો સાધુ તે કુળોમાં ગોચરીના સમય પહેલાં આહાર-પાણી માટે ગમનાગમન કરે નહિ.

કેવલી ભગવંતોએ તેને કર્મબંધનું કારણ કહ્યું છે, કારણ કે ભક્તિવાન ગૃહસ્થ પોતાના પરિચિત કે સંબંધી સાધુ-સાધ્વીને ભોજનના સમય પૂર્વે આવેલા જોઈને સાધુ માટે પૃથ્વીકાય, વનસ્પતિકાયાદિનો આરંભ કરશે, અગ્નિ આદિનો આરંભ કરીને રસોઈ બનાવશે, તેથી સાધુઓ માટે પૂર્વોપદિષ્ટ તીર્થંકરાદિનો પહેલાથી ઉપદેશ છે કે સાધુ આવા પ્રકારના પરિચિત કુળોમાં ભિક્ષાના સમય પહેલાં આહાર-પાણી માટે ગમનાગમન કરે નહિ. ભિક્ષાર્થે નીકળેલા સાધુ જાણે કે હજુ ભિક્ષાનો સમય થયો નથી, તો લોકોનું આવાગમન ન હોય તેવા એકાંત સ્થાનમાં જઈને ઊભા રહે અને ભિક્ષાનો સમય થાય ત્યારે તે સ્વજનાદિના ઘરોમાં તથા અન્ય ઘરોમાં સામુદાનિક, એષિત, વેષિત નિર્દોષ આહાર પ્રાપ્ત કરીને તેનો ઉપભોગ કરે.

**३** **सिया से परो कालेण अणुपविट्ठस्स आहाकम्मियं असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवकरेज्ज वा उवक्खडेज्ज वा । तं चेगइओ तुसिणीओ उवेहेज्जा, आहडमेवं पच्चाइक्खिस्सामि । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा। से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भइणी ! ति वा; णो खलु मे कप्पइ आहाकम्मियं असणं वा पाणं वा खाइमं वा साइमं वा भोत्तए वा पायए वा, मा उवकरेहि, मा उवक्खडेहि ।**

**से सेवं वयंतस्स परो आहाकम्मियं असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवक्खडेत्ता आहट्टु दलएज्जा । तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **तं च एगइओ** = તેને જોઈને કોઈ સાધુ **तुसिणीओ** = મૌન રહે **उवेहेज्जा** = આ

ભાવનાથી **आहडमेयं** = જ્યારે આ મને લાવીને દેશે **पच्चाइक्खिस्सामि** = ત્યારે હું ના પાડી દઈશ.

**ભાવાર્થ :–** ભિક્ષાના સમયે પ્રવેશેલા સાધુને જોઈને શ્રદ્ધાળુ પરિચિત ગૃહસ્થ તેના માટે આધાકર્મી આહાર બનાવે કે અગ્નિ પર પકાવે, તો તે જોઈને, આ પ્રકારના અભિપ્રાયને જાણીને સાધુ મૌનપૂર્વક તે જોતા રહે અને જ્યારે તે આહાર લઈને આવશે ત્યારે તેને લેવાની ના પાડી દઈશ; તેમ વિચારે તો તે માયાસ્થાનનું સેવન કરે છે. સાધુ આ પ્રમાણે કરે નહિ. ગૃહસ્થની આહાર બનાવવાની ક્રિયાને જોઈને, જાણીને તે સમયે તરત જ કહી દે કે– હે આયુષ્યમન્ ભાઈ કે બહેન ! આ પ્રકારનો આધાકર્મી આહાર ખાવો કે પીવો મારા માટે કલ્પનીય નથી, તેથી તમે આ રીતે ભોજન તૈયાર કરો નહિ કે અગ્નિ ઉપર પકાવો નહિ.

સાધુ આ પ્રમાણે કહે તોપણ તે ગૃહસ્થ આધાકર્મી આહાર બનાવીને કે અગ્નિ પર પકાવીને લાવે અને સાધુને આપે, તો સાધુ તે આહારને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે બનાવવામાં આવતા આધાકર્મી આહારના સંબંધમાં વિવેક દર્શાવ્યો છે.

**आहाकम्मियं**– આધાકર્મ. સાધુ માટે આહાર બનાવવો, સચિત્તને અચિત્ત કરવો કે પકાવવો તે આધાકર્મ દોષયુક્ત આહાર કહેવાય છે.

પ્રસ્તુત સૂત્રોમાં આધાકર્મ દોષ લાગવાની સંભવિત વિવિધ પરિસ્થિતિઓ આ પ્રમાણે છે–

(૧) શ્રદ્ધાવાન ગૃહસ્થ પોતાના માટે બનાવેલું ભોજન સાધુને આપે અને પોતાના માટે નવું ભોજન બનાવવાનો વિચાર કરે, તો તે નવું ભોજન બનાવવામાં સાધુ નિમિત્ત બને છે.

(૨) ગોચરીના સમય પૂર્વે પરિચિત સ્વજનોના ઘેર ગમનાગમન કરવાથી તે સ્વજનો અનુરાગ વશ સાધુના નિમિત્તે વિશિષ્ટ આહાર તૈયાર કરે છે.

(૩) ગોચરીના સમયે જ પરિચિત સ્વજનોને ત્યાં જવાથી તે સ્વજન સાધુને માટે આહાર તૈયાર કરે, સાધુને તેની જાણ થવા છતાં તેનો નિષેધ કર્યા વિના મૌન રહે અને વિચારે કે મને વહોરાવશે ત્યારે નિષેધ કરીશ, તો તેમાં તે સાધુ માયાસ્થાનનું સેવન કરે છે અર્થાત્ તે તેનો અવિવેક છે. વિવેકવાન સાધુને અનુમાન આદિ કોઈ પણ રીતે જાણ થઈ જાય કે ગૃહસ્થ મારા માટે આહાર બનાવી રહ્યા છે, તો તુરંત જ ગૃહસ્થને સ્પષ્ટ ભાષામાં કહી દેવું જોઈએ કે તમે આ રીતે આહાર તૈયાર કરો નહિ, કારણ કે અમારે માટે બનાવેલો આહાર અમને લેવો કલ્પતો નથી.

આ રીતે ઉપરોક્ત પરિસ્થિઓમાં સાધુ અપ્રમત્ત ભાવે નિર્દોષ આહાર ગ્રહણમાં સાવધાન રહે છે.

**तत्थियरेयरेहिं..... तत्थ** એટલે ત્યાં. જે સ્વજનાદિના ઘેર ગોચરીના સમય પહેલાં પહોંચીને એકાંત સ્થાનમાં ઊભો હતો, તે સ્વજનોના ઘરોથી અને **इयर–इयर** એટલે અન્ય-અન્ય અનેક ઘરોમાંથી સામુદાનિક ગોચરી ગ્રહણ કરે.

સંક્ષેપમાં સાધુ સ્વયં વિવેકપૂર્વક ભિક્ષા સમયે જ અન્ય ઘરોમાં કે સ્વજનોના આદિ કોઈ પણ ઘરમાં જઈને ત્યાં પ્રાસુક અને એષણીય આહારની ગવેષણા કરે છે.

**सड्ढे :–** શ્રદ્ધાવાન. અહીં સૂત્રકારે શ્રાવક શબ્દનો પ્રયોગ ન કરતા શ્રદ્ધાવાન શબ્દનો પ્રયોગ કર્યો છે, કારણ

કે સાધુ સમાચારીના જ્ઞાતા શ્રાવકો પશ્ચાત્ કર્મ દોષને જાણે છે, તેથી સાધુને વહોરાવ્યા પછી નવું ભોજન બનાવતા નથી પરંતુ જેઓને સાધુ પ્રતિ શ્રદ્ધા અને ભક્તિનો ભાવ છે, તેઓ સાધુ માટે ભોજન ન બનાવાય તેટલું જ જાણે છે, પરંતુ પોતાનું ભોજન આપ્યા પછી નવું ભોજન ન બનાવાય તેમ જાણતા નથી. તેઓ માત્ર શ્રદ્ધાપૂર્વક સાધુને વહોરાવવાનો વિચાર કરે છે, તે સૂચિત કરવા અહીં **सड्ढे** શબ્દનો પ્રયોગ થયો છે.

**પરિભોગૈષણા વિવેક :–**

**૪ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा, ... तेल्लपूयं आएसाए उवक्खडिज्जमाणं पेहाए णो खद्धं-खद्धं उवसंकमित्तु ओभासेज्जा, णण्णत्थ गिलाणाए ।**

**શબ્દાર્થ :–** **तेल्लपूयं** = તેલમાં બનેલા પૂડલા **आएसाए** = અતિથિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ગૃહસ્થ પોતાને ત્યાં આવેલા કોઈ અતિથિ માટે તેલમાં તળાતી પૂરી કે પૂડલા બનાવી રહ્યા છે, તો જલદી-જલદી ત્યાં જઈને આહારની યાચના કરે નહિ, પરંતુ બીમાર સાધુ માટે અત્યંત આવશ્યક હોય, તો વિવેક પૂર્વક ત્યાં જઈને યાચના કરી શકે છે.

**૫ से भिक्खू वा भिक्खुणी वा गाहावईकुलं पिंडवाय पडियाए पविट्ठे समाणे अण्णयरं भोयणजायं पडिगाहेत्ता सुब्भिं-सुब्भिं भोच्चा दुब्भिं-दुब्भिं परिट्ठवेइ। माइट्ठाणं संफासे । णो एवं करेज्जा । सुब्भिं वा दुब्भिं वा सव्वं भुंजे ण छड्डए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં આહાર માટે જઈને, ત્યાંથી વિવિધ પ્રકારનો આહાર લઈ આવે, તેમાંથી સારો-સારો આહાર સ્વયં ભોગવે અને ખરાબ આહાર પરઠી દે, તો તે માયા-કપટનું સેવન કરે છે. સાધુએ આવા પ્રકારનું આચરણ કરવું જોઈએ નહીં. સાધુ પોતાની આવશ્યકતાનુસાર ગ્રહણ કરેલા આહારમાં સારો કે નરસો જે હોય તે સર્વ આહાર વાપરી લે, જરા માત્ર પણ ફેંકે નહીં.

**૬ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं** *जाव* **पविट्ठे समाणे अण्णयरं वा पाणगजायं पडिगाहेत्ता पुप्फं पुप्फं आविइत्ता कसायं कसायं परिट्ठवेइ । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा । पुप्फं पुप्फे ति वा कसायं कसाए ति वा सव्वमेयं भुंजेज्जा, ण किंचि वि परिट्ठवेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પાણી માટે પ્રવેશ કરીને, જે પાણી ગ્રહણ કરે તે પાણીમાંથી જે મનોજ્ઞ વર્ણ, ગંધ, રસયુક્ત, મધુર હોય તેને પીવે અને અમનોજ્ઞ વર્ણ, ગંધ, રસવાળા, ખાટા, ખારા, તૂરા કે કડવા પાણીને પરઠી દે, તો તે માયા સ્થાનનું સેવન કરે છે. સાધુએ એ પ્રમાણે કરવું જોઈએ નહિ, પરંતુ પાણી મધુર હોય કે તૂરું, તે સર્વ પાણીને સમભાવથી પીવે; તેમાંથી થોડું પણ બહાર પરઠે નહિ.

**૭ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविट्ठे समाणे बहुपरियावण्णं भोयणजायं पडिगाहेत्ता साहम्मिया तत्थ वसंति संभोइया**

**समणुण्णा अपरिहारिया अदूरगया । तेसिं अणालोइय अणामंतिय परिट्ठवेइ । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।**

**से तमादाए तत्थ गच्छेज्जा, गच्छेत्ता से पुव्वामेव आलोएज्जा– आउसंतो समणा ! इमे मे असणे वा पाणे वा खाइमे वा साइमे वा बहुपरियावण्णे, तं भुंजह । से सेवं वयंतं परो वएज्जा– आउसंतो समणा ! आहारमेयं असणं वा पाणं वा खाइमं वा साइमं वा जावइयं-जावइयं परिसडइ तावइयं-तावइयं भोक्खामो वा पाहामो वा; सव्वमेयं परिसडइ सव्वमेयं भोक्खामो वा पाहामो वा ।**

**શબ્દાર્થ :–** **बहुपरियावण्णं** = વધુ માત્રામાં પ્રાપ્ત થયેલ **भोयणजायं** = આહારને **पडिगाहेत्ता** = ગ્રહણ કરીને **साहम्मिया** = સ્વધર્મી **संभोइया** = સંભોગી સાધુ **समणुण्णा** = પોતાના સમાન આચારવાળા **अपरिहारिया** = છોડવા યોગ્ય નથી અર્થાત્ શુદ્ધ આચારવાળા છે **अदूरगया** = પોતાની જગ્યાથી દૂર નથી **अणालोइय** = બતાવ્યા વિના, પૂછ્યા વિના **अणामंतिय** = નિમંત્રણ કર્યા વિના **बहु परियावण्णे** = ઘણો વધારે છે **तं** = તેને **भुंजह** = વાપરશો **आहारमेयं** = આપો **परिसडइ** = અમારાથી ખવાશે **पाहामो** = પીશું **सव्वमेयं** = જો આ સર્વ **परिसडइ** = ખવાઈ જશે તો.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે અને તેઓને ત્યારે ત્યાંથી વિવિધ પ્રકારના આવશ્યકતાથી અધિક અશનાદિ આવી ગયા હોય અને તે ખાઈ શકાય તેમ ન હોય, તો જો નિકટમાં સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ તથા અપરિહારિક–નિર્દોષ સંયમવાળા સાધુ-સાધ્વી હોય, તેઓને પૂછ્યા કે બતાવ્યા વિના કે નિમંત્રણ કર્યા વિના(તે આહારને) પરઠી દે, તો તે માયાસ્થાનનું સેવન કરે છે. સાધુએ તે પ્રકારનું આચરણ કરવું જોઈએ નહિ.

સાધુ તે આહાર લઈને ત્યાં સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ કે અપરિહારિક સાધુઓની પાસે જાય અને સૌથી પહેલા તે આહારને બતાવે અને આ પ્રમાણે કહે– હે આયુષ્યમાન શ્રમણો ! આ અશનાદિ આહાર અમારી આવશ્યકતાથી વધારે છે, તમો તેનો ઉપભોગ કરો. આ પ્રમાણે કહે ત્યારે તે સાધુ એમ કહે કે હે આયુષ્યમાન્ શ્રમણ ! આ આહારમાંથી અમો જેટલો આહાર ખાઈ-પી શકશું તેટલો ખાશું-પીશું; જો અમે સર્વ ઉપભોગ કરી શકીશું તો સર્વ ખાશું-પીશું.(તો તે સાધુએ સર્વ આહારાદિ તેઓને આપી દેવો જોઈએ.)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ કે શ્રાવક કોઈની પણ ભૂલથી વધુ માત્રામાં ગ્રહણ થયેલા આહાર માટેની વિવેક વિધિ દર્શાવી છે.

સાધુ સંયમ પાલનના સાધનરૂપ દેહ નિર્વાહાર્થે જ આહાર કરે છે. કોઈ પણ પ્રકારે રસાસ્વાદનું પોષણ ન થાય તેના માટે સતત જાગૃત રહે છે.

સ્વાદલોલુપતાને વશ થયેલા સાધુ સ્વાદવૃત્તિના પોષણ માટે સાધુ જીવનની મર્યાદાને ભૂલી જાય છે અને માયા-કપટ તેમજ પરિભોગૈષણાના અન્ય દોષોનું સેવન કરે છે. તેનાથી તેના સંયમી જીવનને હાનિ થાય છે અને શાસનની લઘુતા થાય છે. સૂત્રકારે તેવી વિવિધ પરિસ્થિતિઓનું નિરૂપણ કર્યું છે.

ગૃહસ્થને ત્યાં અતિથિઓ માટે મનોજ્ઞ ભોજન બની રહ્યું હોય, તો તે જોઈને સાધુ ઝડપથી ત્યાં જઈને યાચના ન કરે, કારણ કે સાધુના તથાપ્રકારના વ્યવહારથી સાધુની રસલોલુપતા પ્રગટ થાય છે, તે ઉપરાંત અતિથિ માટે તૈયાર કરેલું ભોજન જો સાધુ લઈ લે, તો ગૃહસ્થને નવું ભોજન બનાવવું પડે, તેમાં સાધુને આરંભનો દોષ લાગે છે, પરંતુ કોઈ ગ્લાન સાધુ માટે તેવા પદાર્થની આવશ્યકતા હોય, તો સાધુ વિવેકપૂર્વક ત્યાં જઈને તેની યાચના કરી શકે છે.

સામુદાનિક ગોચરી કરતાં સાધુને સરસ અને નીરસ બંને પ્રકારના આહાર અને પાણી પ્રાપ્ત થાય છે. તે આહાર અને પાણીમાંથી આસક્ત ભાવે સરસ આહારને વાપરે અને નીરસ પરઠી દે, તેવા પ્રકારની પ્રવૃત્તિ સંયમી જીવનમાં શોભનીય નથી. સરસ આહાર પ્રતિ રાગભાવ કે નીરસ આહાર પ્રતિ દ્વેષભાવ રાખવાથી સાધુને પરિભોગૈષણા–માંડલાના દોષ લાગે છે, તેથી સાધુને સરસ કે નીરસ, જેવા પ્રકારના આહાર કે પાણી ગવેષણા અને વિવેક પૂર્વક પ્રાપ્ત થયા હોય, તેને સમભાવથી વાપરે.

સાધુ પોતાની આવશ્યકતા અનુસાર વિવેકપૂર્વક જ આહાર ગ્રહણ કરે છે, તેમ છતાં ક્યારેક કોઈક શ્રદ્ધાવાન ભક્ત અનાયાસ અધિક માત્રામાં આહાર વહોરાવી દે, ક્યારેક સાધુના પ્રમાદથી અધિક માત્રામાં આહાર ગ્રહણ થઈ જાય, તો સાધુ સ્વયં વાપરી શકાય, તેટલો આહાર વાપરે અને વધેલો આહાર લઈને બે ગાઉની ક્ષેત્ર મર્યાદામાં પોતાના સાધર્મિક, સાંભોગિક સાધુઓ બિરાજમાન હોય, તો તેની પાસે જાય અને તે આહાર-પાણી તેને બતાવીને સરળ ભાવે વિનંતિ કરે, કે 'આ આહાર અમારે વધારે છે. આપને અનુકૂળ હોય, તેટલા આહાર-પાણી તમે વાપરો.' તે સાધુઓ પોતાની અનુકૂળતા પ્રમાણે સહજ ભાવે તે આહારનો સ્વીકાર કરે છે.

આ પ્રકારના વ્યવહારથી સાધર્મિક સાધુઓનો પરસ્પર એક-બીજા માટેનો સહજ સદ્‌ભાવ પ્રગટ થાય છે અને તેમ કરવામાં પરસ્પરની આત્મીયતા વધે છે. તેમજ ગૃહસ્થોએ સંતોના સંયમી જીવનના નિર્વાહાર્થે, શ્રદ્ધા અને ભક્તિથી વહોરાવેલો અને સાધુએ તે જ લક્ષે ગ્રહણ કરેલો આહાર, તે જ રીતે વપરાવાથી ગૃહસ્થના ભક્તિના ભાવો જળવાઈ રહે છે. જો સાધુ નીરસ આહાર અથવા વધારાનો આહાર પરઠી દે, વિવેકપૂર્વક વર્તન ન કરે તો તેમાં ગૃહસ્થનો વિશ્વાસઘાત થાય અને ગૃહસ્થના શ્રદ્ધા-ભક્તિના ભાવોમાં હીનતા આવે છે. આ રીતે સાધુએ પોતાના સંયમી જીવનને અનુરૂપ વિવેકપૂર્વકના વ્યવહારથી શાસનનું ગૌરવ વધે, તે પ્રમાણે રહેવું જોઈએ.

(૧) **साहम्मिया :–** સાધર્મિક. સમાન ધર્મનું પાલન કરનારા, જૈન શ્રમણ પરંપરાના નિયમોનું, આચાર-વિચારનું પાલન કરનારા સર્વ શ્રમણો સાધર્મિક કહેવાય છે. પ્રસ્તુતમાં સાધર્મિક સાથે સાંભોગિક વગેરે ત્રણ વિશેષણો પ્રાસંગિક રૂપે જોડાયેલા છે.

(૨) **संभोइया :–** સાંભોગિક. સંભોગ એટલે સાધુઓનો પરસ્પરનો વ્યવહાર. આગમોમાં સાધુને માટે બાર પ્રકારના સંભોગનું નિરૂપણ છે. તેમાંથી મુખ્ય રૂપે પોતાના ગચ્છની પરંપરા અનુસાર અન્ય જે-જે ગચ્છના સાધુઓ સાથે પરસ્પર આહાર-પાણીનું આદાન-પ્રદાન થતું હોય, તે સાધુઓ પરસ્પર સાંભોગિક કહેવાય છે. જૈન શ્રમણ પરંપરાના સર્વ સાધુઓ સાધર્મિક છે, પરંતુ બધા સાંભોગિક હોતા નથી. સાધુને અધિક આહાર આવી ગયો હોય, ત્યારે સાંભોગિક સાધુને આહાર-પાણીનું આમંત્રણ આપે છે, અન્ય સાધુને નહીં.

(૩) **समणुण्णा :–** સમનોજ્ઞ. શાસ્ત્રાનુકૂલ સમાચારીવાળા સાધુ.

(૪) **अपरिहारिया :–** અપરિહારિક. ત્યાગ કરવા યોગ્ય નથી તેવા ઉત્તમ આચારવાળા સાધુ, દોષ રહિત સંયમ પાલન કરનારા.

આ રીતે ક્રમશઃ પ્રયુક્ત સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ અને અપરિહારિક, આ ચારે ય વિશેષણોનો એક બીજા સાથે ઉત્તરોત્તર સૂક્ષ્મ સંબંધ છે.

સાધુએ ગવેષણાપૂર્વક પ્રાપ્ત કરેલો નિર્દોષ આહાર ગમે તે વ્યક્તિને દેવો, તે હિતાવહ નથી, તે સમજાવવા માટે સૂત્રકારે આ ચાર વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**आएसाए उवक्खडिज्जमाणे :–** મહેમાનો માટે વિવિધ પ્રકારના ભોજન બનાવવામાં આવે છે. પ્રસ્તુત સૂત્રમાં **तेल्लपूयं** તેલમાં તળેલી પૂરી, પૂડલા આદિ પદાર્થોનું કથન છે, તે સાધુ માટે ગ્રાહ્ય છે.

**ગ્રહણૈષણા વિવેક :–**

**૮ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे से जं पुण जाणेज्जा– असणं वा पाणं वा खाइमं वा साइमं वा परं समुद्दिस्स बहिया णीहडं तं परेहिं असमणुण्णायं अणिसिट्ठं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा । तं परेहिं समणुण्णायं समणुसिट्ठं फासुयं** *जाव* **पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **परं** = બીજાના **समुद्दिस्स** = ઉદ્દેશથી **बहिया णीहडं** = આપવા માટે બહાર કાઢ્યો હોય **तं** = તેની **परेहिं** = ઉદ્દિષ્ટ વ્યક્તિ દ્વારા **असमणुण्णायं** = આજ્ઞા પ્રાપ્ત થયા વિના **अणिसिट्ठं** = તેના દ્વારા આપ્યા વિના.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે આ આહાર અન્ય વ્યક્તિને આપવા માટે જુદો કાઢી રાખેલો છે, તો તે આહાર જેને આપવાનો હોય, તે વ્યક્તિની આજ્ઞા વિના કે તેના દ્વારા અપાયા વિના સાધુ ગ્રહણ કરે નહીં. જો તે વ્યક્તિ અનુમતિ આપે કે સ્વયં વહોરાવે, તો તે આહાર પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કોઈને માટે અલગ કાઢી રાખેલા આહારની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાનું નિરૂપણ છે.

સાધુએ જેમ ગ્રાહ્ય પદાર્થની સજીવતા-અજીવતાનું પરીક્ષણ કરવું અનિવાર્ય છે તેમજ ગ્રાહ્ય પદાર્થ કોની માલિકીનો છે ? તે જાણવું પણ જરૂરી છે. અન્ય વ્યક્તિની માલિકીનો આહાર બીજા વહોરાવી દે અને સાધુ તેને ગ્રહણ કરે, તો સાધુને ઉદ્‌ગમનો અનિસૃષ્ટ(અનાજ્ઞાપિત) નામનો દોષ લાગે છે.

**बहिया णीहडं..... :–** બહાર કાઢેલો, કોઈ ચોક્કસ વ્યક્તિને આપવા માટે જુદો કરેલો, અલગ રાખેલો આહાર. બીજી કોઈ વ્યક્તિને આપવા માટે જે આહાર જુદો રાખવામાં આવ્યો હોય અને તે વ્યક્તિને કહી દીધું હોય કે આ આહાર તમારા માટે છે, તે આહાર તે વ્યક્તિએ લઈ લીધો ન હોય તો પણ તે આહાર તેની માલિકીનો કહેવાય છે. તેવો આહાર મૂળમાલિક આપે તોપણ સાધુ ગ્રહણ કરે નહીં. જેના માટે વિભક્ત કરવામાં આવ્યો છે તે માલિક પોતે આપે અથવા આપવાની રજા આપે તો જ સાધુ તે આહાર ગ્રહણ કરે છે.

જે વ્યક્તિ માટે આહાર વિભક્ત કર્યો છે તે ગ્રહણ ન કરે ત્યાં સુધી તે આહારને સુરક્ષિત સાચવી

રાખવો, મૂળ માલિકનું કર્તવ્ય છે. સાધુ તે આહાર ગ્રહણ કરી લે, તો મૂળ માલિકે(દાતાએ) તેના માટે નવો આહાર બનાવવો પડે અથવા બીજો આહાર આપવો પડે. તે માલિકની આહાર વહોરાવવાની ઈચ્છા ન હોય તો સાધુ પ્રત્યે તેને દુર્ભાવ થાય માટે તે વ્યક્તિની અનુમતિ વિના સાધુ તે આહાર ગ્રહણ કરે નહીં.

**ઉપસંહાર :–**

**૧ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૯ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : દસમો ઉદ્દેશક

**સામુહિક આહાર આદાન–પ્રદાન વિવેક :–**

**१** **से एगइओ साहारणं वा पिंडवायं पडिगाहेत्ता ते साहम्मिए अणापुच्छित्ता जस्स-जस्स इच्छइ तस्स तस्स खद्धं-खद्धं दलयइ । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।**

**से तमायाए तत्थ गच्छेज्जा, गच्छित्ता पुव्वामेव एवं वएज्जा– आउसंतो समणा ! संति मम पुरेसंथुया वा पच्छासंथुया वा, तं जहा– आयरिए वा उवज्झाए वा पवत्ती वा थेरे वा गणी वा गणहरे वा गणावच्छेइए वा, अवियाइं एएसिं खद्धं-खद्धं दाहामि । से एवं वयंतं परो वइज्जा– कामं खलु आउसो ! अहापज्जत्तं णिसिराहि । जावइयं जावइयं परो वयइ, तावइयं तावइयं णिसिरेज्जा। सव्वमेयं परो वयइ, सव्वमेयं णिसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **से** = તે **एगइओ** = કોઈ એક **साहारणं** = સર્વ સાધુ માટે.

**ભાવાર્થ :–** કોઈ સાધુ ઘણા સાધુઓ માટે સામૂહિક આહાર લાવ્યા હોય અને તે સાધર્મિક સાધુઓને પૂછયા વિના જ જેને-જેને આહાર આપવાની પોતાની ઈચ્છા હોય તેને વધારે કે સારો આહાર આપી દે, તો તે માયા સ્થાનનું સેવન કરે છે. સાધુએ આ રીતે કરવું જોઈએ નહિ.

સાધુ પોતાને પ્રાપ્ત થયેલા આહારને ગ્રહણ કરીને ગુરુજનો પાસે જાય અને આ પ્રમાણે કહે છે, હે આયુષ્યમાન શ્રમણો ! અહીં જેની પાસે મેં દીક્ષા લીધી હતી તેવા મારા પૂર્વ પરિચિત શ્રમણો તથા જેની પાસે દીક્ષા પછી મેં શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે, તેવા મારા પશ્ચાત્ પરિચિત શ્રમણો આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગણધર(ગણનાયક), ગણાવચ્છેદક શ્રમણો છે; જો તમારી આજ્ઞા હોય તો હું તેઓને પૂરતો આહાર આપું. આ પ્રમાણે તે પૂછે ત્યારે ગુરુજનાદિ કહે કે હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે તમારી ઈચ્છાનુસાર પૂરતો આહાર આપી શકો છો, તો તે સાધુ જેટલો કહે તેટલો આહાર તેઓને આપે છે. તેઓ કહે કે સર્વ શ્રેષ્ઠ આહાર આપો, તો હોય તેટલો સર્વ શ્રેષ્ઠ આહાર આપી દે.

**२** **से एगइओ मणुण्णं भोयणजायं पडिगाहेत्ता पंतेण भोयणेण पलिच्छाएइ मामेयं दाइयं संतं; दट्ठूणं सयमाइए; तं जहा– आयरिए वा** *जाव* **गणावच्छेइए वा । णो खलु मे कस्सइ किंचि वि दायव्वं सिया । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा।**

**से तमायाए तत्थ गच्छेज्जा, गच्छेत्ता पुव्वामेव उत्ताणए हत्थे पडिग्गहं कट्टु इमं खलु इमं खलु त्ति आलोएज्जा । णो किंचि वि णिगूहेज्जा ।**

**શબ્દાર્થ :–** **पंतेण भोयणेण** = નિરસ આહાર વડે **पलिच्छाएइ** = ઢાંકી દે **मामेयं** = આ આહારને

**दाइयं संतं** = દેખાડવા પર **दट्ठूणं** = જોઈને **सयमाइए** = સ્વયં જ લઈ લેશે **किंचि वि** = જરામાત્ર પણ **णो णिगूहेज्जा** = છુપાવે નહિ.

**ભાવાર્થ :–** મને પ્રાપ્ત થયેલો સ્વાદિષ્ટ આહાર આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદક જોશે, તો તેઓ સ્વયં તે આહાર લઈ લેશે, મારે આ આહારમાંથી કોઈને કાંઈ આપવું નથી, તેમ વિચારીને જો કોઈ સાધુ ભિક્ષામાં પ્રાપ્ત થયેલા, સ્વાદિષ્ટ આહારને નીરસ(તુચ્છ) આહારથી ઢાંકી દે, તો આ પ્રકારનું આચરણ કરનાર સાધુ માયાસ્થાનનું સેવન કરે છે. સાધુએ આ પ્રકારનું છળ-કપટ કરવું જોઈએ નહિ.

સાધુ પોતાને પ્રાપ્ત થયેલો આહાર લઈને આચાર્યાદિની પાસે જાય અને પાત્રને હાથમાં ગ્રહણ કરીને, આ પાત્રમાં આ છે, આ પાત્રમાં આ છે, આ પ્રમાણે સરળ ભાવે સ્પષ્ટ કહીને એક-એક વસ્તુ આચાર્યાદિને બતાવે, કોઈ પણ વસ્તુ જરા માત્ર છુપાવે નહિ.

**३ से एगइओ अण्णयरं भोयणजायं पडिगाहेत्ता भद्दयं-भद्दयं भोच्चा विवण्णं विरसमाहरइ । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।**

**ભાવાર્થ :–** જો કોઈ સાધુ ગૃહસ્થના ઘરેથી આહાર લઈને આવતા રસ્તામાં જ સારો-સારો આહાર વાપરી લે અને બાકી રહેલા તુચ્છ અને નીરસ આહારને લઈને ઉપાશ્રયમાં આચાર્યાદિ પાસે આવે, તો આ પ્રકારનું આચરણ કરનાર સાધુ માયાસ્થાનનું સેવન કરે છે. સાધુએ આ પ્રકારનું આચરણ કરવું જોઈએ નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ માટે પ્રાપ્ત થયેલા નિર્દોષ આહારનો સંવિભાગ કરવામાં વિવેક રાખવાનું સૂચન છે.

સાધુ ગૃહસ્થના ઘરોમાંથી નિર્દોષ આહાર પ્રાપ્ત કરે છે. તેમાં સરસ અને નીરસ આદિ જે આહાર પ્રાપ્ત થાય, તે આહાર ગુરુજનોને બતાવીને, તેમની આજ્ઞાનુસાર સર્વ સાધુઓમાં સમાન ભાવે સંવિભાગ કરીને અનાસક્ત ભાવે વાપરે છે.

જો કોઈ સાધુના અંતરમાં સ્વાદ લોલુપતાનો ભાવ જાગૃત થાય, તો તે સ્વાદની પુષ્ટિ માટે વિવિધ રીતે માયા-કપટ કરે છે. સૂત્રકારે આ સૂત્રોમાં માયા-કપટ કરવાની ત્રણ પદ્ધતિનું કથન કર્યું છે– (૧) આહારનો સંવિભાગ કરવાના સમયે પક્ષપાત કરવો. (૨) અન્ય મુનિઓ સરસ આહાર લઈ ન લે તેવી તુચ્છ દૃષ્ટિથી સરસ આહારને નીરસ આહારથી ઢાંકી દેવો. (૩) ગોચરીમાં પ્રાપ્ત થયેલા સરસ આહારને ઉપાશ્રયમાં લાવ્યા વિના જ રસ્તામાં ક્યાંક વાપરી લેવો.

આવી માયાયુક્ત પ્રવૃત્તિથી સાધુ અન્ય અનેક દોષ પરંપરાનું સર્જન કરે છે. સ્વાદ લોલુપતાથી કલ્પનીય-અકલ્પનીયનો વિચાર કર્યા વિના દોષયુક્ત આહાર લેવાથી અહિંસા મહાવ્રતનો ભંગ થાય છે. સાધુ આહાર પ્રાપ્તિની વાસ્તવિકતાને છુપાવે છે, તેથી સત્ય મહાવ્રત દૂષિત થાય છે. રત્નાધિકોને બતાવ્યા વિના છુપાવીને સરસ આહાર સ્વયં કરી લેવાથી તેનું અચૌર્યવ્રત ખંડિત થાય છે. આહારના સંવિભાગમાં પક્ષપાત કરવાથી સમભાવનો નાશ થાય છે. આ રીતે એક દોષથી અનેક દોષોનું સેવન થાય છે.

સંક્ષેપમાં સાધુએ પ્રાપ્ત થયેલી સામુદાનિક ગોચરીનો ગુરુજનોની આજ્ઞાનુસાર પ્રામાણિકતાપૂર્વક સંવિભાગ કરીને સમભાવે આહાર કરવો જોઈએ.

**आयरिए, उवज्झाए :–** શાસ્ત્રમાં આચાર્યાદિ સાત પદવીઓનું વર્ણન જોવા મળે છે. તેના અર્થ આ પ્રમાણે છે.

**(१) आचार्यः अनुयोगधरः ।** –સૂત્રાર્થ, પરમાર્થના ધારક, પંચાચાર પાલક, શાસન પરંપરાના સંચાલક અને સંઘ દ્વારા આચાર્ય પદે પ્રતિષ્ઠિત ગુણસંપન્ન મુનિવર **આચાર્ય** કહેવાય છે.

**(२) उपाध्यायः अध्यापकः ।** –આગમના રહસ્યોનું ઉદ્‌ઘાટન કરીને આચાર્ય દ્વારા નિર્દિષ્ટ શિષ્યોને અધ્યાપન કરાવે, સંઘ દ્વારા ઉપાધ્યાય પદે પ્રતિષ્ઠિત ગુણસંપન્ન મુનિવર **ઉપાધ્યાય** કહેવાય છે.

**(३) प्रवर्तकः प्रवृत्तिर्यथायोगं वैयावृत्त्यादौ साधूनां प्रवर्तनशीलः ।** –સહવર્તી સાધુઓને પોત-પોતાની યોગ્યતા અનુસાર વૈયાવૃત્ય આદિ આરાધનામાં નિયુક્ત કરે, તે સાધુને **પ્રવર્તક** કહે છે.

**(४) स्थविरः संयमादौ सीदतां साधूनां स्थिरीकरणात्स्थविरः ।** –સંયમ, તપ આદિ સાધનામાં વિષાદને પ્રાપ્ત થયેલા સાધુઓને સંયમ ભાવમાં સ્થિર કરનાર પ્રૌઢ, અનુભવી શ્રમણ **સ્થવિર** કહેવાય છે.

**(५) गणीः गच्छाधिपो गणी ।** –ગચ્છના અધિપતિ. આચાર્ય પદની યોગ્યતા ધરાવનાર, સર્વરત્નાધિકોમાં અર્થાત્ ગચ્છના સર્વ સાધુઓમાં વધુ દીક્ષા પર્યાયવાળા અને સંઘ દ્વારા પ્રસ્થાપિત શ્રમણ **ગણિ કે ગચ્છાધિપતિ** કહેવાય છે.

**(६) गणधरः यस्त्वाचार्य-गुर्वादेशात् साधुगणं गृहीत्वा पृथग्विहरति स गणधरः ।** ગુરુ-આચાર્યાદિની આજ્ઞાનુસાર સાધુના સંઘાડાને(સાધુ સમુદાયને) સાથે લઈને પૃથક્ વિચરણ કરનાર સંઘાડા(સમુદાય)ના નાયક સાધુને ગણધર(ગણનાયક) કહે છે.

**(७) गणावच्छेदकः गच्छकार्यचिन्तकः ।** –ગચ્છના સાધુઓની વિહાર, સેવા, અધ્યયન, પ્રાયશ્ચિત્તાદિ કાર્યવાહીના હિતચિંતક અર્થાત્ સંપૂર્ણ વ્યવસ્થામાં કુશલ સાધુને ગણાવચ્છેદક કહે છે.

આ રીતે ઉપરોક્ત સાતે પદવીઓ ગણની, સંઘની સુરક્ષા અને સુવ્યવસ્થા માટે નિર્ધારિત કરેલ છે.

**બહુઉજ્ઝિતધર્મા આહાર ગ્રહણનો નિષેધ :–**

**४ से भिक्खू वा भिक्खुणी से जं पुण जाणेज्जा अंतरुच्छुयं वा उच्छुगंडियं वा उच्छुचोयगं वा उच्छुमेरगं वा उच्छुसालगं वा उच्छुडालगं वा सिंबलिं वा सिंबलिथालगं वा, अस्सिं खलु पडिग्गहियंसि अप्पे भोयणजाए बहुउज्झियधम्मिए, तहप्पगारं अंतरुच्छुयं वा** *जाव* **सिंबलिथालगं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा।**

**શબ્દાર્થ :–** **अंतरुच्छुयं** = શેરડીના પર્વનો વિભાગ **उच्छुगंडियं** = શેરડીનો ટુકડો (કાતળી) **उच्छुचोयगं** = શેરડીનો ઊભો છેદ કરી બનાવેલા લાંબા ટુકડા **उच्छुमेरगं** = શેરડીનો ઉપરનો ભાગ **उच्छुसालगं** = છોલેલી શેરડીનો સાંઠો **उच्छुडालगं** = શેરડીના નાના ટુકડા(ગંડેરી) **संबलिं** = શેકેલી શીંગ **संबलिथालगं** = બાફેલી કે શેકલી શીંગના ઓળા **अप्पे भोयणजाए** = જેમાં ખાવા યોગ્ય અંશ થોડો છે **बहुउज्झियधम्मिए** = ફેંકવા યોગ્ય ભાગ વધારે છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરે આહાર માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ત્યાં શેરડીનો પર્વ ભાગ અર્થાત્ બે ગાંઠની મધ્યનો ભાગ, શેરડીની કાતળી, શેરડીને ઉભી ફાડીને બનાવેલ લાંબા

ટુકડા, શેરડીનો અગ્રભાગ, છોલેલી શેરડીનો સાંઠો, શેરડીના નાના ટુકડા(ગંડેરી); તેમજ શેકેલી કે બાફેલી શીંગ કે તેના ઓળા આદિ પદાર્થો છે, જેમાં ખાવા યોગ્ય ભાગ થોડો અને નાંખી દેવા યોગ્ય ભાગ વધારે છે, તો તથાપ્રકારના ઉપરોક્ત પદાર્થોને ભિક્ષુ અપ્રાસુક-અકલ્પનીય અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**૫ से भिक्खू वा भिक्खुणी से जं पुण जाणेज्जा– बहुअट्ठियं वा पुग्गलं अणिमिसं... वा बहुकंटगं, अस्सिं खलु पडिग्गहियंसि अप्पे भोयणजाए बहुउज्झियधम्मिए, तहप्पगारं बहुअट्ठियं वा पोग्गलं अणिमिसं... वा बहुकंटगं लाभे संते णो पडिगाहेज्जा ।**

**भावार्थ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં આહાર માટે પ્રવેશ કરે, ત્યારે જાણે કે આ ઘણાં ઠળિયાવાળા તથા બહુ કાંટાવાળા ફળો છે, જેમાં ખાવા યોગ્ય ભાગ થોડો છે અને નાંખી દેવા યોગ્ય ભાગ વધારે છે, તો આ પ્રકારના બહુબીજવાળા તથા ઘણા કાંટાવાળા ફળો પ્રાપ્ત થવા છતાં પણ તેને અકલ્પનીય અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ.

**૬ से भिक्खू वा भिक्खुणी** *जाव* **पविट्ठे समाणे सिया णं परो बहुअट्ठिएण पोग्गलेण ... उवणिमंतेज्जा– आउसंतो समणा ! अभिकंखसि बहुअट्ठियं पोग्गलं ... पडिगाहेत्तए ? एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भइणी ! ति वा णो खलु मे कप्पइ बहुअट्ठियं पोग्गलं... पडिगाहेत्तए । अभिकंखसि मे दाउं, जावइयं तावइयं पोग्गलं दलयाहि, मा अट्ठियाइं ।**

**से सेवं वदंतस्स परो अभिहट्टु अंतो पडिग्गहगंसि बहुअट्ठियं पोग्गलं ... परिभाएत्ता णिहट्टु दलएज्जा । तहप्पगारं पडिग्गहगं परहत्थंसि वा परपायंसि वा अफासुयं अणेसणिज्जं त्ति मण्णमाणे लाभे संते णो पडिगाहेज्जा।**

**से य आहच्च पडिगाहिए सिया, तं णो हि त्ति वएज्जा, णो अणिहि त्ति वएज्जा, से तमादाय एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमेत्ता अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अप्पंडे** *जाव* **संताणए पोग्गलं अणिमिसं ... भोच्चा अट्ठियाइं कंटए गहाए से तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमेत्ता अहे झामथंडिल्लंसि वा** *जाव* **तओ संजयामेव परिट्ठवेज्जा ।**

**भावार्थ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં આહાર માટે પ્રવેશ કરે ત્યારે ત્યાં ગૃહસ્થ અચિત્ત થયેલા બહુ ઠળીયાવાળા ફળ અને બહુ કાંટાવાળા ફળના ગરભાગ માટે આમંત્રણ કરે કે– હે આયુષ્યમન્ શ્રમણ ! શું તમોને આ અચિત્ત થયેલા બહુ ઠળીયાવાળા આ ફળોના ગરભાગને લેવાની ઇચ્છા છે ? આ વચન સાંભળીને અને વિચાર કરીને સાધુ તેને કહે કે– હે આયુષ્યમન્ ગૃહસ્થ ભાઈ કે બહેન ! આવા બહુ ઠળીયાવાળા કે કાંટાવાળા ફળ અચિત્ત હોવા છતાં પણ મને લેવા કલ્પતા નથી. જો તમે મને દેવા ઇચ્છતા

હો, તો આ ફળનો જેટલો સારભાગ–ગર છે તે મને આપો, ઠળિયા અને કાંટા આપશો નહીં.

સાધુ આ પ્રમાણે કહે, તો પણ તે ગૃહસ્થ પોતાના વાસણમાંથી ફળનો ઠળિયા સહિતનો ગરભાગ લઈને આપવા લાગે, તો સાધુ તે પદાર્થ તે ગૃહસ્થના હાથમાં કે પાત્રમાં હોય, ત્યાં જ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરવાનો નિષેધ કરી દે.

તેમ છતાં પણ તે ગૃહસ્થ આગ્રહપૂર્વક તે પદાર્થ સાધુના પાત્રમાં નાંખી દે, તો સાધુ હા-હા ન કરે અર્થાત્ ગૃહસ્થને ધિક્કારે નહીં, તેને સારા કે ખરાબ વચન કહે નહિ, પરંતુ તે આહારને લઈને જીવ-જંતુથી રહિત ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત ઉદ્યાન કે ઉપાશ્રયના એકાંત નિરવદ્ય સ્થાનમાં જાય અને ત્યાં બેસીને તે ફળના ખાવા યોગ્ય સાર ભાગનો ઉપભોગ કરે અને ફેંકી દેવા યોગ્ય ઠળિયા, કાંટાને લઈને એકાંત સ્થાનમાં અચિત્ત, પરઠવા યોગ્ય નિર્દોષ જગ્યામાં જઈને તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરીને તેને પરઠી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે બહુઉજ્ઝિતધર્મા પદાર્થોને ગ્રહણ કરવાનો નિષેધ છે.

તે પદાર્થો ચાર પ્રકારે વર્ણવ્યા છે– (૧) શેરડીના ટુકડા વગેરે (૨) મગફળી આદિની સેકેલી કે બાફેલી શિંગો (૩) ઠળિયા–બીજ વધારે હોય તેવા બહુબીજવાળા સીતાફળ, દાડમ વગેરે ફળો (૪) કાંટા વધારે હોય તેવા અનાનસ આદિ ફળ.

(૧) શેરડીમાં માત્ર ગાંઠના ભાગમાં બીજ હોય છે. પાકેલી શેરડીના ગાંઠ ભાગ સિવાયના નાના કે મોટા ટુકડા અચિત હોય છે, પરંતુ શેરડીનો રસ ચૂસીને તેના છોતરા ફેંકવા પડે છે.

(૨) મગફળી આદિની બાફેલી કે શેકેલી શિંગમાં કેવળ દાણા જ ખાવા યોગ્ય છે. તે સિવાયના ફોતરા આદિ ફેંકવાનું અધિક હોય છે.

(૩) કેરી, ગુંદા વગેરો અથાણામાં તેના ઠળિયા ખાવા યોગ્ય નથી.

(૪) કાંટાવાળા અનાનસ વગેરે ફળોમાં પણ કાંટાવાળો અધિક ભાગ ફેંકવા યોગ્ય છે. આ ચારે પ્રકારના બહુ ઉજ્ઝિતધર્મી પદાર્થો અચેત છે. તેમ છતાં તેમાં ખાવા કરતાં ફેંકવા યોગ્ય ભાગ અધિક હોવાથી તેમાં કીડી, મંકોડા આદિ જીવોની વિરાધનાની સંભાવના છે.

તેથી આ પ્રકારનો આહાર પ્રાસુક-અચિત્ત અને આધાકર્મ આદિ દોષોથી રહિત હોવા છતાં પણ અનેષણીય અને અગ્રાહ્ય છે. ગૃહસ્થ તેવો આહાર સાધુને આપવાની ઈચ્છા પ્રગટ કરે, તો સાધુએ સ્પષ્ટ કહી દેવું જોઈએ કે આવો આહાર મને અકલ્પનીય છે. કદાચ ગૃહસ્થ આવો આહાર ભાવાવેશથી પરાણે સાધુના પાત્રમાં નાંખી દે તો સાધુ ગૃહસ્થને જરા પણ ઉપાલંભ કે દોષ આપ્યા વિના, મૌનપૂર્વક એકાંતમાં જઈને તેમાંથી સાર ભાગને વાપરે અને નાંખી દેવા યોગ્ય ભાગને અલગ કાઢીને એકાંતમાં નિરવદ્ય–જીવ-જંતુ રહિત જગ્યાને જોઈને, પોંજીને, ત્યાં પરઠી દે.

**बहुअट्ठियं पोग्गलं अणिमिसं वा बहुकंटगं :–** **बहुअट्ठियं** = ઘણા ઠળિયાવાળા, **पोग्गलं** = ગર ભાગ, **बहुकंटयं** = ઘણાં કાંટાવાળા, **अणिमिसं** = અનાનસાદિ ફળ.

બહુઉજ્જિત ધર્મવાળા ફળો સંબંધી આ સૂત્રો(સૂત્ર–૪, ૫, ૬) દશવૈકાલિક સૂત્ર, અધ્યયન–૫, ઉદ્દેશક–૧, ગાથા–૭૩, ૭૪ સાથે સંપૂર્ણ રીતે સમાનતા ધરાવે છે. જેમ કે–

बहुअट्ठियं पोग्गलं, अणिमिसं वा बहुकंटगं ।
अत्थियं तिदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥७३॥

अप्पे सिया भोयणज्जाए, बहु उज्झिय धम्मिए ।
दिंतियं पडियाइक्खे ण मे कप्पइ तारिसं ॥७४॥

શ્રી આચારાંગ સૂત્રની કેટલીક પ્રતોમાં **बहुअट्ठियं** અને **बहुकंटगं** શબ્દ વચ્ચે **पोग्गलं** અને **अणिमिसं** શબ્દના સ્થાને અભક્ષ્ય પરક શબ્દોનો પ્રયોગ લિપિદોષથી કે પ્રક્ષિપ્ત થયેલો જોવા મળે છે, અહીં દશવૈકાલિક સૂત્રાનુસાર **पोग्गलं** અને **अणिमिसं** શબ્દ ગ્રહણ કર્યા છે. સિત્તેર વર્ષ પૂર્વે પ્રકાશિત શ્રમણ શ્રી પુપ્ફ ભિક્ખુ સંપાદિત સુત્તાગમેમાં પણ દશવૈકાલિક સૂત્રાનુસાર **पोग्गलं** અને **अणिमिसं** શબ્દ જ રાખેલ છે.

**અગ્રાહ્ય પદાર્થનો પરિભોગ–પરિષ્ઠાપન વિધિ :–**

**૭ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **पविट्ठे समाणे सिया से परो अभिहट्टु अंतो पडिग्गहए बिलं वा लोणं उब्भियं वा लोणं, परिभाएत्ता णीहट्टु दलएज्जा । तहप्पगारं पडिग्गहगं परहत्थंसि वा परपायंसि वा अफासुयं अणेसणिज्जं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**से आहच्च पडिग्गाहिए सिया, तं च णाइदूरगए जाणेज्जा, से तमायाए तत्थ गच्छेज्जा, गच्छेत्ता पुव्वामेव आलोएज्जा– आउसो ति वा भइणी त्ति वा इमं किं ते जाणया दिण्णं उदाहु अजाणया ? सो य भणेज्जा– णो खलु मे जाणया दिण्णं, अजाणया; कामं खलु आउसो ! इदाणिं णिसिरामि, तं भुंजह च णं परियाभाएह च णं । तं परेहिं समणुण्णायं समणुसिट्ठं तओ संजयामेव भुंजेज्ज वा पीएज्ज वा ।**

**जं च णो संचाएइ भोत्तए वा पायए वा, साहम्मिया तत्थ वसंति संभोइया समणुण्णा अपरिहारिया अदूरगया तेसिं अणुप्पदायव्वं सिया । सिया णो जत्थ साहम्मिया सिया, जहेव बहुपरियावण्णे कीरइ तहेव कायव्वं सिया ।**

**શબ્દાર્થ :–** **बिलं लोणं** = બિડ લવણ-બલવણ, શેકેલું મીઠું **उब्भियं लोणं** = લીંબુ આદિથી શસ્ત્ર પરિણત મીઠું **परिभाएत्ता** = વાસણમાં કંઈક કાઢીને, કટકા કરીને **णीहट्टु** = લાવીને, લઈને **दलएज्जा** = આપે તો **इदाणिं** = હવે **णिसिरामि** = દઉં છું **परियाभाएह** = વહેંચી લો **तं** = તે **परेहिं** = ગૃહસ્થની **समणुण्णायं** = આજ્ઞા પ્રાપ્ત થવા પર **समणुसिट्ठं** = સમ્યક પ્રકારે આપી દેવા પર **णो संचाएइ** = સમર્થ નથી, શક્ય ન હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે શેકેલું મીઠું(બલવણ) અથવા ઉદ્ભિજ–શસ્ત્ર પરિણત મીઠું વાસણમાં કાઢી આપે તો તેવું મીઠું ગૃહસ્થના પાત્રમાં કે હાથમાં હોય ત્યાં જ તેને(અચિત્ત હોવા છતાં અનાવશ્યક હોવાથી તેમજ ગૃહસ્થ ભૂલથી ખાંડની જગ્યાએ મીઠું આપી રહ્યા હોવાથી) અપ્રાસુક અને અનેષણીય જાણીને લેવાની ના પાડે.

ભૂલથી સાકરના બદલે મીઠું લેવાઈ ગયું હોય અને થોડે દૂર જતાં સાધુને ખબર પડે(કે આ તો મીઠું છે સાકર નથી), અને ઘર નજીકમાં જ હોય, તો તે ઘરમાં પાછા જઈને પહેલાં તે મીઠું બતાવે અને કહે– હે આયુષ્યમાન્ ભાઈ કે બહેન ! તમે મને આ મીઠું જાણતા આપ્યું છે કે અજાણતા આપ્યું છે ? જો તે કહે કે– મેં જાણી જોઈને આપ્યું નથી, અજાણતા જ અપાઈ ગયું છે, પરંતુ હે આયુષ્યમાન ! હવે જો આપને તે કામ આવી શકે તેમ હોય તો હું તમોને આપું છું, તમો તમારી ઈચ્છા અનુસાર તેનો ઉપભોગ કરો અથવા અરસપરસ વહેંચી લ્યો. આ પ્રમાણે દાતાની આજ્ઞા પ્રાપ્ત થાય અથવા દાતા આપે તો સાધુ તે અચિત્ત મીઠાને યતનાપૂર્વક ખાય કે પાણીમાં અથવા છાશ વગેરેમાં નાંખીને પીવે.

જો તે પોતે તેટલું મીઠું ખાવા કે પીવા સમર્થ ન હોય તો સમીપસ્થ અન્ય સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ તેમજ અપારિહારિક સાધુ પાસે જઈ તેને આપે. કદાચ સમીપમાં સાધર્મિક સાંભોગિક સાધુ ન હોય તો વધારાના તે મીઠાંને એકાંત નિરવદ્ય સ્થાનમાં જઈને વિધિ અનુસાર પરઠી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં એકના બદલે બીજી વસ્તુ મળવા પર સાધુએ તેનો ઉપયોગ કઈ રીતે કરવો ? તેની વિધિ બતાવી છે. આ સૂત્રનો આશય એ છે કે– સાધુને પ્રયોજનવશ ખાંડ ગ્રહણ કરવી હોય, ત્યારે દળેલી સાકરના ભ્રમથી સફેદ રંગના કારણે દાતા મીઠું લાવીને સાધુને આપવા લાગે અને તે સમયે સાધુને ખ્યાલ આવી જાય કે આ મીઠું છે, તો વિચક્ષણ મુનિ તે સમયે જ ના પાડી દે.

કદાચિત્ ભૂલથી મીઠું લેવાઈ ગયું હોય અને પાછળથી ખબર પડે કે આ ખાંડ નથી પણ મીઠું છે, તો તે દાતાની પાસે જઈને પૂછે કે તમોએ આ વસ્તુ જાણી જોઈને આપી છે કે અજાણતા ? દાતા કહે કે મેં અજાણતા આપી છે પણ હવે તેની આજ્ઞા આપું છું; તમો તેનો પરિભોગ કરો અથવા વિભાજિત કરી લ્યો. આ રીતે દાતા આજ્ઞા આપી દે, તો તેનો યથાયોગ્ય ઉપભોગ કરે. જો તે પદાર્થ આવશ્યકતાથી વધારે હોય તો નજીકમાં સાધર્મિક આદિ સાધુ હોય તો તેને આપે. સમીપમાં સાધર્મિક આદિ સાધુ ન હોય, તો પરઠવાની વિધિ અનુસાર પરઠી દે. સંક્ષેપમાં સાધુની ગોચરીમાં અજાણતા એકના બદલે બીજી વસ્તુ ગ્રહણ થઈ ગઈ હોય, તો વાસ્તવિકતાનો ખ્યાલ આવે ત્યારે ગૃહસ્થ પાસે તે લઈને જાય અને જે બન્યું છે તેની સ્પષ્ટતા કરે. આ તેની પ્રામાણિકતા છે, અન્યથા ગૃહસ્થને સાધુ પ્રતિ અવિશ્વાસ થાય છે.

**ઉપસંહાર :–**

**૮ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ કે સાધ્વીની આચાર–સમગ્રતા અર્થાત્ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૧૦ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : અગિયારમો ઉદ્દેશક

**નિષ્કપટ ભાવે ગ્લાન સેવા :–**

**૧ भिक्खागा णामेगे एवमाहंसु समाणे वा वसमाणे वा गामाणुगामं वा दूइज्जमाणे मणुण्णं भोयणजायं लभित्ता– से य भिक्खु गिलाइ, से हंदह णं तस्साहरह, से य भिक्खू णो भुंजेज्जा तुमं चेव णं भुंजेज्जासि । से एगइओ भोक्खामि त्ति कट्टु पलिउंचिय पलिउंचिय आलोएज्जा, तं जहा– इमे पिंडे, इमे लोए, इमे तित्तए, इमे कडुयए, इमे कसाए, इमे अंबिले, इमे महुरे, णो खलु एत्तो किंचि गिलाणस्स सयइ त्ति । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा । तहाठियं आलोएज्जा जहाठियं गिलाणस्स सयइ, तं जहा– तित्तयं तित्तए त्ति वा, कडुयं कडुए त्ति, कसायं कसाए त्ति अंबिलं अंबिले त्ति महुरं महुरे त्ति वा ।**

**શબ્દાર્થ :–** **भिक्खागा णाम** = નામધારી સાધુ **एगे** = કોઈ એક **एवमाहंसु** = આ પ્રમાણે હોય છે **समाणे** = ચાતુર્માસ રહેલા **वसमाणे** = સ્થિરવાસ રહેલા **गामाणुगामं दुइज्जमाणे** = ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં શેષ કાળમાં રહેલા શ્રમણ **हंदह** = આ મધુર આત્મીય સંબોધન છે **से एगइओ भोक्खामि त्ति कट्टु** = તે કોઈ એક સાધુ આહાર લઈને વિચારે કે હું જ આ વાપરીશ આ પ્રમાણે કરે **पलिउंचिय** = કપટપૂર્વક, મનોજ્ઞ આહારને છુપાવીને-છુપાવીને **आलोएज्जा** = કહે છે **इमे पिंडे** = સાધુઓએ જે આપના માટે આ આહાર આપ્યો છે તે અસંસ્કારિત છે **इमे लोए** = આ રૂક્ષ આહાર છે **गिलाणस्स** = રોગીને **णो सयइ त्ति** = લાભ નહિ થાય, ઉપયોગી નથી, ખપે એવો નથી **तहाठियं** = તેને તેમજ કહે **जहाठियं** = જેમ છે, જેવો પદાર્થ છે.

**ભાવાર્થ :–** કહેવાતા સાધુ કોઈક આવા પણ હોય છે કે– માસકલ્પ, ચાતુર્માસકલ્પ અથવા સ્થિરવાસ રહેલા શ્રમણો મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને કોઈક ભિક્ષુ(સાધુ)ને કહે કે– જે સાધુ બીમાર છે તેના માટે તમે આ મનોજ્ઞ આહાર લઈને જાઓ અને તેને આપી દેજો. જો તે રોગી સાધુ વાપરે નહિ તો તમે વાપરી લેજો. નામધારી સાધુ તે આહારને લઈને એમ વિચારે કે આ મનોજ્ઞ આહારને હું વાપરીશ, તેમ વિચારી, તે આહાર બીમાર સાધુને બતાવતાં કપટ યુક્ત શબ્દોમાં કહે કે– આ આહાર અસંસ્કારિત છે, આ રૂક્ષ છે અર્થાત્ આ આહાર આપના માટે પથ્યકારી કે સુપાચ્ય નથી, આ તીખો છે, આ કડવો છે, કષાયેલો છે, આ ખાટો છે, વધારે ગળ્યો છે, તે રોગને વધારે તેવો છે. આ આહારથી આપને કોઈ લાભ થશે નહિ. આ રીતે કપટનું આચરણ કરનાર સાધુ માયા-કપટનું સેવન કરે છે. આત્મસાધક સાધુ આ પ્રમાણે કરે નહીં, પરંતુ જેવો આહાર હોય તેવો જ બીમાર સાધુને બતાવે અર્થાત્ તીખાને તીખો, કડવાને કડવો, કષાયેલાને કષાયેલો, ખાટાને ખાટો અને મધુરને મધુર કહે તથા રોગીને જે રીતે શાતા રહે તે રીતે પથ્ય આહાર દ્વારા તેની સેવા-સુશ્રૂષા કરે.

**૨ भिक्खागा णामेगे एवमाहंसु समाणे वा वसमाणे वा गामाणुगामं वा**

**दूइज्जमाणे, मणुण्णं भोयणजायं लभित्ता– से य भिक्खु गिलाइ, से हंदह णं तस्साहरह, से य भिक्खू णो भुंजेज्जा आहारेज्जासि, से णं णो खलु मे अंतराए आहरिस्सामि । इच्चेयाइं आयतणाइं उवाइकम्म ।**

**શબ્દાર્થ :–** **णो भुंजेज्जा** = ખાય નહિ તો **आहारेज्जासि** = પાછો અમને આપી દેજો કારણ કે અમારે ત્યાં પણ રોગી સાધુ છે **मे** = મને **णो अंतराए** = કોઈ વિઘ્ન ન આવે તો **आहरिस्सामि** = હું પાછો લાવીને આપીશ **इच्चेयाइं** = આ પ્રમાણે આ કાર્ય **आयतणाइं** = કર્મબંધનું કારણ છે **उवाइकम्म** = તેને સમ્યક પ્રકારે દૂર કરીને, છોડીને.

**ભાવાર્થ :–** કહેવાતા સાધુ કોઈક આવા પણ હોય છે કે– માસકલ્પ, ચાતુર્માસકલ્પ અથવા સ્થિરવાસ રહેતા શ્રમણો મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને કોઈક ભિક્ષુ(સાધુ)ને કહે કે– જે સાધુ બીમાર છે તેના માટે તમે આ મનોજ્ઞ આહાર લઈ જાઓ અને તેને આપી દેજો. જો તે રોગી સાધુ વાપરે નહિ, તો તે આહાર પાછો અમારી પાસે લઈને આવજો;(કારણ કે અમારે ત્યાં પણ બીમાર સાધુ છે.) તેઓ આ પ્રમાણે કહે ત્યારે આહાર લેનાર તે સાધુ તેઓને કહે કે આવવામાં મને જો કોઈ વિઘ્ન નહિ આવે, તો આહાર પાછો આપવા આવીશ. આ રીતે કહીને નામધારી સાધુ તે આહાર બીમાર સાધુને આપ્યા વિના કે તેના વાપરી લીધા પછી શેષ બચેલા આહારને પાછો આપવાના બદલે, પોતે જ વાપરી લે, તો તે માયા-કપટનું આચરણ કરે છે. સાધુએ આવા પ્રકારના કર્મબંધના સ્થાનનો સમ્યક પ્રકારે ત્યાગ કરીને ભાવપૂર્વક રોગી સાધુની સેવા કરવી જોઈએ.

**વિવેચન :–**

સંયમી સાધક રસેન્દ્રિયના વિષયમાં આસક્ત બને ત્યારે તે વિવિધ પ્રકારે માયા-કપટનું સેવન કરે છે. પ્રસ્તુત સૂત્રમાં સ્વાદવૃત્તિના પોષણ માટે થતાં માયા-કપટના સેવનનું દિગ્દર્શન છે અને ગ્લાન સાધુની સેવા કરનારા સાધુઓને માટે કપટ ત્યાગનો ઉપદેશ છે.

ક્યારેક સાધુને ભિક્ષામાં પથ્યકારી, મનોજ્ઞ ભોજન પ્રાપ્ત થાય, તે સાધુ અન્યત્ર રહેલા ગ્લાન સાધુની અનુકૂળતા માટે સેવાની એક માત્ર ભાવનાથી તે મનોજ્ઞ ભોજન ગ્લાન સાધુ માટે તેની સાથે સેવામાં રહેલા સાધુને આપે છે, પરંતુ સેવા કરનાર સાધુના અંતરમાં રસાસ્વાદની લાલસા જાગૃત થાય, ત્યારે તે મનોજ્ઞ ભોજન ગ્લાન સાધુ વાપરે નહીં તેવી સ્વાર્થ દષ્ટિથી મનોજ્ઞ અને પથ્યકારી આહારને અપથ્યકારી બતાવે છે.

ક્યારેક આહાર દેનાર સાધુએ કહ્યું હોય કે આ ભોજન ગ્લાન સાધુને માટે જ છે. જો ગ્લાન સાધુ આ ભોજન વાપરે નહીં, તો અમોને પાછું આપજો. આહાર ગ્રહણ કરનાર સાધુએ કહ્યું હોય કે ''અન્ય કોઈ અંતરાય નહીં હોય, તો હું આહાર પાછો આપવા આવીશ.'' આ રીતે કહીને મનોજ્ઞ ભોજનની આસક્તિથી તે કોઈ પણ બહાનું બતાવીને આહાર પાછો દેવા ન જાય.

આ પ્રકારનો વ્યવહાર કરનાર સાધુ (૧) માયા-કપટનું સેવન કરે છે. (૨) સત્ય મહાવ્રતને ખંડિત કરે છે. (૩) અન્ય સાધુઓનો વિશ્વાસઘાત કરે છે. (૪) ગ્લાન સાધુને પથ્ય આહાર ન આપવાથી અંતરાયકર્મ બાંધે છે. (૫) તેની સેવાની ભાવનાનો નાશ થાય છે. (૬) સ્વાદને વશ થઈને આત્માનું અધઃપતન કરે છે. (૭) તે આત્મ સાધનાથી ભ્રષ્ટ થાય છે.

મોક્ષાર્થી સાધુએ માયા-કપટનો ત્યાગ કરીને શુદ્ધ ભાવે ગ્લાન સાધુની સેવા કરવી જોઈએ. જે આહાર જેવો હોય, તે યથાર્થ રૂપે બતાવવો અને આહારની ગુણવત્તાનું યથાતથ્ય કથન કરવું, તે સાધુધર્મ છે. સરળતા અને સત્યતા જેવા ગુણોની પુષ્ટિથી જ સાધનાનો વિકાસ થાય છે.

**णो खलु मे अंतराए.....**જો કોઈ પણ પ્રકારની અંતરાય નહીં હોય તો. જેમ કે– સૂર્યાસ્તનો સમય થઈ જાય, રસ્તામાં સાંઢ, પાડા, મદોન્મત હાથી જેવા જંગલી પશુઓ ઊભા હોય, અચાનક ગ્લાન સાધુની બીમારી વધી જાય, પોતાના શરીરમાં અણધારી આપત્તિ આવી જાય, આવા કોઈ પણ કારણ ઉપસ્થિત થઈ જાય અને સાધુ આહાર પાછો આપવા ન જઈ શકે, તો દોષ નથી, પરંતુ કોઈ પણ અનિવાર્ય કારણ ન હોય તેમ છતાં સાધુ સ્વયં કપટપૂર્વક કોઈ બહાનું બતાવીને આહાર પાછો આપવા ન જાય, તો તે માયા સ્થાનનું સેવન કરે છે. સંયમી જીવનમાં તેવો વ્યવહાર શોભનીય નથી.

**સાત પિંડૈષણા :–**

**૩ अह भिक्खू जाणेज्जा– सत्त पिंडेसणाओ, सत्त पाणेसणाओ ।**

**तत्थ खलु इमा पढमा पिंडेसणा– असंसट्ठे हत्थे असंसट्ठे मत्ते । तहप्पगारेण असंसट्ठेण हत्थेण वा मत्तएण वा; असणं वा पाणं वा खाइमं वा साइमं वा; सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं** *जाव* **पडिगाहेज्जा– पढमा पिंडेसणा।**

**શબ્દાર્થ :–** **असंसट्ठे हत्थे** = ખાદ્ય પદાર્થોથી અલિપ્ત હાથથી, ન ખરડાયેલા હાથથી **असंसट्ठे मत्ते** = ખાદ્ય પદાર્થોથી અલિપ્ત પાત્રથી **सयं वा णं जाएज्जा** = સ્વયં યાચના કરે **परो वा से देज्जा** = ગૃહસ્થ તેને આપે.

**ભાવાર્થ :–** હવે સંયમશીલ સાધુની સાત પિંડૈષણાઓ અને સાત પાનૈષણાઓ જાણવી જોઈએ.

**પ્રથમ પિંડૈષણા–** અસંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ પાત્ર. દાતાના હાથ અને વાસણ કોઈ પણ પદાર્થથી ખરડાયેલા ન હોય તેવા અલિપ્ત હાથ અને અલિપ્ત પાત્ર હોય, તેની પાસેથી અશનાદિ આહારની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને ગ્રહણ કરે. આ પ્રથમ પિંડૈષણા છે.

**૪ अहावरा दोच्चा पिंडेसणा– संसट्ठे हत्थे संसट्ठे मत्ते, तहेव दोच्चा पिंडेसणा।**

**ભાવાર્થ :–** **બીજી પિંડૈષણા–** સંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ પાત્ર. દાતાના હાથ અને વાસણ કલ્પનીય અચેત ખાદ્ય પદાર્થથી ખરડાયેલા હોય, તો તેની પાસેથી અશનાદિ આહારને પ્રાસુક જાણીને યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો ગ્રહણ કરે. આ બીજી પિંડૈષણા છે.

**૫ अहावरा तच्चा पिंडेसणा– इह खलु पाईणं वा पडीणं वा दाहिणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति– गाहावई वा** *जाव* **कम्मकरीओ वा । तेसिं च णं अण्णयरेसु विरूवरूवेसु भायणजाएसु उवणिक्खित्त पुव्वे सिया, तं जहा– थालंसि वा पिढरंसि वा सरगंसि वा परगंसि वा वरगंसि वा ।**

**अह पुण एवं जाणेज्जा असंसट्ठे हत्थे संसट्ठे मत्ते, संसट्ठे वा हत्थे असंसट्ठे मत्ते । से य पडिग्गहधारी सिया पाणिपडिग्गहए वा; से पुव्वामेव आलोएज्जा–**

**आउसो ! त्ति वा भगिणी ! त्ति वा एएण तुमं असंसट्ठेण हत्थेण, संसट्ठेण मत्तेण; संसट्ठेण वा हत्थेण, असंसट्ठेण मत्तेण; अस्सिं पडिग्गहगंसि वा पाणिंसि वा णिहट्टु उवित्तु दलयाहि । तहप्पगारं भोयणजायं सयं वा जाएज्जा, परो वा से देज्जा, फासुयं *जाव* पडिगाहेज्जा । तच्चा पिंडेसणा ।**

**શબ્દાર્થ :–** **भायणजाएसु** = વાસણોમાં **उवणिक्खित्तपुव्वे सिया** = પહેલાથી જ અશનાદિ રાખ્યા હોય **थालंसि** = થાળમાં **पिढरंसि** = તપેલી, હાંડીમાં **सरगंसि** = સૂપડામાં **परगंसि** = વાંસની છાબડીમાં **वरगंसि** = કોઈ વિશિષ્ટ કિંમતી પાત્રમાં **णिहट्टु** = ગ્રહણ કરીને **उवित्तु दलयाहि** = લાવીને અમને આપો **तहप्पगारं** = તેવા પ્રકારના **भोयणजायं** = આહારને **सयं वा** = સાધુ સ્વયં **जाएज्जा** = યાચના કરે.

**ભાવાર્થ :– ત્રીજી પિંડૈષણા–** અસંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ પાત્ર અથવા સંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ પાત્ર.

આ લોકમાં પૂર્વ આદિ ચારે દિશાઓમાં ઘણા મનુષ્યો રહે છે. તેમાં કેટલાક શ્રદ્ધાવાન ગૃહપતિ ***યાવત્*** તેના નોકર-નોકરાણીઓ હોય છે. તેઓએ પોતાને ત્યાં થાળી, તપેલી, સૂપડા, વાંસની છાબડી, ઉત્તમ મૂલ્યવાન મણિજડિત વાસણો વગેરે અનેક પ્રકારના વાસણોમાં પહેલેથી જ ભોજન રાખેલું હોય છે.

સાધુ એમ જાણે કે ગૃહસ્થના હાથ ભોજ્ય પદાર્થોથી લેપાયેલા નથી, પરંતુ વાસણ ભોજ્ય પદાર્થોથી લેપાયેલું છે અથવા હાથ ભોજ્ય પદાર્થોથી લેપાયેલા છે, પરંતુ વાસણ ભોજ્ય પદાર્થોથી લેપાયેલું નથી. ત્યારે પાત્રધારી કે કરપાત્રી સાધુ પહેલેથી જ તેને જોઈને કહે કે હે આયુષ્યમન્ ગૃહસ્થ ભાઈ કે બહેન ! તમે મને આ અસંસૃષ્ટ હાથથી અને સંસૃષ્ટ વાસણથી આ પદાર્થ આપો અથવા સંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ વાસણથી અમારા પાત્રમાં કે હાથમાં લાવીને આપો. આ પ્રકારના આહારની સ્વયં યાચના કરે અથવા યાચના વિના જ ગૃહસ્થ લાવીને આપે તો તેને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય તો ગ્રહણ કરે. આ ત્રીજી પિંડૈષણા છે.

**६ अहावरा चउत्था पिंडेसणा– से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– पिहुयं वा *जाव* चाउलपलंबं वा, अस्सिं खलु पडिग्गहियंसि अप्पे पच्छाकम्मे अप्पे पज्जवजाए । तहप्पगारं पिहुयं वा *जाव* चाउलपलंबं वा; सयं वा णं जाएज्जा *जाव* पडिगाहेज्जा । चउत्था पिंडेसणा ।**

**શબ્દાર્થ :–** **पिहुयं** = શેકેલા ઘઉં આદિ **चाउलपलंबं** = શેકેલા ચોખા કે મમરા વગેરે **अस्सिं पडिग्गहियंसि** = અમારા આ પાત્રમાં **अप्पे पच्छाकम्मे** = જેમાં પરિકર્મ– ધોવાનું ઓછું હોય **अप्पे पज्जवजाए** = ફોતરા રહિત છે અર્થાત્ ફોતરા ઉડાડવા પડે તેવા નથી.

**ભાવાર્થ :– ચોથી પિંડૈષણા–** સાધુ અથવા સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ગૃહસ્થને ત્યાં શેકેલા ઘઉં આદિ ***યાવત્*** મમરા, પૌંઆ આદિ અલેપ્ય પદાર્થો છે, જેને ગ્રહણ કરવાથી અને ખાધા પછી હાથ-પાત્ર આદિને પાણીથી ધોવાની જરૂર પડે તેમ નથી, તેમજ તેમાંથી ફોતરા વગેરે કંઈ પણ સાફ કરવા પડે તેમ નથી; આ પ્રકારના શેકેલા ઘઉં આદિ ***યાવત્*** મમરા, પૌંઆ આદિ અલેપ્ય પદાર્થોની સાધુ સ્વયં યાચના કરે અથવા યાચના કર્યા વિના જ ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક તેમજ એષણીય સમજીને ગ્રહણ કરે. આ ચોથી પિંડૈષણા છે.

**૭ अहावरा पंचमा पिंडेसणा– से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे उग्गहियमेव भोयणजायं जाणेज्जा, तं जहा– सरावंसि वा डिंडिमंसि वा कोसगंसि वा ।**

**अह पुण एवं जाणेज्जा बहुपरियावण्णे पाणिसु दगलेवे । तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा सयं वा णं जाएज्जा *जाव* पडिगाहेज्जा। पंचमा पिंडेसणा ।**

**શબ્દાર્થ :–** **उग्गहियमेव भोयणजायं जाणेज्जा** = જમવાના સ્થાન પર લાવીને રાખેલા ભોજન, ડાયનિંગ ટેબલ પર મૂકેલા ભોજનને જાણે **सरावंसि** = માટીના શકોરામાં, વાટકા આદિમાં **डिंडिमंसि** = તપેલી, તપેલા આદિમાં **कोसगंसि** = બંધ ડબ્બા આદિમાં **बहुपरियावण्णे** = વધારે માત્રામાં **पाणिसु दगलेवे** = પાણીથી હાથ પાત્ર આદિનો લેપ સાફ થાય.

**ભાવાર્થ :–** **પાંચમી પિંડૈષણા–** સાધુ અથવા સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ગૃહસ્થે મોટા વાટકા, તપેલી કે ડબ્બા વગેરે પીરસવાના કોઈ વાસણમાં આહાર રાખ્યો છે અને એ પણ જાણે કે તે ખાદ્ય પદાર્થ ગ્રહણ કરવાથી હાથ કે પાત્રને સાફ કરવામાં વધુ પાણીનો ઉપયોગ થાય તેમ છે. તેવા લેપ્ય પદાર્થની સાધુ સ્વયં યાચના કરે અથવા યાચના કર્યા વિના જ ગૃહસ્થ આપે તો તેને ગ્રહણ કરે. આ પાંચમી પિંડૈષણા છે.

**૮ अहावरा छट्ठा पिंडेसणा– से भिक्खू वा भिक्खुणी वा *जाव* पविट्ठे समाणे पग्गहियमेव भोयणजायं जाणेज्जा जं च सयट्ठाए पग्गहियं, जं च परट्ठाए पग्गहियं तं पायपरियावण्णं तं पाणिपरियावण्णं फासुयं *जाव* पडिगाहेज्जा । छट्ठा पिंडेसणा।**

**શબ્દાર્થ :–** **पग्गहियमेव** = જમવા માટે થાળી વગેરેમાં ગ્રહિત **सयट्ठाए** = પોતાના માટે **परट्ठाए** = બીજાના માટે પીરસેલો **पायपरियावण्णं** = ભોજન ગૃહસ્થના પાત્રમાં હોય **पाणिपरियावण्णं** = ગૃહસ્થના હાથમાં હોય.

**ભાવાર્થ :–** **છઠ્ઠી પિંડૈષણા–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે, ત્યારે એમ જાણે કે ગૃહસ્થે સ્વયં પોતાના જમવા માટે અથવા બીજાના જમવા માટે ભોજન થાળીમાં પીરસેલું છે. તે પીરસેલું ભોજન ગૃહસ્થના પાત્રમાં હોય કે હાથમાં હોય, તો સાધુ તેને પ્રાસુક અને એષણીય જાણીને પ્રાપ્ત થાય, ત્યારે ગ્રહણ કરે, આ છઠ્ઠી પિંડૈષણા છે.

**૯ अहावरा सत्तमा पिंडेसणा– से भिक्खू वा भिक्खूणी वा *जाव* पविट्ठे समाणे उज्झियधम्मियं भोयणजायं जाणेज्जा– जं च अण्णे बहवे दुपय-चउप्पय-समण-माहण-अतिहि-किवण-वणीमगा-णावकंखंति तहप्पगारं उज्झियधम्मियं भोयणजायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा *जाव* पडिगाहेज्जा । सत्तमा पिंडेसणा । इच्चेयाओ सत्त पिंडेसणाओ ।**

**શબ્દાર્થ :–** **उज्झियधम्मियं भोयणजायं जाणेज्जा** = ફેંકી દેવા યોગ્ય આહારને જાણે, અમનોજ્ઞ આહારને જાણે.

**ભાવાર્થ :–** **સાતમી પિંડૈષણા–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે,ત્યારે એમ જાણે કે આ આહાર(ઉખડીયા વગેરે) ફેંકી દેવા યોગ્ય છે, જેને બીજા ઘણા માનવો, પશુ-પક્ષી, શ્રમણ(બૌદ્ધ આદિ ભિક્ષુક), બ્રાહ્મણ, અતિથિ, દરિદ્રી અને ભિખારી લોકો ઈચ્છતા પણ નથી, તેવા પ્રકારના ઉજ્ઝિત ધર્મવાળા આહારની પોતે યાચના કરે અથવા યાચના કર્યા વિના જ ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક તેમજ એષણીય જાણીને ગ્રહણ કરી લે. તે સાતમી પિંડૈષણા છે. આ પ્રમાણે સાત પિંડૈષણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીના ગોચરી માટેના સાત વિશિષ્ટ અભિગ્રહ રૂપે સાત પિંડૈષણાઓનું કથન છે.

**પિંડૈષણા–** પિંડ = આહાર, એષણા = અન્વેષણ. સાધુના આહાર અન્વેષણ સંબંધી કે આહાર ગ્રહણ સંબંધી વિવિધ અભિગ્રહોને અહીં પિંડૈષણા કહી છે, તે સાત પ્રકારની છે–

**(૧) અસંસૃષ્ટા–** હાથ અથવા પાત્ર ખાદ્ય પદાર્થોથી લિપ્ત–લેપાયેલા ન હોય, તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે અસંસૃષ્ટા પિંડૈષણા છે. જેમ કે– શાક વહોરાવવાનો ચમચો શાકવાળો ન હોય, તો તે ચમચાથી શાક લેવાનો સંકલ્પ કરવો.

**(૨) સંસૃષ્ટા–** હાથ અથવા પાત્ર ખાદ્ય પદાર્થોથી લિપ્ત–લેપાયેલા હોય, તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે સંસૃષ્ટા પિંડૈષણા છે. જેમ કે– શાક વહોરાવવાનો ચમચો શાકવાળો હોય, તો તેવા ચમચાથી જ શાક લેવાનો સંકલ્પ કરવો.

**(૩) ઉદ્ધૃતા–** ગૃહસ્થે જેમાં રસોઈ બનાવી હોય, તે વાસણમાંથી અન્ય વાસણમાં ભોજન કાઢીને રાખ્યું હોય અને ગૃહસ્થના હાથ અથવા પાત્ર, તે બંનેમાંથી એક તે ભોજનથી લિપ્ત હોય અને એક લિપ્ત ન હોય, તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે ઉદ્ધૃતા પિંડૈષણા છે.

**(૪) અલ્પલેપા–** જે પદાર્થનો લેપ પાત્રને કે હાથને ન લાગ્યો હોય, જે પદાર્થો વહોરાવવાથી દાતાને હાથ કે પાત્રને ધોવાની જરૂર ન પડે, તે આહાર લેતાં વાપરતાં સાધુના હાથ–પાત્ર લિપ્ત ન થાય અને તેને ધોવાની જરૂર ન પડે તેવા મમરા, પૌંવા, ધાણી, ખાખરા વગેરે પદાર્થો ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે અલ્પલેપા પિંડૈષણા છે.

**(૫) અવગ્રહિતા–** ગ્રહણ કરેલો. ગૃહસ્થે પીરસવા માટે આહારને વાસણોમાં કાઢીને રાખ્યો હોય અને તે આહારથી હાથ કે પાત્રમાં લેપ લાગે તેવો હોય, જેમ કે– દાળ, શાક વગેરે પદાર્થોને ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે અવગ્રહિત પિંડૈષણા છે.

**(૬) પ્રગૃહિતા–** વિશેષ પ્રકારે ગ્રહણ કરેલો. ગૃહસ્થે પોતાના ભોજન માટે કે અન્યના ભોજન માટે થાળીમાં આહાર પીરસ્યો હોય, પરંતુ હજુ જમ્યા ન હોય, તે આહાર દાતાના હાથમાં હોય કે થાળી આદિ વાસણમાં હોય તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે પ્રગૃહીત પિંડૈષણા છે.

**(૭) ઉજ્ઝિતધર્મા–** ઘરના લોકો જમી લે ત્યાર પછી અનુપયોગી તેમજ જે પદાર્થને અન્ય પશુ-પક્ષીઓ કે યાચકો, સંન્યાસીઓ આદિ ગ્રહણ કરવાની ઈચ્છા કરતા ન હોય, તેવા પ્રકારના અર્થાત્ બીજાઓ દ્વારા અનિચ્છનીય આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે ઉજ્ઝિતધર્મા પિંડૈષણા છે.

જિનકલ્પી મુનિ અને સ્થવિરકલ્પી સાધુ-સાધ્વી પોત-પોતાની ઈચ્છા અને સામર્થ્ય અનુસાર આ પિંડૈષણા રૂપ અભિગ્રહોને ધારણ કરી શકે છે.

તૃતીય પિંડૈષણામાં **पडिग्गहधारी सिया, पाणि पडिग्गहिए वा** પાત્રધારી સાધુ અથવા કરપાત્રી સાધુ, આ પ્રકારનો શબ્દ પ્રયોગ છે. સ્થવિરકલ્પી સાધુઓ પ્રાયઃ પાત્રધારી હોય છે. કરપાત્રી સાધુઓના કથનથી જિનકલ્પી સાધુઓનું ગ્રહણ થાય છે.

વ્યાખ્યામાં કહ્યું છે કે **गच्छनिर्गतानां पुनराद्ययोर्द्वयोरग्रहः पञ्चस्वभिग्रह इति**, ગચ્છની બહાર રહીને સાધના કરનાર જિનકલ્પી સાધુઓ પ્રથમ બે અભિગ્રહ ધારણ કરતા નથી. તેઓ શેષ પાંચ પ્રકારમાંથી કોઈ પણ અભિગ્રહ ધારણ કરી શકે છે. ત્યાં બે પિંડૈષણાના નિષેધ માટે કોઈ સ્પષ્ટીકરણ આપ્યું નથી. અર્થ દષ્ટિથી જોતાં તે બંને પિંડૈષણામાં એવું કોઈ કારણ જણાતું નથી.

સાધુઓ વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરીને વૃત્તિસંક્ષેપ તપની આરાધના કરે છે. તેમજ રસેન્દ્રિય વિજય માટે પુરુષાર્થશીલ બને છે. અભિગ્રહ પૂર્ણ ન થાય ત્યાં સુધી સમભાવની સાધનાનો અભ્યાસ કરે છે.

**उज्झियधम्मा :–** ઉજ્ઝિતધર્મા– ફેંકવા યોગ્ય. જે આહાર ખાવા યોગ્ય હોવા છતાં ગૃહસ્થને તેમજ અન્ય યાચકોને પણ ઈષ્ટ કે પ્રિય ન હોય અર્થાત્ જોતાં જ તે આહાર અત્યંત અરુચિકર, અમનોજ્ઞ, અનિચ્છનીય લાગે; તેવા આહારને અહીં ઉજ્ઝિતધર્મા કહ્યો છે. આ રીતે આ સાતમી પિંડૈષણામાં આહાર, શરીર અને રસેન્દ્રિયની અનાસક્તિની ઉત્કટતા–પ્રબલતા પ્રદર્શિત કરેલી છે.

**सयं वा णं जाइज्जा, परो वा से देज्जा :–** મુનિ સ્વયં પોતાના અભિગ્રહ અનુસાર વિવેકપૂર્વક આહાર-પાણીની યાચના કરે છે. તે જ રીતે ગૃહસ્થ પણ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સાધુ કે સાધ્વીને આહાર ગ્રહણ કરવા માટે વિનંતિ કરી શકે છે. સાધુ પોતાના અભિગ્રહ કે સમાચારી અનુસાર નિર્દોષ આહારનું પરીક્ષણ કરીને ગૃહસ્થની વિનંતિનો સ્વીકાર કરીને આહાર ગ્રહણ કરે છે.

**સાત પાનૈષણા :–**

**૧૦ अहावराओ सत्त पाणेसणाओ । तत्थ खलु इमा पढमा पाणेसणा– असंसट्ठे हत्थे असंसट्ठे मत्ते । तं चेव भाणियव्वं, णवरं चउत्थाए णाणत्तं, से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविट्ठे समाणे से जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा– तिलोदगं वा तुसोदगं वा जवोदगं वा आयामं वा सोवीरं वा सुद्धवियडं वा, अस्सिं खलु पडिग्गहियंसि अप्पे पच्छाकम्मे, तहेव** *जाव* **पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સાત પાનૈષણાઓ છે. તે સાત પાનૈષણાઓમાંથી પ્રથમ પાનૈષણા આ પ્રમાણે છે– અસંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ પાત્ર. આ પ્રમાણે શેષ સર્વ વર્ણન પિંડૈષણાની જેમ પાનૈષણામાં સમજી લેવું જોઈએ. તેમાં ચોથી પાનૈષણામાં વિશેષતા છે– સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં પ્રવેશ કરે ત્યારે પીવાના અનેક પ્રકારના પાણીના વિષયમાં જાણે કે આ તલનું ધોવણ, તુષનું ધોવણ, જવનું ધોવણ, છાશની પરાશ, બળતી લાકડીનું બુઝાવેલું પાણી અથવા શુદ્ધ અચિત્ત કરેલું ધોવણ પાણી તેમજ ગરમ પાણી વગેરે

છે, જેને ગ્રહણ કરવાથી પાત્રમાં લેપ લાગવાનો નથી અને પાત્રને ધોવા પડે તેમ નથી; તો તે પ્રકારનું પ્રાસુક અને એષણીય પાણી ગ્રહણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પિંડેષણાના અતિદેશ પૂર્વક સાત પાનૈષણાનું કથન છે.

**पाणेसणा**– પીવા યોગ્ય પાણીને ગ્રહણ કરવા સંબંધી અભિગ્રહોને પાણેષણા કહે છે. તેના સાત પ્રકાર પિંડૈષણાની સમાન છે. તેમાં ચોથી પાનૈષણામાં તફાવત છે.

**અલ્પલેપા–** અહીં અલ્પ શબ્દ અભાવ અર્થમાં છે. જે પાણીથી પાત્ર ખરડાય નહીં, બીજા પાણીથી પાત્રને ધોવું ન પડે, તેવું પાણી લેવું, જેમ કે– તિલોદક, શુદ્ધોદક આદિ. અહીં શુદ્ધોદકથી લવિંગનું, રાખનું, ચૂનાનું ધોવણ પાણી અથવા શુદ્ધ ગરમ પાણી સમજવું કારણ કે તે પાણી લેપ લાગે નહીં તેવા હોય છે.

શેષ અભિગ્રહો પિંડૈષણાની સમાન છે.

**પડિમા સ્વીકારનો અહં ત્યાગ :–**

**११ इच्चेयासिं सत्तण्हं पिंडेसणाणं सत्तण्हं पाणेसणाणं अण्णयरं पडिमं पडिवज्जमाणे णो एवं वएज्जा– मिच्छा पडिवण्णा खलु एए भयंतारो, अहमेगे सम्मं पडिवण्णे ।**

**जे एए भयंतारो एयाओ पडिमाओ पडिवज्जित्ताणं विहरंति, जो य अहमंसि एयं पडिमं पडिवज्जित्ताणं विहरामि; सव्वे ते उ जिणाणाए उवट्ठिया अण्णोण्णसमाहीए; एवं च णं विहरंति ।**

**શબ્દાર્થ :– अण्णयरं पडिमं** = કોઈ એક પ્રતિમાને **पडिवज्जमाणे** = ગ્રહણ કરતા **एए भयंतारो** = આ સર્વ અભિગ્રહ ધારણ કરનાર સાધુ ભગવંત **मिच्छापडिवण्णा** = મિથ્યા પ્રતિપન્ન છે. તેઓનો અભિગ્રહ શ્રેષ્ઠ નથી **अहमेगे** = મેં એકલાએ જ **सम्मं पडिवण्णे** = શ્રેષ્ઠ અભિગ્રહ ધારણ કર્યો છે **अण्णोण्णसमाहीए** = પોત-પોતાની સમાધિ ભાવ પ્રમાણે અભિગ્રહ કરીને **एवं च णं विहरंति** = આ પ્રમાણે વિચરે છે.

**ભાવાર્થ :–** આ સાત પિંડૈષણાઓ તથા સાત પાનૈષણાઓમાંથી કોઈ પણ પ્રતિજ્ઞાનો સ્વીકાર કરનાર સાધુ કે સાધ્વી આ પ્રમાણે કહે નહિ કે– આ સર્વ સાધુ ભગવંતો સમ્યક રૂપે પ્રતિમાઓને ગ્રહણ કરનારા નથી, હું એક જ સમ્યક રૂપે પ્રતિમાઓને વહન કરનાર છું, પરંતુ સાધુ આ પ્રમાણે કહે કે– સર્વ સાધુ ભગવંતો અને હું એમ જે-જે પ્રતિમાઓનો સ્વીકાર કરીને વિચરણ કરી રહ્યા છીએ તે સર્વ સાધુ ભગવંતો પોત-પોતાની સમાધિ પ્રમાણે જિનાજ્ઞામાં ઉદ્યત છીએ. આ રીતે સર્વ સાધુઓ પોત-પોતાનો સમાધિ ભાવ જળવાઈ રહે, તે પ્રમાણે વિચરણ કરે.

**વિવેચન :–**

સાત-સાત પ્રકારની પિંડૈષણા અને પાનૈષણાના કથન પછી ઉપસંહાર રૂપ પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે અહંકાર ત્યાગનું કથન છે. સંયમી જીવનની સમગ્ર સાધના આત્મવિશુદ્ધિ માટે છે. સાધુ વ્રત, તપ,

જ૫, અભિગ્રહોના સ્વીકારથી ક્રમશઃ પોતાના કષાયોને ઉપશાંત કરે છે. આભ્યંતર દોષોનો નાશ થાય, ત્યારે જ આત્મવિશુદ્ધિનું લક્ષ્ય સિદ્ધ થાય છે.

સાધક સાધનામાં જેમ-જેમ વિકાસ કરે, તેમ-તેમ તેના અંતરમાં ક્રોધ, માન આદિ કષાયોની ઉપશાંતતાની અનુભૂતિ થતી જાય તે જ સાધનાની ફળશ્રુતિ છે, તેથી જ સાધક પોતાની સાધનાનું અભિમાન કે અન્યની હીનતા પ્રગટ કરીને નિંદા કરે નહીં. એક સાધુની હિલના કે નિંદા કરવાથી સમસ્ત જિનશાસનની હિલના કે નિંદા થાય છે, તેથી જ સાધુ પોતાની ઉત્કૃષ્ટ સાધનાનો ગર્વ કરે નહીં. પોતાની મહત્તાનો ભાવ અન્ય પ્રતિ તુચ્છતાના ભાવને જન્મ આપે છે. સાધનાનું મૂલ્ય બાહ્ય ત્યાગથી થતું નથી, પરંતુ તેની સાથે આભ્યંતર દોષ વિશુદ્ધિથી જ થાય છે માટે અહીં બાહ્ય ત્યાગ કે અભિગ્રહો સાથે અન્ય સાધકો પ્રત્યે ઉદારભાવ અને આદર ભાવ રાખવાનો સંદેશ આપ્યો છે.

સહવર્તી સર્વ સાધકોની સાધનામાં તરતમતા હોવા છતાં સર્વ સાધુઓ જિનેશ્વરની આજ્ઞાના આરાધક છે, તેમ સ્વીકારીને સાધુ સમતાપૂર્વક વિચરે. સમભાવની સાધનામાં જ સાધકની પ્રગતિ છે.

**ઉદ્દેશકનો ઉપસંહાર :–**

**૧૨ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પિંડૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૧/૧૧ સંપૂર્ણ ॥**

## ॥ પહેલું અધ્યયન સંપૂર્ણ ॥

# બીજું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **શય્યૈષણા** છે.

પ્રસ્તુત અધ્યયનમાં **શય્યા** શબ્દ પ્રયોગ માત્ર આ લોકમાં પ્રસિદ્ધ પથારી, ગાદલા કે સેજ માટે થયો નથી, પરંતુ સાધુ-સાધ્વીને સૂવા-બેસવાની, ભોજનની ક્રિયાઓ તથા આવશ્યક, સ્વાધ્યાય, જપ, તપ આદિ ધાર્મિક ક્રિયાઓ કરવા માટેના આવાસ સ્થાન રૂપે પ્રયુક્ત છે. તેમજ આસન, સંસ્તારક, પાટ, બાજોઠ આદિ ઉપકરણોનો પણ સમાવેશ શય્યામાં થઈ જાય છે.

શય્યાના ચાર પ્રકાર છે– (૧) દ્રવ્ય શય્યા (૨) ક્ષેત્ર શય્યા (૩) કાલ શય્યા (૪) ભાવ શય્યા. **(૧) દ્રવ્ય શય્યા–** તેના ત્રણ પ્રકાર છે– (૧) સજીવ પૃથ્વી આદિ **સચિત્ત દ્રવ્ય શય્યા** છે. (૨) નિર્જીવ પૃથ્વી આદિ **અચિત્ત દ્રવ્ય શય્યા** છે. (૩) સંપૂર્ણપણે અચિત્ત થઈ ન હોય, તેવી પૃથ્વી આદિ **મિશ્રદ્રવ્ય શય્યા** છે. **(૨) ક્ષેત્ર શય્યા–** ગામ, નગર આદિ સ્થાન વિશેષમાં કરવામાં આવતી શય્યા. **(૩) કાલ શય્યા–** ઋતુબદ્ધ કાલ– શેષકાલમાં અથવા ચાતુર્માસ કલ્પમાં ઉપયોગમાં આવતી શય્યા. **(૪) ભાવ શય્યા–** તેના બે ભેદ છે– **(૧)** કાય વિષયક ભાવ શય્યા– ગર્ભસ્થ જીવોનું માતાના ઉદરમાં જે શયન થાય તે. **(૨)** ભાવ વિષયક ભાવ શય્યા– જીવ જે સમયે ઔદયિક આદિ ભાવમાં પરિણમન કરે છે તેને ભાવ વિષયક ભાવ શય્યા કહેવાય છે. આ અધ્યયનમાં ક્ષેત્ર શય્યા અને કાલ શય્યાનું કથન છે.

**એષણા–** અન્વેષણ, શોધ કરવી. આ રીતે શય્યૈષણા એટલે નિર્દોષ સ્થાનની પ્રાપ્તિ કરવી. આત્મસાધનાના સાધનભૂત શરીરના પાલન–પોષણ માટે જે રીતે આહાર ગ્રહણની જરૂર છે, તે જ રીતે તેની વિશ્રાંતિ માટે તેમજ સાધના કરવા માટે સુયોગ્ય સ્થાનની પણ અનિવાર્યતા છે. નિર્દોષ આહારની જેમ નિર્દોષ સ્થાનમાં નિવાસ કરવો, તે સંયમી જીવનનું મહત્ત્વનું અંગ છે.

આત્મ સાધનામાં બાહ્ય ક્ષેત્ર કે અન્ય નિમિત્ત સહાયભૂત કે બાધક રૂપ બની શકે છે, તેથી સાધુને માટે કલ્પનીય-અકલ્પનીય શય્યાના ગુણ-દોષોનું શાસ્ત્રકારે વિસ્તૃત વર્ણન કર્યું છે.

આ શય્યૈષણા અધ્યયનના ત્રણ ઉદ્દેશકો છે– **પ્રથમ ઉદ્દેશકમાં–** સ્થાન સંબંધી ઉદ્‌ગમાદિ દોષો તથા ગૃહસ્થાદિથી સંસક્ત શય્યાના દોષોનું ચિંતન છે. **દ્વિતીય ઉદ્દેશકમાં–** વસતિ વિષયક અન્ય દોષોની સંભાવના તથા સાધુને કલ્પનીય-અકલ્પનીય નવ પ્રકારની શય્યાનું વિસ્તૃત વર્ણન છે. **ત્રીજા ઉદ્દેશકમાં–** સ્થાનની યાચના વિધિ, સ્થાનમાં નિવાસ કર્યા પછી સાધુનો વિવેક, સંયમી સાધુ માટે વિવિધ પ્રકારના નિષિદ્ધ સ્થાન, સંસ્તારકની નિર્દોષતા-સદોષતા, પ્રાતિહારિક વસ્તુઓ ગૃહસ્થને પાછી સોંપવાની વિધિ, સંસ્તારક વિષયક ચાર પ્રકારના અભિગ્રહો તથા અંતે અનુકૂળ અને પ્રતિકૂળ સ્થાન કે સંસ્તારકમાં સાધુને સમભાવ રાખવાનું વિધાન છે.

આ રીતે શય્યા અને સંસ્તારક સંબંધી સંપૂર્ણ વર્ણન સાથે આ અધ્યયન પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# બીજું અધ્યયન : શય્યૈષણા

## પ્રથમ ઉદ્દેશક

**જીવ–જંતુ રહિત ઉપાશ્રયની ગવેષણા :–**

**१** **से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा उवस्सयं एसित्तए, से अणुपविसित्ता गामं वा णगरं वा** *जाव* **रायहाणिं वा; से जं पुण उवस्सयं जाणेज्जा– सअंडं सपाणं** *जाव* **संताणयं, तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**से भिक्खू वा भिक्खुणी वा से जं उवस्सयं जाणेज्जा– अप्पंडं** *जाव* **संताणयं, तहप्पगारे उवस्सए पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा सेज्जं वा, णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **ठाणं** = સ્થાન, રહેવા માટે સ્થાન ગ્રહણ કરવું, ઊભા રહેવું, કાયોત્સર્ગ માટે સ્થિર થવું **सेज्जं** = શય્યા-સંસ્તારક, સંથારાનું સ્થાન, શયન કરવું **णिसीहियं** = નિષદ્યા, આસન, સ્વાધ્યાય આદિ કરવા.

**ભાવાર્થ :–** ઉપાશ્રય(રહેવા માટેના સ્થાન)ની ગવેષણા કરવાના ઈચ્છુક સાધુ-સાધ્વી ગામ, નગર ***યાવત્*** રાજધાનીમાં જઈને યોગ્ય ઉપાશ્રયની ગવેષણા કરતાં એમ જાણે કે આ ઉપાશ્રય કીડી આદિ ત્રસ જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળા આદિથી યુક્ત છે, તો તેવા ઉપાશ્રયમાં સાધુ કે સાધ્વી સ્થાન ગ્રહણ અને શયન-આસન કરે નહિ.

સાધુ કે સાધ્વી જે ઉપાશ્રયને કીડી આદિ ત્રસ જીવોના ઈંડાથી રહિત ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત જાણે તો તેવા ઉપાશ્રયનું પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કરીને તેમાં યતનાપૂર્વક સ્થાન ગ્રહણ કરે અને શયન-આસન કરે અર્થાત્ તેમાં કાર્યોત્સર્ગ, સ્વાધ્યાય, ધ્યાન આદિ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે ઉપાશ્રયની ગવેષણા સંબંધી નિરૂપણ છે.

**उवस्सयं**– ઉપાશ્રય. જે સ્થાનમાં રહીને આત્મભાવમાં સ્થિર થવા માટેની સાધના થાય, તે સ્થાનને **ઉપાશ્રય** સંજ્ઞા આપવામાં આવે છે. તે સ્થાન ગૃહસ્થે પોતાના માટે બનાવેલું હોય છે અને સાધુ તેમાં ગૃહસ્થની આજ્ઞા લઈને પોતાની અનુકૂળતા પ્રમાણે નિવાસ કરે છે. આ રીતે ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ-સાધ્વી પોતાની આત્મસાધના માટે જે-જે અનુકૂળ સ્થાનમાં નિવાસ કરે તે-તે સ્થાન ઉપાશ્રય કહેવાય છે. શાસ્ત્રમાં તેના માટે **વસતિ** શબ્દનો પ્રયોગ પણ થાય છે, પરંતુ વર્તમાનમાં ધર્મસ્થાનક માટે જ ઉપાશ્રય શબ્દ પ્રચલિત બની ગયો છે.

**ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा :– ठाणं**– સ્થાન ગ્રહણ કરવું, ઊભા રહેવું, કાર્યોત્સર્ગ કરવો આદિ **सेज्जं**–શય્યા, સંસ્તારક ગ્રહણ કરવા, શયન કરવું **णिसीहियं**– નિષદ્યા, બેસવું, સ્વાધ્યાય કરવો.

સાધુ કે સાધ્વી જે રીતે નિર્દોષ આહાર પ્રાપ્તિ માટે આહારની ગવેષણા કરે છે. તે જ રીતે નિર્દોષ સ્થાનની પ્રાપ્તિ માટે સ્થાનની પણ ગવેષણા કરે છે.સાધુ જે સ્થાનમાં નિવાસ કરે, તે સ્થાન સૂક્ષ્મ કે સ્થૂલ જીવજંતુઓથી રહિત હોવું જરૂરી છે કારણ કે ઉપાશ્રયમાં કીડી, મકોડા આદિ ક્ષુદ્ર જીવજંતુઓની અધિકતા હોય તો ગમનાગમન કરતાં જીવોની વિરાધના થવાની સંભાવના રહે છે, તે જીવજંતુના ઉપદ્રવથી સાધુના ચિત્તની એકાગ્રતા રહેતી નથી, જેથી સ્વાધ્યાય-ધ્યાન આદિ સાધનામાં સ્ખલના થાય છે, માટે સાધુ-સાધ્વીઓ જીવ-જંતુઓથી રહિત સ્થાનની ગવેષણા કરવાનું લક્ષ્ય રાખે.

**सपाणं अप्पपाणं :–** પ્રસ્તુત સૂત્રમાં જીવોની અધિકતા માટે **सपाणं** આદિ શબ્દોનો પ્રયોગ છે અને જીવોની અલ્પતા માટે કે જીવ રહિતતા માટે **अप्पपाणं** આદિ શબ્દોનો પ્રયોગ છે. સામાન્ય રીતે કોઈ પણ સ્થાનમાં વિકલેન્દ્રિય જીવોનો સર્વથા અભાવ હોય તેવું શક્ય નથી. સામાન્ય રીતે કીડી, માખી, મચ્છર, કરોળિયા, કંસારી આદિ ક્ષુદ્ર જીવ જંતુઓ ગમે ત્યારે ગમે ત્યાંથી આવે છે અને જાય છે. સૂત્રકારનો આશય એ જ છે કે સાધનામાં સ્ખલના થાય કે તે જીવોની વિરાધના થાય તેવા પ્રકારના જીવ જંતુઓની બહુલતા ન હોય તેવા સ્થાનની ગવેષણા કરવી જોઈએ.

**ઔદેશિક ઉપાશ્રય વિવેક :–**

**२ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छेज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएइ । तहप्पगारे उवस्सए पुरिसंतरकडे वा अपुरिसंतरकडे वा** *जाव* **आसेविए वा अणासेविए वा; णो ठाणं वा सेज्जं वा णिसीहियं चेएज्जा । एवं बहवे साहम्मिया, एगं साहम्मिणिं, बहवे साहम्मिणीओ ।**

**શબ્દાર્થ :–** अस्सिंपडियाए = નિર્ગ્રંથ સાધુની પ્રતિજ્ઞાથી, સાધુને માટે.

**ભાવાર્થ :–** જો સાધુ કે સાધ્વી એમ જાણે કે ભાવિક ગૃહસ્થે સાધુની પ્રતિજ્ઞાથી તેમાં પણ કોઈ એક સાધર્મિક સાધુના ઉદ્દેશ્યથી પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વનો આરંભ કરીને આ ઉપાશ્રય બનાવ્યો છે, તેમજ સાધુના નિમિત્તે ખરીદેલો છે, ઉધાર લીધેલો છે, કોઈની પાસેથી બળજબરીથી ઝૂંટવી લીધેલો છે, તેના માલિકની આજ્ઞા વિના લીધેલો છે કે સામેથી આવીને બનાવેલો છે, તો તેવો ઉપાશ્રય પુરુષાંતરકૃત હોય કે અપુરુષાંતરકૃત હોય ***યાવત્*** કોઈના દ્વારા ઉપયોગમાં લેવાયેલો હોય કે ઉપયોગમાં લેવાયેલો ન હોય, તોપણ સાધુ કે સાધ્વી તેમાં રહે નહીં કે શયનાસન કરે નહીં અથવા સ્વાધ્યાયાદિ આદિ ક્રિયા કરે નહીં.

તે જ રીતે ઘણા સાધર્મિક સાધુઓ માટે તથા એક કે અનેક સાધર્મિક સાધ્વીઓના ઉદ્દેશ્યથી બનાવેલા, ઉપરોક્ત વિશેષણોથી યુક્ત ઉપાશ્રયમાં પણ સાધુ કે સાધ્વી સ્થાન ગ્રહણ, શયન-આસન આદિ કરે નહીં.

**३ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– बहवे समण-**

**माहण-अतिहि-किवण-वणीमए पगणिय-पगणिय समुद्दिस्स तं चेव भाणियव्वं ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રય ઘણા(જૈન-જૈનેતર) શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, દરિદ્રીઓ તેમજ ભિખારીઓ એક-એકની ગણનાપૂર્વક તેના ઉદ્દેશ્યથી પ્રાણી આદિનો સમારંભ કરીને બનાવેલો છે ઇત્યાદિ ઉપર પ્રમાણે કહેવું અર્થાત્ પુરુષાંતરકૃત, અપુરુષાંતરકૃત ***યાવત્*** આસેવિત કે અનાસેવિત હોય તોપણ તે સ્થાન ગ્રહણ ન કરે.

**૪ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– बहवे समण-माहण-अतिहि-किवण-वणीमए समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारब्भ** *जाव* **चेएइ । तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे** *जाव* **अणासेविए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पुरिसंतरकडे** *जाव* **आसेविए; पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રય ઘણા જૈનેતર શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, દરિદ્ર અને ભિખારીઓના(સામાન્યરૂપે સર્વના) ઉદ્દેશ્યથી અર્થાત્ કોઈના નામ વિના સર્વ આગંતુકો માટે પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરીને બનાવેલો છે ***યાવત્*** તે ઉપાશ્રય અપુરુષાંતરકૃત ***યાવત્*** અનાસેવિત છે તો તેવા ઉપાશ્રયમાં ભિક્ષુ રહે નહીં કે શયનાસન કરે નહિ.

જો તે ઉપાશ્રયના વિષયમાં એમ જાણે કે તે પુરુષાંતરકૃત કે આસેવિત થઈ ગયો છે– કોઈ પણ વ્યક્તિએ તેનો ઉપયોગ કરી લીધો છે. તો તેવા ઉપાશ્રયનું પ્રતિલેખન તથા પ્રમાર્જન કરી તેમાં યતનાપૂર્વક શયનાસન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જૈન શ્રમણો માટે તથા અનેક શ્રમણ-બ્રાહ્મણ આદિ માટે નિર્મિત ઉપાશ્રય સંબંધી વિચારણા છે.

જે રીતે સાધુ-સાધ્વીને માટે આહાર સંબંધી ઔદેશિક, ક્રીત, પ્રામિત્ય આદિ દોષોના વર્જનનું કથન છે, તે જ રીતે નિવાસ સ્થાન પણ એક કે અનેક સાધુ-સાધ્વીઓના ઉદ્દેશ્યથી બનાવેલું હોય, અનેક જૈન-જૈનેતર સર્વ શ્રમણો-બ્રાહ્મણો, યાચકોના ઉદ્દેશ્યથી તેમના નામ ગણી-ગણીને છકાય જીવોના આરંભ-સમારંભ કરીને તૈયાર થયું હોય, તે જ રીતે વેચાતું લીધું હોય, ઉધાર લીધું હોય, બળજબરીથી ઝૂંટવીને લીધેલું હોય, સાધુને રહેવા માટે તંબુ વગેરે સામે લાવીને બાંધ્યા હોય અથવા લાકડાના મકાનો ઊભા કર્યા હોય કે માલિકની સંમતિ ન હોય, તો તે સ્થાનમાં રહેવું સાધુ-સાધ્વી માટે કલ્પનીય નથી.

જે સ્થાન કોઈ ચોક્કસ વ્યક્તિ કે સંપ્રદાયના સાધુના ઉદ્દેશ્ય વિના સામાન્ય રીતે કોઈ પણ સાધુ સંન્યાસી માટે બનાવ્યું હોય અને તે સ્થાનમાં અન્ય શ્રમણાદિ આવીને રહી ગયા હોય, તો તે સ્થાનને સાધુ ગ્રહણ કરી શકે છે. કારણ કે તે સ્થાન જૈન શ્રમણોના નિમિત્તે બનેલું નથી તેમજ અન્ય શ્રમણોએ તેનો ઉપયોગ કરી લીધો હોવાથી તેમાં ઔદેશિકાદિ દોષોની પરંપરા અટકી જાય છે, તેથી તેને સૂત્રમાં સાધુને માટે કલ્પનીય કહ્યું છે.

સંક્ષેપમાં એકાંત જૈન શ્રમણોને માટે બનાવેલું સ્થાન તથા જેમાં અન્ય આગંતુકો સાથે જૈન શ્રમણની પણ ગણના કરી હોય તેવું સ્થાન પુરુષાંતરકૃત થઈ જાય કે કોઈના ઉપયોગમાં આવી જાય, તોપણ સાધુ-સાધ્વી માટે તે અકલ્પનીય છે અને સામાન્ય રીતે જૈન શ્રમણોની ગણના વિના કોઈ પણ સાધુ સંન્યાસી માટે બનાવેલું સ્થાન પુરુષાંતરકૃત થઈ જાય કે કોઈના ઉપયોગમાં આવી જાય ત્યાર પછી તે સ્થાન સાધુ-સાધ્વીને કલ્પનીય છે.

**પરિકર્મ દોષયુક્ત ઉપાશ્રય વિવેક :–**

**૫ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– असंजए भिक्खुपडियाए कडिए वा उक्कंबिए वा छण्णे वा लित्ते वा घट्ठे वा मट्ठे वा संमट्ठे वा संपधूमिए वा । तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे** *जाव* **अणासेविए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पुरिसंतरकडे** *जाव* **आसेविए; पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **कडिए** = ચટાઈ આદિ દ્વારા ચારે તરફથી આચ્છાદિત **उक्कंबिए** = વાંસની ખપાટો બાંધવી **छण्णे** = ઉપરનો ભાગ ઘાસાદિથી આચ્છાદિત કર્યો હોય **लित्ते** = છાણાદિથી લીંપેલ **घट्ठे** = ચૂનાદિથી ધોળેલ **मट्ठे** = દિવાલોને ઘસી હોય **संमट्ठे** = ઘસી-ઘસીને લીસો કર્યો હોય **संपधूमिए** = ધૂપાદિથી સુગંધિત કર્યો હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રયમાં ગૃહસ્થે સાધુઓના નિમિત્તથી દિવાલ બનાવી છે અથવા ચટાઈ આદિ દ્વારા તેને ચારેબાજુથી આચ્છાદિત કર્યો છે, છતમાં વાંસની ખપાટો બાંધી છે અને તેની ઉપર ઘાસ આદિથી ઢાંક્યો છે, દિવાલો કે આંગણાને છાણાદિથી લીપ્યા છે, ચૂનાદિથી રંગીને મકાનને સુંદર કર્યું છે, ભીંતોને ઘસીને સ્વચ્છ બનાવી છે, ઘસી-ઘસીને લીસી બનાવી છે, ધૂપ આદિ સુગંધિત પદાર્થોથી સુવાસિત કર્યો છે, તેવો સમારકામ કરેલો ઉપાશ્રય જો અપુરુષાંતરકૃત હોય ***યાવત્*** કોઈએ ઉપયોગમાં લીધો ન હોય, તો સાધુ ત્યાં રહે નહીં, શયનાસન કરે નહીં.

પરંતુ તે જાણે કે આ ઉપાશ્રય પુરુષાન્તર કૃત થઈ ગયો છે ***યાવત્*** બીજાના ઉપયોગમાં આવી ગયો છે, તો તેનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને સાધુ તેમાં યતનાપૂર્વક સ્થાન ગ્રહણ કે શયનાસન કરી શકે છે.

**६ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– असंजए भिक्खुपडियाए खुड्डियाओ दुवारियाओ महल्लियाओ कुज्जा जहा पिंडेसणाए** *जाव* **संथारगं संथारेज्जा, बहिया वा णिण्णक्खु; तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे** *जाव* **अणासेविए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पुरिसंतरकडे** *जाव* **आसेविए; पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રયમાં ગૃહસ્થે સાધુઓ માટે નાના

દરવાજાને મોટો બનાવ્યો છે વગેરે સર્વ કથન પિંડૈષણા અધ્યયન પ્રમાણે જાણવું ***યાવત્*** સાધુને માટે ઉપાશ્રયની અંદરથી ઉપકરણો(સામાન) બહાર કાઢ્યા છે અને તે બીજાએ ઉપયોગમાં લીધો નથી, ઉપાશ્રય અપુરુષાંતરકૃત ***યાવત્*** અનાસેવિત છે, તો સાધુ ત્યાં રહે નહીં કે શયનાસન કરે નહિ.

જો તે એમ જાણે કે તે ઉપાશ્રય પુરુષાંતરકૃત ***યાવત્*** બીજાના ઉપયોગમાં આવી ગયો છે, તો સાધુ તેનું પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કરીને યતનાપૂર્વક ત્યાં સ્થાન ગ્રહણ કે શયનાસન કરી શકે છે.

**૭ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– असंजए भिक्खुपडियाए उदगप्पसूयाणि कंदाणि वा मूलाणि वा पत्ताणि वा पुप्फाणि वा फलाणि वा बीयाणि वा हरियाणि वा ठाणाओ ठाणं साहरइ, बहिया वा णिण्णक्खू, तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे** *जाव* **अणासेविए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पुरिसंतरकडे** *जाव* **आसेविए; पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **बहिया वा णिण्णक्खु** = અંદરથી બહાર કાઢે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રયમાંથી ગૃહસ્થ સાધુઓના નિમિત્તે પાણીમાં ઉત્પન્ન થયેલ કંદ, મૂળ, પત્ર, ફૂલ, ફળ, બીજ, લીલોતરી આદિ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ ગયા છે, અંદરથી બહાર કાઢ્યા છે અને તે ઉપાશ્રય અપુરુષાંતરકૃત ***યાવત્*** અનાસેવિત છે, તો ત્યાં સાધુ રહે નહીં, શયનાસન આદિ કરે નહિ.

જો એમ જાણે કે તે ઉપાશ્રય પુરુષાંતરકૃત ***યાવત્*** આસેવિત થઈ ગયો છે, તો તેનું પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કરીને યતનાપૂર્વક ત્યાં સ્થાન ગ્રહણ કે શયનાસન આદિ કરી શકે છે.

**૮ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– अस्संजए भिक्खुपडियाए पीढं वा फलगं वा णिस्सेणिं वा उदूहलं वा ठाणाओ ठाणं साहरइ, बहिया वा णिण्णक्खु; तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे** *जाव* **अणासेविए; णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**अह पुण एवं जाणेज्जा– पुरिसंतरकडे** *जाव* **आसेविए; पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે ગૃહસ્થો સાધુઓના નિમિત્તે ત્યાં રાખેલા બાજોઠ, પાટલા, નિસરણી, ખાંડણિયો આદિ સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ ગયા છે અથવા તે વસ્તુઓ બહાર કાઢી છે અને તે ઉપાશ્રય અપુરુષાંતરકૃત ***યાવત્*** અનાસેવિત છે, તો સાધુ ત્યાં રહે નહીં, શયનાસન આદિ કરે નહીં.

જો તે એમ જાણે કે તે ઉપાશ્રય પુરુષાંતરકૃત ***યાવત્*** આસેવિત છે, તો તેનું પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કરીને સાધુ યતનાપૂર્વક ત્યાં સ્થાન ગ્રહણ કે શયન આસન આદિ કરી શકે છે.

**વિવેચન :–**

સૂત્ર ૧ થી ૪માં ઔદ્દેશિક શય્યાની વિચારણા છે અને પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે સમારકામ કરેલા ઉપાશ્રયમાં રહેવા સંબંધી વિચારણા છે. સાધુના નિમિત્તે તૈયાર કરેલા ઔદ્દેશિક આદિ દોષયુક્ત ઉપાશ્રય પુરુષાંતરકૃત હોય કે અપુરુષાંતરકૃત હોય, તે ઉપાશ્રયનો અન્ય વ્યક્તિએ ઉપયોગ કર્યો હોય કે ન કર્યો હોય, તે સાધુને માટે અકલ્પનીય છે.

સાધુને નિમિત્તે સમારકામ કરાવેલો ઉપાશ્રય પણ સાધુ માટે અકલ્પનીય છે, પણ તે પુરુષાંતરકૃત થઈ જાય પછી કલ્પનીય બને છે. પ્રસ્તુત પ્રસંગમાં ઉપાશ્રયમાં સાધુને માટે ચાર પ્રકારે ફેરફાર કરવાનું કથન છે.

(૧) ઉપાશ્રયમાં દિવાલ, છત આદિ સમારકામ કરાવીને ઉપાશ્રયને સંસ્કારિત-સુસજ્જિત કર્યો હોય, તેમાં રંગ કરાવ્યો હોય, લાદી બદલાવી હોય, ઠંડી-ગરમીથી રક્ષણ મેળવવા ઘાસ આદિથી આચ્છાદિત કર્યો હોય.

(૨) તેનો જીર્ણોધાર કર્યો હોય, દરવાજાને નાનો-મોટો કર્યો હોય કે બીજા કોઈ ફેરફાર કર્યા હોય.

(૩) તે સ્થાનમાં રાખેલા ઘાસ, પાન, ફૂલ, ફળ આદિ સચિત્ત પદાર્થોનું સ્થાનાંતર કર્યું હોય.

(૪) બાજોઠ, પાટલા આદિ સામગ્રીઓ તથા ભારે વસ્તુઓ સ્થાનાંતરિત કરી હોય કે બહાર કાઢી હોય.

આ રીતે મકાનમાં નાનું કે મોટું કોઈ પણ સમારકામ કરાવવું, તેમાં પડેલી સચેત, અચેત વસ્તુઓનું સ્થળાંતર કરવું, બહાર કાઢવું, આ સર્વ ક્રિયાઓમાં સાધુ માટે અલ્પાધિક આરંભ-સમારંભ કે જીવ વિરાધના થાય છે, તેથી તે સાધુને કલ્પનીય નથી પરંતુ સાધુને નિર્દોષ સ્થાનની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તે ઉપરાંત ગૃહસ્થે બનાવેલા મકાનનો ઉપયોગ આહારની જેમ માત્ર એકવાર થતો નથી. અનેક વ્યક્તિઓ વારંવાર તેનો ઉપયોગ કરે છે, તેથી સાધુના નિમિત્તે સમારકામ કરાવેલો ઉપાશ્રય પુરુષાંતર કૃત થઈ જાય, અન્ય કોઈ પણ વ્યક્તિ તેનો ઉપયોગ કરી લે, ત્યાર પછી તેના સમારકામજન્ય દોષોની પરંપરા અટકી જાય છે. તેથી તે સ્થાન સાધુને માટે કલ્પનીય બની જાય છે. તેમ આગમકારનો આશય સ્પષ્ટ થાય છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે સાધુએ બીજા માટે કરેલા મકાનમાં રહેવું જોઈએ.

સંક્ષેપમાં સાધુના નિમિત્તે સમારકામ કરેલો ઉપાશ્રય અપુરુષાંતરકૃત હોય, અન્ય વ્યક્તિએ તેનો ઉપયોગ કર્યો ન હોય, ત્યાં સુધી તે સાધુ માટે અકલ્પનીય છે અને તે ઉપાશ્રય પુરુષાંતરકૃત થઈ જાય ***યાવત્*** ગૃહસ્થો તેનો ઉપયોગ કરી લે, ત્યાર પછી તે સ્થાન સાધુ માટે કલ્પનીય છે.

**ઊંચા ઉપાશ્રયમાં વિવેક :–**

**९ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा, तं जहा– खंधंसि वा थंभंसि वा मंचंसि वा मालंसि वा पासायंसि वा हम्मियतलंसि वा अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि णण्णत्थ आगाढागाढेहिं कारणेहिं णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**से य आहच्च चेइए सिया, णो तत्थ सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा हत्थाणि वा पायाणि वा अच्छीणि वा दंताणि वा मुहं वा उच्छोलेज्ज वा**

**पधोवेज्ज वा; णो तत्थ ऊसढं पगरेज्जा, तं जहा– उच्चारं वा पासवणं वा खेलं वा सिंघाणं वा वंतं वा पित्तं वा पूइं वा सोणियं वा अण्णयरं वा सरीरावयवं ।**

**केवली बूया– आयाणमेयं । से तत्थ ऊसढं पगरेमाणे पयलेज्ज वा पवडेज्ज वा, से तत्थ पयलमाणे पवडमाणे वा हत्थं वा** *जाव* **सीसं वा अण्णयरं वा कायंसि इंदियजायं लूसेज्जा, पाणाणि वा भूयाणि वा जीवाणि वा सत्ताणि वा अभिहणेज्ज वा** *जाव* **ववरोवेज्ज वा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा** *जाव* **जं तहप्पगारे उवस्सए अंतलिक्खजाए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **अंतलिक्खजायंसि** = આકાશ જાત, ચોતરફ ખુલ્લા આકાશવાળા, પાળીકે દિવાલવિનાના, છત રૂપ સ્થાનમાં **णणत्थ आगाढागाढेहिं कारणेहिं** = કોઈ વિશેષ પરિસ્થિતિ વિના, સામાન્ય રીતે.

**चेइए सिया** = કોઈ કારણથી તે ગ્રહણ કરી લીધું હોય તો **सीओदगवियडेण वा उसिणोदगवियडेण** = પ્રાસુક ઠંડા પાણીથી કે ગરમ પાણીથી **णो उच्छोलेज्ज वा पधोएज्ज** = ધુએ નહિ કે વારંવાર સાફ કરે નહિ **ऊसढं णो पकरेज्जा** = શરીરનું ઉત્સર્જન કૃત્ય અર્થાત્ મળ-મૂત્ર આદિ વિસર્જન કરે નહિ **उच्चारं** = વડીનીત **पासवणं** = લઘુનીત **खेलं** = કફ **सिंघाणं** = લીંટ **वंतं** = વમન **पित्तं** = પિત્ત **पूइं** = પરુ **पयलेज्ज** = લપસી જાય કે **पवडेज्ज** = પડી જાય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં એમ જાણે કે આ ઉપાશ્રય, થાંભલા ઉપર છે, વાંસના માંચડા ઉપર છે, બીજા-ત્રીજા આદિ માળ ઉપર છે અથવા પ્રાસાદની ઉપર કે મહેલની ઉપર છે અથવા આવા પ્રકારની કોઈ પણ ઊંચાઈ ઉપર ચારે તરફથી ખુલ્લું સ્થાન છે, તો ત્યાં કોઈ વિશેષ કારણ વિના સાધુ-સાધ્વી સ્થાન ગ્રહણ કે શયનાસયન આદિ કરે નહિ.

કદાચ કોઈ અનિવાર્ય કારણવશ તેવા સ્થાનમાં રહેવું પડે તો ત્યાં સાધુ-સાધ્વી પ્રાસુક ઠંડા પાણીથી કે ગરમ પાણીથી હાથ, પગ, આંખ, દાંત કે મુખ એકવાર કે વારંવાર ધુએ નહિ; મળ-મૂત્રાદિનો ત્યાગ કરે નહિ; તેમજ ત્યાં કફ, નાકનો મેલ, વમન, પિત્ત, પરુ, લોહી વગેરે શરીરના કોઈ પણ અવયવના મેલનો ત્યાગ કરે નહિ.

કેવળી ભગવાને કહ્યું છે કે– આ સર્વ કર્મબંધનું કારણ છે. સાધુ ઉપરથી મળ ત્યાગાદિ કરવા જતા લપસી જાય કે પડી જાય, ઉપરથી લપસવાના કે પડવાના કારણે તેના હાથ, પગ, મસ્તક કે શરીરના કોઈ પણ અવયવ કે ઇન્દ્રિય પર ચોટ લાગે, પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસા થાય ***યાવત્*** તે જીવો પ્રાણ રહિત થઈ જાય, તેથી તીર્થંકરોએ સાધુ, સાધ્વીને માટે પહેલાંથી જ આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે આ પ્રકારના ઊંચા અને ચોતરફથી ખુલ્લા સ્થાનમાં સાધુ-સાધ્વીઓએ રહેવું નહિ, શયન-આસન વગેરે કરવા નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને વિશેષ કારણ વિના ઊંચાઈ પર આવેલા, ચોમેર ખુલ્લા સ્થાનમાં રહેવાનો નિષેધ કર્યો છે.

સાધુનું જીવન સ્વાવલંબી હોય છે. તેને આહાર-પાણીની ગવેષણા માટે તેમજ મળ-મૂત્ર આદિ પરઠવા માટે ગમનાગમન કરવું પડે છે, તેથી સાધુ પોતાના સંયમી જીવનમાં કોઈ પણ પ્રકારની સ્ખલના ન થાય તેવા સ્થાનમાં જ નિવાસ કરે છે. જો સાધુ ઊંચાઈ પર આવેલા ખુલ્લા સ્થાનમાં નિવાસ કરે, તો વારંવાર ચડ-ઉતર કરતાં કે રાત્રે અંધારામાં ચડ-ઉતર કરતાં ક્યારેક નિસઃરણી પરથી પગ લપસી જાય, પડી જવાય, તેનાથી જીવવિરાધના, સંયમવિરાધના અને આત્મવિરાધના થાય છે, તેથી સામાન્ય રીતે સાધુ સહજતાથી સરળતાપૂર્વક ગમનાગમન થઈ શકે તેવા સ્થાનમાં જ નિવાસ કરે છે.

**णण्णत्थ आगाढागाढेहिं......** કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં અર્થાત્ અન્યત્ર નિર્દોષ સ્થાનની પ્રાપ્તિ ન થતી હોય, તો સાધુ અલ્પ સમય માટે અર્થાત્ એકાદ રાત્રિ કે એક બે કલાક વિવેક પૂર્વક તે સ્થાનમાં રહે છે.

સાધુને ઊંચાઈ પર આવેલા ખુલ્લા સ્થાનમાં નિવાસ કરવો પડે, તો ત્યાં હાથ-પગ આદિ ધોવાની વગેરે સૂત્રોક્ત કોઈ પણ પ્રવૃત્તિઓ કરવી ન જોઈએ. તે પ્રવૃત્તિઓ કરવાથી થતી હાનિઓ સૂત્રાર્થથી જ સ્પષ્ટ છે.

જો ઉપરના માળના નિવાસ સ્થાનમાં ચઢવા માટેના પગથિયા સ્થિર હોય, તેના ઉપરથી ચડ-ઉતર સહેલાઈથી થઈ શકે તેમ હોય, છત ઉપર દિવાલ કે પાળી વ્યવસ્થિત રીતે બાંધેલી હોય, જેમાં સૂત્ર કથિત દોષોની શક્યતા ન હોય તો તે સ્થાનમાં સાધુ-સાધ્વી વિવેકપૂર્વક રહી શકે છે.

**ગૃહસ્થાદિથી સંસક્ત ઉપાશ્રયનો વિવેક :-**

**१० से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– सइत्थियं सखुड्डं सपसुभत्तपाणं; तहप्पगारे सागारिए उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :-** **सइत्थियं** = સ્ત્રી સહિત છે **सखुड्डं** = બાળક, બિલાડી આદિ ક્ષુદ્ર જીવો યુક્ત **सपसुभत्तपाणं** = પશુઓ તથા આહાર-પાણીથી યુક્ત હોય **तहप्पगारे सागरिए उवस्सए** = તેવા પ્રકારના ગૃહસ્થોના સંપર્ક યુક્ત ઉપાશ્રયમાં.

**ભાવાર્થ :-** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રય સ્ત્રીઓ, બાળકો, ક્ષુદ્ર પ્રાણીઓ, પશુઓથી કે ખાવા, પીવાની વસ્તુઓથી યુક્ત છે, તો આવા ગૃહસ્થાદિના સંસર્ગવાળા સ્થાનમાં સાધુ-સાધ્વી રહે નહીં, શયનાસન આદિ કરે નહીં.

**११ आयाणमेयं भिक्खुस्स गाहावइकुलेण सद्धिं संवसमाणस्स– अलसगे वा विसूइया वा छड्डी वा णं उब्बाहेज्जा, अण्णयरे वा से दुक्खे रोगायंके समुप्पज्जेज्जा अस्संजए कलुणपडियाए तं भिक्खुस्स गायं तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा अब्भंगेज्ज वा मक्खेज्ज वा; सिणाणेण वा कक्केण वा लोद्धेण वा वण्णेण वा चुण्णेण वा पउमेण वा आघंसेज्ज वा पघंसेज्ज वा उव्वलेज्ज वा उव्वट्टेज्ज वा; सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेज्ज वा पधोवेज्ज वा सिणावेज्ज वा सिंचेज्ज वा; दारुणा वा दारुपरिणामं कट्टु**

**अगणिकायं उज्जालेज्ज वा पज्जालेज्ज वा उज्जालेत्ता पज्जालेत्ता कायं आयावेज्ज वा पयावेज्ज वा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा, एस हेऊ, एस कारणं, एस उवएसो, जं तहप्पगारे सागारिए उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **अलसगे** = હાથ, પગ વગેરે અવયવો સોજી જાય કે થાંભલા જેવા થઈ જાય **विसूइया** = ઝાડા થાય **छड्डी** = ઊલટી **उब्बाहेज्जा** = થવા લાગે કે **अण्णयरे वा से दुक्खे** = અન્ય કોઈ પણ દુઃખ **रोगायंके** = તાવાદિ રોગ, શૂલાદિ પ્રાણનાશક આંતક **समुप्पज्जेज्जा** = ઉત્પન્ન થાય(તે જોઈને) **अब्भंगेज्ज** = તેના શરીરનું એકવાર માલિશ કરે **मक्खेज्ज** = અનેકવાર માલિશ કરે **सिणाणेण** = સ્નાન કરાવે **कक्केण** = કાષાયિક દ્રવ્યથી તૈયાર કરેલ પાણીથી **लोद्धेण** = લોધ્રથી **वण्णेण** = વર્ણથી–લેપ્ય પાવડર વિશેષથી **चुण्णेण** = જવાદિના ચૂર્ણથી **पउमेण** = પદ્મથી **आघंसेज्ज** = શરીરને થોડું ઘસીને માલિશ કરે **पघंसेज्ज** = વારંવાર માલિશ કરે **उव्वलेज्ज** = પીઠી આદિથી શરીરની સ્નિગ્ધતા દૂર કરવા ચોળે **उव्वट्टेज्ज** = વારંવાર ચોળે.

**ભાવાર્થ :–** ગૃહસ્થ સાથે એક જ મકાનમાં રહેવું તે, સાધુને માટે કર્મબંધનું કારણ છે– ગૃહસ્થ પરિવારની સાથે રહેતાં ક્યારેક સાધુના હાથ, પગ આદિ જકડાઈ જાય, સોજી જાય, ઝાડા ઉલટી થાય અથવા અન્ય કોઈ બીમારી, તાવ, શૂળ, પીડા, દુઃખ કે રોગાંતક ઉત્પન્ન થાય, તો આ પરિસ્થિતિમાં તે ગૃહસ્થ કરુણાભાવથી સાધુના શરીર ઉપર તેલ, ઘી, માખણ કે અન્ય કોઈ સ્નિગ્ધ પદાર્થથી માલીશ કરે; પછી તેને પ્રાસુક ઠંડા પાણીથી કે ગરમ પાણીથી સ્નાન કરાવે; કલ્ક, લોધ્ર, વર્ણ, ચૂર્ણ કે પદ્મ વગેરે સુગંધી દ્રવ્યોનો એકવાર કે વારંવાર લેપ કરે; શરીરનો મેલ દૂર કરવા માટે સુગંધી પદાર્થો લગાવે કે પ્રાસુક ઠંડા પાણીથી કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર પ્રક્ષાલન કરે, તેને ધુએ, શરીરાવયવો પર પાણીનો છંટકાવ કરે તથા અરણીના લાકડાને પરસ્પર ઘસીને અગ્નિ પ્રગટાવે, પ્રજ્વલિત કરે અને તેનાથી સાધુના શરીરને શેક કરે કે વિશેષ શેક કરે છે.

આ રીતે ગૃહસ્થના કુટુંબ સાથે તેના ઘરમાં રહેવાથી અનેક દોષોની સંભાવના જોઈને તીર્થંકર પ્રભુએ ભિક્ષુને માટે પહેલાથી જ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ આવા મકાનમાં રહે નહિ, શયનાસન આદિ કરે નહિ.

**१२ आयाणमेयं भिक्खुस्स सागारिए उवस्सए संवसमाणस्स– इह खलु गाहावई वा** *जाव* **कम्मकरीओ वा अण्णमण्णं अक्कोसंति वा वहंति वा रुंभंति वा उद्दवेंति वा । अह भिक्खू उच्चावयं मणं णियच्छेज्जा– एए खलु अण्णमण्णं अक्कोसंतु वा मा वा अक्कोसंतु, वहंतु वा मा वा वहंतु, रुभंतु वा मा वा रुभंतु, उद्दवेंतु वा मा वा उद्दवेंतु ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा** *जाव* **जं तहप्पगारे सागारिए उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **अण्णमण्णं** = પરસ્પર **अक्कोसंति** = આક્રોશયુક્ત વચનોથી કરતા હોય અર્થાત્ ઝગડતા હોય **वहंति** = મારતા હોય **रुंभंति** = રોકતા હોય **उद्दवेंति** = ઉપદ્રવ કરતા હોય **उच्चावयं मणं णियच्छेज्जा** = મન ઊંચું-નીચું થાય.

**ભાવાર્થ :–** ગૃહસ્થની સાથે એક મકાનમાં રહેવું, સાધુ માટે કર્મબંધનું કારણ છે– ત્યાં ગૃહસ્થ ***યાવત્*** તેના નોકર-નોકરાણીઓ રહેતા હોય છે, કદાચ તેઓ પરસ્પર એક બીજાને આક્રોશ–કડવા વચનો કહે, મારે, રોકટોક કરે, ઉપદ્રવ કરે, તે જોઈને સાધુના મનમાં સંકલ્પ-વિકલ્પ થાય કે તેઓ પરસ્પર આક્રોશ કરે અથવા ન કરે, મારે કે ન મારે, રોકે કે ન રોકે, ઉપદ્રવ કરે કે ન કરે, તેવા અનેક પ્રકારના વિચારો આવે છે.

તેથી તીર્થંકરોએ પહેલાથી જ સાધુને માટે આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા ઉપાશ્રયમાં રહે નહિ, શયનાસન આદિ કરે નહીં.

**१३ आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स– इह खलु गाहावई अप्पणो सयट्ठाए अगणिकायं उज्जालेज्ज वा पज्जालेज्ज वा विज्जावेज्ज वा । अह भिक्खू उच्चावयं मणं णियच्छेज्जा– एए खलु अगणिकायं उज्जालेंतु वा मा वा उज्जालेंतु, पज्जालेंतु वा मा वा पज्जालेंतु, विज्जावेंतु वा मा वा विज्जावेंतु । अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा** *जाव* **जं तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** ગૃહસ્થની સાથે એક મકાનમાં રહેવું, તે સાધુ માટે કર્મબંધનું કારણ છે– ત્યાં ગૃહસ્થ પોતાના પ્રયોજન માટે અગ્નિ પ્રજ્વલિત કરે છે, વિશેષ પ્રજ્વલિત કરે છે, પ્રજ્વલિત અગ્નિને ઠારે છે, તે જોઈને સાધુના મનમાં કદાચ આ પ્રમાણે સંકલ્પ-વિકલ્પ થાય કે આ ગૃહસ્થ અગ્નિને પ્રગટાવે અથવા ન પ્રગટાવે, વિશેષ પ્રજ્વલિત કરે અથવા ન કરે, અગ્નિને ઠારી નાંખે અથવા ઠારે નહિ; માટે તીર્થંકરોએ પહેલાંથી જ સાધુને માટે આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા ઉપાશ્રયમાં રહે નહિ કે ત્યાં શયનાસન આદિ કરે નહિ.

**१४ आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स– इह खलु गाहावइस्स कुंडले वा गुणे वा मणी वा मोत्तिए वा हिरण्णे वा सुवण्णे वा कडगाणि वा तुडियाणि वा तिसरगाणि वा पालंबाणि वा हारे वा अद्धहारे वा एगावली वा मुत्तावली वा कणगावली वा रयणावली वा तरुणियं वा कुमारिं अलंकियविभूसियं पेहाए; अह भिक्खू उच्चावयं मणं णियच्छेज्जा– एरिसिया वा सा, णो वा एरिसिया, इति वा णं बूया, इति वा णं मणं साएज्जा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा** *जाव* **जं तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **गुणे** = દોરામાં પરોવેલ આભૂષણ વિશેષ અથવા કંદોરો **कडगाणि** = કડા **तुडियाणि** = બાજુબંધ **तिसरगाणि** = ત્રણસરો હાર **पालंबाणि** = લાંબી માળા **हारे** = અઢારસરો હાર **अद्धहारे** = નવસરો હાર.

**ભાવાર્થ :–** ગૃહસ્થની સાથે એક મકાનમાં રહેવું, તે સાધુ માટે કર્મબંધનું કારણ છે– મકાનમાં રહેતા ગૃહસ્થના કુંડળ, કંદોરો, મણિ, મોતી, ચાંદી, સોનું, કડા, બાજુબંધ, ત્રણસરો હાર, લાંબી માળા, અઢારસરો હાર, નવસરો હાર, એકાવલી હાર, કનકાવલી હાર, મુક્તાવલી હાર, રત્નાવલી હાર અથવા વસ્ત્રાભૂષણથી અલંકૃત અને વિભૂષિત યુવતી કે કુંવારી કન્યાને જોઈને સાધુના મનમાં આ પ્રમાણે સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન થાય કે આવા આભૂષણો આદિ મારા ઘરમાં પણ હતા કે ન હતા, તેમજ મારી સ્ત્રી કે કન્યા પણ આવી હતી અથવા આવી ન હતી. તેઓને જોઈને આ પ્રમાણે બોલે અથવા મનોમન તેવા ભાવ થાય છે.

તેથી તીર્થંકરોએ પહેલેથી જ સાધુને માટે આ પ્રકારની પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા ઉપાશ્રયમાં રહે નહિ, ત્યાં શયનાસન આદિ કરે નહિ.

**૧૫ आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स– इह खलु गाहावइणीओ वा गाहावइधूयाओ वा गाहावइसुण्हाओ वा गाहावइधाईओ वा गाहावइदासीओ वा गाहावइकम्मकरीओ वा, तासिं च णं एवं वुत्तपुव्वं भवइ– जे इमे भवंति समणा भगवंतो *जाव* उवरया मेहुणाओ धम्माओ, णो खलु एएसिं कप्पइ मेहुणधम्मपरियारणाए आउट्टित्तए, जा य खलु एएसिं सद्धिं मेहुणधम्मं परियारणाए आउट्टेज्जा, पुत्तं खलु सा लभेज्जा ओयस्सिं तेयस्सिं वच्चस्सिं जसस्सिं संपराइयं आलोयणदरिसणिज्जं । एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म तासिं च णं अण्णयरी सड्ढी तं तवस्सिं भिक्खुं मेहुणधम्मपरियारणाए आउट्टावेज्जा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा *जाव* जं तहप्पगारे सागारिए उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **परियारणाए** = સેવન કરવા માટે **आउट्टेज्जा** = અભિલાષા કરે, પ્રવૃત્ત થાય **एएसिं** = તેઓને **मेहुणधम्मपरियारणाए** = મૈથુનધર્મ સેવન કરવા માટે **ओयस्सिं** = ઓજસ્વી-બળવાન **तेयस्सिं** = તેજસ્વી **वच्चस्सिं** = વર્ચસ્વી–રૂપવાન **जस्सस्सिं** = યશસ્વી **संपराइयं** = સંગ્રામમાં શૂરવીર **आलोयणदरिसणिज्जं** = આલોકનીય અને દર્શનીય **आउट्टाविज्जा** = આકર્ષિત કરે, પ્રવૃત્ત કરાવે.

**ભાવાર્થ :–** ગૃહસ્થોની સાથે એક જ મકાનમાં રહેવું, તે સાધુને માટે કર્મબંધનું કારણ છે– સાધુ જ્યારે ગૃહસ્થની સાથે રહે છે ત્યારે તે ગૃહસ્થની પત્ની, તેની પુત્રીઓ, પુત્રવધૂઓ, ધાવમાતાઓ, દાસીઓ કે નોકરાણીઓ, પરસ્પર મળીને આ પ્રમાણે વાર્તાલાપ કરે છે કે આ શ્રમણ છે, તે શીલવાન, ગુણવાન ***યાવત્*** મૈથુન ધર્મથી સર્વથા નિવૃત્ત હોય છે, તેઓને મૈથુન સેવન કલ્પનીય નથી, તેની અભિલાષા કરવી પણ કલ્પનીય નથી, પરંતુ જો કોઈ સ્ત્રી તેની સાથે મૈથુન ક્રીડા કરે, તો તેને ઓજસ્વી-વિશાળ સુદઢ શરીર- વાળો, તેજસ્વી-શૂરવીર, વર્ચસ્વી-પ્રભાવશાળી, યશસ્વી, રૂપવાન અને સંગ્રામમાં શૂરવીર તેમજ દર્શનીય તેવા પુત્રની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે વાત સાંભળીને તેમાંથી પુત્ર પ્રાપ્તિની ઇચ્છુક કોઈ સ્ત્રી તે તપસ્વી સાધુને મૈથુન સેવન માટે આકર્ષિત કરે અને તેમાં પ્રવૃત્ત કરાવે છે.

તેથી તીર્થંકરોએ પહેલાથી જ સાધુને માટે આ પ્રકારની પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા ઉપાશ્રયમાં રહે નહિ, શયનાસન આદિ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગૃહસ્થના સંસર્ગવાળા સ્થાનમાં સાધુને રહેવાનો નિષેધ કર્યો છે. શાસ્ત્રકારે ગૃહસ્થના સંસર્ગમાં રહેવાથી થતા દોષ સ્થાનોનું વિસ્તૃત વર્ણન કરીને સાધુને સાવધાન કર્યા છે.

ગૃહસ્થ અને તેના પરિવારથી વ્યાપ્ત મકાનમાં રહેવામાં અનેક દોષસ્થાનોની શકયતા રહે છે. જેમ કે– (૧) સાધુને એકાએક દુઃસાધ્ય રોગ ઉત્પન્ન થઈ જાય તો ગૃહસ્થ તેનો ઉપચાર કરવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા ત્રસકાયની વિરાધના કરે તેવી સંભાવના છે. (૨) ગૃહસ્થોના પરસ્પરના લડાઈ, ઝગડા જોઈ સાધુના મનમાં સંક્લેશ ઉત્પન્ન થાય. (૩) ગૃહસ્થના ઘરમાં અનેક પ્રકારના આભૂષણો તથા સુંદર યુવતીઓને જોઈને સાધુને પૂર્વાશ્રમના સ્મરણથી મોહઉત્પત્તિની સંભાવના રહે છે. (૪) પુત્રની ઈચ્છાવાળી સ્ત્રીઓ સાધુ સાથે સહવાસની ઈચ્છાથી સાધુને આકર્ષિત કરવા પ્રયત્ન કરે છે. આ સર્વ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તીર્થંકર ભગવંતોએ સાધુ માટે બતાવેલી પ્રતિજ્ઞા, હેતુ, કારણ અને ઉપદેશને વારંવાર દોહરાવીને સાધુને **गिहि संथवं ण कुज्जा ।** ગૃહસ્થનો પરિચય ન કરવાનો ઉપદેશ આપ્યો છે.

સંક્ષેપમાં સાધુએ પોતાની આત્મ સાધનામાં સહાયક બને, વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થાય, રાગ-દ્વેષના સંયોગો ઉપસ્થિત ન થાય, તેવા એકાંત સ્થાનમાં નિવાસ કરવો જોઈએ.

**ઉપસંહાર :–**

**૧૬ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ શય્યૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૨/૧ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન : બીજો ઉદ્દેશક

**ગૃહસ્થ–સંસક્ત ઉપાશ્રયના દોષો :–**

**१ गाहावई णामेगे सुइसमायारा भवंति, भिक्खू य असिणाणए, मोयसमायारे; से तग्गंधे दुग्गंधे पडिकूले पडिलोमे यावि भवइ । जं पुव्वकम्मं तं पच्छाकम्मं, जं पच्छाकम्मं तं पुव्वकम्मं । तं भिक्खुपडियाए वट्टमाणे करेज्जा वा, णो वा करेज्जा ।**

**अह भिक्खूणं पुव्वोवविट्ठा** *जाव* **जं तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **सुइसमायारा** = શુચિ ધર્મને માનનારા **असिणाणए** = સ્નાન નહિ કરવાથી **मोयसमायारे** = મોક–પ્રશ્રવણનો ઉપયોગ કરનારા હોય છે **से** = તે સાધુ **तग्गंधे** = તેની ગંધવાળા **दुग्गंधे** = અસ્નાનના કારણે શરીરની દુર્ગંધવાળા હોય છે **पडिकूले** = ગૃહસ્થને તે પ્રતિકૂળ **पडिलोमे यावि भवइ** = અપ્રિયકારી પણ બને છે **जं पुव्वकम्मं तं पच्छाकम्मं** = જે કાર્ય પહેલાં કરવાનું છે તે કાર્ય પછી કરે **जं पच्छाकम्म तं पुव्वकम्मं** = જે કાર્ય પછી કરવાનું છે તે કાર્ય પહેલાં કરી લે **तं भिक्खुपडियाए** = તે સાધુના કારણે ભોજનાદિ ક્રિયાના સમયમાં **वट्टमाणे** = વર્તતા **करेज्जा वा णो वा करेज्जा** = આગળ-પાછળ કરે અથવા ન કરે.

**ભાવાર્થ :–** કેટલાક ગૃહસ્થો શુચિધર્મવાળા હોય છે અર્થાત્ બાહ્ય શુદ્ધિનું વિશેષ પાલન કરનારા હોય છે અને સાધુ તો સ્નાનના ત્યાગી હોય છે, તેમજ પ્રશ્રવણનો પ્રયોગ કરનારા હોય છે, તેથી તેની ગંધ તથા અસ્નાનના કારણે સાધુના શરીર અને વસ્ત્રોમાંથી આવતી દુર્ગંધ ગૃહસ્થને પ્રતિકૂળ અને અપ્રિય લાગે, ગૃહસ્થ(સ્નાનાદિ) જે કાર્ય પહેલાં કરતા હોય, તે સાધુના કારણે પછી કરે અને જે કાર્ય પછી કરવાના હોય તે પહેલાં કરે અથવા ભિક્ષુઓના કારણે તેઓ સમય પહેલા ભોજનાદિ ક્રિયાઓ કરી લે અથવા ભોજનાદિ ક્રિયા કરે જ નહીં, સાધુઓ પણ ગૃહસ્થના કારણે શારીરિક ક્રિયાઓ અથવા સંયમ સમાચારીની ક્રિયાઓ યથાસમયે કરી શકતા નથી અથવા કરતા જ નથી.

તેથી તીર્થંકરોએ પહેલાંથી જ સાધુ માટે આ પ્રકારની પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા સ્થાનમાં રહે નહિ કે શયન આસન આદિ કરે નહિ.

**२ आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स– इह खलु गाहावइस्स अप्पणो सयट्ठाए विरूवरूवे भोयणजाए उवक्खडिए सिया, अह पच्छा भिक्खुपडियाए असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवक्खडेज्ज वा उवकरेज्ज वा, तं च भिक्खू अभिकंखेज्जा भोत्तए वा पायए वा वियट्टित्तए वा।**

**अह भिक्खूणं पुव्वोवविट्ठा** *जाव* **जं तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **वियट्टित्तए** = ઉપયોગ કરે, તેમાં પ્રવૃત્ત થાય.

**ભાવાર્થ :–** ગૃહસ્થની સાથે એક જ મકાનમાં રહેવું, તે સાધુને માટે કર્મબંધનું કારણ છે– ત્યાં ગૃહસ્થે પોતાના માટે વિવિધ પ્રકારના ભોજન તૈયાર કર્યા હોય છે, ત્યાર પછી સાધુઓને માટે અશનાદિ આહાર બનાવે કે અન્ય ખાદ્ય પદાર્થ તૈયાર કરે. સાધુ પણ તે આહારને ખાવા-પીવાની ઈચ્છા કરે તેમજ તેમાં પ્રવૃત્ત થઈ જાય.

તેથી તીર્થંકરોએ પહેલેથી જ સાધુ માટે આ પ્રકારની પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા ઉપાશ્રયમાં રહે નહિ, શયન-આસન આદિ કરે નહિ.

**३ आयाणमेयं भिक्खुस्स गाहावइहिं सद्धिं संवसमाणस्स– इह खलु गाहावइस्स अप्पणो सयट्ठाए विरूवरूवाइं दारुयाइं भिण्णपुव्वाइं भवंति, अह पच्छा भिक्खुपडियाए विरूवरूवाइं दारुयाइं भिंदेज्ज वा किणेज्ज वा पामिच्चेज्ज वा दारुणा वा दारुपरिणामं कट्टु अगणिकायं उज्जालेज्ज वा पज्जालेज्ज वा, तत्थ भिक्खू अभिकंखेज्जा आयावेत्तए वा पयावेत्तए वा वियट्टित्तए वा ।**

**अह भिक्खूणं पुव्वोवविट्ठा** *जाव* **जं तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **विरूवरूवाइं** = વિવિધ પ્રકારના **दारुयाइं** = લાકડા **भिण्णपुव्वाइं भवंति** = પહેલાથી ભેદન કરીને રાખ્યા છે **भिंदेज्ज** = ભેદન કરે **किणेज्ज** = ખરીદી લે **पामिच्चेज्ज** = કોઈ પાસેથી ઉધાર લે **दारुणा वा दारुपरिणामं कट्टु** = લાકડાની સાથે લાકડું ઘસે.

**ભાવાર્થ :–** ગૃહસ્થની સાથે એક મકાનમાં રહેવું, તે સાધુ માટે કર્મબંધનું કારણ છે– ગૃહસ્થે પોતાના માટે પહેલા વિવિધ પ્રકારના લાકડા કાપીને રાખ્યા હોય છે. હવે પછી તે સાધુ માટે પણ અનેક પ્રકારના લાકડા કાપે, ખરીદે કે કોઈ પાસેથી ઉધાર લાવે અને લાકડા સાથે લાકડાને ઘસીને અગ્નિ ઉજ્વલિત કે પ્રજ્વલિત કરે, સાધુ પણ ગૃહસ્થની જેમ ઠંડી દૂર કરવા માટે અગ્નિનો આતાપ અને પ્રતાપ લેવાની ઈચ્છા કરે અને તેમ કરવા પ્રવૃત્ત પણ થઈ જાય.

તેથી તીર્થંકરોએ પહેલેથી જ સાધુ માટે આ પ્રકારની પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા ઉપાશ્રયમાં રહે નહિ કે શયનાસન આદિ કરે નહિ.

**४ से भिक्खू वा भिक्खुणी वा उच्चारपासवणेणं उब्बाहिज्जमाणे राओ वा वियाले वा गाहावइकुलस्स दुवारबाहं अवंगुणेज्जा, तेणे य तस्संधिचारी अणुपविसेज्जा । तस्स भिक्खुस्स णो कप्पइ एवं वदित्तए– अयं तेणे पविसइ, णो वा पविसइ; उवल्लियइ, णो वा उवल्लियइ; अइपतति, णो वा अइपतति; वयइ, णो वा वयइ; तेण हडं, अण्णेण हडं, तस्स हडं, अण्णस्स हडं, अयं तेणे, अयं उवचरए, अयं हंता, अयं एत्थमकासी । तं तवस्सिं भिक्खुं अतेणं तेणं ति संकइ ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा** *जाव* **णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **तेणे** = ચોર **तस्संधिचारी** = તકને જોનાર વ્યક્તિ **अणुपविसेज्जा** = ઘરમાં પ્રવેશી જાય **उवल्लियइ** = તે અહીં છુપાઈ રહ્યો છે **णो वा उवल्लियइ** = અહીં છુપાયો નથી **अइपतति** = નીચે કૂદે છે **णो वा अइपतति** = નીચે કૂદતો નથી **वयइ** = તે જાય છે કે **णो वा वयइ** = જતો નથી **तेण हडं** = તેણે ચોરી કરી છે **अण्णेण हडं** = બીજાએ ચોરી કરી છે **तस्स हडं** = તેણે તેનો માલ ચોર્યો છે **अण्णस्स हडं** = બીજાનો માલ ચોર્યો છે.

**ભાવાર્થ :–** ગૃહસ્થ સાથે એક મકાનમાં રહેતા સાધુ-સાધ્વીને રાત્રિમાં કે વિકાલમાં મળ-મૂત્રની બાધા થતાં તે ગૃહસ્થનો દરવાજો ખોલે અને તે જ સમયે તેવી તકની પ્રતિક્ષા કરનાર કોઈ ચોર ઘરમાં ઘૂસી જાય, તો તે સમયે સાધુને આ પ્રમાણે કહેવું કલ્પતું નથી, ચોર આવી રહ્યો છે કે ચોર આવતો નથી; ચોર છુપાઈ રહ્યો છે કે છુપાતો નથી; તે નીચે કૂદે છે કે નીચે કૂદતો નથી; તે જાય છે કે જતો નથી; તેણે ચોરી કરી છે કે બીજાએ ચોરી કરી છે, તેનું ધન ચોર્યું છે કે બીજાનું ધન ચોર્યું છે, આ ચોર છે, આ તેનો સાથીદાર છે, આ ઘાતક છે, આ ચોરે અહીં ચોરીનું કામ કર્યું છે. આ પ્રકારે કાંઈ પણ બોલ્યા વિના સાધુ મૌન રહે. તેવા સમયે તે ગૃહસ્થને તપસ્વી સાધુ જે વાસ્તવમાં ચોર નથી, તેના પર જ ચોર હોવાની શંકા થાય છે.

તેથી તીર્થંકરોએ પહેલેથી જ સાધુ માટે આ પ્રકારની પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ ગૃહસ્થના સંસર્ગવાળા મકાનમાં રહે નહિ કે શયનાસન આદિ કરે નહિ.

**વિવેચન :–**

પહેલા ઉદ્દેશકમાં પણ શાસ્ત્રકારે ગૃહસ્થની સાથે એક મકાનમાં રહેવા સંબંધી અનેક દોષો કહ્યા છે અને આ ઉદ્દેશકના પ્રસ્તુત સૂત્રોમાં પણ શાસ્ત્રકારે તે જ વિષયનું નિરૂપણ કર્યું છે. આ સૂત્રોમાં ચાર દષ્ટિકોણથી દોષો બતાવ્યા છે–

(૧) સાધુ અને ગૃહસ્થના જીવન વ્યવહારમાં, રહેણીકરણીમાં બહુ મોટો તફાવત છે. ગૃહસ્થો પ્રતિદિન સ્નાનાદિ કરીને શરીરને સ્વચ્છ અને સુઘડ રાખે છે. સાધુ યાવજ્જીવન અસ્નાનવ્રતનું પાલન કરે છે, મેલનો પરીષહ સહન કરે છે, તેથી કેટલાક સાધુના શરીરમાં કે વસ્ત્ર આદિમાં પરસેવા આદિની દુર્ગંધ આવતી હોય, સાધુના આ પ્રકારના આચારને જોઈને ગૃહસ્થોને સાધુ પ્રતિ જુગુપ્સા કે ઘૃણાનો ભાવ થાય છે.

તે ઉપરાંત સાધુના કારણે ગૃહસ્થ અનેક કાર્યો કરવામાં ક્ષોભ અનુભવે છે તેથી તેને પોતાના કાર્યો આગળ-પાછળ કરવા પડે છે અને સાધુને પણ ગૃહસ્થના સતત સંપર્કથી પોતાના સ્વાધ્યાય-ધ્યાન, પ્રતિલેખનાદિ આવશ્યક ક્રિયાઓમાં સ્ખલના થાય છે.

આ રીતે ગૃહસ્થના સંસર્ગવાળા સ્થાનમાં ગૃહસ્થ અને સાધુ બંનેને પોત-પોતાની કાર્યવાહીમાં સ્ખલના થતી હોવાથી ગૃહસ્થને સાધુ પ્રતિ અને સાધુને ગૃહસ્થ પ્રતિ અભાવ થવાની સંભાવના રહે છે.

(૨) ગૃહસ્થ પોતાના માટે ભોજન બનાવ્યા પછી સાધુઓના માટે વિશિષ્ટ ભોજન બનાવે, તેથી સાધુ સ્વાદલોલુપી તેમજ આચાર ભ્રષ્ટ થઈ જાય છે.

(૩) સાધુ માટે ગૃહસ્થ લાકડા ખરીદે કે ગમે ત્યાંથી લાવે, ઠંડીના નિવારણ માટે અગ્નિ પ્રજ્વલિત કરે અને સાધુને પણ તાપવાની ઇચ્છા થઈ જાય છે.

(૪) રાત્રે સાધુ પરઠવા જવાના નિમિત્તે દરવાજો ખોલીને બહાર જાય અને પાછળથી મકાનમાં ચોર ઘૂસી જાય કે તેવી કોઈ પણ પરિસ્થિતિ ઊભી થાય, તો સાધુ મુશ્કેલીમાં મૂકાય જાય છે. ગૃહસ્થને કહેવું કે ન કહેવું ? સાધુને બોલવામાં અને મૌન રહેવામાં, આ બંનેમાં દોષ છે. જો સાધુ ગૃહસ્થને કહી દે કે આ ચોર છે, તેણે ચોરી કરી છે, તો ભવિષ્યમાં તે ચોર સાધુ સાથે વૈરભાવ કે દ્વેષભાવ રાખે છે. ગૃહસ્થ ચોરને સજા કરે, તેમાં સાધુ નિમિત્ત બને છે અને સાધુ મૌન રહે, તો ગૃહસ્થને સાધુ પ્રતિ આશંકાનો, અવિશ્વાસનો ભાવ જાગૃત થાય છે.

આ રીતે ગૃહસ્થ યુક્ત મકાનમાં રહેવામાં અનેક દોષોની સંભાવના હોવાથી સાધુ તથાપ્રકારના સ્થાનમાં ન રહે.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે જ્યાં ગૃહસ્થની બહુમૂલ્યવાન વસ્તુઓ હોય, તેવું સ્થાન નિર્દોષ હોવા છતાં સાધુ તે સ્થાનમાં રહે નહીં. કારણ કે સાધુના સ્થાનમાં ધર્મ શ્રવણ આદિ કારણોથી અનેક ગૃહસ્થોનું આવાગમન થયા જ કરે છે. બહુમૂલ્યવાન વસ્તુઓની ચોરી થાય કે ન થાય, પરંતુ સાધુને સતત ચિંતા, ભય, વ્યગ્રતા રહે અને તેથી તેની માનસિક એકાગ્રતા ખંડિત થાય છે.

જે સ્થાનમાં પરઠવાની સુવિધા હોય, પરઠવા માટે દરવાજો ખોલીને બહાર જવામાં કોઈ જોખમ ન હોય, જ્યાં રહેવામાં અન્ય કોઈ આપત્તિની સંભાવના ન હોય તેવા સુરક્ષિત સ્થાનમાં સાધુ નિવાસ કરે છે.

**मोय समायारे**– મોક– પ્રસ્રવણનો સમાચરણ–ઉપયોગ કરનાર. વૃત્તિકારે અહીં તેનો અર્થ સ્વમૂત્ર કર્યો છે. સાધુ વિશિષ્ટ પ્રસંગે પાણીના અભાવમાં તેનો ઉપયોગ કરે છે. તેમ રાજેન્દ્ર કોશના છટ્ઠા ભાગમાં સ્પષ્ટીકરણ છે. તે સિવાય રાજેન્દ્ર કોશના ચોથા ભાગમાં **निशाकप्प** શબ્દમાં પણ સાધુને માટે રાત્રિના વિશિષ્ટ આચરણરૂપે પ્રસ્રવણના ઉપયોગનું કથન છે. અનેક રોગોમાં કે દુખાવામાં પણ કેટલાક સાધુ પ્રસ્રવણ દ્વારા ઔષધ–ઉપચાર કરતા હોય છે.

**अतेणं तेणं ति**– ગૃહસ્થના ઘરમાં ચોરી થાય, તો ગૃહસ્થ સાધુને ચોરના વિષયમાં પૂછ-પરછ કરે, ચોરની શોધખોળ કરવા છતાં ચોર ન મળે, સાધુના મૌન રહેવાથી ગૃહસ્થને સાધુ પર અવિશ્વાસ થાય છે. કદાચ આ સાધુ જ કોઈ ગુપ્તચર હોય શકે, તેણે જ ચોરને ઘરનો ભેદ જણાવ્યો હોય, ચોરી થવામાં જરૂર સાધુનો હાથ હોવો જોઈએ. આ રીતે સાધુ સ્વયં ચોર ન હોવા છતાં ગૃહસ્થ તેના પર ચોરીનો આક્ષેપ મૂકી શકે છે.

### ત્રસ–સ્થાવર જીવોથી સંસક્ત ઉપાશ્રય વિવેક :–

**૫ से भिक्खु वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा, तं जहा– तणपुंजेसु वा पलालपुंजेसु वा सअंडे *जाव* ससंताणए । तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**से भिक्खु वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– तणपुंजेसु वा पलालपुंजेसु वा अप्पंडे *जाव* चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રય ઘાસના જથ્થાથી કે પરાલના જથ્થાથી બનેલો છે. તેમાં ત્રસજીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળા છે, તો તેવા ઉપાશ્રયમાં સાધુ રહે નહીં કે શયનાસન કરે નહીં અર્થાત્ સૂવા-બેસવા આદિની ક્રિયા કરે નહિ.

જો સાધુ-સાધ્વી એમ જાણે કે આ ઉપાશ્રય ઘાસના જથ્થાથી કે પરાળના જથ્થાથી બનેલો છે અને તે ત્રસ જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, તો તેવા ઉપાશ્રયમાં ભિક્ષુ રહે કે શયનાસન આદિ કાર્ય કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને ઘાસ-પરાળ નિર્મિત ઝૂંપડીમાં રહેવાનો વિવેક દર્શાવ્યો છે. સાધુ પોતાના નિમિત્તે કોઈ પણ જીવને હાનિ પહોંચાડવા ઈચ્છતા નથી. આ તેની અહિંસાની પરાકાષ્ઠા છે. સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણે. તે પોતાના નિવાસ માટે જે સ્થાન પસંદ કરે, તે સ્થાનમાં કીડી આદિ ત્રસ જીવોના ઈંડા, બીજ કે અનાજ હોય, લીલોતરી ઊગી હોય, ઝાકળ કે સચેત પાણી હોય, ભીની માટી, સેવાળ, લીલ-ફૂગ કે કીડીયારા હોય, તો તેવા સ્થાનમાં રહેવાથી સાધુની અસાવધાનીથી તે જીવોને દુઃખ થાય છે, તેથી સાધુ આવા ઉપાશ્રયમાં રહીને બેસવા આદિની એક પણ ક્રિયા કરે નહિ, પરંતુ જીવોથી રહિત શુદ્ધ નિર્દોષ સ્થાનની ગવેષણા કરીને તે સ્થાનમાં જ સાધુ નિવાસ કરે છે.

**અન્યતીર્થિકોના સ્થાનમાં નિવાસ વિવેક :–**

**૬ से आगंतारेसु वा आरामागारेसु वा गाहावइकुलेसु वा परियावसहेसु वा अभिक्खणं-अभिक्खणं साहम्मिएहिं ओवयमाणेहिं णो ओवएज्जा ।**

**શબ્દાર્થ :–** **साहम्मिएहिं** = ગૃહત્યાગી સંન્યાસી આદિ **अभिक्खणं** = વારંવાર **ओवयमाणेहिं** = આવતા હોય, રહેતા હોય **णो ओवएज्जा** = ત્યાં સાધુ રહે નહિ.

**ભાવાર્થ :–** ધર્મશાળામાં, ઉદ્યાનમાં બનાવેલા આરામઘરોમાં, ગૃહસ્થના ઘરોમાં કે તાપસોના મઠાદિમાં જ્યાં કોઈ પણ ગૃહત્યાગી સાધુ-સંન્યાસી વારંવાર આવતા જતા હોય ત્યાં નિર્ગ્રંથ સાધુઓ રહે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ માટે અન્યતીર્થિકોના આવાગમનવાળા સ્થાનમાં રહેવાનો નિષેધ કર્યો છે.

સાધુનું નિવાસસ્થાન તેની સાધનાને યોગ્ય શાંત હોવું જરૂરી છે. લોકોનું અધિક આવાગમન કે કોલાહલ ન હોય તેવા સ્થાનમાં સાધુ નિવાસ કરે.

જ્યાં અન્યતીર્થિકો તાપસો, સંન્યાસીઓ, ભિક્ષુકો આદિનું આવાગમન હોય, ત્યાં તેના અનુયાયીઓ વગેરે અનેક લોકોના આવાગમનથી વાતાવરણ કોલાહલમય બની જાય છે અને તેથી સાધુને સ્વાધ્યાય- ધ્યાનમાં સ્ખલના થાય છે.

જૈન શ્રમણોની કઠિન સમાચારી જોઈને લોકો તેમનું અધિક માન-સન્માન કરે તો તે જોઈને અન્યતીર્થિકોને ક્યારેક ઈર્ષ્યા, વેરઝેરના ભાવ જાગૃત થાય છે. ક્યારેક અન્યતીર્થિકોના અધિક પરિચયથી સાધુના આચાર-વિચારમાં તથા શ્રાવકોમાં પણ વિપરીતતા આવવાની સંભાવના રહે છે, તેથી તથાપ્રકારના સ્થાનમાં સાધુ રહે નહિ, પરંતુ બીજા સ્થાનની ગવેષણા કરીને ત્યાં જ રહેવાનું પસંદ કરે.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ક્યારેક અન્યત્ર સ્થાન પ્રાપ્તિ થઈ શકે તેમ ન હોય, તો સૂત્રોક્ત ધર્મશાળા આદિ સ્થાનમાં સાધુ વિવેકપૂર્વક રહી શકે છે.

પ્રસ્તુત પાઠથી સૂચિત થાય છે કે તે કાલમાં યાત્રિકો માટે બનાવેલી ધર્મશાળાઓ, વિશ્રામગૃહો, આશ્રમો અને મઠો વગેરે જાહેર સ્થાનોમાં સંપ્રદાયના ભેદ-ભાવ વિના સાધુઓ રહેતા હતા.

**साहम्मिएहिं–** પ્રસ્તુત સૂત્રમાં પ્રયુક્ત સાધર્મિક શબ્દ પ્રયોગ કેવળ જૈન શ્રમણો માટે નથી, પરંતુ સામાન્ય સાધુ માત્ર માટે થયો છે.

**શય્યા સંબંધી નવ પ્રકારની ક્રિયા : (૧) કાલાતિક્રાંત ક્રિયા :–**

**૭ से आगंतारेसु वा** *जाव* **परियावसहेसु वा जे भयंतारो उडुबद्धियं वा वासावासियं वा कप्पं उवाइणावित्ता तत्थेव भुज्जो-भुज्जो संवसंति, अयमाउसो कालाइक्कंतकिरिया यावि भवइ ।**

**શબ્દાર્થ :– उडुबद्धियं** = ઋતુબદ્ધ કાલ, માસકલ્પ, **वासावासियं** = વર્ષાવાસ કલ્પ, ચાતુર્માસ કલ્પ.

**ભાવાર્થ :–** જે ધર્મશાળા ***યાવત્*** તાપસોના મઠ આદિમાં સાધુ ભગવંતોએ માસકલ્પ કે ચાતુર્માસ કલ્પ વ્યતીત કર્યો હોય તે સ્થાનમાં કારણ વિના નિરંતર રહે, વિહાર કરે નહીં, તો તે શ્રમણોને કાલાતિક્રાંતક્રિયા લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં મકાન સંબંધી સાધુની નવ પ્રકારની ક્રિયામાંથી પ્રથમ કાલાતિક્રાંત ક્રિયાનું કથન છે. સૂત્ર–૭ થી ૧૫માં સર્વ મળી શય્યા સંબંધી નવ પ્રકારની ક્રિયાઓનું વર્ણન છે. તે નવ ક્રિયાઓ આ પ્રમાણે છે– (૧) કાલાતિક્રાંત ક્રિયા (૨) ઉપસ્થાન ક્રિયા (૩) અભિક્રાંત ક્રિયા (૪) અનભિક્રાંત ક્રિયા (૫) વર્જ્ય ક્રિયા (૬) મહાવર્જ્ય ક્રિયા (૭) સાવદ્ય ક્રિયા (૮) મહા સાવદ્ય ક્રિયા અને (૯) અલ્પસાવદ્ય ક્રિયા.

**કાલાતિક્રાંત ક્રિયા–** બૃહત્કલ્પ સૂત્રાનુસાર કોઈ પણ એક સ્થાનમાં સાધુ ૨૯ દિવસ અને સાધ્વી ૫૮ દિવસ રહી શકે છે, તેને માસકલ્પ કહે છે. સાધુ-સાધ્વી ચાતુર્માસમાં એક સ્થાનમાં ચાર માસ સુધી રહે છે, તેને ચાતુર્માસ કલ્પ કહે છે. સાધુ પોતાની મર્યાદાથી અધિક કાલ પર્યંત કોઈ પણ સ્થાનમાં રહે, તો તેને આ સૂત્રાનુસાર કાલાતિક્રાંત ક્રિયા નામનો દોષ લાગે છે.

એક જ સ્થાનમાં લાંબો સમય રહેવાથી તે સ્થાનની આસપાસ રહેતાં ગૃહસ્થોનો ગાઢ પરિચય થાય, ગૃહસ્થો સાથે રાગ ભાવથી સાધુ બંધાઈ જાય અને તેથી સાધુને ગોચરીમાં આધાકર્મ આદિ દોષોની સંભાવના રહે છે. ક્યારેક **अति परिचयादवज्ञा ।** અધિક પરિચય અવજ્ઞાનું નિમિત્ત બને છે, કોઈ પણ નિમિત્તથી ગૃહસ્થને સાધુ પ્રતિ અભાવ અને ધર્મશ્રદ્ધાનો નાશ થાય છે. તે ઉપરાંત ગૃહસ્થોનો અતિ પરિચય સંયમી જીવનમાં અનેક પ્રકારે હાનિકારક થાય છે.

એક જ સ્થાનમાં લાંબો સમય રહેવાથી શાસન પ્રભાવનાનું ઉત્તમ કાર્ય સ્થગિત થઈ જાય છે, ગ્રામાનુગ્રામ વિચરણ કરવા રૂપ જિનાજ્ઞાનો લોપ થાય છે, તેથી સાધુએ વિશેષ કારણ વિના કોઈ પણ સ્થાનમાં આગમ નિર્દિષ્ટ કાલમર્યાદા પ્રમાણે જ નિવાસ કરવો જોઈએ.

**(૨) ઉપસ્થાન ક્રિયા :–**

**૮ से आगंतारेसु वा** *जाव* **परियावसहेसु वा जे भयंतारो उडुबद्धियं वा वासावासियं वा कप्पं उवाइणावित्ता तं दुगुणा तिगुणेण अपरिहरित्ता तत्थेव**

**भुज्जो संवसंति अयमाउसो उवट्ठाणकिरिया यावि भवइ ।**

**શબ્દાર્થ :–** **जे भयंतारो** = જો મુનિ **उडुबद्धियं वासावासियं** = શેષકાળમાં કે ચાતુર્માસમાં **कप्पं उवाइणावित्ता** = કલ્પ વિતાવીને **तं** = તે બીજી જગ્યાએ **दुगुणा तिगुणेण** = શેષકાળનો બમણો અને ચોમાસાનો ત્રણ ગુણો સમય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીએ ધર્મશાળાઓ ***યાવત્*** તાપસોના મઠ આદિ જે સ્થાનમાં ઋતુબદ્ધ કલ્પ-શેષકાળ કે વર્ષાવાસ કલ્પ પસાર કર્યો હોય, તેમાં માસ કલ્પથી બમણો અને ચાતુર્માસ કલ્પથી ત્રણ ગણો સમય બીજી જગ્યાએ પસાર કર્યા વિના ફરી તે સ્થાનમાં આવીને રહે, તો તે શ્રમણોને ઉપસ્થાન ક્રિયા દોષ લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી બીજા પ્રકારની ઉપસ્થાન ક્રિયાનું કથન છે.

જે ક્ષેત્રમાં સાધુ-સાધ્વીઓએ માસ કલ્પ વ્યતીત કરીને ત્યાંથી વિહાર કર્યો હોય, તે સ્થાનમાં બે મહિના પહેલાં આવીને રહે અને જે ક્ષેત્રમાં ચાતુર્માસ કલ્પ વ્યતીત કર્યો હોય, તે ક્ષેત્રમાં ત્રણ ગુણો કાલ એટલે બાર મહિના પહેલાં આવીને રહે તો તે સાધુ-સાધ્વીને **ઉપસ્થાન ક્રિયા** નામનો દોષ લાગે છે.

**दुगुणा तिगुणेण अपरिहरित्ता... :–** અહી **दुगुणा** શબ્દ માસ કલ્પ માટે છે અને **तिगुणेण** શબ્દ ચાતુર્માસ કલ્પ માટે છે. (૧) સાધુ માટે માસકલ્પની મર્યાદા ૨૯ દિવસની છે તેથી સાધુ જે સ્થાનમાં માસકલ્પ રહ્યા હોય, તે સ્થાનમાં ઓછામાં ઓછા માસકલ્પથી બમણા અર્થાત્ ૫૮ દિવસ પહેલા આવીને રહી શકતા નથી અને સાધ્વી માટે માસકલ્પની મર્યાદા ૫૮ દિવસની છે તેથી સાધ્વી જે સ્થાનમાં માસકલ્પ રહ્યા હોય, ત્યાં તેનાથી બમણા અર્થાત્ ૧૧૬ દિવસ પહેલા આવીને રહી શકતા નથી. (૨) સાધુ અને સાધ્વી બંનેના ચાતુર્માસ કલ્પની મર્યાદા ચાર માસની છે તેથી સાધુ કે સાધ્વી જે સ્થાનમાં ચાતુર્માસકલ્પ રહ્યા હોય, તે સ્થાનમાં ચાતુર્માસકલ્પથી ત્રણગુણા અર્થાત્ બાર મહિના પહેલાં ત્યાં આવીને રહી શકતા નથી. જો સાધુ કે સાધ્વી પોતાની કલ્પમર્યાદાનું ઉલ્લંઘન કરે અર્થાત્ તેની કાલમર્યાદા પૂર્ણ થયા પહેલાં ત્યાં આવીને રહે તો તેમને આ ઉપસ્થાન ક્રિયા લાગે છે. પ્રસ્તુત પ્રસંગમાં સાધુ-સાધ્વીને તે જ ક્ષેત્રમાં પુનઃ ન આવવા માટેની આ ન્યૂનતમ-ઓછામાં ઓછી કાલમર્યાદાનું કથન છે. તેનાથી વધુ સમય વ્યતીત થયા પછી, સાધુ પોતાની અનુકૂળતા અને ક્ષેત્ર સ્પર્શના પ્રમાણે તે સ્થાનમાં આવી શકે છે અને રહી શકે છે.

એક જ સ્થાનમાં ફરી ફરી વારંવાર આવવામાં પણ ત્યાં રહેતા ગૃહસ્થો સાથે રાગભાવ વગેરે થવાની સંભાવના રહે છે.

**(૩) અભિક્રાંત ક્રિયા :–**

**૯ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति, तं जहा– गाहावई वा** ***जाव*** **कम्मकरीओ वा, तेसिं च णं आयारगोयरे णो सुणिसंते भवइ, तं सद्दहमाणेहिं तं पत्तियमाणेहिं तं रोयमाणेहिं बहवे समण-माहण-अतिहि-किवण-वणीमए समुद्दिस्स तत्थ-तत्थ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा आयतणाणि वा देवकुलाणि वा सभाणि वा पवाणि वा पणियगिहाणि वा पणियसालाओ वा जाणगिहाणि वा**

**जाणसालाओ वा सुहाकम्मंताणि वा दब्भकम्मंताणि वा बद्धकम्मंताणि वा वक्कयकम्मंताणि वा वणकम्मंताणि वा इंगालकम्मंताणि वा कट्ठकम्मंताणि वा सुसाणकम्मंताणि वा सुण्णागारकम्मंताणि वा गिरिकम्मंताणि वा कंदरकम्मंताणि वा संतिकम्मंताणि वा सेलोवट्ठाणकम्मंताणि वा भवणगिहाणि वा । जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा** *जाव* **भवणगिहाणि वा तेहिं ओवयमाणेहिं ओवयइ, अयमाउसो ! अभिक्कंतकिरिया यावि भवइ ।**

**શબ્દાર્થ :–** **अगारीहिं** = ગૃહસ્થોએ **आगाराइं** = ઘર **चेइयाइं भवंति** = ઉપાશ્રય બનાવે છે **आएसणाणि** = લુહારશાળા **आयतणाणि** = ધર્મશાળા **देवकुलाणि** = દેવમંદિર **सभाणि** = સભા ભવન **पवाणि** = પરબો **पणियगिहाणि** = દુકાનો **पणियसालाओ** = ગોદામો-વખારો **जाणगिहाणि** = યાનગૃહ, એક કે બે વાહન રાખવાની જગ્યા વાહનઘર **जाणसालाओ** = યાન શાળા, અનેક વાહનો રાખવાની વિશાળ જગ્યા **सुहाकम्मंताणि** = ચૂનાના કારખાના **दब्भकम्मंताणि** = દર્ભશાળા-ઘાસમાંથી વસ્તુ બનાવવામાં આવતી હોય તે જગ્યાએ **बद्धकम्मंताणि** = ચર્માલયો-ચામડાની વસ્તુ બનાવવામાં આવતી હોય, તે જગ્યા **वक्कयकम्मंताणि** = જ્યાં વૃક્ષોની છાલથી વસ્ત્રાદિ તૈયાર કરાય **इंगाल कम्मंताणि** = કોલસાના કારખાના **कट्ठकम्मंताणि** = લાકડાના કારખાના–લાતીઓ **सुसाणकम्मंताणि** = સ્મશાન કે ત્યાં કરવામાં આવેલા ઘરો **सुण्णागार कम्मंताणि** = શૂન્ય ગૃહો **गिरिकम्मंताणि** = પર્વત ઉપર બનાવવામાં આવેલા ઘરો **कंदर कम्मंताणि** = પર્વતની ગુફામાં બનાવેલા ઘરો **संतिकम्मंताणि** = શાંતિકર્મ માટે બનેલા ઘરોમાં **सेलोवट्ठाणकम्मंताणि** = પાષાણ મંડપ **भवणगिहाणि** = આ પ્રકારના ભવન કે ગૃહ, તલઘર-ભૂમિગૃહ **तेहिं ओवयमाणेहिं** = અન્ય શ્રમણાદિ કે ગૃહસ્થે ઉપયોગ કરી લીધો હોય તે સ્થાનોમાં **ओवयंति** = સાધુ રહે તો **अभिक्कंतकिरिया** = અભિક્રાંત ક્રિયા.

**ભાવાર્થ :–** આ સંસારમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશામાં કેટલાક શ્રદ્ધાળુ કે ભક્તિવંત ગૃહમાલિક ***યાવત્*** નોકર-નોકરાણીઓ રહેતા હોય છે. તેઓ સાધુઓના આચાર કે વ્યવહારને સારી રીતે જાણતા નથી, પરંતુ તેઓ દાન આપવાની પોતાની શ્રદ્ધા, પ્રતીતિ તેમજ અભિરુચિથી સમુચ્ચય રીતે અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિઓ, ગરીબો અને ભિખારીઓ આદિના લક્ષ્યથી વિશાળ મકાન બનાવે છે, જેમ કે– લુહારશાળા, ધર્મશાળા કે દેવાલય, સભાઓ, પરબો, નાની દુકાનો, વિશાળ દુકાનો અથવા ગોદામો, એક, બે રથાદિને રાખવાની જગ્યાઓ, અનેક રથાદિને રાખવાની વિશાળ જગ્યાઓ, ચૂનાના કારખાના; દર્ભ, ચર્મ, વલ્કલ(વૃક્ષની છાલ)ના કારખાના, કોલસાના કારખાના, લાકડાના કારખાના અથવા લાતીઓ, સ્મશાનમાં બનેલા ઘરો, શૂન્યઘરો, પહાડ પર બનેલા ઘરો, પર્વતની ગુફામાં બનેલા આવાસો, શાંતિગૃહ, પાષાણમંડપ, તથા ભૂમિગૃહ વગેરે તૈયાર કરાયેલા સ્થાનો. આ પ્રકારના કોઈ પણ સ્થાનોમાં અન્ય શ્રમણ બ્રાહ્મણ આદિ આવીને રહી ગયા હોય અર્થાત્ તે મકાનો કોઈના ઉપયોગમાં આવી ગયા હોય, ત્યાર પછી તે સ્થાનમાં નિર્ગ્રંથ સાધુ રહે તો તેઓને અભિક્રાંત ક્રિયા લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્થાન સંબંધી ત્રીજા પ્રકારની અભિક્રાંત ક્રિયાનું કથન છે.

ગૃહસ્થો દ્વારા જે ધર્મશાળા આદિ સાર્વજનિક સ્થાનો નિર્માણ કરવામાં આવે, જે સ્થાન સંન્યાસીઓ

આદિ દરેકને માટે ખુલ્લા હોય અને તે સ્થાનમાં ગૃહસ્થો કે સંન્યાસીઓ આવીને રહી ગયા હોય, ત્યાર પછી જૈન શ્રમણો તેમાં રહે, તો **અભિક્રાંત ક્રિયા** યુક્ત શય્યા કહેવાય છે.

સૂત્રોક્ત સ્થાનો જૈન શ્રમણના નિમિત્તિથી બનેલા નથી તેમજ અન્ય ગૃહસ્થોએ તેનો ઉપયોગ કરી લીધો છે, તેથી તેમાં જૈન શ્રમણોને આરંભ-સમારંભ આદિ કોઈ પણ પ્રકારનો દોષ લાગતો નથી, તેથી સાધુ માટે તે સ્થાન નિર્દોષ તથા કલ્પનીય છે. જેમ પચીસ ક્રિયાઓમાં ઐર્યાપથિકી ક્રિયા નિર્વદ્ય છે તેમ આ અભિક્રાંત ક્રિયા પણ નિર્દોષ છે.

**(૪) અનભિક્રાંત ક્રિયા :–**

**૧૦ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति, तं जहा– गाहावई वा *जाव* कम्मकरीओ वा । तेसिं च णं आयारगोयरे णो सुणिसंते भवइ । तं सद्दहमाणेहिं तं पत्तियमाणेहिं तं रोयमाणेहिं बहवे समण-माहण-अतिहि-किवण वणीमए समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा *जाव* भवणगिहाणि वा, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा *जाव* भवणगिहाणि वा तेहिं अणोवयमाणेहिं ओवयंति अयमाउसो ! अणभिक्कंतकिरिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** આ સંસારમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ ભક્તિવંત ગૃહમાલિક ***યાવત્*** તેના નોકર-નોકરાણી આદિ રહેતા હોય છે. તેઓ નિર્ગ્રંથ સાધુઓના આચાર, વિચારથી અજ્ઞાત હોવા છતાં દાન પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને અભિરુચિથી પ્રેરિત થઈને ઘણા શ્રમણ ***યાવત્*** ભિખારીઓના નિમિત્તે લુહાર શાળા ***યાવત્*** ભૂમિગૃહ આદિ બનાવે છે. જો તે લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહમાં તે શ્રમણ આદિ આવીને રહ્યા ન હોય, તે પહેલાં જ જો ત્યાં જૈન શ્રમણ નિર્ગ્રંથ આવીને રહે, તો તે નિર્ગ્રંથોને અનભિક્રાંત ક્રિયા દોષ લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી ચોથી અનભિક્રાંત ક્રિયાનું કથન છે.

જે ધર્મશાળા આદિ સાર્વજનિક સ્થાનોમાં અન્યતીર્થિક ગૃહસ્થો કે સંન્યાસીઓએ નિવાસ કર્યો ન હોય, તે પહેલાં જ જૈન શ્રમણ તેમાં રહે, તો તેઓને શય્યા સંબંધી **અનભિક્રાન્ત ક્રિયા** નામનો દોષ લાગે છે.

આ પ્રકારના શય્યા-સ્થાનમાં રહેવું સાધુને કલ્પનીય નથી, કારણ કે તે સ્થાનનો કોઈએ ઉપયોગ કર્યો ન હોવાથી તજ્જન્ય આરંભ-સમારંભાદિ દોષની ક્રિયા સાધુને લાગે છે. તે ઉપરાંત કાલાંતરમાં તે સ્થાનમાં કોઈ ઉપદ્રવ કે નુકશાન થાય, તો લોકોને જૈન સાધુ પ્રતિ શંકા કે અશ્રદ્ધાનો ભાવ થાય અથવા નવા મકાનમાં જૈન સાધુના સૌથી પહેલાં પ્રવેશને કેટલાક લોકો અમંગલકારી માને છે, તેથી સાધુએ પુરુષાન્તરકૃત સ્થાનમાં જ રહેવું જોઈએ.

**(૫) વર્જ્યક્રિયા :–**

**૧૧ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा संतेगइया सड्ढा**

**भवंति, तं जहा– गाहावई वा *जाव* कम्मकरीओ वा, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ– जे इमे भवंति समणा भगवंतो सीलमंता *जाव* उवरया मेहुणाओ धम्माओ, णो खलु एएसिं भयंताराणं कप्पइ आहाकम्मिए उवस्सए वत्थए । से जाणि इमाणि अम्हं अप्पणो सयट्ठाए चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा *जाव* भवणगिहाणि वा सव्वाणि ताणि समणाणं णिसिरामो, अवियाइं वयं पच्छा अप्पणो सयट्ठाए चेइस्सामो, तं जहा– आएसणाणि वा *जाव* भवणगिहाणि वा।**

**एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा *जाव* भवणगिहाणि वा उवागच्छंति, उवागच्छित्ता इयराइयरेहिं पाहुडेहिं वट्टंति, अयमाउसो  वज्जकिरिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** આ સંસારમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ, ભક્તિવંત ગૃહસ્થ ***યાવત્*** તેમની નોકરાણીઓ આદિ રહેતા હોય છે. તેઓ પરસ્પર વાતચીત કરતા કહે છે કે– આ શ્રમણ ભગવંતો શીલવાન ***યાવત્*** મૈથુન સેવનથી ઉપરત છે, તેથી તેઓને આધાકર્મદોષથી દૂષિત ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી. અમે અમારા પ્રયોજન માટે જે લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહ આદિ બનાવ્યા છે, તે સર્વ મકાનો આ શ્રમણોને અમો આપી દેશું અને અમારા પ્રયોજન માટે બીજી લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહ બનાવી લેશું.

ગૃહસ્થોનો આ પ્રકારનો વાર્તાલાપ સાંભળીને તથા સમજીને જે નિર્ગ્રંથ મુનિ તથાપ્રકારના લુહાર-શાળા ***યાવત્*** ભૂમિગૃહમાં આવીને રહે, તેના નાના મોટા ઘરોનો ઉપયોગ કરે, તો તે શ્રમણોને શય્યા સંબંધી વર્જ્ય ક્રિયા લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી પાંચમી વર્જ્ય ક્રિયાનું નિરૂપણ છે.

જે સ્થાન ગૃહસ્થોએ પોતાના માટે બનાવ્યું હોય, પરંતુ તે સાધુને રહેવા આપીને પોતાના માટે બીજું સ્થાન બનાવે તો સાધુને પશ્ચાત્ કર્મ દોષ લાગતો હોવાથી તે સ્થાન અકલ્પનીય છે અને ત્યાં રહેવાથી સાધુને સૂત્રોક્ત **વર્જ્ય ક્રિયા** નામનો દોષ લાગે છે.

**(૬) મહાવર્જ્ય ક્રિયા :–**

**१२ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति, तं जहा– गाहावई वा *जाव* कम्मकरीओ वा; तेसिं च णं आयारगोयरे णो सुणिसंते भवइ । तं सद्दहमाणेहिं, तं पत्तियमाणेहिं तं रोयमाणेहिं बहवे समण–माहण अतिहि किवणवणीमए पगणिय-पगणिय समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा *जाव* भवणगिहाणि वा, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा *जाव* भवणगिहाणि वा उवागच्छंति उवागच्छित्ता इयराइयरेहिं पाहुडेहिं वट्टंति, अयमाउसो ! महावज्जकिरिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ ભક્તિવંત ગૃહસ્થ ***યાવત્*** નોકરાણી આદિ રહેતા હોય છે. તે સાધુના આચાર કે વ્યવહારથી અજાણ હોય છે, પરંતુ દાન પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિથી ઘણા શ્રમણ, બ્રાહ્મણ ***યાવત્*** ભિક્ષાચરોને ગણી-ગણીને અર્થાત્ તેઓ સર્વની અલગ-અલગ ગણના કરીને તેઓના ઉદ્દેશ્યથી લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહ આદિ વિશાળ મકાન બનાવે છે. નિર્ગ્રંથ સાધુ તે પ્રકારના બનાવાયેલા લુહારશાળા આદિ સ્થાનોમાં આવીને રહે છે તથા ત્યાં નાના-મોટા કોઈ પણ સ્થાનોનો ઉપયોગ કરે, તો તે શ્રમણ નિર્ગ્રંથોને શય્યા સંબંધી મહાવર્જ્ય ક્રિયા દોષ લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી મહાવર્જ્ય ક્રિયાનું પ્રતિપાદન છે.

શ્રમણ, ભિક્ષુ, સંન્યાસી, ભિખારી, યાચકો આદિની ગણના કરીને તેમના ઉદ્દેશ પૂર્વક તૈયાર કરાવેલા સ્થાનમાં જૈન શ્રમણો રહે, તો તેઓને મહાવર્જ્ય ક્રિયા રૂપ દોષનું સેવન થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં શ્રમણ શબ્દપ્રયોગથી– (૧) નિર્ગ્રંથ– જૈન શ્રમણો (૨) બૌદ્ધ ભિક્ષુ (૩) તાપસ (૪) સંન્યાસી અને (૫) આજીવક– ગોશાલકના અનુયાયી સાધુઓ; આ પાંચ સંપ્રદાયના સાધુઓનું ગ્રહણ થાય છે. આ રીતે શ્રમણ શબ્દથી જૈન શ્રમણોનું પણ ગ્રહણ થવાથી તેમના નિમિત્તે તૈયાર થયેલા મકાન સાધુ-સાધ્વીને માટે ઔદ્દેશિક દોષયુક્ત છે. તે મકાનમાં રહેવાથી શ્રમણોને તે મકાનના નિર્માણમાં થયેલી આરંભજનક પ્રવૃત્તિ સંબંધી જે ક્રિયા લાગે છે તે **મહાવર્જ્ય ક્રિયા** કહેવાય છે.

સંક્ષેપમાં જૈન સાધુની ગણના સહિત ભિખારી આદિ સર્વ આગંતુક માટેના સાર્વજનિક સ્થાન પણ સાધુને માટે અકલ્પનીય છે. જો તેમાં સાધુ રહે, તો તેને મહાવર્જ્ય ક્રિયા નામનો દોષ લાગે છે.

**(૭) સાવદ્ય ક્રિયા :–**

**૧૩ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा, संतेगइया सड्ढा भवंति, तं जहा– गाहावई वा *जाव* कम्मकरीओ वा । तेसिं च णं आयारगोयरे णो सुणिसंते भवइ ।**

**तं सद्दहमाणेहिं, तं पत्तियमाणेहिं तं रोयमाणेहिं बहवे समणजाए समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा *जाव* भवणगिहाणि वा, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा *जाव* भवणगिहाणि वा उवागच्छंति, उवागच्छित्ता इयराइयरेहिं पाहुडेहिं वट्टंति अयमाउसो सावज्जकिरिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ ભક્તિવંત ગૃહપતિ ***યાવત્*** નોકરાણી આદિ રહેતા હોય છે, તેઓ સાધુના આચાર કે વ્યવહારથી અજાણ હોય છે, પરંતુ દાન પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિથી સર્વ પ્રકારના શ્રમણોના ઉદ્દેશ્યથી લુહારશાળા યાવત્ ભૂમિગૃહ તૈયાર કરાવે છે. સર્વ શ્રમણોના ઉદ્દેશ્યથી બનાવેલી તથાપ્રકારની લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહોમાં શ્રમણ નિર્ગ્રંથો રહે, તથાપ્રકારના ભેટ રૂપે પ્રાપ્ત થયેલા નાના, મોટા ઘરોનો ઉપયોગ કરે, તો હે આયુષ્યમાન ! તેના માટે આ શય્યા-સ્થાન સાવદ્યક્રિયા દોષથી યુક્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી સાતમી સાવદ્ય ક્રિયા રૂપ દોષનું નિરૂપણ છે. છટ્ઠી ક્રિયામાં શ્રમણ, બ્રાહ્મણ, યાચક, ભિખારી આદિ સર્વ આગંતુકના ઉદ્દેશ્યથી બનેલા મકાન સંબંધી નિરૂપણ કરવામાં આવ્યું હતું અને આ સાતમી ક્રિયામાં માત્ર પાંચ પ્રકારના શ્રમણોના ઉદ્દેશ્યથી નિર્મિત થયેલા મકાન સંબંધી કથન છે. તેમાં જૈન સાધુનો સ્પષ્ટ ઉદ્દેશ્ય હોવાથી આ પ્રકારના મકાન સાધુને માટે કલ્પનીય નથી. તેમાં રહેવાથી સાધુને તેના નિર્માણમાં થયેલી સાવદ્ય પ્રવૃત્તિની ક્રિયા લાગે છે તે ક્રિયાને અહીં **સાવદ્ય ક્રિયા** કહી છે.

**(૮) મહાસાવદ્ય ક્રિયા :–**

**૧૪ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति, तं जहा– गाहावई वा *जाव* कम्मकरीओ वा । तेसिं च णं आयारगोयरे णो सुणिसंते भवइ ।**

**तं सद्दहमाणेहिं, तं पत्तियमाणेहिं तं रोयमाणेहिं एगं समणजायं समुद्दिस्स तत्थ-तत्थ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा *जाव* भवणगिहाणि वा; महया पुढविकायसमारंभेणं *जाव* महया तसकायसमारंभेणं महया संरंभेणं महया समारंभेणं महया आरंभेणं महया विरूवरूवेहिं पावकम्म-किच्चेहिं, तं जहा– छायणओ लेवणओ संथार-दुवार-पिहणओ, सीओदए वा परिट्ठवियपुव्वे भवइ, अगणिकाए वा उज्जालियपुव्वे भवइ, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा *जाव* भवणगिहाणि वा उवागच्छंति, उवागच्छित्ता इयराइयरेहिं पाहुडेहिं वट्टंति; दुपक्खं ते कम्मं सेवंति, अयमाउसो महासावज्ज-किरिया यावि भवइ ।**

**શબ્દાર્થ :–** **छायणओ** = મકાન પર છત આદિ નાંખી હોય **लेवणओ** = લીપેલી હોય **संथार दुवार– पिहणओ** = બેઠક કે દ્વાર બંધ કરીને શાળા વગેરે તૈયાર કરાવે **ते** = તેઓ **दुपक्खं** = દ્વિપક્ષ અર્થાત્ દ્રવ્યથી સાધુ અને ભાવથી ગૃહસ્થ રૂપ **कम्मं सेवंति** = કર્મનું સેવન કરે છે.

**ભાવાર્થ :–** આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ ભક્તિવંત ગૃહસ્થ ***યાવત્*** તેના નોકરાણી આદિ રહેતા હોય છે. તેઓ સાધુના આચાર કે વ્યવહારથી અજાણ હોય, પરંતુ દાન પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિથી એક માત્ર જૈન શ્રમણોના ઉદ્દેશ્યથી લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહ આદિ મકાનોનું નિર્માણ કરે છે. તે મકાનનું નિર્માણ પૃથ્વીકાય ***યાવત્*** ત્રસકાયના સરંભ, સમારંભ અને આરંભથી તથા વિવિધ પ્રકારના મહાન પાપ જનક કાર્યોથી થાય છે, જેમ કે– મકાન ઉપર છત કરાવવામાં આવે, લીપવામાં આવે, સંસ્તારક એટલે બેસવા-સૂવાની જગ્યા, ઓટલો વગેરે બનાવે, હવા માટે દરવાજા, બારીઓ બનાવે, વારંવાર સચેત પાણી છાંટવામાં આવે, અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે, આવા આરંભજન્ય લુહારશાળા આદિ મકાનોમાં સાધુ રહે અથવા ત્યાં નાના-મોટા કોઈ પણ સ્થાનોનો ઉપયોગ કરે, તો તે શ્રમણો દ્વિપક્ષ–દ્રવ્યથી સાધુ અને ભાવથી ગૃહસ્થરૂપ કર્મનું, આચરણનું સેવન કરે છે. તેઓને શય્યા સંબંધી મહાસાવદ્યક્રિયા રૂપ દોષ લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી આઠમી મહાસાવદ્ય ક્રિયાનું કથન છે.

ગૃહસ્થ જૈન શ્રમણ નિર્ગ્રંથોના નિમિત્તે મકાનનું નિર્માણ કરે, તેમાં છકાય જીવોનો આરંભ સમારંભ કરે, પાણી છાંટે, અગ્નિ પ્રજ્વલિત કરે, ઇત્યાદિ અનેક પાપ પ્રવૃત્તિઓ થાય છે. તેવા સ્થાનમાં સાધુ રહે, તો તેઓને તે સમસ્ત પાપકાર્યોની ક્રિયા લાગે છે તેને અહીં **મહાસાવદ્ય ક્રિયા** કહી છે. સંક્ષેપમાં તે મકાન એક માત્ર જૈન શ્રમણના નિમિત્તે તૈયાર થયેલું હોવાથી જૈન સાધુને માટે સર્વથા અકલ્પનીય છે.

**दुपक्खं ते कम्मं सेवंति :–** આ પ્રકારના સર્વથા અકલ્પનીય આધાકર્મી મકાનનું જે સેવન કરે છે તે દ્રવ્યથી વેશધારી છે અને ભાવથી તે ગૃહસ્થ છે, માટે દ્રવ્યથી સાધુ અને ભાવથી ગૃહસ્થના કાર્યોનું સેવન કરવાથી તે **દ્વિપક્ષકર્મ**નું સેવન કરનાર કહેવાય છે.

**(૯) અલ્પ સાવદ્ય ક્રિયા :–**

**૧૫ इह खलु पाईणं वा पडीणं वा दाहीणं वा उदीणं वा संतेगइया सड्ढा भवंति, तं जहा– गाहावई वा** *जाव* **कम्मकरीओ वा । तेसिं च णं आयारगोयरे णो सुणिसंते भवइ ।**

**तं सद्दहमाणेहिं, तं पत्तियमाणेहिं, तं रोयमाणेहिं अप्पणो सयट्ठाए तत्थ तत्थ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं जहा– आएसणाणि वा** *जाव* **भवण-गिहाणि वा महया पुढविकायसमारंभेणं** *जाव* **अगणिकाए वा उज्जालियपुव्वे भवइ, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा** *जाव* **भवणगिहाणि वा उवागच्छंति उवागच्छित्ता इयराइयरेहिं पाहुडेहिं वट्टंति एगपक्खं ते कम्मं सेवंति, अयमाउसो अप्पसावज्जकिरिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ અને ભક્તિવંત ગૃહસ્થ ***યાવત્*** નોકરાણીઓ રહેતા હોય છે. તેઓ સાધુના આચાર કે વ્યવહારથી અજાણ હોય, પરંતુ દાન પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિવાળા હોય છે. તેઓએ પોતાના અંગત પ્રયોજન માટે લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહ આદિ મકાનોનું નિર્માણ પૃથ્વીકાય ***યાવત્*** ત્રસકાયના મહાન સરંભ, સમારંભ તેમજ આરંભથી તથા વિવિધ પ્રકારના પાપકર્મથી કરાવ્યું હોય છે, જેમ કે– તેમાં છત નાંખવી, લીંપવું, બેઠક માટે ઓટલા આદિ કરવા, દરવાજા કરાવવા, સચેત પાણી છાંટવું, અગ્નિ પ્રજ્વલિત કરવી આદિ. જે મુનિરાજો લુહારશાળા ***યાવત્*** ભૂમિગૃહ આદિ મકાનોમાં આવીને નાના મોટા કોઈ પણ સ્થાનોનો ઉપયોગ કરે છે, તેઓ એક પક્ષનું એટલે દ્રવ્ય અને ભાવથી એક માત્ર સાધુ ધર્મનું જ સેવન કરે છે. આ રીતે એકાંતે ગૃહસ્થના પોતાના માટે બનેલા સ્થાનમાં રહેવાથી તે શ્રમણોને અલ્પસાવદ્યક્રિયા લાગે છે. આ ક્રિયા પણ ઐર્યાપથિકી ક્રિયાની સમાન નિર્દોષ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યા સંબંધી નવમી અલ્પ સાવદ્ય ક્રિયાનું પ્રતિપાદન છે.

જે મકાન ગૃહસ્થોએ પોતાના માટે બનાવ્યું હોય, તેમાં પોતાના માટે આરંભ-સમારંભ કરીને વિવિધ પાપ ક્રિયાઓ કરી હોય. તે મકાનમાં સાધુ નિવાસ કરે, તો તેઓને તે મકાન સંબંધી **અલ્પસાવદ્ય ક્રિયા** અર્થાત્ પાપક્રિયા લાગતી નથી.

તેમાં સાધુના નિમિત્તે કોઈ પણ પાપપ્રવૃત્તિનું સેવન થયું ન હોવાથી તે સાધુને માટે કલ્પનીય છે. આ પ્રકારના નિર્દોષ સ્થાનનું સેવન કરનાર શ્રમણો દ્રવ્ય અને ભાવથી માત્ર સાધુપણાનું જ પાલન કરતા હોવાથી એક પક્ષનું સેવન કરે છે.

પ્રસ્તુત સૂત્રમાં **अप्प सावज्जकिरिया** માં પ્રયુક્ત **अप्प** શબ્દ સર્વથા અભાવનો વાચક છે. જેમાં સાવદ્યક્રિયાનો સંપૂર્ણપણે અભાવ છે. તે સ્થાન સાધુને માટે પૂર્ણપણે નિર્દોષ છે. તે અલ્પસાવદ્ય ક્રિયા અર્થાત્ અસાવદ્યક્રિયાવાળું સ્થાન છે.

આ રીતે શય્યા સંબંધી નવ પ્રકારની ક્રિયાઓમાંથી ત્રીજી અભિક્રાન્ત ક્રિયા અને નવમી અલ્પ સાવદ્યક્રિયા નિર્દોષ છે. માટે તેવા નિર્દોષ શય્યા-સ્થાન સાધુને માટે કલ્પનીય છે. શેષ સાત પ્રકારના શય્યા- સ્થાન દોષિત હોવાથી સાધુને માટે અકલ્પનીય છે.

સંક્ષેપમાં પ્રસ્તુત નવ ક્રિયાઓમાંથી કાલાતિક્રાન્ત અને ઉપસ્થાન ક્રિયા સાધુના અવિવેકના કારણે કાલ સંબંધી મર્યાદાના ઉલ્લંઘનથી લાગે છે. પાંચ ક્રિયાઓ દોષિત સ્થાન-ઉપાશ્રયના સેવનથી લાગે છે અને ત્રીજી અભિક્રાંત ક્રિયા અને નવમી અલ્પ સાવદ્યક્રિયા નિર્દોષ સ્થાન સંબંધી છે. તેનાથી નિર્ગ્રંથોનો સંયમ દૂષિત થતો નથી.

**ઉપસંહાર :–**

**૧૬ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ શય્યૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૨/૨ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**ઉપાશ્રય એષણા વિવેક :–**

**१ से य णो सुलभे फासुए उंछे अहेसणिज्जे, णो य खलु सुद्धे इमेहिं पाहुडेहिं, तं जहा– छायणओ लेवणओ संथार–दुवार पिहणओ पिंडवाएसणाओ । से य- भिक्खू चरियारए ठाणरए णिसीहियारए सेज्जा–संथार–पिंडवाएसणारए, संति- भिक्खुणो एवमक्खाइणो उज्जुया णियागपडिवण्णा अमायं कुव्वमाणा वियाहिया।**

**संतेगइया पाहुडिया उक्खित्तपुव्वा भवइ, एवं णिक्खित्तपुव्वा भवइ, परिभाइयपुव्वा भवइ, परिभुत्तपुव्वा भवइ, परिट्ठवियपुव्वा भवइ, एवं वियागरेमाणे समियाए वियागरेइ ? हंता भवइ ।**

**શબ્દાર્થ :–** **से** = તે સાધુ **णो सुलभे** = સુલભ નથી **फासुए** = પ્રાસુક **उंछे** = લીપવાદિ દોષોથી રહિત **अहेसणिज्जे** = એષણીય **णो सुद्धे** = શુદ્ધ નથી **इमेहिं** = આ દોષોથી **पाहुडेहिं** = પાપકર્મોના ઉપાદાનથી બનાવેલ **छायणओ** = છત બનાવવાથી **लेवणओ** = છાણ આદિના લેપનથી **संथार-दुवार-पिहणओ** = સંસ્તારક ભૂમિને સમ કરવી અને દરવાજા, જાળી, બારણા વગેરે બનાવવા **पिंडवाएसणाओ** = પિંડપાનૈષણાની દષ્ટિથી શુદ્ધ ઉપાશ્રય મળવો મુશ્કેલ છે **चरियारए** = નવ કલ્પ વિહારની ચર્યામાં લીન છે **ठाणरए** = કાયોત્સર્ગાદિ કરવામાં રત **णिसीहियारए** = સ્વાધ્યાય કરવામાં રત છે **सेज्जा–संथार** = શય્યા-સ્થાન, સંસ્તારક–પાટ, પાટલા **पिंडवाएसणारए** = આહાર પાણીની શુદ્ધ ગવેષણામાં રત છે **उज्जुया** = સરળ હોય છે **णियागपडिवण्णा** = સંયમ અને મોક્ષથી પ્રતિપન્ન હોય છે **अमायं कुव्वमाणा** = માયા નહિ કરનાર **वियाहिया** = કહેલા છે.

**उक्खित्तपुव्वा भवइ** = સંગ્રહરૂપ રાખ્યા હોય **णिक्खित्तपुव्वा भवइ** = અમારા માટે બનાવીને રાખ્યા હોય **परिभाइयपुव्वा भवइ** = ભાગ કરી લીધા હોય **परिभुत्तपुव्वा भवइ** = ઉપયોગ કરી લીધો હોય **परिट्ठवियपुव्वा भवइ** = સદાને માટે છોડી દીધા હોય કે દાનમાં આપી દીધા હોય **वियागरेमाणे** = કહેતા **समियाए वियागरेइ** = સમ્યક કહે છે.

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ મુનિઓને નિર્દોષ અને એષણીય ઉપાશ્રય મળવો અત્યંત કઠિન છે. નિમ્નોક્ત દોષોના કારણે મકાનો શુદ્ધ હોતા નથી, જેમ કે– ગૃહસ્થો સાધુ માટે કોઈ સ્થાનમાં છત કરાવે; લીપે, બેસવાનો કે સૂવાનો ઓટલો બનાવે; દરવાજા, જાળી, બારણા વગેરે બનાવે, ક્યાંક શય્યાતર ગૃહસ્થો સાધુને માટે આહાર-પાણી બનાવે. ઉપરોક્ત દોષોથી રહિત ઉપાશ્રય મળી જાય, તોપણ સાધુની આવશ્યક ક્રિયાઓને યોગ્ય ઉપાશ્રય મળવો દુર્લભ હોય છે, કારણ કે કેટલાક સાધુ સંચરણશીલ હોય, કેટલાક કાયોત્સર્ગ કરનાર હોય, કેટલાક સ્વાધ્યાયમાં લીન હોય તથા કેટલાક શય્યા સંસ્તારક તેમજ આહાર-પાણીની શુદ્ધ ગવેષણા કરનાર હોય છે. આ ક્રિયાઓને યોગ્ય ઉપાશ્રય પણ મળવો વિશેષ મુશ્કેલ છે. આ રીતે સંયમ અર્થાત્ મોક્ષ માર્ગની સાધના કરનાર શ્રમણ સરળ તેમજ નિષ્કપટી હોય છે.

આ પ્રકારના મકાન સાધુને માટે નિર્દોષ અને કલ્પનીય હોય છે– ગૃહસ્થો કેટલાક મકાનો અતિથિ-સંન્યાસી વગેરેના ઉપયોગ માટે બનાવીને રાખે છે, પોતાના માટે મકાનો બનાવે છે, ભાઈ-ભત્રિજા વગેરેને ભાગ રૂપે આપવા બનાવે છે, પોતે રહેતા હોય તે મકાન વિશાળ હોય તો તેમાંથી કેટલોક વિભાગ ખાલી હોય છે, પોતે અન્યત્ર રહેવા ગયા હોય તો જૂનું મકાન ખાલી પડ્યું હોય છે. તેવા મકાનો નિર્ગ્રંથને ગ્રહણ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન–** ઉપરોક્ત અકલ્પનીય અને કલ્પનીય શય્યાનું વર્ણન કરનાર શ્રમણ શું સમ્યક કથન કરે છે ?
**ઉત્તર–** હા, ઉપરોક્ત બંને પ્રકારના મકાન સંબંધી દોષો અને ગુણોનું કથન કરવું સમ્યક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્થાનની શુદ્ધિ-અશુદ્ધિ સંબંધી વિચારણા રજૂ કરવામાં આવી છે.

સાધુ ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં હોય ત્યારે કેટલાક શ્રદ્ધાવાન ગૃહસ્થો સાધુને પોતાના સ્થાનમાં રહેવા માટે ભક્તિ ભાવપૂર્વક વિનંતિ કરે, ભક્તિના અતિરેકથી ગૃહસ્થો કપટથી અસત્ય ભાષણ કરીને સ્થાનની નિર્દોષતા પ્રગટ કરે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં સાધુએ પોતાની તીક્ષ્ણ પ્રજ્ઞાથી તે સ્થાનની નિર્દોષતાનું પરીક્ષણ કરીને તે સ્થાનમાં રહેવું જોઈએ. સ્થાનની શુદ્ધિ માટે સૂત્રકારે ત્રણ શબ્દોનો પ્રયોગ કર્યો છે.

**फासुए, उंछे, अहेसणिज्जे.....** (૧) **પ્રાસુક–** જે સ્થાન આધાકર્માદિ દોષોથી રહિત અર્થાત્ સાધુના નિમિત્તે બનાવેલું ન હોય તેવું મૂળગુણ દોષ રહિત સ્થાન પ્રાસુક છે, (૨) **ઉંછે–** સાધુના નિમિત્તે તે સ્થાનમાં સમારકામ કરાવવું, છાપરા નાંખવા, દરવાજામાં ફેરફાર કરવો, રંગ રોગાન કરાવવા, તેની લાદી ઘસીને લીસી બનાવવી, સાધુના ગમનાગમનના રસ્તાને સાફ કરાવવો, ધૂપ આદિથી સુગંધિત કરવું, પ્રકાશિત કરવું, વગેરે ઉત્તરગુણ દોષોથી રહિત સ્થાન, (૩) **એષણીય–** મૂળગુણ અને ઉત્તરગુણથી વિશુદ્ધ સ્થાન હોય, તે એષણીય કહેવાય છે. તે ઉપરાંત તે સ્થાન સાધુના સ્વાધ્યાય, ધ્યાન આદિ સંયમ સાધનાના દરેક કાર્યો માટે અનુકૂળ હોય, તે અત્યંત જરૂરી છે.

**નિર્દોષ સ્થાન :–** સ્થાનની નિર્દોષતાના સ્પષ્ટીકરણ માટે સૂત્રકારે પાંચ વિકલ્પો આપ્યા છે– (૧) **उक्खित्तपुव्वा**– ગૃહસ્થોએ કોઈ પણ વ્યક્તિના નિમિત્ત વિના મકાનો બનાવીને સંગ્રહ રૂપે રાખ્યા હોય અથવા કોઈ પણ સાધુ-સંન્યાસીઓને રહેવા માટે રાખ્યા હોય, (૨) **णिक्खित्तपुव्वा**– ભવિષ્યમાં પોતાને રહેવા માટે અથવા પોતાના રોકાણ માટે બનાવીને રાખ્યા હોય, (૩) **परिभाइयपुव्वा**– ભવિષ્યમાં ભાઈ-ભત્રીજા આદિના ભાગ પાડવા માટે પહેલેથી જ અલગ અલગ મકાનો બનાવીને રાખ્યા હોય, (૪) **परिभुत्तपुव्वा**– વર્તમાને ગૃહસ્થો તે મકાનનો ઉપયોગ કરી રહ્યા હોય, પરંતુ મકાન ઘણું મોટું હોવાથી તેમાંથી સાધુને રહેવા માટે જગ્યા આપી શકે તેમ હોય, (૫) **परिट्ठवियपुव्वा**– ગૃહસ્થોએ પોતાને રહેવા માટે નવુ મકાન બનાવી લીધું હોવાથી જૂનું મકાન ખાલી પડ્યું હોય. આવા કોઈ પણ કારણથી ગૃહસ્થ પાસે સાધુને આપી શકાય તેવું મકાન હોય, તો તેમાં સાધુનું આંશિક પણ નિમિત્ત ન હોવાથી, તે સ્થાન સાધુને માટે નિદોર્ષ અને કલ્પનીય છે.

સંક્ષેપમાં મુનિએ ગૃહસ્થની ભક્તિમાં ખેંચાઈને સદોષ સ્થાનમાં રહેવું ન જોઈએ. નિર્દોષ સ્થાનમાં જ સાધુની સાધનાનો વિકાસ થાય છે.

**पिंडवाएसणाओ**– પિંડપાનૈષણા. પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે ગૃહસ્થો દ્વારા લાગતા સ્થાન સંબંધિત દોષોનું કથન કર્યું છે. ગૃહસ્થો સાધુને માટે મકાનની ઉપર છત નાંખે, લીપે, રંગરોગાન કરાવે વગેરે ક્રિયાઓના કથન પછી સૂત્રકારે અંતે **पिंडवाएसणाओ** શબ્દનો પ્રયોગ કર્યો છે. વૃત્તિકારે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે આપ્યું છે– શય્યાતર ગૃહસ્થ સાધુને માટે આહાર-પાણી બનાવીને શય્યા-સ્થાનને દોષિત બનાવે છે. જેની આજ્ઞાથી મકાનમાં રહેવાનું થાય, તે ગૃહસ્થ સાધુને માટે શય્યાતર કહેવાય છે. સાધુને શય્યાતરપિંડ– શય્યાતરના ઘરના આહાર-પાણી કલ્પનીય નથી. તેમ છતાં ક્યારેક શય્યાતર ગૃહસ્થ ભક્તિભાવથી સાધુને માટે ભોજન-પાણી બનાવે અને મુનિને લેવાનો અત્યંત આગ્રહ કરે છે. જો મુનિ તે આહાર-પાણી ગ્રહણ કરે, તો તે દોષનું સેવન કરે છે અને જો મુનિ આહાર ગ્રહણ ન કરે, તો ક્યારેક ગૃહસ્થ ક્રોધિત થાય, અવજ્ઞા કે અપમાન કરે, ગૃહસ્થની શ્રદ્ધા ચલિત થાય છે. આ રીતે મુનિના નિયમોના જાણકાર તથા સાધુને પોતાના તરફથી કોઈ પણ દોષ ન લાગે, તેના માટે સાવધાન રહેનાર શય્યાદાતા પણ દુર્લભ છે.

**वियागरेमाणे समियाए वियागरेइ :**– આ સૂત્રના અંતમાં પ્રશ્નોત્તર શૈલીનો પ્રયોગ થયો છે કે ઉપાશ્રયના ગુણદોષ બતાવનાર સાધુ સમ્યક કથન કરે છે ? તેના જવાબમાં સૂત્રકાર આ પ્રમાણે કહે છે– હા, તે બરાબર કહે છે, તાત્પર્ય એ છે કે સાધુ પ્રસંગાનુસાર પરસ્પરમાં કે વિવેકી ગૃહસ્થોને શય્યા સંબંધી સૂત્રોક્ત જાણકારી આપી શકે છે.

**ઉપાશ્રયમાં યતના :–**

**२ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– खुड्डियाओ खुड्डुदुवारियाओ णिइयाओ संणिरुद्धाओ भवंति, तहप्पगारे उवस्सए राओ वा वियाले वा णिक्खममाणे वा पविसमाणे वा पुरा हत्थेण, पच्छा पाएण; तओ संजयामेव णिक्खमेज्ज वा पविसेज्ज वा ।**

**केवली बूया आयाणमेयं । जे तत्थ समणाण वा माहणाण वा छत्तए वा मत्तए वा दंडए वा लट्ठिया वा भिसिया वा णालिया वा चेले वा चिलिमिली वा चम्मए वा चम्मकोसए वा चम्मच्छेयणए वा दुबद्धे दुणिक्खित्ते अणिकंपे चलाचले, भिक्खू य राओ वा वियाले वा णिक्खममाणे वा पविसमाणे वा पयलेज्ज वा पवडेज्ज वा । से तत्थ पयलमाणे वा पवडमाणे वा हत्थं वा पायं वा** *जाव* **इंदियजायं लूसेज्ज वा; पाणाणि वा भूयाणि वा जीवाणि वा सत्ताणि वा अभिहणेज्ज वा** *जाव* **ववरोवेज्ज वा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा, एस हेउ, एस कारणं, एस उवएसो जं तहप्पगारे उवस्सए पुरा हत्थेण पच्छा पाएण तओ संजयामेव णिक्खमेज्ज वा पविसेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **खुड्डियाओ** = નાનો ઉપાશ્રય **खुड्डुदुवारियाओ** = નાના દરવાજાવાળો ઉપાશ્રય **णिइयाओ** = નીચો છે **संणिरुद्धाओ भवंति** = અન્ય ભિક્ષુઓના રહેવાથી રોકાયેલો છે **तहप्पगारे उवस्सए** = તેવા પ્રકારના ઉપાશ્રયમાં **राओ वा वियाले** = રાત્રિમાં કે વિકાલમાં, સંધ્યા સમયે **णिक्खममाणे**

= અંદરથી બહાર નીકળતા **पविसमाणे** = બહારથી અંદર પ્રવેશ કરતાં **पुराहत्थेण** = પહેલા હાથ ફેલાવીને ભૂમિને જોઈને **पच्छापाएण** = પછી પગ મૂકી ચાલે **भिसिया** = લાકડાનું આસન વિશેષ **णालिया** = પોતાની ઊંચાઈથી ચાર આંગુલ લાંબી પોલાણવાળી લાકડી **चिलिमिली** = પડદો અથવા મચ્છરદાની **चम्मए** = મૃગચર્મ વગેરે **चम्मकोसए** = ચામડાની કોથળી,આંગળી, પગ વગેરેના સુરક્ષાના સાધન **चम्मच्छेयणए** = ચામડું કાપવાનું ઓજાર–સાધન **दुबद्धे** = સરખી રીતે બાંધ્યા ન હોય **दुणिक्खित्ते** = સારી રીતે મૂક્યા ન હોય **अणिकंपे** = જે થોડા હલતા હોય **चलाचले** = વિશેષ હલતા હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉપાશ્રયના વિષયમાં જાણે કે આ ઉપાશ્રય નાનો કે નાના દરવાજા-વાળો છે, નીચો છે, તેમાં પહેલેથી ચરક આદિ પરિવ્રાજકોના રહેવાથી તથા તેના ઉપકરણોથી રોકાયેલો છે અર્થાત્ ખાલી નથી, કદાચ કોઈ કારણવશ સાધુને આ પ્રકારના ઉપાશ્રયમાં રહેવું પડે તો તે રાત્રિમાં કે વિકાલમાં અંદરથી બહાર નીકળતા કે બહારથી અંદર પ્રવેશ કરતાં પહેલા હાથ ફેલાવીને જોઈ લે પછી સાવધાનીથી યત્નાપૂર્વક પગ મૂકીને પ્રવેશ કરે કે બહાર નીકળે.

કેવળી ભગવાન કહે છે કે આ પ્રકારનો ઉપાશ્રય કર્મબંધનું કારણ છે, કારણ કે ત્યાં શાક્યાદિ શ્રમણો કે બ્રાહ્મણોએ છત્ર, પાત્ર અથવા માત્રક, દંડ, લાકડી, આસન, વાંસની લાંબી લાકડી, વસ્ત્ર, મચ્છરદાની અથવા પડદો, મૃગચર્મ, ચામડાની થેલી કે ચામડાને કાપવાનું સાધન, આ સર્વ વસ્તુઓ સારી રીતે બાંધીને રાખી ન હોય, આડીઅવળી વિખરાયેલી પડી હોય, સાધનો ડગમગતા હોય, વધારે ડગમગતા હોય તો રાત્રે કે વિકાલમાં અંદરથી બહાર અને બહારથી અંદર(અસાવધાનીથી) પ્રવેશતા સાધુ લપસી જાય કે પડી જાય(તો તે ઉપકરણો તૂટી જાય) અથવા તે સાધુના લપસી જવાથી કે પડી જવાથી તેના હાથ, પગ, મસ્તક કે અન્ય ઇન્દ્રિયો આદિ અંગોપાંગને વાગી જાય છે અથવા પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસા થાય, તે દબાઈ જાય ***યાવત્*** જીવનથી રહિત થઈ જાય-મરી જાય છે,

માટે તીર્થંકરાદિ આપ્ત પુરુષોએ પહેલાંથી જ સાધુ માટે આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે– આ પ્રકારના ઉપાશ્રયમાં રહેવું પડે તો સાધુ રાત્રિના કે વિકાલમાં(અંધારાના કારણે દેખાતું ન હોવાથી) પહેલાં હાથ ફેલાવીને(તપાસીને) પછી પગ મૂકે તથા યત્નાપૂર્વક અંદરથી બહાર કે બહારથી અંદર જાય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નિર્દોષ ઉપાશ્રય પ્રાપ્ત થયા પછી ત્રણ બાબતો પ્રતિ સાધુનો વિવેક પ્રદર્શિત કર્યો છે– (૧) નાનો અને સાંકડો, નીચા દરવાજાવાળો કે નીચી છતવાળો કે અંધારાવાળો ઉપાશ્રય હોય તો તેમાં કારણ વિના રહેવું નહિ. (૨) તેવા નાના મકાનમાં સંન્યાસી વગેરે રહ્યા હોય ત્યાં પણ વિશેષ પરિસ્થિતિ વિના રહેવું નહિ. (૩) વિશિષ્ટ કારણવશ આવા ઉપાશ્રયમાં રહેવું પડે તો રાત્રિમાં કે સંધ્યાકાળમાં એટલે અંધારાના સમયે અત્યંત યતનાપૂર્વક ગમનાગમન કરવું. સાધુના ગમનાગમનથી કોઈ વસ્તુ કે વ્યક્તિને જરા પણ ઠેસ ન લાગે, તે માટે હાથ કે રજોહરણથી તપાસીને ચાલવું. જો એ રીતે ચાલે નહિ તો ક્યારેક સાધુના પડી જવાથી અન્ય મતાવલંબી સાધુના ઉપકરણો કે પોતાના ઉપકરણો તૂટી જાય, કોઈ વ્યક્તિની ઉપર પડે, તો તે વ્યક્તિને વાગે, ક્યારેક પોતાને વાગી જાય, આ રીતે અનેક તકલીફ થવાની સંભાવના છે. આ રીતે બીજા શ્રમણો કે ભિક્ષાચરોને પણ નિર્ગ્રંથ સાધુઓના વ્યવહારથી જરા પણ મનદુઃખ ન થાય, ઘૃણા ન થાય તેમજ પોતાના ઉપકરણો તૂટવાદિથી આર્તધ્યાન ન થાય અને કોઈ જીવોની હિંસા ન થાય, તે રીતે સાધુએ વિવેક અને સાવધાની રાખવી જરૂરી છે. તેમાં જ તેના અહિંસા મહાવ્રતની સુરક્ષા છે.

**ઉપાશ્રયની યાચના વિધિ :–**

**૩ से आगंतारेसु वा आरामागारेसु वा, गाहावइकुलेसु वा, परियावसहेसु वा अणुवीई उवस्सयं जाएज्जा । जे तत्थ ईसरे, जे तत्थ समहिट्ठाए; ते उवस्सयं अणुण्णवेज्जा– कामं खलु आउसो ! अहालंदं अहापरिण्णायं वसिस्सामो जाव आउसंतो जाव आउसंतस्स उवस्सए जाव साहम्मिया, एतावताव उवस्सयं गिण्हिस्सामो, तेण परं विहरिस्सामो ।**

**શબ્દાર્થ :–** **अणुवीई** = વિચાર કરીને **ईसरे** = તે ઉપાશ્રયના સ્વામી છે **समहिट्ठाए** = તેના અધિકારી કાર્યકર્તા હોય **कामं** = આપની ઈચ્છા અનુસાર **अहालंदं** = જેટલો સમય તમે કહો **अहापरिण्णायं** = ઉપાશ્રયનો જેટલો ભાગ આપ દેવા ઈચ્છો છો તેટલા જ ભાગમાં **वसिस्सामो** = અમે રહીશું **जाव साहम्मिया** = જેટલા અમે સાધર્મિક સાધુ છીએ **एतावताव** = એટલા જ **उवस्सयं** = ઉપાશ્રયને **गिण्हिस्सामो** = ગ્રહણ કરશું **तेण परं** = તેટલી ઉત્કૃષ્ટ સીમામાં જ અમો **विहरिस्सामो** = વિચરણ કરશું, રહેશું.

**ભાવાર્થ :–** સાધુ ધર્મશાળા, આરામગૃહ, ગૃહસ્થના ઘર, પરિવ્રાજકોના મઠ આદિ સ્થાનોની નિર્દિષ્ટ વિધિ અનુસાર વિચાર કરીને યાચના કરે, જેમ કે– સ્થાનના માલિક અથવા તેના અધિકારી પાસે સ્થાનની આજ્ઞા માંગે અને કહે– હે આયુષ્યમાન ! તમારી ઈચ્છાનુસાર જેટલા સમય સુધી તમે જેટલો ભાગ આપવા ઈચ્છો, તેટલો સમય અને તેટલા સ્થાનમાં અમે રહેશું. ગૃહસ્થ પૂછે કે તમો કેટલા સમય સુધી અહીં રહેશો ? તેના જવાબમાં મુનિ કહે કે આયુષ્યમાન સદ્ગૃહસ્થ ! અમે શેષકાળમાં એક માસ અને ચાતુર્માસમાં ચાર માસ એક જગ્યાએ રહી શકીએ છીએ, પરંતુ તમો જેટલા સમય સુધી, ઉપાશ્રયના જેટલા ભાગમાં રહેવાની આજ્ઞા આપશો, તેટલો સમય તેટલા સ્થાનને ગ્રહણ કરીને અમે જેટલા સાધર્મી સાધુઓ છીએ, તે બધા તમારા દ્વારા આજ્ઞા આપેલી મર્યાદામાં જ રહેશું, વિચરણ કરશું.

**૪ से भिक्खू वा भिक्खुणी वा जस्सुवस्सए संवसेज्जा तस्स पुव्वामेव णामगोयं जाणेज्जा, तओ पच्छा तस्स गिहे णिमंतेमाणस्स वा अणिमंतेमाणस्स वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જે ઉપાશ્રયમાં નિવાસ કરે, તેના માલિકના નામ અને ગોત્રને પહેલેથી જાણી લે. ત્યાર પછી તેના ઘરનું આમંત્રણ મળે કે આમંત્રણ ન મળે, તો પણ તેના ઘરના અશનાદિ ચારે ય પ્રકારના આહારને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉપાશ્રય યાચનાની પહેલા કે પછીની વ્યાવહારિક વિધિ બતાવી છે. ઉપાશ્રયની યાચના પહેલા સાધુ તે સ્થાનની પ્રાસુકતા, એષણીયતા, નિર્દોષતા તથા ઉપયોગિતાની સારી રીતે તપાસ કરી લે. તે ઉપરાંત તેના સ્વામી તથા સ્વામી દ્વારા રાખેલા અધિકારીની જાણકારી મેળવવી જરૂરી છે કારણ કે કદાચ તે નાસ્તિક હોય, સાધુના દ્વેષી હોય, બીજા સંપ્રદાયના અનુરાગી હોય, તેની આપવાની ઈચ્છા ન હોય, તો સાધુને મુશ્કેલી થાય છે. આ સર્વ બાબતોને જાણીને સાધુને તથા સ્થાનના માલિકને સર્વ પ્રકારની અનુકૂળતા હોય તો જ સાધુ મકાનના માલિક કે અધિકારી પાસેથી ઉપાશ્રયની યાચના કરે. ઉપાશ્રયની

યાચના સમયે ઉપાશ્રયના કેટલા ભાગનો ઉપયોગ કરવો અને કેટલો સમય રહેવું, તે ક્ષેત્ર અને કાલની મર્યાદા નિશ્ચિત્ત કરે, પરંતુ મુનિઓની નિશ્ચિત સંખ્યા કહે નહિ, કારણ કે બીજા સાધર્મિક સાધુઓ વિહાર કરતાં પધારે, અભ્યાસ માટે પણ અન્ય સાધુઓનું આવાગમન પણ કરતાં રહે છે. આ રીતે સાધુઓની સંખ્યામાં વધઘટ થયા કરે છે.

ઉપાશ્રયની યાચના પછી તેની સ્વીકૃતિ મળતા જ તે ઉપાશ્રયના-સ્થાનના દાતા(શય્યાતર)ના નામ, ગોત્ર તથા તેનું ઘર પણ જાણી લે જેથી તેના ઘરના આહારપાણી ન લેવાનું ધ્યાન રાખી શકાય છે.

**શય્યાતર પિંડ–** સાધુને સ્થાનનું દાન દેનાર ગૃહસ્થને જૈન પરિભાષામાં શય્યાતર કહેવાય છે. શય્યા-સ્થાનનું દાન દઈને સંસાર સાગરને તરી જનાર **શય્યાતર** છે. શય્યાતર ગૃહસ્થ સાધુના સંયમ, તપ, સ્વાધ્યાય, ધ્યાન આદિ સાધનાની અનુમોદનાનો મહત્તમ લાભ મેળવે છે.

શાસ્ત્રમાં શય્યાતરના ઘરના આહાર-પાણીને શય્યાતરપિંડ કહ્યો છે. સર્વ તીર્થંકરોના સાધુઓને માટે શય્યાતર પિંડનો નિષેધ છે.

અન્ય મતાવલંબી સંન્યાસીઓ જે ઘરમાં રહે છે, તેના ઘરે જ ભોજનાદિ કરે છે, તેથી ઘણી વાર ગૃહસ્થને ભારરૂપ બની જાય છે. સાધુના ભોજન આદિની વ્યવસ્થા કરવાના કાર્યથી કંટાળી જઈને ઘણીવાર ગૃહસ્થો પોતાનું સ્થાન આપવાનો નિષેધ કરે છે. કદાચ કોઈક શય્યાતર ગૃહસ્થ ભક્તિને વશ થઈને સાધુના નિમિત્તે વિશિષ્ટ ભોજન બનાવે છે, તેથી સાધુને ઔદ્દેશિક, આધાકર્મ તથા નિમિત્ત દોષ લાગવાની સંભાવના રહે છે.

આ રીતે ગૃહસ્થને કોઈ પણ પ્રકારનો ભાર ન થાય અને પોતાના સંયમી જીવનની નિર્દોષતા સર્વ પ્રકારે જળવાઈ રહે, તેવા અનેક હેતુઓથી સર્વ તીર્થંકરોએ સાધુને માટે શય્યાતર પિંડનો નિષેધ કર્યો છે.

**નિષિદ્ધ ઉપાશ્રય :–**

**५ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा ससागारियं सागणियं सउदयं, णो पण्णस्स णिक्खमण-पवेसाए णो पण्णस्स वायण** *जाव* **चिंताए, तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય(સ્થાન) ગૃહસ્થોથી યુક્ત છે; અગ્નિ અને સચેત પાણીથી યુક્ત છે; તો તેમાં પ્રજ્ઞાવાન સાધુ કે સાધ્વીઓએ જવું-આવવું યોગ્ય નથી અને તેવા ઉપાશ્રયમાં સાધુને વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્માનુયોગનું ચિંતન કરવું યોગ્ય નથી, માટે તેવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વી રહે નહિ, તેમજ શયનાસન કરે નહિ.

**६ से भिक्खू वा भिक्खुणी से जं पुण उवस्सयं जाणेज्जा– गाहावइकुलस्स मज्झंमज्झेणं गंतु, पंथं पडिबद्धं वा; णो पण्णस्स णिक्खमण पवेसाए** *जाव* **चिंताए, तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય(સ્થાન)માં નિવાસ કરવા માટે ગૃહસ્થના ઘરમાં થઈને જવું-આવવું પડે તેમ છે અથવા ઉપાશ્રયની બહાર જવા-આવવાનો માર્ગ ગૃહસ્થોના સામાનથી

રોકાયેલો છે, તો પ્રાજ્ઞ સાધુને ત્યાં આવવું-જવું ***યાવત્*** ધર્મચિંતન કરવું યોગ્ય નથી, માટે તેવા ઉપાશ્રયમાં સાધુ રહે નહીં, શયનાસન કરે નહીં.

**૭ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– इह खलु गाहावई वा** *जाव* **कम्मकरीओ वा अण्णमण्णं अक्कोसंति वा** *जाव* **उद्दवेंति वा, णो पण्णस णिक्खमण पवेसाए** *जाव* **चिंताए, तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**भावार्थ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય(સ્થાન)માં ઘરના માલિક ***યાવત્*** નોકરાણીઓ આદિ પરસ્પર એક બીજા ઉપર આક્રોશ કરે છે, ઝગડે છે, મારઝૂડ કરે છે ***યાવત્*** ઉપદ્રવ કરે છે, તો પ્રજ્ઞાવાન સાધુને ત્યાં જવું આવવું, સ્વાધ્યાય આદિ કરવા યોગ્ય નથી ***યાવત્*** તેવા ઉપાશ્રયમાં સાધુ રહે નહીં કે શયનાસન કરે નહિ.

**૮ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– इह खलु गाहावई वा** *जाव* **कम्मकरीओ वा अण्णमण्णस्स गायं तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा अब्भंगेंति वा मक्खेंति वा, णो पण्णस णिक्खमण-पवेसाए** *जाव* **चिंताए; तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**भावार्थ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય(સ્થાન)માં ગૃહસ્થ ***યાવત્*** તેની નોકરાણીઓ આદિ એકબીજાના શરીરને તેલ, ઘી, માખણ કે અન્ય સ્નિગ્ધ પદાર્થનું માલિશ કરે છે, તો પ્રાજ્ઞ સાધુને ત્યાં જવું-આવવું કે સ્વાધ્યાયાદિ કરવા યોગ્ય નથી, માટે સાધુ તેવા ઉપાશ્રયમાં રહે નહીં કે શયનાસન કરે નહીં.

**૯ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– इह खलु गाहावई वा** *जाव* **कम्मकरीओ वा अण्णमण्णस्स गायं सिणाणेण वा कक्केण वा लोद्धेण वा वण्णेण वा चुण्णेण वा पउमेण वा आघसंति वा पघसंति वा उव्वलेंति वा उव्वट्टेंति वा, णो पण्णस णिक्खमण-पवेसाए** *जाव* **णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**भावार्थ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય(સ્થાન)માં ઘરના માલિક ***યાવત્*** નોકરાણીઓ પરસ્પર એકબીજાના શરીરને સ્નાન માટેના સુગંધી દ્રવ્યથી, કર્કથી, લોધ્રથી, વર્ણથી, ચૂર્ણથી, પદ્મ આદિ સુગંધિત દ્રવ્યોથી મસળે છે, ચોળે છે, ચોળીને મેલ ઉતારે છે, પીઠી ચોળે છે, તો પ્રાજ્ઞ સાધુને માટે ત્યાં જવું-આવવું યોગ્ય નથી ***યાવત્*** તેવા ઉપાશ્રયમાં સાધુ રહે નહિ કે શયનાસન આદિ કરે નહીં.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– इह खलु गाहावइ वा** *जाव* **कम्मकरीओ वा अण्णमण्णस्स गायं सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेंति वा पधोवेंति वा सिंचंति वा सिणावेंति वा, णो पण्णस्स णिक्खमण-पवेसाए** *जाव* **णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**भावार्थ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય(સ્થાન)માં ગૃહસ્થ ***યાવત્*** નોકરાણીઓ પરસ્પર

એક બીજાના શરીરને ઠંડા પાણીથી કે ગરમ પાણીથી ધુએ છે, વિશેષ ધુએ છે, જળ સિંચન કરે છે, સ્નાન કરાવે છે, તેવા સ્થાનમાં બુદ્ધિમાન સાધુને આવવું-જવું ***યાવત્*** ધર્મચિંતન કરવું યોગ્ય નથી. આ પ્રકારના ઉપાશ્રયમાં સાધુ રહે નહીં કે શયનાસન કરે નહીં.

**११ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– इह खलु गाहावई वा** *जाव* **कम्मकरीओ वा णिगिणा ठिआ णिगिणा उवल्लीणा मेहुणधम्मं विण्णवेंति रहस्सियं वा मंतं मंतेति, णो पण्णस्स णिक्खमण-पवेसाए** *जाव* **णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રયમાં ઘરના માલિક યાવત્ નોકરાણી આદિ નગ્ન બનીને ઊભા છે કે નગ્ન થઈને મૈથુન સેવન કરે છે અથવા તત્સંબંધી ગુપ્ત મંત્રણા કરે છે, તો પ્રાજ્ઞ સાધુને ત્યાં જવું-આવવું યોગ્ય નથી ***યાવત્*** આવા પ્રકારના ઉપાશ્રયમાં સાધુ રહે નહીં કે શયનાસન આદિ કરે નહિ.

**१२ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण उवस्सयं जाणेज्जा– आइण्णं संलेक्खं, णो पण्णस्स णिक्खमण-पवेसाए** *जाव* **णो ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**શબ્દાર્થ :–** **आइण्णं संलेक्खं** = સ્ત્રી પુરુષોના ચિત્રોથી સુસજ્જિત હોય તો.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય ગૃહસ્થ સ્ત્રી, પુરુષો આદિના ચિત્રોથી સુશોભિત છે. તો તેવા ઉપાશ્રયમાં બુદ્ધિમાન સાધુને જવું-આવવું યોગ્ય નથી ***યાવત્*** આ પ્રકારના ઉપાશ્રયમાં સાધુ રહે નહિ કે શયનાસન કરે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને વિવિધ ઉપાશ્રયોના ઉપયોગનો નિષેધ કર્યો છે–

(૧) જ્યાં **ગૃહસ્થો રહેતા** હોય, જે સ્થાનમાં **અગ્નિ** હોય, સચેત **જલસ્થાનો** હોય, તેવા ઉપાશ્રયમાં સાધુને રહેવું કલ્પનીય નથી.

ગૃહસ્થ જીવનની પ્રવૃત્તિઓ જોઈને તથા વારંવાર આવાગમન કરતી બહેનોને જોઈને સાધુના ચિત્તમાં વિકારભાવ જાગૃત થવાની સંભાવના રહે છે. સાધુને જોઈને ગૃહસ્થો પણ પોતાની કાર્યવાહીમાં સંક્ષોભ અનુભવે છે, આહાર-પાણી વગેરેમાં પણ અનેક દોષોની સંભાવના છે.

ગૃહસ્થના ઘેર રહેતા અગ્નિ કે પાણિયારા આદિ જોઈને ક્યારેક સાધુને તેનો ઉપયોગ કરવાનું મન થાય તો સંયમની વિરાધના થાય.

(૨) ગૃહસ્થોના ઘરની **વચ્ચેથી પસાર** થવું પડે અથવા ગૃહસ્થોના ઘર સાથે જોડાયેલા ઉપાશ્રય(સ્થાન)માં ગૃહસ્થોની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ, વિજાતીય આકર્ષણ, પરસ્પર સંકોચ વગેરે દોષોની સંભાવના છે.

(૩) જે સ્થાનમાં ગૃહસ્થ સ્ત્રીઓ પરસ્પર **ઝગડતી** હોય (૪) પરસ્પર **માલિશ કરતી** હોય (૫) સુગંધી દ્રવ્યો–પીઠી વગેરે **ચોળતી** હોય (૬) પરસ્પર પાણી ઉડાડતી હોય કે સ્નાન કરાવતી હોય કે **પરસ્પર અન્ય પ્રકારે ક્રીડા** કરતી હોય, તેવા સ્થાન બ્રહ્મચર્ય માટે બાધક હોવાથી સાધુને ત્યાં રહેવું કિંચિત પણ યોગ્ય નથી.

(૭) જે ઉપાશ્રયની દિવાલો વિવિધ પ્રકારના ચિત્રોથી સુશોભિત હોય, તેવા સ્થાનમાં ચિત્રદર્શન કરતાં સાધુ ચક્ષુરિન્દ્રિયના વિષયમાં આસક્ત બને, તેથી તેના સ્વાધ્યાય, ધ્યાન આદિ ક્રિયાઓમાં વિક્ષેપ થાય.

આ રીતે પ્રસ્તુત સૂત્રોમાં વર્ણિત સ્થાનોમાં રહેવામાં સાધુના સંયમ ભાવની કે વૈરાગ્યની અભિવૃદ્ધિ થતી નથી. સાધુને રહેવાનું સ્થાન એકાંત, શાંત, કોઈ પણ પ્રકારની શોભા કે સજાવટ વિનાનું, ગૃહસ્થોના આવાગમન રહિત અને ત્યાંના કોઈ પણ દશ્યો આત્મ પરિણામોને વિકૃત ન કરે તેવું વૈરાગ્ય વર્ધક હોય, તે જરૂરી છે.

**સંસ્તારક ગ્રહણ વિવેક :–**

**૧૩ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं एसित्तए । से जं पुण संथारगं जाणेज्जा– सअंडं** *जाव* **संताणगं, तहप्पगारं संथारगं लाभे संते णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સંસ્તારકની એટલે પાટ વગેરે ગવેષણા કરવાની ઈચ્છા કરે અને તે જાણે કે તે સંસ્તારક કીડી વગેરેના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે, તો તેવા પ્રકારના સંસ્તારક પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહિ.

**૧૪ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण संथारगं जाणेज्जा– अप्पंडं** *जाव* **संताणगं, गरुयं; तहप्पगारं संथारगं लाभे संते णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી એમ જાણે કે પાટ આદિ કીડીઓના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, પરંતુ તે ભારે છે તો તેવા પાટ-પાટલા આદિ પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહિ.

**૧૫ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण संथारगं जाणेज्जा– अप्पंडं** *जाव* **संताणगं, लहुयं, अपडिहारियं; तहप्पगारं संथारगं लाभे संते णो पडिगाहेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી એમ જાણે કે પાટ-પાટલા વગેરે કીડીઓના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, હળવા પણ છે, પરંતુ અપ્રતિહારિક છે– ગૃહસ્થ તેને પાછું લેવાની ઈચ્છા રાખતા નથી, તો તેવા પાટ- પાટલા વગેરે પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહિ.

**૧૬ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण संथारगं जाणेज्जा– अप्पंडं** *जाव* **संताणगं, लहुयं, पाडिहारियं, णो अहाबद्धं; तहप्पगारं संथारगं लाभे संते णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી એમ જાણે કે પાટ વગેરે કીડીઓના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, હળવા છે, પ્રાતિહારી–દાતા તેને પાછા સ્વીકારે પણ છે, પરંતુ મજબૂત નથી અર્થાત્ જીર્ણ-શીર્ણ, ડગમગતા છે, તો તેવા પ્રકારના પાટ-પાટલા વગેરે પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહિ.

**૧૭ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण संथारगं जाणेज्जा अप्पंडं** *जाव* **संताणगं, लहुयं, पाडिहारियं, अहाबद्धं; तहप्पगारं संथारगं लाभे संते पडिगाहेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી એમ જાણે કે સંસ્તારક– પાટ-પાટલા વગેરે કીડીઓ ઈંડા ***યાવત્*** કરોળિ

યાના જાળાથી રહિત છે, હળવા છે, પ્રાતિહારિક છે અને મજબૂત છે, તો આ પ્રકારના પાટ-પાટલા વગેરે પ્રાપ્ત થાય તો સાધુ ગ્રહણ કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને કલ્પનીય-અકલ્પનીય સંસ્તારક એટલે પાટ, પાટલા આદિ સંબંધી નિરૂપણ છે.

**संथारगं :–** સાધુ સૂવા, બેસવા આદિની ક્રિયા જેના ઉપર કરી શકે છે, તે સંસ્તારક કહેવાય છે. પ્રાકૃત શબ્દકોષમાં સંસ્તારક શબ્દના અનેક અર્થ આપ્યા છે– શય્યા, દર્ભ, ઘાસ, કુશ,પરાલ આદિની પથારી, પાટ, બાજોઠ, પાટીયું, રૂમ, પથ્થરની શિલા કે ઈંટ ચૂનાથી બનેલી શય્યા વગેરે. પ્રસ્તુત સૂત્રોના વર્ણન અનુસાર સંસ્તારક શબ્દ પ્રયોગ પાટ વગેરે ઉપકરણો માટે થયો છે અને તે અર્થ પ્રાસંગિક છે.

**સંસ્તારક :–** પાટ આદિ કોઈ પણ વસ્તુ ગ્રહણ કરતાં પહેલા સાધુએ વિવિધ રીતે તે વસ્તુનું પરીક્ષણ કરવું જોઈએ. સૂત્રકારે તેના માટે ચાર વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

(૧) **अप्पंडं**– જીવ રહિત. કીડી વગેરેના ઈંડા તથા જીવજંતુવાળા પાટ વગેરેમાં જીવવિરાધનાનો દોષ લાગે છે.

(૨) **लहुयं**– હળવું. પાટ વગેરે અત્યંત વજનદાર હોય, તો તેને લેવા-મૂકવામાં, પ્રતિલેખન, પ્રમાર્જન કરવામાં તકલીફ થાય છે. ક્યારેક લેતા-મૂકતા પડી જાય, તો વાગી જાય; તેનાથી જીવવિરાધના, સંયમ વિરાધના અને આત્મવિરાધના થાય છે.

(૩) **पाडिहारियं**– પ્રાતિહારિક. પાટ વગેરે અપ્રાતિહારિક હોય, ગૃહસ્થ તેને પાછા ન લે, તો સાધુ તેનું શું કરે ? તે પ્રશ્ન થાય છે. કોઈની વસ્તુ બીજાને આપી શકાતી નથી અને ઉપાશ્રયમાં જ મૂકીને સાધુ વિહાર કરી જાય, તોપણ સાધુને તેમ કરવાની શાસ્ત્રાજ્ઞા નથી.

વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે સાધુ એક જ હાથે આસાનીથી ઉપાડી શકે તેવા પાટ આદિ ઉપકરણોને ગૃહસ્થના ઘરેથી લાવે છે.

(૪) **अहाबद्धं**– મજબૂત. જો સંસ્તારકનું બંધન શિથિલ હોય અર્થાત્ પાટ આદિની ખીલીઓ ઢીલી પડી ગઈ હોય, એકાદ ખીલી નીકળી ગઈ હોય, તો અચાનક તે તૂટી જાય, તો સાધુને તકલીફ ઊભી થાય છે.

આ રીતે પાટ, પાટલા વગેરે જીવજંતુ રહિત હોય, સાધુ સ્વયં તેને ઉપાડી શકે તેવા હળવા હોય, ગૃહસ્થ તેને પાછા લઈ લેવા તૈયાર હોય અને તે મજબૂત હોય, તેવા પાટ વગેરેને સાધુ ગ્રહણ કરી શકે છે અને તેમાં સાધુની સમાધિ જળવાઈ રહે છે તથા સંયમ સાધના પુષ્ટ થાય છે.

**સંસ્તારક એષણાની ચાર પ્રતિમા :–**

**૧૮ इच्चेयाइं आयतणाइं उवाइकम्म; अह भिक्खू जाणेज्जा– इमाहिं चउहिं पडिमाहिं संथारगं एसित्तए–**

**तत्थ खलु इमा पढमा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा उद्दिसिय उद्दिसिय संथारगं जाएज्जा, तं जहा– इक्कडं वा कढिणं वा जंतुयं वा परगं वा मोरगं वा तणगं वा, कुसं वा कुच्चगं वा पिप्पलगं वा पलालगं वा । से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भगिणी ! ति वा; दाहिसि मे एत्तो**

**अण्णयरं संथारगं ? तहप्पगारं संथारगं सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं एसणिज्जं त्ति मण्णमाणे लाभे संते पडिगाहेज्जा। पढमा पडिमा ।**

**શબ્દાર્થ :–** **इक्कडं** = ઈક્કડ નામના ઘાસનો સંથારો **कढिणं** = વાંસની છાલમાંથી બનેલો **जंतुयं** = તૃણમાંથી બનેલો **परगं** = જેનાથી ફૂલાદિ ગૂંથવામાં આવે છે તેવું ઘાસ **मोरगं** = મોરપીંછ **तणगं** = ઘાસ વિશેષ(**सोरगं** = કોમળ ઘાસ વિશેષ) **कुसं** = દુર્વામાંથી બનેલો **कुच्चगं** = ઘાસ વિશેષ **पिप्पलगं** = પીપળાના પાનનો સંથારો **पलालगं** = પરાળનો સંથારો.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીએ શય્યા-સ્થાન અને સંસ્તારક સંબંધી દોષોને છોડીને આ ચાર પ્રતિમાઓથી– અભિગ્રહોથી સંસ્તારકની એટલે દર્ભાદિ ઘાસની કે પાટ આદિની ગવેષણા કરવી જોઈએ.

આ ચાર પ્રતિમાઓમાં પહેલી પ્રતિમા આ પ્રમાણે છે– સાધુ કે સાધ્વી પોતાના સંથારા-પથારી માટે આવશ્યક અને યોગ્ય(સૂકું) ઘાસ આદિના નામોલ્લેખ સાથે અભિગ્રહ ધારણ કરીને તેની યાચના કરે, જેમ કે– ઈક્કડ નામનું ઘાસ વિશેષ, કઢિણક-વાંસની છાલથી બનેલ સંથારો, જંતુક નામના ઘાસનો સંથારો, પરક-જેનાથી ફૂલાદિ ગૂંથવામાં આવે છે તેનો સંથારો, મોરગં-મોરપીંછથી બનેલો સંથારો, તેમજ તૃણ, કુશ, શર નામના ઘાસનો સંથારો(જેનો કૂચ બને છે.), પીપળાના પાનનો સંથારો અથવા પરાળનો સંથારો. આ ઘાસ આદિમાંથી જેને ગ્રહણ કરવાનો અભિગ્રહ કર્યો છે તે ઘાસનું નામ લઈને ગૃહસ્થને કહે કે– હે આયુષ્યમાન સદ્‌ગૃહસ્થ ભાઈ કે બહેન ! તમે મને આ સંથારામાંથી કોઈ સંથારો આપશો ? આ પ્રમાણે સંસ્તારકની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ યાચના કર્યા વિના જ આપે તો સાધુ તેને પોતાની પ્રતિમા અનુસાર પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે છે. આ પ્રથમ પ્રતિમા-પ્રતિજ્ઞા છે.

**૧૯ अहावरा दोच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा पेहाए संथारगं जाएज्जा, तं जहा– गाहावइं वा** *जाव* **कम्मकरिं वा । से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भगिणी ! ति वा दाहिसि मे एत्तो अण्णयरं संथारगं ? तहप्पगारं संथारगं सयं वा णं जाएज्जा परो वा से देज्जा; फासुयं एसणिज्जं** *जाव* **पडिगाहेज्जा । दोच्चा पडिमा ।**

**ભાવાર્થ :–** બીજી પ્રતિમા આ પ્રમાણે છે– સાધુ કે સાધ્વી સામે દેખાતા ઘાસ આદિને ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરીને તેની યાચના કરે, જેમ કે– ગૃહસ્થના ***યાવત્*** નોકરાણીના મકાનમાં રાખેલા સંથારાને જોઈને પહેલેથી જ આ પ્રમાણે યાચના કરે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે બહેન ! તમે મને આ(સામે દેખાતા) ઘાસ આદિમાંથી કોઈ ઘાસ આદિ આપશો ? આ રીતે પોતાના અભિગ્રહ પ્રમાણે સંથારાની સ્વયં યાચના કરે અથવા દાતા યાચના કર્યા વિના જ આપે, તો તેને પોતાની પ્રતિજ્ઞા અનુસાર પ્રાસુક તેમજ એષણીય જાણીને ગ્રહણ કરે. આ બીજી પ્રતિમા છે.

**૨૦ अहावरा तच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा जसुवस्सए संवसेज्जा जे तत्थ अहासमण्णागए, तं जहा– इक्कडे वा** *जाव* **पलाले वा, तस्स लाभे संवसेज्जा, तस्स अलाभे उक्कुडुए वा णेसज्जिए वा विहरेज्जा । तच्चा पडिमा।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ત્રીજી પ્રતિમા આ પ્રમાણે છે– સાધુ કે સાધ્વી જે ઉપાશ્રયમાં રહે, તે

ઉપાશ્રયમાં રહેલા ઈક્કડથી લઈને પરાલ સુધીના ઘાસ, પાટ વગેરેને ગ્રહણ કરવાનો અભિગ્રહ કરે, જો તે પ્રતિજ્ઞાનુસાર ઉપાશ્રયમાં તે સંસ્તારક હોય, તો માલિકની આજ્ઞા લઈને ગ્રહણ કરે અને યથાસ્થાને સંસ્તારકને પાથરે અને જો તે ઉપાશ્રયમાંથી સંસ્તારક પ્રાપ્ત ન થાય, તો ઉકડુ આસન અથવા પલાઠી આદિ આસનમાં બેસીને રાત્રિ પસાર કરે. આ ત્રીજી પ્રતિમા છે.

**૨૧ अहावरा चउत्था पडिमा– से भिक्खू वा भिक्खुणी वा अहासंथडमेव संथारगं जाएज्जा, तं जहा– पुढविसिलं वा कट्ठसिलं वा अहासंथडमेव, तस्स लाभे संवसेज्जा, तस्स अलाभे उक्कुडुए वा णेसज्जिए वा विहरेज्जा । चउत्था पडिमा।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચોથી પ્રતિમા આ પ્રમાણે છે– સાધુ કે સાધ્વી ઉપાશ્રયમાં પાથરેલા સંસ્તારકને ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરે અને તેવા સંસ્તારકની યાચના કરે, જેમ કે– પથ્થરની શિલા-શય્યા કે લાકડાના પાટ વગેરે જે જ્યાં પાથરેલા હોય તે સંથારાની ગૃહસ્થ પાસેથી યાચના કરે. જો તેવો પાથરેલો પોતાને યોગ્ય સંથારો પ્રાપ્ત થાય, તો તેના પર સૂવા આદિની ક્રિયા કરે અને જો ત્યાં કોઈ પણ સંથારો પાથરેલો ન હોય તો તે અભિગ્રહધારી ભિક્ષુ ઉક્કડુ આસન, પલાઠી તથા પદ્માસન આદિ આસનોમાં બેસીને રાત્રિ પસાર કરે. આ ચોથી પ્રતિમા છે.

**૨૨ इच्चेयाणं चउण्हं पडिमाणं अण्णयरं पडिमं पडिवज्जमाणे तं चेव** *जाव* **अण्णोण्णसमाहिए एवं च णं विहरंति ।**

**ભાવાર્થ :–** આ ચારે ય પ્રતિમાઓમાંથી કોઈ એક પ્રતિમાને ધારણ કરીને વિચરણ કરનાર સાધુ અન્ય પ્રતિમાધારી સાધુઓની નિંદા કે અવહેલના કરે નહિ(અર્થાત્ પ્રતિજ્ઞા ન લેનાર કે સરળ પ્રતિજ્ઞા કરનારની નિંદા કરે નહિ), પરંતુ સર્વ સાધુઓ પોત-પોતાની ક્ષમતાનુસાર અભિગ્રહ ધારણ કરીને જિનેશ્વર ભગવાનની આજ્ઞામાં વિચરે છે; એમ સમતા ભાવ રાખીને દરેક પડિમાધારી સાધુ સમાધિપૂર્વક વિચરણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંસ્તારક વિષયક ચાર પ્રતિજ્ઞાઓનું પ્રતિપાદન છે. વ્યાખ્યાગ્રંથમાં તેના નામ આ પ્રમાણે દર્શાવ્યા છે– (૧) ઉદ્દિષ્ટા (૨) પ્રેક્ષ્યા (૩) વિદ્યમાના અને (૪) યથાસંસ્તૃતરૂપા. આ ચારે નામ સૂત્રોક્ત વર્ણનને અનુરૂપ છે.

**(૧) ઉદ્દિષ્ટા–** પાટિયાદિ જે સંસ્તારક સાધુને કલ્પનીય છે, તેમાંથી કોઈ એક, બે આદિનો નામોલ્લેખ કરીને યાચના કરે, તે પ્રાપ્ત થાય, તો જ ગ્રહણ કરે. **(૨) પ્રેક્ષ્યા–** જે સર્વ સંથારાના નામ કહ્યા છે તે સંથારામાંથી સામે દેખાય તેની જ યાચના કરે, સામે ન દેખાય તો યાચના ન કરે. **(૩) વિદ્યમાના–** ઉપાશ્રયમાં જે સંસ્તારક હોય તે જ ગ્રહણ કરે, પણ ક્યાંય બહાર લેવા ન જાય. આ રીતે ન મળે તો તે પ્રતિમાધારક સાધુ પદ્માસનાદિ કોઈ પણ આસને બેસીને રાત્રિ પસાર કરે, પરંતુ સૂવે નહીં. **(૪) યથાસંસ્તૃતરૂપા–** ઉપાશ્રયમાં સહજરૂપે પાથરેલા હોય, તેવા ઘાસ, પાટ વગેરે ગ્રહણ કરીને તેના પર શયન આદિ ક્રિયા કરે, આ રીતે ન મળે તો તે પ્રતિમાધારક સાધુ પદ્માસનાદિ કોઈ પણ આસને બેસીને રાત્રિ પસાર કરે, પરંતુ સૂવે નહીં.

**अहासंथडमेव :–** યથાસંસ્તૃત. જે સંસ્તારક સ્વાભાવિક રીતે જ્યાં જે રીતે પાથરેલો હોય તે જ રીતે તેનો ઉપયોગ કરવો, જેમ કે– પૃથ્વીશિલા, આરસ વગેરે કોઈ પણ પથ્થરનો ઓટલો બનાવેલો હોય અથવા લાકડાની પાટ કે પાટિયું જ્યાં જેમ પાથરેલું હોય તેને પોતાની ઈચ્છાનુસાર આઘું-પાછું કર્યા વિના તે જ રૂપે ઉપયોગ કરવો, તે યથાસંસ્તૃત સંસ્તારક છે.

**સંસ્તારકને પાછા આપવાનો વિવેક :–**

**૨૩ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं पच्चप्पिणित्तए । से जं पुण संथारगं जाणेज्जा– सअंडं *जाव* ससंताणगं, तहप्पगारं संथारगं णो पच्चप्पिणेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી(પાઢીહારો લાવેલો) સંથારો-પથારી દાતાને પાછા આપવા ઈચ્છે ત્યારે તે સંથારામાં કીડી આદિના ઈંડા કે કરોળિયાના જાળા આદિ હોય, તો તે સમયે તે સંથારો પાછો આપે નહિ.

**૨૪ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं पच्चप्पिणित्तए । से जं पुण संथारगं जाणेज्जा– अप्पंडं *जाव* संताणगं, तहप्पगारं संथारगं पडिलेहिय पडिलेहिय पमज्जिय-पमज्जिय आयाविय-आयाविय विहुणिय-विहुणिय तओ संजयामेव पच्चप्पिणेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાઢીહારો લાવેલો સંથારો દાતાને પાછા આપવા ઈચ્છે, ત્યારે જાણે કે તે સંથારો કીડી આદિના ઈંડા કે કરોળિયાના જાળાથી રહિત છે, તો તેવા પ્રકારના સંથારાનું સારી રીતે પડિલેહણ તથા પ્રમાર્જન કરે. આવશ્યક હોય તો સૂર્યના તાપમાં તપાવીને તેમજ યત્નાપૂર્વક ખંખેરીને ત્યાર પછી ગૃહસ્થને વિવેક સહિત પાછો આપે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંથારાને પાછા આપવાના સમયનો સાધુનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

(૧) પાઢીહારો સંથારો જો જીવજંતુવાળા હોય, તો તે સમયે તેને પાછો આપે નહિ.

(૨) જો તે સંથારો જીવજંતુઆદિથી રહિત હોય તોપણ તેને જોયા વિના પાછો આપે નહિ.

(૩) સંથારાને પાછો સોંપતા પહેલા સારી રીતે જોઈને, ખંખેરીને, જીવ-જંતુથી રહિત કરે. જો તેમાં સૂક્ષ્મ જીવજંતુ ભરાઈને બેસી ગયા હોય, ખંખેરવાથી નીકળ્યા ન હોય, તો સંસ્તારકને સૂર્યના તાપમાં તપાવે, જેથી તેમાં ભરાઈને રહેલા જીવો બહાર નીકળી જાય છે. આ રીતે પૂર્ણ પણે જીવરહિત, શુદ્ધ કરીને સારી સ્થતિમાં તેને પાછો આપે.

પ્રસ્તુત સૂત્રો દ્વારા સાધુ જીવનની વ્યવહાર શુદ્ધિ પ્રગટ થાય છે. જો સંસ્તારકને સાફ કર્યા વિના જ ગૃહસ્થને પાછો આપે, તો ગૃહસ્થ તેની સાફ-સફાઈ અયતનાપૂર્વક કરે, તેનાથી સાધુને પશ્ચાત્કર્મ દોષ લાગે તેમજ ગૃહસ્થને ક્યારેક સાધુ પ્રતિ રોષ કે અભાવ પણ થાય, તેથી ગૃહસ્થ પાસેથી લીધેલી પાઢ ીહારી કોઈ પણ વસ્તુ સાધુ-સાધ્વીએ વ્યવસ્થિત રૂપે યથાસમયે પાછી સોંપવી જોઈએ.

સાધુના ઉપરોક્ત પ્રકારના ઔચિત્ય પાલનથી અહિંસા અને સંયમનું પાલન થાય છે અને ગૃહસ્થને સાધુ પ્રતિ શ્રદ્ધાભાવ અખંડ રહે છે.

**સ્થંડિલભૂમિ પ્રતિલેખના :–**

**૨૫ से भिक्खू वा भिक्खुणी वा समाणे वा वसमाणे वा गामाणुगामं दूइज्जमाणे वा पुव्वामेव पण्णस्स उच्चार-पासवणभूमिं पडिलेहेज्जा ।**

**केवली बूया– आयाणमेयं ।**

**अपडिलेहियाए उच्चार-पासवणभूमीए, भिक्खू वा भिक्खुणी वा राओ वा वियाले वा उच्चार-पासवणं परिट्ठवेमाणे पयलेज्ज वा पवडेज्ज वा, से तत्थ पयलमाणे वा पवडमाणे वा हत्थं वा पायं वा *जाव* लूसेज्जा; पाणाणि वा *जाव* ववरोएज्जा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा, एस हेऊ, एस कारणं, एस उवएसो, जं पुव्वामेव पण्णस्स उच्चार-पासवणभूमिं पडिलेहेज्जा ।**

**ભાવાર્થ :–** પ્રજ્ઞાવંત સાધુ કે સાધ્વી સ્થિરવાસ રહેવા માટે, ચાતુર્માસ કલ્પ રહેવા માટે અથવા ગ્રામાનુગ્રામ વિહાર કરતા માસ કલ્પ રહેવા માટે મકાન ગ્રહણ કરે ત્યારે તેની સાથે ઉપાશ્રયની નજીકમાં સ્થંડિલભૂમિ– મળ-મૂત્રના ત્યાગની જગ્યાને પહેલેથી જ સારી રીતે જોઈ લેવી જોઈએ, કારણ કે સ્થંડિલભૂમિનું પ્રતિલેખન ન કરવું, તે કર્મબંધનું કારણ છે તેમ કેવળી ભગવાને કહ્યું છે.

પ્રતિલેખન વિનાની સ્થંડિલ ભૂમિમાં કોઈ પણ સાધુ કે સાધ્વી રાત્રિમાં કે વિકાલમાં મળ મૂત્રાદિ પરઠવા જતાં લપસી જાય કે પડી જાય, તેના હાથ-પગ વગેરે શરીરાવયવ પર ચોંટ લાગે, હાડકા ભાંગે અને ત્યાં રહેલા પ્રાણી ભૂત, જીવ કે સત્ત્વોની હિંસા થાય છે.

તેથી તીર્થંકરાદિ આપ્ત પુરુષોએ પહેલેથી જ ભિક્ષુઓ માટે આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુએ ઉપાશ્રયમાં રહેતા પહેલાં મળ, મૂત્રના ત્યાગની જગ્યાનું અવશ્ય પ્રતિલેખન કરી લેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્થંડિલભૂમિના પ્રતિલેખનનું મહત્ત્વ સમજાવ્યું છે. સાધુએ પોતાના નિવાસ સ્થાનમાં સ્થંડિલભૂમિની પ્રતિલેખના કરવી, તે સાધુ સમાચારીનું મહત્ત્વપૂર્ણ અંગ છે. તેની ઉપેક્ષા કરનાર સાધુ સ્વ-પર વિરાધના અને સંયમવિરાધના કરે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્થંડિલ ભૂમિની શુદ્ધિ માટે દશ બોલનું કથન છે– (૧) જ્યાં લોકોનું આવાગમન ન હોય, કોઈની દૃષ્ટિ પડતી ન હોય (૨) જે જગ્યાનો ઉપયોગ કરવાથી બીજાને કષ્ટ કે નુકશાન થતું ન હોય (૩) જે ભૂમિ સમ હોય અર્થાત્ ઊંચી-નીચી ન હોય (૪) જ્યાં ઘાસ કે પાંદડા ન હોય કે ભૂમિ પોલાણવાળી ન હોય. (૫) નિકટ કાલમાં અચિત્ત થયેલી ભૂમિ હોય (૬) તે જગ્યા અતિ સાંકડી ન હોય (૭) જે ભૂમિ ચાર અંગુલ પ્રમાણ નીચે સુધી અચિત્ત હોય (૮) ગામથી દૂર હોય (૯) ઉંદર આદિના દર ન હોય અને (૧૦) જ્યાં ત્રસ પ્રાણી કે બીજ વગેરે ન હોય. આ દશ બોલથી વિશુદ્ધ સ્થંડિલભૂમિમાં પરઠવાની અનિવાર્ય ક્રિયા સાધુ નિર્દોષ રૂપે કરી શકે છે.

**શયન વિધિ વિવેક :–**

**२६ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा सेज्जासंथारगभूमिं पडिलेहित्तए , अण्णत्थ आयरिएण वा उवज्झाएण वा *जाव* गणावच्छेइएण वा; बालेण वा वुड्ढेण वा सेहेण वा गिलाणेण वा आएसेण वा; अंतेण वा मज्झेण वा समेण वा विसमेण वा पवाएण वा णिवाएण वा; तओ संजयामेव पडिलेहिय-पडिलेहिय पमज्जिय-पमज्जिय बहुफासुयं सेज्जासंथारगं संथरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને શય્યા-સંસ્તારક(પથારી) પાથરવાની ઈચ્છા હોય, તો તેઓ આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર, ગણાવચ્છેદક, બાળ સાધુ, વૃદ્ધ, શૈક્ષ(નવદીક્ષિત), ગ્લાન તેમજ અતિથિ સાધુની જગ્યાને છોડીને અર્થાત્ આચાર્યાદિ સાધુઓ પોતાની જગ્યા નક્કી કરીને પથારી કરી લે, ત્યાર પછી(સાધુ-સાધ્વી) પોતાની જગ્યા ગ્રહણ કરે. ઉપાશ્રયની અંદર, વચ્ચે, સમ કે વિષમ સ્થાનમાં, હવાવાળી જગ્યામાં કે હવારહિતની જગ્યામાં ઉપરોક્ત સાધુઓના સ્થાન ગ્રહણ કર્યા પછી ભૂમિનું સારી રીતે યતનાપૂર્વક પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કરીને પૂર્ણતઃ પ્રાસુક શય્યાસંસ્તારકને યત્નાપૂર્વક બિછાવે.

**૨૭ से भिक्खू वा भिक्खुणी वा बहुफासुयं सेज्जासंथारगं संथरित्ता अभिकंखेज्जा बहुफासुए सेज्जासंथारए दुरुहित्तए । से भिक्खू वा भिक्खुणी वा बहुफासुए सेज्जासंथारए दुरुहमाणे, से पुव्वामेव ससीसोवरियं कायं पाए य पमज्जिय पमज्जिय तओ संजयामेव बहुफासुए सेज्जासंथारए दुरुहेज्जा, दुरुहेत्ता तओ संजयामेव बहुफासुए सेज्जासंथारए सएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પૂર્ણ રીતે પ્રાસુક શય્યા સંથારાને વિધિપૂર્વક પાથરીને તેના પર શયન કરવાની ઈચ્છા કરે, ત્યારે તેના ઉપર બેસતાં કે સૂતાં પહેલા મસ્તકથી લઈને પગ સુધીના શરીરના સર્વ અવયવોનું સારી રીતે પ્રમાર્જન કરીને પછી યત્નાપૂર્વક તે પ્રાસુક શય્યા-સંથારા ઉપર બેસે અને ત્યાર પછી યત્નાપૂર્વક શયન કરે.

**૨૮ से भिक्खू वा भिक्खुणी वा बहुफासुए सेज्जासंथारए सयमाणे णो अण्णमण्णस्स हत्थेण हत्थं, पाएण पायं, काएण कायं आसाएज्जा । से अणासायमाणे तओ संजयामेव बहुफासुए सेज्जासंथारए सएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પૂર્ણ રીતે પ્રાસુક શય્યા-સંથારા ઉપર સૂવે ત્યારે પરસ્પર એકબીજાના હાથથી હાથનો, પગથી પગનો અને શરીરથી શરીરનો સ્પર્શ કરીને આશાતના કરે નહિ. એકબીજાની આશાતના કર્યા વિના યત્નાપૂર્વક પ્રાસુક શય્યા-સંથારા ઉપર શયન કરે.

**૨૯ से भिक्खू वा भिक्खुणी वा ऊसासमाणे वा णीसासमाणे वा कासमाणे वा छीयमाणे वा जंभायमाणे वा; उड्डुए वा वायणिसग्गे वा करेमाणे पुव्वामेव आसयं वा पोसयं वा पाणिणा परिपिहेत्ता तओ संजयामेव ऊससेज्ज वा** *जाव* **वायणिसग्गं वा करेज्जा ।**

**શબ્દાર્થ :–** **कासमाणे** = ખાંસી-ઉધરસ ખાતાં **छीयमाणे** = છીંક ખાતાં **जंभायमाणे** = બગાસું ખાતાં **उड्डुए** = ઓડકાર ખાતાં **वायणिसग्गे वा करेमाणे** = અધોવાયુ છોડતાં **पुव्वामेव** = પહેલાં જ **आसयं** = મુખને **पोसयं** = ગુદાને **पाणिणा** = હાથથી **परिपिहेत्ता** = ઢાંકીને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી શય્યા-સંસ્તારક પર સૂતા હોય કે બેઠા હોય ત્યારે ઉશ્વાસ અને નિશ્વાસ લેતાં, ઉધરસ ખાતાં, છીંક ખાતાં કે બગાસું ખાતાં, ઓડકાર ખાતાં અથવા અધોવાયુ છોડતાં પહેલાં જ મુખને કે ગુદાને હાથથી સારી રીતે ઢાંકીને યત્નાપૂર્વક ઉચ્છ્વાસાદિ છોડે અથવા અપાનવાયુને છોડે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે શય્યા સંસ્તારકના ઉપયોગના વિષયમાં વિવેક પ્રદર્શિત કર્યો છે.

(૧) આચાર્યાદિ અગિયાર વિશિષ્ટ સાધુઓ માટે શય્યા-સંથારાની ભૂમિને છોડીને શેષભૂમિમાં યત્નાપૂર્વક બહુ પ્રાસુક શય્યા સંથારાને પાથરે.

સાધુની પ્રત્યેક ક્રિયામાં રત્નાધિક સાધુઓનો વિનય તથા સહવર્તી તપસ્વી, ગ્લાન, શૈક્ષ-નવદીક્ષિત કે અતિથિ સાધુઓ પ્રતિ સદ્ભાવ જરૂરી છે, તેથી ગુરુકુળવાસી સર્વ સહવર્તી સાધુઓની અનુકૂળતાને લક્ષમાં રાખીને પોતાની પથારી પાથરે છે. તેનાથી પારસ્પરિક પ્રેમ અને વાત્સલ્યભાવ અભિવ્યક્ત થાય છે.

(૨) શય્યા-સંથારા ઉપર બેસતા સમયે મસ્તકથી લઈને પગ સુધીનું પ્રમાર્જન કરે, જેથી શરીર પર કોઈ ક્ષુદ્ર જંતુઓ ચઢી ગયા હોય, તો તેની રક્ષા થાય છે.

(૩) યત્નાપૂર્વક શય્યા-સંથારા ઉપર સૂવાના સમયે કે સૂતા પછી ઊંઘમાં પોતાના હાથ, પગ અને શરીર અન્ય સાધુના હાથ, પગ અને શરીરને અડી ન જાય, અથડાઈ ન જાય, તેનું ધ્યાન રાખે.

આવા પ્રકારની પ્રવૃત્તિથી અન્ય સાધુની આશાતના થાય છે તથા શારીરિક કુચેષ્ટા તથા અવિનય પ્રગટ થાય છે. તેનાથી મનોવૃત્તિની ચંચળતા અને મોહનીય કર્મની ઉદીરણા થાય છે તેથી સાધુ શયન સમયે અન્ય સાધુઓના શરીરનો સ્પર્શ ન થાય, તે રીતે વિવેકપૂર્વક અનુકૂળતા પ્રમાણે જગ્યા રાખીને સૂએ, અત્યંત નજીક ન સૂએ.

(૪) સૂવાના સમયે શય્યા ઉપર બેઠા પછી કે શરીર લંબાવ્યા પછી જો દીર્ઘ શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવાના સમયે તથા ઉધરસ, છીંક, બગાસું, ઓડકાર, અધોવાયુ છૂટવા વગેરે શરીર સંબંધી સ્વાભાવિક થતી ક્રિયાઓના વેગ સમયે હાથથી તે સ્થાનને ઢાંકીને યતનાપૂર્વક તે ક્રિયાઓ કરે. આ રીતે કરવામાં વાયુકાયના જીવોની યતના થાય છે અને સાધુનો વિવેક જળવાય રહે છે.

આ રીતે સાધુની કોઈ પણ ક્રિયા કર્મબંધનું કારણ ન બને, તે માટે સાધુ હંમેશાં સજગ અને સાવધાન રહે છે.

**શય્યા સમભાવ :–**

**૩૦ से भिक्खू वा भिक्खुणी वा समा वेगया सेज्जा भवेज्जा, विसमा वेगया सेज्जा भवेज्जा, पवाया वेगया सेज्जा भवेज्जा, णिवाया वेगया सेज्जा भवेज्जा, ससरक्खा वेगया सेज्जा भवेज्जा, अप्पससरक्खा वेगया सेज्जा भवेज्जा, सदंस-मसगा वेगया सेज्जा भवेज्जा, अप्पदंस-मसगा वेगया सेज्जा भवेज्जा, सपरिसाडा वेगया सेज्जा भवेज्जा, अपरिसाडा वेगया सेज्जा भवेज्जा, सउवसग्गा वेगया सेज्जा भवेज्जा, णिरुवसग्गा वेगया सेज्जा भवेज्जा, तहप्पगाराहिं सेज्जाहिं संविज्जमाणाहिं पग्गहियतरागं विहारं विहरेज्जा । णो किंचि वि गिलाएज्जा ।**

**શબ્દાર્થ :–** **वेगया** = કોઈ સમયે, ક્યારેક **समासेज्जा भविज्जा** = સમ શય્યા મળે છે **विसमा** = વિષમ **ससरक्खा** = રજયુક્ત, ધૂળ ભરેલી શય્યા **सपरिसाडा** = ચૂના માટી ખરતા હોય તેવી જીર્ણ-શીર્ણ

શય્યા **अपरिसाडा** = મજબૂત શય્યા **संविज्जमाणाहिं** = જે જેવી શય્યા પ્રાપ્ત થાય **पग्गहियतरागं** = તેને ગ્રહણ કરીને, તેમાં વિશુદ્ધ ભાવોથી **विहारं विहरेज्जा** = સમાધિપૂર્વક રહે **णो किंचि वि गिलाएज्जा** = તેમાં જરા માત્ર પણ ખેદ પામે નહિ.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી સમાન શય્યા(સમથળ ભૂમિ) મળે; વિષમ શય્યા મળે, હવાવાળી જગ્યા મળે, હવા વગરની જગ્યા મળે, ધૂળવાળો ઉપાશ્રય મળે, ધૂળ રહિત સ્વચ્છ સ્થાન મળે; ડાંસ, મચ્છરાદિ હોય તેવું સ્થાન મળે, ડાંસ મચ્છરાદિથી રહિત સ્થાન મળે; જીર્ણ, શીર્ણ, ધૂળ આદિ ખરતા હોય તેવું મકાન મળે, નવું સુંદર મકાન મળે; ઉપસર્ગવાળી જગ્યા મળે, ઉપસર્ગ રહિતની જગ્યા મળે; આ સર્વ પ્રકારની સમ, વિષમાદિ જે પ્રકારની શય્યા(સ્થાન) મળે તેમાં સાધુ સમભાવ રાખીને રહે, પરંતુ મનમાં જરા પણ ખેદ કે ગ્લાનિનો અનુભવ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને શય્યાના વિષયમાં પૂર્ણ રીતે સમભાવ રાખવાનું સૂચન છે.

સાધુ જીવનમાં કેટલા ય ઉતાર-ચઢાણ આવે છે. સાધુને રહેવા માટે ક્યારેક સારું, સુંદર, હવાવાળું, સ્વચ્છ, નવું, રંગરોગાન કરેલું, મચ્છરાદિના ઉપદ્રવોથી રહિત, શાંત, એકાંત, સ્થાન મળે તો ક્યારેક બિલકુલ ખંડેર જેવું, કે ઠંડીની ઋતુમાં ચારેબાજુથી ખુલ્લું અથવા ગરમીની ઋતુમાં ચારે બાજુથી બંધ, કચરાવાળું, ડાંસ, મચ્છરથી યુક્ત, જીર્ણ,શીર્ણ મકાન મળે છે. આ રીતે અનુકૂળતા કે પ્રતિકૂળતાની પ્રાપ્તિમાં સાધુની ધૈર્યતાની, સમભાવની, સહિષ્ણુતાની કસોટી થાય છે. સ્થાન સારું કે ખરાબ મળે તે સમયે સાધુ હર્ષ કે શોક કરે નહિ, પરંતુ શાંતિ અને સમતાપૂર્વક **किमेग राइं करिस्सइ एवं तत्थ अहियासए** = એક રાત્રિમાં શું થઈ જવાનું છે તેમ વિચારીને સાધુ દરેક પરિસ્થિતિમાં સમભાવ રાખે છે. પ્રશસ્ત શય્યા ઉપર રાગ થવાથી અને અપ્રશસ્ત શય્યા ઉપર દ્વેષ થવાથી કર્મબંધ થાય છે, તેમ જાણી સાધુ રાગ-દ્વેષના પરિણામોથી દૂર રહે.

**ઉપસંહાર :–**

**૩૧ एवं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ શય્યૈષણા વિવેક તે સાધુ-સાધ્વીની આચાર-સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિઓથી યુક્ત અને જ્ઞાનાદિના ઉપયોગ સહિત થઈને નિરંતર સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૨/૩ સંપૂર્ણ ॥**

**॥ બીજું અધ્યયન સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **ઈર્યા** છે.

**ईर्या– ईरणं इर्या गमनमित्यर्थः** । ઈર્યા એટલે ગમન કરવું. સાધનાને ગતિશીલ રાખવા માટે આહારાદિની પ્રાપ્તિ માટે કે અન્ય સંયમ વિધિઓના પાલન માટે શાસ્ત્રોક્ત નિયમાનુસાર યતનાપૂર્વક ગમન કરવું, તે ઈર્યા છે.

સત્તર પ્રકારના સંયમના પાલન સાથે સમ્યક પ્રકારે ગતિ કરવી, તે **ઈર્યા સમિતિ** છે. તેના ચાર ભેદ છે– (૧) આલંબન (૨) કાલ (૩) માર્ગ (૪) યતના.

**૧.** શાસન, સંઘ, ગચ્છ આદિની સેવાના પ્રયોજનથી કે જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના માટે જ સાધુ ગમનાગમન કરે છે. **૨.** ગતિ કરવા યોગ્ય કાલમાં અર્થાત્ ઈર્યા સમિતિનું પાલન થઈ શકે તેવો સૂર્યનો પ્રકાશ થાય, ત્યાર પછી જ સાધુ ગમનાગમનની ક્રિયાઓ કરે છે. **૩.** સાધુ ગમન યોગ્ય સુમાર્ગ પર ગમન કરે. **૪.** જીવદયાની ભાવનાથી છકાય જીવોની રક્ષા કરતાં યતનાપૂર્વક ગમન કરે છે.

ધર્મ અને સંયમના આધારભૂત શરીરની સુરક્ષા માટે પિંડ અને શય્યાની જેમ ઈર્યાની પણ આવશ્યકતા છે. પહેલા બે અધ્યયનોમાં પિંડવિશુદ્ધિ અને શય્યાવિશુદ્ધિના ગુણદોષોને કહ્યા છે. તે જ રીતે આ અધ્યયનમાં ઈર્યા વિશુદ્ધિનું વિસ્તૃત વર્ણન કર્યું છે. ઈર્યા અધ્યયનના ત્રણ ઉદ્દેશક છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** વર્ષાકાળમાં એક સ્થાનમાં નિવાસ તથા શેષકાળમાં વિહારના ગુણદોષોનું નિરૂપણ છે. તે ઉપરાંત વર્ષાવાસ યોગ્ય ક્ષેત્ર, નૌકારોહણની વિધિ વગેરે વિષયોનું વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં** નૌકારોહણમાં આવતા ઉપસર્ગો અને તે સમયે સાધુના કર્તવ્યો, થોડા પાણીમાં ચાલવાની યતના તથા સાધુને વિષમ માર્ગમાં જવાનો નિષેધ; વગેરે વિષયોનું કથન કર્યું છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** વિહાર સમયે સાધુ માટે પ્રેક્ષા સંયમ, ભાષા સંયમ, રત્નાધિકો સાથેનો વિનય વ્યવહાર તેમજ ચોર-લૂંટારા આદિના ભયજનક પ્રસંગોમાં સાધુને નિર્ભયતાપૂર્વક સમભાવમાં રહેવાનું સૂચન કર્યું છે.

આ રીતે ઈર્યા–ગમનાગમનની વિસ્તૃત વિધિ પ્રદર્શિત કરતું આ અધ્યયન પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન : ઈર્યા

## પ્રથમ ઉદ્દેશક

**વર્ષાવાસ–વિહારચર્યા :–**

**१ से भिक्खु वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– अब्भुवगए खलु वासावासे अभिपवुट्ठे, बहवे पाणा अभिसंभूया, बहवे बीया अहुणुब्भिण्णा, अंतरा से मग्गा बहुपाणा बहुबीया** *जाव* **संताणगा, अणभिकंता पंथा, णो विण्णाया मग्गा, सेवं णच्चा णो गामाणुगामं दूइज्जेज्जा, तओ संजयामेव वासावासं उवल्लिएज्जा ।**

**શબ્દાર્થ :–** **अब्भुवगए** = અભ્યુદ્‌ગતઃ- નજીક આવી ગયો છે **अभिपवुट्ठे** = વરસાદ થઈ ગયો છે **बहवे पाणा** = ઘણાં વિકલેન્દ્રિય પ્રાણીઓ **अभिसंभूया** = ઉત્પન્ન થઈ ગયા છે **बहवे बीया** = ઘણા બીજો **अहुणुब्भिण्णा** = અંકુરિત થઈ ગયા છે (અંકુરા ઊગી ગયા છે) **अणभिक्कंता पंथा** = લોકોના ગમનાગમનના અભાવે રસ્તો અટકી ગયો છે **णो विण्णाया मग्गा** = રસ્તો દેખાતો ન હોય **वासावासं** = ચોમાસા યોગ્ય ક્ષેત્રમાં, વર્ષાકાળ **उवल्लिएज्जा** = રહી જાય, રોકાઈ જાય.

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વી આ પ્રમાણે જાણે કે વર્ષાવાસનો સમય નજીક આવી ગયો છે અને વરસાદ થઈ ગયો છે, તેથી રસ્તામાં ઘણા જીવો ઉત્પન્ન થઈ ગયા છે તથા ઘણા બીજ ઊગી ગયા છે; માર્ગ ઘણા પ્રાણી, ઘણા બીજ ***યાવત્*** કરોળિયાના જાળા આદિથી યુક્ત થઈ ગયો છે; વરસાદના કારણે રસ્તા ચાલવા યોગ્ય રહ્યા નથી, માર્ગનો ખ્યાલ આવતો નથી; આ પ્રકારની પરિસ્થિતિને જાણીને સાધુ એક ગામથી બીજે ગામ વિહાર કરે નહિ, પરંતુ યતનાપૂર્વક ચાતુર્માસ માટે એક સ્થાને રહી જાય.

**२ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– गामं वा** *जाव* **रायहाणिं वा, इमंसि खलु गामंसि वा** *जाव* **रायहाणिंसि वा णो महई विहारभूमी, णो महई वियारभूमी, णो सुलभे पीढ-फलग-सेज्जा-संथारए, णो सुलभे फासुए उंछे अहेसणिज्जे, बहवे जत्थ समण-माहण-अतिहि-किवण-वणीमगा उवागया उवागमिस्संति य, अच्चाइण्णा वित्ती, णो पण्णस्स णिक्खमणपवेसाए** *जाव* **चिंताए । सेवं णच्चा तहप्पगारं गामं वा णगरं वा** *जाव* **रायहाणिं वा णो वासावासं उवल्लिएज्जा ।**

**ભાવાર્થ :–** વર્ષાવાસ રહેનાર સાધુ કે સાધ્વી તે ગામ ***યાવત્*** રાજધાનીની પરિસ્થિતિ સારી રીતે જાણી લે, જેમ કે– આ ગામ કે નગરમાં ***યાવત્*** રાજધાનીમાં એકાંત સ્વાધ્યાય કરવા માટે કોઈ વિશાળ જગ્યા નથી, ગામ આદિની બહાર સ્થંડિલભૂમિ– મળ-મૂત્રના ત્યાગ માટેની યોગ્ય જગ્યા નથી, અહીં

લોકો પાસે બાજોઠ, પાટિયા, શય્યા, સંસ્તારક આદિ સરળતાથી પ્રાપ્ત થઈ શકતા નથી, પ્રાસુક અને નિર્દોષ આહાર મળવો પણ અહીં સુલભ નથી, તે ઉપરાંત અહીં ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, દરિદ્ર અને ભિખારી આવેલા છે અને બીજા પણ આવવાના છે. આ રીતે ભિક્ષાચરોથી આ ગ્રામ આદિ આકીર્ણ છે, અહીં રસ્તાઓ ઘણી ભીડવાળા છે, તેથી સાધુ-સાધ્વીને ગોચરી, સ્વાધ્યાયાદિ આવશ્યક કાર્ય માટે નીકળવું કે પ્રવેશવું મુશ્કેલ છે ***યાવત્*** સ્વાધ્યાયાદિ માટે પણ(આ ગામ) યોગ્ય નથી, તો તેવા ગામાદિમાં સાધુ, સાધ્વી ચાતુર્માસ માટે રહે નહિ.

**૩ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– गामं वा** *जाव* **रायहाणिं वा, इमंसि खलु गामंसि वा** *जाव* **रायहाणिंसि वा महई विहारभूमी, महई वियारभूमी, सुलभे जत्थ पीढ-फलग-सेज्जा-संथारए, सुलभे फासुए उंछे अहेसणिज्जे, णो जत्थ बहवे समण** *जाव* **उवागमिस्संति य, अप्पाइण्णा वित्ती, पण्णस्स णिक्खमण पवेसाए** *जाव* **चिंताए, सेवं णच्चा तहप्पगारं गामं वा** *जाव* **रायहाणिं वा तओ संजयामेव वासावासं उवल्लिएज्जा ।**

**ભાવાર્થ :–** વર્ષાવાસ કરનાર સાધુ-સાધ્વી જાણે કે આ ગામ ***યાવત્*** રાજધાનીમાં સ્વાધ્યાય યોગ્ય વિશાળ જગ્યા છે; પરઠવા યોગ્ય સ્થંડિલ ભૂમિ છે; બાજોઠ, પાટ-પાટલા, શય્યા-સંસ્તારકાદિ સુલભ છે; પ્રાસુક, નિર્દોષ તેમજ એષણીય આહાર પાણી પણ સુલભ છે અને ઘણા ભિક્ષાચરો ત્યાં આવ્યા નથી અને આવવાના નથી, માટે ભિક્ષાવૃત્તિમાં યાચકોની આકીર્ણતા નથી(અથવા રસ્તાઓ પર લોકોની ભીડ નથી) ***યાવત્*** ત્યાં સુખપૂર્વક સ્વાધ્યાય થઈ શકે છે, તેવા ગામ ***યાવત્*** રાજધાનીમાં સાધુ કે સાધ્વી વર્ષાવાસ માટે રહે છે.

**૪ अह पुणेवं जाणेज्जा– चत्तारि मासा वासाणं वीइक्कंता, हेमंताण य पंच-दस-रायकप्पे परिवुसिए, अंतरा से मग्गा बहुपाणा** *जाव* **संताणगा, णो जत्थ बहवे समण** *जाव* **उवागमिस्संति य, सेवं णच्चा णो गामाणुगामं दूइज्जेज्जा।**

**શબ્દાર્થ :–** **वीइक्कंता** = પસાર થઈ જવા પર **हेमंताण य पंच-दस-रायकप्पे** = હેમંતૠતુના પાંચ,દશ દિવસ **परिवुसिए** = વ્યતીત થયા છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે ચોમાસાના ચાર મહીના પસાર થઈ ગયા છે અને હેમંત–શિષિર ૠતુના પાંચ-દસ દિવસ વ્યતીત થઈ ગયા છે, પરંતુ માર્ગમાં હજુ ઘણા પ્રાણી ***યાવત્*** કરોળીયાના જાળા આદિ છે અને શ્રમણ આદિ ભિક્ષુઓનું આવાગમન પણ થયું નથી, તો સાધુ ગ્રામાનુગ્રામ વિહાર કરે નહીં.

**૫ अह पुणेवं जाणेज्जा– चत्तारि मासा वासाणं वीइक्कंता, हेमंताण य पंच-दस-रायकप्पे परिवुसिए, अंतरा से मग्गा अप्पंडा** *जाव* **असंताणगा, बहवे जत्थ समण-माहण-अतिहि-किवण-वणीमगा उवागया उवागमिस्संति य । सेवं णच्चा तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે ચોમાસાના ચાર માસ પસાર થઈ ગયા છે અને હેમંતૠતુના પાંચ-દસ દિવસ પણ વ્યતીત થયા છે. હવે માર્ગમાં જીવ-જંતુ અત્યંત અલ્પ થઈ ગયા છે, શ્રમણ, બ્રાહ્મણ આદિનું ગમનાગમન ચાલું થઈ ગયું છે, તો તેમ જાણીને સાધુ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ કે સાધ્વીને માટે વર્ષાવાસની ઈર્યા સમિતિના વિવેકનું પ્રતિપાદન છે.

એક વર્ષમાં ત્રણ ચાતુર્માસ થાય છે– (૧) ગ્રીષ્મકાલીન (૨) વર્ષાકાલીન અને (૩) હેમંતકાલીન. આ ત્રણ ચાતુર્માસમાંથી વર્ષાકાળમાં જ સાધુને એક સ્થાને રહેવાનું હોય છે.

વર્ષાકાલમાં કાદવ-કીચડના કારણે રસ્તાઓ ચાલવા યોગ્ય રહેતા નથી, તેમજ ક્ષુદ્ર જીવ જંતુઓ તથા ઘાસ આદિ લીલોતરીની બહુલતા હોય છે, તે જીવોની રક્ષાની દષ્ટિએ સાધુઓ વર્ષાકાલમાં વિહાર કરતા નથી.

અષાઢ સુદ પૂનમથી કારતક સુદ પૂનમ સુધીના ચાર માસ વર્ષાકલ્પ કહેવાય છે પણ ક્યારેક અષાઢી પૂર્ણિમા પહેલા વરસાદનો પ્રારંભ થઈ જાય અને ક્યારેક કારતકી પૂર્ણિમા પછી પણ લીલોતરી તથા જીવજંતુ આદિ વિદ્યમાન હોય છે. તેવા સમયે સાધુ કે સાધ્વી વર્ષાવાસ પહેલાં અથવા વર્ષાવાસ પછી પણ થોડો સમય વિહાર કરે નહિ. સંક્ષેપમાં જીવ વિરાધના કે સંયમ વિરાધના થાય, તેવા કાલમાં સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરે નહીં.

**વર્ષાવાસ યોગ્ય ક્ષેત્ર–** વર્ષાવાસમાં સાધુને એક જ સ્થાનમાં ચાર માસ સુધી રહેવાનું હોય છે, તેથી સાધુને પોતાની આત્મસાધના વ્યવસ્થિત રીતે થઈ શકે તેવા અનુકૂળ ક્ષેત્રની ગવેષણા કરવી જરૂરી છે. સૂત્રકારે તદ્ વિષયક પાંચ આવશ્યક બાબતનું કથન કર્યું છે. (૧) સ્વાધ્યાય અને ચિંતન-મનન કરવા માટે શાંત-એકાંત વિશાળ ભૂમિ હોવી જરૂરી છે. તેવા સ્થાનમાં જ મનની એકાગ્રતા અને સ્વાધ્યાય, ધ્યાનનું સાતત્ય જળવાઈ રહે છે. (૨) ગામ અથવા નગરની બહાર મળ-મૂત્રના ત્યાગ માટે વિશાળ, નિર્દોષ સ્થંડિલ ભૂમિ હોવી તે પણ સંયમી જીવનનું આવશ્યક અંગ છે. શરીરની અનિવાર્ય ક્રિયાઓ માટે નિર્દોષ ભૂમિ હોય તો જીવરક્ષા અને સંયમ રક્ષાની લક્ષ્ય સિદ્ધિ થાય છે. (૩) નિર્દોષ પાટ-પાટલા આદિ પાઢીહારી વસ્તુઓની સુલભતા હોય. (૪) નિર્દોષ આહાર-પાણીની સુલભતા હોવી જરૂરી છે. ચાતુર્માસ દરમ્યાન તપસ્વી, વૃદ્ધ કે ગ્લાન સાધુઓ માટે પથ્યકારી અનુકૂળ આહાર-પાણી પ્રાપ્ત થાય, તો સાધુઓનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને શરીરની સ્વસ્થતા હોય, તો જ સંયમ-તપનું વિશેષતમ પાલન થઈ શકે છે. (૫) ક્ષેત્રની વિશાળતાની અપેક્ષાએ અન્ય ભિક્ષુકો કે યાચકોની બહુલતા ન હોય, કારણ કે ભિક્ષુકો કે યાચકોની બહુલતા હોય, તો ક્યારેક પર્યાપ્ત પ્રમાણમાં નિર્દોષ આહાર-પાણીની પ્રાપ્તિ દુર્લભ થઈ જાય છે, તેથી સાધુએ ચાતુર્માસ પહેલાં જ પોતાના સ્વાસ્થ્યની તેમજ સાધનાની અનુકૂળતા અને સંયમશુદ્ધિના લક્ષે વિચારપૂર્વક ક્ષેત્રનું અવલોકન કરવું જોઈએ.

સંક્ષેપમાં સાધુ જીવરક્ષા, સંયમ-સાધના અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી શકે તેવા ક્ષેત્રમાં વર્ષાવાસમાં રહે છે અને ચાતુર્માસ પૂર્ણ થયા પછી તે ક્ષેત્રનું બંધન છોડીને અનાસક્ત ભાવે ગ્રામાનુગ્રામ વિહાર કરે છે.

**हेमंताण य पंचदस रायकप्पे.....** સામાન્ય રીતે સાધુ ચાતુર્માસ પૂર્ણ થાય પછી તુરંત જ અર્થાત્ ચાતુર્માસી પાખી પછી બીજા જ દિવસે(ગુજરાતી તિથિ પ્રમાણે) કારતક વદ એકમના દિવસે વિહાર કરે, તે ઉત્સર્ગ માર્ગ છે. વર્ષાવાસ પછી હેમંત ઋતુમાં પ્રાયઃ રસ્તાઓ સાફ થઈ ગયા હોય છે, જીવોત્પત્તિ ઓછી થઈ ગઈ હોય છે, તેથી સાધુ ગ્રામાનુગ્રામ વિચરણ કરી શકે છે, પરંતુ ક્યારેક વર્ષાવાસના અંતિમ

દિવસોમાં જ વરસાદ થયો હોય, કીચડ વગેરે સૂકાયા ન હોય, અન્ય સંન્યાસીઓનું પણ આવાગમન ચાલુ થયું ન હોય તો સાધુ વર્ષાવાસ પછી હેમંત ઋતુમાં પણ તે ક્ષેત્રમાં જ થોડા દિવસ રોકાઈ શકે છે.

જ્યારે રસ્તાઓ સાફ થઈ જાય, જીવોત્પત્તિ ઘટી જાય, ઘણા સંન્યાસી આદિનું આવાગમન શરૂ થઈ જાય, ત્યારે સાધુ વિવેકપૂર્વક અન્યત્ર વિહાર કરે.

આ રીતે સાધુ એક ક્ષેત્રમાં સ્થિર રહે કે ગ્રામાનુગ્રામ વિહાર કરે, પરંતુ તેનું લક્ષ માત્ર રત્નત્રયીની આરાધના કે સંયમ રક્ષાનું જ હોય છે.

**વિહાર ચર્યાનો વિવેક :-**

**૬ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे पुरओ जुगमायं पेहमाणे, दट्ठूण तसे पाणे, उद्धट्टु पायं रीएज्जा, साहट्टु पायं रीएज्जा, उक्खिप्प पायं रीएज्जा, तिरिच्छं वा कट्टु पायं रीएज्जा, सइ परक्कमे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा, तओ संजयामेव गामाणुगामं दुइज्जेज्जा ।**

**શબ્દાર્થ :-** **पायं** = પગને **उद्धट्टु** = ઉપાડીને **रीएज्जा** = ઈર્યા સમિતિપૂર્વક ચાલે **साहट्टु पायं रीएज्जा** = પગને સંકોચીને ચાલે **तिरिच्छं वा कट्टु पायं रीएज्जा** = જીવરક્ષા માટે બંને બાજુ જીવો હોય તો તિરછા પગ રાખીને ચાલે.

**ભાવાર્થ :-** સાધુ કે સાધ્વી એક ગામથી બીજા ગામ વિહાર કરે, ત્યારે પોતાની સામે યુગપ્રમાણ–ધોસર પ્રમાણ અર્થાત્ સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલે, રસ્તામાં ત્રસ જીવોને જોઈને તેઓની રક્ષા થાય તે રીતે પગ ઉપાડીને અર્થાત્ લાંબા પગલા ભરતા, ક્યારેક પગને સંકોચીને અર્થાત્ ટૂંકા પગલા ભરતા, ક્યારેક ત્રાંસા પગે અર્થાત્ વાંકા-ચૂકા પગલા ભરતા(ક્યારેક પંજા ઉપર કે એડી ઉપર) ચાલે. જો જીવ જંતુ રહિતનો બીજો સારો માર્ગ હોય તો તે રસ્તેથી ચાલે પરંતુ સીધા અર્થાત્ જે રસ્તેથી પોતે ચાલી રહ્યા છે તે જીવજંતુવાળા રસ્તેથી જ ચાલવાનો આગ્રહ ન રાખે. આ રીતે સાધુ જીવજંતુ રહિત માર્ગે યત્નાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

**૭ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे, अंतरा से पाणाणि वा बीयाणि वा हरियाणि वा उदए वा मट्टिया वा अविद्धत्था, सइ परकम्मे** *जाव* **णो उज्जुयं गच्छेज्जा, तओ संजयामेव गामाणुगामं दुइज्जेज्जा ।**

**શબ્દાર્થ :-** **अविद्धत्थे** = જેની યોનિ નષ્ટ થઈ નથી અર્થાત્ સચેત હોય તો.

**ભાવાર્થ :-** સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરે, ત્યારે જો રસ્તામાં ઘણા ત્રસ જીવો, બીજ, લીલોતરી, સચિત્ત પાણી, સચેત માટી આદિ આવી જાય અને તે શસ્ત્ર પરિણત થયા ન હોય; ત્યારે બીજો નિર્દોષ રસ્તો હોય તો તે રસ્તેથી યત્નાપૂર્વક જાય પરંતુ જીવજંતુ આદિથી યુક્ત સીધા માર્ગે જાય નહિ. જો અન્ય માર્ગ ન હોય તો તે રસ્તેથી યત્નાપૂર્વક વિહાર કરે.

**૮ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे, अंतरा से विरूवरूवाणि पच्चंतिकाणि दस्सुगायतणाणि मिलक्खूणि अणारियाणि**

**दुस्सण्णप्पाणि दुप्पण्णवणिज्जाणि अकालपडिबोहीणि अकालपरिभोईणि, सइ लाढे विहाराए संथरमाणेहिं जणवएहिं णो विहारवत्तियाए पवज्जेज्ज गमणाए ।**

**केवली बूया– आयाणमेयं ।**

**ते णं बाला अयं तेणे, अयं उवचरए, अयं तओ आगए त्ति कट्टु तं भिक्खुं अक्कोसेज्ज वा** *जाव* **उवद्दवेज्ज वा, वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं आच्छिंदेज्ज वा भिंदेज्ज वा अवहरेज्ज वा परिट्ठवेज्ज वा । अह भिक्खूणं पुव्वोवदिट्ठा** *जाव* **जं तहप्पगाराणि विरूवरूवाणि पच्चंतियाणि दस्सुगायतणाणि** *जाव* **विहारवत्तियाए णो पवज्जेज्ज गमणाए । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **पच्चंतिकाणि** = દેશોના સીમાંતે રહેનારા **दस्सुगायतणाणि** = ચોરોની જગ્યાઓ **मिलक्खूणि** = મ્લેચ્છોની જગ્યા **अणारियाणि** = અનાર્યોના સ્થાન **दुस्सण्णप्पाणि** = આર્ય ભાષા જેને સમજાવવી કઠિન છે **दुप्पण्णवणिज्जाणि** = મુશ્કેલીથી જેને ઉપદેશ આપી શકાય છે **अकालपडिबोहीणि** = અકાળે જાગનારા અને અકાળમાં શિકાર માટે જનારા **अकालपरिभोईणि** = અકાળે આહાર કરનારા **सइ लाढे विहराए** = બીજા સારા આર્યદેશ હોવા પર **संथरमाणेहिं जणवएहिं** = બીજા સારા દેશોમાં વિચરણથી સંયમ નિર્વાહ થતો હોય **विहारवत्तियाए** = તો ઉપરોક્ત સ્થળે, વિચરવાની પ્રતિજ્ઞાથી **णो पवज्जेज्ज गमणाए** = જવા માટે પ્રવર્તિત ન થાય, વિહાર કરવાનો સંકલ્પ કરે નહિ.

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સાધુ-સાધ્વી જાણે કે રસ્તામાં વિવિધ પ્રકારના સીમાવર્તી સ્થાનોમાં રહેનારા ચોરોના, મ્લેચ્છોના કે અનાર્યોના સ્થાન છે તથા આર્યોના આચાર સમજાવવા કઠિન છે, મુશ્કેલીથી આર્યધર્મ પ્રાપ્ત થાય તેવા અકાળે જાગનારા, અકાળે શિકારે જનારા, અકાળે ભોજન કરનારા મનુષ્યો રહે છે, આ પ્રકારની પરિસ્થિતિમાં અન્ય આર્યક્ષેત્રમાં વિહાર થઈ શકતો હોય અને સંયમ સમાચારીનો નિર્વાહ થઈ શકતો હોય તો તેવા ક્ષેત્રોમાં વિહાર કરવાનો મનમાં સંકલ્પ પણ કરે નહિ. કેવલી ભગવંતોએ કહ્યું છે કે ત્યાં જવું તે કર્મ બંધનનું કારણ છે.

તે અનાર્ય લોકો સાધુને જોઈને "આ ચોર છે, આ ગુપ્તચર છે, આ અમારા શત્રુના ગામમાંથી આવેલા છે", આ પ્રમાણે પરસ્પર વાર્તા કરીને સાધુને કઠોર વચન કહે, ઉપદ્રવ કરે ***યાવત્*** પ્રાણ રહિત કરે, સાધુના વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછન આદિ ઉપકરણોને તોડી નાંખે, લૂંટી લે, ફેંકી દે; માટે તીર્થંકરાદિ આપ્તપુરુષોએ પહેલેથી જ આ પ્રતિજ્ઞા, હેતુ, કારણ અને ઉપદેશ આપ્યો છે કે સાધુ-સાધ્વી ચોરાદિના સ્થાન હોય તેવા સીમાંતવર્તી સ્થળોમાં વિહાર કરવાનો મનમાં સંકલ્પ પણ કરે નહિ. આ સ્થાનોને છોડીને અન્ય સ્થાનોમાં સંયમી સાધુ યત્નાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**९ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे, अंतरा से अरायाणि वा गणरायाणि वा जुवरायाणि वा दोरज्जाणि वा वेरज्जाणि वा विरुद्धरज्जाणि वा, सइ लाढे विहाराए संथरमाणेहिं जणवएहिं णो विहारवत्तियाए पवज्जेज्ज गमणाए । केवली बूया– आयाणमेयं ।**

**ते णं बाला अयं तेणे, अयं उवचरए** *जाव* **णो पवज्जेज्ज गमणाए । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **अरायाणि वा गणरायाणि** = રાજા રહિતના ગામમાં અથવા ગણ રાજા એટલે જ્યાં અલ્પ સમય માટે પ્રજાની સર્વ સંમતિથી કે બહુમતિથી કોઈને રાજ્યસિંહાસને બેસાડ્યા હોય, તેવા રાજ્યમાં **जुवरायाणि** = યુવરાજ, જેનો રાજ્યાભિષેક થયો નથી તેવા યુવરાજના રાજ્યમાં કે **दोरज्जाणि** = પ્રતિપક્ષી બે રાજાઓનું શાસન હોય તેવી નગરીમાં **वेरज्जाणि** = રાજ્યમાં વિકૃતિ-અવ્યવસ્થા થઈ રહી હોય તેમજ પરસ્પર રાજકુમારોનો વેર-વિરોધ ચાલતો હોય **विरुद्धरज्जाणि** = રાજા-પ્રજાનો જ્યાં પરસ્પર વિરોધ ચાલતો હોય.

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતા જાણે કે માર્ગમાં આવતાં શહેરમાં અરાજકતા છે અથવા અલ્પકાલીન રાજા છે, અનેક યુવરાજ છે, પ્રતિપક્ષી બે રાજાઓનું શાસન ચાલે છે, રાજ્ય વ્યવસ્થા સુચારુ નથી એટલે વિતંડાવાદ ચાલે છે, રાજા-પ્રજાનો પરસ્પર વિરોધ ચાલે છે; આ પ્રકારના રાજ્યો આવે, તો વિહારને યોગ્ય અન્ય નગરો હોય તો અરાજકતાવાળા આદિ સ્થાનોમાં વિહાર કરે નહીં, કેવળી ભગવંતોએ કહ્યું છે કે તેવા રાજ્યોમાં વિહાર કરવો, તે કર્મબંધનું કારણ છે, કારણ કે ત્યાંના અજ્ઞાની લોકો સાધુ પ્રત્યે શંકા કરે કે આ ચોર છે, ગુપ્તચર છે ઇત્યાદિ. માટે સાધુ તે ક્ષેત્રોમાં વિહાર કરવાનો સંકલ્પ પણ કરે નહિ, પરંતુ તેવા ક્ષેત્રોને છોડીને અન્ય ક્ષેત્રોમાં યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे, अंतरा से विहं सिया, से जं पुण विहं जाणेज्जा– एगाहेण वा दुयाहेण वा तियाहेण वा चउयाहेण वा पंचाहेण वा पाउणेज्जा वा णो वा पाउणेज्जा । तहप्पगारं विहं अणेगाहगमणिज्जं सइ लाढे** *जाव* **णो विहारवत्तियाए पवज्जेज्ज गमणाए । केवली बूया–आयाणमेयं । अंतरा से वासे सिया पाणेसु वा पणएसु वा बीएसु वा हरिएसु वा उदएसु वा मट्टियाए वा अविद्धत्थाए । अह भिक्खूणं पुव्वोवदिट्ठा** *जाव* **जं तहप्पगारं विहं अणेगाहगमणिज्जं** *जाव* **णो गमणाए । तओ संजयामेव गामाणुगामं दुइज्जेज्जा ।**

**શબ્દાર્થ :– विहं सिया** = જંગલ-અટવી હોય તો **से जं** = તે ફરી **विहं जाणेज्जा** = અટવીના વિષયમાં જાણે કે તે અટવી **एगाहेण** = એક દિવસમાં પાર કરી શકાય છે કે **णो वा पाउणेज्जा** = પાર કરી શકાય તેવી નથી **तहप्पगारं विहं** = તથાપ્રકારની અટવી **अणेगाहगमणिज्जं** = ઘણા દિવસે પાર કરી શકાય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતા એમ જાણે કે આગળ લાંબો જંગલનો રસ્તો છે. તે જંગલ એક દિવસે, બે દિવસે, ત્રણ દિવસે, ચાર દિવસે કે પાંચ દિવસે પાર થાય તેવું છે અથવા(પાંચ દિવસે પણ) પાર કરી શકાય તેવું નથી. ત્યારે સાધુ વિહાર યોગ્ય બીજો રસ્તો હોય, તો તે અનેક દિવસે પાર થાય તેવા જંગલ માર્ગે જાય નહિ. કેવલી ભગવાને કહ્યું છે કે તે કર્મબંધનું કારણ છે કારણ કે રસ્તામાં વરસાદ થઈ જાય, તો બેઇન્દ્રિયાદિ જીવોની ઉત્પત્તિ થાય અને લીલફૂગ, બીજ, લીલોતરી, સચેત પાણી અને કાચી માટીના કારણે સંયમની વિરાધના થાય છે, તેથી તીર્થંકર ભગવંતોએ પહેલેથી જ સાધુ માટે

આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે અનેક દિવસે પાર કરી શકાય તેવા જંગલમાંથી પસાર થવાનો સાધુ સંકલ્પ કરે નહિ, પરંતુ બીજા સરળ માર્ગે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિહારચર્યાના વિવિધ ભયસ્થાનોમાં સાધુના વિવેકને પ્રદર્શિત કર્યો છે.

સાધુ વર્ષાવાસ સિવાયના કાળમાં ગ્રામાનુગ્રામ વિચરણ કરે છે. સાધુ વિહાર સમયે જીવદયાની ભાવનાથી સાડા ત્રણ હાથ ભૂમિને જોઈને ઉપયોગપૂર્વક ચાલે, વિહાર દરમ્યાન પરસ્પર વાતચીત કે સ્વાધ્યાય, ચિંતન, મનન આદિ કોઈપણ પ્રવૃત્તિ કરે નહીં.

**યતના :–** યતના ચાર પ્રકારની છે– **(૧) દ્રવ્યયતના–** જીવજંતુઓને જોઈને ચાલવું. **(૨) ક્ષેત્રયતના–** ધોંસર પ્રમાણ ભૂમિને જોઈને ચાલવું. **(૩) કાલયતના–** ઈર્યાસમિતિનું પાલન ન થાય, તેવા રાત્રિના સમયને અને વર્ષાકાળના સમયને છોડીને ચાલવું. **(૪) ભાવયતના–** સંયમ અને સાધનાના ભાવથી ઉપયોગપૂર્વક ચાલવું.

ગ્રામાનુગ્રામ વિહારમાં આવતી મુશ્કેલીઓના ડરથી સાધુ એક જ જગ્યાએ રહી ન જાય, સ્થિરવાસ કરે નહિ તેથી સૂત્રકારે વારંવાર ગ્રામાનુગ્રામ વિચરણ કરવાની પ્રેરણા કરી છે. અવિધિપૂર્વક વિહાર કરવાથી કે જાણી જોઈને કષ્ટદાયી માર્ગમાં જવાથી સાધુની સંયમ વિરાધના તેમજ આત્મવિરાધના થવાની સંભાવના રહે છે.

પ્રસ્તુત સૂત્રોમાં ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુને આવતી મુશ્કેલીઓનું કથન કર્યું છે–

(૧) ત્રસ જીવોથી વ્યાપ્ત માર્ગ હોય (૨) ત્રસ પ્રાણી, બીજ, લીલોતરી, કાચું પાણી, સચેત માટી આદિ રસ્તામાં હોય (૩) ચોરો, મ્લેચ્છો, અનાર્યો, દુર્બોધિ તેમજ અધાર્મિક લોકોનું સ્થાન રસ્તામાં આવતું હોય (૪) અરાજક, દુઃશાસક કે વિરોધી શાસકના દેશ આદિ રસ્તામાં આવતા હોય અને (૫) અનેક દિવસો ચાલ્યા પછી પાર કરી શકાય તેવો અટવીનો લાંબો રસ્તો આવતો હોય.

આ પાંચ પ્રકારની પરિસ્થિતિમાંથી પ્રથમ બે પરિસ્થિતિ અર્થાત્ અચાનક ત્રસ કે સ્થાવર જીવોથી વ્યાપ્ત માર્ગ આવી જાય, તો સાધુ અત્યંત સાવધાનીપૂર્વક જીવોને અંશમાત્ર પણ કિલામના ન થાય, તે રીતે આગળ વધે અને અંતિમ ત્રણ પરિસ્થિતિ અર્થાત્ માર્ગમાં ચોર, ગુપ્તચરાદિના સ્થાનો કે અરાજક રાજ્ય વગેરે આવે કે જંગલનો માર્ગ આવે, તો સાધુ શક્ય હોય તો તે માર્ગને છોડીને અન્ય સીધા અને સરળ માર્ગે વિહાર કરે અને બીજો માર્ગ ન જ હોય, તો અત્યંત સાવધાનીપૂર્વક ગમન કરે.

**નૌકારોહણ વિધિ :–**

**૧૧ से भिक्खु वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से णावासंतारिमे उदए सिया, से जं पुण णावं जाणेज्जा– असंजए भिक्खुपडियाए किणेज्ज वा, पामिच्चेज्ज वा, णावाए वा णावं परिणामं कट्टु, थलाओ वा णावं जलंसि ओगाहेज्जा, जलाओ वा णावं थलंसि उक्कसेज्जा, पुण्णं वा णावं उस्सिंचेज्जा, सण्णं वा णावं उप्पीलावेज्जा, तहप्पगारं णावं उड्ढगामिणिं वा अहेगामिणिं वा तिरियगामिणिं वा परं जोयणमेराए, अद्धजोयणमेराए वा अप्पयरे वा भुज्जयरे वा णो दुरुहेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **अंतरा से** = રસ્તામાં **णावासंतारिमे उदए सिया** = નાવથી પાર કરી શકાય તેટલું પાણી હોય તો, તેને પાર કરવા માટે **पुण्णं वा णावं उस्सिंचेज्जा** = જલથી પરિપૂર્ણ નૌકા ખાલી કરે **उड्ढगामिणिं** = સામે પ્રવાહે ચાલનારી **अहेगामिणिं** = પ્રવાહ સાથે ચાલનારી **तिरियगामिणिं** = તિર્યક્ ચાલનારી પ્રવાહને કાપીને ચાલનારી **परं जोयणमेराए** = ઉત્કૃષ્ટ એક યોજનની મર્યાદામાં ચાલીને કાંઠે પહોંચાડનારી **अद्धजोयणमेराए** = અર્ધા યોજનની સીમામાં ચાલીને કાંઠે પહોંચાડનારી **अप्पयरे** = થોડો સમય **भुज्जयरे** = લાંબાકાળ સુધી **गमणाए** = નદી પાર કરવા માટે **णो दुरुहेज्जा** = ચઢે નહિ.

**ભાવાર્થ :–**ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ કે સાધ્વી એમ જાણે કે રસ્તામાં નૌકા દ્વારા પાર કરી શકાય તેટલું જળ(મહાનદી) છે તો નૌકાથી તેને પાર કરે, પરંતુ સાધુ નૌકાના વિષયમાં જાણે કે ગૃહસ્થ તે નૌકાને સાધુ માટે મૂલ્ય આપીને ખરીદી રહ્યા છે, ઉધાર લઈ રહ્યા છે, પોતાની નાવ આપી તેની નાવ લેવા રૂપ અદલાબદલી કરી રહ્યા છે કે નાવિક નાવને સ્થળમાંથી જલમાં લઈ જઈ રહ્યા છે અથવા જલમાંથી સ્થલમાં ખેંચી રહ્યા છે, પાણીથી ભરેલી નાવનું પાણી ઊલેચીને ખાલી કરી રહ્યા છે અથવા કાદવમાં ફસાયેલી નાવને બહાર કાઢી સાધુ માટે તૈયાર કરી સાધુને તેમાં ચઢવાની પ્રાર્થના કરે છે. આ પ્રકારની નાવ ઊર્ધ્વગામી-સામા પ્રવાહમાં ચાલનારી હોય, અધોગામી-પ્રવાહની સાથે ચાલનારી હોય કે તિર્યગ્ગામી– પાણીના પ્રવાહને કાપીને ચાલનારી હોય, તે પણ એક યોજન પ્રમાણ ક્ષેત્ર પાણીમાં ચાલીને કે અર્ધા યોજન પ્રમાણ ક્ષેત્ર પાણીમાં ચાલીને કાંઠે પહોંચાડતી હોય, આવી કોઈ પણ નાવ ઉપર એકવાર કે અનેકવાર અલ્પ કે વધુ સમય સુધી ગમન કરવા માટે ચઢે નહિ અર્થાત્ આવી નાવમાં બેસીને પાણીને પાર કરે નહિ.

**૧૨ से भिक्खू वा भिक्खुणी वा पुव्वामेव तिरिच्छसंपाइमं णावं जाणेज्जा, जाणित्ता से तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमेत्ता भंडगं पडिलेहेज्जा, पडिलेहेत्ता एगाभोयं भंडगं करेज्जा, करेत्ता ससीसोवरियं कायं, पाए य पमज्जेज्जा, पमज्जेत्ता सागारं भत्तं पच्चक्खाएज्जा, पच्चक्खाएत्ता एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा तओ संजयामेव णावं दुरुहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સર્વપ્રથમ તિર્યગ્ગામિની નાવને જાણીને એકાંતમાં જઈને ભંડોપકરણનું પ્રતિલેખન કરે, ત્યાર પછી સર્વ ઉપકરણોને ભેગા કરીને બાંધી લે, મસ્તકથી લઈને પગ સુધી શરીરનું પ્રમાર્જન કરે, આગાર સહિત આહાર પાણીના પ્રત્યાખ્યાન કરે અર્થાત્ સાગારી સંથારો કરે અને ત્યાર પછી એક પગ પાણીમાં અને એક પગ પાણીથી ઉપર(ઊંચો) રાખીને યતનાપૂર્વક નાવ સુધી પહોંચીને તેમાં ચઢે.

**૧૩ से भिक्खू वा भिक्खुणी वा णावं दुरुहेमाणे णो णावाए पुरओ दुरुहेज्जा, णो णावाए मग्गओ दुरुहेज्जा, णो णावाए मज्झओ दुरुहेज्जा, णो बाहाओ पगिज्झिय पगिज्झिय अंगुलियाए उवदंसिय उवदंसिय ओणमिय ओणमिय उण्णमिय उण्णमिय णिज्झाएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વી નૌકામાં ચઢતા સમયે નૌકાના આગલા ભાગથી ચઢે નહિ, પાછળના ભાગથી ચઢે નહિ અને મધ્યભાગથી પણ ચઢે નહિ(પરંતુ ચઢવાના રસ્તેથી ચઢે). નાવની બાજુઓના ભાગને પકડીને કે આંગળીથી વારંવાર સંકેત કરીને, ઊંચાં કે નીચાં થઈને પાણીને એકીટશે જુએ નહિ.

**१४ से णं परो णावागओ णावागयं वएज्जा– आउसंतो समणा ! एयं ता तुमं णावं उक्कसाहि वा वोक्कसाहि वा खिवाहि वा रज्जूए वा गहाय आकसाहि। णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।**

**શબ્દાર્થ :– से णं परो** = તે નાવિક **णावागयं** = નાવમાં બેઠેલા સાધુને **णावं** = નાવને **उक्कसाहि** = એક બાજુ ખેંચી લ્યો **वोक्कसाहि** = વિશેષરૂપથી ખેંચી લ્યો **खिवाहि** = વસ્તુ રાખીને નાવને ચલાવો **रज्जूए वा गहाय** = દોરડાને પકડીને **आकसाहि** = ખેંચી લ્યો **तं** = તે નાવિકના **परिण्णं** = આ વચનનો **णो परिजाणेज्जा** = આદર કરે નહિ, લક્ષ્ય આપે નહિ **तुसिणीओ उवेहेज्जा** = મૌન રાખે.

**ભાવાર્થ :–** નૌકામાં ચઢેલા સાધુને જો નાવિક કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! તમે આ નાવને ઉપરની તરફ ખેંચો અથવા વિશેષરૂપથી ખેંચો કે અમુક વસ્તુ નૌકામાં રાખીને નીચેની તરફ ખેંચો અથવા દોરડું પકડીને નાવને સારી રીતે બાંધી દો અથવા દોરડાથી તેને જોરથી ખેંચો. સાધુ નાવિકના આ પ્રકારના સાવદ્ય વચનોનો સ્વીકાર કરે નહિ, પરંતુ મૌન રહે.

**१५ से णं परो णावागओ णावागयं वएज्जा– आउसंतो समणा ! णो संचाएसि तुमं णावं उक्कसित्तए वा वोक्कसित्तए वा खिवित्तए वा रज्जुयाए वा गहाय आकसित्तए; आहर एयं णावाए रज्जुयं, सयं चेव णं वयं णावं उक्कसिस्सामो वा वोक्कसिस्सामो वा, खिविस्सामो वा, रज्जूए वा गहाय आकसिस्सामो । णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।**

**શબ્દાર્થ :–** आकसिस्सामो = દોરડું બાંધીને મજબૂત કરશું.

**ભાવાર્થ :–** નૌકામાં બેઠેલા સાધુને નાવિક કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! જો તમે નાવને ઉપર કે નીચે ખેંચી શકતા નથી કે દોરડાથી નાવને સારી રીતે બાંધી શકતા નથી કે જોરથી ખેંચી શકતા નથી તો નાવ ઉપર રહેલા દોરડાને લાવીને આપો. અમે પોતે નાવને ઉપર કે નીચે ખેંચશું, દોરડાથી સારી રીતે બાંધશું અને પછી દોરડાના જોરે ખેંચીશું. આ પ્રમાણે કહે તોપણ સાધુ નાવિકના વચનનો આદર કરે નહિ, પરંતુ મૌન રહે.

**१६ से णं परो णावागओ णावागयं वएज्जा– आउसंतो समणा ! एयं ता तुमं णावं अलित्तेण वा पीढेण वा [पिहएण वा] वंसेण वा वलएण वा अवल्लएण वा वाहेहि । णो से तं परिण्णं** *जाव* **उवेहेज्जा ।**

**ભાવાર્થ :–** નાવમાં બેઠેલા સાધુને નાવિક કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! તમે આ નાવને હલેસાથી, પાટિયાથી, મોટા વાંસડાથી, વળીથી-નૌકા ચલાવવાના ઉપકરણ વિશેષથી, નાવને ચલાવવાના વાંસ વિશેષથી કે દોરડાથી નાવને ચલાવો.નાવિકના આ વચનોનો સાધુ સ્વીકાર કરે નહિ પરંતુ ઉપેક્ષાભાવ રાખી મૌન રહે.

**१७ से णं परो णावागओ णावागयं वएज्जा– आउसंतो समणा ! एयं ता तुमं णावाए उदयं हत्थेण वा पाएण वा मत्तेण वा पडिग्गहेण वा णावा उस्सिंचणेण वा उस्सिंचाहि । णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।**

**ભાવાર્થ :–** નાવમાં બેઠેલા સાધુને નાવિક કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! આ નાવમાં ભરેલા પાણીને તમો હાથથી, પગથી, વાસણથી કે પાત્રથી તેમજ પાણી કાઢવાના ઉપકરણ વિશેષથી નૌકામાંથી ઉલેચી બહાર કાઢો. સાધુ નાવિકના આ વચનોનો સ્વીકાર કરે નહિ, પરંતુ મૌન રહે.

**१८ से णं परो णावागओ णावागयं वएज्जा– आउसंतो समणा ! एयं ता तुमं णावाए उत्तिगं हत्थेण वा पाएण वा बाहुणा वा ऊरुणा वा उदरेण वा सीसेण वा काएण वा णावा उस्सिंचणेण वा चेलेण वा मट्टियाए वा कुसपत्तएण वा कुविंदेण वा पिहेहि । णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।**

**શબ્દાર્થ :–** **कुसपत्तएण** = કુશપત્ર-ડાભથી **कुविंदेण** = કમળપત્રથી **पिहेहि** = ઢાંકી દ્યો.

**ભાવાર્થ :–** નાવમાં બેઠેલા સાધુને નાવિક કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! નાવમાં આ છિદ્ર પડ્યું છે તેને તમો તમારા હાથથી, પગથી, ભુજાથી, જાંઘથી, પેટથી, મસ્તકથી કે શરીરથી અથવા તો નાવના પાણીને ઉલેચવાના સાધનથી, વસ્ત્રથી, માટીથી, ડાભથી કે કમળપત્રથી ઢાંકી દ્યો. સાધુ નાવિકના આ કથનનો સ્વીકાર કરે નહિ પરંતુ મૌન રહે.

**१९ से भिक्खू वा भिक्खुणी वा णावाए उत्तिंगेण उदगं आसवमाणं पेहाए, उवरुवरिं णावं कज्जलावेमाणं पेहाए, णो परं उवसंकमित्तु एवं बूया– आउसंतो गाहावइ ! एयं ते णावाए उदयं उत्तिंगेण आसवइ, उवरुवरिं वा णावा कज्जलावेइ। एयप्पगारं मणं वा वायं वा णो पुरओ कट्टु विहरेज्जा । अप्पुस्सुए अबहिलेस्से एगंतगएणं अप्पाणं विओसेज्ज समाहीए । तओ संजयामेव णावासंतारिमे उदए आहारियं रीएज्जा ।**

**શબ્દાર્થ :–** **णावाए** = નાવનો **उत्तिंगेण** = છિદ્રમાંથી **उदयं** = પાણીને **आसवमाणं पेहाए** = આવતું જોઈને **उवरुवरिं** = ઉત્તરોત્તર આવતા પાણીથી **णावं** = નાવને **कज्जलावेमाणं** = ભરાતી, ડૂબતી **पेहाए** = જોઈને **परं** = બીજા ગૃહસ્થની **उवसंकमित्तु** = પાસે જઈને **एयप्पगारं** = આ પ્રમાણે **मणं वा वायं** = મન કે વચનને **पुरओ कट्टु णो विहरेज्जा** = મુખ્ય કરીને વિચરણ કરે નહિ **अप्पुस्सुए** = શરીર કે ઉપકરણ પર મમત્વ રાખ્યા વિના **अबहिलेस्से** = જેની લેશ્યા સંયમથી બહાર નથી **एगंतगएणं** = રાગ, દ્વેષ રહિત થઈને **अप्पाणं** = આત્માને, મમત્વ ભાવને **विओसेज्ज** = છોડીને **समाहीए** = રત્નત્રયમાં લીન થઈને.

**ભાવાર્થ :–** નાવમાં બેઠેલા સાધુ કે સાધ્વી નાવના છિદ્રમાંથી આવતા પાણીને જોઈને, ઉત્તરોત્તર આવતા પાણીથી નાવને ભરાતી જોઈને, નાવિક પાસે જઈને આ પ્રમાણે કહે નહિ કે– હે આયુષ્યમન્ ગૃહસ્થ ! તમારી આ નાવમાં છિદ્રમાંથી પાણી આવી રહ્યું છે, નાવ પાણીથી ઉત્તરોત્તર ભરાઈ રહી છે. આ પ્રમાણે મન કે વચનનો પ્રયોગ કર્યા વિના, શરીર તથા ઉપકરણો પરના મમત્વ ભાવને છોડીને, પોતાની લેશ્યાને–આત્મ પરિણામોને સંયમબાહ્ય પ્રવૃત્તિમાં જોડે નહીં અર્થાત્ સંયમ ભાવમાં સ્થિર રહીને, રાગ-દ્વેષથી રહિત થઈને, દેહરાગ છોડીને, સમાધિભાવમાં સ્થિત થાય,

આ રીતે નાવ દ્વારા પાર કરવા યોગ્ય પાણીને યતનાપૂર્વક પાર કરે.

**વિવેચન :–**

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સાધુના માર્ગમાં કોઈ નદી આવે, ગંતવ્ય સ્થાને પહોંચવા માટે અન્ય માર્ગ ન હોય, તે નદીને નૌકા વિના પાર કરી શકાય તેમ ન હોય, તો સાધુ પોતાની મર્યાદા પ્રમાણે વિવેક સહ યતનાપૂર્વક નૌકાનો ઉપયોગ કરી શકે છે.

સૂત્રકારે સાધુને નૌકા આરોહણ વિષયક ચાર બાબતોનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**(૧) નૌકામાં ચઢતાં પહેલાં :–** સાધુને નદી કિનારે ઊભેલા જોઈને કોઈ ગૃહસ્થ સાધુને માટે નૌકા ખરીદે, ઉધાર લે, નાવિકને પૈસા આપે, સાધુને બેસાડવા માટે નાવિક નૌકાને જલમાંથી સ્થળમાં લઈને આવે કે સ્થલમાંથી જલમાં લઈને જાય, નૌકાને કીચડમાંથી ખેંચીને બહાર કાઢે, ઈત્યાદિ પ્રવૃત્તિના માધ્યમથી સાધુના નિમિત્તે આરંભ સમારંભ કરે, તો તથાપ્રકારની નૌકામાં સાધુ બેસે નહીં, પરંતુ જે નૌકા પહેલેથી પાણીમાં હોય, જે નૌકા સામે કિનારે જઈ રહી હોય, તો તેવી નૌકામાં બેસવા માટે સાધુ સ્વયં યાચના કરે અને નાવિક સાધુને વિનામૂલ્યે લઈ જવા તૈયાર હોય, તો સાધુ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર નૌકા પર આરોહણ કરે.

**(૨) નૌકામાં ચઢતા સમયે :–** નૌકામાં ચઢતા પહેલાં સાધુ એકાંત સ્થાનમાં(એકબાજુ) જઈને પોતાના ભંડોપકરણને એકત્રિત કરીને બાંધી લે. પોતાના મસ્તકથી લઈને પગ સુધી આખા શરીરનું પ્રમાર્જન કરીને ભંડોપકરણ શરીર પર બાંધે, પછી સાગારી સંથારો કરીને વિવેકપૂર્વક એક પગ પાણીમાં મૂકીને પછી બીજો પગ સ્થલમાં રાખીને યતનાપૂર્વક તિર્યગ્ગામિની–પ્રવાહને કાપીને સામે કિનારે જતી નૌકામાં ચઢે.

**(૩) નૌકામાં બેઠા પછી :–** નાવિક સાધુને દોરડુ બાંધવાનું, ખોલવાનું, હલેસા મારવાનું આદિ નૌકા સંબંધી કોઈ પણ કાર્ય કરવાનું કહે, તો સાધુ તેનો સ્વીકાર ન કરે. નૌકા ચલાવવાની પ્રત્યેક પ્રવૃત્તિથી અપ્કાય જીવોની તેમજ છકાય જીવોની વિરાધના-કિલામના થાય છે, તેથી સાધુ તે પાપજન્ય પ્રવૃત્તિનો સ્વીકાર ન કરે. નૌકા સંબંધી સર્વ વ્યવહારોથી નિર્લિપ્ત રહી સાધુ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભાવોમાં સ્થિર રહે.

**(૪) દુર્ઘટના સમયે :–** નૌકા યાત્રા દરમ્યાન ક્યારેક અચાનક કોઈ દુર્ઘટના થાય, નૌકામાં છિદ્ર પડી જાય, પાણી ભરાઈ જાય, નૌકા ડોલવા લાગે, ડૂબવાની તૈયારી હોય, ત્યારે સાધુ ગભરાય નહીં, સાધુને ગભરાયેલા જોઈને લોકો વધુ ભયભીત થાય છે. સાધુ પોતાના શરીરનો, ઉપકરણોનો કે જીવનનો મોહ છોડીને સમાધિમરણની ભાવનાથી સમભાવમાં, આત્માના એકત્વભાવમાં તલ્લીન બની જાય.

આ રીતે સાધુ સજાગપણે, વિવેકપૂર્વક, જિનાજ્ઞા અનુસાર નૌકા દ્વારા નદી પાર કરે.

બૃહદ્કલ્પ વૃત્તિ તથા નિશીથ ચૂર્ણિમાં નૌકારોહણ સંબંધી વિસ્તૃત વર્ણન છે.

**एगाभोयं भंडगं करेज्जा :–** પાત્રાને ભેગા કરી બાંધે, અન્ય સર્વ ઉપધિને પણ સારી રીતે બાંધી દે. નિશીથ ચૂર્ણિમાં આ રીતે ઉપકરણોને બાંધવાનું કારણ બતાવ્યું છે કે– કદાચ કોઈ દ્વેષી કે વિરોધી નાવમાં બેઠેલા સાધુને પાણીમાં ફેંકી દે તો સાધુ મગરમચ્છના ભયથી ભેગા કરેલા પાત્ર ઉપર ચઢી શકે છે, ભેગા કરેલા પાત્રોને છાતીએ બાંધી દે તો તે તરી પણ શકે છે. નાવ નષ્ટ થવા પર પણ સાધુ પાત્રના કારણે તે પાણી ઉપર તરી શકે છે.

**एगं पायं जले किच्चा :–** એક પગ જલમાં અને એક પગ સ્થલમાં અર્થાત્ આકાશમાં અદ્ધર રાખીને ચાલે અર્થાત્ પગ ઉપાડીને ચાલે. પાણીને ચીરીને ચાલતા અપ્કાયના જીવોની વિશેષ વિરાધના થાય છે, તેથી સાધુ એક એક પગ ક્રમશઃ ઉપાડીને વિવેકપૂર્વક મૂકે.

**णो णावाओ पुरओ दुरुहेज्जा :–** અહીં **दुरुहेज्जा** શબ્દ બેસવા માટે છે. સાધુ નાવના આગળના ભાગમાં ન બેસે કારણ કે તે દેવતાનું સ્થાન મનાય છે. તેમજ નાવિક દ્વારા ઉપદ્રવની સંભાવના રહે છે તથા અન્ય મુસાફરોની આગળ બેસવાથી અન્ય પ્રવૃત્તિ વિષયક ઝઘડો પણ થઈ શકે છે તેથી આગળ બેસે નહિ. નાવની પાછળ બેસવાથી પાણીના ઉછળતા પ્રવાહને જોઈને પડી જવાની સંભાવના રહે છે. તેમજ ત્યાં નાવિક બેસે છે, તેને તે મુખ્યસ્થાન માને છે, માટે પાછળ પણ બેસે નહીં. મધ્યમાં નાવની વચોવચ્ચ કૂપ સ્થાન(નૌકાના વચલા સઢનો થાંભલો) હોય છે અને તેની આજુ બાજુ આવવા જવાનો રસ્તો હોય છે, તેથી ત્યાં પણ બેસે નહિ. સાધુ નાવિકને તેમજ અન્ય યાત્રાળુઓને કોઈ પણ પ્રકારે તકલીફ ન થાય તે રીતે પોતાને યોગ્ય સ્થાનમાં શાંત ચિત્તે બેસે.

**तिरिच्छसंपाइमं णावं :–** તિર્યગ્ગામિની નૌકામાં બેસે. સૂત્રકારે ઊર્ધ્વગામિની, અધોગામિની અને તિર્યગ્ગામિની, આ ત્રણ પ્રકારની નૌકાનું કથન કર્યું છે– **(૧) ઊર્ધ્વગામિની નૌકા–** સામા પ્રવાહમાં ચાલનારી નૌકા અર્થાત્ જે દિશામાંથી પાણી આવી રહ્યું છે તે દિશામાં ચાલનારી નૌકા. **(૨) અધોગામિનીનૌકા–** પ્રવાહની દિશામાં ચાલનારી નૌકા અર્થાત્ જે દિશામાં પાણી જઈ રહ્યું છે તે દિશામાં ચાલનારી નૌકા. **(૩) તિર્યગ્ગામિની નૌકા–** પાણીના પ્રવાહને કાપીને ચાલનારી નૌકા અર્થાત્ નદીના એક કિનારાથી બીજા કિનારે જનારી નૌકા. સાધુ જરૂર પડે ત્યારે તિર્યગ્ગામિની નૌકામાં બેસી શકે છે.

**कुविंदेण :–** માટીની સાથે પીપળાની, વડની છાલને કૂટીને બનાવેલા મસાલાથી અથવા કપડા સાથે માટીને કૂટીને જે લુગદી બનાવાય તેનાથી નાવના છિદ્રને બંધ કરી શકાય છે, તેનો અર્થ કમળપત્ર પણ થાય છે.

**ઉપસંહાર :–**

**૨૦ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ ઈર્યા વિષયક વિવેક તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સર્વ વિષયોમાં સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પુરુષાર્થશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૩/૧ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન : બીજો ઉદ્દેશક

**નૌકારોહણમાં ઉપસર્ગ :–**

**१** **से णं परो णावागओ णावागयं वएज्जा– आउसंतो समणा ! एयं ता तुमं छत्तगं वा** *जाव* **चम्मछेयणगं वा गेण्हाहि, एयाणि ता तुमं विरूवरूवाणि सत्थजायाणि धारेहि, एयं ता तुमं दारगं वा दारिगं वा पज्जेहि । णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।**

**ભાવાર્થ :–** નાવમાં બેઠેલા મુનિને નાવિક કે અન્ય કોઈ એમ કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! પહેલા તમે અમારા છત્ર ***યાવત્*** ચર્મછેદનક(ચામડાને કાપવાનું શસ્ત્ર)ને પકડો, આ વિવિધ શસ્ત્રોને ધારણ કરો, આ બાળકને કે બાલિકાને રમાડો, તો સાધુ તેના આ પ્રકારના કોઈ પણ વચનોનો સ્વીકાર કરે નહિ પરંતુ મૌન ધારણ કરીને બેસે.

**२** **से णं परो णावागए णावागयं वएज्जा– आउसंतो ! एस णं समणे णावाए भंडभारिए भवइ, से णं बाहाए गहाय णावाओ उदगंसि पक्खिवेज्जा । एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से य चीवरधारी सिया खिप्पामेव चीवराणि उव्वेढिज्ज वा णिव्वेढिज्ज वा, उप्फेसं वा करेज्जा ।**

**શબ્દાર્થ :–** **भंडभारिए भवइ** = ચેષ્ટા રહિત ભંડોપકરણની જેમ ભારરૂપ છે **से णं बाहाए गहाय** = તેને બાહુઓથી પકડીને **णावाओ** = નાવથી બહાર **उदगंसि पक्खिवेज्जा** = પાણીમાં ફેંકી દ્યો **एयप्पगारं णिग्घोसं** = આ પ્રકારના શબ્દોને **सोच्चा णिसम्म** = સાંભળીને, વિચાર કરીને **से** = સાધુ **चीवरधारी सिया** = જો વસ્ત્રધારી હોય તો **खिप्पामेव** = જલદી જ **चीवराणि** = વસ્ત્રોને **उव्वेढिज्ज** = શરીર પર વીંટી લે **णिव्वेढिज्ज** = ભેગા કરીને સરખી રીતે શરીરથી બાંધી દે **उप्फेसं वा करेज्जा** = મસ્તક પર વીંટી દે.

**ભાવાર્થ :–** નૌકામાં રહેલા કોઈ વ્યક્તિ નાવમાં બેઠેલા બીજા ગૃહસ્થને કહે કે– હે આયુષ્યમાન ગૃહસ્થ! આ શ્રમણ (કાંઈ સાંભળતા નથી કે કોઈ કામ કરતા નથી તેથી) જડ વસ્તુની જેમ કેવળ નાવમાં ભાર રૂપ છે માટે તેને બાહુથી પકડીને નાવની બહાર પાણીમાં ફેંકી દ્યો, આ પ્રકારના શબ્દો સાંભળીને, હૃદયમાં ધારણ કરીને જો મુનિ વસ્ત્રધારી હોય તો જલદી વસ્ત્રોને શરીર પર વીંટી લે, ભેગા કરીને સરખી રીતે શરીર સાથે બાંધી લે. વસ્ત્રોને પોતાના મસ્તક ઉપર સારી રીતે બાંધી લે.

**३** **अह पुणेवं जाणेज्जा– अभिकंतकूरकम्मा खलु बाला बाहाहिं गहाय णावाओ उदगंसि पक्खिवेज्जा । से पुव्वामेव वएज्जा– आउसंतो गाहावई ! मा मेत्तो बाहाए गहाय णावाओ उदगंसि पक्खिवह, सयं चेव णं अहं णावाओ उदगंसि ओगाहिस्सामि ।**

**से णेवं वयंतं परो सहसा बलसा बाहाहिं गहाय णावाओ उदगंसि पक्खिवेज्जा, तं णो सुमणे सिया, णो दुम्मणे सिया, णो उच्चावयं मणं णियच्छेज्जा, णो तेसिं बालाणं घायाए वहाए समुट्ठेज्जा । अप्पुस्सुए** *जाव* **समाहीए । तओ संजयामेव उदगंसि पवेज्जा ।**

**શબ્દાર્થ :– से णेवं** = તે આ પ્રમાણે **वयंतं** = બોલતા જો **परो** = બીજા ગૃહસ્થ **सहसा** = અચાનક એકાએક, જલદીથી **बलसा** = બળપૂર્વક **बाहाहिं गहाय** = હાથ પકડીને **णावाओ** = નાવમાંથી **उदगंसि** = પાણીમાં **पक्खिवेज्जा** = ફેંકી દે **तं** = તે સાધુ **णो सुमणे सिया** = પ્રસન્ન થાય નહિ કે **णो दुम्मणे सिया** = અપ્રસન્ન થાય નહિ **णो उच्चावयं मणं णियच्छेज्जा** = મનમાં કોઈ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે નહિ **तेसिं बालाणं** = તે અજ્ઞાની જીવોની **णो घायाए वहाए समुट्ठेज्जा** = ઘાત કરવા કે વધ કરવા તૈયાર થાય નહિ **अप्पुस्सुए** *जाव* **समाहिए** = રાગદ્વેષ રહિત થઈ ***યાવત્*** સમાધિપૂર્વક સંયમમાં વિચરે **तओ** = ત્યાર પછી **संजयामेव** = યતનાપૂર્વક **उदगंसि पवेज्जा** = પાણીમાં શાંતિપૂર્વક વહે.

**ભાવાર્થ :–** સાધુ જાણે કે આ અત્યંત ક્રૂરકર્મી અજ્ઞાની મને અવશ્ય ભુજાથી પકડીને નાવમાંથી બહાર પાણીમાં ફેંકી દેશે. તો તે ફેંકે તે પહેલા જ તે ગૃહસ્થોને કહે કે– હે આયુષ્યમાન ગૃહસ્થો ! તમો મને ભુજાથી પકડીને નાવમાંથી બહાર પાણીમાં ફેંકો નહિ, હું પોતે જ નાવમાંથી બહાર નીકળીને પાણીમાં ઉતરી જઈશ.

આમ કહેવા છતાં પણ કોઈ અજ્ઞાની વ્યક્તિ જલદીથી જબરજસ્તીથી સાધુને હાથ પકડીને નાવમાંથી બહાર પાણીમાં ફેંકી દે, તો પાણીમાં પડેલા સાધુ મનમાં હર્ષ કે શોક કરે નહિ, મનમાં કોઈ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે નહિ અને તે અજ્ઞાનીજનોની ઘાત કે વધ કરવા તૈયાર થાય નહિ, રાગ-દ્વેષથી રહિત થઈ ***યાવત્*** મુનિ સમાધિ યુક્ત પરિણામોમાં રહે અને પાણીમાં વહે.(પોતે તરવાનો પ્રયત્ન કરે નહિ પણ પ્રવાહ જેમ લઈ જાય તેમ વહે).

**૪ से भिक्खु वा भिक्खूणी वा उदगंसि पवमाणे णो हत्थेण हत्थं, पाएण पायं, काएण कायं आसाएज्जा । से अणासायमाणे तओ संजयामेव उदगंसि पवेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાણીમાં તણાતા, અપ્કાય જીવોની રક્ષા માટે પોતાના એક હાથથી બીજા હાથનો તેમજ એક પગથી બીજા પગનો તથા શરીરના એક અવયવથી બીજા અવયવોનો સ્પર્શ કરે નહિ, હાથ-પગ હલાવ્યા વિના પાણી ઉપર શ્વાસ રૂંધીને વહેતા રહે.

**૫ से भिक्खु वा भिक्खुणी वा उदगंसि पवमाणे णो उम्मग्ग-णिमग्गियं करेज्जा, मा मेयं उदगं कण्णेसु वा अच्छीसु वा णक्कंसि वा मुहंसि वा परियावज्जेज्जा, तओ संजयामेव उदगंसि पवेज्जा ।**

**શબ્દાર્થ :– णो उम्मग-णिमग्गियं करेज्जा** = નીચે, ઉપર ડૂબકી મારવાનો પ્રયત્ન કરે નહિ.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાણીમાં તણાતા સમયે ડૂબકી મારવાનો કે ઉપર આવવાનો પ્રયત્ન કરે નહિ, પરંતુ આ પાણી કાનમાં, આંખમાં, નાકમાં કે મુખમાં ભરાઈ ન જાય તેનું ધ્યાન રાખીને યતનાપૂર્વક પાણીમાં તણાતા રહે.

**૬** **से भिक्खु वा भिक्खुणी वा उदगंसि पवमाणे दोब्बलियं पाउणेज्जा, खिप्पामेव उवहिं विगिंचेज्ज वा विसोहेज्ज वा, णो चेव णं साइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **दोब्बलियं** = દુર્બળતા, કષ્ટ **पाउणेज्जा** = પ્રાપ્ત કરે તો **खिप्पामेव** = જલદી જ **उवहिं** = ઉપધિનો **विगिंचेज्ज** = ત્યાગ કરી દે **विसोहेज्ज** = ઉપકરણોનો પૂર્ણ રીતે ત્યાગ કરી દે **णो चेव णं साइज्जेज्जा** = પરંતુ ઉપધિ પર મમત્વ રાખે નહિ.

**ભાવાર્થ :–** ત્યાર પછી પાણીમાં તણાતા સાધુ થાકી જાય, તો શીઘ્રતાથી સર્વ ઉપધિનો પૂર્ણપણે ત્યાગ કરી દે, પરંતુ તેના પર મમત્વ ભાવ રાખે નહિ.

**૭** **अह पुण एवं जाणेज्जा– पारए सिया उदगाओ तीरं पाउणित्तए । तओ संजयामेव उदउल्लेण वा ससिणिद्धेण वा काएण उदगतीरे चिट्ठेज्जा ।**

**ભાવાર્થ :–** જો સાધુ જાણે કે હું ઉપધિ સહિત આ પાણીનો પાર પામી ગયો છું, કિનારે આવી ગયો છું, તો તેમ જાણીને સાધુ યતનાપૂર્વક જ્યાં સુધી શરીર પરથી પાણી ટપકતું હોય, શરીર ભીનું હોય ત્યાં સુધી નદીના કિનારે ઊભા રહે.

**૮** **से भिक्खू वा भिक्खुणी वा उदउल्लं वा ससिणिद्धं वा कायं णो आमज्जेज्ज वा पमज्जेज्ज वा संलिहेज्ज वा णिल्लिहेज्ज वा उव्वलेज्ज वा उव्वट्टेज्ज वा आयावेज्ज वा पयावेज्ज वा ।**

**अह पुण एवं जाणेज्जा– विगतोदए मे काए छिण्णसिणेहे मे काए । तहप्पगारं कायं आमज्जेज्ज वा पमज्जेज्ज वा** *जाव* **पयावेज्ज वा । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **उदउल्लं वा ससिणिद्धं वा कायं** = પાણીથી ભીંજાયેલા શરીરને **णो आमज्जेज्ज वा पमज्जेज्ज** = હાથથી સ્પર્શ કરે નહિ, વિશેષ સ્પર્શ કરે નહિ **संलिहेज्ज वा णिल्लिहेज्ज** = લૂછે નહિ કે વારંવાર લૂછે નહિ **उव्वलेज्ज वा उव्वट्टेज्ज** = હાથથી મસળે નહિ કે ઘસે નહિ **आयावेज्ज वा पयावेज्ज** = તડકામાં તપાવે નહિ કે વિશેષરૂપે તપાવે નહિ **विगतोदए मे काए** = મારું શરીર પાણીથી રહિત **छिण्णसिणेहे** = ભીનું રહ્યું નથી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાણીથી ભીંજાયેલ શરીરનો એકવાર કે વારંવાર હાથથી સ્પર્શ કરે નહિ, એકવાર કે વારંવાર લૂછે નહીં, મસળે નહીં, ઘસે નહીં, ભીના શરીરને અને ઉપધિને સૂકવવા માટે તડકામાં તપાવે નહિ કે વિશેષ તપાવે નહીં.

જ્યારે તે જાણે કે હવે મારું શરીર એકદમ સૂકાઈ ગયું છે, તેના પર પાણીનું ટીપું કે ભીનાશ રહી નથી ત્યારે શરીરનો સ્પર્શ કરે, લૂછે, ઘસે, માલીશ કરે ***યાવત્*** તડકામાં વિશેષ રૂપે તપાવે. ત્યાર પછી સંયમી સાધુ યતનાપૂર્વક ગ્રામનુગ્રામ વિચરણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને નાવમાં બેઠા પછી અચાનક આવી પડતી વિકટ પરિસ્થિતિના સમયનો

વિવેક પ્રદર્શિત કર્યો છે. નાવમાં બેઠેલા મુનિને વિવિધ પ્રકારે આપત્તિ આવી શકે છે. નાવિક સાધુને મુનિધર્મની મર્યાદાથી વિપરીત કાર્ય કરવા માટે કહે. સાધુ મૌન રહે તો નાવિક તિરસ્કારપૂર્ણ વચનો કહી પાણીમાં ફેંકી દેવાનો વિચાર કરે. મુનિ તેમ ન કરવા સમજાવે તે પહેલાં જ મુનિને પકડીને પાણીમાં ફેંકી દે, તો સાધુ જલસમાધિ લઈ ઉપસર્ગથી છૂટવાનો મનમાં સંકલ્પ કરે નહિ કે ડૂબવાના ભયથી દુઃખી ન થાય, તેમજ પાણીમાં ફેંકી દેનાર પ્રતિ જરા પણ દુર્ભાવના લાવે નહિ, પાણીમાં ડૂબેલા હોય ત્યારે પણ અપ્કાયના જીવો પ્રતિ દયા ભાવ રાખીને હાથ-પગ હલાવે નહીં, સમભાવપૂર્વક પાણીના વહેણ સાથે વહ્યા કરે.

જો ઉપસર્ગ દૂર થાય અને મુનિ પાણીમાં તણાતા તણાતા કિનારા સુધી પહોંચી જાય, તો ત્યાર પછી નીતરતા શરીરને કે વસ્ત્રને સૂકવવાનો પ્રયત્ન કરે નહીં, કિનારા પર શાંતભાવે સમાધિપૂર્વક સ્થિર ઊભા રહે. જ્યારે સહજ રીતે શરીર કે વસ્ત્ર સૂકાઈ જાય ત્યારપછી સાધુ સમાચારી અનુસાર ઈર્યાપથનું એટલે ગમનાગમનનું પ્રતિક્રમણ કરે. ત્યાર પછી નજીકના ગામમાં જવા માટે વિહાર કરે.

આ રીતે સાધુ કોઈપણ પરિસ્થિતિમાં પોતાના સંયમ ભાવથી ચ્યુત થાય નહીં. મારણાંતિક ઉપસર્ગ સમયે પણ અંતરમાં સર્વ જીવો પ્રતિ દયાભાવ અખંડ રાખે. પોતાની રક્ષા માટે કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના, યથાશક્ય અન્ય જીવોની રક્ષાનો ભાવ રાખવો, તે જ સાધુતાનું મહત્વનું લક્ષણ છે.

સહનશીલતાની પરાકાષ્ટામાં જ સાધુપણાની સફળતા છે.

**ઈર્યા સમિતિ વિવેક :–**

**૯ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे णो परेहिं सद्धिं परिजविय-परिजविय गामाणुगामं दुइज्जेज्जा । तओ संजयामेव गामाणुगामं दुइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **परेहिं सद्धिं** = અન્ય સાધુ સાથે કે કોઈની પણ સાથે **परिजविय** = બોલતાં, વાતો કરતાં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કોઈની સાથે વાતો કરતાં ચાલે નહિ, પરંતુ યથાવિધિ ઈર્યાસમિતિનું પાલન કરતા ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

વિહાર કરતા સમયે સાધુઓ પરસ્પર કે અન્ય કોઈની સાથે વાતો કરતાં-કરતાં ચાલે નહિ. વાતો કરતાં ચાલવાથી ઈર્યાસમિતિનું યથાર્થ પાલન થતું નથી, જીવહિંસા થવાની સંભાવના રહે છે. આગમમાં રસ્તે ચાલતા પાંચે પ્રકારની સ્વાધ્યાય કરવાનો નિષેધ કર્યો છે. સાધુ મન, વચન, કાયાના યોગોને અન્ય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત કરી કેવળ ઈર્યાસમિતિના પાલનમાં જ જોડી દે અને ઉપયોગને કેવળ ગમન ક્રિયામાં જ એકાગ્ર કરીને ગમન કરે.

**જંઘાપ્રમાણ પાણીને પાર કરવાની વિધિ :–**

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे, अंतरा से जंघासंतारिमे उदगे सिया, से पुव्वामेव ससीसोवरियं कायं पाए य पमज्जेज्जा, पमज्जेत्ता**

*જાવ* **एगं पायं जले किच्चा, एगं पायं थले किच्चा; तओ संजयामेव जंघासंतारिमे उदगे अहारियं रीएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં જો રસ્તામાં જંઘા–ગોઠણ પ્રમાણ પાણી ઉતરવાનું આવે, તો સાધુ મસ્તકથી લઈને પગ સુધીના શરીરનું પ્રતિલેખન–પ્રમાર્જન કરે, પ્રમાર્જન કરીને એક પગ પાણીમાં અને એક પગ સ્થલ પર રાખીને યતનાપૂર્વક ગોઠણસમા પાણીને શાસ્ત્રોક્ત વિધિથી ઈર્યા સમિતિ પૂર્વક પાર કરે.

**११ से भिक्खू वा भिक्खुणी वा जंघासंतारिमे उदगे अहारियं रीयमाणे णो हत्थेण हत्थं** *જાવ* **आसाएज्जा । से अणासायमाणे तओ संजयामेव जंघासंतारिमे उदगे अहारियं रीएज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જંઘા પ્રમાણ પાણીને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પાર કરતા સમયે હાથથી હાથનો ***યાવત્*** સ્પર્શ કરે નહિ. આ રીતે સાધુ શરીરના એક અવયવથી શરીરના અન્ય અવયવોનો સ્પર્શ નહિ કરતાં, જંઘા પ્રમાણ પાણીને વિધિ અનુસાર યતનાપૂર્વક પાર કરે.

**१२ से भिक्खू वा भिक्खुणी वा जंघासंतारिमे उदए अहारियं रीयमाणे णो सायावडियाए णो परिदाहवडियाए महइमहालयंसि उदगंसि कायं विओसेज्जा । तओ संजयामेव जंघासंतारिमे उदए अहारियं रीएज्जा ।**

**શબ્દાર્થ :–** **सायावडियाए** = શાતા માટે **परिदाहवडियाए** = બળતરાની શાંતિ માટે **महइमहालयंसि** = ઘણા વિશાળ અને ઊંડા **णो विओसेज्जा** = શાતા માટે ઊંડા પાણીમાં જાય નહિ.

**ભાવાર્થ :–** જંઘા પ્રમાણ જળમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ચાલતા સાધુ કે સાધ્વી શારીરિક સુખ શાંતિ માટે કે દાહ–બળતરાની ઉપશાંતિ માટે ઊંડા પાણીમાં અને વિશાળ પ્રવાહમાં શરીરને ઝબોળે નહિ, પરંતુ યતનાપૂર્વક શાસ્ત્રોક્ત વિધિથી તે જંઘાપ્રમાણ પાણીને પાર કરે.

**१३ अह पुण एवं जाणेज्जा– पारए सिया उदगाओ तीरं पाउणित्तए । तओ संजयामेव उदउल्लेण वा ससिणिद्धेण वा काएण दगतीरे चिट्ठेज्जा ।**

**ભાવાર્થ :–** જ્યારે તે એમ જાણે કે હું ઉપધિ સહિત પાણીને પાર પામી ગયો છું અર્થાત્ કિનારે આવી ગયો છું, તો જ્યાં સુધી શરીર ઉપરથી પાણી ટપકતું હોય અને શરીર ભીનું હોય, ત્યાં સુધી નદીના કાંઠે જ ઊભા રહે.

**१४ से भिक्खू वा भिक्खुणी वा उदउल्लं वा कायं, ससिणिद्धं वा कायं, णो आमज्जेज्ज वा पमज्जेज्ज वा ।**

**अह पुण एवं जाणेज्जा– विगओदए मे काए, छिण्णसिणेहे, तहप्पगारं कायं आमज्जेज्ज वा** *જાવ* **पयावेज्ज वा । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જ્યાં સુધી શરીર પરથી પાણી ટપકતું હોય, શરીર ભીનું હોય ત્યાં સુધી

તેને એકવાર કે વારંવાર હાથથી સ્પર્શ કરે નહિ, લૂછે નહી, વધારે ઘસે નહિ, માલિશ કરે નહિ, મસળે નહિ, ભીના શરીરને કે ઉપધિને તડકે સૂકવે નહિ.

જ્યારે તે જાણે કે મારા શરીર ઉપર પાણીના ટીપાં નથી કે મારું શરીર ભીનું નથી ત્યારે પોતાના હાથથી તે શરીરનો સ્પર્શ કરે ***યાવત્*** તડકામાં ઊભા રહી તેને તપાવે, વિશેષ તપાવે, ત્યાર પછી તે સાધુ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે જંઘા પ્રમાણ નદીને પાર કરવાની વિધિ પ્રદર્શિત કરી છે.

**जंघासंतारिमे उदए :–** જંઘા પ્રમાણ પાણી વાળી નદી. આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં ગોઠણની નીચેના પગને(પીંડીને) જંઘા અને ગોઠણથી ઉપરના પગને ઉરુ-સાથળ કહ્યા છે. તદનુસાર અહીં પણ જંઘા અર્થાત્ પગની પીંડી સુધીનો ભાગ સમજવો પ્રસંગને અનુરૂપ છે કારણ કે પાણી ગોઠણથી નીચે હોય ત્યારે જ તેને સૂત્રોક્ત વિધિથી ચાલીને પાર કરી શકાય છે. પાણી ગોઠણથી અધિક ઊંડું હોય, તો તેને નૌકા વિના પાર કરી શકાતું નથી.

સાધુને જંઘા પ્રમાણ જલને પાર કરવાની સમગ્ર વિધિ આ પ્રમાણે છે– સહુ પ્રથમ (૧) મસ્તકથી પગ સુધીનું પ્રમાર્જન કરે, પછી એક પગ પાણીમાં અને એક પગ સ્થળમાં(જળથી ઉપર) રાખીને સાવધાનીથી ચાલે. (૨) તે સમયે શરીરના અંગોપાંગનો પરસ્પર સ્પર્શ કરે નહિ. (૩) શરીરની ગરમીને શાંત કરવા કે સુખશાતાના લક્ષ્યથી પાણીમાં ડૂબકી મારે નહિ. (૪) ઉપકરણો સહિત નદી પાર કરવાનું સામર્થ્ય ન હોય તો ઉપકરણોનો ત્યાગ કરી દે, જો સામર્થ્ય હોય તો ઉપકરણો સહિત પાર કરે. (૫) નદી પાર કર્યા પછી જ્યાં સુધી શરીર ઉપરથી પાણી ટપકતું હોય, ત્યાં સુધી નદીના કાંઠે ઊભા રહે. (૬) જ્યાં સુધી શરીર ઉપરથી પાણી સૂકાય નહિ, ત્યાં સુધી તેને હાથ લગાવે નહિ, લૂછે નહિ, ઘસે નહિ, માલિશ કરે નહિ, તડકામાં તપાવે નહિ. જ્યારે સહજ રીતે ઊભા રહેવા માત્રથી પાણી સૂકાઈ જાય ત્યારે નદી પાર કરવા સંબંધી ઈર્યાપથ–પ્રતિક્રમણ કરીને પછી શરીર સંબંધી સૂત્રોક્ત સર્વ ક્રિયાઓ કરે તેમજ વિહાર કરે.

**વિષમ માર્ગાદિમાં ગમન–નિષેધ :–**

**૧૫ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे णो मट्टियामएहिं पाएहिं हरियाणि छिंदिय-छिंदिय विकुज्जिय-विकुज्जिय विफालिय-विफालिय उम्मग्गेण हरियवहाए गच्छेज्जा; जहेयं पाएहिं मट्टियं खिप्पामेव हरियाणि अवहरंतु। माइट्ठाणं संफासे । णो एवं करेज्जा । से पुव्वामेव अप्पहरियं मग्गं पडिलेहेज्जा तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **मट्टियामएहिं** = માટી કે કાદવથી ખરડાયેલા **पाएहिं** = પગને **हरियाणि** = લીલોતરીનું **छिंदिय** = છેદન કરીને **विकुज्जिय** = લીલા પાંદડા ભેગા કરી કરીને **विफालिय** = લીલા પાંદડાને તોડીને-વાળીને **उम्मग्गेण** = ઉન્માર્ગથી **हरियवहाए** = લીલોતરીની હિંસા થાય તે રસ્તે **जहेयं** = જેમ કે **पाएहिं मट्टियं** = પગની માટી **खिप्पामेव** = જલદી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરણ કરતા ભીની માટીથી(કીચડથી) ખરડાયેલા

પોતાના પગને સાફ કરવા માટે લીલોતરીનું વારંવાર છેદન કરીને તથા લીલા પાંદડા ભેગા કરીને લીલા પાંદડાને તોડીને-વાળીને તેની સાથે પગ ઘસીને પગ પરની માટી કે કાદવ કાઢે નહિ તેમજ લીલોતરીની હિંસા કરવા માટે ઉન્માર્ગમાં જાય નહિ, માટી અને કીચડથી ખરડાયેલા પગ દ્વારા લીલોતરી પર ચાલવાથી કીચડ નીકળી જાય, આ પ્રમાણે વિચારીને તથાપ્રકારનું આચરણ કરનાર સાધુ માયા સ્થાનનું સેવન કરે છે. સાધુ આ પ્રમાણે કરે નહિ. તે પહેલાથી જ લીલોતરી રહિતના રસ્તાનું પ્રતિલેખન કરે, જુએ અને ત્યાર પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

**૧૬ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से वप्पाणि वा फलिहाणि वा पागाराणि वा तोरणाणि वा अग्गलाणि वा अग्गलपासगाणि वा गड्डाओ वा दरीओ वा सइ परकम्मे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा । केवली बूया– आयाणमेयं ।**

**से तत्थ परक्कममाणे पयलेज्ज वा पवडेज्ज वा, से तत्थ पयलमाणे वा पवडमाणे वा रुक्खाणि वा गुच्छाणि वा गुम्माणि वा लयाओ वा वल्लीओ वा तणाणि वा गहणाणि वा हरियाणि वा अवलंबिय-अवलंबिय उत्तरेज्जा, जे तत्थ पाडिपहिया उवागच्छंति ते पाणी जाएज्जा, तओ संजयामेव अवलंबिय-अवलंबिय उत्तरेज्जा । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **अंतरा** = રસ્તામાં **वप्पाणि** = ખેતરના ક્યારા **फलिहाणि** = ખાઈ **पागाराणि** = કિલ્લો **तोरणाणि** = તોરણ–દરવાજો **अग्गलाणि** = અર્ગલા **अग्गलपासगाणि** = આગળિયો લગાવવાનો ખીલો **गड्डाओ** = ખાડો **दरीओ** = પર્વતનીગુફા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરી રહ્યા હોય ત્યારે રસ્તામાં જો ખેતરના ક્યારા, ખાઈ, કિલ્લો, નગરનો મુખ્ય દરવાજો, આગળિયો કે આગળિયાનો ખીલો, ખાડો, ગુફા કે ભૂગર્ભ માર્ગ હોય તો જો અન્ય સુમાર્ગ હોય, તો તે રસ્તેથી યતનાપૂર્વક ગમન કરે પરંતુ આ સીધા રસ્તે ચાલે નહિ. કેવલી ભગવાને તેને કર્મબંધનું કારણ કહ્યું છે.

આવા વિષમ માર્ગમાં ચાલવાથી સાધુ, સાધ્વીના પગ લપસી જાય છે, તે ખાડા આદિમાં પડી પણ જાય છે, તેથી ત્યાં જો વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, ગહન એટલે લતાઓનું ઝુંડ તેમજ ઘાસ આદિ લીલોતરીને પકડીને બહાર નીકળવું પડે અથવા ત્યાં કોઈ મુસાફર આવે તો તેના હાથના સહારાની યાચના કરી તેના હાથનો સહારો લઈને ખાડા આદિમાંથી બહાર નીકળવું પડે, આ સર્વ દોષયુક્ત છે, માટે આ દોષયુક્ત માર્ગને છોડીને સાધુ અન્ય નિર્દોષ માર્ગ દ્વારા એક ગામથી બીજા ગામમાં વિચરણ કરે.

**૧૭ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से जवसाणि वा सगडाणि वा रहाणि वा सचक्काणि वा परचक्काणि वा, सेणं वा विरूवरूवं संणिविट्ठं पेहाए सइ परक्कमे संजयामेव परक्कमेज्जा णो उज्जुयं गच्छेज्जा ।**

**શબ્દાર્થ :–** **जवसाणि** = જવ, ઘઉં આદિ ધાન્ય **सगडाणि** = ગાડા, ગાડી **रहाणि** = રથ **सचक्काणि** = સ્વચક્ર–પોતાના રાજ્યની સેના **परचक्काणि** = બીજા રાજ્યની સેના.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતા હોય ત્યારે જો રસ્તામાં ઘઉં આદિ ધાન્યોના ઢગલા હોય, ઘણા બળદગાડી કે રથ વગેરે પડ્યા હોય, પોતાના રાજાની કે પર રાજાની સેનાનો પડાવ હોય તો તેને જોઈને જો અન્ય રસ્તો હોય તો તે રસ્તેથી યતનાપૂર્વક ચાલે પરંતુ આ સીધા(ટૂંકા) રસ્તે ચાલે નહિ.

**૧૮ से णं परो सेणागओ वएज्जा– आउसंतो ! एस णं समणे सेणाए अभिणिचारियं करेइ, से णं बाहाए गहाय आगसह । से णं परो बाहाहिं गहाय आगसेज्जा, तं णो सुमणे सिया *जाव* समाहीए । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **सेणाए** = સેનાની **अभिणिचारियं** = જાસૂસ **करेइ** = કરે છે **से णं बाहाए गहाय** = તેની ભુજાને પકડીને **आगसह** = ખેંચો, ઢસડો.

**ભાવાર્થ :–** કદાચ અન્ય માર્ગ ન હોય, તો તે રસ્તેથી જવું પડે તો સાધુને જોઈને કોઈ સૈનિક બીજા સૈનિકને કહે કે– હે આયુષ્યમાન ! આ શ્રમણ આપણી સેનાનો ભેદ જાણવા આવ્યા છે, તેથી તેનો હાથ પકડીને ખેંચો ! આ પ્રમાણે સૈનિક સાધુને ભુજાથી પકડીને ઘસડે, ખેંચે તો તે સમયે સાધુ મનમાં હર્ષ કે શોક કરે નહિ, પરંતુ સમાધિપૂર્વક સહન કરે. આ પ્રમાણે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**૧૯ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वएज्जा– आउसंतो समणा ! केवइए एस गामे वा *जाव* रायहाणी वा, केवइया एत्थ आसा, हत्थी, गामपिंडोलगा, मणुस्सा परिवसंति ? से बहुभत्ते बहुउदए बहुजणे बहुजवसे ? से अप्पभत्ते अप्पुदए अप्पजणे अप्पजवसे ? एयप्पगाराणि पसिणाणि पुट्ठो णो आइक्खेज्जा, एयप्पगाराणि पसिणाणि णो पुच्छेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ, સાધ્વીને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં રસ્તામાં કોઈ પથિક મળે અને તે સાધુને પૂછે– હે આયુષ્યમાન શ્રમણ ! આ ગામ ***યાવત્*** રાજધાની કેવીછે ? અહીં ઘોડા, હાથી, ભિખારીઓ કેવા-કેટલા છે ? મનુષ્યોની વસતિ કેટલી છે ? આ ગામમાં આહાર, પાણી, મનુષ્યો અને ધાન્યની પ્રચુરતા છે કે આહાર, પાણી, મનુષ્યો અને ધાન્યની અછત છે ? આ પ્રમાણે કોઈ પથિક પ્રશ્ન પૂછે તો સાધુ તેનો ઉત્તર આપે નહિ અને પોતે પણ પથિકને આ રીતે પૂછે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિહારમાં આવતી કઠિનાઈઓ અને તેમાં સાધુના વિવેકનું નિદર્શન છે.

(૧) નદીને પાર કર્યા પછી નદીકિનારે ચાલતા સાધુના પગ કીચડથી ખરડાઈ જાય, ત્યારે લીલા પાંદડા આદિથી સાફ કરે નહીં કે કીચડને સાફ કરવાના આશયથી લીલોતરીવાળા માર્ગે ચાલે નહીં. સાધુ અચેત પથ્થરાદિથી કીચડને સાફ કરી શકે છે.

(૨) ક્યારેક રસ્તામાં ખાડા-ટેકરા આવે, તો મુનિને લપસી જવાની કે પડી જવાની સંભાવના રહે છે. મુનિ પડી જાય, તો તેને વ્યક્તિનો સહારો લઈને ખાડામાંથી બહાર નીકળવું પડે છે. ક્યારેક આસપાસમાં કોઈ

ન હોય અને બાજુમાં વૃક્ષાદિ હોય, તો તેનો આધાર લેવો પડે છે, તેમાં જીવવિરાધનાની સંભાવના છે.

(૩) રસ્તામાં ધાન્યના મોટા મોટા ઢગલા હોય, રથ, ગાડા, ગાડી આદિ કોઈ પણ મોટા વાહનો વચ્ચે પડ્યા હોય અને ક્યારેક સાધુની અસાવધાનીથી જીવ વિરાધના થાય અથવા સાધુને સ્વયંને વાહનાદિની ઠોકર વાગી જાય, પડી જાય આદિ આપત્તિની સંભાવના છે.

(૪) રસ્તામાં કોઈ સેનાની છાવણીઓ હોય, ત્યાંથી સાધુ પસાર થાય, તો કોઈ તેને ગુપ્તચર કે જાસૂસ સમજીને પકડી લે, મારે, ઉપકરણો આદિ ઝૂંટવી લે ઇત્યાદિ ગમે તે પ્રકારે હેરાન કરી શકે છે.

આ રીતે સાધુને વિવિધ પ્રકારની આપત્તિઓમાં જીવવિરાધના, સંયમવિરાધના અને આર્તધ્યાનના પરિણામથી આત્મવિરાધના થાય છે.

ઉપરોક્ત વિવિધ માર્ગો સંયમી સાધકને માટે શારીરિક પીડા અને માનસિક અશાંતિજનક છે, તેથી મુનિ પહેલાથી માર્ગ સંબંધી પૂર્ણ જાણકારી મેળવીને જ યોગ્ય દિશામાં વિહાર કરે.

મુનિ જે ગામમાંથી આવ્યા હોય, તે ગામ વિષયક માહિતી કોઈ ગૃહસ્થ પૂછે, જેમ કે આ ગામમાં કેટલા હાથી-ઘોડા છે ? મનુષ્યો કેવા છે ? લોકો પાસે ધન-ધાન્યની છત છે કે અછત છે ? વગેરે કોઈ પણ પ્રશ્નોના ઉત્તર મુનિ આપે નહીં, કારણ કે સંયમી સાધુને ઉપરોક્ત ચર્ચાનો કોઈ અર્થ નથી, તે આત્મ સાધનામાં સહાયક નથી. ક્યારેક કોઈ સાધર્મી સાધક ધર્મ પ્રચારની ભાવનાથી એવા પ્રશ્નો પૂછે, તો સાધુ વિવેકપૂર્વક તેનો ઉત્તર આપી શકે છે.

**ઉપસંહાર :–**

**૨૦ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ ઈર્યા વિષયક વિવેક તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. જેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સર્વ વિષયોમાં સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૩/૨ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**વિહારમાં પ્રેક્ષા સંયમ :–**

**१** **से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से वप्पाणि वा फलिहाणि वा पागाराणि वा** *जाव* **दरीओ वा कूडागाराणि वा पासायाणि वा णूमगिहाणि वा रुक्खगिहाणि वा पव्वयगिहाणि वा रुक्खं वा चेइयकडं, थूभं वा चेइयकडं; आएसणाणि वा** *जाव* **भवणगिहाणि वा; णो बाहाओ पगिज्झिय-पगिज्झिय, अंगुलियाए उद्दिसिय-उद्दिसिय, ओणमिय-ओणमिय, उण्णमिय- उण्णमिय णिज्झाएजा । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **कूडागाराणि** = કૂટ(શિખર)ના આકારના ગૃહ, ઝૂંપડી **पासायाणि** = મહેલ **णूमगिहाणि** = તલઘર, ભૂમિગૃહ **रुक्खगिहाणि** = વૃક્ષ નીચે બનેલા ઘર **पव्वयगिहाणि** = પર્વત પર બનેલા ગૃહ **रुक्खं चेइयकडं** = વૃક્ષને આશ્રિત બનેલા મંદિર **थूभं चेइयकडं** = સ્તૂપને આશ્રિત બનેલા મંદિર.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતા રસ્તામાં દેખાતી ખેતરની ક્યારીઓ, ખાઈ, નગરનો કિલ્લો ***યાવત્*** ગુફા, શિખર જેવા આકારની ઝૂંપડી, મહેલ, ભૂમિગૃહ, વૃક્ષની નીચે કે પર્વતની ઉપરના ઘર, વૃક્ષ નીચેનું વ્યંતર સ્થાન-મંદિર, સ્તૂપ આશ્રિત વ્યંતર સ્થાન, લુહારશાળા ***યાવત્*** ભવન ગૃહ આદિને વારંવાર હાથ ઊંચા કરીને, આંગળીઓથી નિર્દેશ કરીને, ઊંચા-નીચા થઈને એકીટશે જુએ નહિ પરંતુ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**२** **से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से कच्छाणि वा दवियाणि वा णूमाणि वा वलयाणि वा गहणाणि वा गहणविदुग्गाणि वा वणाणि वा वणविदुग्गाणि वा पव्वयाणि वा पव्वयविदुग्गाणि वा अगडाणि वा तडागाणि वा दहाणि वा णईओ वा वावीओ वा पोक्खरणीओ वा दीहियाओ वा गुंजालियाओ वा सराणि वा सरपंतियाणि वा सरसरपंतियाणि वा; णो बाहाओ पगिज्झिय-पगिज्झिय** *जाव* **णिज्झाएज्जा । केवली बूया– आयाणमेयं।**

**जे तत्थ मिगा वा पसू वा पक्खी वा सरीसिवा वा सीहा वा जलयरा वा थलयरा वा खहयरा वा सत्ता ते उत्तसेज्ज वा, वित्तसेज्ज वा वाडं वा सरणं वा कंखेज्जा, चारि त्ति मे अयं समणे ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा** *जाव* **जं णो बाहाओ पगिज्झिय-पगिज्झिय** *जाव* **णिज्झाएज्जा । तओ संजयामेव आयरिय-उवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **कच्छाणि** = કચ્છ–નદી કિનારાનો નીચેનો ભાગ **दवियाणि** = ઘાસની વીડ **णूमाणि** = તળેટી કે ભૂમિઘર **वलयाणि** = નદીથી ઘેરાયેલો પ્રદેશ **गहणाणि** = નિર્જન પ્રદેશમાં, અરણ્ય ક્ષેત્રમાં **गहण विदुग्गाणि** = જંગલમાં વિષમ સ્થાન **पोक्खरणीओ** = પુષ્કરણી-કમળ સહિતની વાવડીઓ **दीहीयाओ** = લાંબી વાવડીઓ **गुंजालियाओ** = ઊંડી વાવડીઓ **सराणि** = ખોદયા વિનાના તળાવ **सरपंतियाणि** = પંક્તિબદ્ધ સરોવર **सरसरपंतियाणि** = પરસ્પર જોડાયેલા પંક્તિબદ્ધ સરોવરો **मिगा वा पसू** = હરણ કે પશુ **पक्खी** = પક્ષી **सरीसिवा** = સર્પ **सीहा** = સિંહ **जलयरा वा थलयरा वा खहयरा** = જલચર, સ્થલચર કે ખેચર જીવ **सत्ता ते** = જીવ છે તે **उत्तसेज्ज** = ત્રાસ પામે **वित्तसेज्ज** = વિશેષરૂપથી ત્રાસ પામે **वाडं वा सरणं** = વાડ કે શરણ–આશ્રય લેવાની **कंखेज्जा** = ઈચ્છા કરે **अयं समणे** = આ શ્રમણ **चारि त्ति मे** = અમને ભગાડવા માંગે છે કે પકડવા માંગે છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગ્રામાનુગ્રામ વિહાર કરતા હોય ત્યારે રસ્તામાં દેખાતા કચ્છ-નદીની નજીકનો નીચાણનો ભાગ, ઘાસની વીડ, ભૂમિઘર, નદીથી ઘેરાયેલો નિર્જલ પ્રદેશ, જંગલના વિષમ સ્થાનો, ગહન દુર્ગમ વન, એકજાતના વૃક્ષો હોય તેવું વન, વનના વિષમ સ્થાન અથવા અનેક જાતિના વૃક્ષો હોય તેવા વન, પર્વતો, ઘણા પર્વતોના કારણે દુર્ગમ પર્વતો, કૂવા, તળાવ, સરોવર, નદીઓ, વાવડી-કમળ રહિત ગોળાકાર વાવડી, પુષ્કરણીઓ- કમળ સહિત ચોરસ વાવડી, લોકો જલક્રીડા કરે તેવી લાંબી વાવડી, ગુંજાલિકા-લાંબું, ઊંડું, વાંકુચૂંકુ જલાશય, ખોદયા વિનાનું તળાવ, અનેક સરોવરની પંક્તિઓ, પરસ્પર મળેલા ઘણા સરોવરો, હાથ ઊંચા કરીને, આંગળીઓથી સંકેત કરીને તથા ઊંચા-નીચા થઈને, એકીટશે જુએ નહિ. કેવળી ભગવાન કહે છે કે તે કર્મબંધનું કારણ છે.

આ પ્રમાણે જોવાથી ત્યાં રહેલા, હરણો, પશુ, પક્ષી, સર્પ, સિંહ, જલચર, સ્થળચર કે ખેચર જીવો સાધુની આ પ્રકારની ચેષ્ટાઓને જોઈને ત્રાસ પામે, વિશેષ ત્રાસ પામે, કોઈ વાડનું કે સુરક્ષિત સ્થાનનું શરણ લેવાની ઈચ્છા કરે અથવા આ શ્રમણ અમને ભગાડવા કે પકડવા ઈચ્છે છે, તેમ વિચારીને તે પ્રાણીઓ ભયભીત બને છે.

તેથી તીર્થંકરાદિ આપ્ત પુરુષોએ ભિક્ષુઓ માટે પહેલેથી જ આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ કોઈ પણ સ્થાનને હાથ ઊંચા કરીને, આંગળીઓથી નિર્દેશ કરીને કે શરીરને ઊંચું-નીચું કરીને એકીટશે જુએ નહિ પરંતુ યતનાપૂર્વક આચાર્ય ઉપાધ્યાયની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વી માટે વિહાર કરતાં રસ્તામાં શારીરિક ચેષ્ટાઓ અને ચંચળતાના ત્યાગનો ઉપદેશ છે.

સાધુ-સાધ્વીઓએ વિહારમાં ઈર્યાસમિતિ પૂર્વક ચાલવું જરૂરી છે. તે ઉપરાંત સાધુ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં ઈન્દ્રિય સંયમ તેમજ અંગોપાંગ સંયમ પણ આવશ્યક છે. વિહાર દરમ્યાન સાધુ પોતાની આંખ, આંગળીઓ, હાથ-પગ તેમજ શરીરને નિયંત્રણમાં રાખે છે. સાધુનું ધ્યાન કેવળ પોતાના રસ્તામાં જ હોવું જોઈએ. જો આ પ્રકારનો સંયમ ન રહે તો જીવવિરાધના થાય છે. તેમજ શરીરના અવયવોના અસંયમને જોતા ત્યાં રહેતા લોકોને સાધુ પ્રત્યે શંકા, કુશંકા થાય કે આ ચોર છે, ગુપ્તચર છે, આ વેશથી

સાધુ છે, ઇન્દ્રિયોનો વિજેતા નથી. સાધુને જોઈને ત્યાં રહેલા પશુ-પક્ષીઓ પણ ડરી જાય, ભયભીત બનીને ભાગવા લાગે છે, તેને આહાર-પાણીમાં અંતરાય પડે છે.

આ રીતે સાધુનો ઇન્દ્રિયો પરનો અસંયમ અનેક પ્રકારે કર્મબંધનું કારણ હોવાથી સાધુએ પોતાની પ્રત્યેક ક્રિયામાં ઇન્દ્રિયનો સંયમ અને કાયાનો સંયમ રાખવો હિતાવહ છે.

**આચાર્યાદિની સાથે વિહારમાં વિનયવિધિ :–**

**३ से भिक्खू वा [भिक्खुणी वा] आयरिय-उवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जमाणे णो आयरिय-उवज्झायस्स हत्थेण हत्थं** *जाव* **आसाएज्जा । से अणासायमाणे तओ संजयामेव आयरिय-उवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जेज्जा।**

**ભાવાર્થ :–** આચાર્ય, ઉપાધ્યાયની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરનાર સાધુ પોતાના હાથનો તેમના હાથ સાથે સ્પર્શ કરે નહિ ***યાવત્*** આશાતના કરે નહિ ***યાવત્*** સાધુ ઈર્યાસમિતિ પૂર્વક આચાર્ય કે ઉપાધ્યાયની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**४ से भिक्खू वा [भिक्खुणी वा] आयरिय-उवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वएज्जा– आउसंतो समणा ! के तुब्भे, कओ वा एह, कहिं वा गच्छिहिह ?**

**जे तत्थ आयरिए वा उवज्झाए वा, से भासेज्ज वा वियागरेज्ज वा; आयरिय-उवज्झायस्स भासमाणस्स वा वियागरेमाणस्स वा णो अंतरा भासं करेज्जा, तओ संजयामेव आहाराइणियाए गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** આચાર્ય અને ઉપાધ્યાયની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરનાર સાધુને રસ્તામાં જો કોઈ વ્યક્તિ મળે અને પૂછે કે– હે આયુષ્યમાન શ્રમણ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ક્યાં જશો ? ત્યારે આચાર્ય કે ઉપાધ્યાય તેને સામાન્ય રૂપે કે વિશેષ રૂપે જવાબ આપે છે. તેઓ ઉત્તર દેતા હોય ત્યારે સાધુ વચમાં બોલે નહિ પરંતુ મૌન રાખીને ઈર્યા સમિતિપૂર્વક રત્નાધિકના ક્રમથી તેઓની સાથે ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

**५ से भिक्खू वा भिक्खुणी वा आहाराइणियं गामाणुगामं दूइज्जमाणे णो राइणियस्स हत्थेण हत्थं** *जाव* **आसाएज्जा । से अणासायमाणे तओ संजयामेव आहाराइणियं गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** રત્નાધિક–પોતાનાથી દીક્ષા પર્યાયમાં મોટા સાધુ કે સાધ્વીની સાથે યથાક્રમે ગ્રામાનુગ્રામ વિહાર કરતા(સાધુ કે સાધ્વી) પોતાના હાથથી રત્નાધિકના હાથનો સ્પર્શ કરે નહિ ***યાવત્*** તેઓની આશાતના નહિ કરતા ઈર્યાસમિતિ પૂર્વક તેઓની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**६ से भिक्खू वा भिक्खुणी वा आहाराइणियं गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वएज्जा– आउसंतो समणा! के तुब्भे ? कओ वा एह ? कहिं वा गच्छिहिह ?**

**जे तत्थ सव्वराइणिए से भासेज्ज वा वियागरेज्ज वा, राइणियस्स भासमाणस्स वा वियागरेमाणस्स वा णो अंतरा भासं भासेज्जा । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** રત્નાધિક સાધુઓની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ કે સાધ્વીને રસ્તામાં કોઈ પથિક સામે મળે અને પૂછે કે હે આયુષ્યમાન શ્રમણ ! આપ કોણ છો ? ક્યાંથી આવો છો ? અને ક્યાં જશો ? ત્યારે દીક્ષા પર્યાયમાં સહુથી મોટા હોય, તે સામાન્ય કે વિશેષ રૂપે ઉત્તર આપે છે. રત્નાધિક સામાન્ય કે વિશેષરૂપે ઉત્તર આપતા હોય ત્યારે(અન્ય સાધુ કે સાધ્વી) વચમાં બોલે નહીં, પરંતુ મૌન રાખીને ઈર્યા સમિતિનું ધ્યાન રાખતા તેઓની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વિહારચર્યામાં સાધુના મૂળભૂત વિનયધર્મનું નિરૂપણ છે. આચાર્ય, ઉપાધ્યાય કે રત્નાધિક સાધુની સાથે વિહાર કરતા સમયે સાધુએ તેઓની કોઈ પણ રીતે અવિનય-આશાતના, અભક્તિ આદિ ન થાય તેમજ વ્યવહારમાં તેઓનું સન્માન તેમજ આદર રહે તેનું ધ્યાન રાખવું આવશ્યક છે. સાધુ પોતાના વડીલ સંતોની આગળ કે પાછળ ન ચાલે. આગળ ચાલવાથી વડીલોનું બહુમાન રહેતું નથી, પાછળ ચાલવાથી ક્યારેક વડીલોને સહારાની જરૂર પડે, ત્યારે વડીલોને મુશ્કેલી થાય છે, તેથી તેઓ સાથે અથડાઈ ન જવાય, તે રીતે વિવેકપૂર્વક વડીલ સંતોની સાથે ચાલે. રસ્તામાં કોઈ પ્રશ્નો પૂછે, તોપણ વડીલ સંતો જ ઉત્તર આપે, તેમની વચ્ચે નાના સંતો બોલે, તો તેમાં પણ વડીલ શ્રમણનું અપમાન થાય છે, તેથી સાધુ વડીલ શ્રમણો સાથે વિનય-વિવેકપૂર્વક ગમન કરે. સાધ્વીઓમાં આચાર્ય પદવી નથી. સાધ્વીજીઓ પ્રવર્તિની સાધ્વી સાથે વિહાર કરતાં તેનો અવિનય કે આશાતના ન થાય તે રીતે ચાલે, તેમ પ્રસ્તુતમાં સમજવું.

**વિહારચર્યામાં ભાષાસંયમ :–**

**૭** **से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया आगच्छेज्जा, ते णं पाडिपहिया एवं वएज्जा– आउसंतो समणा ! अवियाइं एत्तो पडिपहे पासह, तं जहा– मणुस्सं वा गोणं वा महिसं वा पसुं वा पक्खिं वा सरीसवं वा जलयरं वा, से तं मे आइक्खह, दंसेह । तं णो आइक्खेज्जा, णो दंसेज्जा, णो तस्स तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा, जाणं वा णो जाणं ति वएज्जा । तओ संजयामेव गामाणुगामं दूइजेज्जा ।**

**શબ્દાર્થ :–** **णो आइक्खेज्जा** = કહે નહિ **णो दंसेज्जा** = બતાવે નહિ **णो तस्स तं परिण्णं परिजाणेज्जा** = તેના તે વચનનો સ્વીકાર કરે નહિ **तुसिणीए उवेहेज्जा** = મૌન રહે **जाणं वा णो जाणं ति वएज्जा** = જાણવા છતાં પણ હું જાણું છું તેમ કહે નહિ. જો મૌન રાખવું પણ શક્ય ન રહે તો જાણવા છતાં પણ હું કંઈ જાણતો નથી, તેમ કહે.

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ કે સાધ્વીને રસ્તામાં કોઈ પથિક સામે મળે અને તે

સાધુઓને કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! તમે રસ્તામાં કોઈ મનુષ્ય, મૃગ, ભેંસ, પશુ, પક્ષી, સરીસર્પ કે જલચર આદિ કોઈ પ્રાણીને જતા જોયા છે ? જો જોયા હોય તો અમને બતાવો કે તેઓ કઈ બાજુ ગયા ? આ પ્રમાણે પૂછે, ત્યારે સાધુ તેને કાંઈ પણ કહે નહિ કે માર્ગદર્શન આપે નહીં, તેની વાતનો સ્વીકાર કરે નહિ, પરંતુ ઉદાસીનતાપૂર્વક મૌન રહે. મૌન રહેવાનું ચાલે તેમ ન હોય, તો જાણવા છતાં પણ ઉપેક્ષા ભાવથી હું કંઈ જાણતો નથી, તેમ કહે. આ રીતે યતનાપૂર્વક સાધુ ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**૮ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वएज्जा– आउसंतो समणा ! अवियाइं एत्तो पडिपहे पासह– उदगपसूयाणि कंदाणि वा मूलाणि वा तयाणि वा पत्ताणि वा पुप्फाणि वा फलाणि वा बीयाणि वा हरियाणि वा उदयं वा संणिहियं अगणिं वा संणिक्खित्तं, से आइक्खह** *जाव* **दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ કે સાધ્વીને રસ્તામાં કોઈ મુસાફર મળે અને પૂછે કે– હે આયુષ્યમાન શ્રમણ ! આ માર્ગમાં તમે જળમાં ઉત્પન્ન થનાર કંદ, મૂળ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, લીલોતરી તેમજ સંગ્રહિત પાણીને કે મૂકેલા અગ્નિને જોયો છે ? તેના ઉત્તરમાં પણ સાધુ કાંઈ પણ કહે નહિ અર્થાત્ મૌન રહે તથા ઈર્યા સમિતિપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**૯ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वएज्जा– आउसंतो समणा ! अवियाइं एत्तो पडिपहे पासह– जवसाणि वा** *जाव* **सेणं वा विरूवरूवं संणिविट्ठं, से आइक्खह** *जाव* **दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ, સાધ્વીને રસ્તામાં સામેથી આવતો મુસાફર પૂછે કે– હે આયુષ્યમાન શ્રમણ ! આ રસ્તામાં તમે ધાન્યના ઢગલા ***યાવત્*** રાજાઓની સેનાના પડાવને જોયા છે? આ પ્રશ્નના ઉત્તરમાં સાધુ મૌન રહે ***યાવત્*** યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया** *जाव* **आउसंतो समणा ! केवइए एत्तो गामे वा** *जाव* **रायहाणी वा ? से आइक्खह** *जाव* **दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ કે સાધ્વીને રસ્તામાં મુસાફર મળે અને પૂછે કે હે આયુષ્યમાન શ્રમણ ! આ ગામ ***યાવત્*** રાજધાની અહીંથી કેટલી દૂર છે ? તે અમને કહો. સાધુ તેનો ઉત્તર આપે નહિ ***યાવત્*** યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**૧૧ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया** *जाव* **आउसंतो समणा ! केवइए एत्तो गामस्स वा णगरस्स वा** *जाव* **रायहाणीए वा मग्गे ? से आइक्खह तहेव** *जाव* **दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ કે સાધ્વીને રસ્તામાં મુસાફર મળે અને પૂછે કે હે

આયુષ્યમાન શ્રમણ ! અહીંથી ગામ ***યાવત્*** રાજધાનીનો માર્ગ કેટલો દૂર છે ? તે અમને કહો. સાધુ આ પ્રશ્નનો કંઈ ઉત્તર આપે નહિ ***યાવત્*** યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ કે સાધ્વીને માટે વિહાર ચર્યામાં ભાષા સંયમનું પ્રતિપાદન છે.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સાધુને મુસાફરો પશુઓ, પક્ષીઓ, વનસ્પતિ, પાણી તેમજ અગ્નિ વિષયક પ્રશ્નો પૂછે, તો સાધુ તેનો જવાબ આપે નહિ કારણ કે મનુષ્યો, પશુઓ, પક્ષીઓના વિષયમાં પૂછનાર શિકારી, પારધી, લૂંટારા આદિ પણ હોય શકે છે. સાધુના કથન અનુસાર તે વ્યક્તિ તે દિશામાં જઈને તે જીવોને પકડે, તેની હત્યા કરે, તો આ હિંસામાં અહિંસા મહાવ્રતી સાધુ નિમિત્ત બને છે.

કોઈ ભૂખ્યા તરસ્યા લોકો મળે અને પ્રશ્ન પૂછે કે આપે ધાન્યના ઢગલાદિ જોયા છે. સાધુ હા કહે તો તે જીવોની વિરાધના થાય છે તથા સાધુના વચનો સાંભળીને તે વ્યક્તિ આરંભ-સમારંભ કરે તો સાધુને દોષ લાગે છે. ગૃહસ્થની પ્રવૃત્તિઓ યતનાપૂર્વક થતી નથી, તેથી સાધુને ગૃહસ્થના સાવદ્યકારી પ્રશ્નોના જવાબ આપવાનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે. આ પરિસ્થિતિમાં સાધુએ મૌન રાખવું શ્રેષ્ઠ છે.

**जाणं वा णो जाण ंति वएज्जा–** આ પદના અર્થમાં બે વિચારધારા પ્રચલિત છે– (૧) જાણવા છતાં જાણતો નથી, તે પ્રમાણે કહે. જ્યારે કોઈ શિકારી આદિ સાધુને પશુ વિષયક પ્રશ્નો પૂછે, ત્યારે સાધુ મૌન રહે. સાધુના મૌન રહેવાથી ક્યારેક શિકારી ક્રોધિત થઈને સાધુને હેરાન કરે, સાધુને મારે, આવી વિકટ પરિસ્થિતિમાં પશુરક્ષાની ભાવનાથી સાધુ જાણવા છતાં વિશિષ્ટ પશુઓનું નામ લઈને કહે નહીં, પરંતુ સામાન્ય રૂપે ઉપેક્ષા ભાવથી કહે કે હું આ વિષયમાં કંઈ જાણતો નથી. વાસ્તવમાં સાધુ સર્વ પ્રાણીઓના વિષયમાં જાણતા પણ નથી, તેથી તે પ્રમાણે કથન કરે. આ પ્રકારના કથનમાં સાધુને જીવરક્ષાની જ ભાવના છે, અસત્યભાષણનો કોઈ આશય નથી. કેવળ સંકટ નિવારણ માટે સ્થવિરકલ્પી સાધુ આ પ્રકારની ભાષાનો પ્રયોગ કરે છે. વૃત્તિકારે ઉપરોક્ત અર્થને સ્વીકાર્યો છે. (૨) સૂત્રોક્ત પદમાં **वा** શબ્દ **अपि** અર્થમાં છે અને **णो** શબ્દનો અન્વય **वएज्जा** ક્રિયાપદ સાથે થાય, તો તેનો અર્થ **जाणं वा (अपि) जाण ंति णो वएज्जा** । જાણવા છતાં પણ હું જાણું છું તે પ્રમાણે ન કહે અર્થાત્ મૌન રહે અને મૌનપૂર્વક ઉપેક્ષા ભાવે ચાલતા રહે. ઉપાધ્યાય શ્રી પાર્શ્વચંદ્રજીએ બાલાવબોધ ટીકામાં આ અર્થને સ્વીકાર્યો છે.

આ બંને અર્થમાં સામાન્ય પ્રસંગે બીજો અર્થ યથોચિત છે અને વિકટ સમયે પહેલો અર્થ પણ યથોચિત છે.

આગમોમાં કહ્યું છે કે જે ભાષાપ્રયોગથી જીવોની હિંસા થતી હોય, તેવી સત્ય ભાષા પણ સાધુ બોલે નહીં, પરંતુ મૌન રહે.

**तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।**
**सच्चा वि सा ण वत्तव्वा, जओ पावस्स आगमो ॥ –દશવૈકાલિક સૂત્ર, અધ્યયન–૭/૧૧.**

સંક્ષેપમાં સ્થવિરકલ્પી સાધુ ઉત્સર્ગ-અપવાદની પરિસ્થિતિનું ધ્યાન રાખીને વિવેકપૂર્વક વ્યવહાર કરે.

**વિહારમાં નિર્ભયતાની સાધના :–**

**૧૨ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से गोणं**

**वियालं पडिपहे पेहाए** *जाव* **चित्ताचिल्लडं वियालं पडिपहे पेहाए; णो तेसिं भीओ उम्मग्गेणं गच्छेज्जा, णो मग्गाओ मग्गं संकमेज्जा, णो गहणं वा वणं वा दुग्गं वा अणुपविसेज्जा, णो रुक्खंसि दुरुहेज्जा, णो महइमहालयंसि उदयंसि कायं विओसेज्जा, णो वाडं वा सरणं वा सेणं वा सत्थं वा कंखेज्जा अप्पुस्सुए** *जाव* **समाहीए । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ-સાધ્વી રસ્તામાં મદોન્મત્ત સાંઢ ***યાવત્*** વિકરાળ ચિત્તા આદિ હિંસક પ્રાણીને સામે આવતો જોઈને તેનાથી ભયભીત થઈને ઉન્માર્ગમાં જાય નહિ, એક માર્ગથી બીજા માર્ગનું સંક્રમણ કરે નહિ અર્થાત્ માર્ગ બદલે નહિ, ગહન વન કે વિષમ સ્થાનમાં પણ પ્રવેશ કરે નહિ, વૃક્ષ ઉપર ચઢે નહિ, તેમજ કોઈ ઊંડા અને વિશાળ પાણીમાં ઉતરે નહીં, આવા પ્રસંગે સુરક્ષા માટે કોઈ વાડની, શરણની, સેનાની કે શસ્ત્રની આકાંક્ષા કરે નહિ પરંતુ ઉત્સુકતા અને ભય આદિથી રહિત થઈને સમાધિભાવમાં લીન થઈને યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

**१३ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से विहं सिया, से जं पुण विहं जाणेज्जा– इमंसि खलु विहंसि बहवे आमोसगा उवगरणपडियाए संपिंडिया गच्छेज्जा, णो तेसिं भीओ उम्मग्गेणं गच्छेज्जा** *जाव* **समाहीए । तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **इमंसि खलु विहंसि** = નિશ્ચયથી આ જંગલમાં **बहवे** = ઘણા **आमोसगा** = ચોર **उवगरणपडियाए** = સાધુના ઉપકરણોને લેવા **संपिंडिया** = ભેગા થઈને જો સામે **गच्छेज्जा** = આવી જાય તો.

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ કે સાધ્વીના માર્ગમાં જંગલ આવે અને તે જાણે કે આ જંગલમાં ઘણા ચોરો છે. તેઓ ઉપકરણો લેવા માટે ભેગા થઈને આવે છે. તેમ જાણીને સાધુ તેનાથી ભયભીત થઈને ઉન્માર્ગમાં જાય નહીં ***યાવત્*** સમાધિ ભાવમાં સ્થિર રહીને યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**१४ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से आमोसगा संपिंडिया गच्छेज्जा, ते णं आमोसगा एवं वएज्जा– आउसंतो समणा ! आहर एयं वत्थं वा पायं वा कंबलं वा पायपुंछणं वा देहि, णिक्खिवाहि । तं णो देज्जा, णिक्खिवेज्जा, णो वंदिय वंदिय जाएज्जा, णो अंजलिं कट्टु जाएज्जा, णो कलुणवडियाए जाएज्जा, धम्मियाए जायणाए जाएज्जा, तुसिणीयभावेण वा उवेहेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ કે સાધ્વીને રસ્તામાં ક્યારેક સામે ચોરો મળી જાય અને તે ચોરો સાથે મળીને કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! આ વસ્ત્ર, પાત્ર, કાંબળી, પાદપ્રોંચ્છન અમને આપી દ્યો, અહીં રાખી દ્યો, તો સાધુ તે વસ્ત્રાદિ તેઓના હાથમાં આપે નહિ, પરંતુ ધરતી ઉપર રાખી દે. તેની પાસેથી પાછા લેવા માટે મુનિ તેને પગે લાગીને યાચના કરે નહીં અર્થાત્ તેની સ્તુતિ કે પ્રશંસા કરે નહિ. હાથ જોડીને કે દીન વચન બોલીને વસ્ત્રાદિની યાચના કરે નહિ પરંતુ ધર્મનો માર્ગ સમજાવીને યાચના કરે અથવા મૌનભાવ ધારણ કરી ઉપેક્ષાભાવથી રહે.

**१५ ते णं आमोसगा सयं करणिज्जं ति कट्टु अक्कोसंति वा** *जाव* **उद्दवेंति वा, वत्थं वा पायं वा कंबलं वा पायपुंछणं वा आच्छिंदेज्ज वा अवहरेज्ज वा, परिट्ठवेज्ज वा, तं णो गामसंसारियं कुज्जा, णो रायसंसारियं कुज्जा, णो परं उवसंकमित्तु बूया– आउसंतो गाहावई ! एए खलु आमोसगा उवगरणपडियाए सयं करणिज्जं ति कट्टु अक्कोसंति वा** *जाव* **परिट्ठवेंति वा । एयप्पगारं मणं वा वइं वा णो पुरओ कट्टु विहरेज्जा । अप्पुस्सुए** *जाव* **समाहीए तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ચોર પોતાની પ્રવૃત્તિ અનુસાર સાધુને આક્રોશ વચન કહે ***યાવત્*** માર મારે, તેનો વધ કરવાનો પ્રયત્ન કરે અથવા સાધુના વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંચ્છનને ઝૂંટવી લે, ફાડી નાંખે, ફેંકી દે, તોપણ સાધુ ગામમાં જઈને લોકોને કે રાજાદિને ફરિયાદ કરે નહિ. તેમજ કોઈ ગૃહસ્થ પાસે જઈને પણ કહે નહિ કે– હે આયુષ્યમાન ગૃહસ્થ ! આ ચોરોએ પોતાની દુષ્પ્રવૃત્તિ પ્રમાણે મારા ઉપકરણો ઝૂંટવી લેવા માટે મને માર્યો છે અને ઉપકરણાદિ દૂર ફેંકી દીધા છે. આવા વિચારો સાધુ મનમાં લાવે પણ નહિ, વચનથી તેને પ્રગટ કરે નહિ પરંતુ ઉત્સુકતા રહિત થઈને ***યાવત્*** સમાધિ ભાવમાં સ્થિર થઈને યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગ્રામાનુગ્રામ વિચરણ પ્રસંગે આવતી વિવિધ પરિસ્થિતિઓનું દિગ્દર્શન છે.

પ્રાચીન કાલમાં વાહન વ્યવહારની વ્યવસ્થા અલ્પ હોવાથી એક ગામથી બીજા ગામમાં જવા માટે ઘણી વાર ગાઢ–વિકટ જંગલોને પસાર કરવા પડતા હતા. તે જંગલોમાં હિંસક પશુઓ તથા ચોર-ડાકુઓનો ભય રહેતો હતો, તેથી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સાધુને પણ વિહારમાં હિંસક પશુઓ કે ચોર-ડાકુઓના ઉપદ્રવો થતાં હતા.

માર્ગમાં હિંસક પશુઓ કે ચોર-ડાકુ સામે આવે, ત્યારે સાધુ પોતાની સંયમ મર્યાદામાં સાવધાન રહે, ભયભીત બને નહીં, સાવદ્યપ્રવૃત્તિ કરે નહીં, વિરોધ કે ફરિયાદ આદિ કરે નહીં, પરંતુ સહનશીલ બનીને સંયમ ભાવમાં અને સમભાવમાં જ લીન રહે.

પ્રસ્તુત સૂત્ર સાધુતાની ઉત્કૃષ્ટ સાધનાનું પરિચાયક છે. સાધુ સ્વયં નિર્ભય હોય છે અને સર્વ જીવોને અભયદાન આપે છે. સાધક સ્વયં અહિંસક ભાવમાં જેમ જેમ પરિપકવ થાય છે, તેમ-તેમ તેના અંતરમાં ભય સંજ્ઞાનો ક્રમશઃ નાશ થાય છે. જ્યારે સાધુમાં સંપૂર્ણ અહિંસક ભાવ પ્રગટ થાય, સર્વ જીવો પ્રતિ મૈત્રી ભાવ સાકાર થાય ત્યારે તે પૂર્ણતઃ નિર્ભય બની જાય છે. સર્વ સાધુઓ હિંસાના સંપૂર્ણ ત્યાગી હોવા છતાં તેમની સાધનાનું સ્તર એક સમાન હોતું નથી. સ્થવિરકલ્પી સાધુઓ પોતાની સમાધિ અને ક્ષમતાનો વિચાર કરીને પરિસ્થિતિ પ્રમાણે યથાયોગ્ય નિર્ણય લઈ શકે છે. શ્રી દશૈવકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે–

**साणं सूइयं गाविं, दित्तं गोणं हयं गयं ।**
**संडिब्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥ –દશવૈકાલિક સૂત્ર અધ્યયન–૫/૧૨.**

સાધુ વિહાર સમયે માર્ગની જાણકારી મેળવીને જંગલી પશુઓ આદિના ભયથી તે ભયજનક માર્ગને છોડી દે છે.

પ્રસ્તુત સૂત્રોક્ત કથન જિનકલ્પી સાધુને માટે છે, તે પ્રમાણે વૃત્તિકારનું કથન છે.

સંક્ષેપમાં સમભાવની સાધના, તે જ સાધુતા છે, તેથી સાધુ પોતાના પર ઉપકાર કે અપકાર કરનારા જીવો સાથે સમભાવપૂર્વક વ્યવહાર કરે. સંયમી જીવનની પ્રત્યેક પ્રવૃત્તિનું પરિણામ સમભાવ જ છે.

**ઉપસંહાર :–**

**૧૬ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ ઈર્યા વિષયક વિવેક તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સર્વ વિષયોમાં સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પુરુષાર્થ શીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–3/3 સંપૂર્ણ ॥**

## ॥ ત્રીજું અધ્યયન સંપૂર્ણ ॥

# ચોથું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **ભાષાજાત** છે.

તેમાં બે શબ્દ છે– ભાષા અને જાત. **ભાષા–** (૧) જે બોલાય તે ભાષા છે. (૨) વક્તાનો અભિપ્રાય જેના દ્વારા પ્રગટ થાય, તે શબ્દ સમૂહને ભાષા કહેવાય છે. (૩) ભાષા વર્ગણાના પુદ્‌ગલો જીવના કાયયોગ દ્વારા ગ્રહણ થઈને વચન રૂપે પરિણત થઈને જીવ દ્વારા વચનયોગથી બોલાય, તે ભાષા છે.

**જાત–** આ શબ્દના ભિન્ન-ભિન્ન અર્થ થાય છે– ઉત્પત્તિ, જન્મ, સમૂહ, સંઘાત, પ્રકાર, ભેદ વગેરે તેથી 'ભાષાજાત' શબ્દનો અર્થ આ પ્રમાણે થાય છે– ભાષાની ઉત્પત્તિ, ભાષાનો જન્મ, ભાષાનો સમૂહ, ભાષાના પ્રકાર વગેરે.

વ્યાખ્યાકારે 'ભાષાજાત' શબ્દનું નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનિક્ષેપથી અર્થઘટન કર્યું છે. તેમાં ભાષા રૂપે અનુભવાય તેવા શબ્દ પરિણત અને વાસિત થતાં પુદ્‌ગલોને પણ 'ભાષાજાત' શબ્દથી સ્વીકારવામાં આવ્યા છે કારણ કે ભાષાની સ્થિતિ એક સમયની જ છે અને શબ્દ પરિણત પુદ્‌ગલોની સ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલી જ છે, પરંતુ પરંપરાથી વાસિત થતા શબ્દની સ્થિતિ દીર્ઘ કાલીન હોય છે, તે હજારો વર્ષો સુધી તે જ રૂપે રહી શકે છે.

સાધુ-સાધ્વીઓ માટે ભાષા સંબંધી વિવેકનું નિરૂપણ હોવાથી આ અધ્યયનનું નામ ભાષાજાત રાખ્યું છે. આ અધ્યયનના બે ઉદ્દેશક છે.

સાધુ આત્મભાવમાં સ્થિર થવા માટે વચનગુપ્તિ અથવા પ્રાયઃ મૌન જ રાખે છે, તેમ છતાં ક્યારેક પ્રયોજનવશ બોલવું પડે ત્યારે ભાષા સમિતિના ઉપયોગપૂર્વક બોલે છે. સાધુના વચન સ્વયંને માટે કર્મબંધનું કારણ ન બને અને અન્ય જીવોને પરિતાપ કે લેશ માત્ર દુઃખ ન થાય તેવા હોય છે. સૂત્રકારે બે ઉદ્દેશકમાં વિધિ-નિષેધથી સાધુને બોલવા–ન બોલવા યોગ્ય ભાષાનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** વચનના સોળ પ્રકાર અને ભાષા પ્રયોગના વિષયમાં વિધિનિષેધથી વિવિધ ઉદાહરણોનું પ્રતિપાદન કર્યું છે.

**દ્વિતીય ઉદ્દેશકમાં** ભાષાની ઉત્પત્તિના વિષયમાં ક્રોધાદિથી સમુત્પન્ન ભાષાને છોડીને નિર્દોષ વચન બોલવાનું વિધાન છે.

આ અધ્યયનના વિષયોની અને શ્રી દશવૈકાલિક સૂત્રના સાતમા 'સુવાક્યશુદ્ધિ' નામના અધ્યયનના વિષયો સાથે અત્યંત સામ્યતા છે.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન : ભાષાજાત

## પહેલો ઉદ્દેશક

**ભાષાગત અનાચાર વિવેક :–**

**१** **से भिक्खू वा भिक्खुणी वा इमाइं वइ–आयाराइं सोच्चा णिसम्म इमाइं अणायाराइं अणायरियपुव्वाइं जाणेज्जा– जे कोहा वा वायं विउंजंति, जे माणा वा वायं विउंजंति, जे मायाए वा वायं विउंजंति, जे लोभा वा वायं विउंजंति, जाणओ वा फरुसं वयंति, अजाणओ वा फरुसं वयंति । सव्वमेयं सावज्जं वज्जेज्जा विवेगमायाए ।**

**धुवं चेयं जाणेज्जा, अधुवं चेयं जाणेज्जा, असणं वा पाणं वा खाइमं वा साइमं वा लभिय, णो लभिय, भुंजिय, णो भुंजिय, अदुवा आगओ, अदुवा णो आगओ, अदुवा एइ, अदुवा णो एइ, अदुवा एहिइ, अदुवा णो एहिइ, एत्थ वि आगए, एत्थ वि णो आगए, एत्थ वि एइ, एत्थ वि णो एइ, एत्थ वि एहिइ, एत्थ वि णो एहिइ ।**

**શબ્દાર્થ :–** **वइ आयाराइं** = વાણીના આચારને **अणायाराइं** = અનાચારોને **अणायरिय पुव्वाइं जाणेज्जा** = અનાચરણના વિષયમાં જાણે કે **जे कोहा वा वायं** = જે ક્રોધથી વચનનો **विउंजंति** = પ્રયોગ કરે છે **जाणओ वा फरुसं वयंति** = જાણીને કઠોર વચન બોલે છે **अजाणओ वा फरुसं वयंति** = અજાણતા કઠોર વચન બોલે છે **सव्वमेयं** = આ સર્વ **सावज्जं** = સાવદ્ય–પાપકારી વચન છે **वज्जेज्जा** = સાવદ્ય ભાષાનો ત્યાગ કરીદે **विवेगमायाए** = વિવેક યુક્ત થઈને **धुवं चेयं जाणेज्जा** = આ ધ્રુવ-નિશ્ચિત્ત છે તેમ જાણે **अधुवं चेयं जाणेज्जा** = આ અધ્રુવ–અનિશ્ચિત્ત છે તેમ જાણે **असणं वा लभिय** = અશનાદિ પ્રાપ્ત કરીને આવશે **णो लभिय** = લઈને નહીં આવે **भुंजिय** = વાપરીને આવશે **णो भुंजिय** = વાપર્યા વિના આવશે **आगओ** = આવ્યા હતા **णो आगओ** = આવ્યા ન હતા **एइ** = કોઈ આવે છે **णो एइ** = આવતા નથી **एहिइ** = આવશે **णो एहिइ** = આવશે નહિ **एत्थ वि आगए** = અહીં જ આવશે **एत्थ वि णो आगए** = અહીં નહિ જ આવે **एत्थ वि एइ** = અહીં જ આવે છે **एत्थ वि णो एइ** = અહીં આવતા જ નથી **एत्थ वि णो एहिइ** = અહીં આવશે જ નહિ.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી ભાષા પ્રયોગના આ આચારને સાંભળીને, હૃદયંગમ કરીને વાણીના અનાચારોને, પૂર્વાચાર્યો દ્વારા અનાચરિત ભાષા સંબંધી અનાચારને જાણે, જેમ કે– જે ક્રોધથી વચનનો પ્રયોગ કરે છે, જે અહંકારપૂર્વક વચનનો પ્રયોગ કરે છે, જે છલકપટ સહિત બોલે છે, જે લોભથી પ્રેરિત થઈને વાણીનો પ્રયોગ કરે છે, જાણી જોઈને કઠોર વચન બોલે છે, અજાણતા કઠોર વચન બોલે છે; આ સર્વ સાવદ્ય ભાષા છે, તે સાધુ માટે વર્જનીય છે. વિવેકશીલ સાધુ તેનો ત્યાગ કરે.

સાધુ-સાધ્વી નિશ્ચયાત્મક ભાષાનો પ્રયોગ કરે નહી, જેમ કે– આ પ્રમાણે થશે જ અથવા આ પ્રમાણે નહીં જ થાય, ગોચરી ગયેલા સાધુ અશનાદિ ચારે ય પ્રકારનો આહાર લઈને જ આવશે, આહાર લીધા વિના જ આવશે; તે આહાર કરીને જ આવશે કે આહાર કર્યા વિના જ આવશે; જાણ્યા વિના કહે કે– તે અવશ્ય આવ્યા હતા કે આવ્યા ન હતા; તે અવશ્ય આવે છે કે આવતા નથી; તે અવશ્ય આવશે કે આવશે નહિ; તે અહીં આવ્યા હતા કે અહીં આવ્યા ન હતા; તે અહીં અવશ્ય આવે છે કે ક્યારે ય આવતા નથી; તે અહીં અવશ્ય આવશે કે ક્યારે ય આવશે નહિ; આ પ્રમાણે નિશ્ચયાત્મક ભાષાનો પ્રયોગ સાધુ-સાધ્વી કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ કે સાધ્વીને ન બોલવા યોગ્ય કેટલીક ભાષાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

સામાન્ય રીતે સાધુ આવશ્યકતા અનુસાર સત્ય અથવા વ્યવહાર ભાષાનો જ પ્રયોગ કરે છે, પરંતુ ક્રોધાદિ કષાયના ઉદયમાં વ્યક્તિ વિવેક ભૂલી જાય છે, તેની વિચાર શક્તિ કે નિર્ણય શક્તિ રહેતી નથી. કષાયથી બોલાયેલી સત્ય ભાષા પણ અસત્ય બની જાય છે તેથી શાસ્ત્રકારે ક્રોધાદિ કષાયને આધીન થઈને બોલવાનો નિષેધ કર્યો છે.

ક્રોધ, અભિમાન, માયા, લોભને વશ થઈને બોલવું, તે સાવદ્યભાષા કહેવાય છે, તે જ રીતે સાધુના ભાષા પ્રયોગથી કોઈ પણ જીવોને દુઃખ થાય, તેવી કર્કશ કે કઠોરભાષા પણ સાવદ્યભાષા છે તેથી સાધુ તથાપ્રકારની ભાષાનો પ્રયોગ કરે નહીં. કાળ(ત્રણ કાળ) અને ક્ષેત્ર વિષયક નિશ્ચયાત્મક ભાષા બોલવી તે સાધુ માટે અનાચરણીય છે કારણ કે ક્યારેક સાધુનું વચન ખોટું ઠરે, તો લોકોને સાધુ પ્રતિ અને ધર્મ પ્રતિ અશ્રદ્ધાનો ભાવ થાય છે અને સાધુનું સત્ય મહાવ્રત ખંડિત થાય છે, તેથી સાધુ વિવેકપૂર્વક ભાષાનો પ્રયોગ કરે.

**સોળ પ્રકારના વચન :–**

**२ अणुवीइ णिट्ठाभासी समियाए संजए भासं भासेज्जा, तं जहा–एगवयणं, दुवयणं, बहुवयणं, इत्थीवयणं, पुरिसवयणं, णपुंसगवयणं, अज्झत्थवयणं, उवणीयवयणं, अवणीयवयणं, उवणीयअवणीयवयणं, अवणीयउवणीयवयणं, तीयवयणं, पडुप्पण्णवयणं, अणागयवयणं, पच्चक्खवयणं, परोक्खवयणं ।**

**ते एगवयणं वइस्सामीति एगवयणं वएज्जा,** *जाव* **परोक्खवयणं वइस्सामीति परोक्खवयणं वएज्जा । इत्थी वेस, पुरिस वेस, णपुंसगं वेस, एवं वा चेयं, अण्णं वा चेयं, अणुवीइ णिट्ठाभासी समियाए संजए भासं भासेज्जा । इच्चेयाइं आयतणाइं उवातिकम्म ।**

**શબ્દાર્થ :–अणुवीइ** = વિચાર કરીને **णिट्ठाभासी** = નિષ્ઠાથી, નિષ્ઠાપૂર્વક બોલનાર **समियाए**= ભાષા સમિતિ યુક્ત ભાષા **अज्झत्थवयणं** = અધ્યાત્મ વચન **उवणीयवयणं** = પ્રશંસાકારી વચન **अवणीयवयणं** = નિંદાયુક્ત વચન.

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વી વિચાર કરીને વિવેકપૂર્વક, નિષ્ઠાપૂર્વક સમ્યક રીતે ભાષાનો પ્રયોગ કરે, જેમ કે– (૧) એકવચન (૨) દ્વિવચન (૩) બહુવચન (૪) સ્ત્રીલિંગ વચન (૫) પુલ્લિંગ વચન (૬)

નપુંસકલિંગ વચન (૭) અધ્યાત્મ વચન (૮) ઉપનીત– પ્રશંસાત્મક વચન (૯) અપનીત–નિંદાત્મક વચન (૧૦) ઉપનીત અપનીત– પ્રશંસાપૂર્વક નિંદાવચન (૧૧) અપનીત ઉપનીત– નિંદાપૂર્વક પ્રશંસા વચન (૧૨) અતીતવચન (૧૩) વર્તમાન વચન (૧૪) અનાગત–ભવિષ્ય વચન (૧૫) પ્રત્યક્ષ વચન અને (૧૬) પરોક્ષ વચન.

આ સોળ પ્રકારના વચનોમાંથી જો તેને એકવચન બોલવું હોય તો તે એકવચન જ બોલે ***યાવત્*** પરોક્ષ વચન પર્યંતના જે વચનનો પ્રયોગ કરવો હોય તે વચન બોલે, જેમ કે– આ સ્ત્રી છે, આ પુરુષ છે, આ નપુંસક છે, આ તે છે કે આ કોઈ અન્ય છે. આ રીતે ભાષાના પ્રયોગ સમયે સાધુ વિચારપૂર્વક, નિષ્ઠાપૂર્વક ભાષા સમિતિથી યુક્ત સમ્યક વચનોનો પ્રયોગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીએ બોલવાના સમયે ઉપયોગ રાખીને સોળ પ્રકારના વચનોનો સમ્યક પ્રયોગ કરવાનું કથન છે.

**વચનના સોળ પ્રકાર :– (૧) એકવચન–** એક માટે વપરાતો વચનપ્રયોગ, એક સૂચક વિભક્ત્યન્તપદ, જેમકે– **पुरुषः** (એકપુરુષ) **(૨) દ્વિવચન–** બે માટે વપરાતો વચન પ્રયોગ, બે સૂચક વિભક્ત્યન્ત પદ, જેમ કે– **पुरुषौ** (બે પુરુષો) **(૩) બહુવચન–** બેથી વધુ માટે વપરાતો વચન પ્રયોગ, ત્રણાદિ સૂચક વિભક્ત્યન્તપદ, જેમ કે **पुरुषाः** (ઘણા પુરુષો). સંસ્કૃત ભાષામાં દ્વિવચન પ્રયોગ અલગ છે, ગુજરાતી ભાષામાં એકવચન અને બહુવચન, આ બે જ પ્રયોગ છે. **(૪) સ્ત્રી વચન–** સ્ત્રીલિંગવાચી શબ્દ, જેમ કે– **इयं स्त्री**- આ સ્ત્રી છે. **(૫) પુરુષવચન–** પુરુષલિંગવાચી શબ્દ, જેમકે– **अयं पुमान्**-આ પુરુષ છે. **(૬) નપુંસક વચન–** નપુંસકલિંગવાચી શબ્દ, જેમકે– **इदं कुंडं**- આ કુંડ છે.(કુંડ શબ્દ સંસ્કૃતમાં નપુંસકલિંગી છે, ગુજરાતીમાં પુલિંગવાચી છે). **(૭) અધ્યાત્મ વચન–** અંતર્ભાવોને અનુરૂપ વચન બોલવા અર્થાત્ આત્મભાવોથી વિપરીત વચનનો પ્રયોગ ન કરવો. **(૮) ઉપનીતવચન–** પ્રશંસા વાચક શબ્દ, જેમ કે– આ સ્ત્રી અત્યંત સુશીલ છે. **(૯) અપનીત વચન–** નિંદાત્મક વચન, જેમ કે– આ કન્યા કુરૂપા છે. **(૧૦) ઉપનીતાપનીત વચન–** પહેલા પ્રશંસા કરીને પછી નિંદાત્મક શબ્દ કહેવા, જેમ કે– આ સુંદરી છે પરંતુ તે દુ:શીલા છે. **(૧૧) અપનીતોપનીત વચન–** પહેલા નિંદા કરીને પછી પ્રશંસા વાચક શબ્દ કહેવા, જેમ કે– આ કન્યા જો કે કુરૂપા છે, પરંતુ તે અતિ સુશીલ છે. **(૧૨) અતીત વચન–** ભૂતકાળદ્યોતક વચન, જેમ કે– **अकरोत**-કર્યું હતું. **(૧૩) પ્રત્યુત્પન્નવચન–** વર્તમાનકાળ વાચક વચન, જેમ કે **करोति**– કરે છે. **(૧૪) અનાગત વચન–** ભવિષ્યકાળ વાચક શબ્દ, જેમકે **करिष्यति** કરશે. **(૧૫) પ્રત્યક્ષવચન–** સામે રહેલ વ્યક્તિ કે વસ્તુ માટે કહેવું, જેમ કે– આ ઘર છે.**(૧૬) પરોક્ષવચન–** સામે ન હોય તેવી વ્યક્તિ કે વસ્તુ માટે કહેવું, જેમકે તે અહીંયા રહેતો હતો.

સંક્ષેપમાં આ સોળ પ્રકારના વચનોના પ્રયોગમાં સૂત્રકારે ચાર બાબતોનો વિવેક દર્શાવ્યો છે– (૧) સારી રીતે વિચાર કરવો. (૨) નિષ્ઠાપૂર્વક અર્થાત્ યથાર્થપણે સ્પષ્ટતા કરવી. (૩) ભાષા સમિતિનું ધ્યાન રાખવું (૪) યતના પૂર્વક સ્પષ્ટ વચનો બોલવા.

સૂત્રોકત કથનથી આઠ પ્રકારના વચનો ન બોલવાનું સિદ્ધ થાય છે– (૧) અસ્પષ્ટ (૨) સંદિગ્ધ (૩) કેવળ અનુમિત(માત્ર અનુમાન કરીને) (૪) કેવળ સાંભળેલા (૫) પ્રત્યક્ષ જોયેલ હોય, પરંતુ તેનો

વિચાર કર્યો ન હોય (૬) સ્પષ્ટ હોય, પરંતુ હિંસાકારી, મર્મકારી કે આઘાતજનક હોય (૭) દ્વયર્થક– બે અર્થ નીકળતા હોય (૮) નિરપેક્ષ તેમજ એકાંત વચન પ્રયોગ. આ આઠ વચન ભાષાના દોષરૂપ છે. આ આઠે પ્રકારની ભાષામાં ક્યારેક અસત્ય ભાષણની તેમજ અન્ય જીવોને પીડા કે દુઃખ થવાની સંભાવના છે. તેથી તે છોડવા યોગ્ય છે. સાધુની ભાષા સંપૂર્ણપણે સત્ય, અહિંસક, અન્યને પ્રિયકારી અને લાભકારી હોવી જરૂરી છે.

આ રીતે સાધક જીવનમાં આધ્યાત્મિક જ્ઞાન સાથે વ્યાવહારિક ભાષા જ્ઞાનનું પણ મહત્ત્વ છે. સાધકને જે ભાષામાં પોતાના વિચારો અભિવ્યક્ત કરવા છે, તેનું પરિજ્ઞાન હોવું જરૂરી છે. જો ભાષા વિજ્ઞાનનું યથાર્થ જ્ઞાન હોય, તો જ તે પોતાના વિચારોને સ્પષ્ટતાપૂર્વક પ્રગટ કરી શકે છે.

**ભાષાના ચાર પ્રકાર :–**

**૩ अह भिक्खू जाणेज्जा चत्तारि भासज्जायाइं, तं जहा– सच्चमेगं पढमं भासजायं, बीयं मोसं, तइयं सच्चामोसं, जं णेव सच्चं णेव मोसं णेव सच्चामोसं -असच्चामोसं णाम तं चउत्थं भासज्जायं ।**

**से बेमि– जे य अईया जे य पडुपण्णा जे य अणागया अरहंता भगवंतो सव्वे ते एयाणि चेव चत्तारि भासज्जायाइं भासिंसु वा भासंति वा भासिस्संति वा, पण्णविंसु वा पण्णवेंति वा, पण्णविस्संति वा ।**

**सव्वाइं च णं एयाणि अचित्ताणि वण्णमंताणि गंधमंताणि रसमंताणि फासमंताणि चयोवचइयाइं विप्परिणामधम्माइं भवंतीति अक्खायाइं ।**

**ભાવાર્થ :–** સાધુએ ચાર પ્રકારની ભાષા જાણવી જોઈએ. તે આ પ્રમાણે છે– (૧) પ્રથમ સત્ય ભાષાજાત (૨) બીજી મૃષા ભાષાજાત (૩) ત્રીજી સત્યમૃષા– મિશ્ર ભાષાજાત અને (૪) ચોથી જે સત્ય નથી અને અસત્ય નથી તેમજ સત્યામૃષા–મિશ્ર નથી તે અસત્યામૃષા– વ્યવહારભાષા નામની ચોથી ભાષા જાત છે.

જે હું કહું છું તેને ભૂતકાળમાં જેટલા તીર્થંકરો થયા, વર્તમાનમાં જે તીર્થંકરો છે અને ભવિષ્યમાં જે તીર્થંકરો થશે તે સર્વએ આ ચાર પ્રકારની ભાષાઓનું પ્રતિપાદન કર્યું છે, પ્રતિપાદન કરે છે અને પ્રતિપાદન કરશે અથવા તેઓએ પ્રરૂપણા કરી છે, પ્રરૂપણા કરે છે અને પ્રરૂપણા કરશે.

આ સર્વ ભાષાના પુદ્‌ગલો અચિત્ત છે, તે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા છે, ચય-ઉપચય, હાનિ-વૃદ્ધિ પામનારા તથા વિવિધ પ્રકારે વિપરિણમન પામનારા હોય છે, એ પ્રમાણે સર્વજ્ઞ– સર્વદર્શી તીર્થંકરોએ પ્રતિપાદન કર્યું છે.

**૪ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– पुव्वं भासा अभासा, भासिज्जमाणी भासा भासा, भासासमयवीइकंता च णं भासिया भासा अभासा।**

**શબ્દાર્થ :–** **पुव्वं भासा अभासा** = બોલતા પહેલાં ભાષા એ અભાષા હોય છે **भासिज्जमाणी भासा भासा** = બોલતા સમયે ભાષા એ ભાષા છે **भासासमयवीइकंतं च णं भासिया भासा अभासा** = ભાષા બોલાઈ ગયા પછી ભાષા અભાષા છે.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ, સાધ્વીએ ભાષાના વિષયમાં જાણવું જોઈએ કે બોલતા પહેલાં ભાષા ભાષા વર્ગણાના પુદ્‌ગલ રૂપ હોવાથી અભાષા છે. બોલતા સમયે ભાષા ભાષા હોય છે અને બોલ્યા પછી (બોલવાનો સમય વીત્યા પછી) બોલેલી ભાષા અભાષા થઈ જાય છે.

**૫ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा जा य भासा सच्चा, जा य भासा मोसा, जा य भासा सच्चामोसा जा य भासा असच्चामोसा तहप्पगारं भासं सावज्जं सकिरियं कक्कसं कडुयं णिट्ठुरं फरुसं अण्हयकरिं छेयणकरिं भेयणकरिं परितावणकरिं उद्दवणकरिं भूओवघाइयं अभिकंख णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **सावज्जं सकिरियं** = પાપકારી, સક્રિય-ક્રિયા યુક્ત **कक्कसं** = કર્કશ **कडुयं** = કટુ, મનને ઉદ્વેગ કરનારી **णिट्ठुरं** = નિષ્ઠુર **फरुसं** = રૂક્ષ-સ્નેહ રહિત વચન **अण्हयकरिं** = કર્મોનો આશ્રવ કરનારી **छेयणकरिं** = જીવોનું છેદન કરનારી **भेयणकरिं** = ભેદન કરનારી **परितावणकरिं** = પરિતાપ કરનારી **उद्दवणकरिं** = ઉપદ્રવ કરનારી **भूओवघाइयं** = જીવોનો નાશ કરનારી **अभिकंख** = મનમાં વિચારીને આ પ્રકારની ભાષા **णो भासेज्जा** = બોલે નહિ.

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વી ભાષાના ભેદોના વિષયમાં જાણે કે જે સત્યા ભાષા, મૃષા ભાષા, મિશ્ર ભાષા અને વ્યવહાર ભાષા છે, તે જો પાપકારી, અનર્થકારી, કર્કશકારી, કઠોરકારી, નિષ્ઠુર, રૂક્ષ-મર્મકારી, રૂક્ષ-આશ્રવકારી, છેદકારી, ભેદકારી, પરિતાપકારી, ઉપદ્રવકારી તેમજ પ્રાણીઓનો ઘાત કરનારી હોય, તો વિચારશીલ સાધુએ તેવી ભાષાનો પ્રયોગ કરવો જોઈએ નહિ.

**૬ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– जा य भासा सच्चा सुहुमा, जा य भासा असच्चामोसा; तहप्पगारं भासं असावज्जं अकिरियं** *जाव* **अभूओवघाइयं अभिकंख भासेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ભાષાના વિષયમાં જાણે કે જે ભાષા સૂક્ષ્મ-સંપૂર્ણ સત્ય છે તથા જે અસત્યામૃષા-વ્યવહારભાષા છે, આ બંને ભાષા અસાવદ્ય, અક્રિય ***યાવત્*** જીવોની ઘાતક નથી, તો સંયમશીલ સાધુ તે બંને પ્રકારની ભાષાઓ બોલી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાષાનું સ્વરૂપ, તેની ઉત્પત્તિ, તેના ચાર પ્રકાર તથા બોલવા યોગ્ય બે પ્રકારની ભાષાનું વર્ણન છે.

**ભાષાનું સ્વરૂપ :–** મુખ દ્વારા બોલાતો શબ્દ સમૂહ ભાષા કહેવાય છે. કેટલાક દાર્શનિકો શબ્દને આકાશનો ગુણ અને અરૂપી માને છે, પરંતુ જૈન દર્શનાનુસાર શબ્દ પૌદ્‌ગલિક છે, તેથી જ તે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ થાય છે, મશીનો દ્વારા અન્યત્ર મોકલી શકાય છે, તેની ઉત્પત્તિ અને વિનાશ થાય છે અને તે પૌદ્‌ગલિક હોવાથી તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે, તેથી તે રૂપી છે.

**पुव्वं भासा अभासा :–** ભાષા વર્ગણાના પુદ્‌ગલો વચન યોગથી નીકળ્યા પહેલા ભાષા વર્ગણાના પુદ્‌ગલ રૂપ હોવાથી ભાષા રૂપે કહેવાતા નથી, પરંતુ અભાષા રૂપ જ હોય છે. વચન યોગથી જ્યારે ભાષા

વર્ગણાના પુદ્‌ગલો નીકળી રહ્યા હોય ત્યારે તે ભાષા રૂપે બને છે અને ભાષા કહેવાય છે, પરંતુ ભાષા બોલવાનો સમય પૂરો થયા પછી બોલાયેલી ભાષા અભાષા કહેવાય છે. સંક્ષેપમાં ભાષાનો પ્રાગભાવ કે પ્રધ્વંસાભાવ અભાષા છે અને જ્યારે બોલાય છે, ઉત્પન્ન થાય છે ત્યારે તે ભાષા કહેવાય છે. વર્તમાન સમયમાં પ્રયુક્ત ભાષા જ ભાષા સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. શેષ પહેલાં કે પછીના સમયમાં તે ભાષા નથી.

ભાષાના ચાર પ્રકાર છે– (૧) સત્ય ભાષા (૨) અસત્ય ભાષા (૩) મિશ્ર ભાષા (૪) વ્યવહાર ભાષા.

**સત્યભાષા :–** સત્ શબ્દના ત્રણ અર્થ થાય છે– (૧) સત્ એટલે મુનિઓ (૨) ગુણો અને (૩) વિદ્યમાન પદાર્થો; તેથી સત્યભાષાની વ્યાખ્યા ત્રણ પ્રકારે થાય છે.

**૧. सद्भ्यो हिता सत्या ।** સજ્જનોને હિતકારી ભાષા તે સત્યભાષા. સત્ = સંતો, મુનિઓ. સંતો ભગવાનની આજ્ઞાના આરાધક હોવાથી સત્-સજ્જન કહેવાય છે. તેમને હિતકારક એટલે મોક્ષ પ્રાપ્તિમાં સહાયક હોય, તે સત્ય ભાષા છે. **૨. સત્ –** શ્રેષ્ઠ ગુણ. મોક્ષ પ્રાપ્તિની સાધનામાં મૂળગુણ અને ઉત્તરગુણની આરાધના જ શ્રેષ્ઠ છે, તેથી મૂળગુણ અને ઉત્તરગુણ માટે હિતકારી હોય, મૂળગુણ-ઉત્તરગુણની પોષક હોય, તે સત્ય ભાષા છે. **૩. સત્ –** વિદ્યમાન પદાર્થો. જગતના વિદ્યમાન પદાર્થોનું યથાર્થ દર્શન કરાવે, તે સત્યભાષા છે. **आराहणी सच्चा**– આરાધની ભાષા સત્યભાષા છે. જેના દ્વારા સમ્યગ્દર્શનાદિ મોક્ષ માર્ગની આરાધના થાય, તે સત્યભાષા છે, જેમ કે આત્મા સ્વરૂપથી સત્ છે, પર રૂપથી અસત્ છે, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે, ઈત્યાદિ વિવિધ નય-દષ્ટિકોણથી વસ્તુ સ્વરૂપનું યથાર્થ પ્રતિપાદન કરનારી ભાષા જ સમ્યગ્દર્શનનું કારણ છે અને તે જ મોક્ષ માર્ગની આરાધનામાં સહાયક બને છે, તેથી સત્યભાષા આરાધની ભાષા છે.

સત્ય ભાષા પણ જો કોઈ દોષયુક્ત હોય તો તે ભાષા સાધુને બોલવા યોગ્ય નથી. સૂત્રમાં તે દોષો આ પ્રમાણે કહ્યા છે– (૧) **સાવદ્ય–** પાપકારી ભાષા. જે ભાષા બોલવાથી પાપ કાર્યોની પ્રેરણા મળે તે (૨) **સક્રિયા–**જે ભાષાથી આત્માને અનર્થદંડ આદિની ક્રિયા લાગે તે (૩) **કર્કશા–** ક્લેશકારી–મર્મને ખુલ્લા કરનારી (૪) **નિષ્ઠુર–** ધિક્કારપૂર્વક, નિર્દયતાપૂર્વક કોઈને ધમકાવનારી હોય (૫) **પરુષ–** કઠોર, સ્નેહ રહિત (૬) **કટુક–** કડવી. મનમાં ઉદ્વેગ ઉત્પન્ન કરે તેવી (૭) આસ્રવજનક– કર્મોનો આશ્રવ કરાવનારી (૮) **છેદકારિણી–** પ્રેમનો છેદ કરી નાંખે તેવી (૯) **ભેદકારિણી–** એક બીજા વચ્ચે અંતર પડાવે તે (૧૦) **પરિતાપકારી–** જીવોને પરિતાપ કરનારી (૧૧) **ઉપદ્રવકારી–** મારણાંતિક કષ્ટ આપનારી, ઉપદ્રવ કરનારી, લોકોને ભયભીત કરનારી (૧૨) **ભૂતોપઘાતિની–** જીવોનો ઘાત કરનારી. આ બાર દોષયુક્ત ભાષાપ્રયોગ સાધુ કરે નહીં. વાસ્તવમાં અહિંસાત્મક વાણી જ ભાવશુદ્ધિનું નિમિત્ત બને છે.

**મૃષાભાષા :–** સત્ય ભાષાથી વિપરીત સ્વરૂપવાળી હોય, મોક્ષ માર્ગની વિરાધના થતી હોય, તે મૃષાભાષા છે. જેમ કે– આત્મા એકાંતે નિત્ય છે કે એકાંતે અનિત્ય છે.

**મિશ્ર ભાષા :–** જેમાં સત્ય અને અસત્ય બંને અંશ મિશ્રિત હોય, તે સત્યમૃષા-મિશ્રભાષા છે. જેમ કે– આ ગામમાં આજે પાંચ બાળકનો જન્મ થયો હોય, પરંતુ કોઈ પૂછે, ત્યારે કહી દે કે આજે આઠ-દસ બાળ કોનો જન્મ થયો છે. આ કથનમાં બાળકોનો જન્મ થયો છે, તે સત્ય છે પરંતુ તેની સંખ્યા અસત્ય છે, આ રીતે આ ભાષાપ્રયોગમાં સત્ય-અસત્ય બંને અંશ મિશ્રિત છે.

**વ્યવહાર ભાષા :–** જે ભાષામાં સત્ય આદિ ઉપરોક્ત ત્રણે ભાષાના લક્ષણો ન હોય, જે ભાષા કેવળ વ્યવહારમાં ઉપયોગી હોય, તે વ્યવહાર ભાષા છે. જેમ કે– નળ આવ્યો. વાસ્તવમાં નળ આવતો નથી,

નળમાં પાણી આવે છે. તેમ છતાં જન સમાજમાં તથાપ્રકારનો વ્યવહાર થાય છે,

આ ચાર પ્રકારની ભાષામાંથી સાધુ સત્યભાષા અને વ્યવહાર ભાષા, આ બે પ્રકારની ભાષા બોલે છે.

**सुहुमा भासा :–** સૂક્ષ્મ ભાષા. સાધુ કુશાગ્ર બુદ્ધિથી, સૂક્ષ્મ દૃષ્ટિથી ગંભીરતાપૂર્વક વિચાર કરીને ભાષા પ્રયોગ કરે, તે સૂક્ષ્મ ભાષા છે. ભાષાની સૂક્ષ્મતા તેની યથાર્થ વિચારણાથી થાય છે. સાધક કોઈપણ પ્રસંગે ભાષા પ્રયોગ કરતા પહેલાં તેની સૂક્ષ્મ વિચારણા કરે. વિચાર કર્યા વિના તુરંત બોલે નહીં, તે સૂચવવા જ સૂત્રકારે **सुहुमा** શબ્દપ્રયોગ કર્યો છે.

**સંબોધન ભાષા વિવેક :–**

**૭ से भिक्खू वा भिक्खुणी वा पुमं आमंतेमाणे, आमंतिए वा अपडिसुणमाणे णो एवं वएज्जा– होले ति वा गोले ति वा वसुले ति वा कुपक्खे ति वा घडदासे ति वा साणे ति वा तेणे ति वा चारिए ति वा मायी ति वा मुसावाई ति वा एयाइं तुमं, एयाइं ते जणगा । एयप्पगारं भासं सावज्जं सकिरियं** *जाव* **अभिकंख णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **पुमं आमंतेमाणे** = પુરુષને આમંત્રણ કરતા **आमंतिए** = આમંત્રિત કરવા પર **अपडिसुणमाणे** = તેને સંભળાય નહિ, સાંભળે નહીં, ધ્યાન આપે નહીં **णो एवं वएज्जा** = આ પ્રમાણે કહે નહિ **होले ति** = હે હોલ **गोले ति** = હે ગોલ **वसुले ति** = હે ચાંડાલ **कुपक्खे ति** = હે કુજાતિ **घडदासे ति** = હે દાસીપુત્ર **साणे ति** = હે કૂતરા **तेणे ति** = હે ચોર **चारिए ति** = હે જાર પુરુષ, વ્યભિચારી, લંપટ **एयाइं तुमं** = તમે એવા જ છો **एयाइं ते जणगा** = તમારા માતાપિતા પણ એવા જ છે.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી કોઈ પુરુષને બોલાવવા છતાં તે ન સાંભળે તો આ પ્રમાણે કહે નહિ– હે હોલ !(મૂર્ખ), હે ગોલ !, હે ચાંડાળ !, હે કજાત !, હે દાસીપુત્ર !, હે કૂતરા !, હે ચોર !, હે લંપટ !, હે કપટી !, હે મૃષાવાદી !, તમે આવા છો, તમારા માતા-પિતા પણ આવા છે. વિચારશીલ સાધુ આ પ્રકારની સાવદ્ય, સક્રિય ***યાવત્*** જીવોની ઘાતક ભાષા બોલે નહિ.

**૮ से भिक्खू वा भिक्खुणी वा पुमं आमंतेमाणे, आमंतिए वा अपडिसुणमाणे एवं वएज्जा– अमुगे ति वा, आउसो ति वा, आउसंतारो ति वा, सावगेति वा, उवासगे ति वा धम्मिए ति वा, धम्मप्पिए ति वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **अभूतोवघाइयं अभिकंख भासेज्जा ।**

**શબ્દાર્થ :–अमुगे ति** = હે અમુક(તેનું જે નામ હોય તે નામ લે), **आउसो ति** = હે આયુષ્યમાન !, **आउसंतारो ति** = હે આયુષ્યમાનો ! હે પૂજ્ય !

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી કોઈ પુરુષને બોલાવવા છતાં તે ન સાંભળે તો આ પ્રમાણે સંબોધન કરે– હે અમુકભાઈ !, હે આયુષ્યમાન !, હે આયુષ્યમાનો !, હે શ્રાવકજી !, હે ઉપાસક!, હે ધાર્મિક ! હે ધર્મપ્રિય ! આ પ્રમાણે નિરવદ્ય ***યાવત્*** પ્રાણીઓના ઘાતથી રહિત ભાષા વિચારપૂર્વક બોલે.

**૯ से भिक्खू वा भिक्खुणी वा इत्थिं आमंतेमाणे, आमंतिए वा अपडिसुणमाणे**

**णो एवं वएज्जा– होली ति वा गोली ति वा एवं इत्थिगमेणं णेयव्वं ।**

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવવા છતાં તે ન સાંભળે તો આ પ્રમાણે સંબોધન કરે નહિ– અરે હોલી-મૂર્ખી !, અરે ગોલી !, વગેરે સ્ત્રીવાચી શબ્દો જાણવા(અરે ચાંડાલણ !, અરે કજાત !, અરે દાસી પુત્રી !, હે કૂતરી !, હે ચોરટી !, હે ગુપ્તચારિણી !, અરે કપટી !, હે મૃષાવાદિની !, તું આવી છે અને તારા માતાપિતા પણ એવા છે.) વિચારશીલ સાધુ આ પ્રકારની સાવદ્ય, સક્રિય ***યાવત્*** જીવોની ઘાતક ભાષા બોલે નહિ.

**१० से भिक्खू वा भिक्खुणी वा पुमं आमंतेमाणे, आमंतिए वा अपडिसुणमाणे एवं वएज्जा– आउसो ति वा, भगिणी ति वा, भोई ति वा, भगवई ति वा, साविगे ति वा, उवासिए ति वा, धम्मिए ति वा, धम्मप्पिए ति वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **अभिकंख भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **आउसो ति वा** = હે આયુષ્યમતી ! **भोई** = હે પૂજ્યે ! **भगिणी ति** = હે ભગવતી !

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી કોઈ બેનને બોલાવવા છતાં જો તે ન સાંભળે તો આ પ્રમાણે સંબોધન કરે– હે આયુષ્યમતી !, હે બહેન !, હે પૂજ્યા ! હે ભાગ્યવતી !, હે શ્રાવિકા !, હે ઉપાસિકા !, હે ધાર્મિકા !, હે ધર્મપ્રિયા ! આ પ્રકારની નિરવદ્ય ***યાવત્*** જીવોની હિંસાથી રહિત ભાષા વિચારપૂર્વક બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે સંબોધન સંબંધી ભાષાનો વિવેક પ્રગટ કર્યો છે.

સાધુને ગૃહસ્થો સાથે વાર્તાલાપ કરવાનો પ્રસંગ આવે, ત્યારે અવજ્ઞાપૂર્ણ હલકા શબ્દોનો પ્રયોગ કરે નહીં. હોલ, ગોલ જેવા નિંદાજનક કે તિરસ્કારજનક તુચ્છ શબ્દપ્રયોગ સાંભળનારને અપ્રીતિજનક હોય છે. તેમાં સાધુની અસભ્યતા અને અશિષ્ટતા પ્રગટ થાય છે. આ પ્રકારના તુચ્છ શબ્દ પ્રયોગ ક્યારેક કલેશનું નિમિત્ત બની જાય છે, તેથી સાધુ તથાપ્રકારના સંબોધનો કરે નહીં.

સાધુ, સ્ત્રી કે પુરુષનું ગૌરવ જળવાઈ રહે, તે રીતે મધુર અને કોમળ શબ્દપ્રયોગ કરે. સાધુને સ્ત્રી કે પુરુષને સંબોધન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે (૧) મધુર ભાષામાં તેનું નામ લઈને બોલાવે (૨) જો નામ આવડતું ન હોય, તો ગોત્રથી સંબોધન કરે (૩) જો નામ કે ગોત્ર બંનેનો પરિચય ન હોય, તો દેશ– કાલ અનુસાર સામી વ્યક્તિની યોગ્યતા અનુસાર હે ભદ્રે ! હે દેવાનુપ્રિય ! હે ધર્મશીલા ! હે શ્રાવકજી ! હે ભાઈ ! હે બહેન ! વગેરે પ્રિય સંબોધન કરે.

**પ્રાકૃતિક તત્ત્વ સંબંધી ભાષા વિવેક :–**

**११ से भिक्खू वा भिक्खुणी वा णो एवं वएज्जा– णभोदेवे ति वा गज्जदेवे ति वा विज्जुदेवे ति वा पवुट्ठदेवे ति वा णिवुट्ठदेवे ति वा पडउ वा वासं मा वा पडउ, णिप्फज्जउ वा सस्से, मा वा णिप्फज्जउ, विभाउ वा रयणी, मा वा विभाउ, उदेउ वा सूरिए, मा वा उदेउ, सो वा राया जयउ, मा वा जयउ । णो एयप्पगारं भासं भासेज्जा पण्णवं ।**

**શબ્દાર્થ :–णभोदेवे ति** = આકાશ દેવ છે **गज्जदेवे ति** = વાદળ દેવ છે(ગર્જન દેવ છે) **विज्जुदेवे ति** = વિદ્યુત દેવ છે **पवुट्ठदेवे ति** = દેવ વરસે છે **णिवुट्ठदेवे ति** = દેવ નિરંતર વરસે છે **पडउ वा वासं** = વરસાદ થાય તો સારું **मा वा पडउ** = વરસાદ ન વરસે **णिप्फज्जउ वा सस्से** = ધાન્ય ઉત્પન્ન થાય **मा वा णिप्फज्जउ** = ધાન્ય ઉત્પન્ન ન થાય **विभाउ वा रयणी** = રાત્રિ વ્યતીત થાઓ **मा वा विभाउ** = રાત્રિ વ્યતીત ન થાઓ.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી આ પ્રમાણે કહે નહિ કે– આકાશ દેવ છે, મેઘ દેવ છે, વિદ્યુત દેવ છે, દેવ વરસી રહ્યા છે, દેવ નિરંતર વરસી રહ્યા છે, વરસાદ થાય તો સારું, વરસાદ ન થાય તો સારું, ધાન્ય ઉત્પન્ન થાય તો સારું, ધાન્ય ઉત્પન્ન ન થાય તો સારું. રાત્રિ વીતી જાય તો સારું, ન વીતે તો સારું, સૂર્યનો ઉદય થાય તો સારું, ઉદય ન થાય તો સારું, તે રાજા જીતે તો સારું કે ન જીતે તો સારું, પ્રજ્ઞાવાન સાધુ આ પ્રકારની ભાષા બોલે નહિ.

**१२ से भिक्खू वा भिक्खुणी वा अंतलिक्खे ति वा गुज्झाणुचरिए ति वा समुच्छिए वा णिवइए वा पओए वा वएज्ज वा वुट्ठबलाहए त्ति ।**

**શબ્દાર્થ :– अंतलिक्खे ति** = આકાશને આકાશ કહે **गुज्झाणुचरिए ति** = આ દેવોનો ગમનાગમનનો માર્ગ છે તેથી ગુહ્યાનુચરિત કહે **समुच्छिए** = વાદળા બંધાઈ રહ્યા છે, સંમૂર્ચ્છિમ પાણી પડી રહ્યું છે **णिवइए** = પડે છે **पओए** = આ મેઘ વરસાદ વરસાવે છે, પાણી ભરેલા વાદળા છે **वएज्ज वा वुट्ठबलाहए त्ति** = અથવા એમ કહે કે વાદળા વરસી રહ્યા છે.

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીને કહેવાનો પ્રસંગ આવે, ત્યારે આકાશને ગુહ્યાનુચરિત, અંતરિક્ષ કે આકાશ કહે અથવા દેવોના ગમનાગમનનો માર્ગ કહે. આ વાદળ પાણી વરસાવનારા છે, આ વાદળા બંધાઈ રહ્યા છે, આ મેઘ વરસે છે, આ વાદળા વરસી ચૂક્યા છે, આ પ્રકારની ભાષા બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રાકૃતિક તત્ત્વો સંબંધી ભાષાપ્રયોગમાં વિવેકનું પ્રતિપાદન છે.

વૈદિક યુગમાં સૂર્ય, ચંદ્ર, રાત્રિ, અગ્નિ, જલ, સમુદ્ર, મેઘ, વીજળી, આકાશ, પૃથ્વી, વાયુ આદિ પ્રકૃતિજન્ય તત્ત્વોને દેવ કહેતા હતા. આજે પણ ઘણા લોકો તેને દેવ માને છે, પરંતુ જૈન શાસ્ત્ર અનુસાર આકાશાદિ દેવ નથી, પ્રાકૃતિક પદાર્થો છે.

નિરવદ્ય અને યથાતથ્ય ભાષાનો પ્રયોગ કરનાર જૈન સાધુને આ પ્રકારના મિથ્યાવાદથી બચવા માટે સૂત્રકારે આ પ્રકારનો વિવેક બતાવ્યો છે કે સાધુ આકાશ, મેઘ, વીજળી આદિ પ્રાકૃતિક પદાર્થોને દેવ ન કહેતા તેના વાસ્તવિક નામથી કે ગુણથી જ તેનું કથન કરે.

વરસાદનું વર્ણન, ધાન્યોત્પાદન, રાત્રિનું ગમન, સૂર્યનો ઉદય, રાજાનો જય કે પરાજય ઈત્યાદિ બાબતોમાં સાધુએ તટસ્થ રહેવું જોઈએ કારણ કે વરસાદ વરસે આદિ કહેવાથી સચિત્ત જીવોની વિરાધના થવાથી દોષની સંભાવના છે. અમુક રાજાનો જય હો, પરાજય હો, વગેરે વચન બોલવાથી યુદ્ધની અનુમોદનાનો દોષ લાગે છે તથા સાધુ પ્રત્યે એકને રાગ, બીજાને દ્વેષ જાગે છે.

દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે સાધુએ વાયુ, વૃષ્ટિ, ઠંડી, ગરમી, સુકાળ, દુષ્કાળ, કલ્યાણ, અકલ્યાણ ક્યારે થશે ? થશે કે થશે નહિ ? આ પ્રકારની ભાષા બોલવી જોઈએ નહિ તેમજ મેઘ, આકાશ અને માનવ માટે દેવ શબ્દનો પ્રયોગ કરવો નહીં. *–(દશવૈ.અધ્ય.૭, ગા.૫૦,૫૧,૫૨,૫૩).*

સંક્ષેપમાં સાધુ અનર્થકારી કે નિરર્થક, અતિશયોક્તિવાળી ભાષાનો પ્રયોગ કરે નહીં. આવશ્યકતાનુસાર સંયમિત ભાષાનો જ પ્રયોગ કરે.

**ઉપસંહાર :–**

**१३ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । ति बेमि ।**

**ભાવાર્થ :–** આ ભાષા સંબંધી વિવેક તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**।। અધ્યયન–૪/૧ સંપૂર્ણ ।।**

# ચોથું અધ્યયન : બીજો ઉદ્દેશક

**કઠોર અને પીડાકારી ભાષા વિવેક :–**

**૧ से भिक्खू वा भिक्खुणी वा जहा वेगइयाइं रूवाइं पासेज्जा तहावि ताइं णो एवं वएज्जा, तं जहा– गंडी गंडी इ वा कुट्ठी कुट्ठी इ वा** *जाव* **महुमेहणी इ वा हत्थच्छिण्णं हत्थच्छिण्णे इ वा पायच्छिण्णे पायछिण्णे इ वा कण्णछिण्णे कण्णछिण्णे इ वा णक्कछिण्णे णक्कछिण्णे इ वा ओट्ठछिण्णे ओट्ठछिण्णे इ वा ।**

**जे यावण्णे तहप्पगारा, तहप्पगाराहिं भासाहिं बुइया-बुइया कुप्पंति माणवा, ते यावि तहप्पगाराहिं भासाहिं अभिकंख णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–** जहावेगयाइं = જો કે કોઈ એક **गंडी गंडी ति** = કંઠમાળના રોગીને, હે ગંડી ! એ પ્રમાણે એ સંબોધનથી **कुट्ठी कुट्ठी ति** = કોઢના રોગીને, હે કોઢી **महुमेहणी ति** = મધુમેહના રોગીને, હે મધુમેહી! એ પ્રમાણે એ સંબોધનથી.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી અનેક રૂપોને અર્થાત્ રોગી આદિને જોઈને આ પ્રમાણે કહે નહિ. જેમ કે– જેને કંઠમાળનો રોગ થયો હોય, તેને હે ગંડી ! હે કંઠમાળી !, કોઢના રોગવાળાને, હે કોઢી ! ***યાવત્*** મધુમેહથી પીડિત રોગીને, હે મધુમેહી !, જેનો હાથ કપાયેલો છે, તેને હે ઠૂંઠા !, જેના પગ કપાયા છે, તેને હે લંગડા !, નાક કપાયેલાને, હે નકટા !, કાન કપાયેલાને, હે કાનકટા ! અને હોઠ કપાયેલાને, હે હોઠકટા !, આ અને આવા પ્રકારના બીજા પણ સંબોધનથી કોઈને બોલાવે નહિ.

આ પ્રકારના સંબોધનથી તે વ્યક્તિ દુઃખી થાય છે અથવા ક્રોધિત થાય છે, તેથી ભાષા સમિતિનો વિવેક રાખનાર સાધુ તેવા શબ્દોથી તેને સંબોધન કરે નહિ.

**૨ से भिक्खू वा भिक्खुणी वा जहा वेगइयाइं रूवाइं पासेज्जा तहावि ताइं एवं वएज्जा, तं जहा– ओयंसी ओयंसी इ वा तेयंसी तेयंसी इ वा वच्चंसी वच्चंसी इ वा जसंसी जसंसी इ वा अभिरूवं अभिरूवे इ वा पडिरूवं पडिरूवे इ वा पासादियं पासादिए इ वा दरिसणिज्जं दरिसणीए इ वा । जे यावण्णे तहप्पगारा तहप्पगाराहिं भासाहिं बुइया-बुइया णो कुप्पंति माणवा ते यावि एयप्पगाराहिं भासाहिं अभिकंख भासेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી વિવિધ પ્રકારના રૂપવિશેષને જોઈને તેના વિષયમાં આ પ્રમાણે કથન કરે, જેમ કે– ઓજસ્વીને હે ઓજસ્વી !, તેજથીયુક્ત હોય તેને હે તેજસ્વી ! દીપ્તિવાન, ઉપાદેય વચની અથવા લબ્ધિયુક્ત હોય તેને વર્ચસ્વી; જેના યશઃકીર્તિ ચારે બાજુ ફેલાયેલા હોય તેને યશસ્વી; રૂપવાન હોય તેને અભિરૂપ; મનોહર હોય તેને પ્રતિરૂપ; પ્રસન્ન હોય તેને પ્રાસાદીય; દર્શનીય હોય તેને દર્શનીય કહે.

આ અને આવી જે કોઈ વ્યક્તિ હોય તેઓને આ પ્રકારના સૌમ્ય શબ્દપ્રયોગ દ્વારા સંબોધન કરવામાં આવે, તો તે ક્રોધિત થતા નથી, તેથી સાધુ આવી મધુર અને નિરવદ્ય–નિર્દોષ ભાષા બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને પરપીડાકારી, કઠોર ભાષાપ્રયોગનો નિષેધ કર્યો છે.

સત્ય ભાષા પણ જો પરપીડાકારી હોય, તો તે અન્ય વ્યક્તિને માટે માનસિક પરિતાપજનક હોવાથી હિંસક છે, જેમ કે કાણાને કાણો, લંગડાને લંગડો કહેવો, આ ભાષાપ્રયોગ વ્યક્તિને અપ્રિય લાગે છે.

આ પ્રકારના ભાષાપ્રયોગથી ભાષા સમિતિનું પાલન થતું નથી. તે વ્યક્તિને સાધુ પ્રતિ અભાવ કે ક્રોધ ઉત્પન્ન થાય છે અને સાધુની સ્વયંની અસભ્યતા પ્રગટ થાય છે.

મનુષ્યની દુર્બળતા પ્રગટ કરવી તે દોષજનક છે પરંતુ તેના ગુણાનુવાદ કરવા, તે ગુણાનુરાગ છે, તેથી ઓજસ્વી વ્યક્તિને ઓજસ્વી, તેજસ્વી વ્યક્તિને તેજસ્વી કહેવા રૂપ, ભાષાપ્રયોગ યથાર્થ છે અને તે સાંભળનારને પ્રિય લાગે છે, તેથી સાધુ અન્ય વ્યક્તિને પ્રિયકારી સત્ય ભાષાનો પ્રયોગ કરે.

**સાવધકારી ભાષા વિવેક :–**

**૩** **से भिक्खू वा भिक्खुणी वा जहा वेगइयाइं रूवाइं पासेज्जा, तं जहा– वप्पाणि वा** *जाव* **भवणगिहाणि वा; तहावि ताइं णो एवं वएज्जा, तं जहा– सुकडे इ वा सुट्ठुकडे इ वा साहुकडे इ वा कल्लाणे इ वा करणिज्जे इ वा। एयप्पगारं भासं सावज्जं** *जाव* **णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **सुकडे** = સારું બનાવ્યું છે **सुट्ठुकडे** = સુંદર તૈયાર થયું છે **साहुकडे** = આ સારું કર્યું છે **कल्लाणे** = આ કલ્યાણકારી છે **करणिज्जे** = આ કરવા યોગ્ય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી વિવિધ રૂપોને જુએ, જેમ કે– ખેતરની ક્યારીઓ ***યાવત્*** ભવનગૃહ. તેના વિષયમાં આ પ્રમાણે કહે નહિ, જેમ કે– આ સારું બનાવ્યું છે, સારી રીતે તૈયાર કરેલું છે, સુંદર બન્યું છે, આ કલ્યાણકારી છે, આ કરવા યોગ્ય છે, આ પ્રકારની સાવદ્ય ***યાવત્*** જીવોની હિંસા કરનારી ભાષા બોલે નહિ.

**૪** **से भिक्खू वा भिक्खुणी वा जहा वेगइयाइं रूवाइं पासेज्जा, तं जहा– वप्पाणि वा** *जाव* **भवणगिहाणि वा, तहावि ताइं एवं वएज्जा, तं जहा– आरंभकडे इ वा सावज्जकडे इ वा पयत्तकडे इ वा पासादियं पासादिए इ वा दरिसणीयं दरिसणीए इ वा अभिरूवं अभिरूवे इ वा पडिरूवं पडिरूवे इ वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **आरंभकडे** = આ આરંભકૃત છે **सावज्जकडे** = આ સાવદ્યકૃત છે **पयत्तकडे** = પ્રયત્નથી કરાયેલું છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના રૂપોને જુએ છે, જેમકે– ખેતરની ક્યારી ***યાવત્*** ભવનગૃહ. તેના વિષયમાં કહેવાનું પ્રયોજન હોય, ત્યારે આ પ્રમાણે કહે– જેમ કે– આ આરંભથી બનાવેલું છે, સાવદ્યકૃત છે અથવા આ પ્રયત્નથી બનાવેલું છે. આ રીતે પ્રાસાદિકને પ્રાસાદીય, જોવા યોગ્યને દર્શનીય, રૂપવાનને અભિરૂપ, મનોહરને પ્રતિરૂપ કહે. આ પ્રમાણે વિચારપૂર્વક અસાવદ્ય ***યાવત્*** જીવહિંસાથી રહિત ભાષાનો પ્રયોગ કરે.

**૫ से भिक्खू वा भिक्खुणी वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवक्खडियं पेहाए तहावि तं णो एवं वएज्जा, तं जहा– सुकडे इ वा सुट्ठुकडे इ वा साहुकडे इ वा कल्लाणे इ वा करणिज्जे इ वा । एयप्पगारं भासं सावज्जं** *જાવ* **भूओवघाइयं अभिकंख णो भासेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ આહારને જોઈને આ પ્રમાણે કહે નહિ, જેમ કે– આ આહારાદિ પદાર્થો સારા બન્યા છે, સુંદર બન્યા છે, સારી રીતે તૈયાર કર્યા છે, કલ્યાણકારી છે અને અવશ્ય કરવા યોગ્ય છે. આવા પ્રકારની ભાષા સાવદ્ય ***યાવત્*** જીવોનો ઘાત કરનારી છે, સાધુ તેવી ભાષા બોલે નહિ.

**૬ से भिक्खू वा भिक्खुणी वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवक्खडियं पेहाए एवं वएज्जा, तं जहा– आरंभकडे इ वा सावज्जकडे इ वा पयत्तकडे इ वा भद्दयं भद्दए इ वा ऊसढं ऊसढे इ वा रसियं रसिए इ वा मणुण्णं मणुण्णे । इ वा एयप्पगारं भासं असावज्जं** *જાવ* **अभूओवघाइयं अभिकंख भासेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી મસાલા આદિથી તૈયાર કરેલા સુસંસ્કૃત અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આદિ ચારે પ્રકારના આહારને જોઈને આ પ્રમાણે કહે કે આ આહારાદિ પદાર્થો આરંભથી બન્યા છે, સાવદ્યકૃત છે, પ્રયત્ન સાધ્ય છે, ભદ્ર અર્થાત્ વર્ણ, ગંધ, રસાદિથી યુક્ત છે, ઉત્કૃષ્ટ છે, સરસ છે, મનોજ્ઞ છે. આ પ્રકારની અસાવદ્ય ***યાવત્*** જીવોની હિંસા નહિ કરનારી, નિરવદ્ય, નિષ્પાપ ભાષાનો પ્રયોગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને સાવદ્યકારી ભાષા પ્રયોગનો નિષેધ કર્યો છે.

સાધુને ત્રણ કરણ અને ત્રણ યોગથી અહિંસા મહાવ્રતનું પાલન કરવાનું હોય છે, તેથી સાધુ સુંદર મકાન, દુકાન, પ્રાસાદ, દેવાલય, મંદિર આદિ કોઈ પણ સ્થાનને માટે પ્રશંસાત્મક શબ્દો બોલે નહીં. પ્રશંસાથી આરંભ-સમારંભની અનુમોદના થાય છે.

સાધુ આહારની પ્રશંસા કરે નહીં. આહારની પ્રશંસાથી હિંસાની અનુમોદના થાય છે. સાધુના મુખેથી પોતાના ભોજન આદિની પ્રશંસા સાંભળીને ગૃહસ્થને ફરી ફરી તેવું ભોજન બનાવવાની ઈચ્છા થાય, તેથી સાધુને તેના આરંભ–સમારંભનો દોષ લાગે છે, સાધુની રસલોલુપતા પ્રગટ થાય છે. પ્રયોજનવશ બોલવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે તે સ્થાન, પદાર્થ કે ભોજનઆદિની યથાર્થતા નિરવદ્ય ભાષામાં પ્રગટ કરે, જેમ કે– આ ભોજન ઘણું આરંભજન્ય છે, ઉત્કૃષ્ટ છે, મનોજ્ઞ છે વગેરે ભાષાપ્રયોગ કરે.

સાધુના ભાષા પ્રયોગથી ગૃહસ્થના અંતરમાં રાગ ભાવ જાગૃત ન થાય, તેને તથાપ્રકારનું સ્થાન કે ભોજન આદિ નવા બનાવવાની ઈચ્છા ન થાય, તે રીતે સંયમિત વચનપ્રયોગ કરે.

**પંચેન્દ્રિય સંબંધી ભાષા વિવેક :–**

**૭ से भिक्खू वा भिक्खुणी वा मणुस्सं वा गोणं वा महिसं वा मिगं वा पसुं**

**वा पक्खि वा सरीसिवं वा जलयरं वा सत्तं परिवूढकायं पेहाए णो एवं वएज्जा– थूले इ वा पमेइले इ वा वट्टे इ वा वज्झे इ वा पाइमे ति वा । एयप्पगारं भासं सावज्जं** *जाव* **भूओवघाइयं अभिकंख णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **सत्तं** = જીવોને **परिवूढकायं** = હૃષ્ટપુષ્ટ **थूले** = આ સ્થૂળ છે **पमेइले** = ઘણા મેદવાળો છે **वट्टे** = ગોળ મટોળ છે **वज्झे** = આ મારવા યોગ્ય છે **पाइमे** = પકાવવા યોગ્ય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી હૃષ્ટપુષ્ટ શરીરવાળા મનુષ્ય, સાંઢ, ભેંસ, મૃગ કે પશુ, પક્ષી, સર્પ કે જલચર આદિ પ્રાણીને જોઈને આ પ્રમાણે કહે નહિ કે આ હૃષ્ટપુષ્ટ છે, ઘણા મેદવાળા છે, ગોળમટોળ છે, વધ કે વહન કરવા યોગ્ય છે, આ પકાવવા યોગ્ય છે. આ પ્રકારની સાવદ્ય ***યાવત્*** જીવોનો નાશ કરનારી ભાષા બોલે નહીં.

**૮ से भिक्खू वा भिक्खुणी वा मणुस्सं वा** *जाव* **जलयरं वा सत्तं परिवूढ कायं पेहाए एवं वएज्जा– परिवूढकाए ति वा उवचियकाए ति वा थिरसंघयणे ति वा चियमंससोणिए ति वा बहुपडिपुण्णइंदिए ति वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **अभूओवघाइयं अभिकंख भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **परिवूढकाए** = પરિપુષ્ટ શરીરવાળા છે **उवचियकाए** = શરીર વધી ગયું છે **थिरसंघयणे** = સ્થિર સંઘયણ અર્થાત્ શરીર ઘણું સંગઠિત છે **चियमंससोणिए** = માંસ, લોહી વિશેષ રૂપે છે **बहुपडिपुण्णइंदिए** = તેની સર્વ ઈન્દ્રિયો પરિપૂર્ણ છે.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી પરિપુષ્ટ શરીરવાળા કોઈ મનુષ્ય ***યાવત્*** કોઈ વિશાળકાય પ્રાણીને જોઈને આ પ્રમાણે કહે કે– આ પુષ્ટ શરીરવાળો છે, ઉપચિત કાયવાળો છે, સ્થિર સંહનનવાળો છે, તેના શરીરમાં લોહી, માંસ ઘણા છે, પરિપૂર્ણ ઈન્દ્રિયવાળો છે. આ પ્રકારની અસાવદ્ય ***યાવત્*** જીવોનો નાશ નહીં કરનારી ભાષા બોલે નહીં.

**૯ से भिक्खू वा भिक्खुणी वा विरूवरूवाओ गाओ पेहाए णो एवं वएज्जा, तं जहा– गाओ दोज्झा इ वा दम्मा इ वा गोरहा इ वा वाहिमा इ वा रहजोग्गा इ वा । एयप्पगारं भासं सावज्जं** *जाव* **णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–** **गाओ दोज्झा** = ગાય દોહવા યોગ્ય છે **दम्मा** = બળદ દમન કરવા યોગ્ય છે **गोरहा** = ત્રણ વર્ષનો યુવાન બળદ જોડવા યોગ્ય છે **वाहिमा** = બળદ હળ આદિ વહન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી વિવિધ પ્રકારની ગાય કે ગોજાતિના પશુઓને જોઈને આ પ્રમાણે કહે નહીં કે આ ગાય દોહવા યોગ્ય છે, બળદ દમન કરવા યોગ્ય છે, આ ત્રણ વર્ષનો યુવાન બળદ છે, આ બળ દ હળ આદિમાં વહન કરવા યોગ્ય છે, રથમાં જોડવા યોગ્ય છે, આ પ્રકારની પાપકારી ***યાવત્*** જીવોનો ઘાત કરનારી ભાષા બોલે નહીં.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा विरूवरूवाओ गाओ पेहाए एवं वएज्जा, तं जहा– जुवंगवे इ वा धेणू इ वा रसवई इ वा हस्से इ वा महल्लए इ वा महव्वए**

**इ वा संवहणे इ वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **अभूओवघाइयं अभिकंख भासेज्जा ।**

**શબ્દાર્થ :–जुवंगवे** = આ બળદ યુવાન છે **धेणू** = ગાય પ્રૌઢ છે **रसवई** = દૂધ આપનારી છે **महव्वए** = વાછરડો મોટો છે **संवहणे** = ભાર વહન કરવામાં સમર્થ છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી વિવિધ પ્રકારની ગાયો તથા બળદાદિને જોઈને આ પ્રમાણે કહે, જેમ કે– આ બળદ જુવાન છે, આ ગાય પ્રૌઢ છે, દૂધાળી છે, આ બળદ મોટો છે, તે ભાર વહન કરવા સમર્થ છે. આ પ્રમાણે અસાવદ્ય ***યાવત્*** જીવોનો નાશ નહિ કરનારી ભાષાનો વિચારપૂર્વક પ્રયોગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મનુષ્ય, પશુ, પક્ષીના સંબંધમાં બોલવા કે ન બોલવા યોગ્ય શબ્દોનું વિધિ અને નિષેધથી નિરૂપણ છે.

પશુ, પક્ષીઓને માટે– આ હૃષ્ટપુષ્ટ છે, ચરબી અને માંસયુક્ત છે, વાહનમાં જોતરવા યોગ્ય છે વગેરે ભાષાપ્રયોગ સાવદ્યકારી છે, સાધુના તથાપ્રકારના વચનોને સાંભળીને કોઈ શિકારી તે પશુ-પક્ષીનો શિકાર કરે કે બળદોને ગાડા આદિ વાહનોમાં જોતરે તો તે જીવોને પરિતાપ થાય છે, તેથી આ પ્રકારનો ભાષાપ્રયોગ સાવદ્યકારી હોવાથી સાધુને બોલવા યોગ્ય નથી. સાધુને પ્રયોજન વશ બોલવું પડે તો વિવેકપૂર્વક નિરવદ્ય ભાષાપ્રયોગ કરે.

**વનસ્પતિ સંબંધી ભાષા વિવેક :–**

**૧૧ से भिक्खू वा भिक्खुणी वा तहेव गंतुमुज्जाणाइं पव्वयाइं वणाणि वा रुक्खा महल्ला पेहाए णो एवं वएज्जा, तं जहा– पासायजोग्गा इ वा गिहजोग्गा इ वा तोरणजोग्गा इ वा फलिहजोगा इ वा अग्गलजोग्गा इ वा णावाजोग्गा इ वा उदगदोणिजोग्गा इ वा पीढ-चंगबेर-णंगल-कुलिय- जंतलट्ठी-णाभि-गंडी- आसण सयण-जाण-उवस्सयजोग्गा इ वा । एयप्पगारं भासं सावज्जं** *जाव* **भूओवघाइयं अभिकंख णो भासेज्जा ।**

**શબ્દાર્થ :– उदगदोणिजोग्गा** = જળ પાત્ર–મોટી કુંડીને યોગ્ય **पीढ** = બાજોઠ **चंगबेर** = કથરોટ **णंगल** = હળ **कुलिय** = કુલિય–એક પ્રકારનું હળ **जंत** = યંત્ર **लट्ठी** = લાકડી **णाभि** = નાભિ **गंडी** = એરણની લાકડી **आसणजोग्गा** = આસનને યોગ્ય.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી પ્રયોજનવશ કોઈ બગીચામાં, પર્વતો ઉપર કે વનોમાં જાય, ત્યારે ત્યાં મોટા-મોટા વૃક્ષોને જોઈને આ પ્રમાણે કહે નહિ, જેમ કે– આ વૃક્ષ કાપીને મકાન આદિમાં વાપરવા યોગ્ય છે અર્થાત્ આ લાકડું મહેલ બનાવવા યોગ્ય છે, તોરણ-નગરનું મુખ્ય દ્વાર બનાવવા યોગ્ય છે, આ ઘર બનાવવા યોગ્ય છે, પાટ બનાવવા યોગ્ય છે, નાવ બનાવવા યોગ્ય છે, પાણીની મોટી કુંડી, બાજોઠ, કથરોટ, હળ, કુહાડી, યંત્ર, લાકડી અથવા ઘાણી, ચક્રની નાભિ, સોનીના કાષ્ઠના ઉપકરણને યોગ્ય-એરણની લાકડી, આસન, શયન, પલંગ, રથ, ઉપાશ્રય આદિ બનાવવા યોગ્ય છે. આ પ્રકારની સાવદ્ય ***યાવત્*** જીવોનો નાશ કરનારી ભાષા સાધુ બોલે નહિ.

**૧૨ से भिक्खू वा भिक्खुणी वा तहेव गंतुमुज्जाणाइं पव्वयाइं वणाणि वा रुक्खा महल्ला पेहाए एवं वएज्जा, तं जहा– जाइमंता इ वा दीहवट्टा इ वा महालया इ वा पयायसाला इ वा विडिमसाला इ वा पासाईया इ वा दरिसणीया इ वा अभिरूवा इ वा पडिरूवा इ वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **अभूओवघाइयं अभिकंख भासेज्जा ।**

**શબ્દાર્થ :–जाइमंता** = આ વૃક્ષો ઉત્તમ જાતિના છે **दीहवट्टा** = લાંબા ઘેઘુર-ગોળાકાર છે **महालया** = વિસ્તૃત છે **पयायसाला** = વિશાળ અનેક શાખાઓ છે **विडिमसाला** = વૃક્ષની વચ્ચે ચાર શાખાઓ છે તેમાં એક શાખા ઊંચી ગઈ છે.

**ભાવાર્થ :–** સંયમી સાધુ કે સાધ્વી પ્રયોજનવશ ઉદ્યાનો, પર્વતો કે વનોમાં જાય, ત્યારે ત્યાં રહેલા વિશાળ વૃક્ષોને જોઈને આ પ્રમાણે કહે, જેમ કે– આ વૃક્ષો ઉત્તમ જાતિના છે, લાંબા છે, ગોળાકાર(ઘેઘુર) છે, ઘણા વિશાળ છે. તેની વિશાળ શાખાઓ છે, તેઓની પ્રશાખાઓ લાંબે સુધી ફેલાયેલી છે અથવા આ વૃક્ષમાં ચાર શાખાઓ છે તેમાંથી એક શાખા ઊંચે સુધી ગઈ છે. તે વૃક્ષ મનને પ્રસન્ન કરનાર છે, દર્શનીય છે, અભિરૂપ, પ્રતિરૂપ–વારંવાર જોવા યોગ્ય છે. આ પ્રમાણે સાધુ અસાવદ્ય યાવત્ જીવોનો નાશ ન કરનાર ભાષા વિચાર પૂર્વક બોલે.

**૧૩ से भिक्खू वा भिक्खुणी वा बहुसंभूया वणफला पेहाए तहावि ते णो एवं वएज्जा, तं जहा– पक्का इ वा पायखज्जा इ वा वेलोइया इ वा टाला इ वा वेहिया इ वा । एयप्पगारं भासं सावज्जं** *जाव* **भूओवघाइयं अभिक्खं णो भासेज्जा ।**

**શબ્દાર્થ :– बहुसंभूया** = ઘણા ઉત્પન્ન થયેલા **वणफला** = વનફળોને **पक्का** = આ ફળ પાકી ગયા છે **पायक्खज्जा** = આ ફળ ઘાસાદિમાં પકાવી ખાવા યોગ્ય છે **वेलोइया** = આ ફળ તોડવા યોગ્ય છે **टाला** = કોમળ છે **वेहिया** = ટુકડા કરવા યોગ્ય છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉત્પન્ન થયેલા ઘણાં વન્ય ફળો જોઈને આ પ્રમાણે કહે નહિ, જેમ કે– આ ફળ પાકી ગયા છે, પરાલાદિમાં પકાવીને ખાવા યોગ્ય છે, આ ફળ તોડવા યોગ્ય છે, હજુ આ ફળ કોમળ છે કારણ કે તેમાં હજુ ગોઠલી પડી નથી, આ ફળ ટુકડા કરવા યોગ્ય છે, આ પ્રકારની સાવદ્ય ***યાવત્*** હિંસાકારી ભાષા બોલે નહિ.

**૧૪ से भिक्खू वा भिक्खुणी वा बहुसंभूया वणफला पेहाए एवं वएज्जा, तं जहा– असंथडा इ वा बहुणिव्वट्टिमफला इ वा बहूसंभूया इ वा भूयरूवा इ वा। एयप्पगारं भासं असावज्जं** *जाव* **भासेज्जा ।**

**શબ્દાર્થ :– असंथडा** = ફળોના ભારથી તે ઝૂકી ગયા છે **बहुणिव्वट्टिमफला** = આ વૃક્ષ ઘણા ફળો આપે છે **बहूसंभूवा** = ઘણા પાકેલા ફળો છે **भूयरूवा** = હજુ પૂરા પાક્યા નથી અર્થાત્ ગોઠલી વગરના ફળો છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ઉત્પન્ન થયેલા ઘણા વન્ય ફળોને(આંબાના ફળોને)જોઈને આ પ્રમાણે

કહે, વૃક્ષો ફળોના ભારથી નમી ગયા છે. આ વૃક્ષ ઘણા ફળોને આપે છે, ઘણા પાકેલા ફળો છે, આ ફળો ઘણા કોમળ છે કારણ કે હજુ તેમાં ગોઠલી પડી નથી. આ પ્રકારની અસાવદ્ય યાવત્ અહિંસક ભાષા વિચાર પૂર્વક બોલે.

**१५ से भिक्खू वा भिक्खुणी वा बहुसंभूयाओ ओसहीओ पेहाए तहा वि ताओ णो एवं वएज्जा, तं जहा– पक्का इ वा, णीलिया इ वा, छवीया इ वा, लाइमा इ वा, भज्जिमा इ वा, बहुखज्जा इ वा । एयप्पगारं भासं सावज्जं** *जाव* **भूओवघाइयं अभिक्खं णो भासेज्जा ।**

**શબ્દાર્થ :–पक्का** = આ ધાન્ય પાકી ગયું છે **णीलिया** = આ ધાન્ય હજુ કાચું છે **छवीया** = સુંદર શોભાવાળું છે, છાલવાળું છે **लाइमा** = કાપવા યોગ્ય છે **भज्जिमा** = શેકવા યોગ્ય છે **बहुखज्जा** = સારી રીતે ખાવા યોગ્ય છે.

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વી ઘણા પ્રમાણમાં ઉત્પન્ન થયેલા ધાન્યને જોઈને આ પ્રમાણે કહે નહિ કે આ ધાન્ય વિશેષ પાકી ગયેલ છે, હજુ તે કાચું છે, લીલી છાલવાળું છે, સુંદર શોભાયુક્ત છે, હવે તે કાપવા યોગ્ય છે, શેકવા યોગ્ય છે, સારી રીતે ખાવા યોગ્ય છે, આ પ્રકારની સાવદ્ય ***યાવત્*** હિંસાકારી ભાષા સાધુ બોલે નહિ.

**१६ से भिक्खू वा भिक्खुणी वा बहुसंभूयाओ ओसहीओ पेहाए तहावि एवं वएज्जा, तं जहा– रूढा इ वा बहुसंभूया इ वा थिरा इ वा ऊसढा इ वा गब्भिया इ वा पसूया इ वा ससारा इ वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **भासेज्जा ।**

**શબ્દાર્થ :–रूढा** = આમાં અંકુરો નીકળ્યા છે **बहुसंभूया** = ઘણું ઉત્પન્ન થયું છે **थिरा** = સ્થિર છે **ऊसढा** = રસ ભરેલો છે **गब्भिया** = ગર્ભમાં છે અર્થાત્ ડૂંડા, શિંગાદિથી રહિત છે **पसूया** = ડૂંડા આદિ બહાર નીકળી ગયેલ છે **ससारा** = કણ ભરાઈ ગયા છે.

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વી ઘણા પ્રમાણમાં ઉત્પન્ન થયેલા ધાન્યને જોઈને પ્રયોજનવશ આ પ્રમાણે કહે, જેમ કે– આમાં બીજ અંકુરિત થઈ ગયા છે, ઘણા પ્રમાણમાં ઉત્પન્ન થયેલા છે, હવે તે ઉપઘાતાદિથી રહિત સ્થિર છે, રસથી ભરેલ છે અર્થાત્ સરસ છે, તે ડૂંડા, શિંગાદિથી રહિત છે, તે ડૂંડા આદિથી યુક્ત છે, ધાન્યકણ યુક્ત છે અર્થાત્ દાણા આવી ગયા છે, આ પ્રકારની નિરવદ્ય ***યાવત્*** અહિંસક ભાષા સાધુ વિચારપૂર્વક બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે વનસ્પતિ વિષયક ભાષાપ્રયોગના વિવેકનું નિદર્શન છે.

સાધુ ગ્રામાનુગ્રામ વિહાર કરતા હોય ત્યારે વિવિધ પ્રકારના દશ્યો જોવા મળે છે, તે સમયે સંસ્કારથી વિવેક રહિત, હિંસાકારી ભાષાનો પ્રયોગ ન થઈ જાય, તે માટે સૂત્રકારે કેટલાક ઉદાહરણો પ્રસ્તુત કર્યા છે, જેમ કે– આ વૃક્ષનું લાકડું બાજોઠ, પાટ, પાટલા, બારણા આદિ બનાવવા યોગ્ય છે, ફળ પાકી ગયા છે, તે તોડવા યોગ્ય છે. ધાન્ય લણવા યોગ્ય છે. કઠોળની શિંગો લીલીછમ અને કોમળ, ખાવા યોગ્ય, શેકવા યોગ્ય છે; વગેરે સાવદ્યકારી ભાષા સાધુ બોલે નહીં. સાધુના મુખેથી તથાપ્રકારની ભાષા સાંભળીને ગૃહસ્થો વૃક્ષોનું છેદન-ભેદન કરે છે તો સાધુ તેના આરંભ-સમારંભમાં નિમિત્ત બને છે.

સાધુ પ્રયોજનવશ બોલે, ત્યારે સૂત્રોક્ત નિરવદ્ય ભાષાનો પ્રયોગ કરે.

સાધુની સામે સંસારની કોઈ વસ્તુ આવે ત્યારે કાંઈ પણ કહેતા પહેલાં કે અભિપ્રાય આપતા પહેલાં સાવધાનીપૂર્વક તથા પરિણામનો વિચાર કરીને વિવેક સહ નિરવદ્ય, નિર્દોષ,ગુણસૂચક, અહિંસક, અન્ય જીવોના હૃદયને આઘાત ન પહોંચે તેવી ભાષાનો પ્રયોગ કરે.

**વનસ્પતિની અંકુરાદિ સાત અવસ્થાઓ :–** (૧) **रूढा**– બીજ વાવ્યા પછી અંકુર રૂપે નીકળે (૨) **बहुसंभूया**– બીજના પાન નીકળવા–વિકસિત થવા. (૩) **थिरा**– ઉપઘાતથી રહિત થઈ બીજાંકુરનું સ્થિર થઈ જવું. (૪) **ऊसढा**– સારી રીતે વૃદ્ધિને પામેલ, સ્તંભ રૂપે આગળ વધેલ. (૫) **गब्भिया**– ડૂંડા, શિંગ આદિ હજુ આવ્યા ન હોય. (૬) **पसूया**– ડૂંડા નીકળી ગયા હોય. (૭) **ससारा**– દાણા બેસી ગયા હોય.

**શબ્દાદિ વિષયક ભાષા વિવેક :–**

**૧૭ से भिक्खू वा भिक्खुणी वा जहा वेगइयाइं सद्दाइं सुणेज्जा तहावि ताइं णो एवं वएज्जा, तं जहा– सुसद्दे इ वा, दुसद्दे इ वा । एयप्पगारं भासं सावज्जं** *जाव* **भूओवघाइयं अभिक्खं णो भासेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી તથાપ્રકારના શબ્દોને સાંભળે છે. તે શબ્દો સાંભળીને આ પ્રમાણે કહે નહિ, જેમ કે– આ શબ્દ માંગલિક છે અથવા આ શબ્દ અમાંગલિક છે. આ પ્રકારની સાવદ્ય ***યાવત્*** હિંસક ભાષા બોલે નહિ.

**૧૮ से भिक्खू वा भिक्खूणी वा जहा वेगइयाइं सद्दाइं सुणेज्जा तहावि ताइं एवं वएज्जा, तं जहा– सुसद्दं सुसद्दे इ वा, दुसद्दं दुसद्दे इ वा । एयप्पगारं भासं असावज्जं** *जाव* **अभूओवघाइयं अभिक्खं भासेज्जा ।**

**एवं रूवाइं किण्हे इ वा णीले इ वा लोहिए इ वा हालिद्दे इ वा सुक्किले इ वा गंधाइं सुब्भिगंधे इ वा दुब्भिगंधे इ वा रसाइं तित्ताणि वा कडुयाणि वा कसायाणि वा अंबिलाणि वा महुराणि वा फासाइं कक्खडाणि वा मउयाणि वा गरुयाणि वा लहुयाणि वा सीयाणि वा उसिणाणि वा णिद्धाणि वा रुक्खाणि वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી વિવિધ પ્રકારના શબ્દો સાંભળીને તેના વિષયમાં તટસ્થ ભાવે આ પ્રમાણે કહે– સુશબ્દને આ સુશબ્દ છે અને દુઃશબ્દને આ દુઃશબ્દ છે, આ રીતે નિરવદ્ય ***યાવત્*** અહિંસક ભાષા બોલે.

આ જ રીતે રૂપના વિષયમાં– કાળાને કાળો, નીલાને નીલો, લાલને લાલ, પીળાને પીળો અને સફેદને સફેદ કહે. ગંધના વિષયમાં– સુગંધને સુગંધ અને દુર્ગંધને દુર્ગંધ કહે. રસોના વિષયમાં તીખાને તીખો, કડવાને કડવો, કષાયેલાને કષાયેલો, ખાટાને ખાટો અને મધુરને મધુર કહે. એ જ રીતે સ્પર્શના વિષયમાં કહેવાનું હોય તો કર્કશને કર્કશ, કોમળને કોમળ, ભારેને ભારે, હળવાને હળવો, શીતને શીત, ઉષ્ણને ઉષ્ણ, સ્નિગ્ધને સ્નિગ્ધ, રૂક્ષને રૂક્ષ કહે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે પાંચે ઇન્દ્રિયોના વિષયમાં અનાસક્ત ભાવપૂર્વક ભાષાપ્રયોગનું સૂચન છે. ઠાણાંગ સૂત્રમાં પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષય અને ૨૪૦ વિકારો બતાવ્યા છે. તે આ પ્રમાણે છે–

**પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષય :–**

**(૧) શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષય–** જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દ. **(૨) ચક્ષુરિન્દ્રિયના પાંચ વિષય–** કાળો, લીલો, લાલ, પીળો અને સફેદ વર્ણ. **(૩) ઘ્રાણેન્દ્રિયના બે વિષય–** સુગંધ અને દુર્ગંધ. **(૪) રસેન્દ્રિયના પાંચ વિષય–** તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મધુર રસ. **(૫) સ્પર્શેન્દ્રિયના આઠ વિષય–** કર્કશ, કોમળ, હળવો, ભારે, સ્નિગ્ધ, રૂક્ષ, શીત અને ઉષ્ણ સ્પર્શ.

**૨૩ વિષયના ૨૪૦ વિકાર :–**

**શ્રોતેન્દ્રિયના ૧૨ વિકાર–** જીવ શબ્દ આદિ ૩ પ્રકારના શબ્દોના શુભ અને અશુભ, આ બે-બે પ્રકાર છે, તેથી ૩ × ૨ = ૬, તે છ પર રાગ-દ્વેષ થવાથી ૬ × ૨ = ૧૨ વિકાર થાય છે.

**ચક્ષુરિન્દ્રિયના ૬૦ વિકાર–** કાળો આદિ પાંચ વર્ણના સચિત્ત, અચિત્ત અને મિશ્ર, આ ત્રણ–ત્રણ પ્રકાર છે. તેથી ૫×૩ = ૧૫, તેના શુભ અને અશુભ બે-બે ભેદ થવાથી ૧૫ × ૨ = ૩૦, આ ત્રીસ ઉપર રાગ અને દ્વેષ થવાથી ૩૦ × ૨ = ૬૦ વિકાર થાય છે.

**ઘ્રાણેન્દ્રિયના ૧૨ વિકાર–** સુરભિગંધ અને દુરભિગંધ, આ બે ગંધના સચિત્ત, અચિત્ત અને મિશ્ર આ ત્રણ-ત્રણ પ્રકાર છે, તેથી ૩ × ૨ = ૬, તેના પર રાગ અને દ્વેષ થવાથી ૬×૨ = ૧૨ વિકાર થાય છે.

**રસેન્દ્રિયના ૬૦ વિકાર–** કડવાદિ પાંચ રસના સચિત્ત, અચિત્ત, મિશ્ર આ ત્રણ-ત્રણ પ્રકાર છે. તેથી ૫ × ૩ = ૧૫, તેના શુભ અને અશુભ આ બે-બે ભેદ થવાથી ૧૫ × ૨ = ૩૦ અને તેના પર રાગ-દ્વેષ થવાથી ૩૦ × ૨ = ૬૦ વિકાર થાય છે.

**સ્પર્શેન્દ્રિયના ૯૬ વિકાર–** કર્કશાદિ આઠ સ્પર્શના સચિત્ત, અચિત્ત અને મિશ્ર, આ ત્રણ પ્રકાર છે, તેથી ૮×૩ = ૨૪, તેના શુભ અને અશુભ આ બે-બે ભેદ થવાથી ૨૪×૨ = ૪૮, તેના પર રાગ અને દ્વેષ થવાથી ૪૮ × ૨ = ૯૬ વિકાર થાય છે.

**આ રીતે શ્રોતેન્દ્રિયના–** ૧૨ + ચક્ષુરિન્દ્રિયના– ૬૦ + ઘ્રાણેન્દ્રિયના– ૧૨ + રસેન્દ્રિયના– ૬૦ + સ્પશેન્દ્રિયના– ૯૬ વિકાર = ૨૪૦ વિકાર થાય છે.

સાધુએ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં જે જેવું હોય તેવું જ તટસ્થ ભાવપૂર્વક કહેવું જોઈએ. ભાષાના પ્રયોગ સમયે મન તેમજ વાણીમાં પૂર્વોક્ત ૨૪૦ પ્રકારના વિકારમાંથી કોઈપણ વૈભાવિક ભાવો ન આવે, તેના માટે સાવધાની રાખવી જરૂરી છે.

**ભાષા વિવેક :–**

**१९ से भिक्खू वा भिक्खुणी वा वंता कोहं च माणं च मायं च लोभं च अणुवीइ णिट्ठाभासी णिसम्मभासी अतुरियभासी विवेगभासी समियाए संजए भासं भासेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરીને વિચારપૂર્વક, એકાંત અસાવદ્ય વચન, સાંભળી–સમજીને બોલે, ઉતાવળ કર્યા વિના તેમજ વિવેક પૂર્વક બોલે અને ભાષા સમિતિથી યુક્ત સંયત ભાષાનો પ્રયોગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર સંપૂર્ણ અધ્યયનના સારરૂપ છે.

સૂત્રકારે ભાષાનો પ્રયોગ કરતા પહેલા આઠ પ્રકારનો વિવેક બતાવ્યો છે. તે આ પ્રમાણે છે–

સાધુ-સાધ્વી–(૧) ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરીને બોલે. (૨) પ્રાસંગિક વિષય અને વ્યક્તિને અનુરૂપ વિચાર કરીને, અવલોકન કરીને ચિંતનપૂર્વક બોલે. (૩) પહેલા તે વિષયનું પુરું નિશ્ચયાત્મક જ્ઞાન કરી લે ત્યારપછી બોલે. (૪) પૂર્ણરૂપે સાંભળી, સમજીને બોલે. (૫) જલદી-જલદી અસ્પષ્ટ શબ્દોમાં બોલે નહિ. (૬) વિવેકપૂર્વક બોલે. (૭) ભાષા સમિતિનું ધ્યાન રાખીને બોલે. (૮) સંયમ ભાવથી પરિમિત શબ્દોમાં બોલે.

આ રીતે વિવેકપૂર્વક બોલતા સાધક સત્ય મહાવ્રતનું યથાર્થ પાલન કરી શકે છે.

**ઉપસંહાર :–**

**૨૦ एवं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ ભાષા સંબંધી વિવેક તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૪/૨ સંપૂર્ણ ॥**

**॥ ચોથું અધ્યયન સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ વસ્ત્રૈષણા છે.

સાધક વસ્ત્રરહિત-અચેલકતાની સાધના ભૂમિકા સુધી પહોંચી ન શકે ત્યાં સુધી સંયમ નિર્વાહ તથા લજ્જા નિવારણ માટે વસ્ત્ર ગ્રહણ કે ધારણ કરે છે. **तं पि संजम–लज्जट्ठा धारंति परिहरंति य ।** *–( દશવૈકાલિક સૂત્ર, અધ્યયન–૬, ગાથા–૨૦).*

તાત્પર્ય એ છે કે અન્યના ચિત્તમાં વિકાર ભાવ ઉત્પન્ન કરવામાં નિમિત્તભૂત શરીરાવયવોને ઢાંકવા માટે તેમજ ઠંડી-ગરમી વગેરે પરિસ્થિતિઓમાં શરીરના રક્ષણ માટે વસ્ત્રની ઉપયોગિતા છે, જે સાધુને વસ્ત્ર ધારણ કરવાની ઈચ્છા હોય, તે એષણાપૂર્વક વસ્ત્રની યાચના કરે અને નિર્દોષ તથા એષણીય વસ્ત્રને ગ્રહણ કરે અને અનાસક્ત ભાવે તેનો ઉપયોગ કરે.

આહાર સંબંધી ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણા, આ ત્રણ પ્રકારની એષણાનું કથન છે, તે જ રીતે સાધુ ત્રણ પ્રકારની એષણાપૂર્વક વસ્ત્રને ધારણ કરે છે.

**વસ્ત્રના બે પ્રકાર છે :–** દ્રવ્ય વસ્ત્ર અને ભાવ વસ્ત્ર. અઢાર હજાર શીલાંગો **ભાવવસ્ત્ર** છે. તે સાધુના સંયમની સુરક્ષા કરે છે. જે વસ્ત્ર શરીરનું રક્ષણ કરે છે, તે **દ્રવ્યવસ્ત્ર** છે. તેના ત્રણ પ્રકાર છે–

**(૧) એકેન્દ્રિય નિષ્પન્ન–** કપાસથી બનેલા વસ્ત્રો, વૃક્ષની છાલથી બનેલા વલ્કલ કે શણથી બનેલા વસ્ત્રો વગેરે. **(૨) વિકલેન્દ્રિય નિષ્પન્ન–** કોશેટામાંથી બનેલા રેશમી વસ્ત્રો. તેમજ અન્ય પણ પદાર્થોને સડાવવાથી તેમાં બેઈન્દ્રિયાદિ રસજ જીવો ઉત્પન્ન થાય અને તેમાંથી બનતા વસ્ત્રાદિ **(૩) પંચેન્દ્રિય નિષ્પન્ન–** ઊનના વસ્ત્રો.

પ્રસ્તુત અધ્યયનમાં દ્રવ્ય વસ્ત્રની યાચના, ગ્રહણ અને પરિભોગની વિધિનું પ્રતિપાદન છે. તેમાં બે ઉદ્દેશક છે.

**પ્રથમ ઉદ્દેશકમાં :–** વસ્ત્ર ગ્રહણની વિધિનું કથન છે. તેમાં સાધુ-સાધ્વીઓને ધારણ કરવા યોગ્ય વસ્ત્રોની સંખ્યા, વસ્ત્રના વિવિધ પ્રકારો, વસ્ત્ર ગ્રહણના વિવિધ દોષો, વસ્ત્રૈષણાની ચાર પ્રતિમાઓ, એષણીય-અનેષણીય વસ્ત્રો અને વસ્ત્ર ગ્રહણ વિધિનું વિસ્તૃત વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં :–** વસ્ત્ર ધારણ કરવાની વિધિનું પ્રતિપાદન છે.

આ રીતે બે ઉદ્દેશકમાં સાધુ માટે વસ્ત્ર એષણા સંબંધી આવશ્યક જાણકારી પ્રાપ્ત થાય છે.

❖❖❖❖❖

# પાંચમું અધ્યયન : વસ્ત્રૈષણા

## પહેલો ઉદ્દેશક

**ગ્રાહ્ય વસ્ત્રોના પ્રકાર તેમજ પરિમાણ :–**

**૧ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं एसित्तए । से जं पुण वत्थं जाणेज्जा, तं जहा– जंगिय वा भंगिय वा साणयं वा पोत्तगं वा खोमियं वा तूलकडं वा, तहप्पगारं वत्थं जे णिग्गंथे तरुणे जुगवं बलवं अप्पायंके थिरसंघयणे से एगं वत्थं धारेज्जा, णो बिइयं ।**

**जा णिग्गंथी सा चत्तारि संघाडीओ धारेज्जा– एगं दुहत्थवित्थारं, दो तिहत्थ वित्थाराओ, एगं चउहत्थवित्थारं ।**

**तहप्पगारेहिं वत्थेहिं असंविज्जमाणेहिं अह पच्छा एगमेगं संसीवेज्जा ।**

**શબ્દાર્થ :–** **जुगवं** = ચોથા આરામાં જન્મેલા **अप्पायंके** = રોગ રહિત નિરોગી **थिरसंघयणे** = દઢ શરીરવાળા **से एगं** = તે એક જાતના **वत्थं धारेज्जा** = વસ્ત્રને ધારણ કરે **णो बिइयं** = બે જાતના વસ્ત્રને ધારણ કરે નહિ **तहप्पगारेहिं वत्थेहिं** = તથાપ્રકારના વસ્ત્રો **असंविज्जमाणेहिं** = મળે નહિ અર્થાત્ આ પ્રમાણની પહોળાઈવાળા વસ્ત્રો મળે નહિ **अह पच्छा** = તો પછી **एगमेगं संसीवेज्जा** = એક વસ્ત્રને બીજા વસ્ત્ર સાથે સીવી લે.

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વી વસ્ત્રની ગવેષણા કરવાની અભિલાષા રાખતા હોય, ત્યારે વસ્ત્રના વિષયમાં જાણે કે (૧) જાંગમિક- ઘેટાં, ઊંટ આદિની ઊનથી બનેલા (૨) ભંગિક- વિકલેન્દ્રિય જીવોના શરીરથી બનેલા (૩) શણના બનેલા (૪) તાડપત્ર આદિથી બનેલા (૫) કપાસાદિથી બનેલા (૬) આકોલિયાના રૂથી બનેલા વસ્ત્રો છે, તો આ છ પ્રકારના વસ્ત્રને મુનિ ગ્રહણ કરે છે, પરંતુ જે સાધુ કે સાધ્વી તરુણ હોય, ત્રીજા કે ચોથા આરામાં જન્મેલા, બળવાન, રોગરહિત અને સ્થિર સંહનનવાળા હોય, તે ઉપરોક્ત વસ્ત્રોમાંથી કોઈ એક (પ્રકારના)વસ્ત્રને ધારણ કરે, તે સિવાય બીજા પ્રકારના વસ્ત્રને ધારણ કરે નહિ.

સાધ્વીઓ સંખ્યાની અપેક્ષાએ ચાર પછેડીઓ રાખી શકે છે. તેમાં એક પછેડી બે હાથ પહોળી, બે પછેડી ત્રણ હાથ પહોળી અને એક પછેડી ચાર હાથ પહોળી હોય છે. આ પ્રમાણની પહોળાઈના વસ્ત્રો ન મળે, ત્યારે પહોળાઈ વધારવા એક વસ્ત્રને બીજા વસ્ત્ર સાથે સીવી લે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ માટે ગ્રાહ્ય વસ્ત્રોના પ્રકાર અને ધારણ કરવાની મર્યાદાનું કથન છે. સામાન્ય રીતે સાધુ અત્યંત સાદા, અહિંસક અને અલ્પમૂલ્યવાન વસ્ત્રો ધારણ કરે છે. સૂત્રકારે પ્રસ્તુત પ્રસંગમાં

સાધુને ગ્રાહ્ય વસ્ત્રોની છ પ્રકારની જાતિનું કથન કર્યું છે. તેમાં લોક પ્રચલિત અનેક જાતિના વસ્ત્રોનો સમાવેશ થઈ જાય છે.

**(૧) जंगियं :–** જાંગમિક. **जङ्गमोष्ट्राद्यूर्णानिष्पन्नं** । જંગમ-હરતા-ફરતા ઊંટ, ઘેટા આદિ પંચેન્દ્રિય પશુઓના ઊન, રૂંવાટી કે ચર્મથી બનેલા અર્થાત્ ઊનના વસ્ત્રો તથા મૃગચર્મ વગેરે.

**(૨) भंगियं :– नानाभिङ्गकविकलेन्द्रियलालानिष्पन्नं** । વિવિધ વિકલેન્દ્રિય જીવોની લાળથી નિર્મિત તંતુઓથી બનેલા રેશમી આદિ વસ્ત્ર. શ્રી ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિજીએ ભંગિક શબ્દનો અર્થ વનસ્પતિજન્ય વસ્ત્ર કર્યો છે. **अत्तसीमयं** અર્થાત્ અતસી–અળસીની છાલથી બનેલા વસ્ત્ર.

**(૩) साणियं :–** સાનિક. **सणवल्कल निष्पन्नं** । શણ-કંતાન આદિથી બનેલા વસ્ત્રો.

**(૪) पोत्तगं :– ताड्यादिपत्रसंङ्घातनिष्पन्नं** । તાડપત્ર આદિ પત્રના રેશાથી બનેલા વસ્ત્રો.

**(૫) खोमियं :–** ક્ષૌમિક. **खोमियं ति कार्पासिकं** । કપાસ-રૂથી બનેલા સુતરાઉ વસ્ત્રો.

**(૬) तूलकडं :–** તૂલકૃત. **अक्कादितूलनिष्पन्नं** । આકોલિયાના રૂથી બનેલા વસ્ત્રો.

શ્રી ઠાણાંગ સૂત્રમાં સાધુને ગ્રાહ્ય પાંચ પ્રકારના વસ્ત્રોનું કથન છે. તેમાં ક્ષોમિક અને તૂલકૃતનું કથન નથી પરંતુ તેના સ્થાને **तिरिडपट्टए**– લોધ્રની છાલથી બનેલા વસ્ત્રોનું કથન છે. ત્યાં **पोत्तियं** શબ્દથી સૂતરાઉ વસ્ત્રોનું ગ્રહણ કર્યું છે.

સાધુ-સાધ્વી સૂત્રોક્ત છ પ્રકારના વસ્ત્રમાંથી કોઈ પણ પ્રકારના વસ્ત્ર ધારણ કરી શકે છે.

**एगं वत्थं धारेज्जा :–** એક જાતના વસ્ત્રને ધારણ કરે. પ્રસ્તુત સૂત્રમાં છ જાતિના વસ્ત્રનું કથન હોવાથી **एगं वत्थं** શબ્દ પ્રયોગમાં **एगं** શબ્દ જાતિનો વાચક બને છે કારણ કે પડિમાધારી, જિનકલ્પી સાધુ પણ સંખ્યાની અપેક્ષાએ ત્રણ-બે કે એક વસ્ત્ર ધારણ કરી શકે છે.

તરુણ, બલવાન, નિરોગી, દઢ સંઘયણવાળા સશક્ત સાધુ હોય, તે એક જાતના જ વસ્ત્ર ધારણ કરે છે. અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે વૃદ્ધ, રોગી આદિ સાધુ પોતાની આવશ્યકતા અનુસાર એકથી વધારે જાતના અર્થાત્ સુતરાઉ, ઊનના આદિ વસ્ત્રો એકી સાથે ધારણ કરી શકે છે અને સમર્થ સાધુ એક સુતરાઉ વસ્ત્ર જ રાખે છે.

સાધુ પોતાની કલ્પ મર્યાદાથી અલ્પ વસ્ત્ર રાખીને વસ્ત્ર-ઉણોદરી તપની આરાધના કરે છે, તેથી સશક્ત સાધુ ઓછામાં ઓછી ઉપધિને સ્વીકારે છે.

**સાધુની વસ્ત્રમર્યાદા :–** પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે ગણનાની અપેક્ષાએ સાધુની વસ્ત્ર મર્યાદાનું કથન કર્યું નથી, પરંતુ પ્રશ્નવ્યાકરણ સૂત્રાનુસાર સાધુ ત્રણ પછેડી રાખી શકે છે. આચારાંગ સૂત્ર અધ્યયન–૮ અનુસાર અભિગ્રહધારી સાધુ ત્રણ, બે અને એક પછેડી રાખવાનો અભિગ્રહ ધારણ કરી શકે છે. ત્યાર પછી તેમાંથી જે પછેડી જીર્ણ થઈ જાય તેને પરઠી દે, પરંતુ નવા વસ્ત્રની યાચના શેષ કાલમાં આઠ માસ સુધી કરે નહીં, તે અભિગ્રહના કારણે પછેડી વિના રહેવાનો પ્રસંગ આવે તો અચેલ પણ રહે. અંતે ચાતુર્માસ માટે વસ્ત્રોની યાચના કરે.

**સાધ્વીજીની વસ્ત્ર મર્યાદા :–** પ્રસ્તુત સૂત્રમાં બતાવ્યું છે કે સામાન્ય રીતે સાધ્વી ચાર પછેડી રાખે તેમાં બે હાથ પહોળી એક પછેડી ઉપાશ્રયમાં પહેરવા માટે, ત્રણ હાથ પહોળી બે પછેડી ગોચરી જાય ત્યારે

તથા સ્થંડિલ ભૂમિમાં પરઠવા આદિ કાર્ય માટે ઉપાશ્રયની બહાર જાય ત્યારે પહેરવા માટે અને ચાર હાથ પહોળી એક પછેડી સમવસરણ અર્થાત્ ધર્મસભામાં પહેરવા માટે છે. ધર્મસભામાં અનેક સ્ત્રી-પુરુષો આદિ આવ્યા હોય, ત્યારે સાધ્વી પોતાના શરીરના અંગોપાંગ વ્યવસ્થિત રીતે ઢંકાઈ જાય તે રીતે અત્યંત મર્યાદાપૂર્વક બેસે છે, તેને માટે ચાર હાથ પહોળી પછેડીનું વિધાન કરવામાં આવ્યું છે.

સામાન્ય રીતે અનુયોગ દ્વાર સૂત્રના આધારે ૨૪ અંગુલનો એક હાથ થાય છે, પરંતુ વસ્ત્રના માપમાં(ટબ્બા પ્રમાણે) ૨૮ અંગુલનો હાથ માપવામાં આવે છે, કારણ કે બૃહત્કલ્પ સૂત્રમાં સાધુના સંપૂર્ણ વસ્ત્રોને ત્રણ તાકા પ્રમાણ કહ્યા છે. તે તાકા ૨૮ હાથ લાંબા અને ૨૮ અંગુલ પહોળા માનવામાં આવ્યા છે. આ પ્રકારના માપથી સાધ્વીની પછેડી બે, ત્રણ અને ચાર હાથની પહોળી જાણવી. તે પછેડીઓની લંબાઈ શાસ્ત્રમાં કહી નથી, પરંતુ પહોળાઈ કરતાં લંબાઈ વધુ જ હોય તેથી પરંપરાએ ચાર હાથની પહોળી પછેડી પાંચ હાથ લાંબી હોય છે. તદનુસાર બે અને ત્રણ હાથ પહોળી પછેડી પણ આવશ્યકતાનુસાર પાંચ કે ચાર હાથ લાંબી કરી શકાય છે. અર્થાપત્તિથી સાધુ માટે પણ બહાર ગોચરી આદિ જવા યોગ્ય પછેડી ત્રણ હાથ પહોળી અને પાંચ હાથ લાંબી માનવામાં આવે છે. સાધુ પોતાની પરંપરા પ્રમાણે પછેડીનું માપ રાખે છે. સાધુ-સાધ્વીની ઉપધિ અને તેના માપ સંબંધી વિશેષ સ્પષ્ટતા નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૬માં છે.

**વસ્ત્રગ્રહણ કરવાની ક્ષેત્ર મર્યાદા :–**

**२ से भिक्खू वा भिक्खुणी वा परं अद्धजोयणमेराए वत्थपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીએ વસ્ત્રની યાચના માટે અર્ધાયોજન–બે ગાઉથી દૂર જવું જોઈએ નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વસ્ત્રની યાચના માટે ક્ષેત્ર મર્યાદા બતાવી છે. સાધુ પોતાના સાધર્મી સાધુઓ સાથે જ્યાં રહે છે, તે સ્થાનથી બે ગાઉ સુધીના ક્ષેત્રમાં વસ્ત્રની યાચના કરે. શ્રી ભગવતી સૂત્ર તથા બૃહદ્કલ્પ સૂત્રમાં સાધુ-સાધ્વીને આહાર-પાણીની ગવેષણા માટે બે ગાઉની ક્ષેત્ર મર્યાદાનું કથન છે. અહીં વસ્ત્રની યાચના માટે પણ બે ગાઉની ક્ષેત્ર મર્યાદામાં જવાનું વિધાન છે. આ રીતે સાધુ આહાર, વસ્ત્ર, પાત્ર આદિ કોઈ પણ આવશ્યક ઉપકરણની યાચના માટે બે ગાઉ પર્યંતના ક્ષેત્રમાં જઈ શકે છે. આ પ્રકારની ક્ષેત્ર મર્યાદાથી સાધુને વૃત્તિસંક્ષેપ નામના તપનો લાભ મળે છે. દૂરના ક્ષેત્રમાં જવાથી સાધુની સ્વાધ્યાય-ધ્યાનાદિ દિનચર્યામાં વિક્ષેપ થાય, પાછા વળવામાં મોડું થઈ જાય તો જલદી-જલદી ચાલવાથી સંયમ વિરાધના થાય, રાત્રિ કાળ થઈ જાય તો રાત્રિમાં ગમનાગમન સંબંધી વિરાધના થાય, આવા અનેકાનેક દોષોની સંભાવના હોવાથી સાધુ બે ગાઉ ઉપરાંતના ક્ષેત્રમાં વસ્ત્રાદિની યાચના માટે જાય નહીં. સાધુને જો દૂરના ક્ષેત્રમાં મળતા વસ્ત્રોની આવશ્યકતા હોય તો વિહાર કરીને તે ગામમાં જાય ત્યારે ત્યાંથી તે વસ્ત્રની ગવેષણા કરી શકે છે.

**ઔદ્દેશિક આદિ દોષયુક્ત વસ્ત્રૈષણાનો નિષેધ :–**

**३ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण वत्थं जाणेज्जा– अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं, एवं जहा पिंडेसणाए भाणियव्वं, एवं बहवे साहम्मिया, एगं साहम्मिणिं, बहवे साहम्मिणीओ, बहवे समण-माहण पगणिय-**

**पगणिय, बहवे समण-माहण समुद्दिस्स तहेव पुरिसंतरकडं वा** *जाव* **आसेवियं वा फासुयं** *जाव* **पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી વસ્ત્રના વિષયમાં જાણે કે કોઈ ભાવિક ગૃહસ્થે સાધુને આપવાની પ્રતિજ્ઞાથી કોઈ એક સાધુના લક્ષ્યે પ્રાણી, ભૂત, જીવ, સત્વોની હિંસા કરીને વસ્ત્ર તૈયાર કર્યા છે, તો તે વસ્ત્રને ગ્રહણ કરે નહિ. તે જ રીતે પિંડૈષણા અધ્યયનની જેમ અનેક સાધુ, એક સાધ્વી, અનેક સાધ્વીઓના ઉદ્દેશથી, તેમજ અનેક શ્રમણ-બ્રાહ્મણ આદિની ગણના કરીને તથા અનેક શ્રમણાદિના સામાન્ય ઉદ્દેશથી બનાવેલા વસ્ત્ર સંબંધી કથન પિંડૈષણાની જેમ જાણવું ***યાવત્*** સમુચ્ચય રીતે શ્રમણ, બ્રાહ્મણો માટે વસ્ત્ર તૈયાર કર્યું હોય અને તે પુરુષાંતરકૃત હોય, તો તેને સાધુ ગ્રહણ કરી શકે છે. આ સર્વ વિષયનું કથન પિંડૈષણાની જેમ સમજવું જોઈએ.

**૪ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण वत्थं जाणेज्जा– असंजए भिक्खुपडियाए कीयं वा धोयं वा रत्तं वा घट्ठं वा मट्ठं वा संमट्ठं वा संपधूवियं वा, तहप्पगारं वत्थं अपुरिसंतरकडं** *जाव* **णो पडिगाहेज्जा । अह पुण एवं जाणेज्जा पुरिसंतरकडं** *जाव* **पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **घट्ठं** = ઘસેલા **मट्ठं** = મસળેલા **संपधूवियं** = ધૂપથી સુવાસિત કરેલ.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી વસ્ત્રના વિષયમાં જાણે કે ગૃહસ્થે સાધુ માટે વસ્ત્ર ખરીદ્યા છે, ધોયા છે, ગળી વગેરેથી રંગ્યા છે, ઘસીને સાફ કર્યા છે, મુલાયમ બનાવ્યા છે, વિશેષ મુલાયમ કર્યા છે, ધૂપ, અત્તરાદિથી સુવાસિત કરેલા છે, આ પ્રકારના વસ્ત્ર જો અપુરુષાંતરકૃત ***યાવત્*** આસેવિત ન હોય, તો તેવા વસ્ત્રને સાધુ અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ. જો સાધુ કે સાધ્વી જાણે કે આ વસ્ત્ર પુરુષાંતરકૃત ***યાવત્*** આસેવિત છે, તો તેને પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આધાકર્મી આદિ કેટલાક ઉદ્‌ગમના દોષોયુક્ત વસ્ત્ર ગ્રહણનો નિષેધ કર્યો છે.

જે રીતે સાધુ-સાધ્વીને માટે આહાર-પાણીના વિષયમાં ઔદ્દેશિક આદિ દોષોથી રહિત આહાર ગ્રહણનું કથન છે, તે જ રીતે વસ્ત્રની ગવેષણામાં પણ સાધુ-સાધ્વી ઔદ્દેશિક આદિ દોષોથી રહિત વસ્ત્રોને જ ગ્રહણ કરે છે.

એક કે અનેક સાધુ-સાધ્વીના ઉદ્દેશથી આરંભ-સમારંભ કરીને તૈયાર કરેલું વસ્ત્ર પુરુષાંતરકૃત હોય કે અપુરુષાન્તરકૃત હોય, તે સાધુ માટે કલ્પનીય નથી.

સાધુના નિમિત્તે વસ્ત્ર વેચાતા લીધા હોય, ધોયા હોય, ગળી વગેરેથી રંગ્યા હોય, સુગંધી દ્રવ્યોથી સુવાસિત કર્યા હોય, મુલાયમ બનાવ્યા હોય વગેરે કોઈ પણ પ્રકારે વસ્ત્રને સંસ્કારિત કર્યા હોય, તો તે પણ સાધુને કલ્પનીય નથી, પરંતુ તે વસ્ત્ર પુરુષાંતરકૃત થઈ જાય અર્થાત્ બીજાને આપી દેવામાં આવે અને તે વ્યક્તિ તેનો સ્વીકાર કરી લે, વાપરી લે, ત્યારપછી તે વસ્ત્ર સાધુને માટે કલ્પનીય બને છે.

**બહુમૂલ્યવાન વસ્ત્રનો નિષેધ :–**

**૫ से भिक्खू वा भिक्खुणी वा से जाइं पुण वत्थाइं जाणेज्जा– विरूवरूवाइं**

**महद्धणमोल्लाइं, तं जहा– आजिणगाणि वा सहिणाणि वा सहिणकल्लाणाणि वा आयकाणि वा कायकाणि वा खोमयाणि वा दुगुल्लाणि वा पट्टाणि वा मलयाणि वा पत्तुण्णाणि वा अंसुयाणि वा चीणंसुयाणि वा देसरागाणि वा अमिलाणि वा गज्जलाणि वा फालियाणि वा कोयवाणि वा कंबलगाणि वा पावाराणि वा, अण्णयराणि वा तहप्पगाराइं वत्थाइं महद्धणमोल्लाइं लाभे संते णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–महद्धणमोल्लाइं** = અતિ કીમતી વસ્ત્ર **आजिणगाणि** = ચર્મથી બનેલા વસ્ત્ર **सहिणाणि** = સુંવાળા–બારીક વસ્ત્ર **सहिणकल्लाणाणि** = બારીક અને કલ્યાણકારી **आयकाणि** = આજક– બકરીની કોમળ રૂંવાટીમાંથી બનેલા વસ્ત્ર **कायकाणि** = ઈન્દ્રનીલ વર્ણના કપાસમાંથી બનેલા **खोमयाणि** = સામાન્ય કપાસમાંથી બનેલા **दुगुल्लाणि** = ગૌડ દેશના કપાસમાંથી બનેલા વસ્ત્ર **पट्टाणि** = રેશમથી બનેલા **मलयाणि** = મલયદેશના સુતરમાંથી બનેલા વસ્ત્ર **पत्तुण्णाणि** = વલ્કલના તંતુઓમાંથી બનેલા **अंसुयाणि** = અંશુક–દેશ વિશેષમાં ઉત્પન્ન થનાર કીમતી વસ્ત્ર **चीणंसुयाणि** = ચીન દેશમાં બનેલ રેશમી વસ્ત્ર **देसरागाणि** = વિવિધ દેશોમાં બનેલા–રંગેલા વિશિષ્ટ વસ્ત્ર **अमिलाणि** = આમિલ નામના દેશના કપાસમાંથી બનેલા વસ્ત્ર **गज्जलाणि** = ગજફૂલ નામના દેશના વિશિષ્ટ વસ્ત્ર(ગજજલ વસ્ત્ર) **फालियाणि** = ફાલિક દેશના ફાલિક વસ્ત્ર(સ્ફટિક જેવા સ્વચ્છ) **कोयवाणि** = કોયવ દેશના કોયવ વસ્ત્ર **कंबलगाणि** = રત્નકંબલ **पावाराणि** = કાંબળી વિશેષ.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી મહામૂલ્યવાન વિવિધ પ્રકારના કીમતી વસ્ત્રોના વિષયમાં જાણે કે ચર્મથી બનેલા વસ્ત્રો, સુંવાળા બારીક વસ્ત્રો, સૂક્ષ્મ અને માંગલિક ચિહ્નોથી યુક્ત કલ્યાણકારી વસ્ત્રો, બકરીના રોમરાયથી બનેલા વસ્ત્રો, ઈન્દ્રનીલ વર્ણના કપાસમાંથી બનેલા વસ્ત્રો, સામાન્ય કપાસમાંથી બનેલા વસ્ત્રો, ગૌડ દેશના કપાસમાંથી બનેલા વસ્ત્રો, રેશમથી બનેલા વસ્ત્રો, મલય દેશના સુતરમાંથી બનેલા વસ્ત્રો, વલ્કલ તંતુઓથી બનેલા વસ્ત્રો, અંશુક દેશ વિશેષમાં બનેલા કીમતી વસ્ત્રો, ચીન દેશમાં બનેલા રેશમી વસ્ત્રો, વિવિધ દેશમાં બનેલા વિશિષ્ટ વસ્ત્રો, આમિલ દેશના કપાસમાંથી બનેલા વસ્ત્રો, ગજફૂલ નામના દેશના વિશિષ્ટ વસ્ત્ર, ફાલિક દેશના સ્ફટિક જેવા સ્વચ્છ ફાલિક વસ્ત્ર, કોયવ વસ્ત્ર, રત્નકંબલ તથા કંબલ વગેરે તથા આ પ્રકારના અન્ય બહુ મૂલ્યવાન વસ્ત્રો પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહીં.

**६ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण आईणपाउरणाणि वत्थाणि जाणेज्जा, तं जहा– उद्दाणि वा पेसाणि वा पेसलेसाणि वा किण्हमिगाईणगाणि वा णीलमिगाईणगाणि वा गोरमिगाईणगाणि वा कणगाणि वा कणगकंताणि वा कणगपट्टाणि वा कणगखइयाणि वा कणगफुसियाणि वा वग्घाणि वा विवग्घाणि वा आभरणाणि वा आभरणविचित्ताणि वा अण्णयराणि वा तहप्पगाराइं आईणपाउरणाणि वत्थाणि लाभे संते णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **आईणपाउरणाणि वत्थाणि** = ચર્મમાંથી બનાવેલા ઓઢવાના વસ્ત્રો **उद्दाणि** = સિંધુ દેશમાં ઉદ્રજાતના મત્સ્યના ચર્મમાંથી બનેલા**पेसाणि** = સિંધુ દેશમાં પાતળી ચામડીવાળા પશુઓના

ચર્મથી બનેલા **पेसलेसाणि** = પશુઓના ચર્મ ઉપરની રૂંવાટીમાંથી બનેલા **किण्हमिगाईणगाणि** = કાળા હરણના ચર્મથી બનેલા **णीलमिगाईणगाणि** = નીલ હરણના ચર્મથી નિષ્પન્ન **गोरमिगाईणगाणि** = સફેદ મૃગચર્મથી બનેલા **कणगाणि** = સોનાના તારથી બનેલા **कणगकंताणि** = સોના જેવી કાંતિવાળા **कणगपट्टाणि** = સોનાના પટ્ટાથી બનાવેલા **कणगखइयाणि** = સુવર્ણ તારથી નિર્મિત **कणगफुसियाणि** = સોના–જરીથી બુટ્ટા ભરેલા **वग्घाणि** = વાઘના ચામડા **विवग्घाणि** = અનેક પ્રકારના વાઘના ચામડાથી બનેલા **आभरणाणि** = આભૂષણોથી જડેલા **आभरणविचित्ताणि** = ચિત્ર-વિચિત્ર આભૂષણોથી વિભૂષિત.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી ચર્મ તેમજ રોમથી બનેલા વસ્ત્રોના વિષયમાં જાણે કે ઉદ્રવ– સિંધુદેશના મત્સ્યના ચર્મ અને રૂંવાટીથી બનેલા, પેષ– સિંધુ દેશના પાતળી ચામડીવાળા પશુઓના ચર્મથી બનેલા, પેષલેશ–તે જ ચામડી ઉપર રહેલી સૂક્ષ્મ રૂંવાટીમાંથી બનાવેલા તેમજ કાળા, નીલા(લીલા), સફેદ મૃગલાઓના ચર્મમાંથી બનેલા, સુવર્ણ ખચિત, સુવર્ણ જેવી કાંતિવાળા, સુવર્ણના રસથી બનાવેલા, સુવર્ણના તારથી બનાવેલા, સોનાના પટ્ટાથી કે જરીથી ભરેલા બુટ્ટાવાળા, વસ્ત્ર વાઘના ચર્મથી બનાવેલા વિવિધ પ્રકારના વસ્ત્ર, વરુના ચર્મમાંથી બનાવેલા, ચમકદાર આભરણોથી જડેલા, વિભૂષિત કરેલા તેમજ અન્ય પ્રકારના ચર્મથી બનેલા વસ્ત્રો પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને બહુ મૂલ્યવાન વસ્ત્ર તથા ચર્મ નિર્મિત વસ્ત્ર ધારણ કરવાનો નિષેધ કર્યો છે.

સાધુ કે સાધ્વીને પોતાની આવશ્યકતાની પૂર્તિ સંયમભાવે, નિર્દોષપણે યાચનાપૂર્વક કરવાની હોય છે. સાધુ-સાધ્વી ગૃહસ્થોને ત્યાંથી સહજ રીતે પ્રાપ્ત થઈ શકે તેવા સાદા વસ્ત્ર, ગ્રહણ કરે છે. બહુમૂલ્યવાન વસ્ત્રો કે સુસજ્જિત વસ્ત્રો ધારણ કરવામાં અનેક દોષોની સંભાવના છે, જેમ કે– (૧) સાધુના અંતરમાં કીમતી વસ્ત્રો પ્રતિ મમત્વ ભાવ જાગૃત થાય (૨) મૂલ્યવાન વસ્તુના કારણે સાધુને ચોર-લૂંટારાનો ભય રહે (૩) તે મહારંભજન્ય હોય (૪) સાધુ વારંવાર મૂલ્યવાન વસ્ત્રોની જ યાચના કરે, તેવા વસ્ત્રો સર્વત્ર સુલભ ન હોવાથી ગૃહસ્થો સાધુ માટે પંચેન્દ્રિયાદિ જીવોનો ઘાત કરીને વસ્ત્રો તૈયાર કરાવે (૫) મૂલ્યવાન વસ્ત્રો સહજ રીતે પ્રાપ્ત ન થવાથી સાધુને માટે ખરીદીને લાવે (૬) ક્યારેક ધનવાન ગૃહસ્થો પાસે બહુમૂલ્યવાન વસ્ત્રો હોય, તે વસ્ત્રો સાધુને વહોરાવવાની ઇચ્છા ન હોય તો સાધુ તેને હેરાન કરે (૭) અત્યંત મુલાયમ, બારીક, કોમળ વસ્ત્રોથી સાધુનું જીવન સુકુમાર બની જાય છે. (૮) બહુ મૂલ્યવાન વસ્ત્રની આસક્તિથી એષણા સમિતિનું યથાર્થ પાલન થતું નથી. (૯) મૃગચર્મ આદિ વસ્ત્રો હિંસાજન્ય, ઘૃણાજનક, અપવિત્ર અને અમંગલ છે.

આ રીતે બહુમૂલ્યવાન વસ્ત્રોના ગ્રહણ કે ધારણમાં ઉપરોક્ત અનેક દોષોની સંભાવના હોવાથી સૂત્રકારે તેને સાધુ માટે અગ્રાહ્ય કહ્યા છે.

**महद्धणमुल्लाइं :–** મહામૂલ્યવાન. અભયદેવ સૂરિએ મહામૂલ્યના વિષયમાં કહ્યું છે કે– પાટલીપુત્રની ચલણ મુદ્રા પ્રમાણે જે વસ્ત્રનું મૂલ્ય અઢાર મુદ્રાથી લઈને એક લાખ મુદ્રા સુધીનું હોય, તે સર્વ વસ્ત્રો મહામૂલ્યવાન વસ્ત્ર છે.

**अण्णयराणि वा तहप्पगाराइं :–** અન્ય પણ તેવા પ્રકારના વસ્ત્રો. કીમતી તેમજ ચર્મ નિર્મિત

વસ્ત્રોના કેટલાક નામો અહીં શાસ્ત્રકારે બતાવ્યા છે. તે સિવાય પ્રત્યેક યુગમાં કીમતી, સૂક્ષ્મ, ચર્મ તેમજ રોમથી બનાવેલા દુર્લભ તથા મહાઆરંભથી ઉત્પન્ન થયેલા વસ્ત્રો હોય, તે સાધુએ ગ્રહણ કરવા જોઈએ નહિ.

આચારાંગ ચૂર્ણિ, નિશીથ ચૂર્ણિ આદિમાં કેટલાક પદોના વિશિષ્ટ અર્થ આપ્યા છે, યથા– **कायाणि**– કાકમણિ રંજિત વસ્ત્રોને કાકવસ્ત્ર કહે છે. **खोमयाणि**– ક્ષોમ એટલે પૌંડ–પુષ્પમય વસ્ત્ર અથવા જેમ વડની શાખાઓ નીકળે છે તેમ વૃક્ષોના લાંબા લાંબા રેશા નીકળે છે તેમાંથી બનેલા વસ્ત્ર. **दुगुल्लाणि**– દુકૂલ એક વૃક્ષનું નામ છે, તેની છાલને કૂટવામાં આવે છે. જ્યારે તે ભૂસા જેવી થઈ જાય છે ત્યારે પાણીમાં પલાળી તેના રેશા બનાવી વસ્ત્ર બનાવવામાં આવે છે. તે દુકૂલ વસ્ત્ર કહેવાય છે. **पट्टाणि**– તિરીડ વૃક્ષની છાલના તંતુ પટ્ટ સમાન હોય છે. તેનાથી બનેલા વસ્ત્ર તિરીડપટ્ટ વસ્ત્ર અથવા રેશમના કીડાના મુખમાંથી નીકળતા તારમાંથી બનેલા વસ્ત્ર. **मलयाणि**– મલયદેશ-મૈસૂર આદિમાં ચંદનના પાનોને સડાવી તેના રેશાઓમાંથી વસ્ત્ર બનાવે છે, તે મલય વસ્ત્ર કહેવાય છે, **पत्तुण्णाणि**– વલ્કલથી બનેલા બારીક વસ્ત્રો. **देसरागाणि**– જે દેશમાં રંગવાની જે વિધિ છે, તે દેશમાં તે રંગથી રંગેલા વસ્ત્ર, **गज्जलाणि**– જેને પહેરવાથી વીજળી જેવો કડ-કડ અવાજ થાય તે ગજ્જલ વસ્ત્ર. **कणगाणि**– સોનાને ઓગાળીને તેમાંથી સૂતરને રંગાય છે અને વસ્ત્ર બનાવાય છે. **कणगकंताणि**– સોનાની કિનારીવાળા વસ્ત્ર. **विवग्घाणि**– ચિત્તાનું ચામડું કે વરુનું ચામડું. **कोयवाणि**– કૌતપ-કાંબળી. ઈરાન કે પારસ દેશના બનેલા ગાલીચા તથા વસ્ત્રો બહુ કીમતી હોય છે તેમજ તેમાં વચ્ચે વચ્ચે છિદ્ર કે પોલાણ હોય છે. તેમાં સૂક્ષ્મ જીવો બેસી જાય છે. તેનું પ્રતિલેખન કરવું મુશ્કેલ થાય, આ સર્વ દોષોના કારણે સાધુને માટે આવા વસ્ત્રો અગ્રાહ્ય છે.

**વસ્ત્રૈષણાની ચાર પ્રતિમાઓ :–**

**૭ इच्चेयाइं आयतणाइं उवाइकम्म । अह भिक्खू जाणेज्जा चउहिं पडिमाहिं वत्थं एसित्तए ।**

**तत्थ खलु इमा पढमा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा उद्दिसिय-उद्दिसिय वत्थं जाएज्जा, तं जहा– जंगियं वा भंगियं वा साणयं वा पोत्तगं वा खोमियं वा तूलकडं वा, तहप्पगारं वत्थं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं एसणिज्जं लाभे संते पडिगाहेज्जा । पढमा पडिमा ।**

**ભાવાર્થ :–** વસ્ત્રૈષણાના પૂર્વોક્ત દોષોના સ્થાનોને છોડીને સંયમશીલ સાધુ કે સાધ્વી આ ચાર પ્રતિમાઓથી અર્થાત્ અભિગ્રહોથી વસ્ત્રની ગવેષણા કરે.

પ્રથમ પ્રતિમા– સાધુ કે સાધ્વી મનમાં સંકલ્પ કરેલા વસ્ત્રની યાચના કરે, જેમ કે– જાંગમિક, ભાંગિક, સાનજ, પોતજ, ક્ષૌમિક કે તૂલકૃત. આ વસ્ત્રોમાંથી એક પ્રકારના વસ્ત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે અને જો તે પ્રાસુક અને એષણીય હોય તો ગ્રહણ કરે. આ પ્રથમ**(ઉદ્દિષ્ટ)** પ્રતિમા છે.

**૮ अहावरा दोच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा पेहाए वत्थं जाएज्जा, तं जहा– गाहावई वा *जाव* कम्मकरी वा, से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भइणी! ति वा दाहिसि मे एत्तो अण्णयरं वत्थं ? तहप्पगारं**

**वत्थं सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं एसणिज्जं लाभे संते पडिगाहेज्जा । दोच्चा पडिमा ।**

**ભાવાર્થ :–** બીજી પ્રતિમા– સાધુ કે સાધ્વી સામે દેખાતા વસ્ત્રની યાચના કરે, જેમ કે– ગૃહસ્થ ***યાવત્*** નોકરાણીઓ આદિ પાસે વસ્ત્રની યાચના કરતા કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે બહેન ! તમે મને આ સામે દેખાતા વસ્ત્રોમાંથી કોઈ એક વસ્ત્ર આપશો ? આ પ્રમાણે સાધુ કે સાધ્વી સામે દેખાતા વસ્ત્રોમાંથી સ્વયં યાચના કરે અથવા યાચના કર્યા વિના ગૃહસ્થ સ્વતઃ આપે, તો તે પ્રાસુક તેમજ એષણીય હોય તો તેને ગ્રહણ કરે. આ બીજી**(પ્રેક્ષિત)** પ્રતિમા છે.

**९ अहावरा तच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा से जं पुण वत्थं जाएज्जा, तं जहा– अंतरिज्जगं वा उत्तरिज्जगं वा, तहप्पगारं वत्थं सयं वा जाएज्जा** *जाव* **पडिगाहेज्जा । तच्चा पडिमा ।**

**ભાવાર્થ :–** ત્રીજી પ્રતિમા– સાધુ કે સાધ્વી ગૃહસ્થના વાપરેલાં-પહેરેલાં વસ્ત્રની યાચના કરે, જેમ કે– અન્તરીય(અધો) વસ્ત્ર કે ઉત્તરીય(ઉપરનું) વસ્ત્ર, આ પ્રકારના વસ્ત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વતઃ આપે, તે પ્રાસુક તેમજ એષણીય હોય તો ગ્રહણ કરે. આ ત્રીજી**(પરિભુક્તપૂર્વા)** પ્રતિમા છે.

**१० अहावरा चउत्था पडिमा– से भिक्खू वा भिक्खुणी वा उज्झियधम्मियं वत्थं जाएज्जा– जं च अण्णे बहवे समण-माहण-अतिहि-किवण-वणीमगा णावकंखंति, तहप्पगारं उज्झियधम्मियं वत्थं सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं** *जाव* **पडिगाहेज्जा । चउत्था पडिमा ।**

**इच्चेयाणं चउण्हं पडिमाणं जहा पिंडेसणाए ।**

**ભાવાર્થ :–** ચોથી પ્રતિમા– સાધુ કે સાધ્વી ગૃહસ્થને નકામા હોય, તેવા ફેંકી દેવા યોગ્ય વસ્ત્રની યાચના કરે, જેમ કે– જે વસ્ત્રને ઘણા શ્રમણ-બ્રાહ્મણાદિ ***યાવત્*** ભિખારીઓ લેવા ઈચ્છે નહિ તેવા ફેંકી દેવા યોગ્ય અર્થાત્ સર્વજનને અમનોજ્ઞ એવા વસ્ત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વતઃ એવા વસ્ત્ર સાધુને આપે, તો તે વસ્ત્ર પ્રાસુક અને એષણીય હોય, તો સાધુ ગ્રહણ કરે. આ ચોથી **(ઉજ્ઝિતધર્મા)** પ્રતિમા છે.

આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ પણ પ્રતિમાને ધારણ કરનારા શ્રમણો અન્ય પ્રતિમાઓ ધારણ કરનારા શ્રમણો પ્રતિ તુચ્છ ભાવ રાખે નહીં, ઉદાર ભાવ રાખે. આ સર્વ વર્ણન પિંડૈષણા અધ્યયન અનુસાર જાણી લેવું જોઈએ.

**વિવેચન :–**

પિંડૈષણા અધ્યયનની જેમ અહીં વસ્ત્રૈષણા સંબંધી ચાર પ્રતિમાઓનું કથન છે, તેના નામ આ પ્રમાણે છે– (૧) ઉદ્દિષ્ટ (૨) પ્રેક્ષિત (૩) પરિભુક્તપૂર્વા અને (૪) ઉજ્ઝિતધર્મા.

સાધુ જે પ્રકારની પ્રતિજ્ઞા કરે, તે પ્રતિજ્ઞા અનુસાર વસ્ત્ર મળે તો જ ગ્રહણ કરે, અન્યથા ગ્રહણ કરે નહિ, પરંતુ વસ્ત્રની ઊણોદરી કરે.

આ પ્રકારની પ્રતિજ્ઞા કરનાર સાધક અહંકાર કરે નહિ. વસ્ત્રૈષણાની કોઈ પણ પડિમાધારક સાધક પોતાની જાતને શ્રેષ્ઠ અને બીજા સાધુઓને કનીષ્ઠ માને નહિ. તે સર્વ પ્રકારની પડિમા ધારક સાધુઓને જિનાજ્ઞાનુવર્તી માને તેમજ દરેક પોત-પોતાની ક્ષમતા અને સમાધિ ભાવ અનુસાર વિચરણ કરે છે, તેમ સ્વીકારીને પોતે સમભાવમાં સ્થિર રહે.

**અનૈષણીય વસ્ત્રગ્રહણનો નિષેધ :–**

**११ सिया णं एयाए एसणाए एसमाणं परो वएज्जा– आउसंतो समणा ! एज्जाहि तुमं मासेण वा दसराएण वा पंचराएण वा सुए वा सुयतरे वा, तो ते वयं आउसो ! अण्णयरं वत्थं दाहामो । एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भगिणी ! ति वा णो खलु मे कप्पइ एयप्पगारे संगारवयणे पडिसुणित्तए, अभिकंखसि मे दाउं इयाणिमेव दलयाहि।**

**શબ્દાર્થ :–** **सुए वा सुयतरे** = કાલે કે પરમ દિવસે **संगार वयणे** = પ્રતિજ્ઞા વચન, સંકેત વચન **पडिसुणित्तए** = સાંભળવું **इयाणिमेव दलयाहि** = આ સમયે જ આપી દ્યો.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત વસ્ત્રૈષણાથી વસ્ત્રની ગવેષણા કરનાર સાધુને કદાચિત્ કોઈ ગૃહસ્થ કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! તમે એક મહિના કે દશ રાત્રિ કે પાંચ રાત્રિ પછી અથવા કાલે કે પરમદિવસે પધારજો, ત્યારે અમો તમોને વસ્ત્ર આપશું. આ પ્રકારના વચન સાંભળીને હૃદયમાં ધારણ કરીને સાધુ પહેલાં જ જોઈને વિચાર કરીને કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે બહેન ! અમોને આ પ્રકારના મુદતવાળા વચનનો સ્વીકાર કરવો કલ્પનીય નથી. જો આપને વસ્ત્ર આપવાની ઈચ્છા હોય તો હમણા જ આપો.

**१२ से सेवं वयंतं परो वएज्जा– आउसंतो समणा ! अणुगच्छाहि, तो ते वयं अण्णयरं वत्थं दाहामो । से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा, भइणी ! ति वा, णो खलु मे कप्पइ एयप्पगारे संगारवयणे पडिसुणित्तए, अभिकंखसि मे दाउं, इयाणिमेव दलयाहि ।**

**શબ્દાર્થ :–** **अणुगच्छाहि** = અત્યારે તમે જાઓ, થોડીકવાર પછી આવો.

**ભાવાર્થ :–** આ પ્રમાણે સાધુ કહે છતાં પણ ગૃહસ્થ એમ કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! હમણા તમે જાવ, થોડીવાર પછી તમે આવજો, અમે તમોને આપશું. ત્યારે સાધુ પહેલાં જ મનમાં વિચાર કરીને તે ગૃહસ્થને કહે કે હે આયુષ્યમાન ભાઈ કે બહેન ! અમોને આ પ્રકારનું સંકેત વચન(વાયદા) પણ કલ્પનીય નથી. જો તમે મને આપવા ઈચ્છતા હો તો અત્યારે જ આપો.

**१३ से सेवं वयंतं परो णेत्ता वएज्जा– आउसो ! ति वा, भगिणी ! ति वा, आहरेयं वत्थं समणस्स दाहामोक । अवियाइं वयं पच्छा वि अप्पणो सयट्ठाए पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारंभ समुद्दिस्स वत्थं चेएस्सामो । एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म तहप्पगारं वत्थं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ આ પ્રમાણે કહે, ત્યારે તે ગૃહસ્થ પોતાના ઘરના કોઈ સદસ્યને બોલાવીને કહે કે હે

આયુષ્યમાન ભાઈ કે બહેન ! તે વસ્ત્ર લાવો, આપણે તે શ્રમણને આપીએ, આપણા માટે પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોનો સમારંભ કરીને બીજું વસ્ત્ર બનાવી લેશું. આ પ્રકારના શબ્દોને સાંભળીને, તેના પર વિચાર કરીને તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ.

**१४ सिया णं परो णेत्ता वएज्जा– आउसो ! ति वा, भइणी ! ति वा, आहरेयं वत्थं सिणाणेण वा** *जाव* **आघंसित्ता वा पघंसित्ता वा समणस्स णं दासामो। एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा भइणी ! ति वा मा एयं तुमं वत्थं सिणाणेण वा** *जाव* **आघंसाहि पघंसाहि वा अभिकंखसि मे दाउं एमेव दलयाहि । से सेवं वयंतस्स परो सिणाणेण वा** *जाव* **आघंसित्ता पघंसित्ता वा दलएज्जा । तहप्पगारं वत्थं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **परो णेत्ता वएज्जा** = અન્ય ગૃહમાલિક કહે કે **एयं वत्थं आहर** = આ વસ્ત્ર લાવો **सिणाणेण** = સ્નાનાદિમાં વપરાતા સુગંધિ દ્રવ્યોથી **आघंसित्ता वा पघंसित्ता** = સુગંધિત કરીને કે વારંવાર સુગંધિત કરીને.

**ભાવાર્થ :–** ક્યારેક ગૃહમાલિક ઘરના કોઈ સભ્યને એ પ્રમાણે કહે કે– હે આયુષ્યમાન ભાઈ અથવા બહેન ! તે વસ્ત્ર લાવો અને આપણે તે વસ્ત્રને સ્નાનાદિના સુગંધિત દ્રવ્યોથી એકવાર કે વારંવાર ઘસીને (સુગંધિત દ્રવ્યો છાંટીને) સુગંધિત કરીને સાધુને આપીએ. આ પ્રકારના વચન સાંભળીને તેમજ તેના પર વિચાર કરીને સાધુ પહેલાં જ કહી દે– હે આયુષ્યમાન ગૃહસ્થ ! હે આયુષ્યમતી બહેન ! તમે આ વસ્ત્રને સ્નાનાદિના સુગંધિત પદાર્થોથી એકવાર કે વારંવાર ઘસો નહિ ***યાવત્*** સુગંધિત પદાર્થો છાંટશો નહિ. જો તમે મને આ વસ્ત્ર આપવા ઈચ્છતા હો તો એમ જ આપો. આમ કહેવા છતાં પણ જો તે ગૃહસ્થ સ્નાનના સુગંધિત દ્રવ્યોથી એકવાર કે વારંવાર ઘસીને ***યાવત્*** સુગંધિત પદાર્થો છાંટીને આપે તો તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ સાધુ ગ્રહણ કરે નહિ.

**१५ से णं परो णेत्ता वएज्जा– आउसो ! ति वा, भइणी ! ति वा, आहरेयं वत्थं सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेत्ता वा पधोवेत्ता वा समणस्स णं दाहामो । एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वामेव आलोएज्जा– आउसो ! त्ति वा भइणि ! त्ति वा एयं तुमं वत्थं सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेहि वा पधोवेहि वा । अभिकंखसि मे दाउं; सेसं तहेव** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** ક્યારેક ગૃહસ્થ ઘરના કોઈ પણ સદસ્યને કહે કે હે આયુષ્યમાન ભાઈ કે બહેન ! તે વસ્ત્રને લાવો, તેને ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધોઈને શ્રમણને આપીએ. આ પ્રકારની વાત સાંભળીને તેમજ તેના પર વિચાર કરીને સાધુ પહેલાં જ દાતાને કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે બહેન ! આ વસ્ત્રને તમે ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધુઓ નહિ. જો તમે મને આ વસ્ત્ર આપવા ઈચ્છતા હો, તો એમ જ આપો. આ પ્રમાણે કહેવા છતાં પણ જો તે ગૃહસ્થ તે વસ્ત્રને ઠંડા કે ગરમ

પાણીથી એકવાર કે વારંવાર ધોઈને સાધુને આપે, તો તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ સાધુ ગ્રહણ કરે નહિ.

**१६ से णं परो णेत्ता वएज्जा– आउसो! त्ति वा भइणी ! त्ति वा आहरेयं वत्थं कंदाणि वा** *जाव* **हरियाणि वा विसोहेत्ता समणस्स णं दाहामो ।एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वामेव आलोएज्जा आउसो ! त्ति वा भइणी ! ति वा मा एयाणि तुमं कंदाणि वा** *जाव* **विसोहेहि, णो खलु मे कप्पइ एयप्पगारे वत्थे पडिगाहित्तए ।**

**ભાવાર્થ :–** જો તે ગૃહસ્થ પોતાના ઘરની કોઈ વ્યક્તિને કહે કે– હે આયુષ્યમાન ભાઈ કે બહેન ! તે વસ્ત્ર લાવો, તેમાંથી કંદ ***યાવત્*** લીલોતરી કાઢીને(વિશુદ્ધ કરીને) સાધુને આપીએ. આ પ્રકારની વાત સાંભળીને તેના પર વિચાર કરીને સાધુ પહેલાં જ દાતાને કહે કે– હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે બહેન ! આ વસ્ત્રમાંથી કંદ ***યાવત્*** લીલોતરી કાઢો નહિ(શુદ્ધ કરો નહિ), મને આ પ્રકારનું વસ્ત્ર કલ્પતું નથી.

**१७ से सेवं वयंतस्स परो कंदाणि वा** *जाव* **हरियाणि विसोहेत्ता दलएज्जा । तहप्पगारं वत्थं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–**સાધુ આ પ્રમાણે કહે તેમ છતાં પણ ગૃહસ્થ કંદ ***યાવત્*** લીલોતરી કાઢીને વસ્ત્રને શુદ્ધ કરીને આપે, તો તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં સાધુ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિવિધ અનેષણીય વસ્ત્રોના ગ્રહણનો નિષેધ કર્યો છે.

(૧) એક, બે દિવસથી લઈને એક મહિના પછી વસ્ત્ર લઈ જજો, આ રીતે સાધુને વચનબદ્ધ કરે, તો સાધુ તે વચનનો સ્વીકાર કરે નહિ, કારણ કે ગૃહસ્થ તે સમય દરમ્યાન નવું વસ્ત્ર ખરીદીને લાવે, સાવદ્ય ક્રિયા કરીને રાખે, તો સાધુ માટે તે વસ્ત્ર અકલ્પનીય થાય છે. તે ઉપરાંત ગૃહસ્થે જેટલા દિવસોની મર્યાદા કહી છે તેમાં કોઈ કારણવશ સાધુ જઈ ન શકે તો તેને ભાષા સમિતિ આદિમાં દોષ લાગે છે.

જો કોઈ ગૃહસ્થને કાપડની દુકાન હોય, તેમાં થોડા દિવસ પછી નવો માલ આવવાનો હોય, તો ગૃહસ્થ કોઈ સમય મર્યાદા આપે તે પ્રમાણે જઈને સાધુ વસ્ત્ર ગ્રહણ કરી શકે છે, કારણ કે તેમાં સાધુના નિમિત્તે કોઈ સાવદ્યક્રિયા થતી નથી. તેમ છતાં સાધુ સમય મર્યાદા માટે કોઈ નિશ્ચયકારી ભાષાનો પ્રયોગ કરે નહીં કે 'હું નવો માલ આવશે ત્યારે અવશ્ય આવીશ.' ક્યારેક કોઈ પણ સંજોગવશાત્ સાધુ પહોંચી શકે નહીં, તો તેની ભાષા સમિતિ તથા સત્ય મહાવ્રત દૂષિત થાય છે.

સાધુ સમય, સંયોગ પ્રમાણે સદોષ-નિર્દોષ વસ્ત્રનું પરીક્ષણ કરીને વિવેકપૂર્વક ગ્રહણ કરે.

(૨) ગૃહસ્થ સાધુને થોડીવાર રહીને પધારવાનું કહે, આ રીતે સાધુને વચનબદ્ધ કરે, તો તેમાં પણ ઉપરોક્ત દોષની સંભાવના છે.

(૩) ગૃહસ્થ પાસે જે વસ્ત્ર હાજર છે તે સાધુને આપી પોતાના માટે બીજું વસ્ત્ર બનાવવાનું કે લાવવાનું કહે, તો તેમાં પશ્ચાત્ કર્મ દોષની સંભાવના હોવાથી અકલ્પનીય છે.

(૪) સુગંધિત દ્રવ્યોથી સુવાસિત કરીને આપવાનો વિચાર પ્રગટ કરે, તો તેવી પરિકર્મ ક્રિયા કરેલા વસ્ત્ર પણ સાધુને પુરુષાંતરકૃત થયા પહેલાં લેવા કલ્પતા નથી.

(૫) ઠંડા કે ગરમ પાણીથી ધોઈને આપવાનો ભાવ પ્રગટ કરે, તો તેમાં અપ્કાય આદિની વિરાધના થાય.

(૬) વસ્ત્રોમાં રહેલ કંદ કે લીલોતરી આદિ સચેત પદાર્થોને કાઢીને, સાફ કરીને આપવાની ઇચ્છા પ્રગટ કરે, તેમાં વનસ્પતિકાયની વિરાધના થાય.

આ રીતે સાધુના નિમિત્તે સાવદ્ય ક્રિયા, પૂર્વ ક્રિયા અને પશ્ચાત્ ક્રિયાદિના દોષો લાગે છે, માટે આ સૂત્રોમાં સાધુને તથાપ્રકારના અનેષણીય વસ્ત્રોનો નિષેધ કર્યો છે.

**વસ્ત્ર ગ્રહણ પૂર્વે પ્રતિલેખન :–**

**१८ सिया से परो णेत्ता वत्थं णिसिरेज्जा, से पुव्वामेव आलोएज्जा– आउसो! ति वा भइणी ! ति वा तुमं चेव णं संतियं वत्थं अंतोअंतेण पडिलेहिस्सामि । केवली बूया– आयाणमेयं । वत्थंतेण उ बद्धे सिया कुंडले वा गुणे वा हिरण्णे वा सुवण्णे वा मणी वा** *जाव* **रयणावली वा पाणे वा बीए वा हरिए वा ।**

**अह भिक्खूणं पुव्वोवदिट्ठा** *जाव* **जं पुव्वामेव वत्थं अंतोअंतेण पडिलेहिज्जा।**

**ભાવાર્થ :–** કદાચિત્ તે ગૃહસ્થ સાધુને વસ્ત્ર આપી દે, તો તે પહેલા જ સાધુ વિચાર કરીને તેને કહે– હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે હે બહેન ! તમારા આ વસ્ત્રોને હું અંદર, બહાર, ચારેબાજુ ખોલીને સારી રીતે જોઈશ, તેમ કહીને તે વસ્ત્રની સારી રીતે પ્રતિલેખના કરે. કેવળી ભગવાને કહ્યું છે કે– પ્રતિલેખન કર્યા વિના વસ્ત્ર લેવું તે કર્મબંધનું કારણ છે. કદાચિત્ તે વસ્ત્રના છેડે કાંઈ પણ બાંધેલું હોય, જેમ કે કુંડલ, દોરી, ચાંદી, સોનું, મણિરત્ન ***યાવત્*** રત્નોની માળા બાંધી હોય કે કોઈ પ્રાણી, બીજ કે લીલોતરી બાંધી હોય, તેથી સાધુઓ માટે તીર્થંકરાદિ આપ્તપુરુષોએ પહેલાથી જ આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુ વસ્ત્ર ગ્રહણ કરે તે પહેલાં વસ્ત્રની અંદર, બહાર, ચારેબાજુથી પ્રતિલેખન કરી લે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વસ્ત્રગ્રહણ કરતાં પહેલાં એક વિશેષ સાવધાની તરફ સંકેત કર્યો છે.

સાધુ નિર્દોષ વસ્ત્રની યાચના કરે અને તે પ્રમાણે ગૃહસ્થ સાધુને વસ્ત્ર વહોરાવે, ત્યારે સાધુએ વસ્ત્ર ગ્રહણ કરતાં પહેલાં તેનું સર્વ પ્રકારે નિરીક્ષણ કરવું જરૂરી છે. તેના અનેક કારણો છે– (૧) સાધુને જેટલા પ્રમાણની લંબાઈ-પહોળાઈવાળા વસ્ત્રની આવશ્યકતા હોય, તેનાથી નાનું-મોટું વસ્ત્ર હોય, તો સાધુને તે નકામું થાય છે (૨) વસ્ત્રમાં જૂં, લીખ, માંકડ, ઉધઈ આદિ જીવ જંતુ હોય, લીલોતરી બાંધેલી હોય, તો જીવ વિરાધનાની સંભાવના છે. (૩) વસ્ત્ર અંદરના ભાગમાં બળેલું કે ફાટેલું હોય, તો તેનાથી સાધુનું પ્રયોજન સિદ્ધ થતું નથી. (૪) વસ્ત્રની ઘડીની વચ્ચે અથવા વસ્ત્રના છેડે પૈસા, સોનું, ચાંદી આદિ કીમતી વસ્તુ રાખી હોય અને સાધુ જોયા વગર ઉપાશ્રયમાં લઈ જાય, તો જોનાર અન્ય સાધુઓ કે બીજી કોઈ પણ વ્યક્તિ સાધુને બદનામ કરે અથવા પાછળથી ગૃહસ્થને યાદ આવે તો તેને પણ અફસોસ થાય. (૫) ગૃહસ્થની વસ્તુ ખોવાઈ જતાં તેને સાધુ પ્રતિ શંકા થાય છે. (૬) કોઈ વિરોધી વ્યક્તિએ દ્વેષવશ વસ્ત્રને વિષાક્ત કર્યું હોય, તો તે પહેરતાં જ પ્રાણનો નાશ થાય છે. (૭) વસ્ત્ર સંસ્કારિત અને સુવાસિત

કરવા તેમાં વચ્ચે પુષ્પની પાંદડીઓ કે અન્ય સુગંધી દ્રવ્યો નાંખ્યા હોય તેમજ વસ્ત્રમાં વચ્ચે સુવર્ણ તારથી વેલ-બુટ્ટા ભર્યા હોય, તો તથાપ્રકારનું વસ્ત્ર સાધુને અકલ્પનીય છે.

આવા અનેક દોષોના કારણે સાધુ ગૃહસ્થ પાસેથી વસ્ત્રને ગ્રહણ કરતાં પહેલાં જ ગૃહસ્થને કહે કે **तुमं चेव णं संतियं वत्थं अंतो अंतेण पडिलेहिस्सामि ।** "હું વસ્ત્રનું પ્રતિલેખન કરું છું ત્યાં સુધી આ વસ્ત્ર તમારી માલિકીનું જ છે. વસ્ત્રને જોયા પછી જ હું વસ્ત્ર સ્વીકારીશ. વસ્ત્રને જોયા પછી જો તે સાધુને અનુકૂળ ન હોય કે ઉપરોક્ત દોષોની સંભાવના હોય, તો તે ગૃહસ્થને પાછું આપી દે છે અને અનુકૂળ હોય, આવશ્યકતાની પૂર્તિ થઈ શકે તેમ હોય, તો જ સાધુ પુનઃ ગૃહસ્થની આજ્ઞા લઈને તેનો સ્વીકાર કરે છે.

**ગ્રાહ્ય–અગ્રાહ્ય વસ્ત્ર વિવેક :–**

**१९ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण वत्थं जाणेज्जा सअंडं** *जाव* **ससंताणं तहप्पगारं वत्थं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ વસ્ત્ર ઈંડા ***યાવત્*** કરોળીયાના જાળાથી યુક્ત છે, તો તથાપ્રકારના વસ્ત્રને અપ્રાસુક તેમજ અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહીં.

**२० से भिक्खू वा भिक्खुणी वा से जं पुण वत्थं जाणेज्जा– अप्पंडं** *जाव* **अप्पसंताणगं अणलं अथिरं अधुवं अधारणिज्ज रोइज्जंतं ण [रुच्चइ] रोएइ, तहप्पगारं वत्थं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :– अणलं** = પ્રમાણમાં પૂરું નથી **अथिरं** = જીર્ણ છે **अधुवं** = અલ્પ સમય માટે જ આપેલું હોવાથી અધ્રુવ છે **अधारणिज्जं** = પહેરવા યોગ્ય નથી **रोइज्जंतं** = સારું વસ્ત્ર દેતા પણ **ण रोएइ** = દાતાને અથવા સાધુને તેમાં રુચિ ન હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ વસ્ત્ર કીડી આદિના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે પરંતુ પ્રમાણોપેત નથી, જીર્ણ થઈ ગયું છે, ટકાઉ નથી, દાતા અલ્પ સમય માટે જ આપે છે, તે પહેરવા યોગ્ય નથી, વસ્ત્ર સારું હોવા છતાં દેવામાં દાતાની કે લેવામાં સાધુની રુચિ નથી, તો તથાપ્રકારનું વસ્ત્ર અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહીં.

**२१ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण वत्थं जाणेज्जा– अप्पंडं** *जाव* **अप्पसंताणगं; अलं थिरं धुवं धारणिज्जं रोइज्जंतं रोएइ, तहप्पगारं वत्थं फासुयं** *जाव* **पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આ વસ્ત્ર કીડી આદિના ઈંડા ***યાવત્*** કરોળીયાના જાળાથી રહિત છે, જરૂરિયાતને પૂરી કરવા માટે પ્રમાણોપેત છે, જીર્ણશીર્ણ નથી, દાતાએ સાધુને હંમેશને માટે આપ્યું છે, ધારણ કરવા યોગ્ય છે, વસ્ત્ર સારું છે, દેવામાં દાતાની અને લેવામાં સાધુની રુચિ છે, તો તથાપ્રકારના વસ્ત્રને પ્રાસુક અને એષણીય જાણીને પ્રાપ્ત થાય, તો સાધુ તેને ગ્રહણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને ગ્રાહ્ય-અગ્રાહ્ય વસ્ત્રના વિવેકનું નિરૂપણ છે.

જે વસ્ત્ર ત્રસ કે સ્થાવર જીવોથી રહિત હોય, તે વસ્ત્ર જ સાધુ ગ્રહણ કરી શકે છે. તે ઉપરાંત સૂત્રકારે અનેક વિશેષણો દ્વારા વસ્ત્રની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાનું કથન કર્યું છે.

(૧) **अणलं :–** જે વસ્ત્ર પહેરવામાં પ્રમાણોપેત ન હોય, સાધુની આવશ્યકતા અનુસાર તેની લંબાઈ-પહોળાઈ ન હોય, તો સાધુ તેનો ઉપયોગ કરી શકતા નથી. જે વસ્ત્ર પ્રમાણોપેત હોય, તે જ સાધુને ઉપયોગી થાય છે.

(૨) **अथिरं :–** અસ્થિર. જે વસ્ત્ર મજબૂત કે ટકાઉ ન હોય, જીર્ણ-શીર્ણ, તુરંત ફાટી જાય તેવું હોય, તો તે સાધુ માટે ગ્રાહ્ય નથી. જીર્ણ વસ્ત્ર લેવાથી સાધુને વારંવાર યાચના કરવી પડે છે, વારંવાર નિર્દોષ વસ્ત્રની પ્રાપ્તિ ન થાય, તો સાધુને મુસીબત થાય છે, તેથી મજબૂત અને ટકાઉ વસ્ત્ર જ સાધુ ગ્રહણ કરે છે.

(૩) **अधुवं :–** અધ્રુવ. ગૃહસ્થ અલ્પ સમય માટે પોતાનું વસ્ત્ર વાપરવા આપે, તો તે સાધુ માટે ગ્રાહ્ય નથી, કારણ કે સાધુ માટે વસ્ત્ર પ્રાતિહારિક ઉપધિ રૂપ(પાઢીહારી) નથી, તેથી જે વસ્ત્ર ગૃહસ્થ ધ્રુવ-પાછું દેવાની શરત વિના કાયમ માટે વહોરાવે, તેવું ધ્રુવ વસ્ત્ર જ સાધુ ગ્રહણ કરે છે.

(૪) **अधारणिज्जं :–** પહેરવા યોગ્ય ન હોય, જે વસ્ત્રમાં કીલ આદિના ડાઘા હોય, સોના-રૂપાના તારથી વેલ બુટ્ટા ભરેલા હોય, તો તથાપ્રકારના વસ્ત્ર સાધુને ધારણ કરવા યોગ્ય નથી તેથી સાધુ પોતાને પહેરવા યોગ્ય વસ્ત્રને જ ગ્રહણ કરે.

(૫) **रोइज्जंतं ण रोएइ :–** સુંદર વસ્ત્ર હોવા છતાં દાતાની કે સાધુની રુચિ ન હોય. જેમ કે ઘણીવાર સાધુને યોગ્ય વસ્ત્ર હોય પરંતુ દાતાની વહોરાવવામાં પ્રસન્નતા ન હોય, ક્યારેક સાધુને તે ગમતું ન હોય, તો સાધુ તેને ગ્રહણ ન કરે. અનેક પ્રતોમાં **रोएइ** શબ્દના સ્થાને **रुच्चइ** પદ છે, બંને શબ્દોનો ભાવ એક સમાન છે.

આ રીતે જે વસ્ત્ર પ્રાસુક અને એષણીય હોવાની સાથે પ્રમાણોપેત, ટકાઉ, ધ્રુવ, ધારણ કરવા યોગ્ય અને દાતા અને સાધુ બંનેની રુચિ પ્રમાણેનું હોય, તે વસ્ત્ર જ સાધુ ગ્રહણ કરે છે.

**વસ્ત્ર પ્રક્ષાલન વિધિ :–**

**૨૨ से भिक्खू वा भिक्खुणी वा णो णवए मे वत्थे त्ति कट्टु णो बहुदेसिएण सिणाणेण वा *जाव* पघंसेज्ज वा ।**

**શબ્દાર્થ :– णवए** = નવું **वत्थे णो** = વસ્ત્ર નથી **बहुदेसिएण** = થોડા કે ઘણા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી 'મને જે વસ્ત્ર મળ્યું છે તે નવું નથી', એ પ્રમાણે વિચારીને થોડા કે ઘણા સુગંધિત દ્રવ્યો વસ્ત્ર સાથે ઘસે નહિ કે વારંવાર ઘસે નહિ અર્થાત્ તેને સુંદર બનાવવાનો પ્રયત્ન કરે નહીં.

**૨૩ से भिक्खू वा भिक्खुणी वा णो णवए मे वत्थे त्ति कट्टु णो बहुदेसिएण सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा *जाव* पधोएज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી 'મારું વસ્ત્ર નવું નથી' અર્થાત્ સ્વચ્છ નથી એમ વિચારીને તે મલિન વસ્ત્રને થોડા કે ઘણા, ઠંડા પાણીથી કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધોવાનો પ્રયત્ન કરે નહિ.

**૨૪ से भिक्खू वा भिक्खुणी वा दुब्भिगंधे मे वत्थे त्ति कट्टु णो बहुदेसिएण सिणाणेण वा तहेव सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा आलावओ ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ''મારું વસ્ત્ર દુર્ગંધવાળું છે'' એમ વિચારીને થોડા કે વધારે સુગંધિત દ્રવ્યાદિથી તેમજ ઠંડા પાણીથી કે ગરમ પાણીથી ધૂએ નહિ, આ આલાપક પણ પૂર્વવત્ જાણવો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને સુંદર તેમજ શોભનીય દેખાવાની દષ્ટિએ સહજ પ્રાપ્ત વસ્ત્રને સુગંધિત દ્રવ્યોથી સુવાસિત કરવાનો તથા ઠંડા, ગરમ પાણીથી ધોઈને ઉજ્જવલ કરવાનો નિષેધ કર્યો છે.

સાધુ પોતાના બ્રહ્મચર્યની સુરક્ષા માટે શરીરની કે વસ્ત્રોની કોઈ પણ પ્રકારે શોભા વિભૂષા કરતા નથી. વિભૂષા કરનાર સાધુ ચિકણા કર્મો બાંધે છે, તેથી સાધુ શોભા કે વિભૂષા નિમિત્તે કોઈપણ પ્રવૃત્તિ કરે નહીં. જેવા વસ્ત્ર પ્રાપ્ત થયા હોય તેને તે જ રૂપે સમભાવે ધારણ કરે.

વસ્ત્ર કોઈ પણ કારણથી અશુચિમય પદાર્થોથી ખરડાઈ ગયું હોય અથવા વસ્ત્રમાં વિવિધ પ્રકારના ડાઘા હોય કે તે અતિ મલિન હોય, તો સાધુ વિવેકપૂર્વક તેને ધોઈ શકે છે.

**વસ્ત્ર સૂકવવાની વિધિ :–**

**૨૫ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा पयावेत्तए वा, तहप्पगारं वत्थं णो अणंतरहियाए पुढवीए, णो ससणिद्धाए पुढवीए** *जाव* **संताणए आयावेज्ज वा पयावेज्ज वा ।**

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી વસ્ત્રને તડકામાં આતાપ, પરિતાપ આપવા અર્થાત્ સૂકવવા ઈચ્છે તો તે વસ્ત્રને સચેત પૃથ્વી ઉપર, સ્નિગ્ધ પૃથ્વી ઉપર ***યાવત્*** કરોળીયાના જાળાવાળી પૃથ્વી ઉપર સૂકવે નહિ.

**૨૬ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा पयावेत्तए वा । तहप्पगारं वत्थं थूणंसि वा गिहेलुगंसि वा उसुयालंसि वा कामजलंसि वा अण्णयरे वा तहप्पगारे अंतलिक्खजाए दुब्बद्धे, दुण्णिक्खित्ते अणिकंपे चलाचले णो आयावेज्ज वा पयावेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **थूणंसि** = ઠૂંઠા ઉપર **गिहेलुगंसि** = ઘરના દરવાજા ઉપર **उसुयालंसि** = ખાંડણિયા ઉપર **कामजलंसि** = સ્નાન કરવાના બાજોઠ ઉપર **अंतलिक्खजाए** = અંતરિક્ષ ભૂમિ અર્થાત્ ઊંચા સ્થાન ઉપર **दुण्णिक्खित्ते** = સારી રીતે બાંધેલા કે મજબૂત કરેલા ન હોય તેવા સ્થાનો ઉપર **अणिकंपे** = કંપાયમાન હોય **चलाचले** = વાયુ આદિ કોઈપણ નિમિત્તથી ડોલતું હોય.

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી વસ્ત્રને તડકામાં થોડું કે વધારે સૂકવવા ઈચ્છે તો તે તથાપ્રકારના વસ્ત્રને ઠૂંઠા ઉપર, ઘરના દરવાજા ઉપર, ઊંબરા ઉપર, ખાંડણિયા પર, સ્નાન કરવાના બાજોઠ પર, પાટલા પર કે આવા પ્રકારના અન્ય સ્થાનો કે જે ઊંચા હોય, સારી રીતે બાંધેલા ન હોય, સારી રીતે ધરતીમાં ખોડેલા ન હોય, ડગમગતા હોય તેમજ(હીંડોળાની જેમ) ડોલતા હોય તેવા સાધનો પર વસ્ત્રને સૂકવે નહીં, વિશેષ સૂકવે નહીં.

**૨૭ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा पयावेत्तए वा, तहप्पगारं वत्थं कुलियंसि वा भित्तिंसि वा सिलंसि वा लेलुंसि वा अण्णयरे वा तहप्पगारे अंतलिक्खजाए** *जाव* **णो आयावेज्ज वा पयावेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **कुलियंसि** = માટી કે છાણની દિવાલ ઉપર **भित्तिंसि** = ઈંટ, ચૂનાની ભીંત ઉપર **सिलंसि** = શિલા ઉપર **लेलुंसि** = શિલાખંડ અથવા પત્થરના ટુકડા ઉપર.

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વી વસ્ત્રને થોડું કે વધારે સૂકવવા ઇચ્છે તો માટી, છાણની દીવાલ ઉપર, ઈંટ ચૂનાની દિવાલ પર, શિલા પર, શિલાના ટુકડા ઉપર કે અન્ય કોઈ પણ તથાપ્રકારની ઊંચી જગ્યા જે સારી રીતે બાંધેલ ન હોય ***યાવત્*** ડગમગતી હોય ત્યાં સૂકવે નહિ.

**૨૮ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा पयावेत्तए वा, तहप्पगारं वत्थं खंधंसि वा मंचंसि वा मालंसि वा पासायंसि वा हम्मियतलंसि वा अण्णयरे वा तहप्पगारे अंतलिक्खजाए** *जाव* **णो आयावेज्ज वा णो पयावेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી વસ્ત્રને તડકામાં થોડું કે વધારે સૂકવવા ઇચ્છે તો તે વસ્ત્રને થાંભલા ઉપર, વાંસના તૈયાર કરેલા મંચ ઉપર, ઉપરના માળે અથવા મહેલ ઉપર, હવેલીની છત ઉપર, તેવા પ્રકારના કોઈ પણ ઊંચા સ્થાન પર જે અસ્થિર બંધનવાળા ***યાવત્*** ડગમગતા હોય ત્યાં સૂકવે નહીં.

**૨૯ से तमादाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमेत्ता अहे झामथंडिल्लंसि वा** *जाव* **अण्णयरंसि वा तहप्पगारंसि थंडिल्लंसि पडिलेहिय-पडिलेहिय पमज्जिय पमज्जिय तओ संजयामेव वत्थं आयावेज्ज वा पयावेज्ज वा ।**

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વીને વસ્ત્ર સૂકવવાની આવશ્યકતા હોય તો તે એકાંતમાં જાય અને અચિત્ત થયેલી ભૂમિ ***યાવત્*** અન્ય પણ તેવા પ્રકારની બીજી કોઈ પણ અચિત્ત ભૂમિનું સારી રીતે પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કરીને યતનાપૂર્વક તે વસ્ત્રને થોડા કે વધારે તડકામાં સૂકવે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને વસ્ત્ર ક્યાં સૂકવવા અને ક્યાં ન સૂકવવા, તે વિષયનું વિધિ અને નિષેધથી કથન કર્યું છે– (૧) જે સ્થાન સચેત હોય અને જીવોથી વ્યાપ્ત હોય, યથા– સચેત પૃથ્વી, પાણીથી ભીની જગ્યા; ઘાસ, ફૂલ, ધાન્ય કણો વગેરે પડ્યા હોય તેવી જગ્યા અથવા કીડી મંકોડા આદિ ત્રસ જીવોથી વ્યાપ્ત હોય તે સ્થાનમાં જીવ વિરાધનાની સંભાવના છે.

(૨) ઠૂંઠુ, ખાંડણિયો, બાજોઠ, વગેરે વસ્તુ ડગમગતી હોય; દિવાલ, શિલા, શિલા ખંડ, થાંભલો, માંચા કે છત વગેરે કોઈ પણ ઊંચી જગ્યા જે ચલિત હોય, મજબૂત ન હોય, તો તેમાં કપડા સૂકવવા જતાં કે લેવા જતાં ક્યારેક સાધુ સ્વયં પડી જાય છે ક્યારેક કપડું ઊડી જાય છે.

પૃથ્વીશિલા કે શિલાખંડમાં સજીવતાની સંભાવના છે, તેના ઉપર વસ્ત્ર સૂકવવાથી તે જીવોની વિરાધના થાય. ભીની જમીન ઉપર, વસ્ત્ર ભીના થઈ જાય, અપ્કાયના જીવોની વિરાધના થાય છે, તેથી જે

સ્થાનમાં જીવ વિરાધના કે સંયમ વિરાધના થતી હોય કે સંયમ જીવનની વ્યવહાર શુદ્ધિ જળવાતી ન હોય, તેવા સ્થાનમાં સાધુ વસ્ત્ર સૂકવે નહીં.

કપડા સૂકવવાની આવશ્યકતા હોય ત્યારે અચેત નિર્દોષ ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને વાયુકાયના જીવોની વિરાધના ન થાય તે રીતે યતનાપૂર્વક કપડા સૂકવે.

ઊંચું કોઈ પણ સ્થાન જો મજબૂત હોય, ચલિત ન હોય, તેના પર ચઢવા-ઉતરવાની સરળતા હોય, સાધુને પડી જવાનો ભય ન હોય, તો ત્યાં યતનાપૂર્વક સૂકવી શકે છે.

**૩૦ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए सामग्गियं । जं सव्वेट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ વસ્ત્રૈષણાની શુદ્ધિ તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૫/૧ સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન : બીજો ઉદ્દેશક

**વસ્ત્રધારણની વિધિ :–**

**૧ से भिक्खू वा भिक्खुणी वा अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा, अहापरिग्गहियाइं वत्थाइं धारेज्जा, णो धोएज्जा, णो रएज्जा, णो धोयरत्ताइं वत्थाइं धारेज्जा, अपलिउंचमाणे गामंतरेसु, ओमचेलिए । एयं खलु वत्थधारिस्स सामग्गियं ।**

**શબ્દાર્થ :–** **अपलिउंचमाणे** = વસ્ત્રને છુપાવ્યા વિના **ओमचेलिए** = અલ્પવસ્ત્ર.

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વી યથાયોગ્ય ઉપયોગમાં આવે તેવા એષણીય વસ્ત્રોની યાચના કરે, પછી તે વસ્ત્રો જેવા મળ્યા હોય, તેવા જ ધારણ કરે પરંતુ ગ્રહણ કરેલા તે વસ્ત્રોને વાપર્યા પહેલાં ધૂએ નહીં કે ગળી વગેરે નાંખીને રંગે નહીં, પરંતુ ધોયા વિનાના અને રંગ્યા વિનાના વસ્ત્રને પહેરે. અલ્પ અને સાધારણ વસ્ત્રોને છુપાવ્યા વિના સમભાવપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે. આ વસ્ત્રધારી સાધુની સંયમ સામગ્રી-સમાચારી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને વસ્ત્રધારણ કરવાની સામાન્ય વિધિનું કથન છે.

સામાન્ય રીતે સાધુ સંયમી જીવનને અનુકૂળ અલ્પમૂલ્યવાન, સાદા નિર્દોષ અને એષણીય વસ્ત્રની યાચના કરે છે.

**णो धोएज्जा णो रएज्जा :–** ધુએ નહીં, રંગે નહીં, વસ્ત્રની યાચના કરતા સમયે સાધુ પોતાની આવશ્યકતા અને અનુકૂળતાને લક્ષમાં રાખીને ઉપયોગમાં આવે તેવા યોગ્ય વસ્ત્રની જ ગવેષણા કરીને ગ્રહણ કરે છે. જો વસ્ત્ર અત્યંત મેલું હોય, રંગના ડાઘા પડી ગયા હોય, સાધુને પહેરવા યોગ્ય ન હોય, તો વસ્ત્ર ગ્રહણ કર્યા પછી તુરંત સાધુને વસ્ત્ર ધોવાની કે ડાઘ દૂર કરવા અથવા ડાઘ ન દેખાય તે માટે ગળી આદિ રંગીન પદાર્થો નાંખવા પડે છે. આવા કોઈ પણ પ્રકારના પરિકર્મ કે પ્રક્રિયા કરવી ન પડે તેવા વસ્ત્ર સાધુએ નિરીક્ષણ અને પરીક્ષણ કરીને લેવા જોઈએ. વસ્ત્રનો વપરાશ કરતાં ધોવાની અત્યંત આવશ્યકતા લાગે, તો સ્થવિરકલ્પી સાધુ ગુરુ આજ્ઞાથી પોતાની સમાચારી પ્રમાણે વિવેકપૂર્વક તેને સાફ કરી શકે છે, વિભૂષાની દષ્ટિએ સાધુને વસ્ત્ર ધોવા કલ્પતા નથી.

શોભા શણગારની વૃત્તિથી વસ્ત્રને ધોવાની, ગળી આદિ દ્રવ્યો નાંખવાની પ્રવૃત્તિઓ બાકુશિક છે, તે સાધુના સંયમને દૂષિત કરે છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં બ્રહ્મચર્યની રક્ષા માટે વિભૂષા વૃત્તિને તાલપુટ વિષની ઉપમા આપી છે, તેથી સંયમી જીવનના અમૂલ્ય સમયને દેહવિભૂષામાં બગાડ્યા વિના સાધુ સ્વાધ્યાય- ધ્યાનમાં લીન રહે.

**एयं खलु वत्थधारिस्स सामग्गियं :–** શાસ્ત્રોક્ત નિયમાનુસાર વિવેકપૂર્વક, વસ્ત્રને ધારણ કરવા, તે વસ્ત્રધારી સાધુની સામગ્રી એટલે સંયમ સમાચારી છે.

સંયમશીલ સાધુનું લક્ષ આત્મ વિશુદ્ધિનું જ હોય છે. તે સાધનામાં સહાયક શરીરનું પોષણ કરવા નિર્દોષ આહાર કરે છે. તે જ રીતે ફક્ત લજ્જા નિવારણ માટે તેમજ સાધનામાં સહાયક દેહના રક્ષણ માટે સંયમ જીવનની સમાચારી અનુસાર મર્યાદિત વસ્ત્રો ધારણ કરે છે, તેથી ગૃહસ્થને ત્યાંથી નિર્દોષ અને એષણીય તથા પોતાના ઉપયોગમાં આવી શકે, તેવા યોગ્ય વસ્ત્રની યાચના કરે અને તે વસ્ત્રને તત્કાલ ધોવા વગેરે ક્રિયાઓ કર્યા વિના ધારણ કરે.

**વસ્ત્રો સાથે વિહારાદિ :–**

**૨ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसिउकामे सव्वं चीवरमायाए गाहावइकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा पविसेज्ज वा, एवं बहिया वियारभूमिं वा विहारभूमिं वा गामाणुगामं वा दूइज्जेज्जा ।**

**अह पुण एवं जाणेज्जा तिव्वदेसियं वा वासं वासमाणं पेहाए, तिव्वदेसियं वा महियं सण्णिवयमाणिं पेहाए, महावाएण वा रयं समुद्धुयं पेहाए, तिरिच्छं संपाइमा वा तसा पाणा संथडा सण्णिवयमाणा पेहाए, से एवं णच्चा णो सव्वं चीवरमायाए गाहावइकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा पविसेज्ज वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमेज्ज वा पविसेज्ज वा गामाणुगामं वा दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જો ગૃહસ્થના ઘરે આહાર પાણી લેવા જવાની ઈચ્છા કરે તો તે(તદ્યોગ્ય) આવશ્યક સર્વ વસ્ત્રો સાથે લઈને ઉપાશ્રયમાંથી નીકળે અને ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે. તે જ રીતે સ્વાધ્યાય ભૂમિ કે સ્થંડિલ ભૂમિમાં જાય ત્યારે પણ(તદ્યોગ્ય) સર્વ ઉપયોગી વસ્ત્રોને સાથે લઈને જાય અને ગ્રામાનુગ્રામ વિહાર કરે, ત્યારે સાધુ વસ્ત્રાદિ પોતાની સર્વ ઉપધિ લઈને જ ગ્રામાનુગ્રામ વિહાર કરે.

જો સાધુ કે સાધ્વી એમ જાણે કે થોડો કે વધુ વરસાદ વરસી રહ્યો છે, થોડી કે વધુ ઝાકળ કે ધુમ્મસ વરસી રહી છે, વાવાઝોડાના કારણે સંપૂર્ણ આકાશમાં ધૂળ છવાઈ ગઈ છે, તિરછા ઉડનારા જીવ-જંતુઓ વિપુલ માત્રામાં એક સાથે ભેગા થઈને ચારે બાજુ ઉડી રહ્યા છે, પડી રહ્યા છે. આ પ્રકારના વાતાવરણને જાણીને સાધુ આવશ્યક સર્વ વસ્ત્રોને સાથે લઈને ગૃહસ્થના ઘરમાં ગોચરી લેવા માટે પ્રવેશ કરે નહીં કે બહાર નીકળે નહીં, તે જ રીતે ઉપરોક્ત સ્વાધ્યાય ભૂમિમાં કે સ્થંડિલ ભૂમિમાં જાય નહીં અને ગ્રામાનુગ્રામ વિહાર કરે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને બહાર જતી વખતે પોતાના સર્વ આવશ્યક વસ્ત્રોને સાથે લઈને જવાનું કથન છે.

સાધુ ગોચરી વગેરે કાર્ય માટે ઉપાશ્રયની બહાર જાય, ત્યારે પોતાની વેશભૂષા અનુસાર વ્યવસ્થિત વસ્ત્રો ધારણ કરીને જાય, તે ઉપરાંત પોતાની આવશ્યકતા અનુસાર વસ્ત્રો સાથે લઈને જાય, જેમ કે ગોચરી જાય, ત્યારે તદ્યોગ્ય જોળી આદિ ઉપકરણો સાથે લઈ જવા જરૂરી છે અને જ્યારે એક ગામથી

બીજે ગામ વિહાર કરે, ત્યારે પોતાના વસ્ત્ર, પાત્ર, પોથી-પાના આદિ સમસ્ત ઉપધિ સાથે લઈને જાય. તેમાં પ્રમાદથી પોતાની કોઈ પણ ઉપધિ ભૂલી ન જાય કે રહી ન જાય તેનું ધ્યાન રાખે.

સંક્ષેપમાં સાધુ પ્રસંગાનુસાર પોતાની આવશ્યકતા પ્રમાણે વિવેકપૂર્વક પોતાની ઉપધિ પોતાની સાથે લઈને જ જાય. વિશેષ વર્ણન માટે જુઓ : અધ્યનન–૧, ઉદ્દેશક–૧.

**પ્રાતિહારિક વસ્ત્રને પાછા આપવાની વિધિ :–**

**૩ से भिक्खू वा भिक्खुणी वा से एगइओ मुहुत्तगं मुहुत्तगं पाडिहारियं वत्थं जाएज्जा जाव एगाहेण वा दुयाहेण वा तियाहेण वा चउयाहेण वा पंचाहेण वा विप्पवसिय विप्पवसिय उवागच्छेज्जा, तहप्पगारं वत्थं णो अप्पणा गेण्हेज्जा, णो अण्णमण्णस्स देज्जा णो पामिच्चं कुज्जा, णो वत्थेण वत्थं परिणामं करेज्जा, णो परं उवसंकमित्तु एवं वएज्जा– आउसंतो समणा ! अभिकंखसि वत्थं धारेत्तए वा परिहरित्तए वा ? थिरं वा णं संतं णो पलिच्छिंदिय पलिच्छिंदिय परिट्ठवेज्जा, तहप्पगारं वत्थं ससंधियं तस्स चेव णिसिरेज्जा, णो णं साइज्जेज्जा ।**

**से एगइओ एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म जे भयंतारो तहप्पगाराणि वत्थाणि ससंधियाणि मुहुत्तगं मुहुत्तगं जाइत्ता जाव एगाहेण वा दुयाहेण वा तियाहेण वा चउयाहेण वा पंचाहेण वा विप्पवसिय विप्पवसिय उवागच्छंति, तहप्पगाराणि वत्थाणि णो अप्पणा गिण्हंति, णो अण्णमण्णस्स अणुवदेंति, तं चेव जाव णो णं साइज्जंति, बहुवयणेण भाणियव्वं । से हंता अहमवि मुहुत्तगं-मुहुत्तगं पाडिहारियं वत्थं जाइत्ता एगाहेण वा दुयाहेण वा तियाहेण वा चउयाहेण वा पंचाहेण वा विप्पवसिय विप्पवसिय उवागच्छिस्सामि, अवियाइं एयं ममेव सिया, माइट्ठाणं संफासे, णो एवं करेज्जा ।**

**શબ્દાર્થ :–** **से एगइओ** = તે કોઈ **मुहुत्तगं** = થોડા સમય માટે **पाडिहारियं** = પાઢિયારા **विप्पवसिय** = રહીને **उवागच्छेज्जा** = પાછા આવી જાય **संसधियं** = સાંધેલાને **तस्स चेव** = તેને જ **णिसिरेज्जा** = આપી દે **णो णं साइज्जेज्जा** = સ્વયં વાપરે નહિ **णो साइज्जंति** = પોતે વાપરતા નથી **बहुवयणेण भाणियव्वं** = આ રીતે બહુવચનમાં કહેવું જોઈએ **से हंता** = તે સાધુ હર્ષપૂર્વક સ્વીકાર કરતા કહે છે કે **अहमवि** = હું પણ **पडिहारियं वत्थं जाइत्ता** = સાધુ પાસેથી પાઢિયારા વસ્ત્રની યાચના કરી **अवियाइं** = જેથી **एयं** = આ વસ્ત્ર **ममेव सिया** = મારું જ થઈ જશે એમ વિચારે તો **माइट्ठाणं संफासे** = માયાનું સેવન કરે છે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી થોડા સમય માટે અન્ય સાધુ પાસેથી પાઢિઆરા વસ્ત્રની યાચના કરે છે અને પછી કોઈ બીજા ગામાદિમાં એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ અથવા પાંચ દિવસ સુધી રહીને પાછા આવી જાય છે. તે સમય દરમ્યાન તે વસ્ત્ર ખરાબ થઈ જાય કે ફાટી જાય તો તે વસ્ત્ર પાછું આપતાં હોય, ત્યારે દેનાર સાધુ સ્વયં તેને ગ્રહણ કરે નહીં, તે વસ્ત્ર બીજા સાધુને આપે નહિ, ઉધાર(પછી

પાછું આપવાની શરતે) આપે નહિ, તેમજ અદલા બદલી પણ કરે નહિ તથા બીજા પાસે જઈને 'હે આયુષ્યમાન શ્રમણ ! તમે આ વસ્ત્રને ધારણ કરવા ઈચ્છો તો ધારણ કરો' એમ કહે નહિ. તે વસ્ત્ર ટકાઉ હોવાથી તેના ટુકડે ટુકડા કરીને પરઠે નહીં, પરંતુ જે સાધુથી વસ્ત્ર ખરાબ થયું છે, તે સાધુને જ આપી દે, પરંતુ પોતે તેનો સ્વીકાર કરે નહિ.

કોઈ એક સાધુ આ પ્રકારની વાત સાંભળી તેના મનમાં વિચાર કરે કે કેટલાક શ્રમણો એવા હોય છે કે તેની પાસેથી કોઈ સાધુ થોડા સમય માટે વસ્ત્ર માંગીને લઈ જાય અને તે વસ્ત્ર ખરાબ થવાથી કે ફાટી જવાથી વસ્ત્ર પાછું આપવા છતાં તે વસ્ત્ર પાછું લેતા નથી, પરંતુ વસ્ત્ર ખરાબ કરનારને જ પાછું આપી દે છે. તો હું પણ થોડા સમય માટે તે સાધુઓ પાસેથી પ્રાતિહારિક મનગમતા વસ્ત્રની યાચના કરું ***યાવત્*** પાંચ દિવસ પર્યંત અન્ય કોઈ ગામાદિમાં નિવાસ કરીને ફરી અહીં આવી જઈશ. તે વસ્ત્ર ગંદુ થઈ જવાથી મારું જ થઈ જશે.આ પ્રમાણે વિચાર કરીને જો સાધુ બીજા સાધુ પાસેથી પાઢીહારા વસ્ત્રને ગ્રહણ કરે તો તે માયાસ્થાનનો સ્પર્શ કરે છે અર્થાત્ તેને માયાનો દોષ લાગે છે, માટે સાધુએ આ પ્રમાણે કરવું જોઈએ નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાઢિયારા વસ્ત્રને પાછું આપતા સાધુ કઈ રીતે માયા-કપટ કરે છે તે વિષયનું કથન છે.

અધ્યયન– ૫/૧ ના કથનાનુસાર સાધુ પોતાના વસ્ત્ર કે કંબલ ગૃહસ્થ પાસેથી અમુક સમય માટે અર્થાત્ પ્રાતિહારિક રૂપે ગ્રહણ કરતા નથી, તેથી જ સૂત્રમાં સાધુ કે સાધ્વીનું કથન ન હોવા છતાં પણ સાધુ પોતાના સાંભોગિક અન્ય સાધુ પાસેથી પ્રાતિહારિક વસ્ત્ર ગ્રહણ કરે છે, તે પ્રમાણે સમજવું જોઈએ.

**पाडिहारियं वत्थं :–** પ્રાતિહારિક વસ્ત્ર. ક્યારેક ઠંડી વગેરે ઋતુમાં સાધુને અધિક વસ્ત્રની આવશ્યકતા હોય અને ગૃહસ્થ પાસે યાચના કરવા છતાં નિર્દોષ વસ્ત્રની પ્રાપ્તિ થતી ન હોય, ત્યારે સાધુ બે-ચાર દિવસ માટે પોતાના અન્ય સાંભોગિક સાધુ પાસેથી પાછું આપવાનું વચન આપીને વસ્ત્ર ગ્રહણ કરે છે. તેને અહીં પ્રાતિહારિક વસ્ત્ર કહ્યું છે.

અન્ય સાધુ પાસેથી વસ્ત્ર ગ્રહણ કરીને વસ્ત્ર ગ્રહણ કરનાર સાધુ વિહાર કરીને અન્યત્ર જાય, ત્યાં વસ્ત્રને વાપરતાં કે અન્ય કોઈ કારણથી તે વસ્ત્ર ફાટી જાય, તેમાં ડાઘા પડી જાય અને તે વસ્ત્ર બગડી જાય, ત્યાર પછી તે સાધુ પાછા આવીને વસ્ત્ર પાછું આપવા જાય ત્યારે વસ્ત્રના માલિક સાધુ તે બગડેલા વસ્ત્રને સ્વીકારે નહીં અને તે વસ્ત્ર સાધુને જ પાછું આપે, તો આ રીતે ગચ્છમાં સાધુઓના પરસ્પરના વ્યવહારમાં એકાદ-બે વાર આવા પ્રસંગો બને, તે જોઈને કોઈ સાધુ બીજાનું વસ્ત્ર લઈ લેવાની વૃત્તિથી અન્ય સાધુ પાસેથી પ્રાતિહારિક વસ્ત્ર ગ્રહણ કરે, તો તે સાધુ માયાસ્થાનનું સેવન કરે છે કારણ કે પ્રાતિહારિક વસ્ત્ર ગ્રહણ કરવામાં સાધુની જરૂરિયાત નથી, પરંતુ કોઈના વસ્ત્રને પોતાનું બનાવવાની માયાવી વૃત્તિ છે. સાધક જીવનમાં તથાપ્રકારની માયાવી પ્રવૃત્તિ સર્વથા અયોગ્ય છે.

**વસ્ત્રમાં અનાસક્ત ભાવ :–**

**૪ से भिक्खू वा भिक्खुणी वा णो वण्णमंताइं वत्थाइं विवण्णाइं करेज्जा, विवण्णाइं वत्थाइं णो वण्णमंताइं करेज्जा, अण्णं वा वत्थं लभिस्सामि त्ति कट्टु णो अण्णमण्णस्स देज्जा, णो पामिच्चं कुज्जा, णो वत्थेण वत्थपरिणामं करेज्जा, णो परं उवसंकमित्तु एवं वएज्जा– आउसंतो समणा ! अभिकंखसि मे वत्थं**

**धारेत्तए वा परिहरेत्तए वा ? थिरं वा णं संतं णो पलिच्छिंदिय पलिच्छिंदिय परिट्ठवेज्जा जहा मेयं वत्थं पावगं परो मण्णइ । परं च णं अदत्तहारिं पडपहे पेहाए तस्स वत्थस्स णियाणाए णो तेसिं भीओ उम्मग्गेणं गच्छेज्जा** *जाव* **अप्पुस्सुए जाव तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।**

**શબ્દાર્થ :–** **परं च णं** = અને કોઈ **अदत्तहारि** = ચોર(આપ્યા વિના લેનારા) **तस्स वत्थस्स** = તે વસ્ત્રને **णियाणाए** = રાખવા માટે.

**ભાવાર્થ :–**સાધુ કે સાધ્વી સુંદર વર્ણવાળા વસ્ત્રને ખરાબ કરે નહિ તેમજ ખરાબ વસ્ત્રને સુંદર કરે નહિ. મને બીજું સારું વસ્ત્ર મળી જશે એમ વિચારીને પોતાના જુના વસ્ત્રો કોઈ બીજા સાધુને આપે નહિ. કોઈની પાસેથી વસ્ત્ર ઉધાર લે નહિ. પોતાના વસ્ત્રની અદલાબદલી કરે નહિ. બીજા સાધુ પાસે જઈને એમ પણ કહે નહિ– હે આયુષ્યમાન શ્રમણ ! શું તમે મારા વસ્ત્રને ધારણ કરવા, પહેરવા ઇચ્છો છો ? મારા આ વસ્ત્રને બીજા લોકો ખરાબ માને છે, તેમ વિચારીને(તે કારણથી) વસ્ત્રના ટુકડા કરીને પરઠે નહીં.

તે ઉપરાંત જો સાધુ પાસે મનોજ્ઞ વસ્ત્ર હોય તો રસ્તામાં સામે આવતા ચોરોને જોઈને તે વસ્ત્રની રક્ષા માટે ચોરોથી ભયભીત થઈ સાધુ ઉન્માર્ગમાં જાય નહિ, પરંતુ જીવન-મરણ પ્રત્યે હર્ષ-શોકથી મુક્ત બની ***યાવત્*** સમાધિભાવ સાથે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**५ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से विहं सिया, से जं पुण विहं जाणेज्जा– इमंसि खलु विहंसि बहवे आमोसगा वत्थपडियाए संपिंडिया गच्छेज्जा** *जाव* **गामाणुगामं दूइज्जेज्जा ।**

**ભાવાર્થ :–** ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ કે સાધ્વી રસ્તામાં આવતા અટવી-જંગલ અને તે રસ્તાના વિષયમાં જાણે કે આ જંગલમાં ઘણા ચોરો વસ્ત્ર લૂંટવા માટે એકઠા થઈને આવે છે, તો તે સાધુ તેનાથી ડરીને ઉન્માર્ગમાં જાય નહિ ***યાવત્*** સમાધિ ભાવમાં સ્થિર બની યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

**६ से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से आमोसगा संपिंडिया गच्छेज्जा, ते णं आमोसगा एवं वएज्जा आउसंतो समणा ! आहरेयं वत्थं, देहि, णिक्खिवाहि, जहा इरियाए, णाणत्तं वत्थपडियाए ।**

**ભાવાર્થ :–**ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ-સાધ્વીને રસ્તામાં ચોર મળે અને કહે કે– હે આયુષ્યમાન શ્રમણ ! તમારા આ વસ્ત્ર લાવો અને અમારા હાથમાં સોંપી દો કે અમારી સામે રાખી દો.ત્યારે સાધુ વસ્ત્રને ભૂમિ પર રાખી દે પરંતુ ચોરના હાથમાં આપે નહીં, દીનતાપૂર્વક વસ્ત્ર પાછા માંગે નહીં, જો વસ્ત્ર પાછા લેવા હોય, તો ધર્મોપદેશ આપીને લે. આ સર્વ વર્ણન ઈર્યા અધ્યયન(ત્રીજા અધ્યયન) પ્રમાણે જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને વિવિધ પરિસ્થિતિઓમાં વસ્ત્ર પ્રતિ અનાસક્ત ભાવ રાખવાનું સૂચન કર્યું છે.

સાધુ લજ્જાના નિવારણ માટે અનાસક્ત ભાવે વસ્ત્ર ધારણ કરે છે તેથી વસ્ત્રના રંગ પરિવર્તન વગેરે કોઈપણ સંસ્કાર કરે નહીં, નવા વસ્ત્રના અનુરાગથી જૂના વસ્ત્રો કોઈને આપે નહીં, તેના ટુકડા

કરીને પરઠે નહીં, મારું વસ્ત્ર જૂનું થઈ ગયું હોવાથી લોકોને ગમતું નથી, તેમ વિચારીને વસ્ત્રમાં ફેરફાર કરે નહીં. પોતાની પાસે જેવા વસ્ત્રો હોય, તે વસ્ત્રોને તે જ રૂપે ધારણ કરે.

જંગલના માર્ગે વિહાર કરતાં રસ્તામાં ચોર વસ્ત્ર લઈ લેશે તેવા ભયથી સાધુ માર્ગ બદલે નહીં. તે જ રસ્તે જતાં ચોર રસ્તામાં મળી જાય અને વસ્ત્ર માંગે, તો વસ્ત્ર ચોરના હાથમાં આપે નહીં પરંતુ નીચે મૂકી દે. વસ્ત્ર પાછા માંગવા માટે ચોર પાસે જરા માત્ર લાચારી કે ખુશામત કરે નહીં, પરંતુ ચોરને ધર્મોપદેશ આપી, સાધુચર્યાના નિયમો સમજાવીને વસ્ત્ર પાછા આપવાનું કહે.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે સાધુને માટે વસ્ત્ર કેવળ સંયમ સાધનાને માટે છે, તેથી સાધુ કોઈ પણ પરિસ્થિતિમાં વસ્ત્રમાં મમત્વભાવ કરે નહીં. હંમેશાં નિર્ભયપણે, નિર્મમત્વભાવે ખુમારીપૂર્વક સંયમનું પાલન કરે.

**ઉપસંહાર :–**

**૭ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ વસ્ત્રૈષણા સંબંધી વિવેક તે સાધુ-સાધ્વીની આચાર સમગ્રતા અર્થાત્ સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**।। અધ્યયન–૫/૨ સંપૂર્ણ ।।**

**।। પાંચમું અધ્યયન સંપૂર્ણ ।।**

# છઠ્ઠું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ પાત્રૈષણા છે.

સાધુ કે સાધ્વીને સાધનાના સાધનભૂત દેહ નિર્વાહ માટે આહારની આવશ્યકતા છે. તે જ રીતે આહાર ગ્રહણ કરવા માટે પાત્રની પણ જરૂર પડે છે. સાધક જ્યાં સુધી દૃઢ મનોબળપૂર્વક કરપાત્રી ન બને ત્યાં સુધી તે સૂત્રોક્ત ત્રણ પ્રકારના પાત્રમાંથી કોઈપણ પાત્ર રાખે છે.

સાધુને કેવા અને કેટલા પાત્રો રાખવા, પાત્રની યાચના કેવી રીતે કરવી વગેરે વિષયોનું પ્રતિપાદન આ પાત્રૈષણા અધ્યયનમાં કર્યું છે.

પાત્રના બે પ્રકાર છે– દ્રવ્યપાત્ર અને ભાવપાત્ર.

જેમાં પદાર્થોનું ગ્રહણ થાય તે **દ્રવ્યપાત્ર** છે અને અનંતગુણોના રહેવાના ભાજન રૂપ આત્મા સ્વયં **ભાવપાત્ર** છે. અનંત ગુણોના પ્રગટીકરણ માટે રત્નત્રયીની સાધના કરતા હોવાથી સાધુ ભાવપાત્ર છે.

પ્રસ્તુત અધ્યયનમાં દ્રવ્યપાત્ર વિષયક વિચારણા છે.

આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** પાત્રના પ્રકાર, પાત્રની મર્યાદા, એષણીય-અનેષણીય પાત્ર, બહુમૂલ્યવાન પાત્ર ગ્રહણનો નિષેધ, પાત્ર પ્રતિલેખન, પાત્રૈષણા સંબંધી ચાર પડિમાઓ; આ રીતે પાત્ર સંબંધી વિધિ-નિષેધનું કથન છે.

**બીજા ઉદ્દેશકમાં** પાત્ર ધારણ વિધિનું વિસ્તૃત વર્ણન છે.

આ રીતે બંને ઉદ્દેશક દ્વારા પાત્ર સંબંધી ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણાનું પ્રતિપાદન છે. સાધુ પોતાની આવશ્યકતા પ્રમાણે નિર્દોષ પાત્ર ગ્રહણ કરે અને રાગ-દ્વેષ રહિત અનાસક્ત ભાવે તેનો ઉપયોગ કરે છે.

❖❖❖❖❖

# છઠ્ઠું અધ્યયન : પાત્રૈષણા

## પહેલો ઉદ્દેશક

**પાત્રના પ્રકાર અને મર્યાદા :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा पायं एसित्तए, से जं पुण पायं जाणेज्जा, तं जहा– अलाउपायं वा दारुपायं वा मट्टियापायं वा, तहप्पगारं पायं, जे णिग्गंथे तरुणे जुगवं बलवं अप्पायंके थिरसंघयणे, से एगं पायं धारेज्जा, णो बिइयं ।**

**શબ્દાર્થ :–**लाउयपायं = તુંબડાનું પાત્ર **दारुपायं** = લાકડાનું પાત્ર **मट्टियापायं** = માટીનું પાત્ર **एगं पायं धारेज्जा** = ત્રણમાંથી એક જાતિના પાત્રને ધારણ કરે **णो बिइयं** = બીજા પાત્ર રાખે નહિ.

**ભાવાર્થ :–**સંયમશીલ સાધુ કે સાધ્વી જો પાત્ર ગ્રહણ કરવા ઈચ્છે તો તે પાત્રના વિષયમાં આ પ્રમાણે જાણે– તુંબડાનું પાત્ર, લાકડાનું પાત્ર અને માટીનું પાત્ર, આ ત્રણ પ્રકારનાં પાત્રમાંથી જે નિર્ગ્રંથ તરુણ, બલિષ્ઠ, સ્વસ્થ અને દઢ સંહનનવાળા છે, તે કોઈ એક જાતના પાત્રને ધારણ કરે, બીજા પ્રકારનાં પાત્રને રાખે નહિ.

**२ से भिक्खू वा भिक्खुणी वा परं अद्धजोयणमेराए पायपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી બે ગાઉથી વધુ દૂરના સ્થાનમાં પાત્ર લેવા જવાનો મનમાં વિચાર કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને ગ્રાહ્ય પાત્રના પ્રકાર તથા પાત્ર ગ્રહણની જાતિ અને ક્ષેત્ર મર્યાદાનું કથન છે.

સાધુને પોતાના આહાર-પાણી માટે તથા વૃદ્ધ, તપસ્વી, ગ્લાન આદિ સાધુઓની વૈયાવચ્ચ માટે પાત્રની જરૂર પડે છે, તેથી સાધુ આગમિક મર્યાદા અનુસાર પાત્ર ધારણ કરે છે.

સૂત્રકારે સાધુને માટે ગ્રાહ્ય ત્રણ પ્રકારના પાત્રનું કથન કર્યું છે– (૧) તુંબડાનું પાત્ર, (૨) લાકડાનું પાત્ર અથવા (૩) માટીનું પાત્ર. આ ત્રણે પ્રકારનાં પાત્રો લઘુતા સૂચક હોય છે. શ્રી ઠાણાંગ સૂત્ર આદિ અનેક શાસ્ત્રોમાં પણ સાધુને ઉપરોક્ત ત્રણ પ્રકારના પાત્ર ધારણ કરવાનું કથન છે. તે ઉપરાંત સંન્યાસી–પરિવ્રાજક આદિના ઉપકરણ વિષયક આગમિક વર્ણનોમાં તેઓને માટે પણ આ ત્રણ જાતિના પાત્રનું વિધાન જોવા મળે છે.

**एगं पायं धारेज्जा :–** સામાન્ય રીતે સાધુ ત્રણ જાતના પાત્ર ધારણ કરી શકે છે. તેમાં તરુણ, બલવાન,

દઢ સંઘયણવાળા સાધુ એક જ પ્રકારના એટલે લાકડાના કે માટીના અથવા ક્યારેક તુંબડાના તેમ કોઈ પણ એક પ્રકારના જ પાત્ર ધારણ કરી શકે છે.

વ્યાખ્યામાં **एगं पायं धारेज्जा** – સૂત્રમાં **'एगं'** શબ્દને સંખ્યાવાચી ગણીને તેની વ્યાખ્યા કરી છે. એક પાત્ર રાખવાનું સૂત્રોક્ત કથન જિનકલ્પી સાધુને માટે છે. સ્થવિર કલ્પી સાધુઓ ઓછામાં ઓછા ત્રણ પાત્ર રાખે છે.

સાધુ પોતાની શારીરિક શકિત, સંયોગ આદિનો વિચાર કરીને ક્રમશઃ વૃત્તિસંક્ષેપ કરતા સાધુ જીવનની મર્યાદાથી ઉપધિને ઘટાડતા જાય છે. પાત્ર ઊણોદરી સંબંધી આગમિક વર્ણનમાં ગણનાની અપેક્ષાએ એક કે બે પાત્ર રાખવાથી સાધુને ઊણોદરી તપ થાય છે. તથાપ્રકારનું કથન જોવા મળે છે. આ રીતે સાધુ સંખ્યાની અપેક્ષાએ અથવા જાતિની અપેક્ષાએ પોતાની મર્યાદા ઘટાડીને એક પાત્ર ધારણ કરે છે.

સાધુ-સાધ્વી આહાર, પાણી, વસ્ત્રની જેમ પાત્રની ગવેષણા માટે પણ બે ગાઉ સુધી જ જઈ શકે છે. તેનાથી વધુ દૂરના ક્ષેત્રમાં પાત્ર પ્રાપ્ત થાય, તેમ હોય અને પાત્રની આવશ્યકતા હોય, તો સાધુ વિહાર કરીને વિચરણ કરતાં ત્યાં જઈ શકે છે.

**દોષયુક્ત પાત્ર ગ્રહણ નિષેધ :–**

**३ जे भिक्खू वा भिक्खुणी वा से जं पुण पायं जाणेज्जा– अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं जहा पिंडेसणाए चत्तारि आलावगा । पंचमो बहवे समण-माहण पगणिय-पगणिय तहेव ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાત્રના વિષયમાં જાણે કે ગૃહસ્થે નિર્ગ્રંથ સાધુને આપવાના હેતુથી એક સાધર્મિક સાધુના લક્ષ્યે પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોનો સમારંભ કરી પાત્ર તૈયાર કર્યું છે; તે પાત્ર ઔદ્દેશિક– સાધુ માટે બનાવેલું, ક્રીત–સાધુ માટે ખરીદેલું, પ્રામિત્ય– ઉધાર લાવેલું, અચ્છેદ્ય– બળજબરીથી ઝૂંટવીને લાવેલું, અનિસૃષ્ટ– માલિકની આજ્ઞા વિનાનું, અભ્યાહત– સામેથી લાવેલું છે અને તે અપુરુષાંતરકૃત ***યાવત્*** અનાસેવિત હોય, તો સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

આ રીતે એક કે અનેક સાધુ અને એક કે અનેક સાધ્વીના ઉદ્દેશથી તૈયાર કરેલા પાત્ર સાધુ ગ્રહણ ન કરે. આ ચારે આલાપક પિંડૈષણાની જેમ જાણવા અને પાંચમો આલાપક ઘણા શ્રમણો, બ્રાહ્મણોને ગણી ગણીને તૈયાર કરાવવાના વિષયમાં જાણવો.

**४ से भिक्खू वा भिक्खुणी वा** *जाव* **बहवे समण-माहण समुद्दिस्स एवं जहा पिंडेसणाए** *जाव* **पुरिसंतरकडं पडिगाहेज्जा । तहेव असंजए भिक्खुपडियाए कीयं वा, एवं वत्थेसणा आलावओ** *जाव* **पुरिसंतरकडं पडिग्गाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાત્રના વિષયમાં જાણે કે ગૃહસ્થે ઘણા જૈનેતર શ્રમણ, બ્રાહ્મણ આદિના સમુચ્ચય લક્ષ્યે પાત્ર બનાવ્યા છે, તે સર્વ આલાપક વસ્ત્રૈષણાની સમાન સમજી લેવા જોઈએ ***યાવત્*** પુરુષાંતરકૃત હોય તો ગ્રહણ કરી શકે છે. તેમજ ગૃહસ્થ સાધુ માટે પાત્ર ખરીદીને લાવ્યા હોય વગેરે આલાપક પણ વસ્ત્રૈષણાની સમાન જાણવા ***યાવત્*** પુરુષાંતરકૃત હોય તો ગ્રહણ કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને ઔદેશિક આદિ દોષયુક્ત પાત્ર ન લેવાનું કથન પિંડૈષણા અને વસ્ત્રૈષણા અધ્યયનના અતિદેશપૂર્વક કર્યું છે.

એક કે અનેક સાધર્મિક સાધુ કે સાધ્વીના ઉદ્દેશથી આરંભ-સમારંભ કરીને તૈયાર કરેલું પાત્ર પુરુષાન્તરકૃત હોય કે અપુરુષાંતરકૃત હોય, સાધુ માટે તે કલ્પનીય નથી.

જૈન-જૈનેતર શ્રમણ-બ્રાહ્મણાદિ ભિક્ષુકોની ગણના કરીને તેના ઉદ્દેશથી તૈયાર કરેલું પાત્ર પુરુષાંતરકૃત કે અપુરુષાંતરકૃત હોય તે સર્વ અકલ્પનીય છે. જે પાત્ર શ્રમણ, બ્રાહ્મણ આદિ કોઈની ગણના કર્યા વિના સામાન્ય ઉદ્દેશથી તૈયાર કરેલા હોય અને તે પાત્ર અપુરુષાંતર કૃત હોય, તો સાધુ માટે કલ્પનીય નથી, પરંતુ પુરુષાંતરકૃત થયા પછી તે સાધુને માટે કલ્પનીય હોય છે.

જે પાત્ર સાધુના નિમિત્તે વેંચાતા લીધા હોય, ઉધાર લીધા હોય, કોઈ પાસેથી ઝૂંટવીને લીધા હોય, પાત્રને ધોયા હોય, તેમાં રંગ-રોગાન કર્યા હોય, ઘસીને સુંવાળા કર્યા હોય, સુગંધી દ્રવ્યોથી સંસ્કારિત કર્યા હોય વગેરે કોઈપણ પ્રકારે સાધુના નિમિત્તે પાત્રને સંસ્કારિત કર્યા હોય, તો તે સાધુ માટે કલ્પનીય નથી.

તે પાત્ર પુરુષાંતરકૃત થઈ જાય અર્થાત્ સાધુ માટે ખરીદેલા પાત્ર કોઈને આપી દીધા હોય, કોઈએ તેનો ઉપયોગ કરી લીધો હોય, તો તે પાત્રને સાધુ પોતાની આવશ્યકતા પ્રમાણે ગ્રહણ કરી શકે છે.

**મૂલ્યવાન પાત્ર ગ્રહણ નિષેધ :–**

**૫ से भिक्खू वा भिक्खुणी वा से जाइं पुण पायाइं जाणेज्जा विरूवरूवाइं महद्धणमुल्लाइं, तं जहा– अयपायाणि वा तउपायाणि वा तंबपायाणि वा सीसगपायाणि वा हिरण्णपायाणि वा सुवण्णपायाणि वा रीरियपायाणि वा हारपुडपायाणि वा मणि-काय-कंसपायाणि वा संखसिंगपायाणि वा दंतपायाणि वा चेलपायाणि वा सेलपायाणि वा चम्मपायाणि वा; अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं महद्धणमुल्लाइं पायाइं अफासुयाइं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **अयपायाणि** = લોખંડના પાત્ર **तउपायाणि** = કથીરના પાત્ર **रीरियपायाणि** = પીત્તળના પાત્ર **हारपुडपायाणि** = પોલાદના પાત્ર **मणिकायकंस पायाणि** = મણિ, કાચ અને કાંસાના પાત્ર.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાત્રના વિષયમાં જાણે કે લોખંડનાં પાત્ર, કથીરનાં પાત્ર, ત્રાંબાનાં પાત્ર, સીસાનાં પાત્ર, ચાંદીનાં પાત્ર, સુવર્ણનાં પાત્ર, પિત્તળનાં પાત્ર, લોખંડ વિશેષનાં(પોલાદના) પાત્ર, મણિ, કાચ અને કાંસાનાં પાત્ર, શંખ અને શીંગડાનાં પાત્ર, હાથી દાંતનાં પાત્ર, વસ્ત્રનાં પાત્ર, પથ્થરનાં પાત્ર, ચર્મનાં પાત્ર છે તથા અન્ય પણ આવા પ્રકારના વિવિધ અતિ કીમતી પાત્રોને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**૬ से भिक्खू वा भिक्खूणी वा से जाइं पुण पायाइं जाणेज्जा विरूवरूवाइं महद्धणबंधणाइं, तं जहा– अयबंधणाणि वा** *जाव* **चम्मबंधणाणि वा, अण्णयराइं वा तहप्पगाराइं महद्धणबंधणाइं अफासुयाइं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પાત્રના વિષયમાં જાણે કે જે વિવિધ પ્રકારના બહુ કીમતી બંધનવાળા પાત્ર છે, જેમ કે– લોખંડના બંધનવાળા ***યાવત્*** ચર્મબંધનવાળા તથા અન્ય આ પ્રકારના બહુમૂલ્યવાન બંધન- વાળા પાત્રો છે, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને મહામૂલ્યવાન પાત્ર તેમજ બહુ કીમતી બંધનવાળા પાત્ર ગ્રહણ કરવાનો નિષેધ છે. બહુમૂલ્યવાન પાત્ર નિષ્પરિગ્રહી સાધુ-સંન્યાસીને યોગ્ય નથી, તેવા પાત્ર ગૃહસ્થોને યોગ્ય ગણાય છે. આગમ વર્ણનો જોતા એ સ્પષ્ટ થાય છે કે સાધુ-સંન્યાસી, પરિવ્રાજક વગેરે ગૃહ ત્યાગીને લાકડા, માટી અને તુંબડા, આ ત્રણ પ્રકારના પાત્રનો ઉપયોગ કરે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ ત્રણે જાતિના પાત્રો લઘુતા સૂચક અને સાદગીવાળા છે.

બહુમૂલ્યવાન પાત્રોમાં કે બહુમૂલ્યવાન બંધનવાળા પાત્રોની ચોરી થવાનો ભય રહે છે. સાધુને તેના પર મમત્વભાવ જાગૃત થવાથી સંગ્રહ વૃત્તિ થાય, કાચ આદિના પાત્ર તૂટી જાય, પછી તેનો ઉપયોગ થતો નથી. શંખનાં પાત્ર, હાથી દાંતનાં પાત્ર, ચર્મ પાત્ર વગેરે પાત્રો ત્રસ જીવોની હિંસાજન્ય અને દુર્લભ હોય છે. ઉપરોક્ત અનેક કારણોથી તથા સાધુ જીવનની વ્યવહાર શુદ્ધિ માટે સાધુ સૂત્રોક્ત ત્રણ પ્રકારના પાત્રનો ઉપયોગ કરે.

**પાત્રૈષણાની ચાર પ્રતિમાઓ :–**

**૭ इच्चेयाइं आयतणाइं उवाइकम्म, अह भिक्खू जाणेज्जा चउहिं पडिमाहिं पायं एसित्तए ।**

**तत्थ खलु इमा पढमा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा उद्दिसिय उद्दिसिय पायं जाएज्जा, तं जहा– लाउयपायं वा दारुपायं वा मट्टियापायं वा, तहप्पगारं पायं सयं वा णं जाएज्जा** *जाव* **पडिगाहेज्जा । पढमा पडिमा ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત દોષ સ્થાનોનું વર્જન કરીને સાધુએ ચાર પ્રતિમાઓપૂર્વક(અભિગ્રહપૂર્વક) પાત્રૈષણા કરવી જોઈએ.

પહેલી પ્રતિમા આ પ્રમાણે છે કે સાધુ કે સાધ્વી કલ્પનીય પાત્રનું નામ લઈને યાચના કરે, જેમ કે– તુંબડાનું પાત્ર, લાકડાનું પાત્ર કે માટીનું પાત્ર, આ પ્રકારના પાત્રોમાંથી કોઈ એક જાતના પાત્રની યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો તેને પ્રાસુક અને એષણીય જાણીને પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે. આ **પહેલી પ્રતિમા** છે.

**૮ अहावरा दोच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा पेहाए पायं जाएज्जा, तं जहा– गाहावई वा** *जाव* **कम्मकरी वा, से पुव्वामेव आलोएज्जा, आउसो ! ति वा, भइणी ! ति वा, दाहिसि मे एत्तो अण्णयरं पायं, तंजहा– लाउयपायं वा दारुपायं वा मट्टियापायं वा, तहप्पगारं पायं सयं वा णं जाएज्जा** *जाव* **पडिगाहेज्जा । दोच्चा पडिमा ।**

**ભાવાર્થ :–** બીજી પ્રતિમા આ પ્રમાણે છે કે સાધુ કે સાધ્વી સામે દેખાતા પાત્રોને જોઈને ગૃહસ્થ ***યાવત્*** નોકરાણીઓ પાસેથી તેની યાચના કરે. સાધુ પાત્રને જોઈને કહે કે– હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ ! કે બહેન ! તમે મને તુંબડા, લાકડા કે માટીના, આ સામે રહેલા પાત્રમાંથી કોઈ પાત્ર આપશો ? આ પ્રકારના પાત્રની સ્વયં યાચના કરે કે ગૃહસ્થ સ્વયં આપે, તો તેને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે. આ **બીજી પ્રતિમા** છે.

**૯ अहावरा तच्चा पडिमा– से भिक्खू वा भिक्खूणी वा से जं पुण पायं जाणेज्जा संगइयं वा वेजयंतियं वा, तहप्पगारं पायं सयं वा *जाव* पडिगाहेज्जा। तच्चा पडिमा ।**

**શબ્દાર્થ :–** **संगइयं** = ગૃહસ્થનું વાપરેલું પાત્ર **वेजयंतियं** = બે, ત્રણ, વપરાતા પાત્રમાંથી મળશે તો **उज्झियधम्मियं पायं जाएज्जा** = ફેંકી દેવા યોગ્ય અમનોજ્ઞ પાત્રની યાચના કરે.

**ભાવાર્થ :–** ત્રીજી પ્રતિમા આ પ્રમાણે છે કે સાધુ કે સાધ્વી ગૃહસ્થે વાપરેલા અથવા વારાફરતી વપરાતા બે-ત્રણ પાત્ર હોય, તેવા પાત્રને જાણે અને પૂર્વની જેમ સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે, તો તેને પ્રાસુક અને એષણીય જાણીને પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે. આ **ત્રીજી પ્રતિમા** છે.

**૧૦ अहावरा चउत्था पडिमा– से भिक्खू वा भिक्खूणी वा उज्झियधम्मियं वा पायं जाएज्जा– जं च अण्णे बहवे समण-माहण-अतिहि-किवण-वणीमगा णावकंखंति, तहप्पगारं उज्झिय-धम्मियं पायं सयं वा णं जाएज्जा *जाव* पडिगाहेज्जा । चउत्था पडिमा ।**

**इच्चेयाणं चउण्हं पडिमाणं अण्णयरं पडिमं जहा पिंडेसणाए ।**

**ભાવાર્થ :–** ચોથી પ્રતિમા આ પ્રમાણે છે કે સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં ફેંકી દેવા યોગ્ય પાત્રની યાચના કરે. જે પાત્રને અન્ય ઘણા શ્રમણ, બ્રાહ્મણ ***યાવત્*** ભિખારી પણ ઈચ્છતા ન હોય, તેવા પાત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો તેને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે. આ **ચોથી પ્રતિમા** છે.

પિંડૈષણા અધ્યયનના વર્ણન અનુસાર સાધુ કે સાધ્વી કોઈ પણ પ્રતિમાનો સ્વીકાર કરીને અહંકાર કરે નહીં કે બીજાને તુચ્છ માને નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાત્રૈષણા સંબંધી ચાર પ્રતિમાઓનું નિરૂપણ છે. ચારે ય પ્રતિમાઓના નામ તેમજ વિધિ વસ્ત્રૈષણાની પ્રતિમાઓની સમાન છે– (૧) ઉદ્દિષ્ટા (૨) પ્રેક્ષા (૩) પરિભુક્તપૂર્વા અને (૪) ઉજ્ઝિતધર્મા. નિર્ગ્રંથ સાધુ આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ પણ પ્રતિમાને ગ્રહણ કરી દૃઢતાપૂર્વક તેનું પાલન કરે છે. આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ એકને ધારણ કરનાર મુનિ બીજા મુનિઓને તુચ્છ ન ગણે. પોતાની જાતને મહાન કે શ્રેષ્ઠ માને નહિ પરંતુ પડિમાનો સ્વીકાર કરનાર સર્વ સાધુઓ જિનાજ્ઞાના આરાધક છે; તેમ માનીને પરસ્પર સમાધિભાવ અને સદ્ભાવ રાખે.

**संगइयं :–** જે પાત્રનો ઉપયોગ ગૃહસ્થ હંમેશાં કરતા હોય, તે પાત્ર સંગતિક કહેવાય છે અને **वेजयंतियं**– જે પાત્રનો ઉપયોગ ગૃહસ્થ હંમેશાં કરતા ન હોય, પરંતુ કોઈ ઉત્સવના પ્રસંગે જ તેનો ઉપયોગ કરતા હોય, તે પાત્રને વૈજયંતિક કહેવાય છે.

**અનેષણીય પાત્ર ગ્રહણ નિષેધ :–**

**११ से णं एयाए एसणाए एसमाणं पासित्ता परो वएज्जा– आउसंतो समणा ! एज्जासि तुमं मासेण वा जहा वत्थेसणाए ।**

**ભાવાર્થ :–**પાત્રની ગવેષણા કરતા જોઈને કોઈ ગૃહસ્થ સાધુને કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! હમણા તમે જાઓ, તમે એક માસ પછી યાવત્ કાલે આવજો ઈત્યાદિ સર્વ વર્ણન વસ્ત્રૈષણા અધ્યયન પ્રમાણે જાણવું.

**१२ से णं परो णेत्ता वएज्जा– आउसो ! त्ति वा भइणी ! त्ति वा आहरेयं पायं, तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा अब्भंगेत्ता वा; तहेव सिणाणाइ तहेव सीओदगादि, कंदादि तहेव ।**

**ભાવાર્થ :–**કદાચિત્ કોઈ ગૃહસ્થ પાત્રની ગવેષણા કરતા સાધુને જોઈને પોતાના પરિવારના કોઈ પુરુષ કે સ્ત્રીને બોલાવીને કહે– હે આયુષ્યમાન ભાઈ કે બહેન ! આ પાત્ર લાવો, આપણે તેના પર તેલ, ઘી, માખણ કે અન્ય કોઈ સ્નિગ્ધ પદાર્થ લગાવીને સાધુને આપીએ. તે જ રીતે સુગંધી પદાર્થોથી એકવાર કે વારંવાર લગાવીને, ઠંડા પાણી કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધોઈને, તેમાંથી કંદાદિ કે લીલી વનસ્પતિઓ કાઢીને સાફ કરીને આપીએ ઈત્યાદિ સર્વ વર્ણન વસ્ત્રૈષણા પ્રમાણે જાણવું.

**१३ से णं परो णेत्ता वएज्जा– आउसंतो समणा ! मुहुत्तगं मुहुत्तगं अच्छाहि जाव ताव अम्हे असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवकरेंसु वा उवक्खडेंसु वा, तो ते वयं आउसो ! सपाणं सभोयणं पडिग्गहगं दासामो, तुच्छए पडिग्गहए दिण्णे समणस्स णो सुट्ठु णो साहु भवइ । से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा, भइणी ! ति वा, णो खलु मे कप्पइ आहाकम्मिए असणे वा पाणे वा खाइमे वा साइमे वा भोत्तए वा पायए वा, मा उवकरेहि, मा उवक्खडेहि । अभिकंखसि मे दाउं ? एमेव दलयाहि । से सेवं वयंतस्स परो असणं वा पाणं वा खाइमं वा साइमं वा उवकरेत्ता उवक्खडेत्ता सपाणगं सभोयणं पडिग्गहगं दलएज्जा, तहप्पगारं पडिग्गहगं अफासुयं *जाव* णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **अच्छाहि** = રહો **उवकरेंसु** = તૈયાર કરીને **उवक्खडेंसु** = અગ્નિ પર પકાવીને **तुच्छए** = ખાલી **णो सुट्ठु** = શ્રેષ્ઠ લાગે નહિ **णो साहु भवइ** = સારું લાગે નહિ.

**ભાવાર્થ :–**કદાચિત્ કોઈ ઘર માલિક સાધુને આ પ્રમાણે કહે– હે આયુષ્યમાન શ્રમણ ! આપ થોડીકવાર ઊભા રહો. અમે હમણા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરશું. હે આયુષ્યમાન્ ! અમે આપને પાણી અને ભોજનથી ભરેલા પાત્ર આપશું કારણ કે સાધુને ખાલી પાત્ર આપવું યોગ્ય નથી. ત્યારે સાધુ વિચારીને ગૃહસ્થને પહેલાં જ કહી દે કે હે આયુષ્યમન્ ગૃહસ્થ ! હે આયુષ્યમતી બહેન ! મને આધાકર્મી

આહાર, પાણી ગ્રહણ કરવા કલ્પતા નથી. તમે મારા માટે આહારાદિ તૈયાર કરીને કે રાંધી ન આપો. જો તમે મને પાત્ર આપવાની ઈચ્છા રાખતા હો, તો પાત્ર એમ જ આપો. સાધુ આ પ્રમાણે કહે છતાં પણ જો ગૃહસ્થ આહારાદિ બનાવીને, પાત્રમાં તે ભરીને આપે, તો સાધુ તે પાત્રને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં પણ ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વસ્ત્રૈષણાના અતિદેશપૂર્વક સાધુ–સાધ્વીને અનેષણીય પાત્ર ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે.

સાધુના નિમિત્તે પાત્રમાં કોઈપણ પ્રકારના સંસ્કાર કરે, બજારમાંથી ખરીદે, ઉછીનું લાવે આદિ અનેક વિધિ–નિષેધ આ સૂત્રમાં છે, જેમ કે– (૧) ગૃહસ્થ સાધુને થોડીવાર પછી ***યાવત્*** એક માસ પછી આવીને પાત્રને લઈ જવાનું કહે (૨) પાત્રને તેલ, ઘી આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને આપે (૩) પાત્રને સુગંધિત પદાર્થો લગાવીને આપે (૪) ઠંડા કે ગરમ પાણીથી ધોઈને આપે (૫) પાત્રમાં રાખેલા કંદ આદિ લીલોતરી, બીજ, ધાન્ય વગેરે કાઢીને, તેને સાફ કરીને આપે. (૬) આહારપાણી તૈયાર કરાવી તેનાથી પાત્ર ભરીને સાધુને આપવાનું કહે. આ સર્વ કથનમાં સાધુના નિમિત્તે સાવદ્ય ક્રિયાની સંભાવના છે, તેથી ગૃહસ્થના તથાપ્રકારના વાર્તાલાપને સાંભળતાં જ સાધુ તેને પહેલાંથી જ સાવધાન કરી દે કે આવા અનેષણીય આહારયુક્ત પાત્ર મારા માટે કલ્પનીય નથી. સાધુ આધાકર્મ આદિ સર્વ દોષોથી રહિત પૂર્ણપણે નિર્દોષ રીતે પોતાની આવશ્યકતાની પૂર્તિ કરે છે.

**પાત્ર ગ્રહણ પૂર્વે પ્રતિલેખન :–**

**१४ सिया परो णेत्ता पडिग्गहगं णिसिरेज्जा, से पुव्वामेव आलोएज्जा– आउसो ! ति वा, भइणी ! ति वा, तुमं चेव णं संतियं पडिग्गहगं अंतोअंतेणं पडिलेहिस्सामि । केवली बूया– आयाणमेयं, अंतो पडिग्गहगंसि पाणाणि वा बीयाणि वा हरियाणि वा, अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा** *जाव* **जं पुव्वामेव पडिग्गहगं अंतोअंतेण पडिलेहेज्जा ।**

**શબ્દાર્થ :–** **णिसिरेज्जा** = આપે **संतियं** = વિદ્યમાન **पडिग्गहगं** = પાત્ર.

**ભાવાર્થ :–**કદાચિત્ કોઈ ગૃહસ્થ પાત્રને સંસ્કારિત કર્યા વિના જ લાવીને સાધુને આપવા લાગે, તો સાધુ વિચારપૂર્વક પહેલાં જ તેને કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ભાઈ કે બહેન ! હું તમારા આ પાત્રનું અંદર, બહાર, ચારે બાજુથી સારી રીતે પ્રતિલેખન કરીશ, આ રીતે કહીને મુનિ ગૃહસ્થની આજ્ઞા લઈને તે પાત્રોનું અંદર-બહાર નિરીક્ષણ કરે કારણ કે તે પાત્રમાં જીવજંતુ, બીજ કે લીલોતરી આદિની સંભાવના હોય છે, પ્રતિલેખન કર્યા વિના પાત્ર ગ્રહણ કરવું, તે કર્મબંધનું કારણ છે, તેમ કેવળી ભગવાને કહ્યું છે. સાધુઓ માટે તીર્થંકરાદિ આપ્ત પુરુષોએ પહેલાથી જ આ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે સાધુએ પાત્ર ગ્રહણ કરતાં પહેલાં પાત્રની અંદર, બહાર ચારે તરફ પ્રતિલેખન કરી લેવું જોઈએ.

**१५ सअंडादि सव्वे आलावगा जहा वत्थेसणाए, णाणत्तं तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा सिणाणादि** *जाव* **अण्णयरंसि वा तहप्पगारंसि थंडिल्लंसि**

**पडिलेहिय-पडिलेहिय पमज्जिय-पमज्जिय तओ संजयामेव आयावेज्ज वा पयावेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળા યુક્ત પાત્રને ગ્રહણ કરે નહિ ઈત્યાદિ સર્વ આલાપક વસ્ત્રૈષણાની સમાન જાણી લેવા જોઈએ. વિશેષતા એ છે કે જો તે તેલ, ઘી, માખણ, અન્ય સ્નિગ્ધ પદાર્થો તથા સુગંધિત પદાર્થો લગાવીને પાત્રને નવું કે સુંદર બનાવવા ઈચ્છે ઈત્યાદિ સર્વ વર્ણન વસ્ત્રૈષણાની જેમ જાણવું ***યાવત્*** સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન, પ્રમાર્જન કરી યતનાપૂર્વક તે પાત્રને ધૂપમાં સૂકવે, વિશેષ સૂકવે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગૃહસ્થ પાસેથી પાત્ર ગ્રહણ કરતાં પહેલાં તેનું પ્રતિલેખન એટલે નિરીક્ષણ કરવાનું પ્રતિપાદન છે અને ત્યાર પછી સંક્ષિપ્ત પાઠ દ્વારા સંપૂર્ણ વર્ણન વસ્ત્રૈષણાની સમાન જાણવાનું સૂચન છે.

વસ્ત્રૈષણા નામના પાંચના અધ્યયનના પ્રથમ ઉદ્દેશકના સૂત્ર–૧૬ થી ૨૧ સુધીના સૂત્રોનું અહીં પાત્ર સાથે કથન કરવું જોઈએ. તેમાં વિશેષતા છે કે વસ્ત્રમાં તેલ, ઘી આદિ લગાડવાનું કથન નથી અને પાત્રમાં તેનું કથન કરવું જોઈએ. તે સિવાય સર્વ કથન વસ્ત્રૈષણાની સમાન જાણવું.

**अणलं अथिरं... :–** (૧) **अणलं**– અપર્યાપ્ત. જે પાત્ર પ્રયોજનને સિદ્ધ કરવામાં ઉપયોગી ન હોય, તે **अणलं** કહેવાય છે, જેમ કે પાણી માટે પાત્રની જરૂર હોય અને ગૃહસ્થને ત્યાં જે પાત્ર હોય, તે એકદમ નાનું હોય, તો તે પાત્ર નિર્દોષ હોવા છતાં પાણી લેવા માટે ઉપયોગી થતું નથી (૨) **अथिरं**– અસ્થિર. પાત્ર મજબૂત અને ટકાઉ ન હોય અથવા એકદમ જૂનું, તરત જ તૂટી જાય તેવું હોય, તેને અસ્થિર કહેવાય છે. (૩) **अधुवं**– અધ્રુવ. ગૃહસ્થ તેને બે-પાંચ દિવસ આદિ અલ્પકાલ માટે જ આપતા હોય, સદા માટે સંપૂર્ણપણે ન આપે, તો તે અધ્રુવ કહેવાય છે. (૪) **अधारणिज्जं**– અધારણીય. આગમ આજ્ઞા પ્રમાણે સાધુને યોગ્ય ન હોય, રંગ-બેરંગી કે ચિત્રવાળું હોય, તે અધારણીય કહેવાય છે. (૫) **रोइज्जंतं ण रोयइ**– ઈચ્છા હોવા છતાં પણ તે રાખી શકાય તેમ ન હોય. સાધુની પાસે જે પાત્ર છે તેની સાથે તે પાત્રને રાખવામાં કોઈ મેળ ન હોય, જોડમાં ક્યાંય બંધ બેસતું ન હોય, વજનમાં ભારે હોય તો તે અપેક્ષાએ અહીં **रोइज्जंतं ण रोयइ** આ કથન દ્વારા તેવા પાત્ર ગ્રહણનો નિષેધ છે.

આ રીતે જે પાત્ર અપર્યાપ્ત, અસ્થિર, અધ્રુવ અને અધારણીય હોય તથા બંધ બેસતું ન હોય તો સાધુ તેને ગ્રહણ કરે નહીં.

**अलं, थिरं :–** જે પાત્ર (૧) પ્રયોજનને સિદ્ધ કરવામાં ઉપયોગી હોય, (૨) મજબૂત અને ટકાઉ હોય, (૩) ગૃહસ્થ કાયમ માટે વહોરાવી દેતા હોય (૪) આગમ આજ્ઞાથી કલ્પનીય હોય (૫) ગ્રહણ કરનાર સાધુના અન્ય પાત્ર સાથે બંધ બેસતું હોય, આ પાંચ ગુણોથી યુક્ત પાત્ર પ્રાપ્ત થાય તો સાધુ તેને ગ્રહણ કરી શકે છે.

**અન્ય વર્જનીય દોષો :–** (૧) પાત્રમાં જીવજંતુ હોય, તો સાધુ ગ્રહણ કરે નહીં (૨) પાત્ર ગ્રહણ કર્યા પછી તેને નવું, સુંદર બનાવવા થોડા કે વધારે સુગંધિત પદાર્થોનો લેપ કરે નહિ (૩) પ્રયોજન વિના પાત્રને તેલ, ઘી આદિ લગાવે નહીં (૪) પાત્ર નવું બનાવવા માટે થોડા કે ઝાઝા, ઠંડા કે ગરમ પાણીથી ધુએ નહિ (૫) પાત્રને સૂકવવા માટે સચિત્ત પૃથ્વી ઉપર મૂકે નહિ (૬) પાત્રને ઠૂંઠા ઉપર, ઉંબરા પર, ખાંડણિયા પર, નાવાના બાજોઠ ઉપર સૂકવે નહિ, તેમજ ચલાયમાન ઊંચા સ્થાન ઉપર સૂકવવા મૂકે નહિ. (૭) દીવાલ,

ભીંત, શિલા, પથ્થર કે એવા અન્ય કોઈ ઊંચા સ્થાને તેમજ ડગમગતી જગ્યા પર પાત્રને સૂકવવા મૂકે નહિ (૮) સ્તંભગૃહ, મંચગૃહ, ઉપરના માળમાં મહેલ ઉપર કે હવેલી આદિની ખુલ્લી છત પર પાત્રને સૂકવે નહિ.

પાત્રને એકાંતમાં લઈ જઈને અચિત્ત નિર્દોષ સ્થંડિલભૂમિને પોંજીને યતના પૂર્વક પાત્રને સૂકવવા મૂકે. આ સર્વ કથન વસ્ત્રૈષણા પ્રમાણે સમજવું.

**ઉપસંહાર :–**

**१६ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પાત્રૈષણાનો વિવેક જ સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા-સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**।। અધ્યયન–૬/૧ સંપૂર્ણ ।।**

# છઠ્ઠું અધ્યયન : બીજો ઉદ્દેશક

**ગોચરી પૂર્વે પાત્ર પ્રતિલેખન :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसमाणे पुव्वामेव पेहाए पडिग्गहगं, अवहट्टु पाणे, पमज्जिय रयं, तओ संजयामेव गाहावइकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा पविसेज्ज वा । केवली बूया आयाणमेयं । अंतो पडिग्गहगंसि पाणे वा बीए वा रए वा परियावज्जेज्जा । अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा जं पुव्वामेव पेहाए पडिग्गहं, अवहट्टु पाणे, पमज्जिय रयं, तओ संजयामेव गाहावइकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा पविसेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **अवहट्टु** = કાઢીને **परियावज्जेज्जा** = આવીને રહ્યા હોય, પડ્યા હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહારપાણી માટે પ્રવેશ કરે, ત્યાર પહેલાં જ પાત્રને સારી રીતે જોઈ લે, તેમાં જીવ-જંતુ આદિ હોય, તો તેને કાઢીને એકબાજુએ મૂકી દે, રજને પોંજીને ખંખેરી નાંખે અને ત્યાર પછી યતનાપૂર્વક આહાર-પાણી માટે ઉપાશ્રયમાંથી બહાર નીકળે કે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે. પાત્રોનું પ્રતિલેખન કે પ્રમાર્જન કર્યા વિના ગોચરી જવું, તેને કેવલી ભગવાને કર્મબંધનું કારણ કહ્યું છે. પ્રતિલેખન કરીને રાખેલા પાત્રમાં પણ કોઈ જીવજંતુ ચડી જાય, રજ ઉડીને પડે અથવા બીજ આદિ પડી શકે છે, તેથી તીર્થંકરાદિ આપ્તપુરુષોએ સાધુ માટે પહેલાં જ પ્રતિજ્ઞા ***યાવત્*** ઉપદેશ આપ્યો છે કે આહાર-પાણી માટે જતાં સમયે પણ સાધુ પાત્રનું સમ્યક પ્રકારે નિરીક્ષણ કરી લે, કોઈ જીવ હોય તો તેને કાઢીને એકબાજુએ મૂકી દે, રજ આદિને પોંજીને ખંખેરી નાંખે અને ત્યારપછી યતનાપૂર્વક પાત્રોને ગ્રહણ કરીને ગોચરી માટે ઉપાશ્રયમાંથી નીકળે કે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગોચરીએ જતાં પૂર્વે પાત્ર પ્રતિલેખન કરવાની આવશ્યકતા દર્શાવી છે.

સાધુ કે સાધ્વી દિવસમાં બે વાર વસ્ત્ર, પાત્ર આદિ પોતાની સર્વ ઉપધિનું પ્રતિલેખન કરે જ છે. તેમ છતાં ગોચરી માટે નીકળતા પહેલાં પાત્રનું પ્રતિલેખન સારી રીતે કરી લેવું જરૂરી છે. પ્રતિલેખન કરવામાં ન આવે તો સંયમવિરાધના અને જીવ વિરાધના થાય છે. વ્યાખ્યાકારે તે સિવાય બીજા પણ કારણોનું કથન કર્યું છે.

(૧) કોઈ પાત્ર તૂટેલું હોય તો તેમાં આહારપાણી લઈ શકાય નહીં અને તકલીફ ઊભી થાય છે (૨) કોઈ ધર્મદ્વેષીએ સાધુને બદનામ કરવા માટે શસ્ત્ર, વિષ કે અન્ય અકલ્પ્ય, અગ્રાહ્ય વસ્તુ તેમાં મૂકી દીધી હોય. (૩) કોઈ હિંસક જીવ વીંછી, સર્પ પાત્રમાં બેસી ગયા હોય તો કરડી જાય, ઉતાવળમાં જોયા વિના તેમાં આહારપાણી લેવાથી ઝેર ચઢે અને જીવોની વિરાધના થાય. (૪) ક્યારેક ઉતાવળમાં પાત્ર વ્યવસ્થિત રીતે સાફ થયું ન હોય, પાત્રમાં કોઈ આહારના અંશ રહી ગયા હોય તો તેમાં કીડીઓ ચડી જાય છે, તેથી ગોચરી માટે જાય ત્યારે અને આહાર પાણી ગ્રહણ કરે ત્યારે સાધુએ પાત્રનું પ્રતિલેખન, પ્રમાર્જન કરવું જોઈએ.

**સચિત્ત પાણી પરઠવાની વિધિ :–**

**૨ से भिक्खू वा भिक्खुणी वा गाहावइ कुलं पायवडियाए पिंडवाय पडियाए अणुपविट्ठे समाणे सिया से परो आहट्टु अंतो पडिग्गहगंसि सीओदगं परिभाएत्ता णीहट्टु दलएज्जा, तहप्पगारं पडिग्गहगं परहत्थंसि वा परपायंसि वा अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा । से य आहच्च पडिग्गाहिए सिया, खिप्पामेव उदगंसि साहरेज्जा, सपडिग्गहमायाए व णं परिट्ठवेज्जा, ससणिद्धाए वा भूमीए पाणं णियमेज्जा ।**

**શબ્દાર્થ :–** **आहच्च** = કદાચ **पडिगाहिए सिया** = ગ્રહણ કરી લીધું હોય તો **खिप्पामेव** = તે જ સમયે **उदगंसि** = તે જ પાણીના વાસણમાં **साहरेज्जा** = નાંખી દે **सपडिग्गहमायाए** = પાત્ર સહિત તે પાણીને લઈ જઈને **णं परिट्ठवेज्जा** = યોગ્ય સ્થળે પરઠે **ससणिद्धाए भूमीए** = પાણીથી સ્નિગ્ધ ભૂમિમાં **णियमेज्जा** = તે પાણીને ઉલેચી નાંખે(યતનાપૂર્વક પરઠી દે).

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પાત્ર ગ્રહણ કરવા પ્રવેશ કરે, ત્યારે ગૃહસ્થ ઘરમાં પાણીથી ભરેલા પાત્રમાંથી સચેત પાણીને અન્ય પાત્રમાં લઈને આપે, તો તે સચેત પાણીથી ભરેલું તે પાત્ર ગૃહસ્થના હાથમાં કે તેના મોટા વાસણમાં રાખેલું જોઈને તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહીં. કદાચ સચેત પાણીથી ભરેલું તે પાત્ર અચેત પાણી સમજીને ગ્રહણ થઈ ગયું હોય, તો સચેતની જાણ થતાં જ ગૃહસ્થની આજ્ઞા લઈને તે પાણી ગૃહસ્થના પાણીના વાસણમાં નાંખી દે. જો ગૃહસ્થ પાણી પાછું લેવાની ના પાડે, તો પાણી યુક્ત પાત્રને લઈને(તે પાત્ર માટીનું અને સુલભ હોય તો) એકાંત સ્થાને જઈને તેને(પાણી સહિતના પાત્રને) પરઠી દે અર્થાત્ યતનાપૂર્વક ત્યાં મૂકી દે અથવા જો તે પાત્ર લાકડાનું અને દુર્લભ હોય, તો તે પાણીને સ્નિગ્ધ ભૂમિમાં યતનાપૂર્વક પરઠી દે.

**३ से भिक्खू वा भिक्खुणी वा उदउल्लं वा ससणिद्धं वा पडिग्गहं णो आमज्जेज्ज वा** *जाव* **पयावेज्ज वा । अह पुण एवं जाणेज्जा विगतोदए मे पडिग्गहए छिण्ण-सिणेहे मे पडिग्गहए, तहप्पगारं पडिग्गहं तओ संजयामेव आमज्जेज्जा वा** *जाव* **पयावेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સચેતપાણી પરઠ્યાં પછી પાણીથી ભીના કે પાણીના લેપવાળા પાત્રને લૂછે નહિ ***યાવત્*** તડકામાં સૂકવે નહિ. જ્યારે સાધુ જાણે કે મારું આ પાત્ર પાણીથી રહિત અને સ્નિગ્ધતાથી(લેપથી) રહિત થઈ ગયું છે, ત્યારે તેને યતનાપૂર્વક લૂછે કે તડકામાં રાખે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સચેત જલયુક્ત પાત્ર ગ્રહણનો નિષેધ, સચેત જલને પરઠવાની વિધિ તથા સચેત જલવાળા તે પાત્રને સૂકવવાની વિધિનું કથન છે.

સાધુ ગૃહસ્થને ત્યાં પાત્રની ગવેષણા કરતા હોય, ગૃહસ્થને ત્યાં સાધુને યોગ્ય પાત્ર હોય પરંતુ તે સચેત જલથી ભરેલું હોય, ગૃહસ્થ તે પાત્રમાંથી પાણી કાઢીને બીજા વાસણમાં નાંખી પાત્રને ખાલી કરીને

વહોરાવે અથવા પાણી ભરેલા પાત્રને વહોરાવવાનું કહે, તો સાધુ તેને અપ્રાસુક અને અનેષણીય સમજીને ગ્રહણ કરે નહીં.

કદાચ ગૃહસ્થ ભૂલથી અચેત પાણી સમજીને સચેત પાણી ભરેલું પાત્ર સાધુને વહોરાવે અને સાધુ પણ ભૂલથી ગ્રહણ કરી લે, ત્યાર પછી તેને કોઈ પણ કારણથી જાણ થાય કે આ પાણી પૂર્ણપણે શસ્ત્રપરિણત થયું નથી અર્થાત્ અચેત થયું નથી, સ્પષ્ટ રીતે સચેત પાણી જ છે, તો તેનું શું કરવું તેને માટે સૂત્રમાં ત્રણ વિકલ્પ દર્શાવ્યા છે.

**સચેત પાણી પરઠવાના ત્રણ વિકલ્પ :–** (૧) સાધુ જેના ઘેરથી પાત્રયુક્ત પાણી લાવ્યા હોય, તેના ઘરે જઈને તે ગૃહસ્થને કહે કે આ સચેત પાણી ભૂલથી ગ્રહણ થયું છે. આ પાણી અમોને કલ્પનીય નથી. અમારે કેવળ પાત્રની જ આવશ્યકતા છે. સાધુના તથાપ્રકારના સાંકેતિક વચનથી ગૃહસ્થ સમજી જાય અને પોતાનું પાણી પાછું લઈને ખાલી પાત્ર આપી દે. તો તે ખાલી પાત્ર લઈને ઉપાશ્રયમાં આવી જાય અને તે સચેત પાણીવાળા ખાલી પાત્રને એકાંત સ્થાનમાં મૂકી દે, જ્યારે તે પાત્ર સ્વતઃ સૂકાઈ જાય ત્યાર પછી તેનો ઉપયોગ કરે.

જો સાધુના સાંકેતિક વચનથી ગૃહસ્થ સમજે નહીં તો સાધુ સ્વયં સ્પષ્ટ કથન કરે કે આ સચેત પાણી અમોને કલ્પનીય નથી, તેથી પાણી તમોને પાછું આપીએ છીએ. આ પ્રમાણે ગૃહસ્થની આજ્ઞા લઈને ગૃહસ્થના વાસણમાં તે પાણીને યતનાપૂર્વક પાછું નાંખી દે છે.

(૨) જો ગૃહસ્થ પાણી કે પાત્ર પાછું લેવાની ના પાડે અને કહે કે અમો સાધુને દીધા પછી પાછું લેતા નથી, આપને જે કરવું હોય, તે કરો. તો સાધુ ગૃહસ્થ પર કોઈ પણ પ્રકારનો દુર્ભાવ કર્યા વિના તે પાણીથી ભરેલું પાત્ર લઈને સ્થંડિલભૂમિમાં જઈને યોગ્ય સ્થાનની પ્રતિલેખના કરીને, તે પાત્ર જો માટીનું હોય અથવા તેની પ્રાપ્તિ સુલભ હોય, તો પાણી સહિત પાત્રને પરઠી દે અર્થાત્ મૂકી દે છે.

(૩) જો તે પાત્ર સુલભ ન હોય અને સાધુને પાત્રની આવશ્યકતા હોય, તો તે પાણી ભરેલું પાત્ર લઈને સાધુ કોઈ જલાશયના કિનારે જાય, તે જલાશયના કિનારે પાણીથી રહિત પરંતુ પાણીથી સ્નિગ્ધ થયેલી અચેત ભૂમિમાં અત્યંત યતનાપૂર્વક તે પાણીને પરઠી દે. પરઠેલું તે પાણી તુરંત જ વહેતું તે જલાશયમાં પહોંચી જાય તેથી તે જીવોની અલ્પત્તમ વિરાધના થાય છે અને ખાલી પાત્રને ઉપાશ્રયના એકાંત સ્થાનમાં મૂકી દે. તે સ્વતઃ સૂકાઈ જાય ત્યાર પછી સાધુ તે પાત્રનો ઉપયોગ કરે. પાત્ર સૂકાઈ ગયા પછી તેને સાફ કરવાની આવશ્યકતા હોય, તો તેને લૂછે, તકડામાં સૂકવે. વગેરે ક્રિયાઓ કરી શકાય છે.

સાધુ સચેત પાણીનો ઉપયોગ કરી શકતા નથી તેથી સૂત્રકારે ભૂલથી લેવાઈ ગયેલા સચેત પાણી માટે અનેક વિકલ્પો પ્રદર્શિત કર્યા છે. સાધુ સચેત પાણીના જીવોને ઓછામાં ઓછી કિલામના થાય, તે રીતે વિવેકપૂર્વક યથોચિત વ્યવહાર કરે.

સંક્ષેપમાં સાધુની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવદયાનું લક્ષ્ય મુખ્ય હોય છે.

**પાત્ર સહિત ગમન :–**

**૪ से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविसिउकामे सपडिग्गहमायाए गाहावइकुलं पिंडवायपडियाए पविसेज्ज वा णिक्खमेज्ज**

**वा, एवं बहिया वियारभूमिं वा विहारभूमिं वा; गामाणुगामं वा दूइज्जेज्जा; तिव्वदेसियादि जहा बिइयाए वत्थेसणाए णवरं एत्थ पडिग्गहं ।**

**ભાવાર્થ :–** સંયમશીલ સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશ કરે અથવા નીકળે ત્યારે પોતાના પાત્રને સાથે લઈને જાય અને પાત્ર સાથે લઈને ઉપાશ્રયમાંથી નીકળે. તે જ રીતે પોતાના પાત્ર લઈને સ્થંડિલ ભૂમિ અને સ્વાધ્યાય ભૂમિમાં જાય અથવા પાત્ર સાથે લઈ ગ્રામાનુગ્રામ વિહાર કરે. રસ્તામાં ઓછોવત્તો વરસાદ વરસતો હોય ***યાવત્*** તિરછા ત્રસ જીવો ઊડી રહ્યા હોય ઈત્યાદિ સર્વ કથન વસ્ત્રૈષણાના બીજા ઉદ્દેશક અનુસાર જાણવું જોઈએ, વિશેષતા છે કે ત્યાં વસ્ત્રો સંબંધી કથન છે તેના સ્થાને અહીં પાત્ર સંબંધી સર્વ કથન કરવું.

**ઉપસંહાર :–**

**૫ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પાત્રૈષણાનો વિવેક જ સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**।। અધ્યયન–૬/૨ સંપૂર્ણ ।।**

## ।। છઠ્ઠું અધ્યયન સંપૂર્ણ ।।

# સાતમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'અવગ્રહ પડિમા' છે.

અવગ્રહ જૈન શાસ્ત્રોનો પારિભાષિક શબ્દ છે. સામાન્ય રૂપે તેનો અર્થ 'ગ્રહણ કરવું' થાય છે. પ્રાકૃત શબ્દકોષમાં અવગ્રહ શબ્દના અનેક અર્થો કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) ગ્રહણ કરવું, (૨) અવધારણ, (૩) લાભ, (૪) ઈન્દ્રિયથી થતું જ્ઞાન વિશેષ, (૫) ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ, (૬) આશ્રય, (૭) આવાસ, (૮) સ્વાધીનસ્થ વસ્તુ, (૯) દેવ(સૌધર્મેન્દ્ર)તથા ગુરુ આદિ પાસેથી આવશ્યકતાનુસાર યાચના કરેલ મર્યાદિત જગ્યા કે સ્થાન, (૧૦) પીરસવા યોગ્ય ભોજન તેમજ (૧૧) આજ્ઞાપૂર્વક ગ્રહણ કરવું આદિ.

આ સૂત્રમાં મુખ્યત્વે ચાર અર્થોમાં અવગ્રહ શબ્દનો પ્રયોગ થયો છે–

(૧) આજ્ઞાપૂર્વક ગ્રહણ કરવું (૨) ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ (૩) જે જે વસ્તુઓ જેની નેશ્રામાં છે, તે-તે વસ્તુઓની જરૂર પડે ત્યારે તેની આજ્ઞા લઈ ઉપયોગ કરવો તથા (૪) સ્થાન કે ઘર અથવા મર્યાદિત જગ્યા.

અવગ્રહના ચાર પ્રકાર છે– (૧) દ્રવ્યાવગ્રહ (૨) ક્ષેત્રાવગ્રહ (૩) કાલાવગ્રહ (૪) ભાવાવગ્રહ.

દ્રવ્યાવગ્રહના ત્રણ પ્રકાર છે– સચિત્ત, અચિત્ત અને મિશ્ર પદાર્થો. **ક્ષેત્રાવગ્રહના** પણ સચિત્તાદિ ત્રણ ભેદ છે અથવા ગામ, નગર, રાષ્ટ્ર, અરણ્ય–જંગલ આદિ અનેક ભેદ છે. **કાલાવગ્રહના** ઋતુબદ્ધ કાલ અને વર્ષાકાળ, આ બે ભેદ છે. **ભાવાવગ્રહમાં** મતિજ્ઞાનના અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ આદિ ભેદનો સમાવેશ થાય છે.

અપરિગ્રહી સાધુને જ્યારે આહાર, વસતિ, વસ્ત્ર, પાત્ર કે અન્ય ધર્મોપકરણ આદિને ગ્રહણ કરવાની ઈચ્છા થાય ત્યારે તેને માલિકની આજ્ઞાપૂર્વક ગ્રહણ કરે, તે ભાવાવગ્રહ છે.

સંયમી જીવનમાં સાધુને ત્રણ કરણ અને ત્રણ યોગથી અદત્તાદાનનો ત્યાગ હોય છે. સાધુ જ્યાં રહે, ત્યાં જે વસ્તુ ગ્રહણ કરે તે આજ્ઞાપૂર્વક ગ્રહણ કરવાની હોય છે, તેથી સાધુ જીવનમાં અવગ્રહની અત્યંત મહત્તા છે. સૂત્રકારે વિવિધ વિકલ્પો દ્વારા અવગ્રહનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

આ અધ્યયનમાં અવગ્રહના પાંચ પ્રકાર કહ્યા છે– (૧) દેવેન્દ્ર (૨) રાજા-શાસક (૩) ગૃહપતિ (૪) શય્યાતર તેમજ (૫) સાધર્મિક સાધુ સમૂહ. તેઓ અવગ્રહના અધિકારી હોવાથી અવગ્રહના પાંચ પ્રકાર થાય છે. સ્થંડિલભૂમિ, વસતિ(સ્થાન) અને ઉપકરણ આદિ ગ્રહણ કરતાં પહેલાં આવશ્યકતા પ્રમાણે આ પાંચમાંથી યથાયોગ્ય વ્યક્તિની આજ્ઞા લેવી આવશ્યક હોય છે.

આ અધ્યયનમાં વિવિધ પ્રકારના અવગ્રહો તથા તત્સંબંધિત સાત પ્રતિમાઓનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ 'અવગ્રહ પ્રતિમા' રાખ્યું છે.

આ અધ્યયનના બે ઉદ્દેશકો છે. **પ્રથમ ઉદ્દેશકમાં** અવગ્રહ ગ્રહણની અનિવાર્યતા તેમજ અવગ્રહના પ્રકાર તથા તેની યાચના વિધિ બતાવી છે. **બીજા ઉદ્દેશકમાં** મુખ્યરૂપે વિવિધ અવગ્રહોની યાચના વિધિનું પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# સાતમું અધ્યયન : અવગ્રહ પડિમા

## પહેલો ઉદ્દેશક

**અવગ્રહ ગ્રહણની અનિવાર્યતા :–**

**१ समणे भविस्सामि अणगारे अकिंचणे अपुत्ते अपसू परदत्तभोई पावं कम्मं णो करिस्सामि त्ति समुट्ठाए; सव्वं भंते ! अदिण्णादाणं पच्चक्खामि ।**

**से अणुपविसित्ता गामं वा *जाव* रायहाणिं वा णेव सयं अदिण्णं, गिण्हेज्जा, णेवण्णेणं अदिण्णं गिण्हावेज्जा, णेवण्णं अदिण्णं गिण्हंतं पि समणुजाणेज्जा।**

**जेहिं वि सद्धिं संपव्वइए तेसिं पि याइं भिक्खू छत्तयं वा मत्तयं वा दंडगं वा *जाव* चम्मच्छेयणगं वा तेसिं पुव्वामेव ओग्गहं अणणुण्णविय अपडिलेहिय अपमज्जिय णो गिण्हेज्ज वा, पगिण्हेज्ज वा, तेसिं पुव्वामेव ओग्गहं अणुण्णविय पडिलेहिय पमज्जिय तओ संजयामेव ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **समणे भविस्सामि** = હું શ્રમણ બનીશ **अणगारे** = અણગાર **अकिंचणे** = પરિગ્રહ રહિત **अपुत्ते** = પુત્રથી રહિત **अपसू** = પશુઓથી રહિત **परदत्तभोई** = બીજાએ આપેલું ભોજન કરનાર.

**ભાવાર્થ :–** દીક્ષા લેતા સમયે સાધુ પ્રતિજ્ઞા કરે છે કે હવે હું શ્રમણ બનીશ, ઘરનો ત્યાગ કરીને અણગાર, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને અકિંચન, પુત્રાદિ સ્વજનોનો ત્યાગ કરીને પુત્ર રહિત, દ્વિપદ-ચતુષ્પદ પશુઓનો ત્યાગ કરીને પશુરહિત, બીજા દ્વારા અપાયેલા આહારને ગ્રહણ કરીને પરદત્તભોજી થઈશ, હિંસાદિ સમસ્ત પાપકર્મોનું હું સેવન કરીશ નહીં; આ પ્રમાણે સંયમ પાલન માટે તત્પર બનીને તે પ્રતિજ્ઞા કરે છે કે હે ભંતે ! હું સર્વ પ્રકારના અદત્તાદાનના પ્રત્યાખ્યાન કરું છું.

(આ પ્રમાણે ત્રીજા મહાવ્રતની પ્રતિજ્ઞા લીધા પછી) સાધુ ગામ ***યાવત્*** રાજધાનીમાં પ્રવેશ કરીને આજ્ઞા લીધા વિનાની કોઈ પણ વસ્તુને ગ્રહણ કરે નહિ, બીજા પાસે ગ્રહણ કરાવે નહિ અને અદત્ત ગ્રહણ કરનારની અનુમોદના કરે નહિ.

મુનિ પોતે જેની પાસે દીક્ષિત થયા છે અથવા જેની સાથે રહે છે, વિચરણ કરે છે તેના છત્ર, માત્રક, દંડ ***યાવત્*** ચર્મચ્છેદનક આદિ ઉપકરણોની આજ્ઞા લીધા વિના તથા પ્રતિલેખન તેમજ પ્રમાર્જન કર્યા વિના એક વાર કે અનેકવાર, અલ્પ સમય માટે કે વધુ સમય માટે ગ્રહણ કરે નહિ, પરંતુ પહેલા આજ્ઞા લઈને, તેનું પ્રતિલેખન, પ્રમાર્જન કરીને પછી યતનાપૂર્વક તે ઉપકરણને અલ્પ કે વધુ સમય માટે, એકવાર કે વારંવાર ગ્રહણ કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ જીવનમાં અવગ્રહ–આજ્ઞાપૂર્વક વસ્તુ ગ્રહણ કરવાની અનિવાર્યતાનું કથન

તથા સાધુ જીવનની અન્ય અનેક વિશેષતાઓને પ્રગટ કરી છે.

સાધુ સંપૂર્ણ રીતે અપરિગ્રહી હોય છે. તેણે ઘર, કુટુંબ, પરિવાર, ધન-ધાન્ય, દાસ-દાસી, પશુ-પક્ષી, ખેતર-વાડી, દુકાન-મકાન આદિ સર્વ જંગમ સંપત્તિનો સર્વથા ત્યાગ કર્યો હોય છે.

સાધુ પોતાના દેહના નિર્વાહ માટે અનેક ઘરોમાં ભિક્ષાની યાચના કરે છે. ગૃહસ્થો સાધુને જે આપે તે જ ગ્રહણ કરે છે. તે સ્વયં પોતાની મેળે દાતાને પૂછ્યા વિના, દાતા દ્વારા દીધા વિના કે તેની આજ્ઞા વિના કાંઈ જ લેતા નથી તેથી તે **પરદત્તભોજી** કહેવાય છે.

સાધુ વસ્તુના માલિકની આજ્ઞા વિના નાની કે મોટી કોઈપણ વસ્તુ ગ્રહણ કરતા નથી. તે ત્રણ કરણ અને ત્રણ યોગથી અદત્તાદાનના ત્યાગની પ્રતિજ્ઞાધારણ કરે છે અને તદનુસાર ત્રીજા અદત્તાદાન વિરમણ મહાવ્રતનું પાલન કરે છે.

સાધુ સંયમ-તપનું પાલન કરતાં, ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં જ્યાં જાય, જેની સાથે રહે, ત્યાં પોતાને વસ્ત્ર, પાત્ર આદિ જે જે ઉપકરણોની આવશ્યકતા હોય, તે ગૃહસ્થ પાસેથી યાચના કરીને તેની આજ્ઞા લઈને જ ગ્રહણ કરે છે. અદત્તાદાન વિરમણ મહાવ્રતધારી શ્રમણ જે સાધર્મિક સાધુઓ સાથે રહેતા હોય, તે સાધુઓના ઉપકરણોને જોવાની કે ઉપયોગમાં લેવાની આવશ્યકતા હોય, ત્યારે તે સાધુઓની આજ્ઞા લઈને પછી જ તે ઉપકરણોનો સ્પર્શ કરે કે તેનો ઉપયોગ કરે છે. આજ્ઞા લીધા વિના સાધર્મિક સાધુઓના ઉપકરણ પણ તે ગ્રહણ કરી શકતા નથી. આ પ્રકારની સજાગતાથી જ સાધુના અદત્તાદાન વિરમણ મહાવ્રતની પરિપાલના થાય છે.

**अपुत्ते अपसू**– પુત્ર રહિત, પશુ રહિત. આ બંને લાક્ષણિક શબ્દપ્રયોગ છે. પુત્ર શબ્દથી સાંસારિક પ્રત્યેક સંબંધોનું ગ્રહણ થાય છે અને પશુ શબ્દથી બે પગવાળા દાસ-દાસી આદિ અને ચાર પગવાળા પશુઓનું ગ્રહણ થાય છે. સંયમ સ્વીકાર સમયે સાધુ માતા-પિતા, ભાઈ, બહેન આદિ સંસારના સમસ્ત સંબંધોના માલિકી ભાવનો કે મમત્વભાવનો સંપૂર્ણપણે ત્યાગ કરે છે. ત્યારપછી ભવિષ્યમાં તેના પુત્ર આદિ તેની પાસે દીક્ષા ગ્રહણ કરે, તો પણ સંયમી જીવનમાં પિતા-પુત્રનો સંબંધ કે અન્ય કોઈપણ સંબંધો રહેતા નથી. તેઓ ગુરુ-શિષ્યના સંબંધે જ સાથે રહે છે.

**छत्तयं**– છત્ર. શ્રી દશવૈકાલિક સૂત્રમાં સાધુના બાવન અનાચારમાં **छत्तस्स धारणट्ठाए** છત્ર ધારણ કરવાને, અનાચાર કહેલ છે, માટે સામાન્ય રીતે કોઈ પણ સાધુ-સાધ્વી છત્ર ધારણ કરતા નથી.

વૃદ્ધ, ગ્લાન આદિ સાધુએ વિશિષ્ટ કારણથી ગુરુ આજ્ઞાથી આવા ઉપકરણ રાખ્યા હોય અને બીજા સાધુને તે ઉપકરણની આવશ્યકતા હોય તો ગુરુની આજ્ઞા અને તે સાધુની આજ્ઞા વિના તેનો ઉપયોગ કરે નહીં. પ્રસ્તુત સૂત્રમાં છત્ર, ચર્મ છેદનક વગેરે ઔપગ્રહિક ઉપકરણો અર્થાત્ અપવાદિક પરિસ્થિતિમાં મર્યાદિત સમય માટે રાખવામાં આવતા ઉપકરણોનું કથન છે. હંમેશાં ઉપયોગમાં આવતા ઔધિક ઉપકરણો તો સાધુઓ પરસ્પર આજ્ઞાનું આદાન-પ્રદાન કરીને જ રાખે છે, માટે અહીં વિશિષ્ટ ઉપકરણ માટે કથન છે, તેમ સમજવું.

**चम्मछेयणगं**– ચર્મ છેદનક. સાધુના સામાન્ય ઉપકરણોમાં ચર્મછેદનકનો સમાવેશ થતો નથી પરંતુ છત્રની જેમ આ પણ ઔપગ્રહિક ઉપકરણ છે અને તે વિશિષ્ટ પરિસ્થિતિમાં ચર્મ છેદનક ગ્રહણ કરવું આવશ્યક હોય, તો ગુરુની આજ્ઞા અને જે સાધુની નેશ્રામાં હોય તેની આજ્ઞાથી ગ્રહણ કરી શકાય છે.

સંક્ષેપમાં સાધુએ અદત્ત મહાવ્રતનું પૂર્ણતયા પાલન કરવા માટે સહવર્તી સાધુના ઉપકરણની પણ આજ્ઞા લેવી જરૂરી હોય છે.

**ओग्गहं**– અવગ્રહ, આજ્ઞા. સાધુ ત્રીજા મહાવ્રતનું પૂર્ણપણે પાલન કરવા માટે પ્રત્યેક વસ્તુનો ઉપયોગ કરતાં પહેલાં માલિકની આજ્ઞા ગ્રહણ કરે છે. સાધક જીવનમાં જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન કરવું, એ જ આરાધના છે. તેથી ગોચરી, પ્રતિલેખન, સ્વાધ્યાય, ધ્યાન, વિહાર, શૌચાદિ સાધુ સમાચારીના અનુષ્ઠાનોની આરાધના પૂર્વે ગુરુ કે રત્નાધિક સંતોની આજ્ઞા લેવી જરૂરી છે.

**અવગ્રહ યાચના વિધિ :–**

**२ से आगंतारेसु वा, आरामगारेसु वा, गाहावइकुलेसु वा, परियावसहेसु वा अणुवीइ ओग्गहं जाएज्जा, जे तत्थ ईसरे, जे तत्थ समहिट्ठाए ते उग्गहं अणुण्णवेज्जा– कामं खलु आउसो ! अहालंदं अहापरिण्णायं वसामो, जाव आउसो; जाव आउसंतस्स ओग्गहे जाव साहम्मिया एतावताव ओग्गहं ओगिण्हिस्सामो, तेण परं विहरिस्सामो ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ધર્મશાળા, વિશ્રામગૃહ, ગૃહસ્થના ઘર કે પરિવ્રાજકોના આશ્રમ આદિ કોઈ પણ સ્થાનમાં રહેવા ઈચ્છે તો વિચારપૂર્વક તે સ્થાનની આજ્ઞા ગ્રહણ કરે. તે સ્થાનના જે માલિક હોય તેની અથવા માલિકે અન્ય વ્યક્તિને તે સ્થાન માટે અધિકાર આપ્યો હોય તેવા તે સ્થાનના અધિષ્ઠાતાની આજ્ઞા ગ્રહણ કરવી જોઈએ. આજ્ઞા ગ્રહણ કરવા માટે સાધુ ગૃહસ્વામીને કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ! તમે જેટલા સમય માટે જેટલા સ્થાનમાં રહેવાની આજ્ઞા આપશો તેટલા સમય સુધી તેટલા સ્થાનમાં અમે રહેશું. હે આયુષ્યમાન ! આપની અહીં જેટલા સમયની અવગ્રહ– આજ્ઞા હોય, તેટલા સમયમાં અન્ય સાધર્મિક સાધુ આવે, તો તેઓ પણ તેટલા સ્થાનને ગ્રહણ કરશે, આ રીતે અમો સર્વે આપની કહેલી ક્ષેત્ર અને કાલ સંબંધી મર્યાદા પ્રમાણે જ અહીં રહેશું(વિચરશું).

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અવગ્રહ-સ્થાનની યાચના અને આજ્ઞાવિધિનું નિરૂપણ કર્યુ છે.

સાધુ નિર્દોષ અને સંયમ-સાધનાને યોગ્ય સ્થાનની આજ્ઞા ગ્રહણ કરે તે સાધુએ ક્ષેત્ર તથા કાલની મર્યાદા નિશ્ચિત કરવી અત્યંત જરૂરી છે. ગૃહસ્થના જે સ્થાનમાં રહેવાનું છે, તે સ્થાનમાં જો વિશાળ જગ્યા હોય તો તેમાંથી કેટલી જગ્યાનો ઉપયોગ કરવાની સાધુની ઈચ્છા છે, તેની સ્પષ્ટતા કરી લેવી જોઈએ. જેમ કે ગૃહસ્થનું ત્રણ માળનું મકાન હોય, તેમાં દશ-પંદર રૂમ હોય, તો તેમાંથી કેટલા માળ અને કેટલી રૂમ વાપરવી, તે નિશ્ચિત કરી લેવું જોઈએ. તે ઉપરાંત પરઠવા માટેની ભૂમિ, સમય મર્યાદા, આગંતુક શ્રમણોની પણ સાથે રહેવાની આજ્ઞા લેવી જોઈને અને તદનુસાર રહેવું જોઈએ. સાધુ ક્ષેત્ર અને સમયની મર્યાદા નિશ્ચિત ન કરે, તો અનેક દોષોની સંભાવના છે. તે સર્વ વર્ણન શય્યા અધ્યયન પ્રમાણે જાણવું.

**સાંભોગિક સાધુઓ સાથે વ્યવહાર :–**

**३ से किं पुण तत्थोग्गहंसि एवोग्गहियंसि ? जे तत्थ साहम्मिया संभोइया**

**समणुण्णा उवागच्छेज्जा, जे तेण सयमेसियाए असणं वा पाणं वा खाइमं वा साइमं वा तेण ते साहम्मिया संभोइया समणुण्णा उवणिमंतेज्जा, णो चेव णं परवडियाए उगिज्झिय उगिज्झिय उवणिमंतेज्जा ।**

**શબ્દાર્થ :–** **से** = સાધુ **किं पुण** = પછી શું કરે **तत्थ** = ત્યાં **उग्गहंसि एवोग्गहियंसि** = આજ્ઞાપૂર્વક ગ્રહણ કરેલ અવગ્રહમાં **जे तत्थ** = જો ત્યાં **साहम्मिया संभोइया समणुण्णा उवागच्छेज्जा** = સાધર્મિક તથા સમનોજ્ઞ–સમાન સમાચારીવાળા, સાંભોગિક સાધુ–એક માંડલામાં બેસીને સાથે આહાર કરનારા સાધુ અતિથિરૂપમાં આવે **परपडियाए** = બીજા માટે, આગંતુક શ્રમણો માટે **उगिज्झिय** = ગ્રહણ કરીને **णो उवणिमंतेज्जा** = નિમંત્રણ કરે નહિ.

**ભાવાર્થ :–** અવગ્રહ-સ્થાનની આજ્ઞા લીધા પછી તે સાધુ શું કરે ? ત્યાં રહેલા સાધુની પાસે કોઈ સાધર્મિક, સાંભોગિક તેમજ સમનોજ્ઞ સાધુ અતિથિ રૂપે આવે, તો તે સાધુ પોતે લાવેલા આહાર, પાણી, મીઠાઈ, મેવા,મુખવાસ આદિ આહારનું તેઓને નિમંત્રણ કરે પરંતુ આગંતુક સાધુઓ માટે નવું લાવીને તે આહારાદિનું આમંત્રણ આપે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાંભોગિક સાધુઓના પરસ્પરના વ્યવહારનું કથન છે.

**साहम्मिया संभोइया–समणुण्णा**– સાધર્મિક, સાંભોગિક અને સમનોજ્ઞ, આ ત્રણ શબ્દોના વિશિષ્ટ અર્થ આ પ્રમાણે છે– એક સમાન દેવ, ગુરુ ધર્મની શ્રદ્ધાવાળા અને સમાન વેશને ધારણ કરનારા સાધુઓ **સાધર્મિક** કહેવાય છે. આચાર-વિચારમાં દઢપ્રતિજ્ઞ, ચારિત્રનિષ્ઠ અન્ય ગચ્છના અને કંઈક ભિન્ન સમાચારીવાળા સાધુ **સમનોજ્ઞ** કહેવાય છે. સમાન સમાચારીવાળા અને એક જ ગુરુની નેશ્રામાં રહેતા અથવા એક ગચ્છમાં રહેતા અને એક માંડલામાં બેસીને આહાર કરનારા સાધુઓ પરસ્પર **સાંભોગિક** કહેવાય છે. સાંભોગિક સાધુઓ સાથે આહાર-પાણી વાપરવા, વંદના કરવી વગેરે બાર પ્રકારના વ્યવહાર થતા હોય છે.

શાસ્ત્રીય વિધાન અનુસાર દરેક સાધર્મિક સાધુ સાથે એક માંડલામાં સાથે બેસીને આહાર-પાણી વાપરવા રૂપ વ્યવહાર હોતો નથી (૧) જે સાધુ માત્ર **સાધર્મિક** છે, સમનોજ્ઞ કે સાંભોગિક નથી, તેઓ સાથે એક માંડલામાં આહાર થતો નથી (૨) જે સાધુ **સાધર્મિક અને સમનોજ્ઞ** છે, પરંતુ સાંભોગિક નથી તો તેઓની સાથે સામાન્ય રીતે એક માંડલામાં આહાર થતો નથી, પરંતુ વિશિષ્ટ પરિસ્થિતિમાં આહારાદિનું આદાન-પ્રદાન આદિ વડીલ કે બહુશ્રુતની આજ્ઞા પ્રમાણે થાય છે. (૩) જે સાધુ સાંભોગિક હોય છે, તેઓ એક માંડલામાં સાથે બેસીને આહાર-પાણી કરે છે. સાંભોગિક સાધુ માટે જ સૂત્રમાં ત્રણે વિશેષણનો પ્રયોગ થયો છે, કારણ કે જે સાધુ સાંભોગિક હોય તે સમનોજ્ઞ અને સાધર્મિક હોય જ છે. કોઈ સાધુ સાધર્મિક કે સમનોજ્ઞ ન હોય અને સાંભોગિક હોય તેવું થતું નથી.

**णो चेव णं परवडियाए.....** સાધુ બીજા માટે અર્થાત્ આગંતુક શ્રમણો માટે આહારાદિ લાવીને તે આહારાદિનું નિમંત્રણ કરે નહીં.

પ્રસ્તુત પદમાં સાધુઓના અન્ય સાંભોગિક સાધુઓ સાથે આત્મીયતા પૂર્વકના વ્યવહારનું કથન

છે. અન્ય સાંભોગિક સાધુઓ પધારે, ત્યારે પોતાના લાવેલા આહાર-પાણીમાંથી પહેલાં જ તે સાધુઓને નિમંત્રણ કરે અને બધા સાથે બેસીને આહાર-પાણી વાપરે. જો આગંતુક શ્રમણોને કોઈ વિશિષ્ટ વસ્તુની આવશ્યકતા હોય અથવા પોતે લાવેલા આહાર-પાણી પર્યાપ્ત પ્રમાણમાં ન હોય, તો ફરીવાર ગોચરી લાવી શકાય છે, પરંતુ પોતે લાવેલા આહારાદિમાંથી આગંતુક શ્રમણોને નિમંત્રણ કર્યા વિના પોતે એકલા જ વાપરે અને આગંતુક શ્રમણો માટે બીજા આહારાદિ લાવે, તો તે પ્રકારના વ્યવહારથી આગંતુક શ્રમણોને ક્ષોભ થાય છે, તેથી સાધુ તથાપ્રકારનો વ્યવહાર કરે નહીં, સાધુ સાંભોગિક સાધુઓ સાથે આત્મીયતાપૂર્વક આહાર-પાણીનું આદાન-પ્રદાન કરે.

સાંભોગિક સાધુઓ સાથે આહાર-પાણી આદિના આદાન-પ્રદાનથી પરસ્પરનો પ્રેમભાવ, મૈત્રીભાવ, વાત્સલ્યભાવ પ્રગટ થાય છે અને તે પરસ્પરની સંયમ સાધનામાં સહાયક બને છે.

**સમનોજ્ઞ સાધર્મિક સાધુઓ સાથે વ્યવહાર :–**

**૪ से आगंतारेसु वा *जाव* से किं पुण तत्थोग्गहंसि एवोग्गहियंसि ? जे तत्थ साहम्मिया अण्णसंभोइया समणुण्णा उवागच्छेज्जा जे तेण सयमेसियाए पीढे वा फलए वा सेज्जासंथारए वा तेण ते साहम्मिए अण्णसंभोइए समणुण्णे उवणिमंतेज्जा, णो चेव णं परवडियाए उगिज्झिय-उगिज्झिय उवणिमंतेज्जा ।**

**શબ્દાર્થ :–** **अण्णसंभोइया** = અન્ય સાંભોગિક, જે સાંભોગિક નથી **समणुण्णा** = સમનોજ્ઞ-ઉત્તમ આચારવાળા છે તે **उवागच्छेज्जा** = આવી જાય **जे तेण** = જો ત્યાં પહેલાં રહેલા સાધુ તેઓને **सयमेसियाए** = પોતાને માટે ગવેષણા કરીને લાવેલા **पीढे वा फलए** = બાજોઠ કે પાટલા **सेज्जासंथारए** = શય્યા, સંસ્તારક વગેરે **तेण** = તે વસ્તુઓથી **ते साहम्मिए अण्णसंभोइए समणुण्णे** = તે સાધર્મિક, અન્ય ગચ્છીય, સમનોજ્ઞ સાધુઓને **उवणिमंतेज्जा** = આમંત્રણ આપે **चेव णं** = પરંતુ **परपडियाए** = બીજા માટે અર્થાત્ આગંતુકો માટે **उगिज्झिय-उगिज्झिय** = નવા ગ્રહણ કરીને **णो उवणिमंतेज्जा** = નિમંત્રણ કરે નહિ.

**ભાવાર્થ :–** ધર્મશાળા આદિમાં આજ્ઞા પ્રાપ્ત કરીને સાધુ રહ્યા હોય ત્યાં અન્ય સાંભોગિક સાધુ આવે ત્યારે તો સાધુ કેવો વ્યવહાર કરે ? જો સાધર્મિક અને ઉત્તમ આચારવાળા સમનોજ્ઞ તેમજ અન્યસાંભોગિક (અન્ય ગચ્છીય) સાધુ અતિથિરૂપે આવે તો તે(પહેલાંથી ત્યાં રહેલા સાધુ) પોતે ગવેષણા કરીને લાવેલા બાજોઠ, પાટિયા, શય્યા, સંસ્તારક(ઘાસ) આદિનું તે અન્યસાંભોગિક, સાધર્મિક અને સમનોજ્ઞ સાધુઓને આમંત્રણ કરે પરંતુ તેઓને માટે નવા બાજોઠ, પાટિયા કે શય્યા સંસ્તારક ગ્રહણ કરીને તેનું આમંત્રણ કરે નહિ.

**૫ से आगंतारेसु वा *जाव* से किं पुण तत्थोग्गहंसि एवोग्गहियंसि जे तत्थ गाहावइण वा गाहावइपुत्ताण वा सूई वा पिप्पलए वा कण्णसोहणए वा णहच्छेयणए वा तं अप्पणो एगस्स अट्ठाए पाडिहारियं जाइत्ता णो अण्णमण्णस्स देज्ज वा अणुपएज्ज वा ।**

**सयं करणिज्जं ति कट्टु से तमायाए तत्थ गच्छेज्जा, गच्छेत्ता पुव्वामेव**

**उत्ताणए हत्थे कट्टु, भूमीए वा ठवेत्ता ''इमं खलु-इमं खलु त्ति'' आलोएज्जा, णो चेव णं सयं पाणिणा परपाणिंसि पच्चप्पिणेज्जा ।**

**ભાવાર્થ :–** ધર્મશાળા આદિમાં આજ્ઞા લઈને રહેલા સાધુ ગૃહસ્થ કે ગૃહસ્થના પુત્ર આદિ પાસેથી સોય, કાતર, કાનખોતરણી, નખ કાપવાનું સાધન આદિ પાઢીહારા ઉપકરણો પોતાના માટે યાચના કરીને લાવ્યા હોય, તો તે ઉપકરણો એક બીજાને આપે નહિ, વારંવાર આપે નહિ, નિમંત્રણ કરે નહિ અથવા બીજા સાધુને તે સોંપે નહિ.

તે ઉપકરણો પાછા આપવાના હોય ત્યારે પણ તે સાધુ પોતાનું કર્તવ્ય સમજીને સ્વયં તેને લઈને ગૃહસ્થને ત્યાં જઈને, હથેળીમાં રાખીને અથવા સોય આદિને ભૂમિ ઉપર મૂકીને ગૃહસ્થને કહે કે તમારી આ વસ્તુને તમે સંભાળી લેજો, પરંતુ તે સોય આદિ વસ્તુઓને સાધુ પોતાના હાથથી ગૃહસ્થના હાથમાં આપે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અન્ય ગચ્છવર્તી સમનોજ્ઞ સાધુઓ સાથેના શય્યા-સંસ્તારક સંબંધી વ્યવહારનું તેમજ સ્વગચ્છવર્તી સાધુઓ સાથે સોય, કાતર આદિ સંબંધી વિશિષ્ટ વ્યવહારનું પ્રતિપાદન છે.

સાધુ જે સ્થાનમાં રહ્યા હોય, ત્યાં પોતાની આવશ્યકતા અનુસાર પાટ-પાટલા આદિ પઢીહારી વસ્તુની યાચના કરીને લાવ્યા હોય. ત્યાં કોઈ ઉત્તમ આચારનું પાલન કરનારા અસાંભોગિક સાધુ અર્થાત્ અન્ય ગચ્છીય સાધુ પધારે, તો પણ સાધુ આદર-સત્કારપૂર્વક તેનું સ્વાગત કરે, તેને સાથે રહેવા માટે મકાનની આજ્ઞા આપે તેમજ પાટ-પાટલા, શય્યા આદિનું આમંત્રણ કરે.

જેમ કે– ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશી સ્વામી અને ભગવાન મહાવીર સ્વામીની પરંપરાના ગૌતમ સ્વામીનું મિલન થયું. ત્યારે તે બંને સંતોની ભિન્ન ભિન્ન સમાચારી હોવા છતાં ઉત્તમ આચારનિષ્ઠ હોવાના કારણે કેશી સ્વામીએ ગૌતમ સ્વામીને બેસવા માટે પ્રાસુક ઘાસાદિના સંસ્તારક ગ્રહણ કરવા વિનંતી કરી હતી. તે કથન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૨૩/૧૩માં છે. ચારિત્રનિષ્ઠ અસંભોગી સાધુ સાથે પણ વિનય-વિવેક, પ્રેમ અને મૈત્રીપૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ, તે આ સૂત્રથી સ્પષ્ટ થાય છે.

જો સાધુ પોતાના એક માટે જ સોય, કાતર આદિ પાઢીહારી વસ્તુ લાવ્યા હોય અથવા તો દાતાએ તેના એકના માટે જ આપું છું, એમ સ્પષ્ટ કહ્યું હોય, તો તે વસ્તુ બીજા સાધુને આપે નહીં. પોતાનું કાર્ય પૂર્ણ થયા પછી સ્વયં ગૃહસ્થને ત્યાં જઈને સૂર્યાસ્ત પહેલાં જ તે વસ્તુ ગૃહસ્થને વ્યવસ્થિત પાછી સોંપી દે.

ગૃહસ્થને પાછું સોંપે ત્યારે સોય, કાતર આદિ ગૃહસ્થને હાથો હાથ આપે નહીં પરંતુ પોતાની હથેળીમાં રાખીને ગૃહસ્થને લેવાનું કહે અથવા ભૂમિ ઉપર મૂકીને ગૃહસ્થને કહે કે તમે વ્યવસ્થિત રીતે સંભાળી લ્યો.'

જો સાધુ સ્વયં ગૃહસ્થને પાછું આપવા ન જાય અને બીજા સાથે મોકલી દે તો ગૃહસ્થને એમ થાય કે મેં તો તેના એકના માટે જ આપી હતી તો તેમણે બીજાને શા માટે આપ્યા હશે ? આવા અનેક પ્રકારના વિકલ્પો થાય માટે જે સાધુ સોય આદિ લાવ્યા હોય તે જ સાધુએ પાછા આપવા જવું જોઈએ અને જેની પાસેથી સોય, કાતર આદિ લીધા હોય, તેને જ આપવા જોઈએ બીજાને આપીને પાછા આવે, તો ક્યારેક ગૃહસ્થ કહે કે મને અમુક વસ્તુ મળી નથી અથવા મારી વસ્તુ ખરાબ થઈ ગઈ છે, આવા કોઈ પણ

પ્રકારના આક્ષેપો મૂકી શકે છે, માટે સાધુ પોતે જ જઈને વ્યવસ્થિત રીતે જે વસ્તુ જેની પાસેથી લીધી હોય, તે ગૃહસ્થને સોય, કાતર આદિ પાઢીહારી વસ્તુ પાછી સોંપે.

સાધુને સાધક જીવનમાં સાધર્મિક વાત્સલ્યના ભાવ સાથે પાઢીયારી વસ્તુની જવાબદારી પણ હોવી જરૂરી છે. પોતાની લાવેલી વસ્તુથી સાધર્મિક સાધુઓની સેવા કરવી અને કાર્ય પૂર્ણ થયા પછી પોતે જ ગૃહસ્થને વ્યવસ્થિત પાછો સોંપવું, તે તેનું કર્તવ્ય છે.

આ પ્રકારના વ્યવહારથી ગૃહસ્થનો શ્રદ્ધા-ભક્તિભાવ જળવાઈ રહે છે. ગૃહસ્થના સાધુની સેવા કરવાના ભાવ વધે છે અને સાધુના સત્ય મહાવ્રત અને અચૌર્ય મહાવ્રતનું અખંડપણે પાલન થાય છે.

**સાધુને માટે વર્જિત સ્થાન :–**

**૬ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा अणंतरहियाए पुढवीए ससणिद्धाए पुढवीए** *जाव* **संताणए, तहप्पगारं ओग्गहं णो ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **अणंतरहियाए पुढवीए** = સચેત પૃથ્વીની નજીકની ભૂમિ, અત્યંત નજીકની જગ્યા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે સચેત પૃથ્વીની નિકટવર્તી ભૂમિ, સ્નિગ્ધ પૃથ્વી ***યાવત્*** જીવજંતુથી યુક્ત સ્થાન છે, તો તેવા સ્થાનની આજ્ઞા એકવાર કે વારંવાર ગ્રહણ કરે નહીં.

**૭ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा थूणंसि वा गिहेलुगंसि वा, उसुयालंसि वा कामजलंसि वा अण्णयरे वा तहप्पगारे अंतलिक्खजाए दुब्बद्धे दुण्णिक्खित्ते अणिकंपे चलाचले णो उग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે તે સ્થાન ઊંચાઈ પર રહેલા ઠૂંઠા, દરવાજાના ઊંબરા કે સ્નાન કરવાના બાજોઠ આદિ ઉપર છે, તે તથાપ્રકારના સ્થાન કે જે સારી રીતે બાંધેલા નથી, સારી રીતે ભૂમિમાં ખોડેલા નથી, નિશ્ચલ નથી, ચલાયમાન છે, તો તેવા સ્થાનને ગ્રહણ કરવા માટે એક વાર કે વારંવાર આજ્ઞા ગ્રહણ કરે નહીં.

**૮ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा कुलियंसि वा** *जाव* **णो ओग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે તે ઉપાશ્રયની દીવાલ કાચી, પાતળી ***યાવત્*** અસ્થિર છે અને ચલાયમાન છે, તો તેવા સ્થાનની આજ્ઞા એકવાર કે વારંવાર ગ્રહણ કરે નહિ.

**૯ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा खंधंसि वा** *जाव* **णो ओग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે તે સ્થાન સ્તંભગૃહ, મંચગૃહ ***યાવત્*** હવેલીના ઉપરિતલ રૂપે છે, જે વ્યવસ્થિત બાંધેલ નથી ***યાવત્*** ચલાયમાન છે, તો તે સ્થાનની આજ્ઞા એકવાર કે વારંવાર ગ્રહણ કરે નહિ.

**१० से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा ससागारियं सागणियं सउदयं सइत्थिं सखुड्डं सपसुभत्तपाणं णो पण्णस्स णिक्खमणपवेसाए** *जाव* **धम्माणुओगचिंताए सेवं णच्चा तहप्पगारे उवस्सए ससागारिए** *जाव* **सखुड्ड-पसु-भत्तपाणे णो ओग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે તે સ્થાન ગૃહસ્થોથી યુક્ત છે, ત્યાં અગ્નિ અને પાણીના સ્થાન છે, સ્ત્રીઓ, નાના બાળકો રહે છે, પશુઓ અને તેની ખાવા-પીવાની સામગ્રીથી ભરેલા છે, તો તેવા સ્થાનમાં બુદ્ધિમાન સાધુ માટે ગમનાગમન, વાચના ***યાવત્*** ધર્મચિંતન કરવું યોગ્ય નથી, તેમ જાણીને સાધુ તેવા પ્રકારના ગૃહસ્થાદિથી (અગ્નિ, પાણી, સ્ત્રીઓ, બાળકો, પશુઓ અને આહાર-પાણી)યુક્ત મકાનોની આજ્ઞા એકવાર કે વારંવાર ગ્રહણ કરે નહિ.

**११ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा गाहावइकुलस्स मज्झंमज्झेणं गंतु पंथे पडिबद्धं वा, णो पण्णस्स** *जाव* **चिंताए; से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ओग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે સાધુના ગમનાગમનનો માર્ગ ગૃહસ્થના રહેઠાણની વચ્ચેથી નીકળે છે, માર્ગમાં ઘણો સામાન પડ્યો છે, તો તેવા સ્થાનને જાણીને બુદ્ધિમાન સાધુને ત્યાં રહેવું, ગમનાગમન કરવું, જવું, આવવું, વાચના ***યાવત્*** ધર્મચિંતન કરવું યોગ્ય નથી, તેમ જાણીને મુનિ તેવા પ્રકારના ગૃહસ્થના ઘરમાંથી નીકળતા માર્ગવાળા તથા સામાનથી રોકાયેલા માર્ગવાળા સ્થાનની એકવાર કે વારંવાર આજ્ઞા ગ્રહણ કરે નહિ.

**१२ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण ओग्गहं जाणेज्जा– इह खलु गाहावई वा** *जाव* **कम्मकरीओ वा अण्णमण्णं अक्कोसंति वा तहेव तेल्लादि; सिणाणादि; सीओदगवियडादि; णिगिणाइ य; जहा सेज्जाए आलावगा, णवरं ओग्गहवत्तव्वया ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે તે સ્થાનમાં ગૃહસ્થ ***યાવત્*** તેની નોકરાણીઓ પરસ્પર એક બીજાની સાથે ઝઘડે છે તથા પરસ્પર એક બીજાના શરીર ઉપર તેલ, ઘી આદિ લગાવે છે, સ્નાનાદિ કરે છે, ઠંડા કે ગરમ પાણીથી શરીરના અવયવોને ધૂએ છે, નગ્ન થઈ ક્રીડા કરે છે ***યાવત્*** શય્યા અધ્યયન પ્રમાણે સૂત્રાલાપક કહેવા. વિશેષતાએ છે કે અહીં અવગ્રહનું કથન કરવું. આ પ્રકારના કોઈ પણ સ્થાનની સાધુ એકવાર કે વારંવાર આજ્ઞા ગ્રહણ કરે નહિ.

**१३ से भिक्खू वा भिक्खूणी वा से जं पुण ओग्गहं जाणेज्जा– आइण्णं संलिक्खं णो पण्णस्स णिक्खमणपवेसाए** *जाव* **चिंताए, तहप्पगारे उवस्सए णो ओग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થાનના વિષયમાં જાણે કે તે સ્થાન ચિત્રોથી સુશોભિત છે, ત્યાં પ્રજ્ઞાવાન સાધુને ગમનાગમન કે વાચના ***યાવત્*** ધર્મચિંતન કરવું યોગ્ય નથી, તેમ જાણીને મુનિ, તથાપ્રકારના સ્થાનની આજ્ઞા એકવાર કે વારંવાર ગ્રહણ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે વર્જિત સ્થાનોનું પ્રતિપાદન શય્યૈષણા અધ્યયનના અતિદેશપૂર્વક કર્યું છે.

જે સ્થાનમાં રહેવાથી જીવોની હિંસા તેમજ સંયમની વિરાધના થતી હોય,મનમાં વિકારો જાગૃત થાય અને સ્વાધ્યાય, ધ્યાનમાં વિઘ્ન થાય તેવા સ્થાનમાં સાધુ, સાધ્વીએ રહેવું જોઈએ નહિ. કદાચિત્ કોઈ ગામમાં સંયમ સાધનાને અનુકૂળ મકાન ન મળે તો સાધુ એકાદ દિવસ ત્યાં રહીને અન્યત્ર વિહાર કરી જાય. આ રીતે સાધુ અલ્પ સમય માટે ગૃહસ્થના આવાગમન યુક્ત ઉપરોક્ત કેટલાક અકલ્પનીય મકાનમાં રહી શકે છે. આ અપવાદ માર્ગ છે, બૃહત્કલ્પ સૂત્રમાં આ અપવાદ માર્ગનું કથન છે. તેમ છતાં બ્રહ્મચર્યમાં બાધક સ્ત્રીયુક્ત મકાનમાં સાધુ અલ્પ સમય માટે પણ ન રહે.

**ઉપસંહાર :–**

**૧૪ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ અવગ્રહ ગ્રહણ વિવેક જ સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૭/૧ સંપૂર્ણ ॥**

# સાતમું અધ્યયન : બીજો ઉદ્દેશક

**ધર્મશાળાદિ જાહેર સ્થાનમાં અવગ્રહ વિધિ :–**

**१ से आगंतारेसु वा आरामागारेसु वा गाहावइकुलेसु वा परियावसहेसु वा अणुवीइ ओग्गहं जाएज्जा । जे तत्थ ईसरे जे तत्थ समहिट्ठाए ते ओग्गहं अणुण्णवेज्जा । कामं खलु आउसो ! अहालंदं अहापरिण्णायं वसामो, जाव आउसो, जाव आउसंतस्स उग्गहे, जाव साहम्मिया, एतावताव ओग्गहं ओगिण्हिस्सामो, तेण परं विहरिस्सामो ।**

**શબ્દાર્થ :–** तेणपरं = તેમાં જ, તે મર્યાદામાં જ **विहरिस्सामो** = રહેશું.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ધર્મશાળા, વિશ્રામગૃહ, ગૃહસ્થનું ઘર કે પરિવ્રાજકોના આશ્રમ આદિ સ્થાનોમાં જઈ, તે સ્થાનનું નિરીક્ષણ કરી વિચારપૂર્વક અવગ્રહની યાચના કરે. તે સ્થાનના માલિક કે અધિષ્ઠાતા પાસેથી સ્થાનની આજ્ઞા ગ્રહણ કરે અને તેમને કહે કે હે આયુષ્યમાન ગૃહસ્થ ! તમારી ઈચ્છાનુસાર તમો જેટલા સમય સુધી, જેટલા ક્ષેત્રમાં રહેવાની આજ્ઞા આપશો તેટલા સમય સુધી અને તેટલા ક્ષેત્રમાં અમો રહેશું. અમારા જેટલા સાધર્મિક સાધુ અહીં આવશે, તેઓ અને અમે બધા તેટલા જ સ્થાનમાં વિચરણ કરશું, તે મર્યાદામાં જ રહેશું.

**२ से किं पुण तत्थ ओग्गहंसि एवोग्गहियंसि ? जे तत्थ समणाण वा माहणाण छत्तए वा** *जाव* **चम्मछेयणए वा तं णो अंतोहिंतो बाहिं णीणेज्जा, बहियाओ वा णो अंतो पवेसेज्जा, णो सुत्तं वा णं पडिबोहेज्जा, णो तेसिं किंचि अप्पत्तियं पडिणीयं करेज्जा ।**

**ભાવાર્થ :–** તે સ્થાનની આજ્ઞા પ્રાપ્ત થાય, ત્યારે સાધુ ત્યાં રહીને શું કરે ? જે સ્થાનની આજ્ઞા મળી હોય, તે સ્થાનમાં રહેલા અન્ય મતાવલંબી શ્રમણો કે બ્રાહ્મણો આદિના દંડ, છત્ર ***યાવત્*** ચર્મછેદનકાદિ ઉપકરણો પડ્યા હોય, તો તેને અંદરથી બહાર લાવે નહિ અને બહારથી અંદર મૂકે નહિ. તેમજ સૂતેલા શ્રમણ, બ્રાહ્મણાદિને જગાડે નહિ. તેઓની સાથે જરા પણ અપ્રીતિજનક કે પ્રતિકૂળ વ્યવહાર કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને સ્થાનનો અવગ્રહ(આજ્ઞા) ગ્રહણ કર્યા પછી તેમાં રહેલા અન્યમતના શ્રમણાદિ સાથે વિવેક રાખવાનું નિદર્શન છે.

જે જગ્યાએ અન્યમતના શ્રમણ કે બ્રાહ્મણ રહ્યા હોય ત્યાં સાધુને રહેવાનું થાય, તો સાધુએ વિવેક રાખવો અત્યંત જરૂરી છે. સાધુ ત્યાં રહેલા તેઓના સામાનને આઘો પાછો કરે નહિ. જો તેઓ સૂતા હોય તો અવાજ કર્યા વિના શાંતિથી વિવેકપૂર્વક રહે. સાધકનું આ સામાન્ય નૈતિક કર્તવ્ય છે.

**णो तेसिं किंचि वि अप्पत्तियं पडिणीयं करेज्जा :–** તેઓને કિંચિત પણ અપ્રીતિજનક કે

પ્રતિકૂળ વ્યવહાર કરે નહીં. આ વાક્યથી સૂત્રકારે સાધુને નૈતિક કર્તવ્યોના પાલન માટે વિશેષ પ્રકારે સાવધાન કર્યા છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે કે– (૧) સાધુ તે સ્થાનને ખરાબ કરે નહિ, કચરો જ્યાં ત્યાં નાખે નહિ (૨) મળ-મૂત્રાદિ પરઠવામાં પણ અત્યંત વિવેકથી કામ કરે (૩) મકાન કે જગ્યાને સ્વચ્છ રાખે (૪) મકાનમાં ભાંગફોડ કરે નહિ (૫) જોર-જોરથી અવાજ કરે નહિ કે આરામના સમયે અવાજ કરી શાંત વાતાવરણને અશાંત કરે નહિ (૬) અન્ય ધર્મ સંપ્રદાયના સંતો સાથે વાદ-વિવાદ કરે નહીં. સંક્ષેપમાં સાધુ અન્ય મતના શ્રમણો સાથે શાસનની મહત્તા વધે, તે રીતે વિવેકપૂર્વકનો વ્યવહાર કરે.

**આંબાવાડી આદિમાં સાધુનો વિવેક :–**

**३ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा अंबवणं उवागच्छित्तए । जे तत्थ ईसरे, जे तत्थ समहिट्ठाए; ते ओग्गहं अणुण्णवेज्जा– कामं खलु** *जाव* **विहरिस्सामो ।**

**से किं पुण तत्थ ओग्गहंसि एवोग्गहियंसि ? अह भिक्खू इच्छेज्जा अंबं भोत्तए । से जं पुण अंबं जाणेज्जा– सअंडं** *जाव* **ससंताणगं तहप्पगारं अंबं अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને આમ્રવનમાં રહેવાની આવશ્યકતા ઊભી થાય તો તે આંબાવાડીના સ્વામી કે તેના અધિષ્ઠાતા પાસે તે સ્થાનની વિધિપૂર્વક આજ્ઞા ગ્રહણ કરે કે હે આયુષ્યમાન ! આપની આજ્ઞા પ્રમાણેના સમય સુધી, તેટલા ક્ષેત્રમાં આપના આમ્રવનમાં અમો રહેશું. તે સમયમાં અમારા સાધર્મિક સાધુઓ આવી જાય, તો તેઓ પણ તે નિયમ અનુસાર અમારી સાથે રહેશે. આ રીતે અમો સર્વે આપની આજ્ઞા પ્રમાણે મર્યાદામાં જ રહેશું.

આજ્ઞા પ્રાપ્ત કરીને ત્યાં રહ્યા પછી જો સાધુને કેરી ખાવાની ઈચ્છા થાય અને જો તે કેરી વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાયુક્ત હોય, તો તથાપ્રકારની કેરીને અપ્રાસુક તેમજ અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ.

**४ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण अंबं जाणेज्जा– अप्पंडं** *जाव* **संताणगं, अतिरिच्छछिण्णं, अव्वोच्छिण्णं; अफासुयं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **अतिरिच्छछिण्णं** = તિરછા ટુકડા કર્યા નથી, સુધારેલી નથી **अव्वोच्छिण्णं** = જીવ રહિત નથી.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે આંબાવાડીમાં કેરી છે, તે વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે પરંતુ તેના તિરછા ટુકડા કર્યા નથી, નાના ટુકડા કર્યા નથી અર્થાત્ કેરી આખી છે, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**५ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण अंबं जाणेज्जा– अप्पंडं** *जाव* **असंताणगं; तिरिच्छछिण्णं, वोच्छिण्णं, फासुयं** *जाव* **पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે કેરી ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે અને તેના તિરછા ટુકડા કર્યા છે, નાના ટુકડા કર્યા છે, તે ગોઠલીથી રહિત છે, તો તેને પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે.

**૬ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा अंबभित्तगं वा अंबपेसियं वा अंबचोयगं वा अंबसालगं वा अंबडालगं वा भोत्तए वा पायए वा । से जं पुण जाणेज्जा– अंबभित्तगं वा** *જાવ* **अंबडालगं वा; सअंडं** *જાવ* **संताणगं; अफासुयं** *જાવ* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **अंबभित्तगं** = કેરીનો અર્ધો ભાગ **अंबपेसियं** = કેરીની ચીર **अंबचोयगं** = કેરીની છાલ **अंबसालगं** = કેરીનો રસ **अंबडालगं** = કેરીના ટુકડા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને કેરીનો અર્ધો ભાગ, કેરીની ચીર, કેરીની છાલ, કેરીનો રસ કે નાના ટુકડા વગેરે ખાવા કે પીવાની ઈચ્છા થાય, પરંતુ તે જાણે કે કેરીનો અર્ધો ભાગ ***યાવત્*** ટુકડા વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે, તો તેને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૭ से भिक्खु वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– अंबभित्तगं वा** *જાવ* **अंबडालगं वा; अप्पंडं** *જાવ* **संताणगं, अतिरिच्छच्छिण्णं अवोच्छिण्णं अफासुयं** *જાવ* **णो पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે કેરીનો અર્ધો ભાગ ***યાવત્*** નાના ટુકડા, વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, પરંતુ તેના તિરછા ટુકડા થયેલા નથી અર્થાત્ તે સુધારેલી નથી, તેના નાના ટુકડા થયેલા નથી, તો તેને અપ્રાસુક તેમજ અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**૮ से भिक्खु वा भिक्खुणी वा से जं पुण जाणेज्जा– अंबभित्तगं वा** *જાવ* **अंबडालगं वा; अप्पंडं** *જાવ* **संताणगं, तिरिच्छच्छिण्णं वोच्छिण्णं फासुयं** *જાવ* **पडिगाहेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જાણે કે કેરીનો અર્ધો ભાગ ***યાવત્*** તેના નાના ટુકડાઓ વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, તેના તિરછા ટુકડા પણ કરેલા છે અર્થાત્ તે સુધારેલી છે, તેના નાના ટુકડા કરેલા છે, તો તથાપ્રકારની કેરી પ્રાસુક અને એષણીય જાણીને પ્રાપ્ત થાય, તો ગ્રહણ કરી શકે છે.

**૯ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा उच्छुवणं उवागच्छित्तए । जे तत्थ ईसरे** *જાવ* **उग्गहियंसि एवोग्गहियंसि । अह भिक्खू इच्छेज्जा उच्छुं भोत्तए वा पायए वा, से जं उच्छुं जाणेज्जा– सअंडं** *જાવ* **णो पडिगाहेज्जा । अतिरिच्छच्छिण्णं तहेव, तिरिच्छच्छिण्णे वि तहेव ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને શેરડીના વનમાં રહેવાની આવશ્યકતા ઊભી થાય, તો તે તેના માલિક કે અધિકારીની વિધિપૂર્વક આજ્ઞા ગ્રહણ કરે. આજ્ઞા પ્રાપ્ત કરીને ત્યાં રહ્યા પછી તે સાધુને જો શેરડી ખાવાની કે રસ પીવાની ઈચ્છા થાય અને તે જાણે કે શેરડી વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે, તો ગ્રહણ કરે નહીં. જો શેરડી વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે પરંતુ સુધારેલી નથી તો પણ ગ્રહણ કરે નહિ. જો શેરડી વિકલેન્દ્રિય જીવોના ઈંડા આદિથી રહિત

હોય, સુધારેલી હોય તો તેને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય તો ગ્રહણ કરી શકે છે. આ સર્વ વર્ણન આમ્રવનમાં રહેલા સાધુના આચાર સમાન જાણવું જોઈએ.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा अंतरुच्छुयं वा उच्छुगंडियं वा उच्छुचोयगं वा उच्छुसालगं वा उच्छुडालगं भोत्तए वा पायए वा । से जं पुण जाणेज्जा– अंतरुच्छुयं वा** *जाव* **डालगं वा; सअंडं** *जाव* **णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **अंतरुच्छुयं** = શેરડીના પર્વનો મધ્યભાગ **उच्छुगंडियं** = શેરડીની ગંડેરી **उच्छुचोयगं** = શેરડીની છાલ **उच्छुसालगं** = શેરડીનો રસ **उच्छुडालगं** = શેરડીના નાના ટુકડા **भोत्तए पायए** = ચૂસવા કે પીવા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને શેરડીના પર્વનો મધ્યભાગ, ગંડેરી, શેરડીની છાલ, શેરડીનો રસ, શેરડીના ટુકડા ખાવા કે પીવાની ઈચ્છા થાય, તો તે પહેલા જાણે કે તે શેરડીના પર્વનો મધ્યભાગ ***યાવત્*** શેરડીના નાના નાના ટુકડા વિકલન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે, તો તથાપ્રકારની શેરડીને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ.

**૧૧ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा अंतरुच्छुयं वा** *जाव* **डालगं वा; अप्पंडं** *जाव* **असंताणगं, अतिरिच्छच्छिण्णं तहेव, तिरिच्छछिण्णे वि तहेव ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી જો જાણે કે શેરડીના પર્વનો મધ્યભાગ ***યાવત્*** શેરડીના નાના નાના ટુકડા વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, પરંતુ તે સુધારેલી નથી, તો ગ્રહણ કરે નહિ. જો તે જાણે કે શેરડીના ટુકડા વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, સુધારેલી છે, તો તેને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય, તો ગ્રહણ કરી શકે છે.

**૧૨ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा ल्हसुणवणं उवागच्छित्तए, तहेव तिण्णि वि आलावगा, णवरं ल्हसुणं ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને લસણની વાડીમાં રહેવાની આવશ્યકતા ઊભી થાય, તો પૂર્વની જેમ વિધિપૂર્વક માલિકની કે અધિકારીની આજ્ઞા લઈને રહે. અવગ્રહ ગ્રહણ કર્યા પછી જો કોઈ કારણવશ લસણ ખાવાની ઈચ્છા થાય, ઈત્યાદિ ત્રણ સૂત્રાલાપકનું કથન કરવું– (૧) જીવ-જંતુ યુક્ત (૨) જીવ-જંતુ રહિત પરંતુ શસ્ત્ર પરિણત નથી (૩) શસ્ત્ર પરિણત. તેમાં બે આલાપકમાં અગ્રાહ્ય અને ત્રીજા આલાપકમાં ગ્રાહ્યનું કથન પૂર્વવત્ સમજવું. આ લસણ સંબંધી ત્રણેય આલાપકો પૂર્વના સૂત્રની જેમ જાણવા જોઈએ. વિશેષમાં ઈક્ષુના સ્થાને લસણનું કથન કરવું.

**૧૩ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा ल्हसुणं वा ल्हसुणकंदं वा ल्हसुणचोयगं वा ल्हसुणणालगं वा ल्हसुणडालगं वा भोत्तए वा पायए वा । से जं पुण जाणेज्जा ल्हसुणं वा** *जाव* **ल्हसुणणालगं वा सअंडं** *जाव* **णो पडिगाहेज्जा। एवं अतिरिच्छच्छिण्णे वि । तिरिच्छच्छिण्णे** *जाव* **पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **ल्हसुणं** = લસણને **ल्हसुणकंदं** = લસણના કંદને **ल्हसुणचोयगं** = લસણની કળી **ल्हसुणणालगं** = લસણના ટુકડાને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને કોઈ કારણવશ લસણ, લસણ કંદ, લસણની કળી(લસણનો રસ કે અર્ક) લસણના લાંબા ટુકડા કે નાના ટુકડા ખાવા કે પીવાની ઈચ્છા થાય, તો તે જાણે કે એ લસણ ***યાવત્*** લસણના નાના ટુકડા વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથીયુક્ત છે, તો તેને ગ્રહણ કરે નહીં. જો તે શસ્ત્ર પરિણત હોય, તો પૂર્વની જેમ પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય, ત્યારે ગ્રહણ કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે આમ્રવન, ઈક્ષુવન કે લસણના વનમાં રહે ત્યારના વિવેકનું પ્રતિપાદન કર્યું છે.

ગ્રામાનુગ્રામ વિચરતા સંતોને આંબાવાડી વગેરે સ્થાનોમાં ઉતરવાની આવશ્યકતા ઊભી થાય તો માલિકની આજ્ઞા લઈને સાધુ તે-તે સ્થાનોમાં રહી શકે છે. તે સ્થાનોમાં કેરી, શેરડી વગેરેને સુધારવા-પીલવાના વગેરે કાર્યો થતાં હોય તો સાધુ નિર્દોષ-પ્રાસુક તે પદાર્થોને ગ્રહણ કરી શકે છે. પૂર્વે અધ્યયન–૧ ઉદ્દેશક–૧૦ અનુસાર શેરડીને ઉજ્ઝિત ધર્મા હોવાથી સાધુને ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે. અહીં આજુબાજુમાં અન્ય આહાર યોગ્ય પદાર્થ મળે તેમ ન હોય તો શરીર નિર્વાહાર્થે શેરડીનો રસ, ગંડેરી વગેરે લેવાનું વિધાન છે.

તે પદાર્થો કાચા, અપક્વ, અન્ય જીવજંતુઓથી સંસક્ત હોય, બીજ સહિતના અખંડ હોય, તો તે અપ્રાસુક હોવાથી સાધુને માટે અકલ્પનીય છે.

જો તે પદાર્થો પાકા હોય અને અન્ય જીવજંતુઓથી સંસક્ત ન હોય, તે સુધારેલ હોય અથવા નાના-નાના ટુકડા કરેલા હોય, બીજથી પૂર્ણપણે રહિત હોય, તો સાધુ તેને ગ્રહણ કરી શકે છે.

સંક્ષેપમાં સચેત અખંડ ફળ સાધુને અગ્રાહ્ય છે, સુધારેલા, બીજથી રહિત, અચેત પાકા ફળ સાધુ ગ્રહણ કરી શકે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને પ્રજ્ઞાપના સૂત્રમાં લસણની અનંતકાય-સાધારણ વનસ્પતિમાં ગણના કરી છે. લસણનો ઉપયોગ અન્ય ખાદ્ય પદાર્થોની સાથે જ થાય છે. એકલું લસણ ખાઈ શકાતું નથી. અહીં જે લસણ ખાવાનું કથન છે તે કોઈ રોગના ઔષધરૂપે ગ્રહણ કરવાનું વિધાન છે, તેમ સમજવું. સામન્ય રૂપે સાધુ વ્યવહાર શુદ્ધિના લક્ષ્યે અનંતકાયને ગ્રહણ કરતા નથી.

**અવગ્રહ ગ્રહણની સાત પ્રતિમા :–**

**૧૪ से भिक्खू वा भिक्खुणी वा आगंतारेसु** *जाव* **परियावसहेसु वा जे तत्थ गाहावईण वा गाहावइपुत्ताण वा इच्चेयाइं आयतणाइं उवाइकम्म, अह भिक्खू जाणेज्जा इमाहिं पडिमाहिं उग्गहं ओगिण्हित्तए–**

**तत्थ खलु इमा पढमा पडिमा– से आगंतारेसु वा आरामागारेसु वा गाहावइकुलेसु वा, परियावसहेसु वा अणुवीइ ओग्गहं जाएज्जा** *जाव* **विहरिस्सामो। पढमा पडिमा ।**

**अहावरा दोच्चा पडिमा– जस्स णं भिक्खुस्स एवं भवइ अहं च खलु अण्णेसिं भिक्खूणं अट्ठाए ओग्गहं ओगिण्हिस्सामि, अण्णेसिं भिक्खूणं उग्गहे**

**ओग्गहिए उवल्लिस्सामि । दोच्चा पडिमा ।**

**अहावरा तच्चा पडिमा– जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु अण्णेसिं भिक्खुणं अट्ठाए ओग्गहं ओगिण्हिस्सामि, अण्णेसिं भिक्खूणं च ओग्गहे ओग्गहिए णो उवल्लिस्सामि । तच्चा पडिमा ।**

**अहावरा चउत्था पडिमा– जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु अण्णेसिं भिक्खुणं अट्ठाए ओग्गहं णो ओगिण्हिस्सामि, अण्णेसिं च ओग्गहे उग्गहिए उवल्लिस्सामि । चउत्था पडिमा ।**

**अहावरा पंचमा पडिमा– जस्स णं भिक्खुस्स एवं भवइ अहं च खलु अप्पणो अट्ठाए ओग्गहं ओगिण्हिस्सामि, णो दोण्हं, णो तिण्हं, णो चउण्हं, णो पंचण्हं । पंचमा पडिमा ।**

**अहावरा छट्ठा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा जस्सेव ओग्गहे उवल्लिएज्जा, जे तत्थ अहासमण्णागए तं जहा– इक्कडे वा** *जाव* **पलाले वा, तस्स लाभे संवसेज्जा, तस्स अलाभे उक्कुडुए वा णेसज्जिए वा विहरेज्जा । छट्ठा पडिमा ।**

**अहावरा सत्तमा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा अहासंथडमेव ओग्गहं जाएज्जा, तं जहा– पुढविसिलं वा कट्ठसिलं वा अहासंथडमेव तस्स लाभे संवसेज्जा, तस्स अलाभे उक्कुडुओ वा णेसज्जिओ वा विहरेज्जा । सत्तमा पडिमा ।**

**इच्चेयासिं सत्तण्हं पडिमाणं अण्णयरं जहा पिंडेसणाए ।**

**શબ્દાર્થ :–** **ओग्गहं ओगिण्हिस्सामि** = અવગ્રહની યાચના કરીશ **उग्गहे** = અવગ્રહમાં **उग्गहिए** = આજ્ઞા ગ્રહણ કરવા પર **उवल्लिस्सामि** = ત્યાં રહીશ **जस्सेव उग्गहे उवल्लिएज्जा** = જે ઉપાશ્રયની આજ્ઞા લઈને રહીશ **जे तत्थ** = જો ત્યાં **अहासमण्णागए** = ત્યાં જ રહેલા **इक्कडे** = ઘાસ વિશેષ, **पलाले** = પરાળ **तस्स लाभे** = તે પ્રાપ્ત થવા પર **संवसेज्जा** = રહે અર્થાત્ સંસ્તારક આદિ કરે **तस्स अलाभे** = તે ન મળે તો **उक्कुडुए** = ઉત્કટ આસન **णेसज्जिए** = નિષદ્યા આસન પર **विहरेज्जा** = વિચરીશ **अहासंथडमेव** = જે સ્થાનમાં આસન પાથરેલ જ હોય **उग्गहं जाएज्जा** = તે અવગ્રહની યાચના કરીશ **पुढविसिलं** = પૃથ્વી શિલા કે **कट्ठसिलं** = લાકડાની શિલા-પાટ **अहासंथडमेव** = જે ઉપાશ્રયમાં પરાળ આદિ પહેલાંથી પાથરેલ હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી ધર્મશાળા ***યાવત્*** આશ્રમ આદિ પૂર્વોક્ત સ્થાનોમાં ગૃહસ્થ કે ગૃહસ્થના પુત્ર આદિ પાસે(પૂર્વ સૂત્રોમાં કથિત સર્વ દોષોથી રહિત) નિમ્નોક્ત સાત પડિમાઓ દ્વારા અવગ્રહની યાચના કરે.

(૧) **પહેલી પડિમા** આ પ્રમાણે છે કે સાધુ ધર્મશાળા, આરામ ગૃહ, ગૃહસ્થનું ઘર, પરિવ્રાજકોનો આશ્રમ આદિ સ્થાનોની પરિસ્થિતિનો વિચાર કરીને, ક્ષેત્ર, કાળની મર્યાદાનું સ્પષ્ટીકરણ કરીને પૂર્વોક્ત વિધિ

અનુસાર અવગ્રહની યાચના કરે અને તે ક્ષેત્ર કાલ સંબંધી ગૃહસ્થની કહેલી મર્યાદામાં જ રહે વગેરે ત્યાં સુધીનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. આ પ્રથમ પડિમા છે.

(૨) **બીજી પડિમા** આ પ્રમાણે છે– સાધુ આ પ્રકારનો અભિગ્રહ કરે છે કે હું બીજા સાધુઓને માટે અવગ્રહની યાચના કરીશ અને બીજા સાધુઓ દ્વારા યાચના કરેલા અવગ્રહ-ઉપાશ્રયમાં પણ રહીશ. આ બીજી પડિમા છે.

(૩) **ત્રીજી પડિમા** આ પ્રમાણે છે– સાધુ આ પ્રકારનો અભિગ્રહ કરે છે કે હું બીજા ભિક્ષુઓ માટે અવગ્રહની યાચના કરીશ પરંતુ બીજા ભિક્ષુ દ્વારા યાચના કરેલા અવગ્રહ-ઉપાશ્રયમાં રહીશ નહિ. આ ત્રીજી પડિમા છે.

(૪) **ચોથી પડિમા** આ પ્રમાણે છે– સાધુ આ પ્રકારનો અભિગ્રહ કરે છે કે હું બીજા સાધુઓ માટે અવગ્રહની યાચના કરીશ નહીં પરંતુ બીજા સાધુ દ્વારા યાચના કરાયેલા અવગ્રહ-ઉપાશ્રયમાં રહીશ. આ ચોથી પડિમા છે.

(૫) **પાંચમી પડિમા** આ પ્રમાણે છે– સાધુ આ પ્રકારનો અભિગ્રહ કરે છે કે હું મારા પ્રયોજન માટે જ અવગ્રહની યાચના કરીશ, પરંતુ બીજા બે, ત્રણ, ચાર કે પાંચ સાધુઓ માટે અવગ્રહની યાચના કરીશ નહિ. આ પાંચમી પડિમા છે.

(૬) **છઠ્ઠી પડિમા** આ પ્રમાણે છે– સાધુ આ પ્રકારનો અભિગ્રહ કરે છે કે હું જે સ્થાનની યાચના કરીશ તે અવગૃહીત સ્થાનમાં જ ઇક્કડ ઘાસ ***યાવત્*** પરાળ આદિ શય્યા, સંસ્તારક હશે, તો તેને ગ્રહણ કરી, પાથરીને ઉપયોગ કરીશ. કદાચ તે સ્થાનમાં શય્યા-સંસ્તારક નહીં હોય તો ઉકકડુ, આસનથી અથવા નિષદ્યા-પલાંઠી આદિ આસનથી બેસીને રાત્રિ પસાર કરીશ. આ છઠ્ઠી પડિમા છે.

(૭) **સાતમી પડિમા** આ પ્રમાણે છે– સાધુ કે સાધ્વી આ પ્રકારનો અભિગ્રહ કરે છે કે હું જે જગ્યાની આજ્ઞા લઈને રહીશ તે સ્થાન પર જો પૃથ્વીશિલા, કાષ્ઠશિલા તથા પરાળાદિ પાથરેલા હશે, તો તેનો ઉપયોગ કરીશ, પરંતુ સહજ પાથરેલા સંસ્તારક કે પૃથ્વીશિલા આદિ નહીં હોય, તો ઉકકડુ આસનથી કે નિષદ્યા આસનથી બેસીને રાત્રિ પસાર કરીશ. આ સાતમી પડિમા છે.

સાધુ પોતાની શક્તિ અને પરિસ્થિતિનો વિચાર કરીને આ સાત પ્રકારની પડિમાઓમાંથી કોઈ પણ પડિમા ધારણ કરી શકે છે. તેમાં પોતાની પડિમાને ઉત્કૃષ્ટ અને બીજા સાધુની પડિમાને હીન માને નહીં. વગેરે પિંડૈષણા અધ્યયનની જેમ જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અવગ્રહ વિષયક સાત પડિમાઓનું સ્વરૂપ દર્શાવ્યું છે.

**(૧) પ્રથમ પડિમા** સર્વ સાંભોગિકોની સામાન્ય છે. આ પડિમામાં ધર્મશાળા આદિ સ્થાનોમાંથી અમુક ચોક્કસ પ્રકારનો ઉપાશ્રય જ ગ્રહણ કરવાનો સંકલ્પ કરે છે.

**(૨) બીજી પડિમા** ગચ્છમાં રહેલા સાંભોગિક સાધુઓની તથા શાસ્ત્રાનુસાર વિહાર કરનાર અન્ય ગચ્છના સાધુઓની છે. સાધુ સંકલ્પ કરે છે કે હું બીજા સાધુઓ માટે અવગ્રહની યાચના કરીશ અને બીજાએ ગ્રહણ કરેલા અવગ્રહમાં પણ રહીશ.

**(૩) ત્રીજી પડિમા** સહાય પચ્ચક્ખાણ આદિ રૂપે અભિગ્રહ કરનારાઓની હોય છે. તેમાં સાધુ સંકલ્પ કરે કે હું બીજા સાધુઓ માટે અવગ્રહની યાચના કરીશ પરંતુ બીજાએ ગ્રહણ કરેલા અવગ્રહમાં રહીશ નહિ.

**(૪) ચોથી પડિમા** પરિહાર તપ કરનારા શ્રમણ કે નવમા, દસમા પ્રાયશ્ચિતનું વહન કરનારા સાધુઓની હોય છે. તેમાં સાધુ સંકલ્પ કરે કે હું મારા માટે જ અવગ્રહની યાચના કરીશ, બીજા માટે અવગ્રહની યાચના કરીશ નહીં. તે સાધુઓ સાથે અન્ય સાધુ રહી શકતા નથી કારણ કે તેઓના પ્રાયશ્ચિત્ત કાલમાં આ મર્યાદા હોય છે. તેઓ જરૂર પડે તો, આચાર્યના મકાનમાં રહી શકે છે.

**(૫) પાંચમી પડિમા** જિનકલ્પી કે પ્રતિમાધારક સાધુની હોય છે. તેઓને અન્ય સાધુઓ સાથે મકાન સંબંધી વ્યવહાર હોતો નથી, માટે તેવો કોઈ પણ સાધુ માટે અવગ્રહ ગ્રહણ કરતા નથી અને બીજા સાધુના ગ્રહણ કરેલા સ્થાનમાં રહેતા પણ નથી.

**(૬-૭) છટ્ઠી-સાતમી પડિમા** શય્યૈષણા અધ્યયન પ્રમાણે જ છે અને સૂત્રથી સ્પષ્ટ છે. તેને કોઈ પણ સાધુ ગ્રહણ કરી શકે છે.

**અવગ્રહના પાંચ પ્રકાર :–**

**૧૫ सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं– इह खलु थेरेहिं भगवंतेहिं पंचविहे ओग्गहे पण्णत्ते, तं जहा– देविंदोग्गहे, रायोग्गहे, गाहावइओग्गहे, सागारियओग्गहे, साहम्मियओग्गहे ।**

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન શિષ્ય ! મેં તે ભગવાન પાસેથી આ પ્રમાણે સાંભળ્યું છે કે આ જિન પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ પાંચ પ્રકારના અવગ્રહ કહ્યા છે, જેમ કે– (૧) દેવેન્દ્રનો અવગ્રહ (૨) રાજાનો અવગ્રહ (૩) ગૃહસ્થનો અવગ્રહ (૪) સાગારિકનો અવગ્રહ (૫) સાધર્મિકનો અવગ્રહ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ પ્રકારના અવગ્રહનું કથન છે.

**અવગ્રહ :–** સ્થાન કે વસ્તુના જે સ્વામી હોય, તેમની આજ્ઞાપૂર્વક તે વસ્તુ કે તે સ્થાન ગ્રહણ કરવું, તેને અવગ્રહ કહે છે. સ્વામીની અપેક્ષાએ તેના પાંચ પ્રકાર છે.

**(૧) દેવેન્દ્રનો અવગ્રહ :–** દક્ષિણ લોકાર્દ્ધ અને ઉત્તર લોકાર્દ્ધ પર ક્રમશઃ શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રનું આધિપત્ય છે. તે તે ક્ષેત્રોમાં રહેલી નધણીયાતી વસ્તુ માટે તેની આજ્ઞા લેવી, તે દેવેન્દ્ર અવગ્રહ છે. જેમ કે સાધુ-સાધ્વી વિહાર કરતાં વૃક્ષની નીચે આદિ કોઈપણ સ્થાનમાં વિશ્રાંતિ લેવા બેસે, શૌચ ક્રિયા માટે જાય, ત્યારે શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લઈને બેસે છે, આ દેવેન્દ્ર અવગ્રહ છે.

**(૨) રાજાનો અવગ્રહ :–** ભરતાદિ ક્ષેત્રના છ ખંડ પર ચક્રવર્તીનું સ્વામિત્વ હોય છે, તેથી તે ક્ષેત્રોમાં તેમની આજ્ઞા લઈને વિચરણ કરવું, તે રાજાનો અવગ્રહ છે.

**(૩) ગાથાપતિ અવગ્રહ :–** ગૃહસ્વામીની કોઈ પણ વસ્તુ કે મકાનના કોઈ પણ વિભાગ આદિની અથવા સ્થંડિલ ભૂમિની આજ્ઞા લેવી, તે ગૃહપતિ અવગ્રહ છે.

**(૪) સાગારિક અવગ્રહ :–** જેના મકાનમાં સાધુ રહ્યા છે, તે મકાનમાં રહેલા શય્યા સંસ્તારકે સ્થંડિલ ભૂમિ અથવા અન્ય પદાર્થોની આજ્ઞા લેવી તે સાગારિક અવગ્રહ છે.

**(૫) સાધર્મિક અવગ્રહ :–** સહવર્તી સાધર્મિક શ્રમણોની વસ્તુઓને પરસ્પર આજ્ઞાપૂર્વક ગ્રહણ કરવી, તે સાધર્મિક અવગ્રહ છે.

**ઉપસંહાર :–**

**૧૬** **एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ અવગ્રહ ગ્રહણ વિવેક સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા-સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ અધ્યયન–૭/૨ સંપૂર્ણ ॥**

**॥ સાતમું અધ્યયન સંપૂર્ણ ॥**

# આઠમું અધ્યયન

## પરિચય

બીજી ચૂલાના આ અધ્યયનનું નામ **સ્થાન સપ્તિકા** છે.

બીજા શ્રુતસ્કંધના આઠથી ચૌદ સુધીના સાત અધ્યયનની સમગ્ર બીજી ચૂલાનું નામ 'સપ્તસપ્તિકા ચૂલા' છે અને તેના પ્રત્યેક અધ્યયનના નામ સાથે પણ 'સપ્તિકા' શબ્દ જોડાયેલો છે, તે જ રીતે સ્થાન સંબંધિત પ્રસ્તુત અધ્યયનનું નામ **સ્થાન સપ્તિકા** છે.

જીવ જ્યાં સ્થિત થાય તે સ્થાન કહેવાય છે. તેના બે ભેદ છે– દ્રવ્યસ્થાન અને ભાવસ્થાન. ગામ, નગર ***યાવત્*** રાજધાની **દ્રવ્ય સ્થાન** છે અને ઔપશમિકભાવ આદિ ભાવ કે સ્વભાવમાં રહેવું તે **ભાવસ્થાન** છે. પ્રસ્તુત અધ્યયનમાં દ્રવ્યસ્થાનની વિવક્ષા છે.

પ્રશસ્ત ભાવસ્થાનાદિને પ્રાપ્ત કરવા દ્રવ્યસ્થાન આવશ્યક છે. બીજા શય્યૈષણા અધ્યયનમાં બે-પાંચ દિવસ કે માસકલ્પાદિ પર્યંત રહેવા માટે સ્થાન ગ્રહણનું નિરૂપણ છે જ્યારે પ્રસ્તુત અધ્યયનમાં માત્ર નિશ્ચિત સ્થાનમાં, નિશ્ચિત સમય સુધી ઊભા રહેવા માટે કે ઊભા રહીને કાર્યોત્સર્ગ કરવા માટે સ્થાન ગ્રહણનું નિરૂપણ છે. આ અધ્યયન વર્ણિત સ્થાન ગ્રહણ કરનાર સાધુને બેસવા કે સૂવાનો ત્યાગ હોય છે. તે માત્ર ઊભા જ રહે છે. તેમાં પણ યથાસમયે ચાર પ્રકારની પ્રતિમાનો સ્વીકાર કરે છે.

આ રીતે આ અધ્યયન એક વિશિષ્ટ સાધકને માટે સ્થાનના અવગ્રહ ગ્રહણ સંબંધી છે.

❖❖❖❖❖

# આઠમું અધ્યયન

## સ્થાન સપ્તિકા

**જીવ-જંતુયુક્ત સ્થાન ગ્રહણનો નિષેધ :–**

**૧ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा ठाणं ठाइत्तए । से अणुपविसेज्जा गामं वा णगरं वा** *जाव* **रायहाणिं वा । से अणुपविसित्ता गामं वा** *जाव* **रायहाणिं वा से जं पुण ठाणं जाणेज्जा सअंडं** *जाव* **मक्कडासंताणयं, तं तहप्पगारं ठाणं अफासुयं अणेसणिज्जं लाभे संते णो पडिगाहेज्जा । एवं सेज्जागमेण णेयव्वं** *जाव* **उदगपसूयाइं ति ।**

**શબ્દાર્થ :–** अभिकंखेज्जा = ઈચ્છે ठाणं ठाइत्तए = કાયોત્સર્ગમાં સ્થિર થવાની.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી કોઈ સ્થાનમાં રહેવા ઈચ્છે તો તે ગામ, નગર ***યાવત્*** રાજધાનીમાં પ્રવેશ કરે અને જાણે કે તે સ્થાન ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે, તો તે પ્રકારનું સ્થાન પ્રાપ્ત થવા છતાં અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ કરે નહિ. તે જ રીતે ***યાવત્*** તે સ્થાન પાણીમાં ઉત્પન્ન થયેલા કંદાદિથી યુક્ત હોય તો તે સ્થાનને ગ્રહણ કરે નહીં ઈત્યાદિ સર્વ વર્ણન બીજા શય્યૈષણા અધ્યયનની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને કલ્પનીય-અકલ્પનીય સ્થાનનું વર્ણન શય્યૈષણા અધ્યયનના અતિદેશપૂર્વક છે. તે સર્વ સૂત્રનો સંક્ષિપ્ત ભાવ આ પ્રમાણે છે–

(૧) સાધુ જીવ-જંતુઓથી યુક્ત સ્થાનમાં રહે નહીં.

(૨) એક કે અનેક સાધર્મિક સાધુ કે સાધ્વીઓના ઉદ્દેશ્યથી સમારંભપૂર્વક બનાવેલા, ખરીદેલા, ઉધાર લીધેલા, અન્ય પાસેથી ઝૂંટવી લીધેલા વગેરે દોષયુક્ત સ્થાન પુરુષાંતરકૃત હોય કે અપુરુષાંતરકૃત હોય; માલિકે પોતાના ઉપયોગમાં લીધું હોય કે ન લીધું હોય, સાધુ તે સ્થાનમાં રહે નહિ.

(૩) ઘણા શ્રમણાદિના ઉદ્દેશથી બનાવેલા ઔદ્દેશિક દોષયુક્ત સ્થાનમાં રહે નહિ.

(૪) સાધુ માટે સંસ્કારિત કે પરિકર્મિત કરેલા સ્થાનમાં રહે નહિ.

(૫) સાધુ માટે દરવાજો નાનો કે મોટો બનાવે ***યાવત્*** ભારે વસ્તુઓની ફેરવણી કરે, તો તેવા સ્થાનમાં રહે નહિ.

(૬) સાધુને રહેવા માટે કંદમૂળ, લીલોતરી આદિની હેર-ફેર કરે, તો તેવા સ્થાનમાં સાધુ રહે નહિ.

પરંતુ સામાન્ય રીતે કોઈના નામ નિર્દેશ કે ગણના કર્યા વિના આગંતુક સંન્યાસીઓ આદિને રહેવા માટે બનાવેલા કે સંસ્કારિત કે પરિકર્મિત કરેલા સ્થાનો પુરુષાંતકૃત થઈ જાય, ત્યાર પછી સાધુ તેમાં રહી શકે છે.

સંક્ષેપમાં સંયમ-તપની સાધનાને યોગ્ય, જીવાદિ રહિત, પ્રાસુક, એષણીય, વૈરાગ્ય પોષક, એકાંત સ્થાનમાં સાધુ નિવાસ કરે છે.

**ચાર સ્થાન પ્રતિમા :–**

**૨ इच्चेयाइं आयतणाइं उवाइकम्म अह भिक्खू इच्छेज्जा चउहिं पडिमाहिं ठाणं ठाइत्तए ।**

**तत्थिमा पढमा पडिमा– अचित्तं खलु उवसज्जेज्जा, अवलंबेज्जा, काएण विप्परिकम्मादी, सवियारं ठाणं ठाइस्सामि त्ति । पढमा पडिमा ।**

**શબ્દાર્થ :–** **अचित्तं** = અચિત્ત સ્થાનનો **उवसज्जेज्जा** = આશ્રય લઈશ **अवलंबेज्जा** = આલંબન લઈશ **काएण विप्परिकम्मादी** = કાયાથી હાથ પગાદિનો સંકોચ, વિસ્તાર કરીશ **सवियारं ठाणं ठाइस्सामि** = થોડી ભૂમિમાં ચાલીશ અર્થાત્ મર્યાદિત ભૂમિમાં બીજી બીજી જગ્યાએ કાયોત્સર્ગની ક્રિયા કરીશ.

**ભાવાર્થ :–** કર્મ આવવા રૂપ દોષ સ્થાનોને છોડીને, આ ચાર પડિમાઓનો આશ્રય લઈને સાધુ કોઈપણ સ્થાનમાં રહેવાની ઈચ્છા કરે.

તેમાં પ્રથમ પ્રતિમાનું સ્વરૂપ આ પ્રમાણે છે– હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત ભીંત આદિનો સહારો(ટેકો) લઈશ તથા હાથ, પગાદિ લાંબા ટૂંકા કરીશ અને મર્યાદિત ભૂમિમાં થોડું પરિભ્રમણ કરીશ. આ **પ્રથમ પ્રતિમા** છે.

**૩ अहावरा दोच्चा पडिमा– अचित्तं खलु उवसज्जेज्जा, अवलंबेज्जा, काएण विप्परिकम्मादी, णो सवियारं ठाणं ठाइस्सामि त्ति । दोच्चा पडिमा ।**

**ભાવાર્થ :–** બીજી પ્રતિમાનું સ્વરૂપ આ પ્રમાણે છે– હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત ભીંત આદિનો આધાર લઈશ તથા હાથ પગાદિને લાંબા-ટૂંકા કરીશ પરંતુ પરિભ્રમણ કરીશ નહિ. આ **બીજી પ્રતિમા** છે.

**૪ अहावरा तच्चा पडिमा– अचित्तं खलु उवसज्जेज्जा, अवलंबेज्जा, णो काएण विप्परिकम्मादी, णो सवियारं ठाणं ठाइस्सामि त्ति । तच्चा पडिमा ।**

**ભાવાર્થ :–** ત્રીજી પ્રતિમાનું સ્વરૂપ આ પ્રમાણે છે– હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત ભીંત આદિનો આધાર લઈશ પરંતુ હાથ પગાદિને લાંબા-ટૂંકા કરીશ નહીં. તેમજ મર્યાદિત ભૂમિમાં જરા પણ પરિભ્રમણ કરીશ નહિ. આ **ત્રીજી પ્રતિમા** છે.

**૫ अहावरा चउत्था पडिमा– अचित्तं खलु उवसज्जेज्जा, णो अवलंबेज्जा, णो काएण विप्परिकम्मादी, णो सवियारं ठाणं ठाइस्सामि । वोसट्ठकाए वोसट्ठकेस मंसु-लोम-णहे संणिरुद्धं वा ठाणं ठाइस्सामि त्ति चउत्था पडिमा ।**

**इच्चेयासिं चउण्हं पडिमाणं** *जाव* **पग्गहियतरागं विहारं विहरेज्जा, णेव किंचि वि वएज्जा ।**

**શબ્દાર્થ :–** **वोसट्ठकाए** = કાયાનું મમત્વ છોડું છું **वोसट्ठकेस मंसु-लोम-णहे** = કેશ, દાઢી, મૂંછ, રોમ, નખના મમત્વભાવને છોડી **संणिरुद्धं** = સમ્યક પ્રકારે કાયાનો નિરોધ કરીને **ठाणं ठाइस्सामि** = સ્થાનમાં રહીશ, કાયોત્સર્ગ કરીશ **पग्गहियतरागं** = કોઈ એક પ્રતિમાને ગ્રહણ કરીને **विहरेज्जा** = વિચરે **णेव किंचि वि वएज्जा** = બીજા કોઈ મુનિની નિંદા કરે નહિ.

**ભાવાર્થ :–** ચોથી પ્રતિમા આ પ્રમાણે છે– હું અચિત્ત સ્થાનમાં રહીશ, તે સમયે આલંબન–ટેકો લઈશ નહિ, હાથ પગાદિને લાંબા-ટૂંકા કરીશ નહિ અને મર્યાદિત જગ્યામાં પરિભ્રમણ પણ કરીશ નહિ. આ સમય દરમ્યાન શરીર પ્રત્યેના મમત્વનો ત્યાગ કરીશ તેમજ કેશ, દાઢી, મૂંછ, રોમ અને નખાદિની શોભાનો પણ ત્યાગ કરીશ. સમ્યક પ્રકારે કાયાનો નિરોધ કરીને તે સ્થાનમાં સ્થિત રહીશ.

સાધુ આ ચાર પ્રતિમાઓમાંથી કોઈપણ એક પ્રતિમાને ગ્રહણ કરીને વિચરણ કરે પરંતુ પ્રતિમાને ગ્રહણ નહિ કરનાર અન્ય મુનિની નિંદા કરે નહિ, પોતાની શ્રેષ્ઠતાનું અભિમાન કરે નહિ. સર્વ પ્રત્યે સમાનભાવ રાખે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિશિષ્ટ સાધકની કાયોત્સર્ગની ઊભા રહેવા સંબંધિત ચાર પડિમાઓનું વર્ણન છે.

સાધકની સમગ્ર સાધના મન, વચન, કાયાની યૌગિક પ્રવૃત્તિથી સર્વથા મુક્ત થઈને ઉપયોગ સ્વરૂપ આત્મભાવમાં સ્થિર થવા માટે છે. અનાદિકાલીન દેહના મમત્વને છોડવા માટે સાધકે વારંવાર પુરુષાર્થ કરવો પડે છે. યોગ નિરોધના પ્રયોગ માટે કાયોત્સર્ગ એક ઉત્તમ સાધન છે. સાધક મર્યાદિત સમયના સંકલ્પ સાથે કાયોત્સર્ગમાં સ્થિત થાય છે અને ક્રમશઃ તેની સમય મર્યાદા વધારતાં-વધારતાં પોતાના લક્ષ્ય સુધી પહોંચી જાય છે.

પ્રસ્તુત પ્રસંગમાં સાધકની ઊભા રહેવા સંબંધી ચાર પ્રતિમાઓનું કથન છે. વ્યાખ્યા ગ્રંથમાં તેના ચાર નામ આ પ્રમાણે કહ્યા છે– (૧) અચેત સ્થાનોપાશ્રયા (૨) અચેતાવલંબના (૩) હસ્તપાદાદિ પરિક્રમણા (૪) સ્તોક પાદ વિહરણા.

**(૧) અચેત સ્થાનોપાશ્રયા પડિમા :–** એક સ્થાનમાં ઊભા રહેવાની પ્રતિજ્ઞા કરીને સાધુ અચેત સ્થાનનો આશ્રય લે છે અર્થાત્ દીવાલ, થાંભલાદિના આધારે ઊભા રહે છે. હાથ-પગ જકડાઈ જાય તો ફેલાવે-સંકોચે છે અને આવશ્યકતા જણાય તો મર્યાદિત ભૂમિમાં પરિભ્રમણ પણ કરે છે, પરંતુ તે સાધક બેસતા નથી.

**(૨) અચિત્તાલંબના પડિમા :–** આ પડિમામાં સાધક અચેત દીવાલાદિનો આધાર લે છે. હાથ-પગ આદિ સંકુંચન, પ્રસારણાદિ ક્રિયા કરે છે પરંતુ પરિભ્રમણ કરતા નથી.

**(૩) હસ્તપાદાદિ પરિક્રમણા પ્રતિમા :–** આ પડિમામાં સાધક ભીંત આદિનો ટેકો લે છે, પરંતુ અંગોપાંગનું પરિસ્પંદન એટલે હાથ-પગાદિને હલાવવા રૂપ ક્રિયાઓ અને પરિભ્રમણ કરતા નથી.

**(૪) સ્તોક પાદ વિહરણા પ્રતિમા :–** આ પડિમા ગ્રહણ કરનાર સાધક આલંબન, પરિસ્પંદન અને પરિભ્રમણ આદિ ત્રણે ક્રિયાઓનો ત્યાગ કરે છે અર્થાત્ અચેત સ્થાનમાં સ્થિર રહીને કાર્યોત્સર્ગ કરે છે. તે સાધક પોતાના શરીરના મમત્વનો સંપૂર્ણ ત્યાગ કરે છે.

આ અધ્યયનમાં માત્ર ઊભા રહેવાની પ્રતિજ્ઞા કરનાર સાધકની સાધનાનું વર્ણન છે. તે સાધક

વિહાર, ગોચરી, સ્થંડિલ, પ્રતિલેખન અને પ્રતિક્રમણના સમય સિવાયના સમયમાં ચાર પડિમાઓમાંથી કોઈ પણ એક પડિમાને ગ્રહણ કરીને આત્મ સાધનમાં, ધ્યાનમાં કે કાયોત્સર્ગમાં લીન રહે છે અને શરીર પ્રત્યે નિસ્પૃહ રહે છે. આ સાધકોને બેસવાનો કે સૂવાનો સંપૂર્ણ ત્યાગ હોય છે.

**ઉપસંહાર :–**

**६ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ સ્થાનૈષણા વિવેક સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**॥ આઠમું અધ્યયન સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'નિષીધિકા' છે. 'નિષીધિકા' શબ્દ શાસ્ત્રીય પારિભાષિક શબ્દ છે. તેનો સામાન્ય અર્થ બેસવાની જગ્યા અથવા સ્વાધ્યાય ભૂમિ થાય છે.

મૂળપાઠમાં પ્રયુક્ત **णिसीहिय** શબ્દના સંસ્કૃતમાં **निषीधिका** અને **निशीथिका** આ બે રૂપ થાય છે. તેમ છતાં **निषीधिका** પદ અધિક પ્રસિદ્ધ હોવાથી આ અધ્યયનનું નામ 'નિષીધિકા' છે.

પ્રાકૃત શબ્દકોષમાં નિષીધિકા શબ્દના નિશીથિકા, નૈષધિકી આદિ રૂપાંતરો જોવા મળે છે. તથા તેના સ્મશાનભૂમિ, બેસવાની જગ્યા, પાપક્રિયાના ત્યાગની પ્રવૃત્તિ, સ્વાધ્યાય ભૂમિ, આદિ અર્થો પ્રાપ્ત થાય છે.

અહીં નિષીધિકા કે નિશીથિકા, આ બંને શબ્દોનો અર્થ 'સ્વાધ્યાય ભૂમિ' થાય છે. જે સ્થાનમાં સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપાર, લોકોની ભીડ, કલહ, કોલાહલ, ઘોંઘાટ, રુદન, અશાંતિકારક વાર્તાલાપ, ગંદકી, મળ ત્યાગ, કચરા આદિ નિષિદ્ધ કાર્યોનો નિષેધ હોય તેવી જગ્યા સ્વાધ્યાય માટે યોગ્ય છે અને સ્વાધ્યાય યોગ્ય તે પવિત્ર ભૂમિને **નિષીધિકા** કહે છે. ત્યાં ચિંતા, શોક, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, મોહોત્પાદક રંગરાગ આદિ કુવિચારોનું વાતાવરણ હોતું નથી, સુવિચારોની ધારા અખંડ રહે, ચિંતનની સ્વસ્થતા અનુભવાય તેવું તે સ્થાન હોય છે.

આ અધ્યયનમાં નિષીધિકા-સ્વાધ્યાય ભૂમિ કેવી હોય ? સ્વાધ્યાય માટે કેવી રીતે બેસાય ? ક્યાં બેસાય ? કઈ ક્રિયા ત્યાં ન કરાય ? કઈ ક્રિયા કરાય ? વગેરે સ્વાધ્યાય ભૂમિ સંબંધિત સર્વ ક્રિયાઓનું નિરૂપણ કર્યું હોવાથી, આ અધ્યયનનું નામ 'નિષીધિકા' કે 'નિશીથિકા' સાર્થક છે.

**णिसाहिया**નો બીજો પ્રચલિત અર્થ **નિષદ્યા** છે. નિષદ્યા એટલે બેસવું, બેસવાની ક્રિયા વિવિધ આસનથી થઈ શકે છે.

આઠમા અધ્યનનમાં ઊભા રહેવાની પ્રતિજ્ઞાવાળા વિશિષ્ટ સાધકના અવગ્રહ ગ્રહણ અને તેની ચાર પ્રતિમા સંબંધી વર્ણન છે. પ્રસ્તુત અધ્યયનમાં બેસવાની પ્રતિજ્ઞાવાળા સાધકના અવગ્રહ ગ્રહણ આદિનું કથન છે. તે સાધક દિવસ અને રાત્રિનો સમય પ્રાયઃ બેસીને સ્વાધ્યાય-ધ્યાનમાં વ્યતીત કરે છે. તે સાધકને સૂવાનો સંપૂર્ણ ત્યાગ હોય છે, પરંતુ સંયમી જીવનની આવશ્યક પ્રવૃત્તિઓ માટે ઊભા થઈ શકે છે અને ઊભા રહી પણ શકે છે. આ રીતે આ અધ્યયનના વિષયમાં નિષદ્યાની પ્રધાનતા છે.

બંને અધ્યયનોમાં અવગ્રહ-સ્થાન ગ્રહણ સંબંધી વિસ્તૃત સૂત્રો માટે શય્યા અધ્યયનનો અતિદેશ કર્યો છે અર્થાત્ બીજા શય્યા અધ્યયનમાં કહ્યા પ્રમાણે જ ગ્રાહ્ય-અગ્રાહ્ય શય્યાઓ(રહેવાના સ્થાનો) સમજવી.

❖❖❖❖❖

# નવમું અધ્યયન

## નિષીધિકા–નિષધા સપ્તિકા

**નિષધા ભૂમિની શુદ્ધિ :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा णिसीहियं फासुयं गमणाए । से जं पुण णिसीहियं जाणेज्जा– सअंडं सपाणं** *जाव* **मक्कडासंताणयं, तहप्पगारं णिसीहियं अफासुयं अणेसणिज्जं लाभे संते णो पडिगाहेज्जा ।**

**શબ્દાર્થ :–** **णिसीहियं** = બેસવાની ભૂમિ, સ્વાધ્યાય કરવા માટે ઉપાશ્રય-સ્વાધ્યાય ભૂમિ **णो चेइस्सामि** = હું ભૂમિમાં રહીશ નહીં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી નિર્દોષ નિષધા-સ્વાધ્યાય ભૂમિમાં જવા ઈચ્છે અને તે સ્વાધ્યાય ભૂમિના વિષયમાં જાણે કે તે સ્થાન વિકલેન્દ્રિય જીવોના ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે, તો તે સ્વાધ્યાય ભૂમિને અપ્રાસુક તેમજ અનેષણીય જાણીને પ્રાપ્ત થવા છતાં ગ્રહણ કરે નહિ.

**२ से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा णिसीहियं गमणाए, से जं पुण णिसीहियं जाणेज्जा अप्पपाणं अप्पबीयं** *जाव* **मक्कडासंताणयं तहप्पगारं णिसीहियं फासुयं एसणिज्जं लाभे संते पडिग्गाहेज्जा ।**

**एवं सेज्जागमेण णेयव्वं** *जाव* **उदयपसूयाणि त्ति ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી નિર્દોષ નિષધા ભૂમિની ગવેષણા કરવા ઈચ્છે અને તે નિષધા ભૂમિના વિષયમાં જાણે કે તે સ્થાન વિકલેન્દ્રિય જીવોના ઈંડા, પ્રાણી, બીજથી રહિત ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, તો તે સ્થાનને પ્રાસુક તેમજ એષણીય જાણીને પ્રાપ્ત થાય, તો ગ્રહણ કરી શકે છે.

તે જ રીતે ***યાવત્*** તે સ્થાન પાણીમાં ઉત્પન્ન કંદાદિ યુક્ત હોય, તો તે સ્થાન નિષદ્યા-સ્વાધ્યાયાદિ માટે ગ્રહણ કરે નહીં ઈત્યાદિ સર્વ વર્ણન બીજા શય્યા અધ્યયનની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્વાધ્યાય ભૂમિની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાનું સંક્ષિપ્ત નિરૂપણ શય્યા અધ્યયનના અતિદેશ પૂર્વક કર્યું છે.

સ્વાધ્યાય–સ્વનું અધ્યયન. શાસ્ત્રના અધ્યયનના માધ્યમે સાધકે સ્વનું અધ્યયન, આત્મ નિરીક્ષણ કરવાનું હોય છે. સાધકના દૈનિક કૃત્યમાં સ્વાધ્યાયનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આવી ઉત્તમ ક્રિયા માટે તેનું સ્થાન ક્રિયાને અનુરૂપ શાંત, એકાંત, સાધકની ચિંતનધારામાં કોઈપણ પ્રકારે સ્ખલના ન થાય, એકાગ્રતા જળવાઈ રહે તેવું કોલાહલથી રહિત હોવું જરૂરી છે.

સૂત્રકારે શય્યા અધ્યયનમાં સ્થાનની નિર્દોષતાનું કથન કર્યું છે તે જ રીતે અહીં નિષદ્યા ભૂમિની નિર્દોષતાનું કથન છે. નિષદ્યાભૂમિ એટલે સ્વાધ્યાય ભૂમિ આધાકર્મ આદિ સર્વ દોષોથી રહિત, પ્રાસુક અને એષણીય હોય, તો જ સાધુ તેને ગ્રહણ કરે છે.

જે સ્થાનના નિર્માણમાં સાધુના નિમિત્તે અનેક જીવોની હિંસા થઈ હોય, જ્યાં અનેક જીવજંતુઓ હોય, પશુ-પક્ષીઓએ પોતાના ઘર બનાવ્યા હોય, તેવું સ્થાન એકાંતમાં હોવા છતાં ત્યાં માનસિક શાંતિ પ્રાપ્ત થતી નથી. કીડી, મકોડા, માખી, મચ્છર વગેરે ક્ષુદ્ર જીવજંતુઓના ઉપદ્રવથી સાધકની એકાગ્રતા ખંડિત થાય છે. સાધુના નિમિત્તે થયેલી આંશિક જીવ હિંસા પણ આત્માને પૂર્ણ શાંતિનો અનુભવ કરાવવા દેતી નથી, તેથી શાસ્ત્રકારે સ્વાધ્યાય ભૂમિ માટે નિર્દોષ, પ્રાસુક અને એષણીય સ્થાનનું સૂચન કર્યું છે.

**સ્વાધ્યાય ભૂમિમાં સાવધાની :–**

**૩ जे तत्थ दुवग्गा वा तिवग्गा वा चउवग्गा वा पंचवग्गा वा अभिसंधारेंति णिसीहियं गमणाए ते णो अण्णमण्णस्स कायं आलिंगेज्ज वा, विलिंगेज्ज वा, चुंबेज्ज वा, दंतेहिं वा णहेहिं वा अच्छिंदेज्ज वा विच्छिंदेज्ज वा ।**

**શબ્દાર્થ :–** **दुवग्गा तिवग्गा चउवग्गा पंचवग्गा वा** = બે સાધુ, ત્રણ સાધુ, ચાર સાધુ અથવા પાંચ સાધુ, **अभिसंधारेंति** = જાય.

**ભાવાર્થ :–** સ્વાધ્યાય ભૂમિમાં બે, ત્રણ, ચાર કે પાંચ સાધુઓ એક સાથે જાય, તો એકબીજાના શરીરનું પરસ્પર આલિંગન કરે નહિ, પરસ્પર ચુંબન કરે નહિ તેમજ દાંતોથી કે નખોથી શરીરનું છેદન, વિશેષ છેદન કરે નહિ અર્થાત્ મોહોત્પાદક કે કુતૂહલવૃત્તિની કોઈ પણ ચેષ્ટા કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને સ્વાધ્યાય ભૂમિનો દુરુપયોગ ન કરવાનું હિતકારી સૂચન છે.

સાધકની અંતર્મુખ સાધના માટે એકાંત સ્થાન સહાયક બને છે તે જ રીતે કેટલાક કુતૂહલવૃત્તિના સાધકોની તથાપ્રકારની વૃત્તિનું પોષણ પણ એકાંત સ્થાનમાં થઈ શકે છે, તેથી જ સૂત્રકારે સૂચન કર્યું છે કે સ્વાધ્યાય ભૂમિમાં સ્વાધ્યાયને માટે ગયેલા સાધુઓએ પોતાના લક્ષ્યને સતત નજર સમક્ષ રાખી લક્ષ્ય સિદ્ધિ માટે જ અપ્રમત્તપણે પુરુષાર્થશીલ બનવું જોઈએ. ક્યારેક હાસ્ય કે વેદ મોહનીય કર્મનો ઉદય થાય, તોપણ શાસ્ત્રવચનના સહારે તેને નિષ્ફળ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**૪ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जा, सेयमिणं मण्णेज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ નિષદ્યા સંબંધી એષણા વિવેક સાધુ કે સાધ્વીના આચારની સામગ્રી–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ અને તેને જ શ્રેયસ્કર–કલ્યાણકારી માનીને રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ નવમું અધ્યયન સંપૂર્ણ ॥**

# દસમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ ઉચ્ચાર પ્રસ્રવણ સપ્તક છે. ઉચ્ચાર અને પ્રસ્રવણની ક્રિયા એ શારીરિક અનિવાર્ય ક્રિયાઓ છે.

ઉચ્ચાર એટલે શરીરમાંથી ઉત્ = પ્રબળ વેગ સાથે જે ચ્યુત–નીકળે છે, તે વડીનીત–મળ વિસર્જનની ક્રિયા. પ્રસ્રવણ = પ્રકર્ષરૂપથી શરીરમાંથી જે વહે છે, ઝરે છે તે લઘુનીત–મૂત્ર વિસર્જનની ક્રિયા.

દુર્ગંધયુક્ત મળ-મૂત્રને ગમે ત્યાં નાંખવાથી લોકોના સ્વાસ્થ્યને હાનિ પહોંચે, જીવ જંતુઓની વિરાધના થાય, લોકોને સાધુ પ્રત્યે ઘૃણા થાય, તેથી મળ-મૂત્રનો ત્યાગ ક્યાં અને કેવી રીતે કરવો ? ક્યાં અને કેમ ન કરવો ? આ સર્વનો સમ્યક વિવેક હોવો જરૂરી છે, તેથી જ્ઞાની પુરુષોએ આ અધ્યયનનું પ્રતિપાદન કર્યું છે.

સૂત્રકારે અનેક ઉદાહરણો દ્વારા વિધિ-નિષેધ સહિત વિષયને સ્પષ્ટ કર્યો છે, તેથી આ અધ્યયનનું નામ **ઉચ્ચાર પ્રસ્રવણ સપ્તક** રાખ્યું છે. વિધિપૂર્વક પરઠવાથી પાંચમી સમિતિનું પાલન યથાર્થપણે થાય અને સાધુ છકાય જીવોના રક્ષક થાય તો જ તે જિનાજ્ઞાના આરાધક થાય છે.

❖❖❖❖❖

# દસમું અધ્યયન

## ઉચ્ચાર પ્રસવણ સપ્તક

**ઉચ્ચાર–પ્રસવણ વિવેક :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा उच्चार-पासवणकिरियाए उब्बाहिज्जमाणे सयस्स पायपुंछणस्स असईए तओ पच्छा साहम्मियं जाएज्जा ।**

**શબ્દાર્થ :–** **उच्चार-पासवणकिरियाए** = લઘુનીત, વડીનીતની **उब्बाहिज्जमाणे** = તીવ્ર બાધા ઉત્પન્ન થઈ જવા પર **सयस्स** = પોતાના **पायपुंछणस्स** = પાદપ્રોંછન, જીર્ણ વસ્ત્ર ખંડ **असईए** = અભાવ હોવા પર.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીને મળમૂત્રની પ્રબળ બાધા ઉત્પન્ન થાય અને પોતાની પાસે પાદપ્રોંચ્છન– જીર્ણવસ્ત્રના ટુકડા ન હોય, તો સાધર્મિક સાધુ પાસેથી તેની યાચના કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે શરીરની મલોત્સર્ગની ક્રિયાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

શારીરિક બાધા ઉત્પન્ન થયા પછી તેનું નિવારણ ન થાય, ત્યાં સુધી ચિત્તમાં વ્યગ્રતા રહે છે માટે શીઘ્ર તેનાથી નિવૃત્ત થવું જરૂરી છે. શરીરની આ ક્રિયા માટે સાધુ દશ બોલયુક્ત સ્થંડિલ ભૂમિનો ઉપયોગ કરે છે. જો સાધુને સ્થંડિલ સુધી જવાની અનુકૂળતા ન હોય, તો પોતાની પાસેના ઉચ્ચાર માત્રક-ભાજનનો અથવા પાદપ્રોંચ્છન અર્થાત્ જીર્ણવસ્ત્રખંડનો ઉપયોગ કરે, જો પોતાની પાસે જીર્ણ થયેલા વસ્ત્રનો ટુકડો ન હોય, તો અન્ય સાધર્મિક સાધુઓ પાસેથી ગ્રહણ કરીને શરીર શુદ્ધિ કરે.

**જીવ હિંસક સ્થંડિલ ભૂમિનો વિવેક :–**

**२ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– सअंडं सपाणं** *जाव* **मक्कडासंताणयं तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે સ્થંડિલ ભૂમિ ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી યુક્ત છે. તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ, મૂત્રનો ત્યાગ કરે નહિ.

**३ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– अप्पंडं अप्पपाणं अप्पबीयं** *जाव* **मक्कडासंताणयं तहप्पगारंसि थंडिलंसि उच्चारपासवणं वोसिरेज्जा।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે સ્થંડિલ ભૂમિ-પ્રાણી, બીજ ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત છે, તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિ ઉપર મળ-મૂત્રનો ત્યાગ કરે.

**४ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा अस्सिंपडियाए**

**एगं साहम्मियं समुद्दिस्स, अस्सिंपडियाए बहवे साहम्मिया समुद्दिस्स, अस्सिंपडियाए एगं साहम्मिणिं समुद्दिस्स, अस्सिंपडियाए बहवे साहम्मिणीओ समुद्दिस्स, बहवे समण-माहण-अतिहि-किवण-वणीमगे पगणिय-पगणिय समुद्दिस्स, पाणाइं भूयाइं जीवाइं सत्ताइं *जाव* उद्देसियं चेएइ, तहप्पगारं थंडिलं पुरिसंतरकडं वा अपुरिसंतरकडं वा *जाव* आसेवियं वा अणासेवियं वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार पासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે કોઈ ભાવિક ગૃહસ્થે નિષ્પરિગ્રહી સાધુઓને આપવાની પ્રતિજ્ઞાથી એક કે અનેક સાધર્મિક સાધુ અથવા એક કે અનેક સાધ્વીઓના ઉદ્દેશ્યથી આરંભ- સમારંભ કરી સ્થંડિલ ભૂમિ બનાવી છે અથવા ઘણા(જૈન-જૈનેતર) શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, દરિદ્ર કે ભિખારીઓને ગણી-ગણીને અર્થાત્ ગણના કરીને તેઓ માટે પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરી સ્થંડિલ ભૂમિ બનાવી છે, તો આ પ્રકારની સ્થંડિલ ભૂમિ પુરુષાંતરકૃત હોય કે અપુરુષાંતરકૃત ***યાવત્*** તે ભૂમિ અન્ય દ્વારા ઉપયોગમાં લેવાયેલી હોય કે ઉપયોગમાં લેવાયેલી ન હોય, તો તેવાપ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ, મૂત્રનો ત્યાગ કરે નહિ.

**५ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– बहवे समण-माहण-अतिहि-किवण-वणीमग समुद्दिस्स पाणाइं भूयाइं-जीवाइं-सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं *जाव* तहप्पगारं थंडिलं अपुरिसंतरकडं *जाव* अणासेवियं; तहप्पगारंसि थंडिलंसि णो उच्चार-पासवणं वोसिरेज्जा ।**

**अह पुण एवं जाणेज्जा पुरिसंतरकडं *जाव* आसेवियं तहप्पगारंसि थंडिलंसि उच्चार-पासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે કોઈ ભાવિક ગૃહસ્થે ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, દરિદ્ર કે ભિખારીઓના(કોઈની ગણના વિના સામાન્ય રીતે કોઈ પણ આગંતુકના) લક્ષ્યથી પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વનો સમારંભ કરીને સ્થંડિલભૂમિ બનાવી છે, તેમજ સ્થંડિલ ભૂમિ ખરીદેલી, ઉધાર લીધેલી છે ***યાવત્*** તે સ્થંડિલભૂમિ અપુરુષાંતરકૃત ***યાવત્*** અનાસેવિત છે તો તેવાપ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

જો સાધુ જાણે કે તે સ્થંડિલ ભૂમિ પુરુષાંતરકૃત થઈ ગઈ છે ***યાવત્*** અન્ય લોકો દ્વારા વપરાઈ ગયેલી છે તો સાધુ-સાધ્વી તે સ્થંડિલ ભૂમિમાં મળ-મૂત્રાદિનો ત્યાગ કરી શકે છે.

**६ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिल जाणेज्जा– अस्सिंपडियाए कयं वा कारियं वा पामिच्चियं वा छण्णं वा घट्ठं वा मट्ठं वा लित्तं वा समट्ठं वा संपधूवियं वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે સ્થંડિલ ભૂમિ નિર્ગ્રંથ સાધુઓને આપવાના ઉદ્દેશથી કોઈ ગૃહસ્થે બનાવી છે, બીજા પાસે બનાવડાવી છે કે ઉધાર લીધી છે, તેના પર છાપરું

નાખ્યું છે, તોડીને સરખી કરી છે, ઘસી ઘસીને સાફ કરી છે, લીંપીને સુંદર કરી છે, ધૂપ આદિથી સુગંધિત કરી છે. તે તથા તેવાપ્રકારની અન્ય પણ આરંભ-સમારંભ કરીને તૈયાર કરેલી સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**૭ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा इह खलु गाहावई वा गाहावइपुत्ता वा कंदाणि वा मूलाणि वा** *जाव* **हरियाणि वा अंताओ वा बाहिं णीहरंति, बहियाओ वा अंतो साहरंति, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ ભૂમિમાંથી ગૃહસ્થ કે તેના પુત્ર કંદમૂળ ***યાવત્*** લીલોતરી અંદરથી બહાર કાઢે છે કે બહારથી અંદર લઈ જાય છે અથવા તેવા પ્રકારની અન્ય સચેત વસ્તુઓની ફેરવણી કરી રહ્યા છે, તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ સાધ્વી મળમૂત્રનો ત્યાગ કરે નહિ.

**૮ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– खंधंसि वा पीढंसि वा मंचंसि वा मालंसि वा अट्टंसि वा पासायंसि वा, अण्णयरंसि तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલભૂમિ સ્તંભગૃહ ઉપર, બાજોઠ ઉપર, ચોતરા ઉપર, મંચ ઉપર, માળ ઉપર, મહેલ કે હવેલીની અગાસી ઉપર કે તેવાપ્રકારના અન્ય કોઈ વિષમ કે ઊંચા ખુલ્લા આકાશીય સ્થાન પર છે, તો તેવાપ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળમૂત્રનો ત્યાગ કરે નહિ.

**૯ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– अणंतरहियाए पुढवीए, ससिणिद्धाए पुढवीए, ससरक्खाए पुढवीए, मट्टियाकडाए, चित्तमंताए पुढवीए चिंतमंताए सिलाए, चित्तमंताए लेलुए, कोलावासंसि वा दारुयंसि जीवपइट्ठियंसि** *जाव* **मक्कडासंताणयंसि, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार पासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલભૂમિ સચિત્ત પૃથ્વીની નિકટની ભૂમિ, સ્નિગ્ધ પૃથ્વી, સચિત્ત રજથી વ્યાપ્ત પૃથ્વી, સચેત માટી વિખરાયેલી પૃથ્વી, સચેત શિલા, સચેત પથ્થર(ઢેફા)થી યુક્ત છે, ઉધઈ લાગેલા લાકડા, અન્ય જીવો લાગ્યા હોય તેવા લાકડા કે કરોળિયાના જાળાવાળી છે, તો તેવાપ્રકારની અન્ય પણ સ્થંડિલ ભૂમિમાં મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને જીવ વિરાધના થાય તેવા સ્થાનમાં મળ-મૂત્ર પરઠવાનો નિષેધ કર્યો છે.

જે રીતે સાધુ ઔદ્દેશિકાદિ દોષોથી રહિત આહાર-પાણી, સ્થાન, વસ્ત્ર આદિની ગવેષણા કરે છે અને નિર્દોષ આહાર-પાણી આદિ વાપરે છે, તે જ રીતે સ્થંડિલભૂમિ પણ ઔદ્દેશિક આદિ દોષોથી રહિત, નિર્દોષ હોવી જરૂરી છે. તે સર્વ દોષ શય્યા અધ્યયન પ્રમાણે સમજવા.

જે પરઠવાનું સ્થાન ઊંચાઈ પર હોય, અસ્થિર હોય, જ્યાં ચઢવું-ઉતરવું કઠિન હોય, તેવા સ્થાનમાં

પરઠવા માટે જતા-આવતા ક્યારેક સાધુ પડી જાય, લપસી જાય, હાથ-પગ ભાંગે, આ રીતે આત્મ વિરાધના અને જીવ વિરાધના થાય છે, તેથી ઊંચાઈ પર હોય, તેવી ભૂમિ પરઠવા માટે કલ્પનીય નથી, પરંતુ ઊંચાઈ પર રહેલી ભૂમિ પર ચઢવા-ઉતરવામાં કોઈ તકલીફ ન હોય અને સાધુ સરળતાથી જઈ શકે તેમ હોય, તો ઊંચાઈ પર રહેલી ભૂમિમાં પણ સાધુ વિવેકપૂર્વક પરઠી શકે છે.

જે સ્થાનમાં લીલોતરી, કંદમૂળ આદિ સચેત પદાર્થો પડ્યા હોય, ગૃહસ્થ સચેત વસ્તુને અંદરથી બહાર કાઢતા હોય, નવો માલ અંદર ભરતા હોય, તેવા સ્થાનમાં સાધુ પરઠે નહીં. તે જ રીતે સચેત પૃથ્વી, સ્નિગ્ધ પૃથ્વી, સચેત માટી ખુંદાતી હોય, સચેત શિલા, પત્થર, ઉધઈ લાગેલા લાકડા, જીવજંતુથી યુક્ત સડી ગયેલા લાકડા વગેરે ત્યાં પડ્યા હોય, તેવી સ્થંડિલભૂમિમાં સાધુ જીવ વિરાધનાની સંભાવનાના કારણે પરઠે નહીં.

સંક્ષેપમાં જે ભૂમિમાં પરઠવાથી પ્રત્યક્ષ કે પરોક્ષપણે જીવોની વિરાધના થતી હોય, તેવા સ્થાનમાં સાધુ પરઠે નહીં.

**જનાકીર્ણ સ્થંડિલ ભૂમિ વિવેક :–**

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा इह खलु गाहावई वा, गाहावइपुत्ता वा; कंदाणि वा** *जाव* **बीयाणि वा परिसाडिंसु वा परिसाडेंति वा परिसाडिस्संति वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **परिसाडेंसु** = ખળામાં લઈ જવાતા બીજ આદિ વિખરાયેલા પડ્યા હોય **परिसाडेंति** = વર્તમાનમાં વિખેરાતા હોય કે **परिसाडिस्संति** = ભવિષ્યમાં વિખેરાવાના હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે ગૃહસ્થે કે તેના પુત્રોએ સ્થંડિલભૂમિમાં કંદ, મૂળ ***યાવત્*** બીજ આદિ નાંખ્યા છે, વર્તમાનમાં નાંખી રહ્યા છે કે ભવિષ્યમાં નાંખવાના છે, તો તે અને તેવા પ્રકારની અન્ય સ્થંડિલભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રાદિનો ત્યાગ કરે નહિ.

**૧૧ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा इह खलु गाहावई वा गाहावइपुत्ता वा सालीणि वा वीहीणि वा मुग्गाणि वा मासाणि वा तिलाणि वा कुलत्थाणि वा जवाणि वा जवजवाणि वा पइरिंसु वा पइरिंति वा पइरिस्संति वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार-पासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **पइरिंसु** = પાથર્યા છે **पइरिंति** = પાથરે **पइरिस्संति** = પાથરશે.

**ભાવાર્થ:–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે ગૃહસ્થ કે ગૃહસ્થના પુત્રોએ સ્થંડિલભૂમિમાં કમોદ, ઘઉં, મગ, અડદ, તલ, કળથી, જવ અને જુવાર આદિ પાથર્યા છે, પાથરી રહ્યા છે કે પાથરશે, તો તે અને તેવા પ્રકારની અન્ય સ્થંડિલભૂમિમાં સાધુ-સાધ્વી મળ, મૂત્રાદિનો ત્યાગ કરે નહિ.

**૧૨ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– आमोयाणि वा**

**घसाणि वा भिलुयाणि वा विज्जलाणि वा खाणुयाणि वा कडवाणि वा पगत्ताणि वा दरीणि वा पदुग्गाणि वा समाणि वा, विसमाणि वा, अण्णयरंसि वा तहपगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **आमोयाणि** = કચરાના ઢગલા **घसाणि** = બહુ તીરાડ પડેલી જમીન **भिलुयाणि** = થોડી ફાટેલી જમીન **विज्जलाणि** = કાદવ-કીચડ **खाणुयाणि** = ઠૂંઠા કે ખીલાદિ ખોડ્યા હોય **कडवाणि** = શેરડીના સાંઠા **पगत्ताणि** = મોટા ખાડા **दरीणि** = ગુફા **पदुग्गाणि** = કોટ-કિલ્લો **समाणि–विसमाणि** = સમ કે વિષમ સ્થાન.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં કચરાના ઢગલા છે, જમીન બહુ તીરાડવાળી છે, થોડી તીરાડવાળી છે, કાદવ-કીચડવાળી છે, ઠૂંઠા કે ખીલા ઠોકેલા છે, શેરડી આદિના સાંઠા પડ્યા છે, મોટા અને ઊંડા ખાડા છે, ગુફા છે કે કિલ્લાની દિવાલ છે, ઊંચી-નીચી ભૂમિ છે, તો તે અને તેવા પ્રકારની અન્ય ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**१३ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिल जाणेज्जा माणुसरंधणाणि वा महिसकरणाणि वा वसभकरणाणि वा अस्सकरणाणि वा कुक्कुडकरणाणि वा लावयकरणाणि या वट्टयकरणाणि वा तित्तिरकरणाणि वा कवोयकरणाणि वा कपिंजलकरणाणि वा अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार-पासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **माणुसरंधणाणि** = મનુષ્યોના ભોજન બનાવવાના ચૂલા કે ભઠ્ઠી આદિ **महिसकरणाणि** = ભેંસો આદિને રાખવાનું સ્થાન.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે સ્થંડિલ ભૂમિમાં મનુષ્યોને ભોજન બનાવવા માટેના ચૂલા આદિ છે, ભેંસો, બળદ, ઘોડા, મરઘા, લાવક, બતક, તેતર, કબૂતર, કપિંજલ(પ્રાણી વિશેષ) ને રાખવાના સ્થાન છે, પશુ, પક્ષીઓના અન્ય આશ્રયસ્થાન છે, તો તે અને તેવાપ્રકારની ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**१४ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– वेहाणसट्ठाणेसु वा गिद्धपिट्ठट्ठाणेसु वा तरुपवडणट्ठाणेसु वा मेरुपवडणट्ठाणेसु वा विसभक्खण-ट्ठाणेसु वा अगणिफंडणट्ठाणेसु वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार–पासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **वेहाणसट्ठाणेसु** = ફાંસી ખાઈને મૃત્યુ પામવાનું સ્થાન **गिद्धपिट्ठट्ठाणेसु** = ગીધો પાસે પોતાના શરીરનું ભક્ષણ કરાવવાનું અર્થાત્ જ્યાં ગૃધ્ધપૃષ્ઠ મરણ માટેનું સ્થાન હોય **तरुपवडणट्ठाणेसु** = વૃક્ષો ઉપરથી પડીને મરણ પામવાનું સ્થાન **मेरुपवडणट्ठाणेसु** = પર્વત ઉપરથી પડીને મરણ પામવાનું સ્થાન **विसभक्खणट्ठाणेसु** = વિષ ભક્ષણ કરવાની જગ્યા **अगणिफंडणट्ठाणेसु** = અગ્નિમાં પડીને મૃત્યુ પામવાનું સ્થાન.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં મનુષ્ય તે ફાંસી

દેવાનું સ્થાન છે, ગૃદ્ધપૃષ્ઠમરણ– ગીધની પાસે પોતાના શરીરનું ભક્ષણ કરાવવાનું સ્થાન, વૃક્ષ પરથી પડીને મરવાનું સ્થાન, પર્વતપરથી પડીને મરવાનું સ્થાન, વિષભક્ષણ કરવાનું સ્થાન, અગ્નિમાં પડીને મરવાનું સ્થાનછે, તો તે અને તેવાપ્રકારના મૃત્યુદંડ કે આત્મહત્યા કરવાના અન્ય સ્થાનમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રાદિનો ત્યાગ કરે નહિ.

**१५ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– आरामाणि वा उज्जाणाणि वा वणाणि वा वणसंडाणि वा देवकुलाणि वा सभाणि वा पवाणि वा अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार-पासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં બગીચા, ઉદ્યાન, વન, વનખંડ, યક્ષાદિ મંદિર, સભા સ્થાન, પરબ છે, તો તે અને તેવાપ્રકારના અન્ય સ્થાનમાં સાધુ-સાધ્વી મળ- મૂત્રાદિનો ત્યાગ કરે નહિ.

**१६ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– अट्टालयाणि वा चरियाणि वा दाराणि वा गोपुराणि वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં અટારી, કિલ્લા ઉપરની જગ્યા, કિલ્લા અને નગરની વચ્ચેનો ચોમેર ફરતો માર્ગ, નગરનો દરવાજો, નગરનો મોટો દરવાજો છે, તો તે અને તેવાપ્રકારના અન્ય સાર્વજનિક સ્થાનોમાં મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**१७ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– तियाणि वा चउक्काणि वा चच्चराणि वा चउमुहाणि वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે સ્થંડિલ ભૂમિમાં નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને ઘણા રસ્તાઓ ભેગા થાય છે, ચાર મુખવાળા અર્થાત્ ચારે બાજુ દરવાજા છે, તો તે અને તેવા પ્રકારના લોકોના આવાગમનવાળા અન્ય સ્થાનમાં મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**१८ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिल जाणेज्जा– इंगालडाहेसु वा खारडाहेसु वा मडयडाहेसु वा मडयथूभियासु वा मडयचेइएसु वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **इंगालडाहेसु** = કોલસાનું કારખાનું **खारडाहेसु** = સાજીખાર આદિ બનાવવાનું સ્થાન **मडयडाहेसु** = મૃતદેહ બાળવાની જગ્યા, સ્મશાન **मडयथूभियासु** = મૃતકના સ્તૂપ **मडयचेइएसु** = મૃતકના ચૈત્ય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં લાકડા બાળીને કોલસા બનાવવાનું સ્થાન, સાજીખાર આદિ બનાવવાનું સ્થાન, સ્મશાનભૂમિ-મડદાને બાળવાનું સ્થાન, મૃતકનું સ્મારક, મૃતક ચૈત્ય(છત્રી) છે; તો તે અને તેવાપ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ -મૂત્રનો ત્યાગ કરે નહિ.

**१९** **से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिल जाणेज्जा– णईआयतणेसु वा पंकायतणेसु वा ओघायतणेसु वा सेयणपहंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **णईआयतणेसु** = નદીના તટમાં **पंकायतणेसु** = કાદવની જગ્યામાં **ओघायतणेसु** = પાણીના પ્રવાહના સ્થાનોમાં અથવા તળાવમાં જ્યાંથી પાણી આવતું હોય તે માર્ગમાં **सेयणपहंसि** = પાણીની ક્યારીઓ હોય તેવા સ્થાનમાં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં નદીતટ પર બનેલું તીર્થસ્થાન(ઘાટ) છે, કાદવની મુખ્યતાવાળું સ્થાન, પવિત્ર જલપ્રવાહનું સ્થાન અર્થાત્ તળાવમાં પાણી પ્રવેશવાના માર્ગવાળું સ્થાન, ક્યારીઓમાં પાણી પહોંચાડતી નહેરોવાળું સ્થાન છે, તો તે અને તેવાપ્રકારના અન્ય સ્થાનોમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**२०** **से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिल जाणेज्जा– णवियासु वा मट्टियखाणियासु, णवियासु वा गोलेहणियासु, गवायणीसु वा खाणीसु वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चारपासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **णवियासु** = નવી **मट्टियखाणियासु** = માટીની ખાણોમાં **गोलेहणियासु** = હળથી ખેડેલી ભૂમિ **गवायणीसु** = ગાયોને ચરવાની કે બેસવાની જગ્યામાં **खाणीसु** = માટી સિવાય અન્ય ખાણોમાં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે ત્યાં માટીની નવી ખાણો, હળથી ખેડેલી ભૂમિ, ગાયોને ચરવાની કે બેસવાની ભૂમિ અથવા અન્ય ખાણો છે, તો તે અને તેવાપ્રકારના અન્ય સ્થાનોમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**२१** **से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– डागवच्चंसि वा सागवच्चंसि वा मूलगवच्चंसि वा हत्थंकरवच्चंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि णो उच्चार–पासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–** **डागवच्चंसि** = ડાળીઓના ઢગલા **सागवच्चंसि** = શાકભાજીના ઢગલા **मूलगवच्चंसि वा** = મૂળીયાના ઢગલા **हत्थंकरवच्चंसि** = વનસ્પતિ વિશેષના ઢગલા.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે આ સ્થંડિલ ભૂમિમાં વૃક્ષની ડાળીઓના ઢગલા, શાકભાજીના ઢગલા, વૃક્ષના મૂળીયાના ઢગલા, હસ્તંકુર-વનસ્પતિ વિશેષના ઢગલા છે, તો તે અને તેવાપ્રકારના અન્ય સ્થાનોમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રાદિનો ત્યાગ કરે નહિ.

**२२** **से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा– असणवणंसि वा सणवणंसि वा धायइवणंसि वा केयइवणंसि वा अंबवणंसि वा असोगवणंसि वा णागवणंसि वा पुण्णागवणंसि वा अण्णयरेसु वा तहप्पगारेसु पत्तोवएसु वा पुप्फोवएसु वा फलोवएसु वा बीओवएसु वा हरिओवएसु वा णो उच्चार–पासवणं वोसिरेज्जा ।**

**શબ્દાર્થ :–असणवणंसि** = બીજક નામની વનસ્પતિના વનમાં **सणवणंसि** = શણના વનમાં **धायइवणंसि** = ધાતકી વૃક્ષના વનમાં **केयइवणंसि** = કેતકી વૃક્ષોના અથવા કેવડા વૃક્ષના વનમાં **अंबवणंसि** = આંબાના વનમાં **असोगवणंसि** = અશોક વૃક્ષના વનમાં **णागवणंसि** = નાગવૃક્ષોના વનમાં **पुण्णागवणंसि** = પુન્નાગવૃક્ષોના વનમાં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં જાણે કે સ્થંડિલ ભૂમિમાં બીજક નામની વનસ્પતિનું વન, શણનું વન, ધાતકી વૃક્ષનું વન, કેવડા કે કેતકીનું વન, આમ્રવન, અશોકવન, નાગવૃક્ષ વન, પુન્નાગ વૃક્ષોનું વન છે, તો તે અને તેવાપ્રકારના પાંદડા, પુષ્પો, ફળો, બીજો કે લીલોતરીથી વ્યાપ્ત સ્થાનોમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને જનાકીર્ણ સ્થાન, લોકોના ઉપયોગી સ્થાન અથવા સાર્વજનિક સ્થાનોમાં મળ-મૂત્રાદિ પરઠવાનો નિષેધ છે.

સાધુની પ્રત્યેક ક્રિયા અહિંસાના લક્ષે થાય છે. તે જ રીતે સાધુની ક્રિયાથી ગૃહસ્થોને તકલીફ થાય, ગૃહસ્થોને અપ્રીતિ કે દુર્ગંછાનો ભાવ જાગૃત થાય, તે પણ યોગ્ય નથી.

શાલી, ઘઉં, જવ આદિ ધાન્યના ખેતરોમાં; આમ્રવન, શણવન આદિ વનમાં; શાકભાજીની વાડીઓમાં, નદી કિનારે, કૂવાના કાંઠે, બગીચામાં, ગૌશાળામાં, ગાયોને ચરવાની ભૂમિમાં, પશુઓને રાખવાના સ્થાનમાં, યક્ષાદિના મંદિરની નજીકની ભૂમિ કે અન્ય કોઈપણ પવિત્ર સ્થાનમાં કે લોકોને ફાંસી દેતા હોય તેવા કોઈ પણ જાહેર સ્થાનમાં તે તે સ્થાનના માલિકોનું તથા તેમાં કામ કરનારાઓનું આવાગમન થતું જ રહે છે, તેથી ત્યાં પરઠવાથી તે લોકોને ક્રોધ આવે, અપ્રીતિ થાય, સાધુનું અપમાન કરે, શાસનની હીલના થાય છે. જલસ્થાનોની નિકટમાં અપ્કાયના જીવોની વિરાધનાનો, ખેતર-વાડી આદિમાં વનસ્પતિકાયિક જીવોની વિરાધનાનો પણ સંભવ છે. પવિત્ર સ્થાનોમાં કે મૃતકોના સ્તૂપની નજીક પરઠવાથી ક્યારેક કોઈ દેવ-દેવીની આશાતના થાય તો, તેમાં દેવજન્ય ઉપદ્રવની સંભાવના છે. કચરાના ઢગલામાં, મોટા કે નાના ખાડામાં પરઠવાથી જીવ હિંસા થાય છે. કોલસા આદિ બનાવવાના સ્થાનમાં અગ્નિના જીવોની વિરાધના થાય છે.

સૂત્રકારે સાધુને ન પરઠવા યોગ્ય વિવિધ પ્રકારના સ્થાનોના કથન દ્વારા સ્પષ્ટ કર્યું છે કે સાધુએ પરઠવાની ક્રિયા સમયે સભ્યતા અને સ્વચ્છતા માટે વિવેક રાખવો જરૂરી છે. ગામ કે નગરની સ્વચ્છતાનો નાશ ન થાય, લોકોને અણગમો ન થાય, નાના કે મોટા જીવોની વિરાધના ન થાય, કોઈનું આંશિક પણ અહિત ન થાય અને શાસનનું ગૌરવ ન હણાય, તે રીતે વિવેક અને સંયમપૂર્વક સાધુ પરઠવાની ક્રિયા કરે છે.

**महिसकरणाणि :–** ભેંસ આદિના ઉદ્દેશથી કોઈ સ્થાન બનાવ્યું હોય અથવા **करण** = આશ્રય. ભેંસ આદિનું આશ્રય સ્થાન અથવા પશુઓને શિક્ષિત કરવાનું સ્થાન.

**तरुपवडणट्ठाणेसु :–** જે સ્થાનમાં મનુષ્ય મૃત્યુની ઈચ્છાથી વૃક્ષ ઉપરથી પડીને મરવાનો નિશ્ચય કરીને સ્વયં પોતાને વૃક્ષ ઉપરથી પાડે છે, તે તરુ પ્રપતનસ્થાન કહેવાય છે.

**चरियाणि :–** ચરિકા. પ્રાકાર એટલે કિલ્લાની અંદર આઠ હાથ પહોળો કિલ્લા અને નગરની વચ્ચેનો ચોમેર ફરતો માર્ગ.

**णदिआयतणेसु :–** નદ્યાયતન–તીર્થસ્થાન. જે સ્થાનમાં લોકો પુણ્યાર્થે સ્નાન કરી રહ્યા હોય, તેવા નદીના ઘાટ આદિ, તેના આસ-પાસની કે નજીકની જગ્યામાં.

**पंकायतणेसु :–** પંકાયતન. પંક = કીચડ, જલસ્થાનના કિનારે કીચડયુક્ત સ્થાનમાં પુણ્યની ઈચ્છાથી લોકો આળોટે છે, તે સ્થાન.

**ओघायतणेसु :–** ઓઘાયતન. ઓઘ = પ્રવાહ. તળાવાદિ કોઈ પણ જલસ્થાનોમાં જલ પ્રવાહનું પ્રવેશ સ્થાન. તે સ્થાનનું જળ પીવાના ઉપયોગમાં આવે છે. તે સ્થાન પવિત્ર મનાય છે.

**डागवच्चंसि :–** ડાળ પ્રધાન, પત્ર પ્રધાન આદિ લીલોતરીને સૂકવવા માટે ઢગલા કર્યા હોય તે સ્થાન કે સંગ્રહ કરવાના સ્થાન.

**ઉચ્ચાર પ્રસવણ પરિષ્ઠાપન વિધિ :–**

**૨૩ से भिक्खू वा भिक्खुणी वा सपाययं वा परपाययं वा गहाय से तमायाए एगंतमवक्कमेज्जा, अणावायंसि असंलोयंसि अप्पपाणंसि** *जाव* **मक्कडासंताणयंसि अहारामंसि वा उवस्सयंसि वा तओ संजयामेव उच्चारपासवणं वोसिरेज्जा, उच्चारपासवणं वोसिरित्ता से तमायाए एगंतमवक्कमेज्जा, अणावायंसि** *जाव* **मक्कडासंताणयंसि अहारामंसि वा झामथंडिलंसि वा अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि अचित्तंसि तओ संजयामेव उच्चार-पासवणं परिट्ठवेज्जा ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી પોતાનું પાત્ર કે બીજાના પાત્રને લઈને એકાંત સ્થાનમાં જાય, જ્યાં કોઈનું આવાગમન ન હોય, કોઈ જોતું ન હોય, કોઈ પણ જીવ ***યાવત્*** કરોળિયાના જાળાદિ ન હોય તેવા બગીચા કે ઉપાશ્રયના એકાંત સ્થાનમાં પોતાના ઉચ્ચાર માત્રકમાં યત્નાપૂર્વક મળ-મૂત્રનો ત્યાગ કરે. ત્યાર પછી તે પાત્રને(ઉચ્ચાર પાત્રકને) લઈને એકાંત સ્થાનમાં જાય, જ્યાં કોઈ આવતું જતું ન હોય, દેખાતું ન હોય, કોઈ જીવજંતુની વિરાધનાની સંભાવના ન હોય ***યાવત્*** કરોળિયાના જાળા ન હોય તેવા બગીચાની બહારની ભૂમિમાં કે બળેલી જગ્યામાં અથવા તથાપ્રકારની અન્ય નિર્દોષ જગ્યામાં સાધુ યતનાપૂર્વક મળ-મૂત્રને પરઠે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે પરઠવાની વિધિનું કથન છે.

સાધુએ લોકોના આવાગમન રહિત, એકાંત અને નિર્દોષ સ્થાનમાં મળ-મૂત્રનો ત્યાગ કરવો જોઈએ. પરઠવા યોગ્ય ભૂમિ માટે સૂત્રકારે મુખ્યત્વે ત્રણ વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**(१) अणावायंसि :–** આ શબ્દના બે અર્થ થાય છે– અનાપાત = લોકોના આવાગમન રહિત એકાંત સ્થાન અને અનાબાધ = જ્યાં કોઈ પણ પ્રકારની મનાઈ કે સરકારી પ્રતિબંધ ન હોય, તેવું સ્થાન. કોઈ સ્થાનમાં લોકોનું આવાગમન ન હોય, પરંતુ ત્યાં તેના માલિકનો કે સરકારનો પ્રતિબંધ હોય, જેમ કે કોઈ ગૃહસ્થનું જૂનું મકાન પડ્યું હોય, ત્યાં કોઈનું આવાગમન ન હોય પરંતુ ત્યાં પરઠવા માટે માલિકનો પ્રતિબંધ હોય, તો સાધુ ત્યાં પરઠે નહીં.

**(२) असंलोयंसि :–** લોકો જોતાં ન હોય તેવું સ્થાન. ઘણીવાર લોકો ત્યાંથી આવતાં-જતાં ન હોય પરંતુ દૂરથી કે ઉપરથી લોકો જોતાં હોય, તેવું સ્થાન પણ સાધુને પરઠવા યોગ્ય નથી.

**(૩) अप्पपाणंसि :–** સૂક્ષ્મ કે સ્થૂલ, ત્રસ કે સ્થાવર કોઈ પણ જીવો ન હોય તેવી જીવ રહિત પ્રાસુક ભૂમિમાં સાધુએ પરઠવું જોઈએ.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૨૪, ગાથા–૧૭, ૧૮માં પરઠવા યોગ્ય ભૂમિનું કથન કર્યું છે.

**अणावायमसंलोए, परस्सणुवघाइए ।**
**समे अझुसिरे यावि, अचिर कालकयम्मि य ॥**

**वित्थिण्णे दूरमोगाढे, णासण्णे बिल वज्जिए ।**
**तस पाण बीय रहिए, उच्चाराईणि वोसिरे ॥**

જે ભૂમિ (૧) લોકોના આવાગમન રહિત અને કોઈ જોઈ શકતા ન હોય, (૨) લોકોને દુઃખજનક ન હોય, (૩) ઊંચી-નીચી ન હોય અર્થાત્ સમતલ હોય, (૪) પોલાણવાળી ન હોય, (૫) થોડા સમય પહેલાં જ અચેત થઈ ગઈ હોય, (૬) વિસ્તૃત લાંબી-પહોળી બેસવા યોગ્ય હોય, (૭) નીચે ચાર અંગુલ સુધીની ભૂમિ અચેત થયેલી હોય, (૮) ગામ અથવા લોકોના ઘરોથી નજીક ન હોય, (૯) કીડી વગેરે જીવજંતુઓના દર ન હોય, (૧૦) અન્ય ત્રસ પ્રાણી તથા બીજ વગેરેથી રહિત હોય. આ દશ બોલ યુક્ત ભૂમિ સાધુને પરઠવા યોગ્ય છે.

સ્થંડિલ ભૂમિમાં જવાની અનુકૂળતા ન હોય, તેવા સમયે સાધુ એકાંત અને નિર્દોષ સ્થાનમાં જઈને પોતાના માત્રક પાત્રમાં મળ-મૂત્રનો ત્યાગ કરીને, તે ભાજનને લઈને, સ્થંડિલ ભૂમિમાં જાય અને ઉપરોક્ત પ્રાસુક અને નિર્દોષ ભૂમિમાં શક્રેન્દ્ર મહારાજની આજ્ઞાપૂર્વક, વિવેક સહિત મળ-મૂત્રને પરઠે.

આ રીતે પરઠવા કે ત્યાગ કરવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરવો, તે પણ સાધુ જીવનની એક મહત્ત્વની ક્રિયા છે. અયોગ્ય સ્થાને પરઠવાથી જીવ વિરાધના, સંયમ વિરાધના, ગંદકી, રોગ ઉપદ્રવ, ધર્મની હીલના વગેરે અનેક દોષોની સંભાવના રહે છે, તેથી જ સૂત્રકારે આ સ્વતંત્ર અધ્યયન દ્વારા પરઠવાની ક્રિયા અને તદ્યોગ્ય ભૂમિ માટે ગંભીર ચિંતનપૂર્વક વિવિધ ઉદાહરણો દ્વારા વિધિ-નિષેધપૂર્વક પ્રતિપાદન કર્યું છે.

**ઉપસંહાર :–**

**૨૪ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामाग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ રીતે સ્થંડિલ ભૂમિનો વિવેક તે સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા–સંયમ સમાચારી છે તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**॥ દસમું અધ્યયન સંપૂર્ણ ॥**

# અગિયારમું અધ્યયન

## પરિચય

અધ્યયનનું નામ **શબ્દ સપ્તક** છે.

શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ છે. શબ્દના બે પ્રકાર છે– અનુકૂળ શબ્દો અને પ્રતિકૂળ શબ્દો. સામાન્ય રીતે વ્યક્તિને અનુકૂળ શબ્દ શ્રવણથી રાગ અને પ્રતિકૂળ શબ્દ શ્રવણથી દ્વેષ થાય છે.

સાધકોને માટે દ્વેષના ત્યાગ કરતાં રાગનો ત્યાગ કઠિન છે, તેથી પ્રસ્તુત અધ્યયનમાં સાધકોને અનુકૂળ શબ્દ શ્રવણથી ઉત્પન્ન થતાં રાગભાવના ત્યાગનો ઉપદેશ આપ્યો છે.

મનોજ્ઞ, કર્ણપ્રિય, સુખકર શબ્દો સાંભળીને મનમાં તે શબ્દ શ્રવણની (૧) ઈચ્છા (૨) લાલસા (૩) આસક્તિ (૪) રાગ (૫) ગૃદ્ધિ (૬) મોહ અને (૭) મૂર્ચ્છા, આ મોહજન્ય સાત પ્રકારના ભાવો ઉત્પન્ન થાય છે. અહીં સાધકોને શબ્દજન્ય સાતે પ્રકારના મોહજન્ય ભાવોના ત્યાગનો ઉપદેશ આપ્યો હોવાથી આ અધ્યયનનું **શબ્દ સપ્તક** નામ સાર્થક છે.

જ્યાં સુધી શરીર અને ઈન્દ્રિય હોય, ત્યાં સુધી દરેક વ્યક્તિને પ્રિય કે અપ્રિય શબ્દોનું શ્રવણ થાય છે પરંતુ સાધુ શબ્દ સાંભળ્યા પછી તેની પ્રતિક્રયા રૂપ રાગ કે દ્વેષના ભાવ કરે નહીં, પ્રિય શબ્દ સાંભળવા માટે ઉત્કંઠિત થાય નહીં કે અપ્રિય શબ્દોનો અણગમો કરે નહીં. સાધુ પ્રિય કે અપ્રિય બંને પ્રકારના શબ્દ શ્રવણમાં સમભાવ ધારણ કરે.

સંક્ષેપમાં સહજ રીતે આવી ગયેલા અને શ્રોતેન્દ્રિય દ્વારા ગ્રહણ થતાં શબ્દોને સાધુ રાગ-દ્વેષરૂપ પ્રતિક્રિયા કર્યા વિના માત્ર સાંભળે. લોક સંજ્ઞા કે કુતૂહલ વૃત્તિથી કોઈ પણ પ્રકારના શબ્દ શ્રવણની લાલસા કરે નહીં.

❖❖❖❖❖

# અગિયારમું અધ્યયન

## શબ્દ સપ્તક

**વાજિંત્રોના શબ્દ શ્રવણમાં સંયમ :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– मुइंगसद्दाणि वा णंदीमुइंगसद्दाणि वा झल्लरीसद्दाणि वा अण्णयराणि वा तहप्पगाराइं विरूवरूवाणि वितताइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **अहावेगइयाइं सद्दाइं** = કેટલાય શબ્દો **सुणेइ** = સાંભળે છે **मुइंगसद्दाणि** = મૃદંગના શબ્દ **णंदीमुइंगसद्दाणि** = તબલાના શબ્દ **झल्लरीसद्दाणि** = ઝાલરના શબ્દ **वितताइं सद्दाइं** = વિતત વાજિંત્રોના શબ્દોને **कण्णसोयपडियाए** = સાંભળવા માટે **णो अभिसंधारेज्जा** = મનમાં સંકલ્પ કરે નહિ **गमणाए** = જવા માટે.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમ કે– મૃદંગના, નંદીમૃદંગ– તબલાના, ઝાલરના શબ્દ તથા તે પ્રકારના વિવિધ **વિતત** શબ્દોને સાંભળવા માટે કોઈ પણ જગ્યાએ જવાનો સંકલ્પ કરે નહિ.

**२ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– वीणासद्दाणि वा विपंचिसद्दाणि वा पिप्पीसगसद्दाणि बद्धीसगसद्दाणि वा तुणयसद्दाणि वा पणवसद्दाणि वा तुंबवीणिय सद्दाणि वा ढंकुणसद्दाणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाणि तताइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **वीणासद्दाणि** = વીણાના શબ્દો **विपंचिसद्दाणि** = સિતારના શબ્દો **पिप्पीसगसद्दाणि** = શરણાઈના શબ્દો **बद्धीसगसद्दाणि** = બદ્ધીસક નામના વાદ્યના શબ્દો **तुणयसद्दाणि** = તૂણ નામના વાદ્ય વિશેષના શબ્દ **पणवसद्दाणि** = પ્રણવ–તાનપૂરાના શબ્દ **तुंबवीणिय सद्दाणि** = તંબૂરાના શબ્દ **ढंकुणसद्दाणि** = ઢંકુણ નામના વાદ્ય વિશેષના શબ્દ **तताइं** = તત શબ્દો.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમ કે, વીણાના, સિતારના, પીપુડી કે શરણાઈના, બદ્ધિસક-વાજિંત્ર વિશેષના, તૂણ(તુન તુના) નામના વાદ્ય વિશેષના, તાનપૂરા નામના વાદ્યના, તંબૂરાના, ઢંકુણ– વાદ્ય વિશેષના શબ્દ તથા તે પ્રકારના વિવિધ **તત** શબ્દોને સાંભળવા માટે કોઈપણ જગ્યાએ જવાનો સંકલ્પ કરે નહિ.

**३ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– तालसद्दाणि वा कंसतालसद्दाणि वा लत्तियसद्दाणि वा गोहियसद्दाणि वा**

**किरिकिरियसद्दाणि वा अण्णयराणि वा तहप्पगाराइं विरूवरूवाइं तालसद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **तालसद्दाणि** = તાલના શબ્દોને **कंसतालसद्दाणि** = કંસતાલના શબ્દોને **लत्तियसद्दाणि** = મંજીરાના શબ્દો **गोहियसद्दाणि** = ગોધિકા-કાખમાં કે હાથમાં રાખીને વગાડવામાં આવતા ભાંડોના વાદ્યવિશેષના શબ્દોને **किरिकिरियसद्दाणि** = વાંસની ખપાટોથી બનેલા વાજિંત્રના શબ્દોને, **तालसद्दाइं** = તાલના શબ્દોને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમ કે– તાલના, કંસતાલના, મંજિરાના, ગોધિકા–ભાંડોના વાદ્ય વિશેષના, વાંસની ખપાટોથી બનેલા વાજિંત્રના શબ્દો તથા તે પ્રકારના વિવિધ તાલ શબ્દોને સાંભળવાની ઇચ્છાથી કોઈ પણ જગ્યાએ જવાનો સંકલ્પ કરે નહિ.

**૪ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– संखसद्दाणि वा वेणुसद्दाणि वा वंससद्दाणि वा खरमुहिसद्दाणि वा पिरिपिरियासद्दाणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं झुसिराइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **संखसद्दाणि** = શંખના શબ્દોને **वेणुसद्दाणि** = વેણુના શબ્દોને **वंससद्दाणि** = વાંસળીના શબ્દોને **खरमुहिसद्दाणि** = ખરમુખીના શબ્દોને **पिरिपिरियासद्दाणि** = પિરપિરિકાવાદ્ય વિશેષના શબ્દોને **झुसिराइं** = શુષિર શબ્દોને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમ કે– શંખના, વેણુના, વાંસળી (બંસરી)ના, ખરમુખી-વાદ્યવિશેષના, પિરપિરિકા–વાદ્ય વિશેષના શબ્દ તથા તેવા પ્રકારના વિવિધ શુષિર શબ્દોને સાંભળવાની ઇચ્છાથી કોઈપણ જગ્યાએ જવાનો સંકલ્પ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને શ્રોતેન્દ્રિય સંયમ માટે ચાર પ્રકારના વાજિંત્રોને સાંભળવાની ઇચ્છાનો નિષેધ કર્યો છે– (૧) તતશબ્દ (૨) વિતતશબ્દ (૩) તાલશબ્દ(ઘન શબ્દ) (૪) શુષિરશબ્દ. વાદ્યના ચાર પ્રકાર છે તેથી તજ્જન્ય શબ્દ પણ ચાર પ્રકારના છે. આ ચારેયના લક્ષણો આ પ્રમાણે છે– (૧) **તત**–તાર-વાળા વાજિંત્રોના શબ્દો. જેમ કે– વીણા, સારંગી, તંબૂરા આદિના શબ્દો. (૨) **વિતત**–તાર વગરના(હાથની થપાટથી વાગતા) વાજીંત્રોના શબ્દો, જેમ કે– મૃદંગ, તબલા અને ઝાલર આદિના શબ્દો. (૩) **તાલ**– સામસામા હાથમાં રાખી પરસ્પર ટકરાવીને વગાડાય તેવા વાજિંત્રોના શબ્દો, જેમ કે– તાલીના શબ્દો, ઝાંઝપખાજ, મંજીરા આદિના શબ્દો, તેને ઘન શબ્દ પણ કહે છે. (૪) **શુષિર**–પોલાર અને છિદ્રવાળા, વાયુ પૂરીને વગાડાય તેવા, વાજિંત્રોના શબ્દો, જેમ કે–શંખ, વાંસળી, બ્યુગલ આદિના શબ્દો.

આ ચારે પ્રકારના વાજિંત્રોના શબ્દોને સાંભળવાની ઉત્કંઠા સાધકો માટે યોગ્ય નથી, કારણ કે શ્રોતેન્દ્રિયનો અસંયમ અનેક અનર્થોનું સર્જન કરે છે. વાજિંત્રોના શબ્દ શ્રવણની આસક્તિથી સાધુ પોતાની સાધના ભૂલી જાય છે, સમાચારી પાલનમાં તેમજ સ્વાધ્યાય ધ્યાનમાં સ્ખલના થાય છે, અસંયમ ભાવનાનું અને ઇન્દ્રિયનું પોષણ થાય છે. શબ્દોની આસક્તિથી કર્મબંધ થાય છે. સંક્ષેપમાં વિષયાસક્તિના ભાવોથી સાધુની વૃત્તિ કે પ્રવૃત્તિ બહિર્મુખી બને છે.

સાધુ ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં હોય, ગોચરી આદિ માટે પરિભ્રમણ કરી રહ્યા હોય, ત્યારે તેને પ્રિય-અપ્રિય શબ્દો સહજ રીતે સંભળાય છે. તે જ રીતે ક્યારેક વિવિધ વાજિંત્રોના મધુર સૂરો પણ સંભળાય છે, પરંતુ સાધુ મનોજ્ઞ શબ્દ શ્રવણ કરવા માટે કોઈ જગ્યાએ જાય નહીં અને સહજ રીતે સંભળાયેલા શબ્દોમાં પોતાના મનનું અનુસંધાન કરી રાગભાવ કરે નહીં અને તે સંબંધી વિચારણા પણ કરે નહીં કે આ શબ્દો પ્રિય છે, અપ્રિય છે, સારા છે, નરસા છે. સંગીતની સૂરાવલી વાગતી રહે કે હવે બંધ થઈ જાય, આવા કોઈ પણ પ્રકારના વિકલ્પો કરે નહીં. સાધુ પોતાના સંયમભાવમાં જ લીન રહે.

તાત્પર્ય એ છે કે કોઈ પણ ઈન્દ્રિયોના વિષયો કર્મબંધનું કારણ નથી પરંતુ વિષયોની આસક્તિ, વિષયોમાં કરેલા રાગ-દ્વેષ કર્મબંધનું કારણ છે. જ્યાં સુધી ઈન્દ્રિયો છે ત્યાં સુધી તેને વિષયોનો સંયોગ સહજ રીતે થાય છે. કાન છે ત્યાં સુધી શબ્દો તો સંભળાવાના, પરંતુ તે શબ્દો સંભળાયા પછી જીવ પોતાના પૂર્વ સંસ્કારવશ તેમાં રાગ-દ્વેષના ભાવો કરે છે. તેનાથી કર્મબંધ થાય છે તેથી સાધુ સતત સાવધાન રહીને શબ્દ શ્રવણ પછી તેમાં રાગ-દ્વેષ કરે નહીં, તે શબ્દોની અભિલાષા કરે નહિ અને પ્રિય શબ્દો સાંભળવા જાય નહિ.

**વિવધ સ્થાનોમાં શ્રોતેન્દ્રિય સંયમ :–**

**૫ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– वप्पाणि वा फलिहाणि वा** *जाव* **सराणि वा सागराणि वा सरपंतियाणि वा सरसरपंतियाणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– ખેતરની ક્યારીમાં, ખાઈઓમાં ***યાવત્*** સરોવર, સમુદ્ર, સરોવરની પંક્તિ, પંક્તિબદ્ધ જોડાયેલા સરોવરો આદિ વિવિધ સ્થાનોમાં પાણીના ખળ-ખળ વહેવાના શબ્દો અથવા કોઈ વાજિંત્રો વગાડતા હોય તેના શબ્દો, તેમજ તેવા વિવિધ પ્રકારના શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**૬ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– कच्छाणि वा णूमाणि वा गहणाणि वा वणाणि वा वणदुग्गाणि वा पव्वयाणि वा पव्वयदुग्गाणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– કચ્છ-બહારથી સંઘન અને અંદર પોલાણ હોય તેવું વન, પ્રછન્ન સ્થાન કે ગુફા, સઘન ઝાડી, વન, વિકટ જંગલ, પર્વત, પર્વતદુર્ગ ઈત્યાદિ પ્રદેશોમાં કે તેવા પ્રકારના અન્ય સ્થાનોમાં વિવિધ પ્રકારના શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**૭ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– गामाणि वा णगराणि वा णिगमाणि वा रायहाणीओ वा आसम-पट्टण-सण्णिवेसाणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– ગામમાં, નગરમાં,

નિગમ-વણિકોના સ્થાનમાં, રાજધાનીમાં, આશ્રમ, પટ્ટણ અથવા સંનિવેશ આદિ સ્થાનોમાં થતાં શબ્દો અથવા ત્યાં વાગતા વાજિંત્રોના શબ્દો કે તથાપ્રકારના વિવિધ શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**૮ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– आरामाणि वा उज्जाणाणि वा वणाणि वा वणसंडाणि वा देवकुलाणि वा सभाणि वा पवाणि वा अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– ઉપવનમાં, ઉદ્યાનમાં, વનોમાં, વનખંડોમાં, દેવકુલોમાં, સભામાં, પરબમાં કે અન્ય તથાપ્રકારના સ્થાનમાં થતાં વિવિધ પ્રકારના શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**૯ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– अट्टाणि वा अट्टालयाणि वा चरियाणि वा दाराणि वा गोपुराणि वा अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– અગાસીમાં, કિલ્લા પરની અટ્ટાલિકામાં, કિલ્લા અને નગરની મધ્યમાં રહેલા માર્ગમાં, દ્વારોમાં, મુખ્ય દરવાજાઓમાં કે તથાપ્રકારના અન્ય વિવિધ સ્થાનોમાં થતાં શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**૧૦ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– तियाणि वा चउक्काणि वा चच्चराणि वा चउम्मुहाणि वा अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– ત્રણ રસ્તા ભેગા થતા હોય તેવા ત્રિકમાં, ચાર રસ્તા ભેગા થતા હોય તેવા ચોકમાં, ઘણા રસ્તા ભેગા થતા હોય તેવા ચત્વરમાં, ચાર મુખવાળા રસ્તામાં કે તથાપ્રકારના અન્ય સ્થાનોમાં થતાં વિવિધ શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**૧૧ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– महिसट्ठाणकरणाणि वा वसभट्ठाणकरणाणि वा अस्सट्ठाणकरणाणि वा हत्थिट्ठाण-करणाणि वा** *जाव* **कविंजलट्ठाणकरणाणि अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દો સાંભળે, જેમ કે– ભેંસોને રાખવાના સ્થાનમાં, બળદોને રાખવાના સ્થાનમાં, અશ્વશાળામાં, ગજશાળામાં ***યાવત્*** કપિંજલ-ચાતક આદિ પક્ષીઓના સ્થાનમાં કે તથાપ્રકારના અન્ય સ્થાનોમાં થતાં વિવિધ શબ્દોને સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને વિવિધ સ્થાનોમાં થતાં શબ્દો તથા તે તે સ્થાનોમાં ક્યારેક વિવિધ વાજિંત્રોના

સૂરો છેડાતા હોય, તો સાધુને તે શબ્દ શ્રવણ માટે જવાનો નિષેધ કર્યો છે.

સાધુને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં વિવિધ સ્થાનોમાંથી પસાર થવાનું હોય, ત્યાં તેને વિવિધ પ્રકારના શબ્દો સાંભળવા મળે છે, પરંતુ સાધુ તેમાં રાગ કે દ્વેષ કરે નહીં અને મનોજ્ઞ શબ્દો સાંભળવાની ઈચ્છાથી કોઈપણ ચોક્કસ સ્થાનમાં જાય નહીં.

સાધુ સૂત્રોક્ત સ્થાનના શબ્દો સાંભળવા જાય તો તે નિશીથ સૂત્ર કથિત પ્રાયશ્ચિતના ભાગી બને છે.

**મનોરંજનના સ્થળોમાં શબ્દશ્રવણમાં સંયમ :–**

**१२ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– महिसजुद्धाणि वा वसभजुद्धाणि वा अस्सजुद्धाणि वा** *जाव* **कविंजलजुद्धाणि वा अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દોને સાંભળે, જેમ કે– ભેંસો કે પાડાઓનું યુદ્ધ, બળદોનું યુદ્ધ, અશ્વયુદ્ધ, ગજયુદ્ધ ***યાવત્*** કપિંજલ યુદ્ધ, આ પ્રાણીઓના લડવાથી થતાં શબ્દો કે તથાપ્રકારના અન્ય કોઈના લડવા-ઝગડવાના વિવિધ શબ્દોને સાંભળવાની ઈચ્છાથી સાધુ ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**१३ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– जूहियट्ठाणाणि वा हयजूहियट्ठाणाणि वा गयजूहियट्ठाणाणि वा अण्णइराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **जूहियट्ठाणाणि** = લગ્નાદિ સમયે ગવાતા ગીતોના સ્થાનો **हयजूहियट्ठाणाणि** = અશ્વોનો સમૂહ જ્યાં એકઠો થતો હોય અથવા જ્યાં રહેતો હોય, **गयजूहियट्ठाणाणि** = હાથીઓનો સમૂહ રહેતો હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દોને સાંભળે, જેમ કે– લગ્નાદિ સમયે ગવાતા ગીતોના સ્થાનોમાં, અશ્વ સમૂહના સ્થાનોમાં, હસ્તિ સમૂહના સ્થાનોમાં તથા આ પ્રકારના અન્ય સ્થાનોમાં શબ્દોને સાંભળવાની ઈચ્છાથી સાધુ ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**१४ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– अक्खाइयट्ठाणाणि वा माणुम्माणियट्ठाणाणि वा महयाहयणट्ट-गीय-वाइय-तंति-तलताल-तुडिय-घणमुइंग-पडुप्प-वाइयट्ठाणाणि वा अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **अक्खाइयट्ठाणाणि** = કથા કરવાનું સ્થાન **माणुम्माणियट्ठाणाणि** = માપ-તોલ થતા હોય તે સ્થાન અથવા ઘોડાની ગતિની પરીક્ષા હોય તે સ્થાન અથવા એકના બળના માપથી બીજાના બળનું અનુમાન થાય તેવા માનોન્માનિત સ્થાન **महयाहयणट्ट-गीय-वाइय-तंति-तलताल-तुडिय-घणमुइंग पडुप्प-वाइयट्ठाणाणि** = મોટા નૃત્ય, ગીત, વાજિંત્ર, વીણા, તાલ, ઝાંઝ, પખાજ, ઢોલ, ઘન, મૃદંગ આદિથી ઉત્પન્ન થતાં શબ્દો જ્યાં થતાં હોય તે સ્થાન.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દોને સાંભળે, જેમ કે– જ્યાં કથા કહેવાતી હોય, તોલમાપ થતા હોય; મોટા નૃત્ય, નાટક, ગીત, વાજિંત્ર, વીણા, તાલ, ઝાંઝ, પખાજ, ઢોલ, તૂરી, ઘન,

મૃદંગ આદિ વાજિંત્રોના શબ્દો થતાં હોય, આવા સ્થાનોમાં કે આ પ્રકારના અન્ય મનોરંજનના સ્થાનોમાં શબ્દોને સાંભળવાની ઇચ્છાથી સાધુ ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**१५ से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं जहा– कलहाणि वा डिंबाणि वा डमराणि वा दोरज्जाणि वा वेरज्जाणि वा विरुद्धरज्जाणि वा अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દોને સાંભળે, જેમ કે– જ્યાં ઝગડો થતો હોય, સ્વદેશના શત્રુ સૈન્યનો ભય હોય, બીજા રાજ્યના વિરોધી શબ્દો સંભળાતા હોય, બે રાજ્યોનું પરસ્પર વિરોધી સ્થાન હોય, વેરનું સ્થાન હોય, વિરોધી રાજાઓનું રાજ્ય હોય, ત્યાં થતાં શબ્દોને તથા આ પ્રકારના અન્ય વિરોધી વાતાવરણના શબ્દોને સાંભળવાની ઇચ્છાથી સાધુ ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**१६ से भिक्खू वा भिक्खुणी वा अहावेगयाइं सद्दाइं सुणेइ, तं जहा– खुड्डियं दारियं परिवुडं मंडियालंकियं णिवुज्झमाणिं पेहाए, एगं पुरिसं वा वहाए णीणिज्जमाणं पेहाए, अण्णयराइं वा तहप्पगाराइं सद्दाइं कण्णसोयवडियाए णो अभिसंधारेज्जा गमणाए ।**

**શબ્દાર્થ :–** **खुड्डियं** = નાની **दारियं** = બાલિકાને **परिवुडं मंडियालंकियं** = પરિવારથી ઘેરાયેલ, આભૂષણોથી મંડિત અને અલંકૃત થયેલી **णिवुज्झमाणिं** = ઘોડા આદિ પર બેસાડીને લઈ જવાતી**पेहाए** = જોઈને **एगं पुरिसं वा वहाए** = કોઈ એક અપરાધી પુરુષને **णीणिज्जमाणं पेहाए** = વધ્યભૂમિમાં લઈ જવાતો જોઈને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના શબ્દોને સાંભળે, જેમ કે– વસ્ત્રાભૂષણોથી શોભિત અને અલંકૃત તથા ઘણા લોકોથી ઘેરાયેલી કોઈ નાની કુમારિકાને ઘોડા આદિ પર બેસાડીને લઈ જવાતી હોય અથવા કોઈ અપરાધી વ્યક્તિને વધ માટે વધસ્થાનમાં લઈ જવાતી હોય તથા અન્ય પણ આ પ્રકારની કોઈ શોભાયાત્રા નીકળતી હોય, તે સમયના જય-જયકારના કે ધિક્કારના શબ્દોને સાંભળવાની ઇચ્છાથી સાધુ ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**१७ से भिक्खू वा भिक्खुणी वा अण्णयराइं विरूवरूवाइं महासवाइं एवं जाणेज्जा, तं जहा– बहुसगडाणि वा बहुरहाणि वा बहुमिलक्खूणि वा बहुपच्चंताणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं महासवाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्ज गमणाए ।**

**શબ્દાર્થ :–** **महासवाइं** = મહાન આશ્રવના સ્થાનોને **बहुसगडाणि** = ઘણાં ગાડાઓ **बहुरहाणि** = ઘણા રથોના સ્થાન **बहुमिलक्खूणि** = ઘણા મ્લેચ્છોના સ્થાન **बहुपच्चंताणि** = ઘણા સીમાવર્તી લોકો ભેગા થયા હોય.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અન્ય વિવિધ પ્રકારના બીજા મહાશ્રવના સ્થાનોને જાણે, જેમ કે– જ્યાં ઘણા ગાડા, રથો, મ્લેચ્છો, સીમાવર્તી ચોર, ડાકુઓ ભેગા થયા હોય તે સ્થાન અથવા તેવા પ્રકારના અનેક મહાસ્રવના સ્થાનોમાં થતાં શબ્દોને સાંભળવાની ઇચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**१८ से भिक्खू वा भिक्खुणी वा अण्णयराइं विरूवरूवाइं महुस्सवाइं एवं जाणेज्जा, तं जहा– इत्थीणि वा पुरिसाणि वा थेराणि वा डहराणि वा मज्झिमाणि वा आभरणविभूसियाणि वा गायंताणि वा वायंताणि वा णच्चंताणि वा हसंताणि वा रमंताणि वा मोहंताणि वा विउलं असणं पाणं खाइमं साइमं परिभुंजंताणि वा परिभाइंताणि वा विछड्डेमाणाणि वा विग्गोवेमाणाणि वा अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं महुस्सवाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्ज गमणाए ।**

**શબ્દાર્થ :–** **विछड्डेमाणाणि** = આપ-લે કરતા અથવા ફેંકતા **विग्गोवेमाणाणि** = પ્રસિદ્ધ કરતા હોય તે સમયના શબ્દો **तहप्पगाराइं विरूवरूवाइं महुस्सवाइं** = તથાપ્રકારના વિવિધ મહોત્સવના.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના ઉત્સવોને જાણે કે ઉત્સવમાં સ્ત્રી, પુરુષ, વૃદ્ધ, બાળક અને યુવાનો આભૂષણોથી વિભૂષિત થઈ ગીત ગાતા હોય, વાજા વાગતા હોય, નાચતા હોય, હસતા, રમતા, ક્રીડા કરતા હોય તથા વિપુલ અશન, પાણી, ખાદિમ, સ્વાદિમનો ઉપભોગ કરતા હોય, પરસ્પર વિભાજન કરતા હોય, આપ-લે કરતા હોય, પરસ્પર પ્રસિદ્ધિ કરતા હોય, તેઓના શબ્દોને તથા તેવા પ્રકારના અન્ય ઘણા મહોત્સવોમાં થતાં શબ્દોને સાંભળવાની ઈચ્છાથી સાધુ ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને મનોરંજનના સ્થળોમાં થતાં શબ્દોને સાંભળવાની ઉત્સુકતા ન કરવાનું સૂચન છે. આ સૂત્રોમાં મુખ્ય સાત મનોરંજનના તથા કુતૂહલના સ્થાનો બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) ભેંસ, પાડા આદિ પશુઓનું યુદ્ધ થતું હોય (૨) વર-વધૂને મળવાનું સ્થાન અથવા લગ્નમંડપાદિમાં કે અશ્વ, હસ્તી આદિના સમૂહો જ્યાં એકઠા થતાં હોય (૩) ઘોડાની દોડ-રેસ, કુસ્તી આદિના સ્થાનોમાં તથા નૃત્ય, ગીત, વાજિંત્ર આદિનો જલસો હોય (૪) શત્રુઓનો સંઘર્ષ થતો હોય (૫) કોઈની શોભાયાત્રામાં જયકાર કે ધિક્કારના નાદ થતાં હોય (૬) મહા આશ્રવના સ્થાનોમાં અર્થાત્ કારખાના મિલ વગેરે સ્થાનોમાં, મોટા મેળા વગેરેના સ્થાનોમાં (૭) મોટા મહોત્સવ વગેરે સ્થાનોમાં થતાં શબ્દોને સાંભળવા માટે જવું સાધુ-સાધ્વીને કલ્પતું નથી.

સાંસારિક ઉત્સવોના અને મનોરંજન આદિના શબ્દોના શ્રવણથી ચિત્તમાં મોહભાવ પ્રગટ થાય, વિકાર જાગૃત થાય છે. કોઈના ઝગડા, યુદ્ધ આદિના શબ્દો સાંભળવાથી ચિત્ત ચંચળ બને છે, રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય, ચિત્ત અશાંત બની જાય, સ્વાધ્યાય-ધ્યાનમાં વિઘ્ન આવે છે, તેથી સંયમ નિષ્ઠ સાધકે પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. મોહજનક કોઈપણ શબ્દોની આસક્તિનો ત્યાગ કરીને પોતાની સાધનામાં સંલગ્ન રહેવું જોઈએ.

**ઈહલૌકિક–પારલૌકિક શબ્દ સંયમ :–**

**१९ से भिक्खू वा भिक्खुणी वा इहलोइएहिं सद्देहिं, परलोइएहिं सद्देहिं, सुएहिं सद्देहिं, असुएहिं सद्देहिं, दिट्ठेहिं सद्देहिं, अदिट्ठेहिं सद्देहिं, इट्ठेहिं सद्देहिं, कंतेहिं सद्देहिं णो सज्जेज्जा, णो रज्जेज्जा, णो गिज्झेज्जा, णो मुज्जेज्जा, णो अज्झोववज्जेज्जा।**

**શબ્દાર્થ :–** **इहलोइएहिं सद्देहिं** = ઈહલૌકિક શબ્દ-સ્વજાતિના અર્થાત્ મનુષ્યાદિકૃત શબ્દો **परलोइएहिं सद्देहिं** = પારલૌકિક શબ્દો, પરજાતિના ઘોડા, હાથી આદિના શબ્દો **णो सज्जेज्जा** = આસક્ત થવું નહીં, વિષયોનું સેવન કરવું નહીં **णो रज्जेज्जा** = મનમાં અનુરાગ કે પ્રીતિનો ભાવ લાવવો નહીં **णो गिज्झेज्जा** = વિષયાસક્તિની અનિષ્ટ પરંપરા જાણીને તેની આકાંક્ષા કરવી નહીં **णो मुज्जेज्जा** = વિષયોમાં મૂઢ બનવું નહીં **णो अज्झोववज्जेज्जा** = અત્યંત મૂઢ બનીને વિષયનું સેવન કરવું નહીં.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી આ લોક સંબંધી-સ્વજાતિના શબ્દોમાં અર્થાત્ મનુષ્યોના શબ્દોમાં, પરલોક સંબંધી-પરજાતિના શબ્દોમાં અર્થાત્ પશુ- પક્ષીઓના શબ્દોમાં, સાંભળેલા– પ્રત્યક્ષ સાંભળેલા શબ્દોમાં કે નહીં સાંભળેલા શબ્દોમાં, જોયેલા કે નહીં જોયેલા શબ્દોમાં, ઈષ્ટ અને કાંત–પ્રિય શબ્દોમાં આસક્ત થાય નહિ, રાગભાવ કરે નહિ, ગૃદ્ધ થાય નહિ, મુગ્ધ બને નહિ અને મૂર્ચ્છિત કે અત્યંત આસક્ત બને નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર આ અધ્યયનના સંપૂર્ણ વિષયના ઉપસંહાર રૂપે છે. સૂત્રકારે વિવિધ પ્રકારના સ્થાનોના શબ્દોનું કથન કર્યા પછી ઈહલૌકિક-સ્વજાતિના અને પારલૌકિક-પરજાતિના આદિ શબ્દો દ્વારા સર્વ શબ્દોનું કથન કર્યું છે.

તે શબ્દો પ્રગટપણે સાંભળેલા હોય કે અપ્રગટપણે સાંભળેલા હોય, દષ્ટ–પ્રત્યક્ષ સંભળાતા શબ્દો, અદષ્ટ–પ્રત્યક્ષ ન હોય તેવા દેવાદિના શબ્દો, ઈષ્ટ કે કાંત શબ્દો સંક્ષેપમાં કોઈ પણ પ્રકારના શબ્દોમાં સાધુ આસક્ત થાય નહીં. આસક્તિ અનેક અનર્થનું સર્જન કરે છે.

(૧) જેમ હરણ અને સર્પ સંગીતમાં આસક્ત બનીને ફસાય છે અને અંતે વિનાશને પામે છે, તેમ સાધક પણ સંગીતની આસક્તિમાં ફસાઈને સંયમી જીવનથી ભ્રષ્ટ થાય છે. (૨) પ્રિય શબ્દ સાંભળવા ન મળે અથવા તેનો વિયોગ થાય અને અનિષ્ટ કે અપ્રિય શબ્દ સાંભળવા મળે અથવા તેનો સંયોગ થાય ત્યારે આર્તધ્યાન થાય છે. (૩) આસક્તિથી અસંતોષ, દુઃખ પ્રાપ્તિ, હિંસાદિ દોષો ઉત્પન્ન થાય છે.

સાધુએ પોતાના લક્ષ્યને સતત નજર સમક્ષ રાખી, સર્વ વિષયોથી અનાસક્ત ભાવ કેળવી સતત અંતર્મુખ રહેવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

**ઉપસંહાર :–**

**૨૦ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ શબ્દ શ્રવણ વિવેક સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતાં સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

## ॥ અગિયારમું અધ્યયન સંપૂર્ણ ॥

# બારમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **રૂપ સપ્તક** છે. ચક્ષુરિન્દ્રિયનો વિષય 'રૂપ' છે. સંસારમાં સારા-ખરાબ, પ્રિય-અપ્રિય, ઈષ્ટ-અનિષ્ટ, મનોજ્ઞ-અમનોજ્ઞ આદિ અનેક પ્રકારના રૂપવાન પદાર્થો છે. તે સર્વ રૂપવાન પદાર્થો યથાપ્રસંગે આંખોથી દેખાય છે પરંતુ દશ્યમાન પદાર્થોના રૂપને જોઈને સાધુ, સાધ્વી પોતાના સંયમના અસ્તિત્વને ભૂલીને મનોજ્ઞરૂપમાં આસક્તિ, મોહ, રાગ કરે નહીં અને અમનોજ્ઞ રૂપ જોઈને તેના પ્રત્યે ઘૃણા, દ્વેષ, અરુચિ ઉત્પન્ન કરે નહિ. અનાયાસ કોઈ પણ વસ્તુ જોવાઈ જાય તો તેમાં મન જોડે નહિ, તે રૂપોને જોવાની લાલસા, કામના, ઉત્કંઠા, ઉત્સુકતા કે ઈચ્છાથી કોઈ પણ સ્થાને જવાની ઈચ્છા રાખે નહિ.

રાગ-દ્વેષ એ કર્મબંધનના કારણ છે, તેમાં રાગનો ત્યાગ કરવો અત્યંત કઠિન છે. શાસ્ત્રકારે આ અધ્યયનમાં રાગના ત્યાગની પ્રધાનતાથી વિષયનું વર્ણન કર્યું છે. તેમાં પણ 'શબ્દસપ્તક' અધ્યયનના અતિદેશપૂર્વક મનોજ્ઞ, પ્રિય, કાંત, મનોહર રૂપોમાં મૂર્ચ્છા, આસક્તિ, લાલસા, રાગ, ગૃદ્ધિ કે મોહભાવથી દૂર રહેવાનું સૂચન કર્યું છે, તેથી તેનું નામ **રૂપસપ્તક** છે.

❖❖❖❖❖

# બારમું અધ્યયન

## રૂપ સપ્તક

**રૂપ દર્શનમાં સંયમ :–**

**१** **से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं रूवाइं पासइ, तं जहा– गंथिमाणि वा वेढिमाणि वा पूरिमाणि वा संघाइमाणि वा कट्ठकम्माणि वा पोत्थकम्माणि वा चित्तकम्माणि वा मणिकम्माणि वा दंतकम्माणि वा पत्तच्छेज्जकम्माणि वा विविहाणि वा वेढिमाइं; अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं चक्खुदंसणपडियाए णो अभिसंधारेज्ज गमणाए ।**

**एवं णेयव्वं जहा सद्दपडिमा सव्वा वाइत्तवज्जा रूवपडिमा वि ।**

**શબ્દાર્થ :–** **गंथिमाणि** = ફૂલાદિને ગૂંથીને બનાવેલા સ્વસ્તિકાદિ **वेढिमाणि** = વસ્ત્રાદિ વીંટીને બનાવેલી પૂતળી આદિ **पूरिमाणि** = અનેક વસ્તુઓ ભરીને બનાવેલી વિવિધ આકૃતિ, જેમ કે રૂ ભરીને બનાવેલા રમકડા વગેરે **संघाइमाणि** = અનેક વસ્તુઓના સંઘાતથી બનાવેલા રૂપો **वाइत्तवज्जा** = વાજિંત્રોને છોડીને.

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી અનેક પ્રકારના રૂપોને જુએ, જેમ કે– ગ્રથિમ– ફૂલ આદિને ગૂંથીને બનાવેલા સ્વસ્તિક આદિ, વેષ્ટિમ– વસ્ત્રાદિને વીંટીને બનાવેલી પૂતળી આદિ, પૂરિમ– અંદરમાં કોઈ પદાર્થ ભરીને પુરુષાદિની બનાવેલી આકૃતિ, સંઘાતિમ– અનેક પ્રકારના વર્ણોને ભેગા કરીને તેમાંથી બનાવેલી વસ્તુ, કાષ્ઠકર્મ– લાકડામાંથી બનાવેલા રથાદિ, પુસ્તકર્મ– વસ્ત્ર કે તાડપત્રાદિના પુસ્તકો પર બનાવેલા ચિત્ર, ચિત્રકર્મ– દિવાલાદિમાં કરેલા ચિત્રાદિ, મણિકર્મ– વિવિધ મણિઓથી બનાવેલા સ્વસ્તિકાદિ, દંતકર્મ– હાથીદાંતાદિથી બનાવેલા ચૂડલા વગેરે, પત્રછેદન– પાંદડાદિનું છેદન કરી તેમાંથી બનાવેલી વિવિધ વસ્તુઓ, વિવિધ પ્રકારના પદાર્થોને કોતરીને કે વણાટમાં વણીને બનાવવામાં આવેલા પદાર્થોને તથા આ પ્રકારના અન્ય પદાર્થોના રૂપોને જોવાની ઇચ્છાથી સાધુ કે સાધ્વી ત્યાં જવાનો સંકલ્પ કરે નહિ.

ચાર પ્રકારના વાજિંત્રોને છોડીને શેષ સર્વ વર્ણન 'શબ્દ સપ્તક અધ્યયન'ની જેમ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં 'શબ્દ સપ્તક' અધ્યયનના અતિદેશપૂર્વક સાધુને ચક્ષુરિન્દ્રિય સંયમનું સૂચન કર્યું છે.

સંસારના દશ્યમાન પદાર્થોમાં પ્રિય-અપ્રિય, ઈષ્ટ-અનિષ્ટ બંને પ્રકારના રૂપો હોય છે. પદાર્થો પરિવર્તનશીલ છે, તેથી તેના રૂપમાં પરિવર્તન થાય છે.

ચાર કારણે મનુષ્ય કે વસ્તુનું સૌંદર્ય વધે છે, જેમ કે– (૧) ફૂલોને ગૂંથીને તેની માળા, ગજરા, ગોટા વગેરે બનાવવાથી ફૂલોનું સૌંદર્ય વધે છે અને તેને ધારણ કરનાર વ્યક્તિ પણ સૌંદર્યવાન દેખાય છે. (૨) વસ્ત્રાદિને ઓઢવાથી, પહેરવાથી વ્યક્તિ સુંદર લાગે છે. વિવિધ પ્રકારના પોષાક સૌંદર્યને વધારે છે.

(૩) વિવિધ પ્રકારના બીબામાં સોનાદિને ઢાળવાથી આભૂષણોનું સૌંદર્ય વધે છે અને આભૂષણોને ધારણ કરનાર વ્યક્તિ વિશેષ સુંદર લાગે છે. (૪) વસ્ત્રાદિની અનેક પ્રકારની સિલાઈ કરવાથી વસ્ત્ર શોભે છે અને તેને પહેરનાર પણ સુશોભિત લાગે છે. આ રીતે સ્પષ્ટ થાય છે કે વિવિધ પ્રકારના સંસ્કારોથી પદાર્થોની શોભા વધી જાય છે.

લોકના વિવિધ સ્થાનોમાં વિવિધ રૂપો દષ્ટિગોચર થાય છે. સૂત્રકારે શબ્દ સપ્તકના અતિદેશપૂર્વક વિષયનું કથન કર્યું છે, જેમ કે– (૧) ખેતરની ક્યારીઓ, ખાઈઓ આદિના રૂપ (૨) નદીના તટનો ભાગ, સઘન જંગલ,વનાદિના રૂપ (૩) ગામ, નગર, રાજધાની આદિ ક્ષેત્રોના દશ્યો (૪) ઉપવન, ઉદ્યાન, વનખંડ, દેવાલય આદિના રૂપો (૫) અટારી, કિલ્લા, દ્વાર, નગરદ્વાર, રાજમાર્ગ આદિના દશ્યો (૬) નગરના ત્રિકોણ રસ્તાઓ, ચોરા, ચૌટા, અનેક માર્ગ આદિના દશ્યો (૭) ભેંસોને રાખવાની જગ્યા, બળદને રાખવાની જગ્યા, અશ્વશાળા વગેરે સ્થાનોના રૂપ (૮) વિવિધ યુદ્ધ ક્ષેત્રોના દશ્યો (૯) કથા થતી હોય, ઘોડાની રેસ ચાલુ હોય, કુસ્તીના દાવ ખેલાતા હોય આદિ દશ્યો (૧૦) વર-કન્યાનું મિલન સ્થાન(લગ્નમંડપ), અશ્વશાળા આદિ વિવિધ સ્થાનોના દશ્ય (૧૧) ઝઘડાનું સ્થાન, શત્રુરાજ્ય, રાષ્ટ્ર વિરોધી સ્થાન આદિના રૂપો (૧૨) વસ્ત્રાભૂષણથી શણગારેલી કન્યા, મૃત્યુદંડના અપરાધી કે તેઓની શોભાયાત્રાના દશ્ય (૧૩) અનેક મહાસ્રવના સ્થાનો (૧૪) મહોત્સવના સ્થાનો કે ત્યાં થનારા નૃત્ય આદિ. સાધુ આ સર્વ સ્થાનોના દશ્ય જોવાનો મનમાં વિચાર પણ કરે નહિ.

ચક્ષુરિન્દ્રિયના અસંયમથી અનેક દોષોનું સેવન થાય છે.

(૧) રૂપ તેમજ દશ્યમાન પદાર્થોની લાલસા તીવ્ર થાય છે. (૨) રૂપદર્શન પછી તે પદાર્થની પ્રાપ્તિ માટે અનર્થકારી કાર્યો થાય છે. (૩) સ્વાધ્યાય, ધ્યાન આદિથી મન ચલિત થઈ જાય છે. (૪) ચક્ષુરિન્દ્રિયનો અસંયમ બીજી ઇન્દ્રિયોના વિષયની આસક્તિ વધારે છે. આ રીતે સાધુ અજિતેન્દ્રિય બને છે. (૫) મનોજ્ઞ રૂપના આકર્ષણથી રાગ ભાવ જાગૃત થાય અને તેની સાથે જ અમનોજ્ઞ રૂપ પર દ્વેષ ભાવ થાય છે અને આ રીતે રાગ-દ્વેષની પરંપરા ચાલે છે (૬) રૂપના આકર્ષણથી પતંગિયું સર્વનાશને પામે તેમ સાધુ તેની આસક્તિથી સાધનાથી ભ્રષ્ટ થાય છે. (૭) સાધુનું નૈતિક અને આધ્યાત્મિક પતન થાય છે.

આ રીતે દોષોની પરંપરાને સમજીને સાધુ શાસ્ત્રના સ્વાધ્યાય આદિ ઉપાયો દ્વારા ચક્ષુરિન્દ્રિયના સંયમ માટે હંમેશાં પુરુષાર્થશીલ રહે.

**॥ બારમું અધ્યયન સંપૂર્ણ ॥**

# તેરમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **પરક્રિયા સપ્તક** છે.

પર એટલે સ્વથી ભિન્ન. પ્રસ્તુત અધ્યયન અનુસાર સાધુ માટે ગૃહસ્થ 'પર' છે અને ગૃહસ્થો દ્વારા થતી ક્રિયા પરિક્રયા છે.

સૂત્રકારે વિવિધ વિકલ્પો દ્વારા સાધુને માટે મન, વચન, કાયાથી પરક્રિયાનો નિષેધ કર્યો છે.

સાધુનું જીવન સંપૂર્ણ રીતે સ્વાવલંબી છે. સાધુ પોતાના કાર્યમાં ગૃહસ્થની અપેક્ષા રાખે, તો દોષોની પરંપરાનું સર્જન થાય છે, તેમજ ગૃહસ્થની સેવા લેવાથી સાધુની સુખશીલતાની ભાવના વધે છે. ગૃહસ્થ ભક્તિને વશ થઈને સાધુને શાતા ઉપજાવવાની ભાવનાથી ક્યારેક સાવદ્યક્રિયા પણ કરે છે. આ રીતે સાધુના મહાવ્રતમાં દોષ લાગે છે, તેથી સાધુ માટે ગૃહસ્થ દ્વારા થતી પરક્રિયાનો અહીં નિષેધ છે.

સાધકો પોતાની સાધનામાં દઢતા વધતાં ક્રમશઃ પર વસ્તુ કે પર વ્યક્તિની અપેક્ષાઓ છોડીને પરક્રિયાનો ત્યાગ કરીને સ્વમાં સ્થિર થતાં જાય છે. ધીરે ધીરે અધ્યાત્મ વિકાસ કરતાં ક્રમશઃ ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે અને ત્યારપછી યોગ નિરોધ કરી સંપૂર્ણપણે અક્રિય બનીને સિદ્ધ થાય છે.

❖❖❖❖❖

# તેરમું અધ્યયન

## પરક્રિયા સપ્તક

**પરક્રિયા :–**

**૧ परकिरियं अज्झत्थियं संसेइयं णो तं साइए, णो तं णियमे ।**

**શબ્દાર્થ :–परकिरियं** = પરક્રિયા **अज्झत्थियं** = પોતાના માટે કરાતી ક્રિયા **संसेइयं** = કર્મને ઉત્પન્ન કરનારી **तं** = તે ક્રિયાને **णो साइए** = મનથી પણ ઈચ્છે નહિ **णो णियमे** = નિયામક બને નહિ, નિયોજિત કરે નહીં અર્થાત્ વાણી અને કાયાથી કરાવે નહિ.

**ભાવાર્થ :–** ગૃહસ્થ દ્વારા પોતાના શરીર પર થતી કાય વ્યાપાર રૂપ ક્રિયા કર્મબંધનું કારણ છે, તેમ જાણી મુનિ તેને મનથી પણ ઈચ્છે નહિ, વચનથી કરવાનું કહે નહિ અને કાયાથી કરાવે પણ નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પરક્રિયા અને તેના પરિણામનું કથન છે.

पर–आत्मनो व्यतिरिक्तोऽन्यस्तस्य क्रिया–चेष्टा कायव्यापाररूपा तां परक्रियाम् । આત્માથી ભિન્ન હોય તે પર અને તેની ક્રિયા, પરક્રિયા કહેવાય છે. પ્રસ્તુત પ્રસંગમાં સ્વ એટલે સાધુ અને પર એટલે ગૃહસ્થ, આ અર્થનું ગ્રહણ થાય છે, તેથી સાધુના નિમિત્તે ગૃહસ્થ દ્વારા થતી ક્રિયાને **પરક્રિયા** કહી છે.

સાધુનું જીવન સંપૂર્ણ રીતે સ્વાવલંબી છે. તે પોતાની આવશ્યક પ્રત્યેક ક્રિયા સ્વયં યતનાપૂર્વક કરે છે. જો સાધુને માટે ગૃહસ્થ કોઈપણ ક્રિયા કરે, તો તે આરંભ-સમારંભપૂર્વક કે અયતનાપૂર્વક થાય તેવી સંભાવના છે. ગૃહસ્થની અપેક્ષાથી જીવન વ્યતીત કરતા સાધુ પરાધીન બની જાય છે. સાધુએ ગૃહસ્થ પાસે કામ કરાવવું હોય, તો તેને ગૃહસ્થની ખુશામત કરવી પડે છે. આ રીતે ગૃહસ્થ દ્વારા થતી ક્રિયાથી અનેક દોષોનું સેવન થાય છે, કર્મનો બંધ થાય છે, તેથી સાધુ ગૃહસ્થ દ્વારા થતી ક્રિયાની મન, વચન અને કાયાથી ઈચ્છા કરે નહીં.

**પાદ પરિકર્મ નિષેધ :–**

**२ सिया से परो पायाइं आमज्जेज्ज वा पमज्जेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ મુનિના પગને વસ્ત્રાદિથી થોડા પૂંજે કે વારંવાર સારી રીતે પોંજીને સાફ કરે, તો સાધુ તે પરક્રિયાને મનથી પણ ઈચ્છે નહિ અને તેની પ્રેરણા આપે નહીં અર્થાત્ વચનથી તેમ કરવા કહે નહીં અને કાયાથી કરાવે નહીં.

**३ सिया से परो पायाइं संबाहेज्ज वा पलिमद्देज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગનું સંમર્દન કરે અર્થાત્ દબાવે, વારંવાર દબાવે, તો સાધુ તે પરક્રિયાની મનથી પણ ઈચ્છા કરે નહિ, વચન અને કાયાથી કરાવે નહીં.

**४ सिया से परो पायाइं फुमेज्ज वा रएज्ज वा, णो तं साइए णो तं णियमे।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગને રંગતા પૂર્વે તેલ, પાણી લગાડી, તેને સૂકવવા ફૂંક મારે અર્થાત્ હવા નાંખે કે મહેંદી આદિથી રંગે, તો સાધુ તેને મનથી ઈચ્છે નહિ તથા વચન અને કાયાથી કરાવે નહિ.

**५ सिया से परो पायाइं तेल्लेण वा घएण वा णवणीए वा वसाए वा मक्खेज्ज वा भिलिंगेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**શબ્દાર્થ :–** **मक्खेज्ज** = એકવાર ઘસવું **भिलिंगेज्ज** = વારંવાર ઘસવું, માલિશ કરવું,

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગને તેલ, ઘી, નવનીત કે સ્નિગ્ધ પદાર્થ ઘસીને લગાવે કે માલિશ કરે, તો સાધુ તેને મનથી ઈચ્છે નહિ તથા વચન અને કાયાથી કરાવે નહિ.

**६ सिया से परो पायाइं लोद्धेण वा कक्केण वा चुण्णेण वा वण्णेण वा उल्लोलेज्ज वा उव्वलेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**શબ્દાર્થ :–** **लोद्धेण** = લોધ્રકથી **कक्केण** = કર્ક, સુગંધિત દ્રવ્યથી **चुण्णेण** = કેસર, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્યોના ચૂર્ણથી **वण्णेण** = અબીલ, ગુલાલ આદિ વર્ણથી **उल्लोलेज्ज** = ઉબટન-સ્નાન પૂર્વે પીઠી વગેરે સુગંધી દ્રવ્યો શરીરે ચોપડવા **उव्वलेज्ज** = લેપ કરે.

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગને લોધ્રના ચૂર્ણથી, કર્ક-સુગંધિત દ્રવ્યથી, કેસર, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્યોના ચૂર્ણથી અથવા અબીલ, ગુલાલ આદિ વર્ણ(પદાર્થ)થી ઉબટન કરે કે લેપ કરે, તો સાધુ તેને મનથી ઈચ્છે નહિ અને વચન તેમજ કાયાથી કરાવે નહિ.

**७ सिया से परो पायाइं सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा पधोएज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગને ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે બહુવાર ધુએ, તો સાધુ તેને મનથી ઈચ્છે નહિ અને વચન તેમજ કાયાથી કરાવે નહિ.

**८ सिया से परो पायाइं अण्णयरेण विलेवणजाएण आलिंपेज्ज वा विलिंपेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગને કોઈ પણ પ્રકારના વિલેપન દ્રવ્યોથી એક વાર કે વારંવાર મસળે, તો સાધુ તેને મનથી ઈચ્છે નહીં તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**९ सिया से परो पायाइं अण्णयरेण धूवणजाएणं धूवेज्ज वा पधूवेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગને કોઈ પણ પ્રકારના વિશિષ્ટ ધૂપથી ધૂપિત કરે કે વારંવાર ધૂપિત કરે અર્થાત્ સુગંધિત પદાર્થથી સુવાસિત કરે, તો સાધુ તેને મનથી ઇચ્છે નહીં અને વચનથી, કાયાથી કરાવે નહિ.

**૧૦ सिया से परो पायाओ खाणुयं वा कंटयं वा णीहरेज्ज वा विसोहेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**શબ્દાર્થ :–खाणुयं** = ઠૂંઠું **कंटयं** = કાંટાને **णीहरेज्ज** = કાઢે **विसोहेज्ज** = સાફ કરે.

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગમાં વાગેલા ઠૂંઠા કે કાંટાને કાઢે કે તેને સાફ કરે તો સાધુ તેને મનથી ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૧ सिया से परो पायाओ पूयं वा सोणियं वा णीहरेज्ज वा विसोहेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના પગમાંથી(ગૂમડાં વગેરેમાંથી) લોહી કે પરુ આદિને કાઢે, સાફ કરે, શુદ્ધ કરે, તો સાધુ તેને મનથી ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને ગૃહસ્થ દ્વારા કરાતી પરિકર્મ-ક્રિયાઓને સ્વીકારવાનો નિષેધ છે. સાધુના પગ ધોવા, સાફ કરવા, દબાવવા, માલિશ કરવું, કાંટો કાઢવો વગેરે પગ સંબંધિત પરિકર્મ સાધુએ ગૃહસ્થ પાસે કરાવવા કલ્પતા નથી. નિશીથ સૂત્રના પંદરમા ઉદ્દેશકમાં તે ક્રિયાઓનું પ્રાયશ્ચિત કહ્યું છે.

ગૃહસ્થ દ્વારા આ પ્રકારની પરિચર્યા લેવામાં નિમ્નોક્ત દોષોની સંભાવના છે. (૧) ગૃહસ્થ આરંભ સમારંભ કરે (૨) સાધુની સ્વાવલંબીવૃત્તિ છૂટી જાય (૩) પરતંત્રતા, પરાપેક્ષિતા અને દીનતા આવી જાય (૪) કદાચ ગૃહસ્થ પરિચર્યાની કિંમત માગે તો અકિંચન સાધુ આપી શકતા નથી. (૫) લોકો સાધુની અવજ્ઞા કરે અને સાધુ પ્રતિ અશ્રદ્ધા પણ થાય છે.

**કાય પરિકર્મ નિષેધ :–**

**૧૨ सिया से परो कायं आमज्जेज्ज वा पमज्जेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ મુનિના શરીરને એકવાર કે વારંવાર લૂછે, સાફ કરે તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૩ सिया से परो कायं संबाहेज्ज वा पलिमद्देज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીરને એકવાર કે વારંવાર દબાવે તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૪ सिया से परो कायं तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा मक्खेज्ज वा अब्भंगेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર તેલ, ઘી, માખણ કે સ્નિગ્ધ પદાર્થો વગેરે ચોપડે, તેનું માલિશ કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૫ सिया से परो कायं लोद्धेण वा कक्केण वा, चुण्णेण वा वण्णेण वा उल्लोलेज्ज वा उव्वलेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ મુનિના શરીર પર લોધ્રક, સુગંધી દ્રવ્ય, ચૂર્ણ કે અબીલાદિ ચોળે, તેનો લેપ કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૬ सिया से परो कायं सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा पधोएज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીરને ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધુએ, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૭ सिया से परो कायं अण्णयरेणं विलेवणजाएणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ મુનિના શરીર પર એકવાર કે વારંવાર વિશિષ્ટ પ્રકારના વિલેપનનો લેપ કરે, તો તેને સાધુ મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**૧૮ सिया से परो कायं अण्णयरेण धूवणजाएण धूवेज्ज वा पधूवेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીરને કોઈપણ પ્રકારના ધૂપથી સુવાસિત કરે કે વારંવાર સુવાસિત કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ તેમજ વચન અને કાયાથી કરાવે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુના શરીરની ગૃહસ્થ વિવિધ પ્રકારે પરિચર્યા કરે, તો સાધુને તે ક્રિયાઓ કરાવવાનો નિષેધ કર્યો છે. કાય પરિકર્મ રૂપ પરિચર્યા ગૃહસ્થ પાસે કરાવવાથી પૂર્વોક્ત સર્વ દોષોની સંભાવના છે.

**વ્રણ પરિકર્મ નિષેધ :–**

**૧૯ सिया से परो कायंसि वणं आमज्जेज्ज वा, पमज्जेज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર ઉપર પડેલા ઘાવને એકવાર સાફ કરે કે વારંવાર સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૦ सिया से परो कायंसि वणं संबाहेज्ज वा, पलिमद्देज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર ઉપર પડેલા ઘાવને દબાવે કે સારી રીતે મસળે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૧ सिया से परो कायंसि वणं तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा मक्खेज्ज वा भिलिंगेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર ઉપર પડેલા ઘાવ ઉપર તેલ, ઘી, નવનીત કે અન્ય સ્નિગ્ધ પદાર્થો ઘસે કે ચોપડે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૨ सिया से परो कायंसि वणं लोद्धेण वा कक्केण वा चुण्णेण वा वण्णेण वा उल्लोलेज्ज वा उव्वलेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર ઉપર પડેલા ઘાવ ઉપર લોધ્રક, કર્ક-સુગંધી દ્રવ્ય, ચૂર્ણ કે અબીલાદિ વિલેપન દ્રવ્યોને લગાવે કે લેપ કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૩ सिया से परो कायंसि वणं सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेज्ज वा पधोवेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પરના ઘાવને ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધુએ, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૪ सिया से परो कायंसि वणं अण्णयरेणं विलेवण जाएणं आलिंपेज्ज वा, विलिंपेज्ज वा, णो तं साइए, णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પરના ઘાવને કોઈ પણ પ્રકારના વિલેપનોથી ચોળે, મસળે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહીં તથા વચન અને કાયાથી કરાવે નહીં.

**૨૫ सिया से परो कायंसि वणं अण्णयरेणं धूवणजाएणं धूवेज्ज वा पधूवेज्ज वा णो तं साइए, णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પરના ઘાવને કોઈ પણ પ્રકારના ધૂપથી ધૂપિત કરે કે સુવાસિત કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહીં તથા વચન અને કાયાથી કરાવે નહીં.

**૨૬ सिया से परो कायंसि वणं अण्णयरेणं सत्थजाएणं आच्छिंदेज्ज वा विच्छिंदेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પરના ઘાવની શસ્ત્રક્રિયા કરે કે વિશેષ રૂપથી શસ્ત્રક્રિયા કરે, તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૭ सिया से परो कायंसि वणं अण्णयरेणं सत्थजाएणं आच्छिंदित्ता वा विच्छिंदित्ता वा पूयं वा सोणियं वा णीहरेज्ज वा विसोहेज्ज वा णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર ઉપર પડેલા ઘાવનું શસ્ત્રથી છેદન કરી, વિશેષ રૂપથી છેદન કરી તેમાંથી પરુ કે લોહી કાઢે કે સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુના શરીર પર થયેલા ઘાવનું પરિકર્મ ગૃહસ્થ પાસે કરાવવાનો નિષેધ છે. સાધુની અહિંસા અને અપરિગ્રહની સાધનાને અખંડ રાખવાની દષ્ટિથી ગૃહસ્થ દ્વારા ચિકિત્સા કરાવવાનો સૂત્રકારે નિષેધ કર્યો છે. ચિકિત્સાના નિષેધના કારણો પાદ પરિકર્મ પ્રમાણે જાણવા.

**ગાંઠ–હરસ–ભગંદરાદિ પરિકર્મ નિષેધ :–**

**૨૮ सिया से परो कायंसि गंडं वा अरइयं वा पुलयं वा भगंदलं वा आमज्जेज्ज वा, पमज्जेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**શબ્દાર્થ :–** गंडं = ગૂમડું अरइयं = અળાઈઓ, ફોડકી पुलयं = હરસ भगंदलं = ભગંદરને.

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં, ફોડકી અથવા હરસ કે ભગંદર વગેરેને એકવાર કે વારંવાર સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૨૯ सिया से परो कायंसि गंडं वा अरइयं वा पुलयं वा भगंदलं वा संबाहेज्ज वा, पलिमद्देज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં, ફોડકી અથવા હરસ(મસા) કે ભગંદરને દબાવે કે મસળે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૦ सिया से परो कायंसि गंडं वा *जाव* भगंदलं वा तेल्लेण वा घएण वा णवणीएण वा वसाए वा मक्खेज्ज वा भिलिंगेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં ***યાવત્*** ભગંદર ઉપર તેલ, ઘી, નવનીત કે સ્નિગ્ધ પદાર્થ ચોપડે, માલિશ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૧ सिया से परो कायंसि गंडं वा *जाव* भगंदलं वा लोद्धेण वा कक्केण वा चुण्णेण वा वण्णेण वा उल्लोलेज्ज वा उव्वलेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં ***યાવત્*** ભગંદર ઉપર લોધ્રક, કર્ક– કેસર, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્યોનો ચૂર્ણ કે અબીલ, ગુલાલ આદિ પદાર્થોનો થોડો પણ લેપ કરે, વધારે લેપ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૨ सिया से परो कायंसि गंडं वा *जाव* भगंदलं वा सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलेज्ज वा पधोवेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં ***યાવત્*** ભગંદરને ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર ધુએ, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૩ सिया से परो कायंसि गंडं वा** *जाव* **भगंदलं वा अण्णयरेणं सत्थजाएणं आच्छिंदेज्ज वा, विच्छिंदेज्ज वा णो तं साइए, णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં ***યાવત્*** ભગંદરનું શસ્ત્રથી છેદન કરે, વિશેષરૂપે છેદન કરે, તો સાધુ તેને મનથી ઈચ્છે નહીં અને વચન તથા કાયાથી કરાવે નહીં.

**૩૪ सिया से परो कायंसि गंडं वा** *जाव* **भगंदलं अण्णयरेणं सत्थजाएणं आच्छिंदित्ता वा विच्छिंदित्ता वा पूयं वा सोणियं वा णीहरेज्ज वा विसोहेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીર પર થયેલા ગૂમડાં ***યાવત્*** ભગંદરની શસ્ત્રક્રિયા કરે, શસ્ત્ર વિશેષથી છેદન કરીને પરુ કે લોહી કાઢી તેને સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**અંગ પરિકર્મ નિષેધ :–**

**૩૫ सिया से परो कायाओ सेयं वा जल्लं वा णीहरेज्ज वा विसोहेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**શબ્દાર્થ :–** सेयं = સ્વેદ, પરસેવો जल्लं = મેલ સહિતનો પરસેવો.

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના શરીરમાંથી નીકળતા પસીનાને કે મેલ સહિતના પસીનાને લૂછે, સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૬ सिया से परो अच्छिमलं वा कण्णमलं वा दंतमलं वा णहमलं वा णीहरेज्ज वा विसोहेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુની આંખનો મેલ, કાનનો મેલ, દાંતનો મેલ કે નખનો મેલ કાઢે કે સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૭ सिया से परो दीहाइं वालाइं, दीहाइं रोमाइं, दीहाइं भमुहाइं, दीहाइं कक्खरोमाइं, दीहाइं वत्थिरोमाइं, कप्पेज्ज वा संठवेज्ज वा णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના લાંબા વાળને, લાંબી રૂંવાટીને, લાંબી ભ્રમરને, લાંબા કાખના વાળ ને કે લાંબા ગુહ્ય ભાગના વાળને કાપે, સમારે–ઠીક કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**૩૮ सिया से परो सीसाओ लिक्खं वा जूयं वा णीहरेज्ज वा विसोहेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુના માથામાંથી જૂ, લીખ કાઢે કે મસ્તક સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

**પરિચર્યારૂપ પરક્રિયા નિષેધ :–**

**૩૯** **सिया से परो अंकंसि वा पलियंकंसि वा तुयट्टावेत्ता पायाइं आमज्जेज्ज वा पमज्जेज्ज वा, णो तं साइए णो तं णियमे । एवं हेट्ठिमो गमो पायादि भाणियव्वो ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુને પોતાના ખોળામાં કે પલંગમાં સુવડાવીને તેના પગને વસ્ત્રાદિથી એકવાર કે વારંવાર સારી રીતે લૂછીને સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ. ' 'પગને દબાવવાથી લઈને પરુ, લોહી આદિ કાઢીને સાફ કરે'' ત્યાં સુધીના સર્વ પાઠનું કથન કરવું અર્થાત્ પૂર્વોક્ત એક પણ ક્રિયાને સાધુ મનથી ઈચ્છે નહિ અને વચનથી તથા કાયાથી કરાવે નહિ.

**૪૦** **सिया से परो अंकंसि वा पलियंकंसि वा तुयट्टावेत्ता हारं वा अद्धहारं वा उरत्थं वा गेवेयं वा मउडं वा पालंबं वा सुवण्णसुत्तं वा आविंधेज्ज वा पिणिधेज्ज वा, णो तं साइए णो तं णियमे ।**

**શબ્દાર્થ :–** **आविंधेज्ज** = બાંધે **पिणिधेज्ज** = પહેરાવે તો.

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુને પોતાના ખોળામાં કે પલંગમાં સુવડાવીને હાર–અઢાર સરનો હાર, અર્ધહાર–નવ સરનો હાર , વક્ષસ્થળનું આભૂષણ, ગળાનું આભૂષણ, મુકુટ, લાંબી માળા, સોનાનો કંદોરો વગેરે બાંધે કે પહેરાવે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ તથા વચન અને કાયાથી કરાવે નહિ.

**૪૧** **सिया से परो आरामंसि वा उज्जाणंसि वा णीहरित्ता वा पविसेत्ता वा पायाइं आमज्जेज्ज वा, पमज्जेज्ज वा णो तं साइए णो तं णियमे । एवं हेट्ठिमो गमो पायादि भाणियव्वो ।**

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ સાધુને ઉપવન કે ઉદ્યાનમાં લઈ જઈને, તેમાં પ્રવેશ કરાવીને તેના પગ લૂછે કે વારંવાર સારી રીતે લૂછીને સાફ કરે, તો સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ તથા વચન અને કાયાથી કરાવે નહિ. આ રીતે અંક–પલિયંકની જેમ ઉપવન, ઉદ્યાનના વિષયમાં પૂર્વોક્ત ''પગને દબાવવાથી લઈને પરુ, લોહી આદિ કાઢીને સાફ કરે'' ત્યાં સુધીના સર્વ પાઠનું કથન કરવું.

**૪૨** **सिया से परो सुद्धेणं वा वइबलेणं तेइच्छं आउट्टे, सिया से परो असुद्धेणं वइबलेणं तेइच्छं आउट्टे, सिया से परो गिलाणस्स सचित्ताणि कंदाणि वा मूलाणि वा तयाणि वा हरियाणि वा खणित्तु वा कड्ढेत्तु कड्ढावेत्तु वा तेइच्छं आउट्टेज्जा, णो तं साइए णो तं णियमे ।**

**कडुवेयणा कट्टु वेयणा पाण-भूय-जीव-सत्ता वेयणं वेदेंति ।**

**શબ્દાર્થ :–** **सुद्धेणं** = શુદ્ધ **वइबलेणं** = મંત્રાદિના બળથી **तेइच्छं** = ચિકિત્સા, **आउट्टे** = કરવા ઈચ્છે **खणित्तु** = ખોદીને **कड्ढेत्तु** = કાઢીને **कड्ढावेत्तु** = કઢાવીને.

**ભાવાર્થ :–** કોઈ ગૃહસ્થ શુદ્ધ મંત્રબળથી અથવા અશુદ્ધ મંત્રબળથી સાધુના વ્યાધિની ચિકિત્સા કરવા ઇચ્છે, તે ગૃહસ્થ રોગી સાધુની ચિકિત્સા માટે સચેત કંદ, મૂળ, છાલ કે લીલોતરીને જમીનમાંથી ખોદીને કે ખેંચીને, બહાર કાઢીને કે બીજા પાસે કઢાવીને ચિકિત્સા કરવા ઇચ્છે તો સાધુ તેને મનથી પણ ઇચ્છે નહિ અને વચન તથા કાયાથી કરાવે નહિ.

જો સાધુના શરીરમાં અસહ્ય વેદના થાય તો તે સમભાવપૂર્વક સહન કરે અને વિચારે કે સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વ પોતાના કરેલા અશુભ કર્મો પ્રમાણે આ પ્રકારની અસહ્ય વેદનાનો અનુભવ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને માટે વિવિધ પરિચર્યારૂપ પરક્રિયાનો નિષેધ કર્યો છે.

તેમાં મુખ્ય રૂપે છ પ્રકારની પરિચર્યાનો નિષેધ કર્યો છે– (૧) સામાન્ય રૂપે ગૃહસ્થ સાધુના પગ લૂછે (૨) ગૃહસ્થ સાધુને પોતાના ખોળામાં કે પલંગમાં બેસાડી, સુવડાવી, તેના પગને લૂછે–સાફ કરે (૩) આભૂષણો પહેરાવીને સાધુને સુસજ્જિત કરે (૪)બગીચાદિમાં લઈ જઈને પગ દબાવવા રૂપ પરિચર્યા કરે (૫) શુદ્ધ કે અશુદ્ધ મંત્રબળથી રોગી સાધુની ચિકિત્સા કરે (૬) સચેત કંદ, મૂળ આદિ ઉખેડીને કે ખોદીને ચિકિત્સા કરે.

ગૃહસ્થ દ્વારા સાધુને ખોળામાં કે પલંગમાં બેસાડવાથી કે સુવડાવવાથી સાધુને રતિક્રિયાની ભાવના થાય છે. આભૂષણોથી સુસજ્જિત કરવાથી પણ તેના અંતરમાં વિકાર ભાવ જાગૃત થાય છે. શુદ્ધ-અશુદ્ધ મંત્રોથી ચિકિત્સા કરાવવી તે પણ સાધક જીવનમાં યોગ્ય નથી. ઉપરોક્ત સર્વ ક્રિયા સાધુના સંયમનો નાશ કરનાર છે તેથી સાધુએ આ પ્રકારની મોહક, કામોત્તેજક, પ્રલોભનકારી ક્રિયાથી દૂર રહેવું જોઈએ.

સાધકે સર્વ પ્રકારની અનુકૂળતા કે પ્રતિકૂળતાને કર્મ સિદ્ધાંતની સમજણના આધારે એકાકી પણે જ સ્વીકારવાની હોય છે.

**कडुवेयणा....वेदंति :–** સાધુએ શરીરના પરિકર્મથી રહિત થવું જોઈએ કારણ કે ઘણીવાર ચિકિત્સા કરાવવા છતાં વેદના અનુભવવી પડે છે, તેમાં પૂર્વકૃત કર્મ કારણ છે. અશાતાના ઉદયમાં ઉપચાર કરવા-કરાવવાથી બીજાને કષ્ટ થાય છે. ઔષધ તૈયાર કરવામાં ક્યારેક જીવ વિરાધના થાય છે. તે જીવોને દુઃખ આપવાથી ભવિષ્યમાં તેનું ફળ ભોગવવું પડે છે. કર્મનું ફળ સમભાવ પૂર્વક સહન કરવાથી નવા કર્મો બંધાતા નથી અને ઉદિત કર્મનો ક્ષય થાય છે. તે આત્મા ભવિષ્યમાં કર્મથી મુક્ત થઈ જાય છે. વર્તમાનનું દુઃખ મારા પૂર્વકૃત કર્મોનું જ પરિણામ છે, આ પ્રકારની વિચારણાથી સાધુ મનને શાંત રાખે.

સામાન્ય રીતે ચિકિત્સા ન કરાવવી, તે સર્વ સાધુઓનો આદર્શ આચાર છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સાધુને પ્રાપ્ત બાવીસ પરીષહોનું વર્ણન છે. બાવીસ પરિષહમાં રોગ નામના પરીષહને સમભાવથી સહન કરવા માટે સાધુ પ્રાયઃ ચિકિત્સા કરાવતા નથી અને શ્રી જ્ઞાતા સૂત્રમાં શૈલક રાજર્ષિની ચિકિત્સા કરાવવાનો ઉલ્લેખ છે. પરસ્પર વિરોધી આ બંને આગમિક વિધાનોને વિચારતાં સ્પષ્ટ થાય છે કે સાધુ પોતાની ક્ષમતાનો વિચાર કરીને યથાશક્ય ચિકિત્સા કરે નહીં કે કરાવે નહીં, ના છૂટકે કરવી કે કરાવવી પડે, તો ચિકિત્સાનો સ્વીકાર કરી શકે છે. આ રીતે સ્થવિર કલ્પી સાધુ માટે વૈકલ્પિક ઉત્સર્ગ અને અપવાદ માર્ગના આચરણની જિનાજ્ઞા છે, તેમ સમજવું જોઈએ. જિનકલ્પી કે પડિમાધારી આદિ વિશિષ્ટ સાધક અપવાદ રૂપે પણ ચિકિત્સાની કે શરીર પરિકર્મની અપેક્ષા રાખતા નથી.

સંક્ષેપમાં સામાન્ય સાધુ-સાધ્વી સ્વયં પોતાની સાધનાને સમજીને પૂર્વકૃત કર્મોને સમભાવથી સહન કરે છે અને અનિવાર્ય પરિસ્થિતિમાં નિર્દોષ ઉપચાર કરે છે.

**सुद्धेण असुद्धेण वइबलेण :–** શુદ્ધ-અશુદ્ધ વચનબળ–મંત્રપ્રયોગ. ચિકિત્સા માટે મંત્ર પ્રયોગ સમયે પાણી, અગ્નિ આદિ છકાય જીવોની વિરાધના રૂપ સાવદ્ય પ્રયોગો કરવા પડે, તે **અશુદ્ધ મંત્ર પ્રયોગ** છે અને જે મંત્ર પ્રયોગ સમયે કોઈ પણ સાવદ્ય ક્રિયા કરવામાં ન આવે, તે **શુદ્ધ મંત્ર પ્રયોગ** છે. સાધુ શુદ્ધ કે અશુદ્ધ કોઈપણ મંત્ર પ્રયોગથી ચિકિત્સા કરે નહીં કે કરાવે નહીં. અહીં સંપૂર્ણ ઉદ્દેશકમાં સાધુ માટે આદર્શ માર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમ છતાં સ્થવિરકલ્પી સાધુ અપવાદિક પરિસ્થિતિમાં ક્યારેક વ્યવહાર સૂત્ર, ઉદ્દેશક–પ પ્રમાણે મંત્ર ચિકિત્સા કરાવે તો તેને કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

**णो आलिंपेज्ज–विलिंपेज्ज :–** એક વાર કે અનેક વાર લેપ ન કરે. ગુણની અપેક્ષાએ 'આલેપ'ના ત્રણ પ્રકાર છે– (૧) વેદનાને શાંત કરનાર (૨) ગૂમડાં વગેરેને પકાવનાર (૩) પરું વગેરે કાઢનાર.

**अच्छिंदणं**– એક વાર છેદ કરવો અથવા થોડો છેદ કરવો. **विच्छिंदणं**– અનેક વાર છેદ કરવો અથવા સારી રીતે છેદ કરવો.

**ઉપસંહાર :–**

**૪૩ एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं सहिए समिए सया जए, सेयमिणं मण्णेज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પરક્રિયાથી વિરતિ સાધુ કે સાધ્વીના આચારની સમગ્રતા–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**॥ તેરમું અધ્યયન સંપૂર્ણ ॥**

# ચૌદમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **અન્યોન્ય ક્રિયા સપ્તક** છે.

એક સાધુ અન્ય સાધુની અથવા એક સાધ્વી અન્ય સાધ્વીની સેવા કે પરિચર્યા કરે, તે અન્યોન્યક્રિયા કહેવાય છે. આ અધ્યયનમાં તેવા પ્રકારની અન્યોન્યક્રિયાનો નિષેધ કર્યો છે, માટે આ અધ્યયનનું નામ 'અન્યોન્યક્રિયા' છે.

સાધકના જીવનમાં અન્યોન્યક્રિયાની વૃત્તિ જેટલી વધારે તેટલો તે સાધક પરાવલંબી, પરાશ્રયી, પરાપેક્ષી અને દીન, હીન બની જાય છે.

સાધુ જીવનમાં તેજસ્વિતા, સ્વાવલંબિતા તેમજ સ્વાશ્રયિતા લાવવા માટે આગમોમાં 'સહાય પ્રત્યાખ્યાન' અને 'સંભોગ પ્રત્યાખ્યાન'નું કથન છે.

સહાયના પ્રત્યાખ્યાનથી અલ્પશબ્દ, અલ્પકલહ, અલ્પ પ્રપંચ, અલ્પ કષાય, અલ્પાહંકારી બની સાધક સંયમ અને સંવરની બહુલતાને પ્રાપ્ત કરે છે. – *(ઉત્તરાધ્યયન અધ્યયન–૨૯, સૂત્ર–૪૦ તથા ૩૩.)*

સંભોગ પ્રત્યાખ્યાનથી સાધક આલંબનનો ત્યાગ કરીને નિરાલંબી બની મન, વચન, કાયાને આત્મસ્થિત કરે છે. પોતાના લાભમાં સંતુષ્ટ રહે છે, બીજા દ્વારા થતાં લાભની ઈચ્છા કરતા નથી, પરલાભની અપેક્ષા રાખતા નથી, તેની પ્રાર્થના કે ઈચ્છા કરતા નથી, તેથી સાધુઓએ પોતાના સાધર્મી સાધુઓ પાસે તથા સાધ્વીઓએ પોતાના સાધર્મી સાધ્વીઓ પાસે કોઈ પણ પ્રકારની શરીરના અવયવ સંબંધી પરિચર્યા એટલે અન્યોન્ય ક્રિયા મન, વચન, કાયાથી કરાવવી જોઈએ નહીં.

આ અધ્યયનનું કથન સૂત્રકારે તેરમા 'પરક્રિયા' અધ્યયનના અતિદેશપૂર્વક કર્યું છે, તેથી પરક્રિયા અધ્યયનમાં ચરણ પરિકર્મ, કાય પરિકર્મ, વ્રણ પરિકર્મ, અર્શ–ભગંદર આદિ સંબંધિત પરિકર્મનું કથન (૧) સામાન્ય રીતે (૨) અંક–પલિયંકમાં બેસાડીને (૩) આભૂષણો પહેરાવીને (૪) બગીચામાં લઈ જઈને (૫) શુદ્ધ-અશુદ્ધ મંત્ર પ્રયોગ કરીને અને (૬) સચેત કંદ, મૂળ ઉખેડીને પરિચર્યા કરવા રૂપે છે. તે સર્વ વિકલ્પો આ અધ્યયનમાં અન્યોન્ય ક્રિયા રૂપે જાણવા જોઈએ.

❖❖❖❖❖

# ચૌદમું અધ્યયન

## અન્યોન્યક્રિયા સપ્તક

**અન્યોન્ય ક્રિયા નિષેધ :–**

**१ से भिक्खू वा भिक्खुणी वा अण्णमण्णकिरियं अज्झत्थियं संसेइयं णो तं साइए णो तं णियमे ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વીની અન્યોન્યક્રિયા(પરસ્પર પાદ પ્રમાર્જનાદિ રૂપ સમસ્ત ક્રિયા) કર્મબંધનું કારણ છે, તેમ જાણીને સાધુ તેને મનથી પણ ઈચ્છે નહિ અને વચન તથા કાયાથી તે ક્રિયા કરવા પ્રેરિત કરે નહિ.

**२ से अण्णमण्णं पायाइं आमज्जेज्ज वा पमज्जेज्ज वा, णो तं साइए णो तं णियमे, सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** સાધુ કે સાધ્વી(કારણ વિના) પરસ્પર એક બીજાના પગને લૂછી, એકવાર કે વારંવાર સારી રીતે સાફ કરે, તો સાધુ કે સાધ્વી તેને મનથી પણ ઈચ્છે નહિ તેમજ વચન અને કાયાથી તેમ કરવાની પ્રેરણા આપે નહિ. આ અધ્યયનનું શેષ સંપૂર્ણ વર્ણન તેરમા અધ્યયન પ્રમાણે જાણવું જોઈએ.

**३ एवं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं । जं सव्वट्ठेहिं समिए सहिए सया जएज्जासि । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ અન્યોન્યક્રિયાનો ત્યાગ, તે સાધુ કે સાધ્વીના આચારની સામગ્રી–સંયમ સમાચારી છે. તેનું પૂર્ણપણે પાલન કરતા સાધુ-સાધ્વીઓએ સમિતિયુક્ત અને જ્ઞાનાદિથી સંપન્ન થઈને હંમેશાં સંયમ પાલનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે પરક્રિયાના અતિદેશપૂર્વક અન્યોન્ય ક્રિયાનો નિષેધ કર્યો છે.

પરસ્પર બે સાધુ કે પરસ્પર બે સાધ્વીઓ એક બીજાની પરિચર્યા કરે, તે **અન્યોન્યક્રિયા** છે.

**अण्णमण्णकिरियं :–** સાધુને માટે ગૃહસ્થ દ્વારા પોતાની કોઈ પણ ક્રિયા કરાવવાનો નિષેધ તેરમા અધ્યયનમાં છે. તે જ રીતે અન્યોન્ય અર્થાત્ સહવર્તી સાધુઓએ પણ પરસ્પર પગ દબાવવા, માલિશ કરવું વગેરે ક્રિયા આવશ્યકતા વિના કરાવવી ન જોઈએ. આ સર્વ ક્રિયાઓ દેહરાગનું પોષણ કરે છે, સાધુની સુખશીલતા વધે છે, સહન શક્તિ ઘટે છે, સ્વાધ્યાય-ધ્યાનનો અમૂલ્ય સમય દેહરાગમાં જ વ્યતીત થઈ જાય છે.

સાધુની સાધના સ્વતંત્ર છે. તે ગચ્છમાં સર્વ સાધર્મિક સાધુઓની સાથે રહે તેમ છતાં સહવર્તી સર્વ સાધુઓની સર્વ અપેક્ષાઓ છોડીને સ્વમાં સ્થિર થવાના લક્ષે જ પુરુષાર્થ કરે છે.

અન્યોન્ય ક્રિયા સાપેક્ષ છે. 'હું તારી સેવા કરું છું, તું મારી સેવા કરજે.' આ પ્રકારના વ્યવહારમાં ક્યારેક અપેક્ષા પૂર્ણ ન થતાં રાગ-દ્વેષ થાય છે, ક્યારેક પરસ્પરનો અનુરાગ વધી જવાથી સજાતીય વિકાર ભાવ જાગૃત થાય, સુખશીલતા વધી જાય, સ્વાધ્યાય-ધ્યાનમાં સ્ખલના થાય ઈત્યાદિ દોષોના કારણે અહીં પર ક્રિયાની જેમ **અન્યોન્ય ક્રિયાનો** પણ નિષેધ છે.

તેમ છતાં ગુરુકુલવાસી સાધર્મિક સાધુઓ ગ્લાન, વૃદ્ધ, તપસ્વી, નવદીક્ષિત સાધુની અગ્લાનભાવે સેવા કરી શકે છે. સ્થવિરકલ્પી સાધુઓ આવશ્યકતા પ્રમાણે પરસ્પર સેવા શુશ્રૂષાનો ભાવ રાખે. આ પ્રકારનો સાધુ જીવનનો આચાર છે.

પ્રસ્તુત પ્રસંગમાં વૃદ્ધત્વ, અશક્તિ કે બીમારી આદિ કોઈ પણ કારણ વિના કેવળ શોખથી, અભિમાનથી, આદતથી, મોટાઈ બતાવવાના દષ્ટિકોણથી, બીજાના આગ્રહ કે મોહ ભાવથી તેમજ વિભૂષા વૃત્તિથી પગ દબાવવા વગેરે અનેકાનેક ક્રિયાઓનો સૂત્રકારે નિષેધ કર્યો છે. તેમ છતાં સહવર્તી સાધુઓની સંયમ સાધનામાં સહાયક બનવાની એક માત્ર ભાવનાથી નિસ્પૃહ ભાવે સાધુ કે સાધ્વી પરસ્પર સેવા કરી શકે છે.

એકાકી રહેનાર જિનકલ્પી અથવા પ્રતિમા સંપન્ન અણગારો માટે અન્યોન્ય ક્રિયાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી, તેથી પ્રસ્તુત સૂત્રનો સંબંધ ગચ્છવાસી **સ્થવિર કલ્પી** સાધુઓ માટે જ છે.

## ॥ ચૌદમું અધ્યયન સંપૂર્ણ ॥

# પંદરમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'ભાવના' છે.

સાધુજીવન માટે ભાવના મહત્ત્વપૂર્ણ અને સશક્ત નાવ છે. **भावाणा जोगसुद्धप्पा जले नावा व आहिया ।** *–(સૂત્રકૃતાંગ શ્રુ.૧. અધ્ય. ૧૫. ગાથા.૫)* મોક્ષમાર્ગનો મુસાફર ભાવનાની નાવ દ્વારા મોક્ષયાત્રાની મુસાફરી નિર્વિઘ્નતાથી પાર કરી શકે છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આદિ અનુષ્ઠાનો સાથે ભાવના જોડાઈ જાય, ત્યારે સાધક ઉત્સાહ, શ્રદ્ધા અને સંવેગ સાથે સાધનાના રાજમાર્ગ ઉપર ગતિ, પ્રગતિ કરી શકે છે. જો સાધકનું ચિત્ત ભાવનાથી ભાવિત ન હોય તો વિઘ્ન, પરીષહ, ઉપસર્ગ કે કષ્ટ આવે ત્યારે જ્ઞાનાદિની સાધનાથી ચલિત થઈ જાય છે. સાધક ભાવનાની અનિવાર્યતાને સ્વીકારીને પોતાના ચિત્તને પ્રશસ્ત ભાવનાથી ભાવિત કરે છે, જેથી તે પોતાની સાધનાથી ચ્યુત થાય નહિ.

ભાવનાના બે પ્રકાર છે– પ્રશસ્ત ભાવના અને અપ્રશસ્ત ભાવના. જીવહિંસા, મૃષાવાદ આદિ પાપ સેવનની વિચારધારા અથવા ક્રોધાદિ કષાયોથી કલુષિત વિચારધારા, તે **અપ્રશસ્ત ભાવના** છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વૈરાગ્ય આદિમાં લીનતા થવી, તે **પ્રશસ્તભાવના** છે.

તીર્થંકરોના ગુણો તથા પ્રવચનોનું બહુમાન, યુગપ્રધાન આચાર્યો તથા અતિશય ઋદ્ધિમાન તેમજ લબ્ધિવાન મુનિઓ, ચૌદ પૂર્વધારી, કેવળજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની આદિ મુનિવરોના દર્શન, તેઓના ઉપદેશનું શ્રવણ, ગુણોત્કીર્તન, સ્તવન આદિ કરવું, તે **દર્શનભાવના** છે કારણ કે તેનાથી દર્શનની વિશુદ્ધિ થાય છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, બંધ, અને બંધના કારણો, બંધનું ફળ, નિર્જરા અને મોક્ષ તત્ત્વનું જ્ઞાન કરવું, આગમનો સ્વાધ્યાય કરવો, વાચના લેવી-આપવી, જિનેશ્વરના પ્રવચનાદિનું ચિંતન કરવું, જ્ઞાનના વિકાસ માટે અભ્યાસમાં લીન બનવું, તેના માટે પુરુષાર્થ કરવો, તે **જ્ઞાનભાવના** છે.

અહિંસાદિ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશવિધ યતિધર્મ, પાંચ આચાર, નિયમોપનિયમ વગેરેના પાલનની ભાવના કરવી, તે **ચારિત્રભાવના** છે.

બાહ્ય–આભ્યંતર તપનો સ્વીકાર કરી મારા દિવસને ધન્ય કરું-સફળ કરું, તેવી ભાવના કરવી તેમજ તપ માટે અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્રાદિનો વિચાર કરવો, તે **તપભાવના** છે.

સાંસારિક સુખ પ્રત્યે વિરક્તિરૂપ ભાવના તે **વૈરાગ્યભાવના** છે.

કર્મબંધ જનક પ્રમાદનું આચરણ ન કરવું, તે **અપ્રમાદ ભાવના** છે.

તે જ રીતે અનિત્યાદિ ૧૨ ભાવનાઓ પણ વૈરાગ્યભાવની પ્રાપ્તિમાં કારણભૂત બને છે.

પ્રસ્તુત અધ્યયનના પૂર્વાર્દ્ધમાં દર્શનભાવનાને પુષ્ટ કરવા માટે આસન્નોપકારી ભગવાન મહાવીર સ્વામીના ચ્યવનથી લઈને કેવળજ્ઞાન પ્રાપ્તિ પર્યંતના જીવનચરિત્રનું નિરૂપણ કર્યું છે. ઉત્તરાર્દ્ધમાં ચારિત્રભાવનાને પુષ્ટ કરવા પાંચ મહાવ્રત અને તેની પચીસ ભાવનાઓનું વર્ણન કર્યું છે.

આ રીતે આ અધ્યયન દ્વારા સાધકોને ભગવાનના જીવનચરિત્રના માધ્યમથી સાધનાનો માર્ગ સાદ્યંત સ્પષ્ટ થઈ જાય છે.

❖❖❖❖❖

# પંદરમું અધ્યયન

## ભાવના

**ભગવાન મહાવીર સ્વામીના પાંચ કલ્યાણક નક્ષત્ર :–**

**૧** **तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे पंचहत्थुत्तरे यावि होत्था– हत्थुत्तराहिं चुए चइत्ता गब्भं वक्कंते । हत्थुत्तराहिं गब्भाओ गब्भं साहरिए । हत्थुत्तराहिं जाए । हत्थुत्तराहिं सव्वाओ सव्वत्ताए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए । हत्थुत्तराहिं कसिणे पडिपुण्णे अव्वाघाए णिरावरणे अणंते अणुत्तरे केवलवरणाणदंसणे समुप्पण्णे । साइणा भगवं परिणिव्वुए ।**

**શબ્દાર્થ :–** **पंचहत्थुत्तरे यावि होत्था** = પાંચ પ્રસંગો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થયા **हत्थुत्तराहिं चुए** = ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં દેવલોકથી ચ્યવન થયું **चइत्ता** = ચ્યવીને **गब्भं वक्कंते** = ગર્ભમાં ઉત્પન્ન થયા **कसिणे** = સંપૂર્ણ **पडिपुण्णे** = પ્રતિપૂર્ણ **अव्वाघाए** = વ્યાઘાત રહિત **साइणा** = સ્વાતિ નક્ષત્રમાં **परिणिव्वुए** = મોક્ષને પ્રાપ્ત થયા.

**ભાવાર્થ :–** તે કાલે–અવસર્પિણ કાળમાં, તે સમયે–ચોથા આરાના ૭૫ વર્ષ અને ૮ાા માસ શેષ રહ્યા ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જીવનની પાંચ વિશિષ્ટ ઘટનાઓ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થઈ, જેમ કે– ભગવાન મહાવીર સ્વામી ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ગર્ભથી ગર્ભાંતરરૂપ સંહરણ થયું, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ભગવાનનો જન્મ થયો. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જ ભગવાન અગાર ધર્મનો તથા સર્વસ્વનો સંપૂર્ણ રીતે ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ભગવાનને સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, નિર્વ્યાઘાત, નિરાવરણ, અનંત અને અનુત્તર શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થયું. ભગવાન સ્વાતિ નક્ષત્રમાં નિર્વાણ પામ્યાં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જીવનની વિશિષ્ટ ઘટનાઓના નક્ષત્રોનું નિરૂપણ છે.

**તીર્થંકરોના જન્માદિ પ્રસંગો :–** તીર્થંકરોના જીવનમાં મહત્ત્વપૂર્ણ અનેક ઘટનાઓ હોય છે, પરંતુ શ્રી ઠાણાંગસૂત્રના પાંચમા સ્થાનમાં તીર્થંકરોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને નિર્વાણ, આ પાંચ પ્રસંગોને વિશિષ્ટ ઘટના રૂપે ગ્રહણ કરવામાં આવ્યા છે. ગ્રંથકારો આ પાંચે વિશિષ્ટ પ્રસંગોને કલ્યાણક કહે છે. આ પાંચ કલ્યાણકોમાંથી જન્મ, દીક્ષા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને નિર્વાણ, આ ચાર પ્રસંગોની ઉજવણી ૬૪ ઈન્દ્રો અને સામાન્ય દેવ-દેવીઓ કરે છે. દેવોનો આ પ્રકારનો જિતવ્યવહાર છે. તીર્થંકરોના ચ્યવન સમયે એટલે માતાના ગર્ભમાં આવવાના સમયે ઈન્દ્રો આવતા નથી, પરંતુ ચૌદ સ્વપ્નનું ફળ કહેવા સ્વપ્ન પાઠકોનું આગમન થાય છે અને ચ્યવન પ્રસંગથી તીર્થંકરના ભવનો શુભારંભ થાય છે, તેથી શાસ્ત્રોમાં અનેક સ્થળે આ પાંચે ઘટનાઓ અંકિત છે.

પ્રસ્તુતમાં ભગવાન મહાવીર સ્વામીના જીવનમાં ગર્ભસાહરણ સહિત છ ઘટનાનો ઉલ્લેખ છે. પ્રભુનું નિર્વાણ સ્વાતિ નક્ષત્રમાં થયું છે, તેથી તે પ્રસંગને બાદ કરી શેષ પાંચની સંખ્યાનો અહીં ઉલ્લેખ કર્યો છે. જો કે ગર્ભ સાહરણ સમયે ઈન્દ્રોનું આગમન થયું નથી પણ ઈન્દ્રનું આસન ચલાયમાન થયું અને ઈન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવનું આગમન થયું હતું અને તે સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હતું, તેથી અહીં નક્ષત્રની સમાનતાના કારણે પાંચ પ્રસંગોમાં તેની ગણના કરવામાં આવી છે.

તીર્થંકરોના જન્માદિ સમયે ચંદ્ર સાથે જે નક્ષત્રનો યોગ હોય, તે નક્ષત્ર જન્મ નક્ષત્ર કહેવાય છે.

**નક્ષત્ર યોગ :–** તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીના જન્માદિ પ્રસંગે ચંદ્ર સાથે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રોનો સંયોગ હતો. નક્ષત્રયોગ એટલે તે દિવસે અને તે સમયે આકાશમાં નિરંતર ગમન કરતાં ચંદ્ર અને તે નક્ષત્રના વિમાન કેટલાક સમય સુધી એક સાથે સંચરણ કરે છે, ત્યારપછી બંને વિમાનોની ગતિની ભિન્નતાના કારણે તે આગળ પાછળ થઈ જાય છે અને ચંદ્ર સાથે ત્યાર પછીના બીજા નક્ષત્રનો યોગ શરૂ થાય છે. આ રીતે એક પછી એક નક્ષત્રનો ચંદ્ર સાથે પરિભ્રમણનો ક્રમિક સંયોગ પ્રતિદિન બદલાતો રહે છે, તેને નક્ષત્રયોગ કહે છે.

**पंच हत्थुत्तरे :–** હસ્ત નક્ષત્ર જેની ઉત્તરમાં અર્થાત્ પછી છે, તે હસ્તોત્તરા નક્ષત્ર છે. અટ્ઠાવીસ નક્ષત્રના ક્રમમાં હસ્ત નક્ષત્રની પૂર્વે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર આવે છે. ભગવાન મહાવીરનું ચ્યવન, ગર્ભ, સંહરણ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ આ પાંચે વિશિષ્ટ ઘટનાઓ હસ્તોત્તરા(ઉત્તરા ફાલ્ગુની) નક્ષત્રમાં થઈ છે માટે 'પંચહસ્તોત્તર' કહેવાય છે.

**ભગવાનનું ગર્ભાવતરણ :–**

**२** **समणे भगवं महावीरे इमाए ओसप्पिणीए सुसमसुसमाए समाए वीइक्कंताए सुसमाए समाए वीइक्कंताए, सुसमदुसमाए समाए वीइक्कंताए, दुसमसुसमाए समाए बहुवीइक्कंताए, पण्हत्तरीए वासेहिं मासेहिं य अद्धणवमेहिं सेसेहिं, जे से गिम्हाणं चउत्थे मासे अट्ठमे पक्खे आसाढसुद्धे तस्स णं असाढसुद्धस्स छट्ठीपक्खेणं हत्थुत्तराहिं णक्खत्तेणं जोगमुवागएणं, महाविजय-सिद्धत्थ-पुप्फुत्तर- पवरपुंडरीय- दिसासोवत्थिय-वद्धमाणाओ महाविमाणाओ वीसं सागरोवमाइं आउयं पालइत्ता आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं चुए, चइत्ता इह खलु जंबुद्दीवे णं दीवे भारहे वासे दाहिणड्ढभरहे दाहिणमाहणकुंडपुर-संणिवेसंसि उसभदत्तस्स माहणस्स कोडालसगोत्तस्स देवाणंदाए माहणीए जालंधरायणसगोत्ताए सीहुब्भवभूएणं अप्पाणेणं कुच्छिंसि गब्भं वक्कंते ।**

**समणे भगवं महावीरे तिण्णाणोवगए यावि होत्था, चइस्सामि त्ति जाणइ, चुएमित्ति जाणइ, चयमाणे ण जाणइ, सुहुमे णं से काले पण्णत्ते ।**

**શબ્દાર્થ :–** **सुसमसुसमाए समाए** = સુષમસુષમા નામનો પહેલો આરો **वीइक्कंताए** = વ્યતીત થઈ જવા પર **सुसमाए समाए** = સુષમા નામનો બીજો આરો **सुसमदुसमाए समाए** = સુષમદુષમા નામનો ત્રીજો આરો **दुसमसुसमाए समाए बहुवीइक्कंताए** = દુષમસુષમા નામના ચોથા આરાનો ઘણો સમય પસાર થવા પર **पण्हत्तरीए वासेहिं** = ૭૫ વર્ષ **य** = અને **मासेहिं अद्धणवमेहिं** = સાડા આઠ મહિના

**सेसेहिं** = શેષ રહેવા પર **छट्ठीपक्खेणं** = પક્ષની છટ્ઠી તિથિએ **हत्थुत्तराहिं णक्खत्तेणं** = હસ્તોત્તરા– ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો **जोगमुवागएणं** = ચંદ્ર સાથે યોગ પ્રાપ્ત થવા પર **महाविजयसिद्धत्थ-पुप्फुत्तरपवरपुंडरीय-दिसासोवत्थियवद्धमाणाओ** = મહાવિજય સિદ્ધાર્થ, પુષ્પોત્તર પ્રધાન, પુંડરીક, દિશા સ્વસ્તિક, વર્ધમાન નામના **महाविमाणाओ** = મહા વિમાનમાંથી **आउक्खएणं** = દેવાયુના કર્મદલિકનો ક્ષય કરીને **भवक्खएणं** = દેવભવ પૂર્ણ કરીને **ठिइक्खएणं** = દેવ આયુષ્યકર્મની સ્થિતિનો ક્ષય કરીને **चुए** = ત્યાંથી ચ્યવન થયું **चइत्ता** = ચ્યવીને **सीहुब्भवभूएणं** = શીઘ્ર ઉત્પત્તિની સન્મુખ થયેલા **अप्पाणेणं** = આત્મા દ્વારા **गब्भं वक्कंते** = ગર્ભરૂપે ઉત્પન્ન થયા અર્થાત્ ગર્ભમાં આવ્યા.

**ભાવાર્થ :–** આ અવસર્પિણી કાળનો સુષમસુષમા નામનો પ્રથમ આરો, સુષમા નામનો બીજો આરો અને સુષમદુષમા નામનો ત્રીજો આરો પૂર્ણ વ્યતીત થઈ ગયો અને દુષમસુષમા નામના ચોથા આરાનો અધિકાંશ સમય પસાર થઈ ગયા પછી અર્થાત્ તેના ૭૫ વર્ષ અને સાડા આઠ માસ શેષ રહ્યા હતા ત્યારે, ગ્રીષ્મઋતુના ચોથા માસ અને આઠમા પક્ષ–પખવાડિયામાં, અષાઢ સુદ છઠની રાત્રિના, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો, ત્યારે મહાવિજય સિદ્ધાર્થ પુષ્પોત્તરવર પુંડરીક દિશા સ્વસ્તિક વર્દ્ધમાન નામના મહાવિમાનમાંથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું વીસ સાગરોપમનું દેવાયુ, દેવભવ અને દેવસ્થિતિ પૂર્ણ થયા અને તેમનું, ત્યાંથી ચ્યવન થયું અને આ જંબૂદ્વીપના દક્ષિણ ભરત ક્ષેત્રના બ્રાહ્મણકુંડપુર સંનિવેશમાં કોડાલ ગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધરાયણ ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં શીઘ્ર ઉત્પત્તિની સન્મુખ થયેલા ભગવાનના આત્માનું ગર્ભરૂપે અવતરણ થયું.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગર્ભમાં આવ્યા ત્યારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, આ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. તેઓ એ જાણતા હતા કે હું સ્વર્ગથી ચ્યવીને મનુષ્યલોકમાં જઈશ અને હું દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યો છું, પરંતુ તેઓ ચ્યવનના સમયને જાણતા નથી કારણ કે ચ્યવનનો કાળ અત્યંત સૂક્ષ્મ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીનું દેવલોકમાંથી ચ્યવન થયું, તે સંબંધી વર્ણન છે. સૂત્રકારે ભગવાનના અવતરણ સમયની ચાર સ્થિતિઓનો વિશેષરૂપથી ઉલ્લેખ કર્યો છે– (૧) અવતરણ કાલ (૨) ચ્યવન સ્થાન, (૩) અવતરણ સ્થાન (૪) અવતરણ સમયની જ્ઞાનદશા.

**અવતરણકાલ :–** જૈન શાસ્ત્રોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલના છ-છ આરાનું વર્ણન છે. અવસર્પિણી અર્થાત્ સર્વ પદાર્થોના વર્ણાદિનો તેમજ સુખનો ક્રમશઃ હ્રાસ થાય છે, તેવા ઉતરતા કાલના ત્રણ આરા વ્યતીત થઈ ગયા, ચોથા આરાના પંચોતેર વર્ષ અને સાડા આઠ માસ શેષ રહ્યા હતા ત્યારે ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ આ ચાર માસની ગ્રીષ્મ ઋતુનો ચોથો માસ અર્થાત્ અષાઢ માસ અને એક માસના બે પક્ષ થાય, તેમાં આગમિક પરંપરા અનુસાર પહેલા કૃષ્ણપક્ષ અને પછી શુક્લ પક્ષની ગણના કરતા ગ્રીષ્મ ઋતુના આઠમા પક્ષમાં એટલે અષાઢ શુક્લપક્ષ અને તેની છટ્ઠી તિથિ અર્થાત્ અષાઢ સુદ–૬ના દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં પ્રભુનું ચ્યવન થયું. આગમિક રીતે માસ અને પક્ષની ગણનામાં પ્રત્યેક માસનો પ્રારંભ કૃષ્ણપક્ષથી થાય અને ત્યાર પછી શુક્લપક્ષ આવે છે. ગુજરાત-મહારાષ્ટ્રની પરંપરા મુજબ માસનો પ્રારંભ શુક્લ પક્ષથી અને ત્યાર પછી કૃષ્ણ પક્ષ આવે છે.

**ચ્યવન સ્થાન :–** દશમા પ્રાણત દેવલોકના વીસ સાગરોપમના દેવાયુષ્યને પૂર્ણ કરીને દેવ ભવમાંથી

પ્રભુનું ચ્યવન થયું. દશમા પ્રાણત દેવલોકમાં અનેક વિમાનો છે. તેમાંથી મહાવિજય સિદ્ધાર્થ વર પુંડરીક દિશાસ્વસ્તિક વર્ધમાન, આ નામવાળા વિમાનમાંથી પ્રભુનું ચ્યવન થયું.

**અવતરણ સ્થાન :–** દેવલોકમાંથી ચ્યવીને પ્રભુ દક્ષિણ ભરત ક્ષેત્રના કુંડલપુર નગરના કોડાલ ગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણ અને જાલંધરાયણ ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતરણ પામ્યા.

**અવતરણ સમયની જ્ઞાન દશા :–** તીર્થંકરો પૂર્વભવમાંથી મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાન અને અવધિજ્ઞાન, આ ત્રણ જ્ઞાન સહિત ચ્યવન પામે છે, તેથી ચ્યવન પહેલા તેઓ પોતાના અવધિજ્ઞાન દ્વારા જાણતા હોય છે કે 'હવે મારું ચ્યવન થશે.' ચ્યવન પછી પણ મનુષ્ય ભવમાં તેઓ ત્રણ જ્ઞાન સાથે જ જન્મ ધારણ કરે છે, તેથી ગર્ભમાં પણ પ્રભુ જાણે છે કે અમુક દેવલોકમાંથી મારું ચ્યવન થયું છે, પરંતુ જ્યારે ચ્યવન થતું હોય તે સમયને પ્રભુ અવધિજ્ઞાનથી જાણી શકતા નથી કારણ કે કોઈ પણ જીવને એક ગતિમાંથી નીકળીને બીજી ગતિમાં જન્મ ધારણ કરતાં ઓછામાં ઓછો એક સમય અને વધુમાં વધુ ચાર સમય લાગે છે. છદ્મસ્થ વ્યક્તિનો ઉપયોગ ઓછામાં ઓછો અસંખ્યાત સમયનો હોય છે, તેથી એક, બે, ત્રણ કે ચાર સમયની ઘટના કોઈ પણ છદ્મસ્થ જીવો જાણી શકતા નથી. તીર્થંકરો ત્રણ જ્ઞાનના ધારક હોવા છતાં પણ છદ્મસ્થ હોવાથી પોતાની ચ્યવન અવસ્થાને અર્થાત્ વાટે વહેતા માર્ગની અવસ્થાને જાણી શકતા નથી.

આ રીતે અવતરણ સમયે પ્રભુ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા.

**ભગવાનનું ગર્ભસંહરણ :–**

**૩** **तओ णं समणे भगवं महावीरे अणुकंपएणं देवेणं जीयमेयं ति कट्टु, जे से वासाणं तच्चे मासे, पंचमे पक्खे, आसोयबहुले, तस्स णं आसोयबहुलस्स तेरसीपक्खेणं हत्थुत्तराहिं णक्खत्तेहिं जोगमुवागएणं बासीइहिं राइंदिएहिं वीईकंतेहिं तेसीइमस्स राइंदियस्स परियाए वट्टमाणे दाहिणमाहणकुंडपुरसण्णिवेसाओ उत्तरखत्तियकुंडपुरसण्णिवेसंसि णायाणं खत्तियाणं सिद्धत्थस्स खत्तियस्स कासवगोत्तस्स तिसलाए खत्तियाणीए वासिट्ठगोत्ताए असुभाणं पोग्गलाणं अवहारं करेत्ता सुभाणं पोग्गलाणं पक्खेवं करेत्ता कुच्छिंसि गब्भं साहरइ । जे वि य तिसलाए खत्तियाणीए कुच्छिंसि गब्भे तं पि य दाहिणमाहणकुंडपुरसण्णिवेसंसि उसभदत्तस्स माहणस्स कोडालसगोत्तस्स देवाणंदाए माहणीए जालंधरायण- सगोत्ताए कुच्छिंसि साहरइ ।**

**समणे भगवं महावीरे तिण्णाणोवगए यावि होत्था, साहरिज्जिसामि त्ति जाणइ, साहरिए मि त्ति जाणइ, साहरिज्जमाणे वि जाणइ, समणाउओ ।**

**શબ્દાર્થ :–** **अणुकंपएणं देवेणं** = તેમના પ્રતિ લાગણી રાખનાર, અનુકંપાશીલ, હિતાનુપ્રેક્ષી **जीयमेयं ति कट्टु** = આ અમારો જીતઆચાર છે, આ પ્રમાણે સમજીને **जे से** = જો, આ **वासाणं** = વર્ષાકાળનો **तच्चे मासे** = ત્રીજો માસ **पंचमे पक्खे** = પાંચમો પક્ષ **आसोयबहुले** = આસોમાસના કૃષ્ણ પક્ષ **तस्स** = તેના **तेरसीपक्खेणं** = પક્ષના તેરસના દિવસે, તેરસે **हत्थुत्तराहिं णक्खत्तेणं** = ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો **जोगमुवागएणं** = ચંદ્ર સાથે યોગ થવા પર **बासीईहिं राइंदिएहिं** = ૮૨ અહોરાત્રિ **वीइकंतेहिं**

= વ્યતીત થવા પર **तेसीइमस्स** = ૮૩મા **राइंदियस्स परियाए** = રાત્રિ પર્યાયના **वट्टमाणे** = વર્તવા પર અર્થાત્ ૮૩મા દિવસની રાત્રિમાં **णायाणं** = જ્ઞાતવંશીય **अवहारं करेत्ता** = દૂર કરીને **पक्खेवं करेत्ता** = પ્રક્ષેપ કરીને.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યા પછી, તેમના હિતાનુ પ્રેક્ષી દેવે 'આ અમારો જીત આચાર છે' એ પ્રમાણે સ્વીકારીને(શક્રેન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે) વર્ષાકાળના ત્રીજા માસમાં, પાંચમા પક્ષમાં, આસો વદ તેરસની રાત્રિએ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો, ત્યારે ગર્ભકાલના ૮૨ રાત્રિ દિવસ પસાર થયા અને ૮૩મા દિવસની રાત્રિએ દક્ષિણ બ્રાહ્મણ કુંડપુર સન્નિવેશથી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી ગર્ભનું સંહરણ કરીને અર્થાત્ ગર્ભને લઈને ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશમાં જ્ઞાતવંશીય, ક્ષત્રિયોમાં પ્રસિદ્ધ કાશ્યપગોત્રીય સિદ્ધાર્થ રાજાની વાશિષ્ઠગોત્રીય પત્ની ત્રિશલા મહારાણીના અશુભ પુદ્ગલોને દૂર કરીને, શુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરીને ગર્ભને પ્રસ્થાપિત કર્યો અને ત્રિશલા ક્ષત્રિયાણીના ગર્ભને લઈને દક્ષિણ બ્રાહ્મણ કુંડપુર સંનિવેશમાં કોડાલ ગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધરાયણ ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં પ્રસ્થાપિત કર્યો.

હે આયુષ્યમાન શ્રમણો ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગર્ભાવાસમાં ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. મારું આ જગ્યાએથી સંહરણ કરવામાં આવશે, તેમ તેઓ જાણતા હતા. મારું સંહરણ થઈ ગયું છે, તેમ પણ જાણતા હતા અને મારું સંહરણ થઈ રહ્યું છે, તે પણ જાણતા હતા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રભુના ગર્ભ સંહરણનું નિરૂપણ છે.

સામાન્ય રીતે તીર્થંકરો ક્ષત્રિયકુળમાં જન્મ ધારણ કરે છે, પરંતુ પ્રભુ મહાવીર સ્વામીના તથાપ્રકારના કર્મના યોગે બ્રાહ્મણ કુળમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવ્યા, ૮૨ રાત્રિ રહ્યા, પ્રભુની તથાપ્રકારના અશુભ કર્મોની સ્થિતિ પૂર્ણ થઈ અને શક્રેન્દ્રે પોતાના અવધિજ્ઞાનના ઉપયોગથી બ્રાહ્મણકુળ માં તીર્થંકર મહાવીર સ્વામીની ગર્ભ સ્થિતિ જાણીને પોતાના સેવક હરિણૈગમેષી દેવ દ્વારા ગર્ભસંહરણ કરાવ્યું. દેવાનંદાનો ગર્ભ ક્ષત્રિય કુળમાં ત્રિશલા રાણીની કુક્ષિમાં સ્થાપિત કર્યો અને ત્રિશલા રાણીનો ગર્ભ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં મૂક્યો. આ રીતે તીર્થંકરના ગર્ભનું પરિવર્તન થયું.

પ્રભુના ગર્ભ સંહરણની સમગ્ર ક્રિયા દેવ દ્વારા થતી હોવાથી ગર્ભસ્થ જીવને કે તેની માતાને આંશિક પણ પીડા કે ત્રાસ થતો નથી, અત્યંત સુખપૂર્વક ગર્ભ પરિવર્તન થઈ જાય છે.

આગમમાં ભગવાન મહાવીર સ્વામીની ગર્ભ સંહરણની ઘટનાને અવસર્પિણી કાલના દસ આશ્ચર્ય(અચ્છેરા)માંથી એક આશ્ચર્યકારક ઘટના રૂપે સ્વીકારવામાં આવી છે. આ ઘટનાનો ઉલ્લેખ શ્રી ઠાણાંગ સૂત્ર અને સમવાયાંગ સૂત્ર, આવશ્યક નિર્યુક્તિમાં છે. તે ઉપરાંત શ્રી ભગવતી સૂત્રમાં પણ પ્રભુએ સ્વયં દેવાનંદા બ્રાહ્મણીને **मम अम्मगा, अहण्णं देवाणंदाए माहणीए अत्तए** (શતક ૯/૩૩) પોતાની માતા અને પોતાને દેવાનંદાના આત્મજ પુત્ર તરીકે સ્પષ્ટ કથન કર્યું છે. આ રીતે આ ઘટના આશ્ચર્યજનક જરૂર છે પરંતુ અસંભવિત નથી.

**ગર્ભ સંહરણ કાલ :–** અષાઢ સુદ–૬ ના દિવસે પ્રભુનું દેવલોકથી ચ્યવન થયું, ૮૨ રાત્રિ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં રહ્યા, ૮૩મી રાત્રિએ ગર્ભ સંહરણ થયું. અષાઢ સુદ–૬ + ૮૨ રાત્રિ = આસો વદ–૧૩ની રાત્રિના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં પ્રભુના ગર્ભને દેવે ત્રિશલા રાણીની કુક્ષિમાં સ્થાપિત કર્યો.[ગુજરાતી પરંપરા પ્રમાણે. ભાદરવા વદ–૧૩ સમજવી.]

**ગર્ભ સંહરણ સમયની જ્ઞાનદશા :–** ચ્યવન સ્વતઃ થાય છે. તેમાં એક, બે કે ત્રણ સમય જ થતાં હોવાથી તેને છદ્મસ્થો જાણી શકતા નથી, પરંતુ ગર્ભ સંહરણની ક્રિયા છદ્મસ્થ દેવો દ્વારા થાય છે, તેમાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે, તેથી તે ઘટનાને છદ્મસ્થો જાણી શકે છે.

તેથી 'મારું સંહરણ થવાનું છે, મારું સંહરણ થઈ રહ્યું છે અને મારું સંહરણ થઈ ગયું છે, આ ત્રણે કાળની ક્રિયાને પ્રભુ પોતાના અવધિજ્ઞાન દ્વારા જાણતા હતા.

**ભગવાન મહાવીર સ્વામીનો જન્મ :–**

**૪ तेणं कालेणं तेणं समएणं तिसला खत्तियाणी अह अण्णया कयाइ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाण राइंदियाणं वीइक्कंताणं जे से गिम्हाणं पढमे मासे दोच्चे पक्खे चेत्तसुद्धे तस्स णं चेत्तसुद्धस्स तेरसीपक्खेणं हत्थुत्तराहिं णक्खत्तेणं जोगोवगएणं समणं भगवं महावीरं आरोग्गारोग्गं पसूया ।**

**શબ્દાર્થ :–** आरोग्गारोग्गं = આરોગ્યારોગ્યતાએ, પૂર્ણ સ્વસ્થપણે(માતા અને પુત્ર) બંનેની આરોગ્યતા પૂર્વક, સુખપૂર્વક, સકુશળપણે.

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે ત્રિશલા રાણીએ નવમાસ અને સાડા સાત અહોરાત્રિ પસાર થયા પછી ગ્રીષ્મઋતુના પ્રથમ માસના બીજા પખવાડિયામાં, ચૈત્ર સુદ તેરસના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને આરોગ્યતાપૂર્વક અર્થાત્ પૂર્ણ સ્વસ્થપણે જન્મ આપ્યો.

**૫ जं णं राइं तिसला खत्तियाणी समणं भगवं महावीरं आरोग्गारोग्गं पसूया तं णं राइं भवणवइ-वाणमंतर-जोइसिय-विमाणवासिदेवेहिं य देवीहिं य ओवयंतेहिं य उप्पयंतेहिं य संपयंतेहिं य एगे महं दिव्वे देवुज्जोए देवसण्णिवाए देवकहक्कहए उप्पिंजलगभूए यावि होत्था ।**

**શબ્દાર્થ :–** **ओवयंतेहिं** = નીચે આવવાથી **उप्पयंतेहिं** = ઉપર જવાથી **संपयंतेहिं** = ગમનાગમનના પ્રયત્નથી **एगे महं** = એક મહાન **दिव्वे** = પ્રધાન **देवुज्जोए** = દેવ વિમાનોનો પ્રકાશ થયો **देवसण्णिवाए** = દેવોના ભેગા થવાથી **देवकहक्कहए** = દેવોના કોલાહલથી **उप्पिंजलगभूए यावि होत्था** = તે રાત્રિ દેવોના અટ્ટહાસ્યથી તેમજ પ્રકાશથી યુક્ત થઈ ગઈ.

**ભાવાર્થ :–** જે રાત્રિમાં ત્રિશલા રાણીએ પૂર્ણ સ્વસ્થપણે પૂર્વક ભગવાનને જન્મ આપ્યો, તે રાત્રિમાં ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અને દેવીઓના દેવલોકમાંથી નીચે આવવાથી, ઉપર જવાથી અને મેરુ પર્વત ઉપર ગમનાગમન કરવાથી એક મહાન દિવ્ય દેવોદ્યોત થયો. દેવો ભેગા થવાથી લોકમાં હલચલ મચી ગઈ, દેવોના પરસ્પરના હાસ્ય-વિનોદથી ચારે બાજુ કોલાહલ અને આનંદ ફેલાઈ ગયો.

**૬ जं णं रयणिं तिसला खत्तियाणी समणं भगवं महावीरं आरोयारोयं पसूया तं णं रयणिं बहवे देवा य देवीओ य एगं महं अमयवासं च गंधवासं च चुण्णवासं च पुप्फवासं च हिरण्णवासं च रयणवासं च वासिंसु ।**

**શબ્દાર્થ :–अमयवासं** = અમૃતવર્ષા કરી **गंधवासं** = સુગંધિત દ્રવ્યોની વર્ષા **चुण्णवासं** = સુગંધિત

ચૂર્ણની વર્ષા **पुप्फवासं** = પુષ્પોની વર્ષા **हिरण्णवासं** = સોના ચાંદીની વર્ષા **रयणवासं च वासिंसु** = રત્નોની વર્ષા વર્ષાવી.

**ભાવાર્થ :–**જે રાત્રિમાં ત્રિશલા રાણીએ પૂર્ણ સ્વસ્થપણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જન્મ આપ્યો, તે રાત્રિમાં ઘણા દેવો અને દેવીઓએ એક મહાન અમૃત વર્ષા, સુગંધ વર્ષા(સુગંધિત પદાર્થોની વર્ષા), સુવાસિત ચૂર્ણ વર્ષા, પુષ્પવર્ષા, સોના, ચાંદીની વર્ષા અને રત્નોની વર્ષા કરી.

**૭ जं णं रयणिं तिसला खत्तियाणी समणं भगवं महावीरं आरोयारोयं पसूया तं णं रयणिं भवणवइ-वाणमंतर-जोइसिय-विमाणवासिणो देवा य देवीओ य समणस्स भगवओ महावीरस्स कोउगभूइकम्माइं तित्थयराभिसेयं च करिंसु ।**

**શબ્દાર્થ :–** **कोउगभूइकम्माइं** = કૌતુકભૂતિકર્મ **तित्थयराभिसेयं करिंसु** = તીર્થંકરાભિષેક કર્યો.

**ભાવાર્થ :–** જે રાત્રિમાં ત્રિશલા રાણીએ પૂર્ણ સ્વસ્થપણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જન્મ આપ્યો, તે રાત્રિમાં ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અને દેવીઓએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું કૌતુકમંગલ, ભૂતિકર્મ તથા તીર્થંકરાભિષેક કર્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભગવાન મહાવીર સ્વામીનો જન્મ તથા દેવો દ્વારા ઉજવાતા જન્મ મહોત્સવનું નિરૂપણ છે.

ગર્ભકાલ પરિપૂર્ણ થતાં ચૈત્ર સુદ–૧૩ની શુભ રાત્રિએ, ઉત્તરફાલ્ગુની નક્ષત્રના શુભયોગમાં ત્રિશલા રાણીએ સુખપૂર્વક પૂર્ણ સ્વસ્થપણે ભગવાનને જન્મ આપ્યો.

**आरोग्गारोग्गं :–** સ્વસ્થતાપૂર્વક. તીર્થંકરોના પુણ્યોદયે માતા અને પુત્ર બંનેને પ્રસવવેદનાનો અનુભવ થતો નથી. તીર્થંકરોની માતા સુખપૂર્વક બાળકને જન્મ આપે છે અને તીર્થંકરોના આત્માએ પૂર્વે વિશિષ્ટ શાતાવેદનીય કર્મનો બંધ કર્યો હોવાથી, તે પણ પૂર્ણ આરોગ્યતા સાથે જન્મને ધારણ કરે છે.

તીર્થંકરનો જન્મ થાય, ત્યારે પ્રભુના પુણ્યોદયે પ્રભુની જન્મનગરીમાં જ નહીં પરંતુ ત્રણે લોકમાં પ્રકાશ થાય છે. શ્રી ઠાણાંગ સૂત્રના ત્રીજા સ્થાનમાં કહ્યું છે કે તીર્થંકરનો જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ આ ત્રણ પ્રસંગે લોકમાં ઉદ્યોત-પ્રકાશ થાય છે.

૫૬ દિક્કુમારીઓ તીર્થંકરની માતાનું સૂતિકાકર્મ કરે, દેવો મેરુપર્વત પર જઈને જન્મ મહોત્સવ ઉજવે, આ રીતે ભવનપતિ આદિ ચારે જાતિના દેવોના આવાગમનથી લોકમાં પ્રકાશ થાય છે.

સંક્ષેપમાં અધોલોકથી હજારો ભવનપતિ દેવોનું અને ઊર્ધ્વ લોકથી હજારો વૈમાનિક દેવોનું તિરછા લોકમાં આવાગમન થતું હોવાથી ત્રણે લોકમાં અને મુખ્યતાએ આ તિરછા લોકમાં ચોમેર પ્રકાશ-પ્રકાશ થઈ જાય છે.

પ્રસ્તુત પ્રસંગમાં પ્રાસંગિક રીતે પ્રભુના જન્મ મહોત્સવનો સંકેત માત્ર છે. શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તીર્થંકરના જન્માભિષેકનું વિસ્તૃત વર્ણન છે.

**ભગવાનનું નામકરણ :–**

**૮ जओ णं पभिइ भगवं महावीरे तिसलाए खत्तियाणीए कुच्छिंसि गब्भं**

**आहुए तओ णं पभिइ तं कुलं विउलेणं हिरण्णेणं सुवण्णेणं धणेणं धण्णेणं माणिक्केणं मोत्तिएणं संखसिलप्पवालेणं अईव-अईव परिवड्ढइ ।**

**तओ णं समणस्स भगवओ महावीरस्स अम्मापियरो एयमट्ठं जाणित्ता णिव्वत्तदसाहंसि वोक्कंतंसि सुचिभूयंसि विउलं असण-पाण-खाइम-साइमं उवक्खडावेंति । विउलं असण-पाण-खाइम-साइमं उवक्खडावेत्ता मित्त-णाइ सयण-संबंधिवग्गं उवणिमंतेंति उवणिमंतेत्ता बहवे समण-माहण-अतिहि-किवण-वणीमग- भिच्छुंडग-पंडरगाईणं विच्छड्डेंति, विग्गोवेंति, विस्साणेंति, दायाएसु णं दायं पज्जाभाएंति । विच्छड्डित्ता, विग्गोवित्ता, विस्साणित्ता दायाएसु णं दाणं पज्जभाएत्ता मित्त-णाइ-सयण-संबंधिवग्गं भुंजावेंति मित्त-णाइसयण-संबंधिवग्गं भुंजावित्ता, मित्तणाइ-सयण-संबंधिवग्गेण इमेयारूवं णामधेज्जं कारवेंति–जओ णं पभिइ इमे कुमारे तिसलाए खत्तियाणीए कुच्छिंसि गब्भे आहुए तओ णं पभिइं इमं कुलं विउलेणं हिरण्णेणं सुवण्णेणं धणेणं धण्णेणं माणिक्केणं मोत्तिए णं संख-सिल- प्पवालेणं अईव-अईव परिवड्ढइ, तो होउ णं कुमारे वद्धमाणे ।**

**શબ્દાર્થ :–** **जओ णं पभिइ** = જ્યારથી **आहुए** = આહૃતઃ, કુક્ષિમાં ગર્ભરૂપે રાખવામાં આવ્યા હતા **तओ पभिइ** = ત્યારથી લઈને **तं कुलं** = તે કુળમાં **विउलेणं हिरण्णेणं सुवण्णेणं धणेणं धण्णेणं माणिक्केणं मोत्तिएणं संखसिलप्पवालेणं** = વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, પોખરાજ અને પ્રવાલાદિની **अईव-अईव परिवड्ढइ** = ખૂબ ખૂબ અભિવૃદ્ધિ થઈ **णिव्वत्तदसाहंसि** = દશ દિવસ પસાર થઈ ગયા પછી **वोक्कंतंसि सुचिभूयंसि** = અશૂચિ દૂર થઈ જવાથી શુદ્ધ થવા પર **बहवे समण-माहण-अतिहि-किवण-वणीमग-भिच्छुंडग पंडरगाईणं विच्छड्डेंति** = ઘણા શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, ભિખારી, શરીર પર ભસ્મ લગાવીને ભિક્ષા માગનારા અન્ય ભિક્ષુગણોને ભોજન કરાવ્યું **विग्गोवेंति** = ભોજન સુરક્ષિત રાખ્યું **विस्साणेंति** = વિશેષરૂપે આસ્વાદન કર્યું **दायाएसु णं दाणं पज्जभाएंति** = ભાઈ-ભત્રીજાને દાનના ભાગ કરી દીધા **विच्छड्डित्ता, विग्गोवित्ता, विस्साणित्ता** = ભોજન કરાવીને, સુરક્ષિત રાખીને, વિશેષરૂપે આસ્વાદન કરાવીને **मित्त-णाइ-सयण-संबंधिवग्गं भुंजावेंति** = મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધીજનોને ભોજન કરાવ્યું **तो होउ णं कुमारे वद्धमाणे** = તેથી આ કુમારનું નામ વર્દ્ધમાન હોજો.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જે દિવસે ત્રિશલા રાણીની કુક્ષિમાં ગર્ભરૂપે આહ્રત થયા અર્થાત્ અવતરિત થયા હતા, તે દિવસથી તે કુળમાં વિશેષ પ્રમાણમાં ચાંદી, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, પોખરાજ, પ્રવાલ આદિની અત્યંત અભિવૃદ્ધિ થવા લાગી. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના માતા પિતાએ આ વાત જાણીને, ભગવાન મહાવીર સ્વામીના જન્મના દશ દિવસ પસાર થઈ ગયા પછી અગિયારમા દિવસે અશુચિનું નિવારણ કરીને, શુદ્ધ થઈને, ઘણા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા, ચારે ય પ્રકારનો આહાર તૈયાર કરાવીને પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન અને સંબંધી સમૂહને આમંત્રણ આપ્યું; ઘણા શ્રમણ, બ્રાહ્મણ, દરિદ્ર, ભિખારી વનીપક અને શરીરે ભસ્મ લગાવીને યાચના કરનારા યાચકોને ભોજન કરાવ્યું, તેઓને માટે ભોજન સુરક્ષિત રાખ્યું એટલે સાથે લઈ જવા આપ્યું, વિશેષરૂપે આસ્વાદન કરાવ્યું, દાયદા–કુટુંબીજનોને દાનના ભાગ આપ્યા. આ

પ્રમાણે કરીને પછી મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધીજનોને ભોજન કરાવ્યું. તેઓને ભોજન કરાવ્યા પછી તેઓની સમક્ષ નામકરણના વિષયમાં આ પ્રમાણે કહ્યું– જે દિવસથી આ બાળક ત્રિશલાદેવીની કુક્ષિમાં ગર્ભરૂપે અવતરિત થયું છે, તે દિવસથી અમારા કુળમાં ચાંદી, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, પોખરાજ, પ્રવાલ આદિ વસ્તુઓની ઘણી અભિવૃદ્ધિ થઈ રહી છે, તેથી આ કુમારનું ગુણસંપન્ન નામ **વર્ધમાન** રાખવામાં આવે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાનના નામકરણની વિધિનું પ્રતિપાદન છે.

નામકરણની વિધિ પહેલા રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાદેવીએ પોતાના પ્રિય સ્વજન, પરિજન, મિત્રો તથા શ્વસુરપક્ષના સર્વ સગા સંબંધીઓને તેમજ સર્વ ભિક્ષાજીવીઓને ભોજન કરાવ્યું. સર્વ સ્નેહીજનોને જમાડ્યા પછી સર્વની સમક્ષ વર્ધમાન નામ રાખવાનું પ્રબળ કારણ બતાવીને બાળપ્રભુનું ગુણ નિષ્પન્ન વર્ધમાન નામ આપ્યું.

આ સર્વ કથનથી એ સ્પષ્ટ થાય છે કે પ્રાચીનકાળમાં સુખી સંપન્ન લોકો પોતાના બાળકની નામકરણ વિધિ મોટા સમારોહપૂર્વક કરતા હતા. બાળકના ગુણને જોઈને અર્થાત્ તેની કોઈ વિશેષતાને જોઈને ગુણસંપન્ન નામ રાખતા હતા.

**ભગવાનનો બાલ્યકાલ :–**

**૯ तओ णं समणे भगवं महावीरे पंचधाइपरिवुडे, तं जहा– खीरधाइए, मज्जण-धाईए, मंडावणधाईए, खेल्लावणधाईए, अंकधाईए, अंकाओ अंकं साहरिज्जमाणे रम्मे मणिकोट्टिमतले गिरिकंदरसमल्लीणे व चंपयपायवे अहाणुपुव्वीए संवड्ढइ ।**

**શબ્દાર્થ :–** **पंचधाइपरिवुडे** = પાંચ ધાવમાતાઓથી ઘેરાયેલા **खीरधाईए** = દૂધ પીવડાવનારી, માતાથી **मज्जणघाईए** = સ્નાન કરાવનારી માતાથી **मंडावणधाईए** = વસ્ત્ર, અલંકાર પહેરાવનારી માતાથી **खेल्लावणधाईए** = ક્રીડા કરાવનારી માતાથી **अंकधाईए** = ખોળામાં રમાડનારી માતાથી **अंकाओ अंकं साहरिज्जमाणे** = એક ખોળામાંથી બીજાના ખોળામાં ફરતા **रम्मे** = રમણીય **मणिकोट्टिमतले** = મણિ જડેલ આંગણામાં વૃદ્ધિ પામી રહ્યા હતા **गिरिकंदरसमल्लीणे** = પર્વતની ગુફામાં ઉત્પન્ન થયેલ **चंपयपायवे** = ચંપકવૃક્ષની જેમ **अहाणुपुव्वीए संवड्ढइ** = અનુક્રમે વૃદ્ધિને પામવા લાગ્યા.

**ભાવાર્થ :–** ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું પાંચ ધાવમાતાઓ દ્વારા લાલન-પાલન થવા લાગ્યું, જેમ કે– (૧) ક્ષીરધાત્રી– દૂધ પીવડાવનારી માતા, (૨) મજ્જનધાત્રી– સ્નાન કરાવનારી ધાવમાતા, (૩) મંડનધાત્રી– વસ્ત્રાભૂષણ પહેરાવનારી ધાવમાતા, (૪) ક્રીડાધાત્રી– રમાડનારી ધાવ માતા, (૫) અંકધાત્રી– ખોળામાં રમાડનારી ધાવમાતા. આ પ્રમાણે તે એક ખોળામાંથી બીજાના ખોળ ામાં ફરતા વર્ધમાન કુમાર રમણીય મણિ જડિત આંગણામાં પર્વતની ગુફામાં ચંપકવૃક્ષની જેમ નિર્વિઘ્ને ક્રમશઃ વૃદ્ધિ પામવા લાગ્યા.

**ભગવાનની યુવાવસ્થા :–**

**૧૦ तओ णं समणे भगवं महावीरे विण्णायपरिणयए विणियत्तबालभावे**

**अप्पुस्सुयाइं उरालाइं माणुस्सगाइं पंचलक्खणाइं कामभोगाइं सद्द-फरिस-रस-रूव गंधाइं परियारेमाणे एवं च णं विहरइ ।**

**શબ્દાર્થ :–** **विण्णायपरिणए** = સ્વયં જ વિજ્ઞાનને પ્રાપ્ત થયા **विणियत्तबालभावे** = બાલભાવને છોડીને યૌવન વયમાં આવ્યા **अप्पुस्सुयाइं** = ઉત્સુકતા રહિત અર્થાત્ ઉદાસીનતાથી **उरालाइं** = પ્રધાન **परियारेमाणे** = ઉપભોગ કરતાં.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બાલ્યાવસ્થાને પાર કરીને વિજ્ઞાનયુક્ત અવસ્થાને પ્રાપ્ત કરીને યુવાવસ્થામાં આવ્યા અને મનુષ્ય સંબંધી ઉદાર શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી યુક્ત પાંચ પ્રકારના કામભોગોનો ઉદાસીનભાવથી ઉપભોગ કરતાં વિચરણ કરવા લાગ્યા.

**ભગવાનના ત્રણ પ્રચલિત નામો :–**

**૧૧ समणे भगवं महावीरे कासवगोत्ते, तस्स णं इमे तिण्णि णामधेज्जा एवमाहिज्जंति, तं जहा– अम्मापिउसंतिए वद्धमाणे, सहसम्मुइए समणे, भीमं भयभेरवं उरालं अचेलयं परीसहं सहइ त्ति कट्टु देवेहिं से णामं कयं समणे भगवं महावीरे ।**

**ભાવાર્થ :–** કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ત્રણ નામો આ પ્રમાણે કહ્યા છે– (૧) માતા પિતાએ આપેલું નામ વર્દ્ધમાન (૨) સહસમુત્પન્ન નામ– દીક્ષા ગ્રહણ કરવાની સાથે પોતે રાખેલું શ્રમણ નામ અને (૩) દેવકૃત નામ– અત્યંત ભયાનક પિશાચાદિના ઉપદ્રવોને તથા અચેલાદિ પરિષહોને સમભાવપૂર્વક સહન કરતા હોવાથી દેવોએ શ્રમણ ભગવાન મહાવીર નામ આપ્યું હતું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાનના ગુણનિષ્પન્ન ત્રણ પ્રચલિત નામનું કથન છે. ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી નગરમાં ધનધાન્યાદિની વૃદ્ધિ થવાથી માતાપિતાએ **વર્ધમાન** નામ રાખ્યું હતું. દીક્ષા અંગીકાર કરીને સાધનાનો શ્રમ કરતાં હોવાથી ભગવાન સ્વયં પોતાને શ્રમણ કહેતા હતા. ઘોર ભયંકર પિશાચોના ઉપદ્રવ તથા ઠંડી-ગરમી, ભૂખ તરસના વિવિધ પરીષહોને સહન કરતા હોવાથી દેવોએ **શ્રમણ ભગવાન મહાવીર** નામ આપ્યું. આ રીતે પ્રભુના ત્રણે ય નામો ગુણનિષ્પન્ન હતા.

**ભગવાનના સ્વજનોના નામ :–**

**१२ समणस्स णं भगवओ महावीरस्स पिआ कासवगोत्तेणं । तस्स णं तिण्णि णामधेज्जा एवमाहिज्जंति, तं जहा– सिद्धत्थे ति वा सेज्जंसे ति वा जसंसे ति वा ।**

**समणस्स णं भगवओ महावीरस्स अम्मा वासिट्ठसगोत्ता । तीसे णं तिण्णि णामधेज्जा एवमाहिज्जंति, तं जहा– तिसला ति वा विदेहदिण्णा ति वा पियकारिणी ति वा ।**

**समणस्स णं भगवओ महावीरस्स पित्तियए सुपासे कासवगोत्तेणं ।**

**समणस्स णं भगवओ महावीरस्स जेट्ठे भाया णंदिवद्धणे कासवगोत्तेणं ।**

**समणस्स णं भगवओ महावीरस्स जेट्ठा भइणी सुदंसणा कासवगोत्तेणं ।**

**समणस्स णं भगवओ महावीरस्स भज्जा जसोया कोडिण्णा गोत्तेणं ।**

**समणस्स णं भगवओ महावीरस्स धूया कासवगोत्तेणं । तीसे णं दो णामधेज्जा एवमाहिज्जंति, तं जहा– अणोज्जा ति वा पियदंसणा ति वा ।**

**समणस्स णं भगवओ महावीरस्स णत्तुई कोसियगोत्तेणं । तीसे णं दो णामधेज्जा एवमाहिज्जंति, तं जहा– सेसवती ति वा जसवती ति वा ।**

**શબ્દાર્થ :–** पित्तियए = પિતાના ભાઈ, કાકા **धूया** = પુત્રી णत्तुई = દોહિત્રી.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પિતા કાશ્યપ ગોત્રના હતા, તેમના ત્રણ નામો આ પ્રમાણે હતા, જેમકે– (૧) સિદ્ધાર્થ (૨) શ્રેયાંસ (૩) યશસ્વી.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના માતા વાશિષ્ટ ગોત્રીય હતા. તેમના પણ ત્રણ નામો આ પ્રમાણે હતા, જેમકે– (૧) ત્રિશલા (૨) વિદેહદત્તા (૩) પ્રિયકારિણી.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના કાકા કાશ્યપ ગોત્રીય હતા, તેમનું નામ **સુપાર્શ્વ** હતું. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના મોટાભાઈ **નંદીવર્ધન** હતા, તે કાશ્યપ ગોત્રીય હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના મોટા બહેન **સુદર્શના** હતા, તે કાશ્યપ ગોત્રીય હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પત્ની 'યશોદા' હતા, તે કૌડિન્ય ગોત્રીય હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પુત્રી કાશ્યપ ગોત્રીય હતી. તેના બે નામો આ પ્રમાણે હતા, જેમ કે– અનોજા(અનવદ્યા) અને પ્રિયદર્શના.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની દોહિત્રી કૌશિક ગોત્રીય હતી. તેમના બે નામો આ પ્રમાણે હતા, જેમકે– (૧) શેષવતી (૨) યશોમતી(યશસ્વી).

**ભગવાનના માતાપિતાની ધર્મસાધના :–**

**૧૩ समणस्स णं भगवओ महावीरस्स अम्मापियरो पासावच्चिज्जा समणोवासगा यावि होत्था । ते णं बहूइं वासाइं समणोवासगपरियागं पालइत्ता छण्हं जीवणिकायाणं सारक्खणणिमित्तं आलोइत्ता णिंदित्ता गरहित्ता पडिक्कमित्ता अहारिहं उत्तरगुणं पायच्छित्तं पडिवज्जित्ता कुससंथारं दुरुहित्ता भत्तं पच्चक्खाइंति, भत्तं पच्चक्खाइत्ता अपच्छिमाए मारणंतियाए सरीरसंलेहणाए झूसियसरीरा कालमासे कालं किच्चा तं सरीरं विप्पजहित्ता अच्चुए कप्पे देवत्ताए उववण्णा।**

**तओ णं आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं चुए चइत्ता महाविदेहे वासे चरिमेणं उस्सासेणं सिज्झिस्संति, बुज्झिस्संति, मुच्चिस्संति, परिणिव्वाइस्संति, सव्वदुक्खाणं अंतं करिस्संति ।**

**શબ્દાર્થ :–** भत्तं पच्चक्खाइत्ता = ભક્ત પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરીને अपच्छिमाए मारणंतियाए

= અંતિમ મારણાંતિક **सरीरसंलेहणाए झूसियसरीरा** = સંલેખનાથી શરીરને સૂકવીને.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના માતાપિતા પાર્શ્વાપત્ય અર્થાત્ પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી હતા. તેઓ બંને શ્રાવક ધર્મનું પાલન કરનાર શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા હતા. તેઓએ ઘણા વર્ષો સુધી શ્રાવક ધર્મનું પાલન કરીને અંતિમ સમયે છકાય જીવોની રક્ષા માટે પાપની આલોચના, નિંદા અને ગર્હા કરી, તેમજ પાપ દોષોનું પ્રતિક્રમણ કરીને મૂળગુણ તથા ઉત્તરગુણોનું યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકારીને, દર્ભનો સંથારો પાથરીને, ભક્ત પ્રત્યાખ્યાન નામના સંથારાનો સ્વીકાર કર્યો. ચારેય પ્રકારના આહારપાણીનો ત્યાગ કરીને અંતિમ મારણાંતિક સંલેખનાથી શરીરને સૂકવીને, કૃશ કરીને, કાળના સમયે કાલધર્મ પામીને, આયુષ્ય પૂર્ણ કરીને, આ શરીરને છોડીને, અચ્યુત દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ત્યાર પછી દેવ સંબંધી આયુ, ભવ(જન્મ) અને સ્થિતિનો ક્ષય કરીને, ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરી, સંયમ સ્વીકારી, અંતિમ શ્વાસોચ્છવાસ દ્વારા સિદ્ધ, બુદ્ધ, મુક્ત તેમજ પરિનિર્વાણને પામશે અને સર્વદુઃખોનો અંત કરશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના માતાપિતાની શ્રાવક ધર્મની સાધના તથા અંતિમ આરાધનાનું કથન છે.

ભગવાન મહાવીર સ્વામીના માતા-પિતા ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના ઉપાસક હતા. ત્રેવીસમા અને ચોવીસમા તીર્થંકર વચ્ચે અઢીસો વર્ષનું અંતર હોવાથી ભગવાન મહાવીર સ્વામીના જન્મ સમયે પાર્શ્વનાથ ભગવાનનું શાસન પ્રવર્તમાન હતું, સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણીએ પાર્શ્વનાથ પ્રભુના સાધુઓ પાસે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો હતો.

જે કુળમાં તીર્થંકરો જન્મ ધારણ કરવાના હોય, તે કુળ ઊચ્ચ સંસ્કારોથી સંસ્કારિત હોય છે. ભગવાનના માતા-પિતા પણ રાજકીય સુખમાં, અનુકૂળ વિષય ભોગમાં આસક્ત થયા વિના ગૃહસ્થ જીવનમાં શ્રાવક ધર્મના પાલન દ્વારા સંયમિત જીવન જીવી રહ્યા હતા.

અંત સમયે આલોચના અને પ્રતિક્રમણ પૂર્વક આરાધક ભાવે અંતિમ આરાધના રૂપ સંથારા સહિત આયુષ્ય પૂર્ણ કરીને બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સંયમ-તપ દ્વારા સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

**દીક્ષા ગ્રહણનો સંકલ્પ :–**

**१४ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे णाए णायपुत्ते णायकुलविणिव्वए विदेहे विदेहदिण्णे विदेहजच्चे विदेहसुमाले तीसं वासाइं विदेहे त्ति कट्टु अगारमज्जे वसित्ता अम्मापिऊहिं कालगएहिं देवलोगमणुप्पत्तेहिं समत्तपइण्णे चिच्चा हिरण्णं, चिच्चा सुवण्णं चिच्चा बलं, चिच्चा वाहणं, चिच्चा धण-कणग-रयण-संतसारसावएज्जं, विच्छड्डित्ता विग्गोवित्ता, विस्साणित्ता, दायाएसु णं दायं पज्जभाइत्ता, संवच्छरं दलइत्ता, जे से हेमंताणं पढमे मासे, पढमे पक्खे मग्गसिरबहुले, तस्स णं मग्गसिरबहुलस्स दसमीपक्खेणं हत्थुत्तराहिं णक्खत्तेणं**

**जोगोवगएणं अभिणिक्खमणाभिप्पाए यावि होत्था ।**

**શબ્દાર્થ :–** **णाए णायपुत्ते** = પ્રસિદ્ધ જ્ઞાત પુત્ર **णायकुलविणिव्वए** = જ્ઞાતકુળના ઉત્તરદાયિત્વથી વિનિવૃત્ત અથવા જ્ઞાત કુળમાં ચંદ્ર સમાન આહ્‌લાદકારક હતા, મુક્ત હતા **विदेहे** = વિશિષ્ટ દેહવાળા **विदेहदिण्णे** = ત્રિશલાદેવીના પુત્ર હોવાથી ભગવાનને વિદેહદિન્ન કે વિદેહદત્ત કહે છે **विदेहजच्चे** = વિદેહાર્ચ અર્થાત્ ત્રિશલા માતાની કુક્ષિમાં ઉત્પન્ન થવાના કારણે વિદેહાર્ચ **विदेहसूमाले** = વિદેહસુકુમાર **समत्तपइण्णे** = પ્રતિજ્ઞાપૂર્ણ થવા પર(ગર્ભ સમયની પ્રતિજ્ઞા) **चिच्चा** = છોડીને **बलं** = સેનાને **वाहणं** = વાહનને **धण-कणग-रयण- संतसारसावएज्जं** = ધન, કનક, રત્ન આદિ સારભૂત સત્ત્વ યુક્ત પદાર્થોનો **विच्छड्डित्ता** = છોડીને **विग्गोवित्ता** = દાન શાળામાં ધનને ખુલ્લું મૂકીને **विस्साणित्ता** = દાન આપીને **दायाएसु णं दायं पज्जभाइत्ता** = સંબંધીઓને ભેટ આપીને, જ્ઞાતિજનોમાં ભાગ વહેંચીને **संवच्छरं दलइत्ता** = વર્ષીદાન આપીને.

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે જ્ઞાતપુત્રના નામથી પ્રસિદ્ધ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ્ઞાતકુળના ઉત્તરદાયિત્વથી વિનિવૃત્ત–મુક્ત હતા, અથવા જ્ઞાતકુળમાં ચંદ્રની જેમ સર્વને આનંદ આપનાર હતા, વિદેહ–દેહાસક્તિથી રહિત અથવા વિશિષ્ઠ દેહવાળા અર્થાત્ વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા, વિદેહદત્ત– ત્રિશલા માતાના પુત્ર, ત્રિશલા માતાની કુક્ષિમાં ઉત્પન્ન થયેલા શરીરથી સુકુમાર હતા. તેઓ ત્રીસ વર્ષ ઘરમાં રહ્યા. માતા-પિતા આયુષ્ય પૂર્ણ કરી દેવલોકને પ્રાપ્ત થયા, ત્યારે પોતાની **ગર્ભમાં લીધેલી પ્રતિજ્ઞા** પૂર્ણ થતાં ચાંદી, સોનું, સેના, વાહન, ધન, ધાન્ય, રત્ન આદિ સારભૂત વસ્તુઓનો ત્યાગ કરી, યાચકોને યથેષ્ટ દાન આપી, દાનશાળામાં ધન ખુલ્લું મૂકીને અર્થાત્ દાન કરી, પોતાના સંબંધીઓમાં પદાર્થોનું યોગ્ય વિભાજન કરી, સંવત્સરિક(વાર્ષિક)દાન આપી, હેમંતઋતુના પ્રથમ માસના પ્રથમ પક્ષના અર્થાત્ માગસરવદ દશમના દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો ત્યારે દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા કરી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના અભિનિષ્ક્રમણના સંકલ્પનું નિરૂપણ છે.

પ્રભુ મહાવીર સ્વામીનો આત્મા યુવાવસ્થામાં સંસારમાં રહેવા છતાં કામભોગો પ્રતિ ઉદાસીન, અલિપ્ત અને વિરક્ત હતો. તેઓ પૂર્વકૃત કર્મોના ઉદયને જ્ઞાતા–દૃષ્ટાભાવે ભોગવી રહ્યા હતા.

**सम्मत्त पइण्णे :–** પ્રતિજ્ઞા પૂર્ણ થઈ ત્યારે પ્રભુએ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. પ્રભુની કઈ પ્રતિજ્ઞા હતી અને તે કેવી રીતે પૂર્ણ થઈ, તેનું કથન મૂળ પાઠમાં નથી પરંતુ ગ્રંથોના આધારે કહી શકાય કે–

જે સમયે ભગવાન ગર્ભમાં આવ્યા તે સમયે પોતાના હલન ચલનથી માતાને દુઃખ ન થાય તેવા માતૃ ભક્તિના ભાવથી ભગવાને પોતાના શરીરને સ્થિર કર્યું, પરંતુ આ પ્રક્રિયાથી માતાના મન ઉપર વિપરીત અસર થઈ, માતાને લાગ્યું કે મારો ગર્ભ નષ્ટ થઈ ગયો છે કે શું ? તે વિચારે માતા ખૂબ જ દુઃખી થઈ ગયા. માતાના દુઃખથી સંપૂર્ણ પરિવાર શોકમાં ડૂબી ગયો. અવધિજ્ઞાનથી ભગવાને માતાની વ્યથાને જાણીને હલનચલન શરૂ કરી દીધું અને ત્યારે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી માતા-પિતાની હાજરી હશે ત્યાં સુધી દીક્ષા લઈશ નહિ. માતાપિતાનો વિયોગ થતાં પ્રતિજ્ઞા પૂર્ણ થઈ અને પ્રભુએ સર્વસ્વનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો અને માગસરવદ ૧૦ના દિવસે(ગુજરાતી પ્રમાણે કારતક વદ ૧૦ના દિવસે)દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા પ્રગટ કરી.

**સાંવત્સરિક દાન તથા લોકાંતિક દેવોની વિજ્ઞપ્તિ :–**

**૧૫** **संवच्छरेण होहिइ, अभिणिक्खमणं तु जिणवरिंदस्स ।**
**तो अत्थसंपदाणं, पवत्तइ पुव्वसूराओ ॥**

**શબ્દાર્થ :–संवच्छरेण होहिइ** = આજથી એક વર્ષ થાશે **अभिणिक्खमणं तु** = દીક્ષા લેવાનો સમય **जिणवरिंदस्स** = જિનેશ્વરદેવને **तो** = ત્યાર પછી **अत्थसंपदाणं** = ધન-સંપત્તિનું દાન **पुव्वसूराओ पवत्तइ** = પૂર્વદિશામાં સૂર્ય ઊગે છે ત્યારથી પ્રવૃત્ત થાય છે, આપે છે.

**ભાવાર્થ :–** જિનેશ્વર ભગવાન દીક્ષા લેતાં પહેલાં એક વર્ષ સાંવત્સરિકદાન-વર્ષીદાનનો પ્રારંભ કરે છે. તેઓ દરરોજ સૂર્યોદયથી એક પ્રહર દિવસ સુધી દાન આપે છે.

**૧૬** **एगा हिरण्णकोडी, अट्ठे व अणूणया सयसहस्सा ।**
**सूरोदयमाईयं, दिज्जइ जा पायरासो त्ति ॥**

**શબ્દાર્થ :– एगा हिरण्णकोडी** = એક કરોડ સુવર્ણ મુદ્રા **अट्ठे** = આઠ **अणूणया** = જરા પણ ઓછું નહીં અર્થાત્ સંપૂર્ણ **सयसहस्सा** = લાખ અધિક મુદ્રાનું દાન **सूरोदयमाईयं** = સૂર્યોદયથી લઈને **जा** = જે **दिज्जइ** = દેવાતું હતું **पायरासो त्ति** = એક પ્રહર સુધી.

**ભાવાર્થ :–** ભગવાન પ્રતિદિન સૂર્યોદયથી લઈને એક પ્રહર સુધી, સંપૂર્ણ એક કરોડ, આઠ લાખ સુવર્ણમુદ્રાઓનું દાન આપે છે.

**૧૭** **तिण्णेव य कोडिसया, अट्ठासीइं च होंति कोडीओ ।**
**असीइं च सयसहस्सा, एयं संवच्छरे दिण्णं ॥**

**શબ્દાર્થ :– तिण्णेव** = ત્રણ **कोडिसया** = સો ક્રોડ **अट्ठासीइं होंति कोडीओ** = અઠયાસી કરોડ થાય છે **असीइं सयसहस्सा** = એંશી લાખ **संवच्छरे दिण्णं** = એક વર્ષમાં આટલી સોનામહોરો દાનમાં આપી.

**ભાવાર્થ :–** આ પ્રમાણે ભગવાને એક વર્ષમાં કુલ ત્રણ અબજ, અઠયાસી કરોડ, એંસી લાખ (૩,૮૮,૮૦,૦૦,૦૦૦) સોનામહોરોનું દાન આપ્યું.

**૧૮** **वेसमणकुंडलधरा, देवा लोगंतिया महिड्ढिया ।**
**बोहिंति य तित्थयरं, पण्णरससु कम्मभूमिसु ॥**

**શબ્દાર્થ :– वेसमणकुंडलधरा देवा** = કુંડલના ધારક વૈશ્રમણદેવ(કુબેર) **लोगंतिया** = લોકાંતિક દેવ **महिड्ढिया** = મહાઋદ્ધિવાળા **बोहिंति** = પ્રતિબોધિત કરે છે **पण्णरससु कम्मभूमीसु** = પંદર કર્મભૂમિમાં થનારા.

**ભાવાર્થ :–** કુંડલધારી વૈશ્રમણ દેવ(સાંવત્સરિક દાન માટે ધનરાશિ એકઠી કરી આપે છે.) મહાનઋદ્ધિ સંપન્ન લોકાંતિક દેવો પંદર કર્મભૂમિમાં તીર્થંકર ભગવાનને પ્રતિબોધિત કરે છે.

**૧૯** **बंभम्मि य कप्पम्मि, बोद्धव्वा कण्हराइणो मज्झे ।**
**लोगंतिया विमाणा, अट्ठ सुवत्था असंखेज्जा ॥**

**શબ્દાર્થ :– बंभम्मि य कप्पम्मि** = બ્રહ્મકલ્પમાં **बोद्धव्वा** = જાણવા જોઈએ **कण्हराइणो मज्झे** =

કૃષ્ણ રાજિઓની મધ્યમાં **लोगंतिया विमाणा** = લોકાંતિક દેવોના વિમાનોને **अट्ठ** = આઠ **सुवत्था** = વિસ્તારવાળા **असंखेज्जा** = અસંખ્યાત (યોજન).

**ભાવાર્થ :–** બ્રહ્મ લોક નામના પાંચમા દેવલોકમાં આઠ કૃષ્ણરાજિની મધ્યમાં અસંખ્યાત યોજનના વિસ્તારવાળા(નવ)લોકાંતિક વિમાનો જાણવા જોઈએ.

**૨૦** **एए देवणिकाया, भगवं बोहिंति जिणवरं वीरं ।**
**सव्वजगज्जीवहियं, अरहं तित्थं पवत्तेहि ॥**

**શબ્દાર્થ :–** **एए देवणिकाया** = આ સર્વ દેવોનો સમૂહ **भगवं जिणवरं वीरं** = ભગવાન જિનવર વીરને **बोहिंति** = બોધિત કરે છે, જાગૃત કરે છે, નિવેદન કરે છે **अरहं** = હે અર્હન્ ! **सव्वजगज्जीवहियं** = સર્વ જગતના જીવોને હિતકારી **तित्थं पवत्तेहि** = તીર્થની સ્થાપના કરો.

**ભાવાર્થ :–** આ સર્વ દેવોનો સમૂહ આવીને ભગવાન વીર જિનેશ્વરને પ્રતિબોધ–પ્રેરણાત્મક નિવેદન કરે છે. હે અર્હન્ ! આપ સર્વ જગતના જીવોને હિતકારી ધર્મરૂપ તીર્થની સ્થાપના કરો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં દીક્ષા પૂર્વે તીર્થંકરોના સાંવત્સરિક દાન તથા લોકાંતિક અને વૈશ્રવણ લોકપાલ દેવોની તીર્થ પ્રવર્તાવવા માટેની વિનંતીનું નિરૂપણ છે.

પ્રત્યેક તીર્થંકર દીક્ષા લેતા પૂર્વે એક વરસ પર્યંત સૂર્યોદયથી લઈને એક પ્રહર સુધી પ્રતિદિન એક કરોડ, આઠ લાખ સોનામહોરોનું દાન કરે છે. એક વર્ષમાં ૩૮૮ કરોડ ૮૦ લાખ સોનામહોરો દાનમાં આપે છે. આ કથનથી એ સ્પષ્ટ થાય છે કે આહાર, પાણી, વસ્ત્ર, પાત્રાદિના સુપાત્ર દાનની મહત્તાની સાથે અનુકંપા દાનનું પણ મહત્ત્વ છે. અનુકંપા દાન પણ પુણ્યબંધ તેમજ આત્મવિકાસમાં સહાયક સાધન છે. આગમોમાં અનેક જગ્યાએ અનુકંપાદાનનો ઉલ્લેખ છે. તુંગિયા નગરીના શ્રાવકોની ધર્મભાવના તેમજ ઉદારતાનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે– અભંગ દ્વાર અર્થાત્ તેઓના ઘરના દરવાજા અતિથિઓ માટે હંમેશાં ખુલ્લા રહેતા હતા. તીર્થંકરો મહાપુરુષ છે. તેઓ પ્રશંસા માટે દાન કરતા નથી પરંતુ દયા અને ત્યાગ ભાવથી પ્રેરિત થઈને દાન આપે છે. આ રીતે ભગવાનના દાનથી તેઓની ઉદારતા, જગવત્સલતા તેમજ અનુકંપા દાનની મહત્તાનો ઉજ્વલ આદર્શ પ્રગટ થાય છે.

ભગવાનના સાંવત્સરિક દાન માટેના ધનની વ્યવસ્થા વૈશ્રમણ દેવ કરે છે. દેવોના અનાદિકાલીન જિત વ્યવહારથી, વૈશ્રવણ લોકપાલ દેવના આદેશથી તેના અધીનસ્થ દેવો પ્રતિદિન ભગવાનના ખજાનાને ભરી દે છે. તીર્થંકરોનો દીક્ષાનો સમય જાણી બ્રહ્મલોકવાસી લોકાંતિક દેવ તીર્થંકરને વિનમ્રભાવથી વિજ્ઞપ્તિ કરે છે. જિનેશ્વર સ્વયંબુદ્ધ છે. તેઓને કોઈના બોધની જરૂર નથી પરંતુ લોકાંતિક દેવો તથાપ્રકારથી ભગવાનના વૈરાગ્યની સ્તુતિ કરે છે, અનુમોદના કરે છે. આ પ્રકારનો તેઓનો જિત વ્યવહાર–પરંપરાનુગત આચાર છે.

**લોકાંતિક દેવો :–** પાંચમા બ્રહ્મલોક નામના દેવલોકના ત્રીજા રિષ્ટ નામના પ્રતરમાં એક કિનારે અસંખ્ય યોજન પ્રમાણ ક્ષેત્રના વિસ્તારમાં ચારે ય દિશાઓમાં આઠ કૃષ્ણરાજીઓ છે. આ આઠ કૃષ્ણરાજીના આઠ આંતરામાં આઠ લોકાંતિક વિમાનો અને તે સર્વ કૃષ્ણરાજીઓની મધ્યમાં નવમું લોકાંતિક વિમાન, આ રીતે નવ લોકાંતિક દેવોના નવ વિમાનો છે.

**ભગવાનનો અભિનિષ્ક્રમણ મહોત્સવ :–**

**૨૧** **तओ णं समणस्स भगवओ महावीरस्स अभिणिक्खमणाभिप्पायं जाणित्ता भवणवइ-वाणमंतर-जोइसिय-विमाणवासिणो देवा य देवीओ य सएहिं-सएहिं रूवेहिं, सएहिं-सएहिं णेवत्थेहिं, सएहिं-सएहिं चिंधेहिं, सव्विड्ढीए सव्वजुईए सव्वबलसमुदएणं सयाइं-सयाइं जाणविमाणाइं दुरुहंति । सयाइं सयाइं जाणविमाणाइं दुरुहित्ता अहाबायराइं पोग्गलाइं परिसाडेंति । अहाबायराइं पोग्गलाइं परिसाडेत्ता अहासुहुमाइं पोग्गलाइं परियाइंति । अहासुहुमाइं पोग्गलाइं परियाइत्ता उड्ढं उप्पयंति । उड्ढं उप्पइत्ता ताए उक्किट्ठाए सिग्घाए चवलाए, तुरियाए दिव्वाए देवगईए अहेणं ओवयमाणा-ओवयमाणा तिरिएणं असंखेज्जाइं दीव समुद्दाइं वीइक्कममाणा वीइकम्ममाणा जेणेव जंबुद्दीवे तेणेव उवागच्छंति तेणेव उवागच्छित्ता जेणेव उत्तरखत्तियकुंडपुरसण्णिवेसे तेणेव उवागच्छंति तेणेव उवागच्छित्ता जेणेव उत्तरखत्तियकुंडपुरसंणिवेसस्स उत्तरपुरत्थिमे दिसीभाए तेणेव झत्ति वेगेण ओवइया ।**

**શબ્દાર્થ :–** **सएहिं सएहिं रूवेहिं** = પોતપોતાના રૂપોથી **सएहिं-सएहिं णेवत्थेहिं** = પોતપોતાના વેશથી **सएहिं-सएहिं चिंधेहिं** = પોતપોતાના ચિહ્નોથી યુક્ત થઈને **सव्वजुईए** = સર્વ દ્યુતિ-જ્યોતિથી **अहेणं** = નીચેની તરફ **ओवयमाणा** = ઉતરતાં **वीइक्कममाणा** = ઉલ્લંઘન કરતા **तेणेव** = ત્યાં **झत्ति वेगेण ओवइया** = અત્યંત વેગપૂર્વક ઉતરે છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અભિનિષ્ક્રમણ–દીક્ષાના અભિપ્રાયને જાણીને ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો તેમજ દેવીઓ પોતપોતાના રૂપથી, પોતપોતાના વસ્ત્રોથી અને પોત પોતાના ચિહ્નોથી યુક્ત થઈને તેમજ પોતાની સર્વ ઋદ્ધિ, દ્યુતિ અને સેના સમુદાય સહિત પોતપોતાના વિમાનોમાં ચઢ્યા. વિમાનમાં ચઢીને, બાદર પુદ્ગલોને છોડીને,(બાદરના પુદ્ગલોને ગ્રહણ ન કરતા)સૂક્ષ્મ પુદ્ગલોને ચારે બાજુથી ગ્રહણ કરીને, ઊંચે ઊડીને પછી ઉત્કૃષ્ટ, શીઘ્રતાપૂર્ણ, ચપલ તથા ત્વરાયુક્ત, દિવ્ય દેવગતિથી નીચે ઉતરતાં ઉતરતાં, ક્રમથી તિરછા લોકમાં રહેલા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો ઉપરથી પસાર થઈને, જંબૂદ્વીપ નામના દ્વીપમાં ક્ષત્રિયકુંડપુર સંનિવેશની સમીપે આવીને ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશના ઈશાનકોણમાં તીવ્ર વેગથી નીચે ઊતર્યા.

**૨૨** **तओ णं सक्के देविंदे देवराया सणियं-सणियं जाणविमाणं ठवेइ । सणियं-सणियं जाण विमाणं ठवेत्ता सणियं-सणियं जाणविमाणाओ पच्चोयरइ, सणियं-सणियं जाणविमाणाओ पच्चोयरित्ता एगंतमवक्कमेइ । एगंतमवक्कमित्ता महया वेउव्विएणं समुग्घाएणं समोहणइ । महया वेउव्विएणं समुग्घाएणं समोहणित्ता एगं महं णाणामणि-कणग-रयणभत्तिचित्तं सुभं चारुकंतरूवं देवच्छंदयं विउव्वंति। तस्स णं देवच्छंदयस्स बहुमज्झदेसभागे एगं महं सपायपीठं सीहासणं णाणा मणि-कणग रयणभत्तिचित्तं सुभं चारुकंतरूवं विउव्वइ, विउव्वित्ता जेणेव समणे**

भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं-पयाहिणं करेइ, समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेत्ता समणं भगवं महावीरं वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता समणं भगवं महावीरं गहाय, जेणेव देवच्छंदए तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता सणियं सणियं पुरत्थाभिमुहे सीहासणे णिसीयावेइ, सणियं सणियं पुरत्थाभिमुहं णिसीयावेत्ता, सयपागसहस्सपागेहिं तेल्लेहिं अब्भंगेइ, सयपाग-सहस्सपागेहिं तेल्लेहिं अब्भंगेत्ता सुद्धोदएणं मज्जावेइ, मज्जावेत्ता गंधकासाएहिं उल्लोलेइ, उल्लोलेत्ता ति-पडोलतित्तएणं साहिएण सीयएण गोसीसरत्तचंदणेणं अणुलिंपइ, अणुलिंपेत्ता, जस्स य मूलं सयसहस्सं ईसिणिस्सासवातवोज्झं वरणगरपट्टणुग्गयं, कुसलणरपसंसियं, अस्सलालापेलयं छेयायरियकणग-खचियंत-कम्मं हंसलक्खणं पट्टजुयलं णियंसावेइ, णियंसावेत्ता हारं अद्धहारं उरत्थं एगावलिं पालंबसुत्त-पट्ट-मउड-रयणमालाइं आविंधावेइ, आविंधावेत्ता गंथिम-वेढिम-पूरिम-संघाइमेणं मल्लेणं कप्परुक्खमिव समलंकरेइ;

समलंकरेत्ता दोच्चं पि महया वेउव्वियसमुग्घाएणं समोहणइ समोहणित्ता एगं महं चंदप्पभं सिवियं सहस्सवाहिणिं विउव्वइ, तं जहा– ईहामिय-उसभ-तुरग-णर-मकर-विहग-वाणर-कुंजर रुरु-सरभ-चमर-सद्दूल-सीह-वण-लय-विचित्त-विज्जाहर-मिहुण-जुयलजंतजोगजुत्तं अच्चीसहस्समालिणीयं सुणिरूविय-मिसमिस्संतरूवग-सहस्सकलियं ईसिंभिसमाणं भिब्भिसमाणं चक्खुल्लोयणलेस्सं मुत्ताहलमुत्तजालंतरोवियं तवणीयपवरलंबूस-पलंबंतमुत्तदामं हारद्धहारभूसण-समोणयं अहियपेच्छणिज्जं पउमलय भत्तिचित्तं असोगलयभत्तिचित्तं कुंदलय-भत्तिचित्तं णाणालयभत्तिविरइयं सुभं चारुकंतरूवं णाणामणिपंचवण्ण-घंटापडागपरिमंडियग्गसिहरं सुभं चारुकंतरूवं पासाईयं दरिसणीयं सुरूवं ।

**શબ્દાર્થ :–** **पच्चोयरइ** = વિમાનમાંથી નીચે ઉતર્યા **णाणामणि-कणग-रयणभत्तिचित्तं** = વિવિધ પ્રકારના મણિ, કનક, રત્નાદિથી ચિત્રિત દિવાલ યુક્ત **सुभं चारुकंतरूवं देवच्छंदयं विउव्वइ** = શુભ, મનોહર, કમનીય રૂપ વાળા, દેવચ્છંદકની વિકુર્વણા કરી, **सयपागसहस्सपागेहिं तेल्लेहिं अब्भंगेइ** = શતપાક અને સહસ્રપાક તેલથી માલિશ કર્યું **गंधकासाएहिं** = સુગંધિત દ્રવ્યોથી **उल्लोलेइ** = ઉબટન, લેપ કર્યો **तिपडोलतित्तएणं(तिपडोल्लइएणं) साहिएणं** = ત્રણ પુટથી સિંચિત અને સાધિત **सीयएणं** = અત્યંત શીતળ **गोसीसरत्तचंदणेणं** = ગોશીર્ષ રક્તચંદનથી **अणुलिंपइ** = લેપ કર્યો **जस्स य मुल्लं सयसहस्सं** = જેનું મૂલ્ય એક લાખ સોનામહોર છે **ईसिणिस्सासवातवोज्झं** = નાકના વાયરે ઊડી જાય તેવા **वरणगरपट्टणुग्गयं** = શ્રેષ્ઠ શહેરમાં બનાવેલા તેમજ **कुसलणरपसंसियं** = કુશળ પુરુષો દ્વારા પ્રશંસિત **अस्सलाला पेलयं** = ઘોડાના મુખના ફીણ સમાન શ્વેત, મનોહર **छेयायरियकणगखचियंतकम्मं** = ચતુર કારીગરો દ્વારા સુવર્ણતારોથી ગૂંથેલ(ખચિત) **हंसलक्खणं पट्टजुयलं** = હંસ જેવા સફેદ બે વસ્ત્રોને

**णियंसावेइ** = પહેરાવ્યા **हारं अद्धहारं उरत्थं** = હાર, અર્ધહાર, વક્ષસ્થળનું સુંદર આભૂષણ **एगावलिं** = એકાવલી હાર **पालंबसुत्त-पट्ट-मउड-रयणमालाइं** = લટકતી માળા, કટિસૂત્ર– કંદોરો, મુકુટ તથા રત્ન માળાઓ **आविंधावेइ** = પહેરાવી **गंथिम-वेढिम- पूरिम-संघाइमेणं** = ગૂંથેલી, વેષ્ટિત કરેલી, ભરીને બનાવેલી તેમજ એકબીજાને જોડીને બનાવેલી **मल्लेणं** = માળાઓથી **कप्परुक्खमिव** = કલ્પવૃક્ષની જેમ **समलंकरेइ** = અલંકૃત કર્યા **ईहामिय-उसभ-तुरग-णर-मकर-विहग-वाणर-कुंजर रुरु-सरभ-चमर-सद्दूल-सीह- वणलयविचित्तविज्जाहर-मिहुण-जुगलजंतजोगजुत्तं** = વરુ, બળદ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, વાંદરા, હાથી, રુરુ-મૃગવિશેષ, અષ્ટાપદ, ચમરીગાય, વાઘ, સિંહ, વનલતા વગેરે અનેક ચિત્રોથી ચિત્રિત, યંત્રોથી ફરતી, વિદ્યાધર યુગલ(પુતળીઓ)થી યુક્ત **अच्चीसहस्स मालिणीयं** = સૂર્યના હજારો કિરણોથી યુક્ત, સુશોભિત **सुणिरूविय-मिसमिसेंतरूवगसहस्सकलियं** = જેમાં સારી રીતે નિરૂપણ કર્યું છે, તેવી તેજસ્વી હજારો રૂપોથી દેદીપ્યમાન **भिसमाणं** = ચમકતા **भिब्भिसमाणं** = અત્યંત દેદીપ્યમાન **चक्खुल्लोयणलेस्सं** = આંખને આંજી દે તેવા તેજવાળી **मुत्ताहडमुत्तजालंतरोवियं** = મોતીઓ અને મોતીઓના ઝુમખાઓથી શોભિત **तवणीयपवरलंबूस–पलंबंतमुत्तदामं** = તપાવેલા સોનાની પાંખડીઓથી યુક્ત ચારે તરફ લટકતી મોતીઓની માળા જેમાં દેખાય છે **हारद्धहारभूसणसमोणयं** = હાર, અર્દ્ધહાર આદિ ભૂષણોથી વિભૂષિત **अहियपेच्छणिज्जं** = અધિક જોવા યોગ્ય **पउमलयभत्तिचित्तं** = પદ્મલતાના ચિત્રોથી ચિત્રિત **असोगलयभत्तिचितं** = અશોકવનની જેમ ચિત્રિત **कुंदलयभत्तिचित्तं** = કુંદલતાના ચિત્રોથી ચિત્રિત **णाणालयभत्तिविरइयं** = વિવિધ પ્રકારની પુષ્પલતાઓના ચિત્રોથી ચિત્રિત-વિરચિત **सुभं चारुकंतरूवं** = શુભ, મનોહર, કાંતરૂપ **णाणामणिपंचवण्ण–घंटापडागपरिमंडियग्गसिहरं** = વિવિધ પ્રકારના પાંચવર્ણના મણિઓ, ઘંટાઓ અને ધજાઓથી જેનો શિખરભાગ સુશોભિત થઈ રહ્યો છે **सुभं चारुकंतरूवं** = શુભ, મનોહર, કમનીય રૂપવાળી **पासाईयं** = દર્શકોને પ્રસન્નતા આપનારી **दरिसणीयं** = દર્શનીય **सुरूवं** = સુરૂપ(તે શિબિકા હતી).

**ભાવાર્થ :–** ત્યાર પછી દેવોના ઈન્દ્ર દેવરાજ શકેન્દ્રે પોતાનું વિમાન ધીરે ધીરે ત્યાં સ્થિર કર્યું. તે દેવ ધીરે ધીરે વિમાનમાંથી ઉતર્યા અને એકાંતમાં(એક બાજુ) ગયા. એકાંતમાં જઈને તેઓએ એક મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો. મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કરીને વિવિધ પ્રકારના મણિ, સુવર્ણ, રત્ન આદિથી જડિત, શુભ, સુંદર, મનોહર, કમનીય રૂપવાળા એક મોટા દેવચ્છંદક–મંડપની રચના કરી. તે દેવચ્છંદકની બરોબર મધ્યમાં પાદપીઠ સહિત એક વિશાળ સિંહાસનની રચના કરી, જે અનેક મણિ, સુવર્ણ, રત્નાદિથી જડિત, ચિત્રિત, શુભ, સુંદર, કાંત અને રમ્ય હતું. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણવાર આદક્ષિણા, પ્રદક્ષિણાપૂર્વક વંદના નમસ્કાર કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને લઈને તે મંડપ પાસે આવ્યા અને ધીરે ધીરે તે દેવચ્છંદકમાં રહેલા સિંહાસન ઉપર ભગવાનને પૂર્વાભિમુખ બેસાડ્યા. સિંહાસન ઉપર પ્રભુને બેસાડીને ઈન્દ્રે ધીરે ધીરે પ્રભુના શરીર ઉપર શતપાક, સહસ્રપાક તેલથી માલિશ કર્યું, શુદ્ધ-સ્વચ્છ પાણીથી ભગવાનને સ્નાન કરાવ્યું, સુગંધ યુક્ત કાષાયિક દ્રવ્યોથી ઉદ્વર્તન કર્યું અને ત્રણ પુટથી સિંચિત અને સાધિત અત્યંત શીતલ ગોશીર્ષ રક્તચંદનનો શરીર પર અનુલેપ કર્યો. ત્યારપછી એક લાખ સોનામહોરના મૂલ્યવાળા, ધીમા શ્વાસના વાયરે પણ ઊડી જાય તેવા, વિશિષ્ટ નગરમાં બનેલા, કુશળ પુરુષો દ્વારા પ્રશંસિત, ઘોડાના મુખની લાળ જેવા સફેદ અને મનોહર, ચતુર કારીગરો દ્વારા સોનાના તારોથી વિભૂષિત અને હંસ સમાન સફેદ બે વસ્ત્રો પ્રભુને પહેરાવ્યા. ત્યાર પછી હાર, અર્દ્ધહાર, વક્ષસ્થળનું આભૂષણ, એકાવલી હાર, લટકતી માળા,

કંદોરો, મુગટ, રત્નની માળાઓ આદિ આભૂષણો પ્રભુને પહેરાવ્યા. ત્યારપછી ગૂંથેલી, વેષ્ટિત કરેલી, ભરીને બનાવેલી, એક બીજાને જોડીને બનાવેલી; આ ચાર પ્રકારની પુષ્પોની માળાઓથી ભગવાનને કલ્પવૃક્ષની સમાન અલંકૃત કર્યા.

ત્યારપછી ઈન્દ્રે બીજીવાર મોટો વૈક્રિય સમુદ્ઘાત કર્યો, વૈક્રિય સમુદ્ઘાત કરીને એક હજાર પુરુષો દ્વારા વહન કરી શકાય તેવી **ચંદ્રપ્રભા** નામની શિબિકાની રચના કરી. તે શિબિકા વરુ, હરણ, બળદ, અશ્વ, નર, મગરમચ્છ, પક્ષી, વાનર, હાથી, રુરુ– મૃગવિશેષ, સરભ– અષ્ટાપદ, ચમરીગાય, વાઘ, શાર્દૂલસિંહ આદિના ચિત્રો તથા વનલતા આદિ લતાઓના ચિત્રોથી ચિત્રિત, યંત્રો દ્વારા ફરતા અનેક વિદ્યાધર યુગલો(પુતળીઓ)થી શોભિત, રત્નોના હજાર કિરણોથી સુશોભિત, સૂર્યની જ્યોતિ સમાન દેદીપ્યમાન હતી. તેનું ચમકતું રૂપ અત્યંત શોભનીય, વર્ણનીય હતું. તે હજાર રૂપોથી સંપન્ન દેદીપ્યમાન તથા અત્યંત દેદીપ્યમાન હતી. તેનું તેજ આંખોને આંજી દે તેવું હતું. તે શિબિકા મોતીઓ અને મોતીઓની માળાઓથી યુક્ત, તપાવેલા સોનાના શ્રેષ્ઠ તોરણથી શોભાયમાન; હાર, અર્ધહાર આદિ આભૂષણોથી શણગારેલી અને અત્યંત દર્શનીય હતી. તેના પર પદ્મલતા, અશોકલતા, કુંદલતા આદિ તથા અન્ય અનેક પ્રકારની વનલતાઓ ચિત્રિત હતી. તે શિબિકા શુભ, સુંદર, કમનીય રૂપવાળી હતી. તેનો ઉપરનો ભાગ પંચરંગી અનેક મણિઓ, ઘંટાઓ અને પતાકાઓથી શોભિત હતો. આ પ્રમાણે તે શિબિકા સ્વયં શુભ, સુંદર, કમનીય, મનને પ્રસન્ન કરનાર, દર્શનીય અને અતિ સુંદર હતી.

**૨૩** **सीया उवणीया जिणवरस्स, जरमरणविप्पमुक्कस्स ।**
**ओसत्तमल्लदामा, जलथलयदिव्वकुसुमेहिं ॥**

**શબ્દાર્થ :–** **जिणवरस्स** = જિનેશ્વર માટે **जरमरणविप्पमुक्कस्स** = જરા અને મરણથી મુક્ત થવા માટે **सीया** = શિબિકા **उवणीया** = લાવવામાં આવી **जल-थलयदिव्वकुसुमेहिं** = જળ અને સ્થળમાં ઉત્પન્ન થનાર દિવ્ય પુષ્પો **ओसत्तमल्लदामा** = ગૂંથેલી માળાઓ બાંધી.

**ભાવાર્થ :–** જરા, મરણથી મુક્ત જિનેશ્વર ભગવાન માટે શિબિકા લાવવામાં આવી. તે શિબિકા જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલા દિવ્ય પુષ્પો અને વૈક્રિય લબ્ધિથી બનાવેલી પુષ્પ માળાઓથી સુશોભિત હતી.

**૨૪** **सिबियाए मज्झयारे, दिव्वं वररयणरूवचेवइयं ।**
**सीहासणं महरिहं, सपादपीठं जिणवरस्स ॥**

**શબ્દાર્થ :–** **वररयणरूवचेवइयं** = શ્રેષ્ઠ રત્નોથી પ્રતિબિંબિત **महरिहं** = બહુ મૂલ્યવાન **सपादपीठं** = પાદ પીઠિકા સહિતનું.

**ભાવાર્થ :–** તે શિબિકાના મધ્યભાગમાં તીર્થંકર ભગવાન માટે પાદપીઠ સહિત એક સિંહાસન બનાવ્યું હતું. તે સિંહાસન દિવ્ય, ઉત્તમ, રત્નોથી ચમકી રહ્યું હતું.

**૨૫** **आलइयमालमउडो, भासुरबोंदी वराभरणधारी ।**
**खोमयवत्थणियत्थो, जस्स य मोल्लं सयसहस्सं ॥**

**શબ્દાર્થ :–** **आलइयमालमउडो** = માળાઓ અને મુકુટથી અલંકૃત હોવાથી **भासुरबोंदी** = જેનું શરીર દેદીપ્યમાન થઈ રહ્યું છે **वराभरणधारी** = શ્રેષ્ઠ આભૂષણોને ધારણ કરેલ **खोमयवत्थणियत्थो** = સુતરાઉ વસ્ત્રો ધારણ કરેલા **मोल्लं सयसहस्सं** = જેનું મૂલ્ય એક લાખનું છે.

**ભાવાર્થ :–** માળાઓ અને મુગટથી શોભિત, તેજોમય શરીરવાળા, ઉત્તમ આભૂષણો તથા એક લાખ સોનામહોરોની કિંમતવાળા દિવ્ય ક્ષૌમ વસ્ત્ર(સુતરાઉ વસ્ત્ર)ને ધારણ કરનારા ભગવાનનું શરીર દેદીપ્યમાન થઈ રહ્યું હતું.

**૨૬** **छट्ठेणं भत्तेणं, अज्झवसाणेण सोहणेण जिणो ।**
**लेस्साहिं विसुज्झंतो, आरुहइ उत्तमं सीयं ॥**

**શબ્દાર્થ :–छट्ठेणं भत्तेणं** = છઠ તપ સાથે **सोहणेण अज्झवसाणेण** = સુંદર અધ્યવસાયથી **लेसाहिं** = લેશ્યાથી **विसुज्झंतो** = વિશુદ્ધ **जिणो** = જિનેશ્વર **उत्तमं सीयं आरुहइ** = ઉત્તમ શિબિકામાં બિરાજમાન થયા.

**ભાવાર્થ :–** તે સમયે છઠના પ્રત્યાખ્યાન સહિત, પ્રશસ્ત અધ્યવસાયથી યુક્ત, શુભલેશ્યાઓની વિશુધ્ધિમાં પ્રવર્તમાન જિનેશ્વર ભગવાન ઉત્તમ શિબિકામાં બિરાજમાન થયા.

**૨૭** **सीहासणे णिविट्ठो, सक्कीसाणा य दोहिं पासेहिं ।**
**वीयंति चामराहिं, मणि रयण विचित्तदंडाहि ॥**

**શબ્દાર્થ :– सीहासणे णिविट्ठो** = સિંહાસન ઉપર બિરાજીત થયા પછી **सक्कीसाणा** = શક્રેન્દ્ર અને, ઈશાનેન્દ્ર **दोहिं पासेहिं** = બંને બાજુથી **चामराहिं** = ચામરો **मणि-रयण-विचित्तदंडाहिं** = મણિ, રત્નાદિથી ચિત્રિત દંડવાળા(ચામરો) **वीयंति** = વીંજવા લાગ્યા.

**ભાવાર્થ :–** જ્યારે ભગવાન સિંહાસન ઉપર બિરાજીત થયા ત્યારે શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર ભગવાનની બંને બાજુએ ઊભા રહી, ભગવાન ઉપર વિવિધ મણિઓ અને રત્નોથી યુક્ત દંડવાળા ચામર વીંઝવા લાગ્યા.

**૨૮** **पुव्विं उक्खित्ता माणुसेहिं, साहट्ठरोमकूवेहिं ।**
**पच्छा वहंति देवा, सुर असुर गरुल णागिंदा ॥**

**શબ્દાર્થ :– साहट्ठरोमकूवेहिं** = હર્ષથી રોમાંચિત **माणुसेहिं** = મનુષ્યોએ **पुव्विं** = પ્રથમ **उक्खित्ता** = શિબિકાને ઉઠાવીને **पच्छा** = પાછળ **वहंति देवा सुर-असुर गरुल णागिंदा** = દેવ, સુર–વૈમાનિક દેવ, અસુરકુમાર, ગરુડકુમાર, નાગકુમારના ઈન્દ્રે વહન કરી–ઉપાડી.

**ભાવાર્થ :–** સૌથી પહેલા હર્ષથી રોમાંચિત થયેલા મનુષ્યોએ તે શિબિકાને ઉપાડી, ત્યારપછી સુર, અસુર, ગરુડ અને નાગેન્દ્ર આદિ દેવો તેને ઉપાડીને ચાલવા લાગ્યા.

**૨૯** **पुरओ सुरा वहंति, असुरा पुण दाहिणम्मि पासम्मि ।**
**अवरे वहंति गरुला, णागा पुण उत्तरे पासे ॥**

**શબ્દાર્થ :– पुरओ** = પૂર્વ બાજુથી **सुरा** = વૈમાનિક દેવોએ **पुण** = ફરી **असुरा दाहिणम्मि पासम्मि** = દક્ષિણ બાજુથી અસુરકુમારોએ **अवरे गरुला** = પશ્ચિમ બાજુથી ગરુડ– સુવર્ણકુમારોએ **णागा पुण उत्तरे पासे** = ઉત્તર બાજુથી નાગકુમારોએ **वहंति** = વહન કરી–ઉપાડી.

**ભાવાર્થ :–** વૈમાનિક દેવોએ પૂર્વ દિશા તરફથી, અસુર દેવોએ દક્ષિણ દિશા તરફથી, ગરુડ દેવોએ પશ્ચિમ દિશા તરફથી અને નાગકુમાર દેવોએ ઉત્તર દિશા તરફથી તે શિબિકાને ઉપાડી.

**૩૦** **वणसंडं व कुसुमियं, पउमसरो वा जहा सरयकाले ।**
**सोहइ कुसुमभरेणं, इय गगणतलं सुरगणेहिं ॥**

**શબ્દાર્થ :–** **कुसुमियं** = વિકસિત **वणसंडं** = વનખંડ **सरयकाले** = શરદઋતુમાં **कुसुमभरेणं** = ખીલેલા ફૂલોથી યુક્ત **पउमसरो** = પદ્મસરોવર **सोहइ** = શોભે છે **सुरगणेहिं गगणतलं** = દેવોના સમૂહથી આકાશમંડળ શોભવા લાગ્યું.

**ભાવાર્થ :–** જેમ ખીલેલા પુષ્પોથી વનખંડ, શરદઋતુમાં કમળોના સમૂહથી પદ્મ સરોવર શોભે છે, તેમ દેવોથી નભોમંડળ શોભવા લાગ્યું.

**૩૧** **सिद्धत्थवणं व जहा, कणियारवणं व चंपगवणं वा ।**
**सोहइ कुसुमभरेणं, इय गगणतलं सुरगणेहिं ॥**

**શબ્દાર્થ :–** **कुसुमभरेणं** = પુષ્પોના સમૂહથી **सिद्धत्थवणं** = સરસવોનું વન **कणियारवणं** = કણેરનું વન **चंपगवणं** = ચંપકવન.

**ભાવાર્થ :–** જેમ સરસવોના વન, કણેરના વન અથવા ચંપકવન ફૂલોના સમૂહથી શોભે છે, તેમ દેવોના સમૂહથી નભોમંડલ શોભવા લાગ્યું.

**૩૨** **वरपडहभेरिझल्लरि, संखसयसहस्सिएहिं तूरेहिं ।**
**गगणतले धरणितले, तूरणिणाओ परमरम्मो ॥**

**શબ્દાર્થ :–** **वरपडह-भेरि-झल्लरि-संखसयसहस्सिएहिं** = શ્રેષ્ઠ ઢોલ, ભેરી, ઝાલર, શંખ, આદિ લાખો **तूरेहिं** = વાજિંત્રોના શબ્દોથી **गगणतले** = આકાશમંડળ તથા **धरणितले** = પૃથ્વીતલ **तूरणिणाओ** = વાજિંત્રોના શબ્દોથી **परमरम्मो** = પરમ રમણીય થઈ ગયું.

**ભાવાર્થ :–** તે સમયે શ્રેષ્ઠ ઢોલ, ભેરી, ઝાલર, શંખ આદિ લાખો વાજિંત્રોના શબ્દોથી નભોમંડળ અને પૃથ્વીતલ પરમ રમણીય બની ગયું.

**૩૩** **ततविततं घण झुसिरं, आउज्जं चउव्विहं बहुविहीयं ।**
**वायंति तत्थ देवा, बहूहिं आणट्टगसएहिं ॥**

**શબ્દાર્થ :–** **आणट्टगसएहिं** = સેંકડો નૃત્યો સહિત.

**ભાવાર્થ :–** ત્યાં સેંકડો દેવો નૃત્યો સહિત અનેક પ્રકારના તત, વિતત, ઘન અને ઝુષિર; આ ચારે ય પ્રકારના વાજિંત્રો વગાડવા લાગ્યા.

**૩૪** **तेणं कालेणं तेणं समएणं जे से हेमंताणं पढमे मासे पढमे पक्खे मग्गसिरबहुले, तस्स णं मग्गसिरबहुलस्स दसमीपक्खेणं, सुव्वएणं दिवसेणं, विजएणं मुहुत्तेणं, हत्थुत्तर णक्खत्तेणं जोगोवगएणं पाईणगामिणीए छायाए, वियत्ताए पोरसीए, छट्ठेणं भत्तेणं अपाणएणं, एगं साडगमायाए चंदप्पभाए सिबियाए सहस्सवाहिणीए सदेवमणुयासुराए परिसाए समणिज्जमाणे समणिज्जमाणे**

**उत्तरखत्तियकुंडपुरसण्णिवेसस्स मज्झंमज्झेणं णिग्गच्छइ, णिगच्छित्ता जेणेव णायसंडे उज्जाणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता ईसिं रयणिप्पमाणं अच्छुप्पेणं भूमिभागेणं सणियं सणियं चंदप्पभं सिवियं सहस्सवाहिणिं ठवेइ, सणियं-सणियं चंदप्पभाओ सिबियाओ सहस्सवाहिणीओ पच्चोयरइ, पच्चोयरित्ता सणियं सणियं पुरत्थाभिमुहे सीहासणे णिसीयइ, आभरणालंकारं ओमुयइ । तओ णं वेसमणे देवे जण्णुपायपडिए समणस्स भगवओ महावीरस्स हंसलक्खणेणं पडेणं आभरणालंकारं पडिच्छइ ।**

**तओ णं समणे भगवं महावीरे दाहिणेणं दाहिणं, वामेणं वामं पंचमुट्ठियं लोयं करेइ । तओ णं सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स जण्णुव्वायपडिए वइरामएणं थालेणं केसाइं पडिच्छइ, पडिच्छित्ता अणुजाणेसि भंते ! त्ति कट्टु, खीरोयं सायरं साहरइ । तओ णं समणे भगवं महावीरे दाहिणेणं दाहिणं वामेणं वामं पंचमुट्ठियं लोयं करेत्ता सिद्धाणं णमोक्कारं करेइ, करेत्ता सव्वं मे अकरणिज्जं पावकम्मं ति कट्टु सामाइयं चरित्तं पडिवज्जइ, सामाइयं चरित्तं पडिवज्जेत्ता देवपरिसं च मणुयपरिसं च आलिक्खचित्तभूयमिव ठवेइ ।**

**શબ્દાર્થ :–** **पाईणगामिणीए छायाए** = છાયા પૂર્વ દિશામાં ઢળી રહી હતી ત્યારે **वियत्ताए पोरसीए** = બીજો પ્રહર પૂર્ણ થઈ જવા પર **छट्ठेणं भत्तेणं** = છઠ ઉપવાસથી યુક્ત **अपाणएणं** = નિર્જલા **एगं साडगमायाए** = કેવળ એક દેવદૂષ્ય વસ્ત્ર લઈને **समणिज्जमाणे** = સન્માનિત થતાં **ईसिंरयणिप्पमाणं** = કંઈક ઓછું એક હાથ પ્રમાણ **अच्छुप्पेणं** = ઊંચી **भूमिभागेणं** = ભૂમિ ઉપર **जण्णुपायपडिए** = ઘૂંટણો ટેકવીને **हंसलक्खणेणं पडेणं** = હંસ સમાન ઉજ્જવળ અને હંસના ચિહ્નથી યુક્ત વસ્ત્રથી **पडिच्छइ** = ગ્રહણ કર્યું **खीरोयं सागरं साहरइ** = ક્ષીર સમુદ્રમાં પ્રવાહિત કર્યા **सिद्धाणं णमोक्कारं करेइ** = સિદ્ધોને નમસ્કાર કર્યા **सव्वं मे** = સર્વ પ્રકારથી મને **अकरणिज्जं पावकम्मं** = પાપકાર્ય અકરણીય છે અર્થાત્ હું સર્વ પાપોનો ત્યાગ કરું છું **ति कट्टु** = એમ કહીને **सामाइयं चरित्तं पडिवज्जइ** = સામાયિક ચારિત્રને ગ્રહણ કર્યું **आलिक्खचित्तभूयमिव ठवेइ** = ભીંત ઉપર આલેખેલા ચિત્રની જેમ સ્થિર થઈ ગઈ અર્થાત્ પરિષદ ચિત્રવત્ સ્તબ્ધ થઈ ગઈ.

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે હેમંત ઋતુના પ્રથમ માગસર માસના, પ્રથમ વદ પક્ષમાં અર્થાત્ માગસરવદ દશમ તિથિના સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તમાં, હસ્તોત્તર નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો અને છાયા પૂર્વદિશામાં ઢળી રહી હતી ત્યારે(સૂર્ય પશ્ચિમમાં જઈ રહ્યો હતો ત્યારે), બીજો પ્રહર પૂર્ણ થઈ ગયા પછી ચોવિહારા છઠની તપશ્ચર્યા સહિત, એક માત્ર દેવદૂષ્ય વસ્ત્રને લઈ ભગવાન મહાવીર સ્વામી ચંદ્રપ્રભા નામની સહસ્રવાહિની શિબિકામાં બિરાજમાન થયા હતા. દેવો, મનુષ્યો અને અસુરો સાથે મળીને તે શિબિકાનું વહન કરતાં-કરતાં ક્ષત્રિયકુંડપુર સંનિવેશની મધ્યમાંથી પસાર થઈને જ્ઞાતખંડ નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં પહોંચીને દેવોએ જમીનથી કિંચિત્ ન્યૂન એક હાથ ઊંચે ચંદ્રપ્રભા શિબિકાને સ્થિર કરી. ભગવાન તે શિબિકામાંથી ધીરે ધીરે નીચે ઉતરીને, સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બિરાજમાન

થયા. સિંહાસન ઉપર બેસીને ભગવાને અલંકારો ઉતાર્યા. તરત જ વૈશ્રમણ દેવે ઘૂંટણ જમીન ઉપર ઢાળીને અર્થાત્ વજાસને બેસીને ભક્તિભાવ પૂર્વક પ્રભુના આભૂષણોને હંસ સમાન ઉજ્જવળ અને હંસના ચિહ્નથી યુક્ત સફેદ વસ્ત્રમાં ગ્રહણ કર્યા.

ત્યાર પછી ભગવાને જમણા હાથથી જમણી તરફના અને ડાબા હાથથી ડાબી તરફના કેશોનો પંચમુષ્ઠિ લોચ કર્યો. દેવરાજ શક્રેન્દ્રે શ્રમણ ભગવાન મહાવીરની સામે ઘૂંટણ જમીન ઉપર ઢાળીને અર્થાત્ વજાસને બેસીને, તે કેશોને વજરત્નમય થાળમાં ગ્રહણ કર્યા, કેશોને ગ્રહણ કરીને, **હે પ્રભો! આપની આજ્ઞા હો,** એમ કહીને તે કેશોને વૈક્રિય શક્તિ દ્વારા સંહરણ કરીને ક્ષીર સમુદ્રમાં વિસર્જિત કર્યા, ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સિદ્ધોને નમસ્કાર કર્યા, નમસ્કાર કરીને, **આજથી મારા માટે સર્વ પાપકર્મ અકરણીય છે અર્થાત્ સર્વ પ્રકારની પાપકારી પ્રવૃત્તિઓનો હું ત્યાગ કરું છું,** આ પ્રમાણે પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ કરીને સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે દેવો અને મનુષ્યો બંનેની પરિષદ ચિત્રવત્ સ્તબ્ધ બની ગઈ અર્થાત્ સ્થિર થઈ ગઈ.

**૩૫** **दिव्वो मणुस्सघोसो, तुरियणिणाओ य सक्कवयणेणं ।**
**खिप्पामेव णिलुक्को, जाहे पडिवज्जइ चरित्तं ॥**

**શબ્દાર્થ :–** **जाहे** = જ્યારે ભગવાન **चरित्तं** = ચારિત્રને **पडिवज्जइ** = ગ્રહણ કર્યું ત્યારે **दिव्वो** = દેવોના શ્રેષ્ઠ શબ્દ **मणुस्सघोसो** = મનુષ્યોના શબ્દ **तुरियणिणाओ** = વાજિંત્રોના શબ્દો **सक्कवयणेणं** = શક્રેન્દ્રના આદેશથી **खिप्पामेव णिलुक्को** = તત્કાલ શાંત થઈ ગયા.

**ભાવાર્થ :–** જે સમયે ભગવાન ચારિત્ર ગ્રહણ કરી રહ્યા હતા તે સમયે શક્રેન્દ્રના આદેશથી દેવોના દિવ્ય સ્વર, વાદ્યોના અવાજ અને મનુષ્યોના શબ્દો શીઘ્ર બંધ થઈ ગયા અર્થાત્ સર્વે મૌન થઈ ગયા.

**૩૬** **पडिवज्जित्तु चरित्तं, अहोणिसिं सव्वपाणभूयहियं ।**
**साहट्ठलोमपुलया, मणुया देवा णिसामिंति ॥**

**શબ્દાર્થ :–** **चरित्तं पडिवज्जित्तु** = ચારિત્રને ગ્રહણ કરીને **अहोणिसिं** = રાત દિવસ **सव्वपाणभूयहियं** = સર્વપ્રાણી, ભૂતને હિતકારી **साहट्ठलोमपुलया** = હર્ષથી જેના રોમકૂપ પુલકિત થયા છે તેવા **मणुया देवा** = મનુષ્યો અને દેવો **णिसामिंति** = સાંભળ્યું.

**ભાવાર્થ :–** ભગવાને સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને સદાય હિતકારી ચારિત્ર અંગીકાર કર્યું ત્યારે સર્વ મનુષ્યો અને દેવોએ હર્ષથી રોમાંચિત થઈને પ્રભુની પ્રતિજ્ઞાના શબ્દોને સાંભળ્યા.

**૩૭** **तओ णं समणस्स भगवओ महावीरस्स सामाइयं खाओवसमियं चरित्तं पडिवण्णस्स मणपज्जवणाणे णामं णाणे समुप्पण्णे । अड्ढाइज्जेहिं दीवेहिं, दोहिं य समुद्देहिं, सण्णीणं पंचेंदियाणं पज्जत्ताणं वियत्तमणसाणं मणोगयाइं भावाइं जाणइ ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર ગ્રહણ કર્યું કે તુરંત જ તેમને મન:પર્યવજ્ઞાન નામનું ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. તે જ્ઞાનથી તેઓ અઢીદ્વીપ અને બે સમુદ્રોમાં રહેલા પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય અને વ્યક્ત મનવાળા જીવોના મનોગત ભાવોને જાણવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના દીક્ષા મહોત્સવનું વિસ્તૃત વર્ણન છે.

પ્રભુના દીક્ષા મહોત્સવની ઉજવણી દેવલોકના દેવો તથા માનવો બંનેએ હર્ષોલ્લાસપૂર્વક કરી.

શક્રેન્દ્ર આદિ સર્વ ઇન્દ્રો તથા સામાન્ય દેવો જાણે છે કે જે ધર્મના પાલનથી અમોને સુગતિ પ્રાપ્ત થઈ છે, તે પરમ ધર્મતીર્થના પ્રવર્તક, ધર્મબોધના દાતા, ધર્મોપદેશક તીર્થંકરો જ છે, તેથી તીર્થંકરોના દીક્ષા વગેરે પ્રસંગોની ઉજવણી કરીને દેવો તીર્થંકરો પ્રત્યે પોતાનો અહોભાવ તથા ભક્તિભાવ પ્રદર્શિત કરે છે.

ભગવાનના દીક્ષા સમયને જાણીને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક, આ ચારે જાતિના દેવો દેવલોકમાંથી પ્રભુના નિવાસસ્થાને ક્ષત્રિયકુંડ નગરમાં આવ્યા. ત્યાં આવીને વૈક્રિય લબ્ધિથી એક દિવ્ય દેવચ્છંદક–મંડપ તથા દેવચ્છંદકની મધ્યમાં પાદપીઠ સહિત દિવ્યસિંહાસન તથા એક દિવ્ય શિબિકાનું નિર્માણ કર્યું.

દેવેન્દ્રોએ પ્રભુને સિંહાસન પર પૂર્વાભિમુખ બેસાડીને શતપાક-સહસ્રપાક તેલથી માલિશ, સ્વચ્છ નિર્મળ જલથી સ્નાન, ગોશીર્ષ ચંદનનો લેપ વગેરે સર્વ ક્રિયાઓ કરીને દિવ્ય વસ્ત્રો અને દિવ્ય અલંકારો પરિધાન કરાવીને પ્રભુને સુસજ્જિત અને અલંકૃત કર્યા.

ત્યારપછી માગસર વદ–૧૦ના(ગુજરાતી પ્રમાણે કારતક વદ–૧૦ના) સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તમાં હસ્તોત્તરા નક્ષત્રમાં, દિવસનો બીજો પ્રહર પૂર્ણ થયા પછી ચૌવિહારા છઠની તપસ્યા સહિત, પ્રશસ્ત અધ્યવસાય યુક્ત ભગવાન મહાવીર સ્વામીને સહસ્રવાહિની ચંદ્રપ્રભા નામની શિબિકામાં બિરાજમાન કર્યા અને હર્ષોલ્લાસપૂર્વક પહેલાં મનુષ્યોએ અને ત્યારપછી દેવોએ તે શિબિકાને ઉપાડી. દેવોના દિવ્ય વાજિંત્રોની સૂરાવલી, મનોહર નૃત્યો આદિ દ્વારા આનંદપૂર્વક કરોડો દેવો અને હજારો માનવો ભગવાનની સાથે જ્ઞાતવનખંડ ઉદ્યાનમાં આવ્યા.

ત્યાં પ્રભુ દેવકૃત સિંહાસન પર પૂર્વાભિમુખ બિરાજમાન થયા. ત્યાં બેસીને સર્વ આભૂષણો તથા વસ્ત્રોને ઉતાર્યા, વૈશ્રમણ નામના દેવે ભક્તિ ભાવપૂર્વક હંસ સમાન ઉજ્જવળ અને દિવ્ય વસ્ત્રમાં તે અલંકારો ગ્રહણ કર્યા. ત્યારપછી પ્રભુએ પંચમુષ્ટિ લોચ કર્યો. પ્રભુના કેશને શક્રેન્દ્રે વજ્રમય થાળમાં ગ્રહણ કરીને સ્વતઃ પ્રભુની અનુમતિ લઈને તે કેશને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યા.

આ રીતે સર્વ ભૌતિક પદાર્થોનો તથા સર્વ સંબંધોનો ત્યાગ કરીને ભગવાન અકિંચન-નિષ્પરિગ્રહી બની ગયા અને ત્યારપછી તેઓએ અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને યાવજ્જીવન સર્વ સાવદ્યયોગ-પાપકારી પ્રવૃત્તિના પ્રત્યાખ્યાન કર્યા અર્થાત્ સામાયિક ચારિત્રનો સ્વીકાર કર્યો.

**पडिवज्जित्तु चरित्तं अहोणिसिं सव्वपाणभूयहियं :–** તીર્થંકરો આત્મ વિશુદ્ધિ માટે ચારિત્રનો સ્વીકાર કરે છે, તેમ છતાં પ્રભુના ચારિત્ર સ્વીકારવામાં જગતના સર્વ જીવોનું હિત અને કલ્યાણ સમાયેલું છે, તેથી જ સૂત્રકારે ચારિત્ર માટે 'સર્વ પ્રાણ-ભૂતને હિતકારી' વિશેષણનો પ્રયોગ કર્યો છે. જે વ્યક્તિ સ્વમાં જેટલે અંશે સ્થિર થાય છે, તેટલા અંશે તે જગજ્જીવોને પણ સંતાપ કે પીડા પહોંચાડતા નથી. જે અન્ય જીવોની રક્ષા કરે છે, તે જ સ્વમાં સ્થિર થઈ શકે છે. આ રીતે આત્મશુદ્ધિ અને જગજ્જીવોનું કલ્યાણ પરસ્પર સાપેક્ષ છે, એક સિક્કાની બે બાજુ છે.

તીર્થંકર આત્મવિશુદ્ધિના પરમ અને ચરમ લક્ષે જગજ્જીવોને માટે કલ્યાણકારી એવા સામાયિક ચારિત્રમાં લીન થયા.

કરોડો દેવો અને માનવો પુલ્લકિત હૃદયે અને મૌન ભાવે પ્રભુના ચારિત્ર સ્વીકાર રૂપ મહામાર્ગનું અનુમોદન કરીને ધન્ય બની ગયા.

**મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ :–** પ્રભુએ ચારિત્રનો સ્વીકાર કર્યો, ત્યારે તુરંત જ પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયું. તીર્થંકરોને જન્મથી જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, આ ત્રણ જ્ઞાન હોય છે અને યાવજ્જીવનની ચારિત્ર ગ્રહણની પ્રતિજ્ઞાના પ્રભાવે પ્રભુને ચારિત્ર ગ્રહણ સમયે મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે. આ ચારે જ્ઞાન ક્ષાયોપશમિક છે. ત્યારપછી ક્ષાયિક કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે તીર્થંકરો સાધના કરે છે.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે ચારિત્રાદિ મોક્ષમાર્ગના કોઈપણ અનુષ્ઠાનોની પ્રાપ્તિ ક્ષાયોપશમિક ભાવમાં જ થાય છે, ઔદયિક ભાવમાં થતી નથી. મનઃપર્યવજ્ઞાન દ્વારા પ્રભુ અઢીદ્વીપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણવા લાગ્યા.

**ભગવાનનો સાધનાકાલ :–**

**૩૮ तओ णं समणे भगवं महावीरे पव्वइए समाणे मित्त-णाइ-सयण-संबंधि वग्गं पडिविसज्जेइ । पडिविसज्जित्ता इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ– बारस वासाइं वोसट्ठकाए चत्तदेहे जे केइ उवसग्गा समुप्पज्जंति, तं जहा– दिव्वा वा माणुसा वा तेरिच्छिया वा, ते सव्वे उवसग्गे समुप्पण्णे समाणे सम्मं सहिस्सामि, खमिस्सामि, तितिक्खिस्सामि अहियासिस्सामि ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પ્રવ્રજિત થયા, ત્યારે તેઓએ મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો તથા સંબંધીઓનો ત્યાગ કર્યો અને આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો કે– હું આજથી બાર વર્ષ સુધી મારા શરીરનો ત્યાગ કરું છું, શરીર પ્રત્યેના મમત્વભાવનો ત્યાગ કરું છું. આ સમય દરમ્યાન દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે ઉપસર્ગો આવશે, તે સર્વ ઉપસર્ગોને હું સમભાવથી સહન કરીશ, ક્ષમાભાવ રાખીશ, શાંતિથી ઉપસર્ગોને સહન કરીશ, પ્રસન્ન ચિત્તથી સહન કરીશ.

**૩૯ तओ णं समणे भगवं महावीरे इमं एयारूवं अभिग्गहं अभिगिण्हित्ता वोसट्ठकाए चत्तदेहे दिवसे मुहुत्तसेसे कुम्मारगामं समणुपत्ते ।**

**तओ णं समणे भगवं महावीरे वोसट्ठकाए चत्तदेहे अणुत्तरेणं आलएणं अणुत्तरेणं विहारेणं, अणुत्तरेणं पग्गहेणं, अणुत्तरेणं संवरेणं, अणुत्तरेणं संजमेणं, अणुत्तरेणं तवेणं, अणुत्तरेणं बंभचेरवासेणं, अणुत्तराए खंतीए, अणुत्तराए मुत्तीए, अणुत्तराए तुट्ठीए, अणुत्तराए समिईए, अणुत्तराए गुत्तीए, अणुत्तरेणं ठाणेणं, अणुत्तरेणं कम्मेणं, अणुत्तरेणं सुचरियफलणिव्वाणमुत्तिमग्गेणं अप्पाणं भावेमाणे विहरइ ।**

**શબ્દાર્થ :–** आलएणं = સ્ત્રી, પુરુષ નપુંસક રહિત સ્થાનમાં રહેતા **अणुत्तरेणं विहारेणं** = અનુપમ વિહારથી **पग्गहेणं** = પ્રયત્નથી **खंतीए** = ક્ષમાથી **मुत्तीए** = નિર્લોભતાથી **तुट्ठीए** = સંતોષથી **ठाणेणं** = એક સ્થાનમાં ધ્યાન કરવાથી **कम्मेणं** = ક્રિયા અનુષ્ઠાનથી **सुचरियफलणिव्वाणमुत्तिमग्गेणं** = સદાચરણના ફળરૂપ નિર્વાણ અને મુક્તિ જેનું લક્ષ છે તથા રત્નત્રયરૂપ મુક્તિમાર્ગનું સેવન કરવાથી.

**ભાવાર્થ :–** આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરીને, શરીર પ્રત્યે, મમતાનો ત્યાગ કરીને, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એક મુહૂર્ત(૪૮ મિનિટ) દિવસ બાકી રહ્યો હતો ત્યારે કુમાર ગામમાં પહોંચ્યા.

ત્યાર પછી શરીરની શુશ્રૂષા અને મમતાના ત્યાગી શ્રમણ ભગવાન મહાવીર સ્ત્રી, પશુ, નપુંસકથી રહિત સ્થાનના સેવનથી, તેમજ અનુત્તર વિહારથી, આ રીતે અનુત્તર સંયમ, નિયમ ગ્રહણ, સંવર, તપ, બ્રહ્મચર્ય, ક્ષમા, નિર્લોભતા, સંતોષ, પ્રસન્નતા, સમિતિ, ગુપ્તિ, કાયોત્સર્ગાદિ સ્થાન તથા અનુત્તર ક્રિયાનુષ્ઠાનથી તેમજ સમ્યક ચારિત્રના ફળ સ્વરૂપ નિર્વાણમાર્ગ-મુક્તિમાર્ગથી જ્ઞાન, દર્શન, ચારિત્રથી યુક્ત બની આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

**૪૦ एवं विहरमाणस्स जे केइ उवसग्गा समुप्पज्जंति– दिव्वा वा माणुस्सा वा तेरिच्छिया वा, ते सव्वे उवसग्गे समुप्पण्णे समाणे अणाइले अव्वहिए अद्दीणमाणसे तिविह मण-वयण-कायगुत्ते सम्मं सहइ खमइ तितिक्खइ अहियासेइ ।**

**શબ્દાર્થ :–** **अणाइले** = વ્યાકુળતા રહિત **अव्वहिए** = સ્થિરતાપૂર્વક **अद्दीणमाणसे** = અદીનમનથી **सम्मं सहइ** = સમ્યક પ્રકારે સહન કર્યા **खमइ** = ક્ષમા કરી **तितिक्खइ** = સહન કર્યા **अहियासेइ** = નિશ્ચલભાવથી સહન કર્યા.

**ભાવાર્થ :–** આ પ્રમાણે વિહાર કરતા ત્યાગી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ દિવ્ય, માનવીય અને તિર્યંચ સંબંધી સર્વ ઉપસર્ગોને અકલુષિત ભાવે, અવ્યથિતપણે, અદીનમનથી, મન, વચન, કાયાની ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સમ્યક પ્રકારે સમભાવપૂર્વક સહન કર્યા, ઉપસર્ગ દાતાઓને ક્ષમા આપી તથા ઉપસર્ગોને શાંતિ અને ધૈર્યથી સહન કર્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રભુના સાધનાકાલનું પ્રતિપાદન છે.

સર્વસ્વનો ત્યાગ કરીને ચારિત્રના સ્વીકાર પછી સાધકોની સાધનાનો પ્રારંભ થાય છે. ચારિત્રના સ્વીકારથી સર્વ પાપપ્રવૃત્તિના ત્યાગથી આશ્રવના દ્વાર બંધ થઈ જાય છે. તેનાથી નવા કર્મોનું આગમન અટકી જાય છે, પરંતુ ભૂતકાલીન પૂર્વકૃત અનંતાનંત કર્મોનો ક્ષય કરવા માટે સાધનાનો પુરુષાર્થ કરવો પડે છે.

**પ્રભુનો અભિગ્રહ :–** પ્રભુએ સંયમ સ્વીકાર પછી સાધનાના પ્રારંભમાં દઢતમ સંકલ્પ કર્યો કે લક્ષ્ય સિદ્ધિ ન થાય ત્યાં સુધી અર્થાત્ બાર વર્ષ સુધી શરીરની સેવા-શુશ્રૂષા તથા શરીરની આસક્તિનો ત્યાગ કરીશ અને તે કાલ દરમ્યાન મારા પૂર્વકૃત કર્મોના ઉદયે દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે ઉપસર્ગો કે પરિષહો આવશે તેનો આંશિક પણ પ્રતિકાર કર્યા વિના સમભાવથી સહન કરીશ.

સમસ્ત જીવો પ્રતિ મૈત્રીભાવ રાખીશ. ઉપસર્ગો આપનારને પણ મિત્ર સમજીને ક્ષમાભાવ રાખીશ, પ્રતિકૂળ પરિસ્થિતિમાં ધૈર્યપૂર્વક શાંતિ અને સમાધિભાવ રાખીશ.

**પ્રભુની સાધના :–** શરીરની આસક્તિ અનેકાનેક સાવદ્ય અનુષ્ઠાનોનું સર્જન કરે છે તેથી સાધકો શરીરના લક્ષ્યને ઘટાડવા માટે કાયોત્સર્ગ, ધ્યાન વગેરે પ્રયોગો કરે છે. પરમાત્મા મહાવીર સ્વામી દીક્ષા લઈને આત્મભાવમાં સ્થિર થવા માટે પર સહાયથી મુક્ત અને નિઃસ્પૃહ બની એકાકીપણે કાયોત્સર્ગ, ધ્યાનમાં લીન રહેવા લાગ્યા.

સાડા બાર વર્ષના સાધનાકાલમાં ભગવાન હંમેશાં નિર્દોષ સ્થાનમાં રહ્યા, ઈર્યાસમિતિપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કર્યું, પ્રાયઃ મૌન ધારણ કર્યું. તેઓએ ઘોર તપની આરાધના અને પારણામાં નિર્દોષ, પ્રાસુક અને એષણીય આહાર ગ્રહણ કર્યો. આ રીતે પ્રભુ પોતાના સાધના કાલમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત રહ્યા. તેઓ આત્મ વિશુદ્ધિના લક્ષ્યને સતત નજર સમક્ષ રાખીને રાગ-દ્વેષાદિ મલિન ભાવોથી હંમેશાં દૂર રહ્યા. ઘોર તપ અને ઉત્કૃષ્ટ સંયમ પાલનનો શ્રમ કરીને પ્રભુએ શ્રમણપણાને સાર્થક કર્યું.

કર્મના ઉદયનો(પ્રતિકાર કર્યા વિના) સમભાવે સ્વીકાર કરવો; તે જ પૂર્વકૃત કર્મોના નાશનો માર્ગ છે. પ્રભુએ આ માર્ગને અપનાવીને સાડા બાર વર્ષમાં દેવકૃત, મનુષ્યકૃત અને તિર્યંચકૃત જે જે ઉપસર્ગો આવ્યા તેને અદીનપણે, અવ્યથિતપણે, ખુમારીપૂર્વક સમભાવે સહન કર્યા અને મહાવીર બન્યા.

આત્મભાવોની સ્થિરતા અને પરિપક્વતાથી જ સાધકની સહન શક્તિ ખીલે છે. આધ્યાત્મિક વિકાસથી બાહ્ય ક્રિયાઓનું યથાર્થપણે પાલન થઈ શકે છે. પરમાત્માની સાધનાના અભિગ્રહને અને ઉત્કૃષ્ટ સાધનાને જોતાં સ્પષ્ટ થાય છે કે પરમાત્માએ સાધનાનો જે ઉપદેશ આપ્યો છે, તેનું આચરણ સ્વયં પૂર્ણપણે કર્યું છે. આ રીતે પ્રભુના ઉપદેશ વચનો સ્વયંના આચરણપૂર્વકના છે, જે સાધકોની સાધના માટે વિશેષતઃ પ્રેરક બની જાય છે.

**वोसट्ठकाए चत्तदेहे :–** વ્યુત્સૃષ્ટકાય અને ત્યક્ત દેહ. આ બંને શબ્દો સમાનાર્થક પ્રતીત થાય છે. તેમ છતાં તેમાં કંઈક અંતર છે. **वोसट्ठकाए** એટલે શરીરની સેવા-સુશ્રૂષા કરવી નહિ. શરીરને સાફ કરવું, સ્નાન કરવું, ધોવું, તેલાદિનું માલિશ કે ચંદનાદિનો લેપ, વસ્ત્રાભૂષણોનો શણગાર અને સરસ, સ્વાદિષ્ટ આહારાદિથી શરીરની પુષ્ટિ, ઔષધિ આદિ દ્વારા શરીરને સ્વસ્થ રાખવાનો ઉપાય વગેરે સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરીને, શરીરનું લક્ષ્ય ગૌણ કરીને આત્મગુણોમાં લીન રહેવું, તે **વ્યુત્સૃષ્ટકાય** કહેવાય છે. **चत्तदेहे** એટલે શરીર પ્રત્યે મમત્વ ભાવ કે આસક્તિનો ત્યાગ કરવો, ઉપસર્ગાદિ આવે ત્યારે શરીરના રક્ષણ માટે કોઈપણ પ્રયત્ન ન કરવો. આ રીતે દેહ લક્ષ્યનો સંપૂર્ણપણે ત્યાગ કરીને, શરીરનો મોહ બિલકુલ રાખવો નહિ, કેવળ આત્મભાવની જ પુષ્ટિ કરવી, તે **ત્યક્તકાય** છે.

સંક્ષેપમાં 'વ્યુત્સૃષ્ટકાય'માં શરીરલક્ષી સર્વ ક્રિયાઓના ત્યાગની મહત્તા છે અને 'ત્યક્તકાય'માં શરીરના મહત્ત્વ ભાવના ત્યાગની મહત્તા છે.

**सम्मं सहिस्सामि, खमिस्सामि, तितिक्खिस्सामि, अहियासइस्सामि :–** સામાન્ય રૂપે એક સમાન પ્રતીત થતાં આ શબ્દોના અર્થમાં કંઈક અંતર છે. **सहिस्सामि**– હું સહન કરીશ, ઉપસર્ગ આવે, ત્યારે હાય–હોય કરીશ નહિ, નિમિત્તોને દંડીશ નહિ, રડીશ નહિ, કોઈની સામે વિનંતી, લાચારી કે આર્તધ્યાન કરીશ નહિ, મારા પોતાના કરેલા કર્મનું ફળ છે, એમ સમજીને તેને સમ્યક પ્રકારે સમભાવથી સહન કરીશ. **खमिस्सामि**– ઉપસર્ગ કરનાર પ્રત્યે ક્ષમાભાવ રાખીશ, તેના પ્રત્યે કોઈપણ જાતનો દ્વેષભાવ કે વેરભાવ રાખીશ નહિ, દ્વેષભાવથી બદલો લેવાનો પ્રયત્ન કરીશ નહિ, તેને કષ્ટ આપીશ નહિ, મારીશ નહિ, તેને કંઈપણ હાનિ પહોંચાડીશ નહિ, પરંતુ તેને ક્ષમા આપીશ. **तितिक्खिस्सामि**– શાંતિથી, ધૈર્યથી કષ્ટને સહન કરીશ, ખેદ રહિત બનીને સહન કરીશ. **अहियासइस्सामि**– પ્રસન્ન ભાવે, આનંદાનુભૂતિ પૂર્વક સહન કરીશ.

**ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ :–**

**૪૧ तओ णं समणस्स भगवओ महावीरस्स एएणं विहारेणं विहरमाणस्स**

**बारस वासा वीइक्कंता, तेरसमस्स य वासस्स परियाए वट्टमाणस्स जे से गिम्हाणं दोच्चे मासे चउत्थे पक्खे वइसाहसुद्धे, तस्स णं वेसाहसुद्धस्स दसमीपक्खेणं सुव्वएणं दिवसेणं विजएणं मुहुत्तेणं हत्थुत्तराहिं णक्खत्तेणं जोगोवगएणं पाईणगामिणीए छायाए वियत्ताए पोरिसीए जंभिय-गामस्स णगरस्स बहिया णईए उज्जुवालिया उत्तरे कूले सामागस्स गाहावइस्स कट्ठकरणंसि वेयावत्तस्स चेइयस्स उत्तरपुरत्थिमे दिसीभागे सालरुक्खस्स अदूरसामंते उक्कुडुयस्स गोदोहियाए आयावणाए आयावेमाणस्स छट्ठेणं भत्तेणं अपाणएणं उड्ढं जाणुं अहो सिरस्स धम्मज्झाणोवगयस्स झाणकोट्ठोवगयस्स सुक्कज्झाणंतरियाए वट्टमाणस्स णिव्वाणे कसिणे पडिपुण्णे अव्वाहए णिरावरणे अणंते अणुत्तरे केवलवरणाणदंसणे समुप्पण्णे।**

**શબ્દાર્થ :–** **वियत्ताए पोरिसीए** = દિવસના બીજા ભાગે, વિયત નામની પોરસી આવવા પર(પાછલા પહોરે) **उज्जुवालियाए णईए** = ઋજુવાલિકા નામની નદીના **उत्तरे कूले** = ઉત્તર કિનારે **सामागस्स गाहावइस्स** = શ્યામાક ગાથાપતિના **कट्ठकरणंसि** = સુથારશાળામાં **वियावत्तस्स चेइयस्स** = વૈયાવૃત્ય નામના ચૈત્ય–યક્ષમંદિરના **उक्कुडुयस्स गोदोहियाए** = ઉત્કટુક સહિત ગોદુહાસને **आयावणाए** = આતાપના **आयावेमाणस्स** = આતાપના લેતા **अपाणएणं छट्ठेणं भत्तेणं** = નિર્જળા છઠની તપશ્ચર્યા કરતા **उड्ढं जाणुं अहो सिरस्स** = ઘૂંટણ ઊંચા રાખી મસ્તક નીચે કરી **धम्मज्झाणोवगयस्स** = ધર્મ ધ્યાનથી યુક્ત **झाणकोट्ठोवगयस्स** = ધ્યાન રૂપ કોષ્ટાગારમાં સ્થિત થઈને **सुक्कज्झाणंतरियाए** = નિરંતર શુક્લધ્યાનમાં **वट्टमाणस्स** = વર્તતા **णिव्वाणे** = નિર્વાણને પ્રાપ્ત કરાવનાર.

**ભાવાર્થ :–** આ પ્રમાણે વિચરણ કરતા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને બાર વર્ષ પસાર થઈ ગયા. તેરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે ગ્રીષ્મઋતુનો બીજો માસ અને ચોથું પખવાડિયું અર્થાત્ વૈશાખ સુદ દશમના સુવ્રત નામના દિવસે, વિજયમુહૂર્તમાં, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો અને છાયા પૂર્વદિશામાં ઢળી રહી હતી ત્યારે અર્થાત્ દિવસના પાછલા પહોરમાં, પાછલી પોરસીમાં, જૃંભક નામના નગરની બહાર, ઋજુવાલિકા નદીના ઉત્તર તટ પર, શ્યામાક ગાથાપતિની સુથાર શાળામાં, વૈયાવૃત્ય નામના યક્ષાયતનના ઈશાન કોણમાં, શાલવૃક્ષથી ન અતિદૂર કે ન અતિ નજીક, ઉભડક થઈને એટલે ગોદુહાસને સૂર્યની આતાપના લેતા, ચૌવિહારા છઠ તપના પ્રત્યાખ્યાન સહિત, ઊંચા ગોઠણ અને નીચે મસ્તક રાખીને ધર્મ ધ્યાનમાં લીન, ધ્યાનકોષ્ઠમાં સ્થિત થયા. ત્યાર પછી ભગવાન શુક્લધ્યાનાંતરિકામાં પ્રવર્તમાન હતા ત્યારે તેઓને નિર્વાણને પ્રાપ્ત કરાવનાર, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાહત(નિર્વ્યાઘાત), નિરાવરણ, અનંત, અનુત્તર, શ્રેષ્ઠ કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું.

**૪૨ से भगवं अरहा जिणे केवली सव्वण्णू सव्वभावदरिसी सदेवमणुयासुरस्स लोगस्स पज्जाए जाणइ, तं जहा– आगइं गइं ठिइं चयणं उववायं भुत्तं पीयं कडं पडिसेवियं आवीकम्मं रहोकम्मं लवियं कहियं मणोमाणसियं सव्वलोए सव्वजीवाणं सव्वभावाइं जाणमाणे पासमाणे एवं च णं विहरइ ।**

**શબ્દાર્થ :–** **से भगवं** = તે ભગવાન **अरहा जिणे** = અરિહંત જિન **केवली** = કેવલી **सव्वण्णू** = સર્વજ્ઞ **सव्वभावदरिसी** = સર્વ પદાર્થોને જોનારા **कडं** = કરેલા કાર્યને **पडिसेवियं** = અબ્રહ્માદિ સેવનને

**आविकम्मं रहोकम्मं** = પ્રગટકાર્ય, ગુપ્તકાર્યને **लवियं** = બોલાયેલા **कहियं** = કહેવાયેલી વાતોને **मणोमाणसियं** = જીવોના મનોગત ભાવોને.

**ભાવાર્થ :–** કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પછી ભગવાન અર્હત્, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી બની ગયા. તેઓ દેવો, મનુષ્યો અને અસુરો સહિત સર્વ લોકના સર્વ પર્યાયને જાણવા લાગ્યા, જેમ કે– જીવોની આગતિ-ગતિ, સ્થિતિ, ચ્યવન-ઉપપાત, ખાન-પાન, કૃત, પ્રતિસેવિત, પ્રગટ કાર્ય-ગુપ્ત કાર્ય, જીવો દ્વારા બોલાયેલા, કહેવાયેલા તથા વિચારેલા મનોભાવોને જાણવા-દેખવા લાગ્યા. તેઓ સંપૂર્ણ લોકમાં સમસ્ત જીવોના સર્વ ભાવોને જાણતાં અને જોતાં વિચરવા લાગ્યા.

**૪૩ जण्णं दिवसं समणस्स भगवओ महावीरस्स णिव्वाणे कसिणे** *जाव* **समुप्पण्णे तण्णं दिवसं भवणवइ-वाणमंतर-जोइसिय-विमाणवासिदेवेहिं य देवीहिं य ओवयंतेहिं य** *जाव* **उप्पिंजलगभूए यावि होत्था ।**

**ભાવાર્થ :–** જે દિવસે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને નિર્વાણને પ્રાપ્ત કરાવનારું સંપૂર્ણ ***યાવત્*** અનુત્તર કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું, તે દિવસે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી તેમજ વૈમાનિક દેવ અને દેવીઓના આવાગમનથી આકાશ વ્યાપ્ત થઈ ગયું ***યાવત્*** એક મહાન દિવ્ય દેવોદ્યોત-પ્રકાશ થયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભગવાનને પ્રાપ્ત થયેલા કેવળજ્ઞાનનું વર્ણન છે.

ભગવાન જૃંભિક ગામની બહાર ઋજુવાલુકા નદીના ઉત્તર કિનારે શ્યામાક ગાથાપતિના ક્ષેત્રમાં વૈયાવૃત્ત્ય યક્ષના મંદિરમાં ઈશાન કોણમાં શાલવૃક્ષની સમીપે ગોદોહાસનથી ધ્યાનમાં લીન હતા ત્યારે ક્ષપક શ્રેણીમાં આગળ વધતા મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થયો. ત્યારપછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ ઘાતીકર્મોનો એક સાથે ક્ષય થતાં જ તે જ મુદ્રામાં પ્રભુને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થયું. જેના દ્વારા પ્રભુ લોકાલોકના ત્રૈકાલિક ભાવો, સર્વ દ્રવ્યોની સર્વ પર્યાયોને જાણવા લાગ્યા. આત્માનો પૂર્ણ વિકાસ થઈ જવાથી આત્મા વિશુદ્ધ, નિર્મળ અને નિષ્કલુષિત બની ગયો.

કેવળજ્ઞાનની વિશેષતા પ્રગટ કરવા સૂત્રકારે સાત વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**(૧) णिव्वाणे :–** મોહનીય કર્મ જન્ય રાગ-દ્વેષાદિ સર્વ દોષોથી રહિત અને નિર્વાણ પ્રાપ્તિમાં કારણભૂત હોવાથી, તે નિવાર્ણ સ્વરૂપ છે.

**(૨) कसिणे :–** સંપૂર્ણ. કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાન હોવાથી તેમાં આંશિક પણ અપૂર્ણતા ન હોવાથી તે સંપૂર્ણ છે.

**(૩) पडिपुण्णे :–** પ્રતિપૂર્ણ. કેવળજ્ઞાન દ્વારા સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોને જાણી શકાતા હોવાથી તે પ્રતિપૂર્ણ છે.

**(૪) अव्वाहए :–** નિર્વ્યાઘાત. કેવળજ્ઞાન સર્વ પ્રકારના વ્યાઘાતોથી રહિત છે.

**(૫) णिरावरणे :–** ઘાતિ કર્મોના આવરણથી રહિત હોવાથી તે નિરાવરણ છે.

**(૬) अणंते :–** અનંત. કેવળજ્ઞાનનો વિષય અનંત જ્ઞેય પદાર્થો હોવાથી તે અનંત છે.

**(૭) अणुत्तरे :–** અનુત્તર. કેવળજ્ઞાનથી શ્રેષ્ઠ અન્ય કોઈ જ્ઞાન ન હોવાથી તે અનુત્તર છે.

તીર્થંકરોને કેવળજ્ઞાન પ્રગટ થાય, ત્યારે ત્રણે લોકમાં પ્રકાશ થાય છે, કારણ કે તીર્થંકરોનો જ્ઞાન મહોત્સવ ઉજવવા માટે ચારે જાતિના દેવો ઊર્ધ્વ લોક અને અધો લોકથી તિરછાલોકમાં આવે છે. તેઓના શરીર, વસ્ત્ર, આભૂષણ આદિનો પ્રકાશ સર્વત્ર ફેલાય છે અને તિરછાલોકની મુખ્યતાએ લોકમાં પ્રકાશ થાય, તેમ કહેવાય છે.

આ રીતે ભગવાનનો કેવળજ્ઞાન મહોત્સવ મનુષ્યો અને દેવો સહુ સાથે મળીને આનંદ-ઉલ્લાસપૂર્વક ભક્તિ ભાવથી ઉજવે છે.

**ભગવાનની ધર્મદેશના :–**

**૪૪ तओ णं समणे भगवं महावीरे उप्पण्णणाणदंसणधरे अप्पाणं च लोगं च अभिसमिक्ख पुव्वं देवाणं धम्ममाइक्खइ, तओ पच्छा माणुसाणं ।**

**શબ્દાર્થ :–** **अप्पाणं च लोगं** = પોતાના આત્માને તેમજ લોકને **अभिसमिक्ख** = કેવળજ્ઞાનથી જાણીને.

**ભાવાર્થ :–** તે સમયે અનુત્તર જ્ઞાન, દર્શનના ધારક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન દ્વારા પોતાના આત્માને તથા લોકને સમ્યક પ્રકારે જાણીને પહેલાં(પહેલા દિવસે) દેવોને અને ત્યાર પછી(બીજા દિવસે) મનુષ્યોને ધર્મોપદેશ આપ્યો.

**૪૫ तओ णं समणे भगवं महावीरे उप्पण्णणाणदंसणधरे गोयमाईणं समणाणं णिग्गंथाणं पंच महव्वयाइं सभावणाइं छज्जीवणिकायाइं आइक्खइ भासइ परूवेइ, तं जहा– पुढवीकाए** *जाव* **तसकाए ।**

**શબ્દાર્થ :–** **आइक्खइ** = સામાન્ય રીતે કથન કર્યું **भासइ** = વિસ્તારથી ભાષણ કર્યું **परूवेइ** = હેતુ અને દૃષ્ટાંતથી પ્રતિપાદન કર્યું.

**ભાવાર્થ :–** ત્યાર પછી કેવળજ્ઞાન, કેવળદર્શન ધારક શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ આદિ શ્રમણ-નિર્ગ્રંથોને ભાવના સહિત પાંચ મહાવ્રતો અને પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધીના છકાય જીવોના સ્વરૂપનું કથન કર્યું, વિસ્તારથી ભાષણ કર્યું, હેતુ અને દૃષ્ટાંત સહિત પ્રતિપાદન કર્યું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભગવાન મહાવીર સ્વામીએ શ્રમણ નિર્ગ્રંથોને આપેલી પ્રથમ વાચનાનું નિરૂપણ છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો જિનનામ કર્મના ઉદયે ઉપદેશ આપે છે. ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન પ્રગટ થયા પછી ઉપદેશ આપ્યો.

**पुव्वं देवाणं धम्मं आइक्खइ :–** ભગવાન મહાવીરે પહેલાં દેવોને ઉપદેશ આપ્યો અર્થાત્ કેવળ જ્ઞાન પછીની પ્રથમ દેશનામાં દેવોની જ હાજરી હતી, મનુષ્યોની ઉપસ્થિતિ ન હતી. બીજી દેશનામાં મનુષ્યો ઉપસ્થિત હતા.

શ્રી ઠાણાંગ સૂત્રના દશમા સ્થાનમાં આ અવસર્પિણી કાલની દશ પ્રકારની આશ્ચર્યકારક ઘટનાનો ઉલ્લેખ છે. તેમાં 'અભાવિત પરિષદ'ને આશ્ચર્યકારક ઘટના કહી છે. ભગવાનના પ્રથમ સમવસરણમાં

દેવ-દેવીઓ જ હાજર હતા. એક પણ મનુષ્ય કે તિર્યંચ ન હતા, તેથી પ્રભુએ દેવ-દેવીઓ સમક્ષ પ્રથમ ઉપદેશ આપ્યો અને દેવ-દેવીઓ વ્રત પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકતા ન હોવાથી પ્રભુની તે દેશનામાં એક પણ જીવ પોતાના આત્માને વ્રત કે મહાવ્રત દ્વારા ભાવિત કરી શક્યા નહીં, માટે પ્રભુ મહાવીર સ્વામીની પ્રથમ દેશનાની પરિષદને **'અભાવિત પરિષદ'** કહેવામાં આવે છે. કેવળજ્ઞાનના બીજે દિવસે પાવાપુરીમાં પ્રભુએ મનુષ્યો સહિત વિશાળ પરિષદમાં ઉપદેશ આપ્યો.

ત્યારે ભગવાનના ઉપદેશથી પ્રતિબોધિત થઈને ઇન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણો પોતાના શિષ્ય પરિવાર સાથે દીક્ષિત થયા. આ રીતે પ્રભુની બીજી ધર્મ દેશનામાં ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ. ત્યાર પછી પ્રભુએ શ્રમણ નિર્ગ્રંથોને અહિંસાની આરાધના માટે છકાયના જીવોનું સ્વરૂપ સમજાવ્યું અને સર્વ પાપથી નિવૃત્તિ રૂપ ચારિત્ર માર્ગની આરાધના માટે પંચ મહાવ્રતોનું અને તેની પુષ્ટિ માટે પચીસ ભાવનાઓનું કથન કર્યું.

**પ્રથમ મહાવ્રત અને તેની ભાવના :–**

**૪૬ पढमं भंते ! महव्वयं पच्चक्खामि सव्वं पाणाइवायं । से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा णेव सयं पाणाइवायं करेज्जा णेवण्णेहिं पाणाइवायं कारवेज्जा, णेवण्णं पाणाइवायं करंतं समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणसा वयसा कायसा तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! હું પ્રથમ મહાવ્રતમાં સંપૂર્ણ પ્રાણાતિપાત(હિંસા)ના પ્રત્યાખ્યાન–ત્યાગ કરું છું. હું સૂક્ષ્મ-બાદર, ત્રસ-સ્થાવર સર્વ જીવોની સ્વયં હિંસા કરીશ નહિ, બીજા પાસે હિંસા કરાવીશ નહિ અને હિંસા કરનારની અનુમોદના કરીશ નહીં. આ પ્રમાણે ત્રણ કરણ અને ત્રણ યોગ, મન, વચન, કાયાથી હું યાવજ્જીવન હિંસાના પાપથી નિવૃત્ત થાઉં છું. હે ભગવન્ ! પૂર્વકૃત હિંસાનું હું પ્રતિક્રમણ કરું છું, આત્મ સાક્ષીએ તેની નિંદા કરું છું અને ગુરુની સાક્ષીએ ગર્હા કરું છું. મારા આત્માને હિંસાના પાપથી મુક્ત કરું છું.

**૪૭ तस्सिमाओ पंच भावणाओ भवंति, तत्थिमा पढमा भावणा– इरियासमिए से णिग्गंथे, णो अणइरियासमिए त्ति। केवली बूया– इरियाअसमिए से णिग्गंथे पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणेज्ज वा वत्तेज्ज वा परियावेज्ज वा लेसेज्ज वा उद्दवेज्ज वा । इरियासमिए से णिग्गंथे, णो इरियाअसमिए त्ति पढमा भावणा।**

**अहावरा दोच्चा भावणा– मणं परिजाणइ से णिग्गंथे, जे य मणे पावए सावज्जे सकिरिए अण्हयकरे छेयकरे भेयकरे अहिगरणिए पाओसिए पारिताविए पाणाइवाइए भूओवघाइए तहप्पगारं मणं णो पधारेज्जा । मणं परिजाणइ से णिग्गंथे, जे य मणे अपावए त्ति दोच्चा भावणा ।**

**अहावरा तच्चा भावणा– वइं परिजाणइ से णिग्गंथे, जा य वई पाविया सावज्जा सकिरिया** *जाव* **भूओवघाइया तहप्पगारं वइं णो उच्चारेज्जा । वइं परिजाणइ से णिग्गंथे जा य वई अपाविय त्ति तच्चा भावणा ।**

अहावरा चउत्था भावणा– आयाणभंडमत्तणिक्खेवणासमिए से णिग्गंथे, णो अणायाणभंडमत्तणिक्खेवणासमिए । केवली बूया– आयाणभंडमत्त-णिक्खेवणा असमिए से णिग्गंथे पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणेज्ज वा *जाव* उद्दवेज्ज वा । तम्हा आयाणभंडमत्तणिक्खेवणासमिए से णिग्गंथे, णो अणायाणभंडमत्त-णिक्खेवणासमिए त्ति चउत्था भावणा ।

अहावरा पंचमा भावणा– आलोइयपाण-भोयणभोई से णिग्गंथे, णो अणालोइयपाणभोयणभोई । केवली बूया– अणालोइयपाणभोयणभोई से णिग्गंथे पाणाणि वा भूयाणि वा जीवाणि वा सत्ताणि वा अभिहणेज्ज वा *जाव* उद्दवेज्ज वा तम्हा आलोइयपाणभोयणभोई से णिग्गंथे, णो अणालोइयपाणभोयणभोई त्ति पंचमा भावणा ।

**શબ્દાર્થ :–** **मणं परिजाणइ से णिग्गंथे** = જે મનને જાણે છે, અશુભ મનનો ત્યાગ કરે છે, તે જ નિર્ગ્રંથ મુનિ છે **जे य मणे पावए** = જે મનને પાપ મુક્ત **सावज्जे** = સાવદ્ય-પાપરૂપ **सकिरिए** = ક્રિયાયુક્ત **अण्हयकरे** = આશ્રવ કરનાર **छेयकरे** = છેદ કરનાર **भेयकरे** = ભેદ કરનાર **अहिगरणिए** = કલહકારી **पाओसिए** = દ્વેષ કરનાર **पारियाविए** = પરિતાપ આપનાર **भूओवघाइए** = ભૂતોનો ઘાત કરનાર **आलोइयपाण–भोयणभोई से णिग्गंथे** = જે વિવેકપૂર્વક જોઈને આહાર-પાણી કરે છે, તે નિર્ગ્રંથ છે.

**ભાવાર્થ :–** પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ છે.

(૧) તેમાં પહેલી ભાવના આ પ્રમાણે છે– **ઈર્યાસમિતિથી** યુક્ત હોય, તે નિર્ગ્રંથ છે, નિર્ગ્રંથ મુનિ ઈર્યા સમિતિથી રહિત હોતા નથી. કેવળી ભગવાન કહે છે કે ઈર્યાસમિતિથી રહિત નિર્ગ્રંથ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વની હિંસા કરે છે, તે જીવોને ધૂળ આદિથી ઢાંકે છે, પરિતાપ આપે છે, મસળે છે, ધ્રાસકો પાડે છે અથવા જીવનથી રહિત કરે છે માટે ઈર્યાસમિતિથી યુક્ત હોય, તે જ નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ મુનિ ઈર્યા સમિતિથી રહિત થઈને રહે નહિ. આ પ્રથમ ભાવના છે.

(૨) બીજી ભાવના આ પ્રમાણે છે– મનને સારી રીતે જાણીને **મનને પાપોથી દૂર કરે છે,** તે નિર્ગ્રંથ છે. જે મન પાપકારી, સાવદ્યકારી, ક્રિયાયુક્ત, આશ્રવકારી, છેદકારી તથા ભેદકારી, અધિકરણકારી– ક્લેશકારી, પ્રદ્વેષકારી, પરિતાપકારી, પ્રાણોનો ઘાત કરનારું, ભૂતનો-જીવોનો ઘાત કરનારું હોય, તેવા પ્રકારનું મન રાખે નહિ. મનને સારી રીતે જાણીને જે પાપકારી વિચારોથી મનને મુક્ત રાખે છે, તે નિર્ગ્રંથ છે માટે નિર્ગ્રંથ મુનિ પાપથી રહિત મન રાખે, આ બીજી ભાવના છે.

(૩) ત્રીજી ભાવના આ પ્રમાણે છે– જે સાધક વચનનું સ્વરૂપ સારી રીતે જાણીને **સદોષ વચનનો ત્યાગ કરે** છે, તે નિર્ગ્રંથ છે. જે વચન પાપકારી, સાવદ્યકારી, ક્રિયાયુક્ત ***યાવત્*** ભૂતોનો ઘાત કરનારું હોય, તેવા પ્રકારના વચનનું ઉચ્ચારણ કરે નહિ. જે વાણીના દોષોને સારી રીતે જાણીને સદોષ વાણીનો ત્યાગ કરે છે, તે નિર્ગ્રંથ છે, માટે નિર્ગ્રંથ પાપ દોષથી રહિત વાણી બોલે. આ ત્રીજી ભાવના છે.

(૪) ચોથી ભાવના આ પ્રમાણે છે– જે **આદાન ભંડ માત્ર નિક્ષેપણા સમિતિથી** યુક્ત છે, તે નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ મુનિ આદાનભંડમાત્રનિક્ષેપણા સમિતિથી રહિત હોતા નથી. કેવલી ભગવાન કહે છે કે જે નિર્ગ્રંથ

આદાનભંડમાત્રનિક્ષેપણા સમિતિથી રહિત છે, તે પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોની હિંસા કરે છે ***યાવત્*** પ્રાણીઓનો ઉપઘાત કરે છે, પીડા પહોંચાડે છે માટે જે આદાન, ભંડમાત્ર નિક્ષેપણા સમિતિથી યુક્ત છે, તે નિર્ગ્રંથ છે. આદાનભંડમાત્રનિક્ષેપણા સમિતિનું યથાર્થ પાલન ન કરનારા નિર્ગ્રંથ નથી. આ ચોથી ભાવના છે.

(૫) પાંચમી ભાવના આ પ્રમાણે છે– જે સાધક **આહાર-પાણીને જોઈને વાપરે છે,** તે નિર્ગ્રંથ છે. જે જોયા વિના, વિવેક વિના, આહારપાણી વાપરે, તે નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે જે જોયા વિના જ આહાર પાણીનું સેવન કરે છે તે નિર્ગ્રંથ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસા કરે છે ***યાવત્*** તેને પીડા પહોંચાડે છે, તેથી અવલોકન કરીને આહાર પાણી વાપરે તે નિર્ગ્રંથ છે, પરંતુ અવલોકન કર્યા વિના વાપરનાર નિર્ગ્રંથ નથી. આ પાંચમી ભાવના છે.

**૪૮ एतावताव पढमे महव्वए सम्मं काएणं फासिए पालिए तीरिए किट्टिए अवट्ठिए आणाए आराहिए यावि भवइ । पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं ।**

**શબ્દાર્થ :–** **एताव ताव महव्वए** = આ પ્રમાણે આ પ્રથમ મહાવ્રત **सम्मं काएणं** = સમ્યક રૂપે કાયાથી **फासिए** = સ્પર્શિત **पालिए** = પાલન કરવાથી **तीरिए** = પાર પહોંચાડવાથી **किट्टिए** = કીર્તન કરવાથી **अवट्ठिए** = અવસ્થિત કરવાથી **आणाए आराहिए यावि भवइ** = આજ્ઞા પ્રમાણે આરાધના કરાય છે.

**ભાવાર્થ :–** આ પ્રમાણે પાંચ ભાવનાઓથી યુક્ત પ્રાણાતિપાત વિરમણરૂપ પ્રથમ મહાવ્રતનો સમ્યક પ્રકારે કાયાથી સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલા મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી ભગવાનની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ પ્રાણાતિપાત વિરમણ રૂપ પ્રથમ મહાવ્રત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રથમ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત અને તેની પાંચ ભાવનાનું પ્રતિપાદન છે.

**પ્રાણાતિપાત :–** જીવોને પ્રાપ્ત થયેલા દશ પ્રાણમાંથી કોઈ પણ પ્રાણનો અતિપાત–નાશ કરવો, તે પ્રાણાતિપાત છે. આત્મા અજર અમર છે. તેનો નાશ થતો નથી, તેથી જ સૂત્રકારે હિંસા માટે જીવાતિપાત શબ્દપ્રયોગ ન કરતાં પ્રાણાતિપાત શબ્દનો પ્રયોગ કર્યો છે. જૈનદર્શનમાં હિંસાનું સ્વરૂપ વ્યાપક છે. જીવ મરી જવા માત્રથી હિંસા થાય છે, તેમ નથી પરંતુ જીવને પ્રાપ્ત થયેલા પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ્ય; આ દશ પ્રાણમાંથી કોઈપણ પ્રાણને પીડા પહોંચાડવી, પ્રાણનો નાશ કરવો, તે હિંસા છે.

**પ્રથમ મહાવ્રતનો વિષય :–** સાધુ સર્વ જીવોની સર્વ પ્રકારની હિંસાથી નિવૃત્ત થાય છે, સૂક્ષ્મ અને બાદર, ત્રસ અને સ્થાવર, આ ચારેય પ્રકારના જીવોની હિંસાનો ત્યાગ કરે છે, તેથી પ્રથમ મહાવ્રતનો વિષય સર્વ જીવો છે.

**કાલમર્યાદા :–** અણુવ્રતનો સ્વીકાર શ્રાવકો પોતાની ઈચ્છા પ્રમાણે મર્યાદિત કાલ માટે પણ કરી શકે છે પરંતુ મહાવ્રતનો સ્વીકાર યાવજ્જીવન માટે જ થાય છે, તેમાં અન્ય કોઈ વિકલ્પ નથી.

**કરણ-કોટિ :–** મહાવ્રતનો સ્વીકાર ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય છે. હિંસાની પ્રવૃત્તિ સ્વયં કરવી નહીં, બીજા પાસે કરાવવી નહીં અને હિંસા કરનારની અનુમોદના કરવી નહીં, આ ત્રણ કરણ છે અને મન, વચન, કાયા આ ત્રણ યોગ છે. નિર્ગ્રંથ મુનિ ત્રણ કરણ × ત્રણ યોગ = નવ કોટિથી હિંસાનો ત્યાગ કરે છે.

**મહાવ્રતના સ્વીકારની પદ્ધતિ :–** સાધક જ્યારે સર્વ જીવોની સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરવા કટિબદ્ધ થાય, ત્યારે તે સાધકે પોતાના ભૂતકાલમાં હિંસાજન્ય જે જે દોષોનું સેવન કર્યું છે, તેની આલોચના અને પ્રતિક્રમણ કરીને ગુરુ સમક્ષ ગર્હા, કરે છે. આલોચના, નિંદા અને ગર્હા આ ત્રણે પ્રક્રિયા મહાવ્રત ગ્રહણની ક્ષેત્ર વિશુદ્ધિ રૂપ છે. આ ત્રણે ક્રિયાથી સાધકનું ચિત્ત વિશુદ્ધ થાય, ત્યાર પછી તેનો સર્વ હિંસાના ત્યાગનો સંકલ્પ ફલીભૂત થાય છે.

આ રીતે સાધક હિંસા ત્યાગની દઢતમ ભાવના સાથે ગુરુ સમક્ષ ઉપસ્થિત થાય, પોતાના પૂર્વકૃત પાપોની આલોચના, નિંદા અને ગર્હા કરીને, આત્માના હિંસાકારી ભાવોનો ત્યાગ કરીને, આત્માના અહિંસક ગુણના પ્રગટીકરણ માટે, ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વ પ્રકારની હિંસાના ત્યાગની પ્રતિજ્ઞા ગુરુ સમક્ષ ગ્રહણ કરે છે.

**वोसिरामि**– વોસિરાવું છું. મારા આત્માને પાપથી દૂર કરું છું. સાધક સ્વયં પ્રત્યાખ્યાન કરે ત્યારે પ્રથમ પુરુષ એક વચનમાં ક્રિયાપદનો પ્રયોગ કરે છે અને ગુરુ પ્રત્યાખ્યાન કરાવે ત્યારે **वोसिरेह**– તમારા આત્માને પાપથી દૂર કરો, તેમ આજ્ઞાર્થ બીજો પુરુષ એક વચનમાં ક્રિયાપદનો પ્રયોગ કરે છે. પ્રસ્તુતમાં ભગવાને સંયમ લેવા માટે તત્પર સાધુને પ્રત્યાખ્યાનની વિધિનો ઉપદેશ આપ્યો છે, તેથી 'વોસિરામિ' ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે.

**પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના :–** આત્માને પ્રશસ્ત ભાવોથી ભાવિત કરે, તે ભાવના છે. જેમ વૈદ્યો ઔષધિને પુટ આપીને અધિક બલવત્તર બનાવે છે, તેમ અમુક જ ભાવોનું વારંવાર પુનરાવર્તન કરવાથી તે ભાવો વિશેષ દઢતમ બને છે. મહાવ્રતોની પુષ્ટિ માટે પ્રત્યેક મહાવ્રતોને અનુરૂપ તેની પાંચ પાંચ ભાવનાઓનું કથન છે. અહિંસા મહાવ્રતની પાંચ ભાવના આ પ્રમાણે છે–

**(૧) ઈર્યા સમિતિ :–** ઈર્યા એટલે ગમન કરવું, સમિતિ એટલે સમ્યક પ્રકારે. જીવ રક્ષાની ભાવનાથી સાવધાનીપૂર્વક શરીર પ્રમાણ ભૂમિને જોઈને ચાલવું, તે ઈર્યાસમિતિ છે. જે ઈર્યાસમિતિનું પાલન કરે છે, તે જ અહિંસાની આરાધના કરી શકે છે. યતનાપૂર્વક ચાલનાર પાપકર્મનો બંધ કરતા નથી. ઈર્યાસમિતિથી રહિત સાધુ અનેક જીવોની હિંસા કરે છે, તેથી સાધુએ હંમેશાં ઈર્યાસમિતિપૂર્વક ગમન કરવાની ભાવના રાખવી જોઈએ.

**(૨) મન ભાવના :–** મનને સમ્યક વ્યાપારમાં પ્રવૃત્ત કરવું. મનને પવિત્ર રાખવું. મનના અશુભ સંકલ્પોથી હિંસાને પ્રોત્સાહન મળે છે, અનેક દોષોની પરંપરાનું સર્જન થાય છે, તેથી સાધુએ મનને અશુભ વિચારોથી મુક્ત રાખી શુભ વિચારોમાં પ્રવૃત્ત કરવું જોઈએ.

**(૩) વચન ભાવના :–** ભાષા સમિતિ તથા વચન ગુપ્તિનું પાલન કરવું. કર્કશ, કઠોર, હિંસક આદિ પાપકારી ભાષા અન્ય જીવોની હિંસાનું નિમિત્ત બને છે, તેથી સાધુએ પાપકારી ભાષાનો ત્યાગ કરીને નિર્દોષ ભાષાનો પ્રયોગ કરવો જોઈએ.

**(૪) આદાન ભંડ માત્ર નિક્ષેપણા સમિતિ :–** વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો લેવા મૂકવામાં કે વાપરવામાં

સાવધાની, યતના અને વિવેક રાખવો. અહિંસા મહાવ્રતની શુદ્ધિ માટે મન, વચનની શુદ્ધિની જેમ કાયિક પ્રવૃત્તિમાં પણ યતના હોવી જરૂરી છે. અવિવેક કે અયતનાથી જીવ હિંસા થાય છે અને પ્રથમ મહાવ્રતનું ખંડન થાય છે, તેથી સાધુએ વિવેક પૂર્વક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ.

**(૫) આલોકિત–પાન ભોજન :–** સાધુએ પ્રકાશિત સ્થાનમાં આહાર-પાણીનું અવલોકન કરીને વાપરવું. જોયા વિના કે પ્રકાશ રહિત સ્થાનમાં આહાર-પાણી વાપરવાથી જીવહિંસાની સંભાવના રહે છે.

આ પાંચે ભાવનાથી આત્માને ભાવિત કરતા, સાધુની અહિંસાની ભાવના દઢતમ બને છે. અહિંસા મહાવ્રતને શુદ્ધ અને નિર્દોષ રાખવા માટે આ પાંચે ય ભાવના સહાયક બને છે.

**ભાવના અને અતિચારમાં તફાવત :–** (૧) ભાવના એ ગુણરૂપ છે. તે મહાવ્રતને પુષ્ટ કરે છે, મહાવ્રતને ભાવિત કરે છે, તે મહાવ્રતમાં સમાઈ જાય છે, તેથી તે મહાવ્રતના નિયમ, ઉપનિયમ રૂપ છે, (૨) અતિચાર દોષ રૂપ છે. અતિચાર અણુવ્રતોમાં જ લાગે છે કારણ કે અણુવ્રત મર્યાદિત હોય છે જ્યારે મહાવ્રત સંપૂર્ણ સાવદ્યાદિના ત્યાગરૂપ હોય છે, તેથી મહાવ્રતોમાં સૂક્ષ્મ, પ્રધાન, અપ્રધાન આવા કોઈપણ અતિચારોના વિકલ્પ થઈ શકતા નથી. ભાવનામાં સર્વ ગુણોને પુષ્ટ કરવાની શક્તિ છે.

**फासिए, पालिए..... :–** આ પાંચ ભાવનાઓની સમ્યક આરાધના માટે **फासिए** આદિ શબ્દોના માધ્યમે વિશેષ પ્રકારનો ક્રમ કહ્યો છે– (૧) સ્પર્શના (૨) પાલના (૩) તીર્ણતા (૪) કીર્તના અને (૫) અવસ્થિતતા. વ્રત સ્વીકાર કર્યા પછી તેની પૂર્ણતા સુધીની પાંચ ક્રમિક અવસ્થા છે. સહુથી પહેલા સમ્યક શ્રદ્ધા અને પ્રતીતિ અને રુચિપૂર્વક મહાવ્રતને ગ્રહણ કરવા તે **સ્પર્શના** છે. ગ્રહણ કર્યા પછી શક્તિ સહિત તેનું પાલન કરવું, તેની સુરક્ષા કરવી તે **પાલના** છે. સ્વીકારેલા મહાવ્રતને અંત સમય સુધી ટકાવી રાખવા, ગમે તેટલા વિઘ્નો કે સંકટો આવે, ભય કે પ્રલોભનો આવે પરંતુ કરેલા નિશ્ચયમાંથી ડગવું નહિ. જીવનના છેલ્લા શ્વાસ પર્યંત વ્રતનું પાલન કરવું તે **તીર્ણતા** છે. સ્વીકારેલા મહાવ્રતનું મહત્ત્વ સમજીને તેની પ્રશંસા કરવી, બીજાને તેની વિશેષતા સમજાવવી તે **કીર્તના** છે અને કોઈ પણ પ્રકારના ઝંઝાવાતમાં મહાવ્રતથી દૂર ન થવું, વિચલિત ન થવું, તેમાં જ સ્થિર રહેવું, વ્રતની આરાધનામાં તન્મય થવું, તે **અવસ્થિતતા** છે.

**બીજું મહાવ્રત અને તેની પાંચ ભાવના :–**

**૪૯ अहावरं दोच्चं भंते! महव्वयं पच्चक्खामि सव्वं मुसावायं वइदोसं । से कोहा वा लोहा वा भया वा हासा वा णेव सयं मुसं भासेज्जा, णेवण्णेणं मुसं भासावेज्जा अण्णंपि मुसं भासंतं ण समणुजाणेज्जा तिविहं तिविहेणं मणसा वयसा कायसा । तस्स भंते ! पडिक्कमामि** *जाव* **वोसिरामि ।**

**ભાવાર્થ :–** (હવે) હે ભગવન્ ! હું બીજા મહાવ્રતનો સ્વીકાર કરું છું. આજથી હું સર્વ પ્રકારના મૃષાવાદનો અને સદોષ વચનનો સર્વથા ત્યાગ કરું છું. (આ સત્ય મહાવ્રતના પાલન માટે) હું ક્રોધથી, લોભથી, હાસ્યથી કે ભયથી સ્વયં અસત્ય બોલીશ નહિ, બીજા પાસે અસત્ય ભાષણ કરાવીશ નહિ અને અસત્ય ભાષણ કરતા હોય, તેની અનુમોદના પણ કરીશ નહિ. આ પ્રમાણે ત્રણ કરણ અને મન, વચન, કાયા, આ ત્રણ યોગોથી યાવજ્જીવન મૃષાવાદના પાપથી નિવૃત્ત થાઉં છું. હે ભગવન્ ! હું પૂર્વકૃત મૃષાવાદ રૂપ પાપનું પ્રતિક્રમણ કરું છું, તેની આલોચના કરું છું, આત્મનિંદા કરું છું, ગુરુસાક્ષીએ ગર્હા કરું છું અને મારા આત્માને મૃષાવાદથી સર્વથા મુક્ત કરું છું.

**૫૦** तस्सिमाओ पंच भावणाओ भवंति–

तत्थिमा पढमा भावणा अणुवीइ भासी से णिग्गंथे, णो अणणुवीइ भासी। केवली बूया– अणणुवीइ भासी से णिग्गंथे समावएज्जा मोसं वयणाए । अणुवीइभासी से णिग्गंथे, णो अणणुवीइ भासि त्ति पढमा भावणा ।

अहावरा दोच्चा भावणा– कोहं परिजाणइ से णिग्गंथे, णो कोहणए सिया। केवली बूया– कोहपत्ते कोही समावएज्जा मोसं वयणाए । कोहं परिजाणइ से णिग्गंथे, ण य कोहणए सिय त्ति दोच्चा भावणा ।

अहावरा तच्चा भावणा– लोहं परिजाणइ से णिग्गंथे, णो य लोभणए सिया । केवली बूया– लोहपत्ते लोभी समावएज्जा मोसं वयणाए । लोहं परिजाणइ से णिग्गंथे, णो य लोहणए सिय त्ति तच्चा भावणा ।

अहावरा चउत्था भावणा– भयं परिजाणइ से णिग्गंथे, णो य भयभीरुए सिया । केवली बूया– भयपत्ते भीरू समावएज्जा मोसं वयणाए । भयं परिजाणइ से णिग्गंथे, णो य भयभीरूए सिय त्ति चउत्था भावणा ।

अहावरा पंचमा भावणा– हासं परिजाणइ से णिग्गंथे, णो य हासणाए सिया । केवली बूया– हासपत्ते हासी समावएज्जा मोसं वयणाए । हासं परिजाणइ से णिग्गंथे, णो य हासणए सिय त्ति पंचमा भावणा ।

**શબ્દાર્થ :–** **अणणुवीइ भासी** = વિચાર્યા વિના બોલનાર **मोसं वयणाए** = વચનથી અસત્યને **समावज्जेज्जा** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ આ પ્રમાણે છે–

(૧) તે પાંચ ભાવનાઓમાં **પહેલી ભાવના** આ પ્રમાણે છે– જે **વિચારીને બોલે છે,** તે નિર્ગ્રંથ છે, પરંતુ વિચાર્યા વિના બોલનાર નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે વિચાર્યા વિના બોલનાર નિર્ગ્રંથને વચનથી અસત્યનો દોષ લાગે છે, તેથી વિચારપૂર્વક બોલનાર સાધક જ નિર્ગ્રંથ કહેવાય છે, વિચાર્યા વિના બોલનાર નિર્ગ્રંથ નથી. આ પ્રથમ ભાવના છે.

(૨) **બીજી ભાવના** આ પ્રમાણે છે– **ક્રોધને જાણીને તેનો ત્યાગ કરે છે** તે નિર્ગ્રંથ છે, પરંતુ ક્રોધ કરનાર નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે ક્રોધ આવે ત્યારે વ્યક્તિ આવેશવશ અસત્ય વચનનો પ્રયોગ કરે છે, તેથી જે સાધક ક્રોધના સ્વરૂપને જાણીને તેનો ત્યાગ કરે છે, તે નિર્ગ્રંથ કહેવાય છે. જે ક્રોધ કરે છે, તે નિર્ગ્રંથ નથી. આ બીજી ભાવના છે.

(૩) **ત્રીજી ભાવના** આ પ્રમાણે છે– **લોભને જાણીને તેનો ત્યાગ કરે છે** તે નિર્ગ્રંથ છે, પરંતુ લોભ કરનાર નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે લોભને પ્રાપ્ત વ્યક્તિ લોભાવેશને વશ બની અસત્ય બોલે છે, તેથી જે સાધક લોભના અનિષ્ટ સ્વરૂપને જાણીને તેનો ત્યાગ કરે છે તે નિર્ગ્રંથ છે, જે લોભ કરે છે, તે નિર્ગ્રંથ નથી. આ ત્રીજી ભાવના છે.

(૪) **ચોથી ભાવના** આ પ્રમાણે છે– **ભયને જાણીને તેનો ત્યાગ કરે છે** તે નિર્ગ્રંથ છે, પરંતુ ભય પામનાર નિર્ગ્રંથ નથી, કેવલી ભગવાન કહે છે કે ભયને પ્રાપ્ત વ્યક્તિ પોતાના બચાવ માટે અસત્ય બોલે છે, તેથી જે સાધક ભયના અનિષ્ટ સ્વરૂપને જાણીને તેનો ત્યાગ કરે છે તે નિર્ગ્રંથ છે. જે ભયભીત થાય છે, તે નિર્ગ્રંથ નથી. આ ચોથી ભાવના છે.

(૫) **પાંચમી ભાવના** આ પ્રમાણે છે– **હાસ્યને જાણીને તેનો ત્યાગ કરે છે** તે નિર્ગ્રંથ છે, પરંતુ હાંસી-મજાક કરનાર નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે હાસ્યને વશ બનીને વ્યક્તિ અસત્ય પણ બોલે છે, માટે જે સાધક હાસ્યના પરિણામને જાણીને તેનો ત્યાગ કરે છે તે નિર્ગ્રંથ છે, પરંતુ હાંસીમજાક કરનાર નિર્ગ્રંથ નથી. આ પાંચમી ભાવના છે.

**૫૧ एतावताव दोच्चे महव्वए सम्मं काएणं फासिए** *जाव* **आणाए आराहिए यावि भवइ । दोच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે પાંચ ભાવનાઓથીયુક્ત મૃષાવાદ વિરમણરૂપ બીજા સત્ય મહાવ્રતની કાયાથી સમ્યક સ્પર્શના કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલા મહાવ્રતને સારી રીતે પાર કરવાથી, તેનું કીર્તન કરવાથી અને તેમાં સ્થિર રહેવાથી ભગવાનની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવન્ ! આ મૃષાવાદ વિરમણરૂપ બીજું મહાવ્રત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બીજા સત્ય મહાવ્રતનું સ્વરૂપ તથા તેની પાંચ ભાવનાનું પ્રતિપાદન છે.

**સત્ય મહાવ્રત :–** વસ્તુનું યથાતથ્ય નિરૂપણ કરવું, તે સત્ય છે. અસત્ય ભાષણના ચાર કારણ છે– ક્રોધ, લોભ, હાસ્ય અથવા ભયથી અસત્ય ભાષણ થાય છે. સાધુ ત્રણ કરણ × ત્રણ યોગ = આ નવ કોટિથી જીવન પર્યંત અસત્ય ભાષણનો ત્યાગ કરે છે.

**પાંચ ભાવના :–** (૧) **અનુવીચિભાષણ–** વિચારપૂર્વક બોલવું. અસત્યનો ત્યાગ કરવા માટે સત્ય-અસત્યનો, હિતાહિતનો વિચાર કરીને બોલવું જરૂરી છે. વિચાર્યા વિના બોલવાથી અસત્ય ભાષણની સંભાવના રહે છે, તેથી સાધુએ ભાષાના ગુણ-દોષનો વિચાર કરીને બોલવું જોઈએ. (૨) સાધુ **ક્રોધનો,** (૩) **લોભનો,** (૪) **હાસ્યનો,** (૫) **ભયનો** પરિત્યાગ કરે. ક્રોધના આવેશમાં વ્યક્તિ વિવેક ભૂલી જાય છે. તે જ રીતે લોભી વ્યક્તિ લોભપૂર્તિ માટે અસત્ય ભાષણ કરે છે. હાંસી-મજાકમાં પણ ઘણીવાર સત્યનો નાશ થાય છે અને ભયભીત વ્યક્તિ પણ મૂઢ બની જાય છે. ભયથી મુક્ત થવા વ્યક્તિ અસત્યનો સહારો લે છે. આ રીતે ક્રોધ, લોભ, હાસ્ય અને ભય; આ ચારે દોષો અસત્ય ભાષણના નિમિત્ત બને છે, તેથી સાધકે સત્ય મહાવ્રતની વિશુદ્ધિ માટે ચારે દોષોનો ત્યાગ કરવો જરૂરી છે.

સાધક સત્ય મહાવ્રતનો સ્વીકાર કર્યા પછી તેની પોષક પાંચ ભાવનાથી ચિત્તને ભાવિત કરીને વ્રતનું સમ્યક પ્રકારે પાલન કરીને, તેમાં જ તન્મય બનીને ક્રમશઃ સત્ય મહાવ્રતને સિદ્ધ કરે છે.

**अणुवीइभासी :–** વિચારીને બોલવું. બોલતા પહેલાં ભાષાના ઈષ્ટ-અનિષ્ટ, હાનિ-લાભ, હિતાહિત આદિનો વ્યવસ્થિત વિચાર કરીને બોલવું. ચૂર્ણિકારના મતે અનુવીચિ ભાષણ એટલે **पुव्वं बुद्धिए पासित्ता** પહેલા પોતાની નિર્મળ અને તટસ્થ બુદ્ધિથી નિરીક્ષણ-પરીક્ષણ કર્યા પછી બોલવું. તત્ત્વાર્થ સૂત્રકારના મતે અનુવીચિ ભાષણ એટલે નિરવદ્ય અને નિર્દોષ ભાષણ કરવું.

**ત્રીજું મહાવ્રત અને તેની પાંચ ભાવના :–**

**૫૨ अहावरं तच्चं भंते! महव्वयं पच्चक्खामि सव्वं अदिण्णादाणं । से गामे वा णगरे वा अरण्णे वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा णेव सयं अदिण्णं गेण्हिज्जा, णेवण्णेहिं अदिण्णं गेण्हावेज्जा, अण्णं पि अदिण्णं गेण्हंतं ण समणुजाणेज्जा जावज्जीवाए** *जाव* **वोसरामि ।**

**ભાવાર્થ :–** ત્યારપછી હે ભગવન્ ! હવે હું ત્રીજા મહાવ્રતનો સ્વીકાર કરું છું. તેના વિષયમાં હું સર્વ પ્રકારથી અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે આ પ્રમાણે છે– તે (ગ્રાહ્ય પદાર્થ) ગામમાં હોય, નગરમાં હોય કે જંગલમાં હોય; થોડું હોય કે ઘણું હોય, સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય, સચેત હોય કે અચેત હોય, તે પદાર્થને તેના માલિકની આજ્ઞા વિના સ્વયં ગ્રહણ કરીશ નહિ, બીજા પાસે ગ્રહણ કરાવીશ નહિ અને અદત્ત ગ્રહણ કરનારની અનુમોદના કરીશ નહિ. હું ત્રણ કરણ તથા મન, વચન, કાયા; આ ત્રણ યોગથી જીવનપર્યંત અદત્તાદાનનો ત્યાગ કરું છું. હે ભગવન્ ! હું પૂર્વકૃત અદત્તાદાનરૂપ પાપનું પ્રતિક્રમણ કરું છું, આત્મનિંદા કરું છું, ગુરુની સાક્ષીએ તેની ગર્હા કરું છું અને મારા આત્માને અદત્તાદાનના પાપથી સર્વથા મુક્ત કરું છું.

**૫૩ तस्सिमाओ पंच भावणाओ भवंति–**

**तत्थिमा पढमा भावणा– अणुवीइ मिओग्गहजाई से णिग्गंथे, णो अणणुवीइ मिओग्गहजाई से णिग्गंथे । केवली बूया– अणणुवीइ मिओग्गहजाई से णिग्गंथे अदिण्णं गेण्हेज्जा । अणुवीइ मिओग्गहजाई से णिग्गंथे, णो अणणुवीइ मिओग्गहजाई त्ति पढमा भावणा ।**

**अहावरा दोच्चा भावणा– अणुण्णविय पाणभोयणभोई से णिग्गंथे, णो अणणुण्णविय पाणभोयणभोई । केवली बूया– अणणुण्णवियपाणभोयणभोई से णिग्गंथे अदिण्णं भुंजेज्जा । तम्हा अणुण्णवियपाणभोयणभोई से णिग्गंथे, णो अणणुण्णवियपाणभोयणभोई त्ति दोच्चा भावणा ।**

**अहावरा तच्चा भावणा– णिग्गंथे णं उग्गहंसि ओग्गहियंसि एतावताव उग्गहणसीलए सिया । केवली बूया णिग्गंथेणं उग्गहंसि ओग्गहियंसि एतावताव अणोग्गहणसीले अदिण्णं ओगिण्हेज्जा, णिग्गंथेणं उग्गहंसि ओग्गहियंसि ए ताव ताव उग्गहणसीलए सिय त्ति तच्चा भावणा ।**

**अहावरा चउत्था भावणा– णिग्गंथे णं उग्गहंसि ओग्गहियंसि अभिक्खणं अभिक्खणं उग्गहणसीलए सिया । केवली बूया– णिग्गंथेणं उग्गहंसि ओग्गहियंसि अभिक्खणं अभिक्खणं अणोग्गहणसीले अदिण्णं गिण्हेज्जा, णिग्गंथे उग्गहंसि ओग्गहियंसि अभिक्खणं अभिक्खणं ओग्गहणसीलए सिय त्ति चउत्था भावणा।**

**अहावरा पंचमा भावणा– अणुवीइ मिओग्गहजाई से णिग्गंथे**

**साहम्मिएसु, णो अणणुवीइ मिओग्गहजाई । केवली बूया- अणणुवीइ मिओग्गहजाई से णिग्गंथे साहम्मिएसु अदिण्णं ओगिण्हेज्जा । से अणुवीइ मिओग्गहजाई से णिग्गंथे साहम्मिएसु, णो अणणुवीइ मिओग्गहजाइ त्ति पंचमा भावणा ।**

**ભાવાર્થ :–** ત્રીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ છે– (૧) પાંચ ભાવનાઓમાંથી **પ્રથમ ભાવના** આ પ્રમાણે છે– જે સાધક **વિચાર કરીને** પરિમિત અવગ્રહ(સ્થાન, ઉપધિ આદિ વસ્તુની આજ્ઞા)ની યાચના કરે છે, તે નિર્ગ્રંથ છે. વિચાર્યા વિના પરિમિત અવગ્રહની યાચના કરનાર નિર્ગ્રંથ નથી. કેવળી ભગવાન કહે છે કે જે વિચાર્યા વિના પરિમિત અવગ્રહની યાચના કરે છે, તે નિર્ગ્રંથ અદત્ત ગ્રહણ કરે છે, તેથી અવગ્રહને અનુરૂપ ચિંતન કરી પરિમિત અવગ્રહની યાચના કરનાર સાધુ નિર્ગ્રંથ કહેવાય છે, વિચાર્યા વિના મર્યાદિત અવગ્રહની યાચના કરનાર નિર્ગ્રંથ નથી. આ પ્રથમ ભાવના છે.

(૨) **બીજી ભાવના** આ પ્રમાણે છે– ગુરુજનોની **આજ્ઞા પ્રાપ્ત કરીને** આહાર, પાણી આદિનો ઉપભોગ કરનાર નિર્ગ્રંથ છે, આજ્ઞા લીધા વિના આહાર પાણીનો ઉપભોગ કરનાર નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે જે નિર્ગ્રંથ ગુરુ આદિની આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના આહાર પાણીનો ઉપભોગ કરે છે , તે અદત્તાદાનનું સેવન કરે છે, તેથી જે સાધક ગુરુ આદિની અનુજ્ઞા પ્રાપ્ત કરીને આહાર, પાણી આદિનો ઉપભોગ કરે છે, તે નિર્ગ્રંથ કહેવાય છે, અનુજ્ઞા ગ્રહણ કર્યા વિના આહારપાણી આદિનું સેવન કરનાર નિર્ગ્રંથ નથી. આ બીજી ભાવના છે.

(૩) **ત્રીજી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથ સાધુએ **ક્ષેત્ર અને કાળના પ્રમાણ** પૂર્વક અવગ્રહની યાચના કરવી જોઈએ. કેવલી ભગવાન કહે છે કે જે નિર્ગ્રંથ ક્ષેત્ર અને કાળના પ્રમાણપૂર્વક અવગ્રહ(સ્થાનાદિની આજ્ઞા) ગ્રહણ કરતા નથી તે અદત્તને ગ્રહણ કરે છે; તેથી જે સાધક ક્ષેત્ર, કાળની મર્યાદાપૂર્વક અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કરે છે, તે નિર્ગ્રંથ છે. ક્ષેત્ર-કાલની મર્યાદા વિના જ અવગ્રહની યાચના કરે છે તે નિર્ગ્રંથ નથી. આ ત્રીજી ભાવના છે.

(૪) **ચોથી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથે એક અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કર્યા પછી ફરી જ્યારે-જ્યારે અવગ્રહ ગ્રહણ કરે ત્યારે **વારંવાર અવગ્રહની અનુજ્ઞા** ગ્રહણ કરવી જોઈએ. કેવલી ભગવાન કહે છે કે જે નિર્ગ્રંથ અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કર્યા પછી પણ વારંવાર બીજા અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કરતા નથી, તે અદત્તને ગ્રહણ કરે છે, તેથી નિર્ગ્રંથે એકવાર અવગ્રહની આજ્ઞા ગ્રહણ કર્યા પછી અન્ય વસ્તુ માટે ફરી-ફરી આજ્ઞા ગ્રહણ કરવી જોઈએ. આ ચોથી ભાવના છે.

(૫) **પાંચમી ભાવના** આ પ્રમાણે છે– જે સાધુ **સાધર્મિકો પાસેથી વિચાર કરીને** મર્યાદિત અવગ્રહની યાચના કરે છે તે નિર્ગ્રંથ છે, સાધર્મિકો પાસે વિચાર્યા વિના પરિમિત અવગ્રહની યાચના કરનાર નિર્ગ્રંથ નથી. કેવલી ભગવાન કહે છે કે વિચાર્યા વિના જે સાધર્મિકો પાસેથી પરિમિત અવગ્રહની યાચના કરે છે તે સાધર્મિકોનું અદત્ત ગ્રહણ કરે છે, તેથી જે સાધક સાધર્મિકો પાસેથી વિચારપૂર્વક મર્યાદિત અવગ્રહની યાચના કરે છે તે નિર્ગ્રંથ છે, વિચાર્યા વિના સાધર્મિકો પાસેથી મર્યાદિત અવગ્રહ ગ્રહણ કરે છે, તે નિર્ગ્રંથ નથી. આ પાંચમી ભાવના છે.

**૫૪ एतावताव तच्चे महव्वए सम्मं *जाव* आणाए आराहिए यावि भवइ । तच्चं भंते ! महव्वयं अदिण्णादाणाओ वेरमणं ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે પાંચ ભાવનાઓથી યુક્ત ત્રીજા મહાવ્રતની સમ્યક પ્રકારે કાયાથી સ્પર્શના કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલા મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, તેનું કીર્તન કરવાથી તથા તેમાં સ્થિર થવાથી ભગવાનની આજ્ઞાની આરાધના થાય છે.

હે ભગવન્ ! આ અદત્તાદાન વિરમણ રૂપ ત્રીજું મહાવ્રત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રીજા અદત્તાદાન વિરમણ મહાવ્રતના સ્વરૂપનું તથા તેની પાંચ ભાવનાઓનું પ્રતિપાદન છે.

**અદત્તાદાન :–** અદત્ત + આદાન. કોઈના દ્વારા ન દીધેલું ગ્રહણ કરવું, તે અદત્તાદાન છે. માલિકની આજ્ઞા વિના વસ્તુ લેવી, તે અદત્તાદાન અર્થાત્ ચોરી છે. ચોરી કરનાર વ્યક્તિનું મન હંમેશાં અનેક સંકલ્પ-વિકલ્પોમાં મુંઝાયા કરે છે, તે વ્યક્તિ શાંત ચિત્તે કોઈપણ આરાધના કરી શકતી નથી.

વસ્તુ અલ્પ હોય કે અધિક હોય, નાની હોય કે મોટી હોય, સચેત હોય કે અચેત હોય, સાધુ તે વસ્તુના માલિકની આજ્ઞા વિના ગ્રહણ કરતા નથી. તીર્થંકરની કે ગુરુની આજ્ઞાનો ભંગ કરવો, તે પણ ક્રમશઃ તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત કહેવાય છે.

સાધકો સર્વ પ્રકારના અદત્તનો નવકોટિએ જીવન પર્યંત ત્યાગ કરે છે.

**પાંચ ભાવના :–** (૧) **વિચારપૂર્વક પરિમિત અવગ્રહની યાચના કરવી.** સાધુએ કોઈપણ વસ્તુની યાચના કરતાં પહેલાં પોતાની આવશ્યકતા અને કલ્પનીય-અકલ્પનીયતાનો વિચાર કરવો જરૂરી છે. સાધુ પોતાની આવશ્યકતા પ્રમાણે કલ્પનીય વસ્તુ જ ગ્રહણ કરે છે. આવશ્યકતાથી અધિક ગ્રહણ કરવાથી કે અકલ્પનીય વસ્તુ ગ્રહણ કરવાથી તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય છે. સાધુ જીવનમાં આજ્ઞા ભંગ તે તીર્થંકર અદત્ત હોવાથી એક પ્રકારનું અદત્ત છે, તેથી સાધુએ ઉપરોક્ત વિષયમાં વિવેક રાખવો જરૂરી છે.

(૨) **ગુરુની આજ્ઞાપૂર્વક આહાર-પાણીની યાચના કરવી.** સાધુએ પોતાની આવશ્યકતાઓનું નિવેદન આચાર્ય, ગુરુ કે રત્નાધિક સંતની સમક્ષ કરવાનું હોય છે અને તેમની આજ્ઞાપૂર્વક તે-તે વસ્તુની યાચના ગૃહસ્થો પાસે કરવાની હોય છે. જો ગુરુની આજ્ઞા વિના યાચનાપૂર્વક નિર્દોષ વસ્તુ લાવે, તો પણ તેને ગુરુ અદત્તનો દોષ લાગે છે, તેથી સાધુએ તથાપ્રકારની પ્રવૃત્તિ કરવી ન જોઈએ.

(૩) **ક્ષેત્ર-કાલની મર્યાદાપૂર્વક અવગ્રહની યાચના કરવી.** સાધુ કોઈ પણ ઉપાશ્રય કે મકાનની આજ્ઞા ગ્રહણ કરે, ત્યારે તેના ક્ષેત્ર અને કાલની મર્યાદા નિશ્ચિત કરવી જરૂરી છે. તેનું તાત્પર્ય એ છે કે ગૃહસ્થના મકાનમાંથી પોતે કેટલા સ્થાનનો ઉપયોગ કરશે અને કેટલા કાલ સુધી રહેશે, પરઠવા માટે કઈ જગ્યાનો ઉપયોગ કરશે તેની સ્પષ્ટતા કર્યા પછી સાધુ તે સ્થાનમાં રહે છે. નધણિયાતી જગ્યામાં પરઠવાનું થાય તો શક્રેન્દ્રની આજ્ઞા ગ્રહણ કરીને પરઠી શકાય છે. તે મર્યાદાનું ઉલ્લંઘન થવાથી અદત્તનો દોષ લાગે છે.

(૪) **વારંવાર અવગ્રહની આજ્ઞા ગ્રહણ કરે.** સાધુ જેટલીવાર કોઈ પણ વસ્તુની યાચના માટે જાય, તેટલી વાર ગુરુની આજ્ઞા ગ્રહણ કરે. ગૃહસ્થ પાસેથી ગ્રહણ કરેલા પાટ-પાટલા આદિ કોઈ પણ પાઢીહારી વસ્તુનો ઉપયોગ કરતાં પહેલાં પ્રતિદિન ગૃહસ્થની આજ્ઞા ગ્રહણ કરે. પ્રતિદિન આજ્ઞા ગ્રહણ કરવાથી તે વસ્તુ મારી નથી તેવી ભાવના દઢતમ થાય છે, તેથી સાધુને તેમાં માલિકી ભાવ કે મમત્વભાવ

થતો નથી. માટે સાધુ પ્રત્યેક કાર્ય આજ્ઞાપૂર્વક કરે અને ઉપાશ્રયમાંથી પણ જે કોઈ વસ્તુ ગ્રહણ કરવી હોય, તો તેની પુનઃ આજ્ઞા ગ્રહણ કરે.

(૫) **સાધર્મિકો પાસેથી વિચારપૂર્વક અને મર્યાદાપૂર્વક અવગ્રહની યાચના કરે.** સાધુને પોતાના સહવર્તી અન્ય સાધુઓની કોઈપણ ઉપધિની આવશ્યકતા હોય, તો તેની આજ્ઞા લઈને જ તે ઉપધિ ગ્રહણ કરે. તેમાં જેની પાસેથી ઉપધિ ગ્રહણ કરવાની છે, તે સાધુને માટે તે વસ્તુની આવશ્યકતાનો તેમજ તે સાધુની અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિચાર કરે. તે સાધુને કોઈ પણ પ્રકારે તકલીફ ન થાય. તે રીતે મર્યાદિત વસ્તુને જ ગ્રહણ કરે.

આ રીતે ત્રીજા મહાવ્રતની શુદ્ધિને માટે સાધુએ હંમેશાં વિવેકપૂર્વક વિચાર કરીને, આજ્ઞાપૂર્વક આવશ્યકતા પ્રમાણે જ વસ્તુ ગ્રહણ કરવી જોઈએ.

**ચોથું મહાવ્રત અને તેની પાંચ ભાવના :–**

**૫૫ अहावरं चउत्थं भंते ! महव्वयं पच्चक्खामि सव्वं मेहुणं । से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणियं वा णेव सयं मेहुणं गच्छेज्जा, तं चेव, अदिण्णादाण-वत्तव्वया भाणियव्वा *जाव* वोसिरामि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી હે ભગવન્ ! હું ચોથા મહાવ્રતનો સ્વીકાર કરું છું. તેના વિષયમાં સર્વપ્રકારથી મૈથુન સેવનના પ્રત્યાખ્યાન કરું છું. દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી મૈથુનનું સેવન સ્વયં કરીશ નહિ, બીજા પાસે દેવતા આદિ સંબંધી મૈથુન સેવન કરાવીશ નહિ અને મૈથુન સેવન કરનારની અનુમોદના પણ કરીશ નહીં. શેષ વર્ણન અદત્તાદાન વિરમણ મહાવ્રતની સમાન ***યાવત્*** મૈથુન સંબંધી પાપથી મારા આત્માને સર્વથા મુક્ત કરું છું.

**૫૬ तस्सिमाओ पंच भावणाओ भवंति–**

**तत्थिमा पढमा भावणा– णो णिग्गंथे अभिक्खणं अभिक्खणं इत्थीणं कहं कहइत्तए सिया । केवली बूया– णिग्गंथे अभिक्खणं अभिक्खणं इत्थीणं कहं कहेमाणे संतिभेया संतिविभंगा संतिकेवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा । णो णिग्गंथे अभिक्खणं अभिक्खणं इत्थीणं कहं कहइत्तए सिय त्ति पढमा भावणा।**

**अहावरा दोच्चा भावणा– णो णिग्गंथे इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोइत्तए णिज्झाइत्तए सिया । केवली बूया– णिग्गंथे णं इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोएमाणे णिज्झाएमाणे संतिभेया संतिविभंगा *जाव* धम्माओ भंसेज्जा, णो णिग्गंथे इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोइत्तए णिज्झाइत्तए सिय त्ति दोच्चा भावणा ।**

**अहावरा तच्चा भावणा– णो णिग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सुमरित्तए सिया । केवली बूया– णिग्गंथे णं इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सरमाणे संतिभेया *जाव* भंसेज्जा । णो णिग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सरित्तए सिय त्ति तच्चा भावणा ।**

**अहावरा चउत्था भावणा– णाइमत्तपाणभोयणभोई से णिग्गंथे, णो पणीयरस-भोयणभोई । केवली बूया– अइमत्तपाण-भोयणभोई से णिग्गंथे पणीयरसभोयणभोइ त्ति संतिभेया** *जाव* **भंसेज्जा । णाइमत्तपाणभोयणभोई से णिग्गंथे, णो पणीयरसभोयणभोइत्ति चउत्था भावणा ।**

**अहावरा पंचमा भावणा– णो णिग्गंथे इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवित्तए सिया । केवली बूया– णिग्गंथे णं इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवेमाणे संतिभेया** *जाव* **भंसेज्जा । णो णिग्गंथे इत्थी-पसु-पंडगसंसत्ताइं सयणासणाइं सेवित्तए सिय त्ति पंचमा भावणा ।**

**શબ્દાર્થ :–** **संति** = પ્રાપ્ત કરે છે **भेया** = બ્રહ્મચર્યના ભેદને(દેશ ભંગને) **विभंगा** = બ્રહ્મચર્યના ભંગને(સર્વ ભંગને) **केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा** = કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે **णो णिग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सुमरित्तए सिया** = સાધુએ સ્ત્રીઓ સાથે પહેલા કરેલી રતિ તથા ક્રીડાનું સ્મરણ કરવું જોઈએ નહિ **णाइमत्तपाणभोयणभोई** = પ્રમાણથી વધારે આહાર-પાણી કરે નહિ **से णिग्गंथे** = તે નિર્ગ્રંથ છે **णो पणीयरस-भोयणभोई** = પ્રણીત રસ, પ્રકામ ભોજનનો ઉપભોગ કરે નહિ અર્થાત્ સરસ આહાર ન કરે.

**ભાવાર્થ :–** આ ચોથા મહાવ્રતની પાંચ ભાવનાઓ છે–

(૧) **પહેલી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથ સાધુ **સ્ત્રીઓની કામજનક વાતો વારંવાર કરે નહિ.** કેવળી ભગવાને કહ્યું છે કે વારંવાર સ્ત્રીઓની કથા–વાતો કરનાર નિર્ગ્રંથ બ્રહ્મચર્યનો દેશથી કે સર્વથી ભંગ કરે છે અને કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રંથ સાધુ સ્ત્રીઓની વાતો વારંવાર કરે નહિ. આ પ્રથમ ભાવના છે.

(૨) **બીજી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથ સાધુ **સ્ત્રીઓની મનોહર, મનોરમ ઇન્દ્રિયોને સામાન્ય કે વિશેષ પણે જુએ નહિ.** કેવલી ભગવાને કહ્યું છે કે સ્ત્રીઓની મનોહર તેમજ મનોરમ ઇન્દ્રિયોને કામ, રાગપૂર્વક સામાન્ય કે વિશેષ રૂપે જોનાર સાધુ બ્રહ્મચર્યનો દેશથી કે સર્વથી ભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રંથ મુનિ સ્ત્રીઓની મનોહર તેમજ મનોરમ ઇન્દ્રિયોને કામરાગપૂર્વક સામાન્ય કે વિશેષ રૂપે જુએ નહિ. આ બીજી ભાવના છે.

(૩) **ત્રીજી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથ સાધુ સ્ત્રી સાથે **પૂર્વકૃત રતિ, પૂર્વકૃત કામક્રીડાનું સ્મરણ કરે નહિ.** કેવલી ભગવાને કહ્યું છે કે સ્ત્રીઓની સાથે કરેલ પૂર્વકૃત રતિ તેમજ પૂર્વકૃત કામક્રીડાનું સ્મરણ કરનાર સાધુ બ્રહ્મચર્યનો દેશથી કે સર્વથી ભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રંથ સાધુ સ્ત્રીઓ સાથે પૂર્વાશ્રમમાં કરેલ પૂર્વરતિ તેમજ પૂર્વકામક્રીડાનું સ્મરણ કરે નહિ. આ ત્રીજી ભાવના છે.

(૪) **ચોથી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથ સાધુ **આહારપાણીનો અતિમાત્રામાં ઉપભોગ કરે નહિ** તથા સરસ અને ગરિષ્ટ આહારનો ઉપભોગ કરે નહિ. કેવલી ભગવાને કહ્યું છે કે પ્રમાણથી અધિક માત્રામાં આહાર-પાણીનું સેવન કરનાર તથા સ્નિગ્ધ-ગરિષ્ટ ભોજન કરનાર સાધુ બ્રહ્મચર્યનો દેશથી કે

સર્વથી ભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, માટે નિર્ગ્રંથ સાધુ અતિમાત્રામાં આહારપાણી કરે નહિ કે સરસ સ્વાદિષ્ટ ભોજનનો ઉપભોગ કરે નહિ. આ ચોથી ભાવના છે.

(૫) **પાંચમી ભાવના** આ પ્રમાણે છે– નિર્ગ્રંથ સાધુ **સ્ત્રી, પશુ, નપુંસકથી યુક્ત શય્યા-વસતિ અને આસનાદિનું સેવન કરે નહિ.** કેવલી ભગવાને કહ્યું છે– સ્ત્રી, પશુ અને નપુંસક યુક્ત શય્યા, આસનાદિનું સેવન કરનાર સાધુ બ્રહ્મચર્યનો દેશથી કે સર્વથી ભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, માટે નિર્ગ્રંથ સાધુ સ્ત્રી, પશુ, નપુંસકથી સંસક્ત શય્યા અને આસનાદિનું સેવન કરે નહિ. આ પાંચમી ભાવના છે.

**૫૭ एतावताव चउत्थे महव्वए सम्मं काएणं** *जाव* **आराहिए यावि भवइ । चउत्थं भंते ! महव्वयं मेहुणाओ वेरमणं ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે આ પાંચ ભાવનાઓથી યુક્ત મૈથુન વિરમણ રૂપ ચોથા મહાવ્રતની સમ્યક રૂપે કાયાથી સ્પર્શના કરવાથી, પાલન કરવાથી, ગ્રહણ કરેલા મહાવ્રતને સારી રીતે પાર પામવાથી, તેનું કીર્તન કરવાથી, તેમાં સ્થિર રહેવાથી ભગવાનની આજ્ઞાની આરાધના થાય છે. હે ભગવાન ! આ મૈથુન વિરમણરૂપ ચોથું મહાવ્રત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતનું સ્વરૂપ તથા તેની પાંચ ભાવનાનું નિરૂપણ છે.

**બ્રહ્મચર્ય :–** બ્રહ્મ સ્વરૂપ આત્મભાવમાં રમણતા કરવી, તે બ્રહ્મચર્ય છે. વિષય ભોગની પ્રવૃત્તિ મોહનીય કર્મને ઉત્તેજિત કરે છે. તે બ્રહ્મચર્યમાં બાધક બને છે, તેથી બ્રહ્મચર્ય મહાવ્રતની આરાધના કરનાર સાધક દેવતા, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુન સેવનનો ત્રણ કરણ અને ત્રણ યોગ, આ નવ કોટિથી જીવન પર્યંત ત્યાગ કરે છે.

**પાંચ ભાવના :–** (૧) સાધુ **સ્ત્રીઓ સંબંધી કામ વિષયક કથા કરે નહીં.** કામ વિષયક કથાઓનું શ્રવણ મનમાં વિકાર ભાવ જાગૃત કરે છે, ક્યારેક મનની વિકૃતિથી વચનની અને કાયાની પણ વિકૃતિ થાય અને સાધક ચારિત્ર માર્ગથી ભ્રષ્ટ થાય છે, તેથી સાધુ સ્ત્રી કથાનો સર્વથા ત્યાગ કરે.

(૨) સાધુ **સ્ત્રીઓના અંગોપાંગનું આવલોકન કરે નહીં,** વિષય બુદ્ધિથી કરેલું રૂપદર્શન વાસનાની જાગૃતિનું નિમિત્ત બને છે તેથી સાધુ વિકાર ભાવે સ્ત્રીના અંગોપાંગનું નિરીક્ષણ કરે નહીં.

(૩) સાધુ **પૂર્વે ભોગવેલા વિષય ભોગનું સ્મરણ કરે નહીં.** વિષય ભોગનું સ્મરણ ઉપશાંત થયેલી વાસનાને પુનઃ ઉદ્દીપ્ત કરે છે, તેથી સાધુ પોતે ભોગવેલા વિષય ભોગનું સ્મરણ કરે નહીં અને વિષયવર્ધક નાટક આદિ જુએ નહીં.

(૪) સાધુ **પ્રતિદિન સરસ ગરિષ્ટ આહાર કરે નહીં.** ગરિષ્ટ આહાર આળસ, પ્રમાદ આદિ દુર્ગુણોનું પોષણ કરે છે, સુષુપ્ત વાસનાને સતેજ બનાવે છે, તેથી બ્રહ્મચર્યનું પાલન કરનારા સાધુઓ સાદો-સીધો, પૌષ્ટિક અને પોતાના શરીરને અનુકૂળ આહાર પણ મર્યાદિત પ્રમાણમાં જ કરે છે.

સામાન્ય રીતે સર્વ સાધુઓ માટે ગરિષ્ટ આહારનો નિષેધ છે પરંતુ કોઈ સાધુ પોતાના સ્વાસ્થ્ય માટે ઔષધ રૂપે વિગયયુક્ત ગરિષ્ટ આહાર ગુરુની આજ્ઞા પૂર્વક ગ્રહણ કરી શકે છે.

(૫) સાધુ **સ્ત્રી-પશુ, નપુંસક રહિત સ્થાનમાં રહે.** સ્ત્રી આદિનો સંસર્ગ મનની વિકૃતિનું નિમિત્ત બને છે તેથી સાધુ સ્ત્રી આદિથી રહિત એકાંત સ્થાનમાં નિવાસ કરે છે.

સંક્ષેપમાં બ્રહ્મચર્યમાં બાધક અને વિષયોને ઉત્તેજિત કરનાર પ્રત્યેક પ્રવૃત્તિનો ત્યાગ કરનાર સાધુ જ બ્રહ્મચર્ય મહાવ્રતમાં સ્થિર રહી શકે છે. બ્રહ્મચર્યની આરાધના કરનાર સાધકો ઉપરોક્ત સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરે. આ પ્રમાણે સાધ્વીજીઓ માટે પુરુષ સંબંધી કથા આદિનો ત્યાગ સમજી લેવો જોઈએ.

**પાંચમું મહાવ્રત અને તેની પાંચ ભાવના :–**

**૫૮** **अहावरं पंचमं भंते ! महव्वयं सव्वं परिग्गहं पच्चक्खामि । से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा णेव सयं परिग्गहं गेण्हेज्जा, णेवण्णेहिं परिग्गहं गेण्हावेज्जा, अण्णं पि परिग्गहं गिण्हंतं ण समणुजाणेज्जा** *जाव* **वोसिरामि ।**

**શબ્દાર્થ :–** **से अप्पं वा बहुं** = સાધુ અલ્પ કે વધુ **अणुं वा थूलं** = સૂક્ષ્મ કે સ્થૂલ **चित्तमंतं वा अचित्तमंतं** = સચેત કે અચેત **णेव परिग्गहं गेण्हेज्जा** = સ્વયં પરિગ્રહ ગ્રહણ કરીશ નહિ **णेवण्णेहिं परिग्गहं गेण्हावेज्जा** = બીજા પાસે પરિગ્રહ ગ્રહણ કરાવીશ નહિ **अण्णं वि परिग्गहं गिण्हंतं ण समणुजाणेज्जा** = અન્ય કોઈ પરિગ્રહ ગ્રહણ કરતા હોય તેની અનુમોદના કરીશ નહિ.

**ભાવાર્થ :–** હે ભગવાન ! હું પાંચમા મહાવ્રતનો સ્વીકાર કરું છું. પાંચમા મહાવ્રતના વિષયમાં હું સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરું છું. હું થોડો કે ઘણો, સૂક્ષ્મ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત કોઈપણ પ્રકારના પરિગ્રહને સ્વયં ગ્રહણ કરીશ નહિ, બીજા પાસે પરિગ્રહ ગ્રહણ કરાવીશ નહિ અને પરિગ્રહ ગ્રહણ કરનારની અનુમોદના પણ કરીશ નહિ ***યાવત્*** ભૂતકાળમાં ગ્રહણ કરેલા પરિગ્રહનો હું ત્યાગ કરું છું, ત્યાં સુધીનું સર્વ વર્ણન પૂર્વની જેમ સમજી લેવું.

**૫૯** **तस्सिमाओ पंच भावणाओ भवंति–**

**तत्थिमा पढमा भावणा– सोयओ णं जीवे मणुण्णामणुण्णाइं सद्दाइं सुणेइ, मणुण्णामणुण्णेहिं सद्देहिं णो सज्जेज्जा णो रज्जेज्जा णो गिज्झेज्जा णो मुज्झेज्जा णो अज्झोववज्जेज्जा णो विणिग्घायमावज्जेज्जा । केवली बूया– णिग्गंथे णं मणुण्णामणुण्णेहिं सद्देहिं सज्जमाणे रज्जमाणे** *जाव* **विणिग्घायमावज्जमाणे संतिभेया संतिविभंगा संतिकेवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।**

**ण सक्का ण सोउं सद्दा, सोयविसयमागया ।**
**राग दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥**

**सोयओ जीवो मणुण्णामणुण्णाइं सद्दाइं सुणेइ त्ति पढमा भावणा ।**

**अहावरा दोच्चा भावणा– चक्खूओ जीवो मणुण्णामणुण्णाइं रूवाइं पासइ, मणुण्णामणुण्णेहिं रूवेहिं णो सज्जेज्जा णो रज्जेज्जा** *जाव* **णो विणिग्घाय-मावज्जेज्जा । केवली बूया– णिग्गंथे णं मणुण्णामणुण्णेहिं रूवेहिं सज्जमाणे** *जाव* **विणिग्घायमावज्जमाणे संतिभेया संतिविभंगा** *जाव* **भंसेज्जा ।**

ण सक्का रूवमदट्ठुं, चक्खूविसयमागयं ।
राग दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥

चक्खूओ जीवो मणुण्णामणुण्णाइं रूवाइं पासइ त्ति दोच्चा भावणा ।

अहावरा तच्चा भावणा– घाणओ जीवो मणुण्णामणुण्णाइं गंधाइं अग्घायइ, मणुण्णामणुण्णेहिं गंधेहिं णो सज्जेज्जा णो रज्जेज्जा, णो गिज्झेज्जा, णो मुज्झेज्जा, णो अज्झोववज्जेज्जा, णो विणिग्घायमावज्जेज्जा । केवली बूया– णिग्गंथे णं मणुण्णामणुण्णेहिं गंधेहिं सज्जमाणे रज्जमाणे *जाव* विणिग्घायमावज्जमाणे संतिभेया संतिविभंगा *जाव* भंसेज्जा ।

ण सक्का ण गंधमग्घाउं, णासाविसयमागयं ।
राग दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥

घाणओ जीवो मणुण्णामणुण्णाइं गंधाइं अग्घायइ त्ति तच्चा भावणा ।

अहावरा चउत्था भावणा– जिब्भाओ जीवो मणुण्णामणुण्णाइं रसाइं अस्सादेइ, मणुण्णामणुण्णेहिं रसेहिं णो सज्जेज्जा णो रज्जेज्जा *जाव* णो विणिग्घायमावज्जेज्जा । केवली बूया– णिग्गंथे णं मणुण्णामणुण्णेहिं रसेहिं सज्जमाणे *जाव* विणिग्घायमावज्जमाणे संतिभेया *जाव* भंसेज्जा ।

ण सक्का रसमणासाउं, जीहाविसयमागयं ।
राग दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥

जीहाओ जीवो मणुण्णामणुण्णाहिं रसाइं अस्साएइ त्ति चउत्था भावणा ।

अहावरा पंचमा भावणा– फासाओ जीवो मणुण्णामणुण्णाइं फासाइं पडिसंवेदेइ, मणुण्णामणुण्णेहिं फासेहिं णो सज्जेज्जा, णो रज्जेज्जा, णो गिज्झेज्जा, णो मुज्झेज्जा, णो अज्झोववज्जेज्जा, णो विणिग्घायमावज्जेज्जा । केवली बूया– णिग्गंथे णं मणुण्णामणुण्णेहिं फासेहिं सज्जमाणे *जाव* विणिग्घायमावज्जमाणे संतिभेया संतिविभंगा संतिकेवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

ण सक्का ण संवेदेउं, फास विसयमागयं ।
राग दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥

फासाओ जीवो मणुण्णामणुण्णाइं फासाइं पडिसंवेदेइ त्ति पंचमा भावणा।

**શબ્દાર્થ :–** सोयओ = શ્રોતેન્દ્રિયથી **मणुण्णामणुण्णाइं सद्दाइं सुणेइ** = મનોજ્ઞ–પ્રિય, અમનોજ્ઞ–અપ્રિય શબ્દોને સાંભળે છે **मणुण्णामणुण्णेहिं सद्देहिं** = પ્રિય, અપ્રિય શબ્દોમાં **णो सज्जेज्जा** = આસક્ત થાય નહિ **णो रज्जेज्जा** = અનુરક્ત થાય નહિ **णो गिज्झेज्जा** = ગૃદ્ધ થાય નહિ **णो मुज्झेज्जा** =

મોહિત કે મૂર્ચ્છિત થાય નહિ **णो अज्झोववज्जेज्जा** = અત્યંત આસક્ત–તલ્લીન થાય નહિ **णो विणिग्घायमावज्जेज्जा** = વિનાશને પ્રાપ્ત ન થાય અર્થાત્ રાગદ્વેષ ન કરે **सोयविसयमागया** = શ્રોતેન્દ્રિયના વિષયમાં આવેલા **सद्दा** = શબ્દ **ण सक्का** = સમર્થ નથી **ण सोउं** = સાંભળવા નહિ **तत्थ** = તેમાં **रागदोसा उ** = રાગદ્વેષ છે **जे** = જે **तं** = તેને **परिवज्जए** = છોડી દે **चक्खूविसयमागयं** = ચક્ષુ વિષયને પ્રાપ્ત થયેલ **रूवं** = રૂપ **अदट्ठुं ण सक्का** = અદષ્ટ થઈ શકતું નથી **णासाविसयमागयं** = નાસિકાના વિષયને પ્રાપ્ત થયેલ **गंधं** = ગંધ **ण अग्घाउ सक्का** = ગંધ ન આવે તેમ થઈ શકતું નથી **जीहाविसयमागयं** = જીભનો વિષય બનેલા **रसं** = રસને **ण सक्का अणासाउं** = આસ્વાદ ન થાય તેમ થઈ શકતું નથી પરંતુ **फासविसयमागयं** = સ્પર્શેન્દ્રિયના વિષયને પ્રાપ્ત **फासं** = સ્પર્શને **ण संवेदेउं ण सक्का** = સંવેદન ન થાય, તેમ શક્ય નથી અર્થાત્ સંવેદન તો થાય છે.

**ભાવાર્થ :–** પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ છે–

(૧) પાંચ ભાવનાઓમાંથી **પ્રથમ ભાવના** આ પ્રમાણે છે– જીવ શ્રોતેન્દ્રિયથી મનોજ્ઞ કે અમનોજ્ઞ શબ્દોને સાંભળે છે, સાધુ મનોજ્ઞ કે અમનોજ્ઞ **શબ્દોમાં આસક્ત થાય નહિ,** અનુરક્ત થાય નહિ, ગૃદ્ધ થાય નહિ, મોહિત થાય નહિ, અત્યંત આસક્ત થાય નહિ, રાગદ્વેષ કરીને આત્મગુણોનો નાશ કરે નહિ. કેવલી ભગવંતે કહ્યું છે કે જે સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દોમાં આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, મોહિત કે અત્યંત આસક્ત થાય છે, રાગદ્વેષ કરે છે, તે અપરિગ્રહ મહાવ્રતનો દેશથી કે સર્વથી ભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

કાનમાં પ્રવેશેલા શબ્દનું શ્રવણ ન કરવું, તે શક્ય નથી પરંતુ તેને સાંભળતા જ તેમાં ઉત્પન્ન થતાં રાગ, દ્વેષનો સાધુ ત્યાગ કરે. આ રીતે જીવ શ્રોતેન્દ્રિયથી પ્રિય કે અપ્રિય સર્વ પ્રકારના શબ્દો સાંભળે છે પરંતુ સાધુ તેમાં આસક્ત થઈને રાગ, દ્વેષ કરે નહિ. આ પ્રથમ ભાવના છે.

(૨) **બીજી ભાવના** આ પ્રમાણે છે– જીવ ચક્ષુરિન્દ્રિય દ્વારા મનોજ્ઞ, અમનોજ્ઞ સર્વ પ્રકારના રૂપોને જુએ છે. સાધુ તે **મનોજ્ઞ, અમનોજ્ઞ રૂપોમાં આસક્ત થાય નહીં** તથા અનુરક્ત કે ગૃદ્ધ થાય નહિ *યાવત્* રાગદ્વેષ કરીને આત્મગુણોનો નાશ કરે નહિ. કેવલી ભગવાને કહ્યું છે કે જે નિર્ગ્રંથ મનોજ્ઞ અમનોજ્ઞ રૂપોને જોઈને તેમાં આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ થાય છે ***યાવત્*** રાગદ્વેષ કરી પોતાના આત્મગુણોનો નાશ કરે છે, તે અપરિગ્રહ મહાવ્રતનો દેશથી કે સર્વભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

ચક્ષુ સમક્ષ આવેલું રૂપ ન દેખાય, તે શક્ય નથી, પરંતુ તેને જોતાં જ તેમાં ઉત્પન્ન થતાં રાગ-દ્વેષનો સાધુ ત્યાગ કરે. આ રીતે જીવ ચક્ષુરિન્દ્રિયથી મનોજ્ઞ કે અમનોજ્ઞ સર્વ પ્રકારના રૂપને જુએ છે, પરંતુ સાધુ તેમાં આસક્ત થઈને રાગ-દ્વેષ કરે નહિ. આ બીજી ભાવના છે.

(૩) **ત્રીજી ભાવના** આ પ્રમાણે છે– જીવ નાસિકાથી પ્રિય કે અપ્રિય ગંધોને સૂંઘે છે. સાધુ **મનોજ્ઞ કે અમનોજ્ઞ ગંધમાં આસક્ત થાય નહીં** તથા અનુરક્ત, ગૃદ્ધ, મોહિત કે અત્યંત આસક્ત થાય નહિ, તેના પર રાગદ્વેષ કરીને પોતાના આત્મ ગુણોનો નાશ કરે નહિ. કેવલી ભગવાને કહ્યું છે કે જે નિર્ગ્રંથ મનોજ્ઞ કે અમનોજ્ઞ ગંધમાં આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, મૂર્ચ્છિત કે અત્યંત આસક્ત થાય તથા રાગદ્વેષથી ગ્રસ્ત બની પોતાના આત્મ ગુણોનો નાશ કરે છે તે અપરિગ્રહ મહાવ્રતનો દેશથી કે સર્વથી ભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

ઘ્રાણેન્દ્રિયના વિષય રૂપ બનેલા ગંધના પુદ્‍ગલો સૂંઘાય નહિ તે શક્ય નથી, પરંતુ તે ગંધ આવતા

તેમાં ઉત્પન્ન થતાં રાગદ્વેષનો સાધુ ત્યાગ કરે. રીતે જીવ ઘ્રાણેન્દ્રિયથી મનોજ્ઞ કે અમનોજ્ઞ સર્વ પ્રકારની ગંધને સૂંઘે છે પરંતુ સાધુ તેમાં આસક્ત થઈને રાગદ્વેષ કરે નહિ. આ ત્રીજી ભાવના છે.

(૪) **ચોથી ભાવના** આ પ્રમાણે છે– જીવ જીભથી મનોજ્ઞ, અમનોજ્ઞ રસોનો આસ્વાદ કરે છે, સાધુ તે **મનોજ્ઞ કે અમનોજ્ઞ રસોમાં આસક્ત થાય નહીં** તથા ગૃદ્ધ, મૂર્ચ્છિત કે અત્યંત આસક્ત થાય નહિ અને તેના પર રાગદ્વેષ કરીને, પોતાના આત્મગુણોનો નાશ કરે નહિ. કેવલી ભગવાને કહ્યું છે કે જે નિર્ગ્રંથ મનોજ્ઞ, અમનોજ્ઞ, રસોમાં આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, મોહિત, મૂર્ચ્છિત કે અત્યંત આસક્ત થાય કે રાગદ્વેષ કરીને પોતાના આત્મગુણોનો નાશ કરે છે તે અપરિગ્રહ મહાવ્રતનો દેશથી કે સર્વભંગ કરે છે અને કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે.

રસેન્દ્રિયનો વિષય બનેલા પદાર્થોના રસનો આસ્વાદ ન લેવો તે શક્ય નથી, પરંતુ તે રસ પ્રત્યે ઉત્પન્ન થતાં રાગદ્વેષનો સાધુ ત્યાગ કરે. આ રીતે જીવ રસેન્દ્રિયથી મનોજ્ઞ, અમનોજ્ઞ, સર્વ પ્રકારના રસોનું આસ્વાદન કરે છે, પરંતુ સાધુ તેમાં રાગદ્વેષ કરે નહિ. આ ચોથી ભાવના છે.

(૫) **પાંચમી ભાવના** આ પ્રમાણે છે– જીવ સ્પર્શેન્દ્રિયથી મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શોનું સંવેદન(અનુભવ) કરે છે. સાધુ તે **મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શોમાં આસક્ત થાય નહીં** તથા અનુરક્ત, ગૃદ્ધ, મૂર્ચ્છિત અને અત્યંત આસક્ત થાય નહિ, રાગદ્વેષ કરીને પોતાના આત્મગુણોનો નાશ કરે નહિ. કેવલી ભગવાને કહ્યું છે કે જે નિર્ગ્રંથ મનોજ્ઞ, અમનોજ્ઞ, સ્પર્શોમાં આસક્ત, અનુરક્ત,ગૃદ્ધ, મોહિત, મૂર્ચ્છિત કે અત્યંત આસક્ત થાય કે રાગદ્વેષ કરીને પોતાના આત્મ ગુણોનો નાશ કરે છે, તે અપરિગ્રહ મહાવ્રતનો દેશથી કે સર્વભંગ કરે છે તથા કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે.

સ્પર્શેન્દ્રિયનો વિષય બનેલા પદાર્થોના સ્પર્શનું સંવેદન ન કરવું, તે શક્ય નથી, પરંતુ તે સ્પર્શમાં ઉત્પન્ન થતાં રાગદ્વેષનો સાધુ ત્યાગ કરે.

આ રીતે જીવ સ્પર્શેન્દ્રિયથી મનોજ્ઞ, અમનોજ્ઞ, સર્વ પ્રકારના સ્પર્શોનું સંવેદન કરે છે પરંતુ સાધુ તેમાં રાગદ્વેષ કરે નહિ. આ પાંચમી ભાવના છે.

**૬૦ एतावताव पंचमे महव्वए सम्मं काएणं फासिए पालिए तीरिए किट्टिए अवट्ठिए आणाए आराहिए यावि भवइ ।**

**पंचमं भंते ! महव्वयं परिग्गहाओ वेरमणं ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે પાંચ ભાવનાઓથી યુક્ત પરિગ્રહ વિરમણ રૂપ પાંચમા મહાવ્રતનો કાયાથી સમ્યક પ્રકારે સ્પર્શ કરવાથી, તેનું પાલન કરવાથી, ગ્રહણ કરેલા મહાવ્રતોને સારી રીતે પાર પામવાથી, તેનું કીર્તન કરવાથી તથા તેમાં સ્થિર રહેવાથી ભગવાનની આજ્ઞાની આરાધના થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચમા અપરિગ્રહ મહાવ્રતનું તથા તેની પાંચ ભાવનાનું નિરૂપણ છે.

**પરિગ્રહ :–** પરિ એટલે ચારે બાજુથી જીવને, ગ્રહ એટલે પકડી રાખે, જકડી રાખે, તે પરિગ્રહ છે. આગમોમાં **मुच्छा परिग्गहो वुत्तो** । મૂર્ચ્છા-આસક્તિ ભાવને પરિગ્રહ કહ્યો છે. આસક્તિના પરિણામોથી જ જીવ જડ–ચેતન પદાર્થોનો સંગ્રહ કરે છે.

પરિગ્રહને ભેગો કરવા, તેનું રક્ષણ કરવા માટે પ્રાણી અનેક પાપોનું સેવન કરે છે, તેનો વિયોગ થાય ત્યારે પ્રાણી આર્તધ્યાન કરે છે. આ રીતે પરિગ્રહ વૃત્તિ સાધકના ચિત્તને ચંચળ બનાવે છે, સ્વાધ્યાય-ધ્યાનની સાધનામાં સ્ખલના કરે છે, તેથી સાધુ સૂક્ષ્મ કે સ્થૂલ, સચેત કે અચેત સર્વ પ્રકારના પરિગ્રહનો નવ કોટિએ જીવન પર્યંત ત્યાગ કરે છે.

સાધુ સંયમી જીવનમાં આવશ્યક ઉપકરણો તથા સાધનામાં સહાયક પોતાના શરીરને પણ અનાસક્ત ભાવે ધારણ કરે છે. જો તેને પોતાના શરીરમાં કે ઉપકરણોમાં પણ મૂર્ચ્છાભાવ જાગૃત થાય, તો તે પણ પરિગ્રહ રૂપ બની જાય છે, તેથી સાધુ તેમાં પણ અનાસક્ત ભાવ રાખે.

**પાંચ ભાવના :– (૧)** સાધુ મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દ પર રાગ કે દ્વેષ કરે નહીં. તે જ રીતે **(૨થી ૫)** મનોજ્ઞ- અમનોજ્ઞ રૂપ, ગંધ, રસ અને સ્પર્શમાં પણ રાગ-દ્વેષ કરે નહીં.

વિષયોની આસક્તિ જ પદાર્થોના સંગ્રહની વૃત્તિને જન્મ આપે છે તેથી જ અપરિગ્રહ મહાવ્રતની વિશુદ્ધિ માટે સૂત્રકારે પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે.

સાધક વિષયોને જાણવા કે માણવા જાય નહિ પરંતુ સહજભાવે ઈન્દ્રિયોને વિષય પ્રાપ્ત થાય અર્થાત્ કાનમાં શબ્દ આવી જાય, આંખોથી રૂપ જોવાઈ જાય, નાકમાં ગંધ આવી જાય ઈત્યાદિ વિષયો આવે તેની પ્રાપ્તિ સહજ થઈ જાય, ત્યારે તેનો ત્યાગ કરવો શક્ય નથી, પરંતુ સાધકે અનુભવાતા તે વિષયમાં રાગ-દ્વેષનો ત્યાગ કરી તેમાં વૈરાગ્યભાવ અને ઉપેક્ષાભાવ સહિત સમત્વ પરિણામોમાં રહેવું જોઈએ. આ પુદ્ગલ સંયોગ આત્માના પરિણામોને ચંચળ બનાવે નહીં તેના માટે સાધકે સાવધાન રહેવાનું છે.

આ રીતે સાધક મહાવ્રતોની પાંચ-પાંચ ભાવનાથી મહાવ્રતોને પુષ્ટ કરે છે.

મહાવ્રતોનું પાલન, તે સાધકોની સાધનાનો પ્રાણ છે. મહાવ્રતોની વિશુદ્ધિ અને રક્ષા માટે ભાવનાઓ અત્યંત મહત્વપૂર્ણ છે, તેથી આગમોમાં મહાવ્રતો અને તેની ભાવનાઓનું કથન છે. શ્રી દશવૈકાલિક સૂત્ર ચોથા અધ્યયનમાં રાત્રિ ભોજન ત્યાગ સહિત પાંચ મહાવ્રતનું વિસ્તૃત વર્ણન છે.

રાત્રિ ભોજન ત્યાગનો સમાવેશ અહિંસા મહાવ્રતમાં થઈ જતો હોવાથી પ્રસ્તુત પ્રસંગમાં તેનું સ્વતંત્ર કથન નથી. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રના સંવર દ્વારમાં પાંચ મહાવ્રતની પચીસ ભાવનાનું વિસ્તૃત વર્ણન છે. તે ઉપરાંત સમવાયાંગ સૂત્ર પચીસમા સમવાયમાં, પચીસ ભાવનાનું નિરૂપણ છે, પરંતુ તે ભાવનાઓના નામમાં કે ક્રમમાં ક્યાંક ભેદ પ્રતીત થાય છે. ભિન્નતાનું કારણ લિપિ દોષ અથવા ભિન્ન ભિન્ન કાલે ભિન્ન ભિન્ન આચાર્યો દ્વારા થયેલું સંપાદન છે, તેમ સમજી શકાય છે, પરંતુ તે સર્વેય ભાવનાઓના ભાવોમાં સામ્યતા છે.

**ઉપસંહાર :–**

**૬૧ इच्चेएहिं पंच महव्वएहिं पणवीसाहि य भावणाहिं संपण्णे अणगारे अहासुयं अहाकप्पं अहामग्गं सम्मं काएणं फासित्ता पालित्ता तीरित्ता किट्टित्ता आणाए आराहित्ता यावि भवइ ।**

**શબ્દાર્થ :–** **अहासुयं** = સૂત્ર પ્રમાણે, સૂત્રોક્ત વિધિ પ્રમાણે **अहाकप्पं** = કલ્પ અનુસાર મહાવ્રતની મર્યાદા અને આચાર પ્રમાણે **अहामग्गं** = વીતરાગ કથિત માર્ગ પ્રમાણે.

**ભાવાર્થ :–** આ પાંચે ય મહાવ્રતો અને તેની પચીસ ભાવનાઓથી યુક્ત અણગાર યથાશ્રુત, યથાકલ્પ અને યથામાર્ગ, તેને કાયાથી સમ્યક પ્રકારે સ્પર્શ કરી, પાલન કરી, તેનો પાર પામી, તેની મહાનતાનું કીર્તન કરી, ભગવાનની આજ્ઞાના આરાધક થાય છે– એમ શ્રી તીર્થંકર પ્રભુએ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર વિષયના ઉપસંહાર રૂપ છે.

જે સાધક પચીસ ભાવના સહિત પાંચ મહાવ્રતનો સ્વીકાર કરીને ભગવાનની આજ્ઞા પ્રમાણે શાસ્ત્ર અનુસાર તેનું પાલન કરે, કલ્પની મર્યાદા અનુસાર અહિંસાદિ ગુણો સહિતનું આચરણ કરે, કઠિનતમ પરિસ્થિતિમાં પણ મહાવ્રતોને ટકાવી રાખે, તેની મહત્તા સ્વીકારીને પ્રશંસા કરે, તે સાધક ક્રમશઃ વિકાસ કરતાં સ્વયં મહાવ્રતમય બની જાય છે, તે આજ્ઞાના આરાધક થાય છે, તે જ શ્રમણધર્મની કૃતકૃત્યતા છે. તે સાધક ક્રમશઃ સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય છે.

**॥ પંદરમું અધ્યયન સંપૂર્ણ ॥**

# સોળમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **વિમુક્તિ** છે.

વિમુક્તિ એટલે વિશેષ પ્રકારે મુક્ત થવું, છૂટવું.

તેના બે ભેદ છે, દ્રવ્ય વિમુક્તિ અને ભાવ વિમુક્તિ. લોખંડની બેડી આદિના બંધનથી મુક્ત થવું, તે **દ્રવ્ય વિમુક્તિ** છે. રાગ-દ્વેષાદિ મલિન ભાવોથી અથવા કર્મના બંધનથી મુક્ત થવું, તે **ભાવ વિમુક્તિ** છે. સાધુઓની વિવિધ શ્રેણીઓની અપેક્ષાએ ભાવ વિમુક્તિના પણ બે ભેદ થાય છે– (૧) દેશ અને (૨) સર્વ.

સામાન્ય સાધુઓથી લઈને કેવળી ભગવાન સુધીના સાધકો **દેશ વિમુક્ત** છે, કારણ કે સામાન્ય સાધુઓ સંસારના સર્વ સંબંધોથી, ધન-દોલતાદિ ભૌતિક પદાર્થોથી તથા પાપ પ્રવૃત્તિથી મુક્ત થયેલા છે અને કેવળી ભગવાન ચાર ઘાતિ કર્મોથી મુક્ત છે. સિદ્ધ ભગવાન આઠે કર્મોથી સર્વથા મુક્ત હોવાથી **સર્વ વિમુક્ત** છે.

પ્રસ્તુત અધ્યયનમાં ભાવ વિમુક્તિ માટેના ઉપાયોનું ક્રમશઃ પ્રતિપાદન હોવાથી તેનું 'વિમુક્તિ', એ સાર્થક નામ છે.

પ્રસ્તુત અધ્યયનના પ્રારંભમાં સાધકને માટે સ્વજનોનો કે ભૌતિક પદાર્થોનો રાગ છોડી વૈરાગ્ય ભાવ જાગૃત કરવા અનિત્ય ભાવનાનું કથન છે. ત્યારપછી વિવિધ ઉપમાઓ અને રૂપકો દ્વારા સાધકોને રાગ-દ્વેષ, મોહ, મમત્વ અને કષાયાદિ વૈભાવિક ભાવોથી મુક્ત થવાની પ્રેરણા આપી છે. જીવ વૈભાવિક ભાવોથી મુક્ત થાય, ત્યારે જ તે જન્મ-મરણની પરંપરાથી અને આઠે કર્મોથી સંપૂર્ણ મુક્ત થાય છે.

❖❖❖❖❖

# સોળમું અધ્યયન

## વિમુક્તિ

**અનિત્ય ભાવના :–**

**૧** अणिच्चमावासमुवेंति जंतुणो, पलोयए सोच्चमिदं अणुत्तरं ।
विउसिरे विण्णु अगारबंधणं, अभीरु आरंभपरिग्गहं चए ॥

**શબ્દાર્થ :–** **जंतुणो** = જીવો **अणिच्चमावासमुवेंति** = અનિત્ય આવાસ-સ્થાનને પ્રાપ્ત કરે છે **इणं** = આ પ્રવચન **अणुत्तरं** = સર્વ શ્રેષ્ઠ **सोच्चं** = સાંભળીને **पलोयए** = હૃદયથી વિચાર કરીને **विण्णु** = વિદ્વાન **अगारबंधणं** = પારિવારિક સ્નેહ બંધનનો **विउसिरे** = ત્યાગ કરી દે **अभीरु** = ભય અને પરીષહોથી નિર્ભીક સાધક **आरंभपरिग्गहं चए** = આરંભ પરિગ્રહનો પણ ત્યાગ કરી દે.

**ભાવાર્થ :–** સંસારના સર્વ પ્રાણી મનુષ્યાદિ જે સ્થાનમાં જન્મ ધારણ કરે છે અથવા જે શરીર આદિમાં રહે છે તે સર્વ સ્થાન અનિત્ય છે. સર્વ શ્રેષ્ઠ એવા જિન પ્રવચનમાં કહેલા આ વચનને સાંભળીને તેના પર હૃદયપૂર્વક ચિંતન કરીને, સર્વ ભયોથી નિર્ભય બનેલા વિવેકી પુરુષ પારિવારિક સ્નેહ બંધનનો તથા સર્વ સાવદ્ય કર્મોનો તેમજ પરિગ્રહનો ત્યાગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં સંસારની અનિત્યતાનું સ્વરૂપ બતાવ્યું છે.

આ સંસારમાં જીવ જ્યાં જન્મ ધારણ કરે છે, જે શરીર ધારણ કરે છે, તે સ્થાનમાં અથવા તે શરીરમાં જીવ પોતાના કર્મની સ્થિતિ પ્રમાણે જ રહે છે. કર્મની સ્થિતિ પૂર્ણ થતાં તે સ્થાન અથવા શરીરને છોડીને જીવને અન્યત્ર જન્મ ધારણ કરવો પડે છે. ત્યાં તે નવું શરીર ધારણ કરે છે અને પોતાની કર્મસ્થિતિ અનુસાર રહે છે, ત્યારપછી તે સ્થાનને છોડે છે. આ રીતે સંસાર પરિભ્રમણમાં કોઈ પણ સ્થાનમાં કે કોઈપણ શરીરમાં જીવને કાયમ રહેવાનું નથી, પ્રત્યેક સ્થાન અથવા શરીર અનિત્ય છે. શરીરની અનિત્યતા હોવાથી, શરીરથી સંબંધિત સ્વજનો, કુટુંબ-પરિવાર આદિ સંબંધો, ધન-દૌલત આદિ દશ્યમાન પ્રત્યેક પર પદાર્થોનો સંબંધ પણ અનિત્ય છે.

સંક્ષેપમાં જીવના રાગ-દ્વેષના સ્થાનભૂત પ્રત્યેક પદાર્થ અનિત્ય છે, પરંતુ અનંત જન્મ-મરણ કરવા છતાં આત્મામાં કોઈ પરિવર્તન થતું નથી, તેથી અજર-અમર ત્રિકાલ શાશ્વત એવા આત્માએ કોઈ પણ અનિત્ય પદાર્થમાં રાગ કે દ્વેષ કરવો, તે ઉચિત નથી. આ પ્રકારના જિનેશ્વરના વચનોને સમજીને, સ્વીકારીને નિર્ભય અને વિવેકી પુરુષો આરંભ–પરિગ્રહનો, સંસારના સર્વ સંબંધોનો ત્યાગ કરે છે.

**अभीरु :–** અભીરુ, નિર્ભય. આ લોક ભય, પરલોક ભય આદિ સાત પ્રકારના ભયથી રહિત અથવા ઉપસર્ગ અને પરીષહોના ભયથી રહિત પુરુષ નિર્ભય છે. જે નિર્ભય છે તે જ સર્વસ્વનો ત્યાગ કરી શકે છે.

**आरंभ परिग्गहं चए... :– આરંભ** = હિંસાકારી પ્રવૃત્તિ. **પરિગ્રહ** = નવ પ્રકારના બાહ્ય અને ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહ અથવા પરિગ્રહના નિમિત્તે થનારી ક્રિયાઓનો ત્યાગ કરે. સૂત્રકારે આરંભ અને પરિગ્રહના ત્યાગના કથનથી અહિંસા અને અપરિગ્રહ મહાવ્રતનું સૂચન કર્યું છે અને **अगार बंधणं चए** પદથી શેષ સમસ્ત મહાવ્રતોનું સૂચન થઈ જાય છે.

**સાધકની સહિષ્ણુતા :–**

**૨** **तहागयं भिक्खुमणंतसंजयं, अणेलिसं विण्णु चरंतमेसणं ।**
**तुदंति वायाहिं अभिद्दवं णरा, सरेहिं संगामगयं व कुंजरं ॥**

**શબ્દાર્થ :–** **तहागयं** = તથાભૂત અનિત્યાદિ ભાવનાયુક્ત **भिक्खुं** = સાધુ **अणंतसंजयं** = એકેન્દ્રિયાદિ અનંત જીવોની રક્ષામાં હંમેશાં યત્નાશીલ છે **अणेलिसं** = અનુપમ સંયમશીલ **विण्णु** = વિદ્વાન **चरंतमेसणं** = શુદ્ધ આહારની ગવેષણા કરનાર **णरा** = કોઈ(અનાર્ય)પુરુષ **वायाहिं** = અસભ્ય વચનોથી **तुदंति** = વ્યથિત કરે છે **अभिद्दवं** = પત્થરાદિ પ્રહાર કરે છે **संगामगयं** = સંગ્રામમાં ગયેલા **कुंजरं** = હાથીને **सरेहिं** = બાણોથી વ્યથિત કરે છે.

**ભાવાર્થ :–** અનિત્યાદિ ભાવનાઓથી ભાવિત, અનંત જીવોની રક્ષા કરનાર, અનુપમ સંયમશીલ, વિદ્વાન અને જિનાજ્ઞાનુસાર શુદ્ધ આહારની ગવેષણા કરનાર, સાધુને જોઈને કેટલીક અનાર્ય વ્યક્તિઓ સાધુને અસભ્ય વચનો કહીને, પથ્થર આદિના પ્રહાર કરીને દુઃખી કરે છે, જેવી રીતે સંગ્રામમાં વીર યોદ્ધા શત્રુના હાથી ઉપર બાણોની વર્ષા કરે છે.

**૩** **तहप्पगारेहिं जणेहिं हीलिए, ससद्दफासा फरुसा उदीरिया ।**
**तितिक्खए णाणि अदुट्ठचेयसा, गिरिव्व वाएण ण संपवेवए ॥**

**શબ્દાર્થ :–** **तहप्पगारेहिं** = તથાપ્રકારના **जणेहिं** = લોકો દ્વારા **हीलिए** = તર્જિત-તાડિત થયેલ **ससद्दफासा फरुसा** = તીવ્ર આક્રોશયુક્ત શબ્દો તથા શીત, ઉષ્ણાદિ સ્પર્શોથી **उदीरिया** = ઉદીરિત-પીડિત મુનિ **तितिक्खए** = સમ્યક પ્રકારે સહન કરે છે **णाणि** = જ્ઞાની **अदुट्ठचेयसा** = અકલુષિત મનથી **वाएण** = વાયુથી **गिरिव्व** = પર્વતની જેમ **ण संपवेवए** = કંપાયમાન થતા નથી.

**ભાવાર્થ :–** તથાપ્રકારના અસંસ્કારી તેમજ અસભ્ય પુરુષો દ્વારા તાડિત થયેલા, તેના કહેવાયેલા આક્રોશપૂર્વકના શબ્દો તેમજ શીતાદિ સ્પર્શોથી પીડિત, જ્ઞાનવાન સાધુ અકલુષિત મનથી અર્થાત્ પ્રશાંત ચિત્તથી તેને સહન કરે. જેમ વાયુના પ્રબળ વેગથી પર્વત કંપાયમાન થતો નથી તેમ સંયમશીલ મુનિ આ પરીષહો અને ઉપસર્ગોથી ચલાયમાન થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાધકની સહિષ્ણુતાનું કથન છે.

સાધુ બાવીસ પરીષહમાંથી કોઈ પણ પરીષહ સામે આવે, તેને પૂર્વકૃત કર્મોનો ઉદય સમજીને સમભાવથી સહન કરે. સહનશીલતા તે સાધુનો મુખ્ય ગુણ છે. પ્રસ્તુત ગાથામાં મુખ્યતયા આક્રોશ પરીષહ અને વધ પરીષહનું કથન છે. કોઈ અનાર્ય પુરુષો સાધુ સાથે અસભ્યતાપૂર્વકનો વ્યવહાર કરે, અપશબ્દો કહે, આક્રોશ કરે કે પત્થરાદિથી મારે, આવી કોઈ પણ પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિને સાધુ સમભાવથી સહન કરે છે.

જેમ યુદ્ધના મેદાનમાં શૂરવીર યોદ્ધો શત્રુ પક્ષના હાથી પર શસ્ત્ર પ્રહાર કરે છે અને હાથી તે પ્રહારોને સહન કરીને અંતે વિજય પ્રાપ્ત કરે છે. જેમ વાયુના પ્રબળ વેગથી પર્વત ચલિત થતો નથી, તે જ રીતે સાધુ કોઈ પણ પરીષહને અકલુષિત ચિત્તથી પ્રશાંત ભાવથી સહન કરીને પ્રતિકૂળ પરિસ્થિતિમાં અકંપ રહીને વિજયને પ્રાપ્ત થાય છે. જે સહન કરે છે, તે જ સફળ થાય છે.

**तहागयं भिक्खु :–** તથાભૂત ભિક્ષુ એટલે અનિત્યાદિ ભાવનાથી ભાવિત થઈને ગૃહબંધનથી મુક્ત, આરંભ પરિગ્રહના ત્યાગી તથા અનંત– એકેન્દ્રિયાદિ પ્રાણીઓ પ્રત્યે સંયમશીલ, અદ્વિતીય, જિનાગમના રહસ્યના જાણનાર, વિદ્વાન તેમજ એષણાથી યુક્ત વિશુદ્ધ આહારાદિથી જીવન નિર્વાહ કરનાર સાધુ. ચૂર્ણિકારના મતાનુસાર તીર્થંકર, ગણધર આદિ પૂર્વાચાર્યોના માર્ગે જે ગમન કરે છે, તે તથાગત કહેવાય છે.

**अणंत संजए :–** અનંત સંયત. સાધુ એકેન્દ્રિયાદિ અનંત જીવોની રક્ષામાં પ્રયત્નશીલ હોવાથી તે અનંત સંયત છે અથવા અનંત ચારિત્ર પર્યાયોથી યુક્ત હોવાથી અનંત સંયત છે.

**तहप्पगारेहिं जणेहिं हीलिए :–** અસંસ્કારી, કલુષિત હૃદયવાળા, દરિદ્ર, અનાર્ય વગેરે બાળ જીવો સાધકને નિંદિત કે વ્યથિત કરે.

**ससद्दफासा तितिक्खए णाणि :–** બાળ જીવો અત્યંત પ્રબળતાથી કઠોર કે તીવ્ર, અમનોજ્ઞ શબ્દાદિના પ્રહાર કરે, આક્રોશપૂર્વક દુઃખો આપે, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો આપે, તો આત્મજ્ઞાની મુનિ તેના પ્રત્યે મનથી પણ દ્વેષ કરે નહિ, અકલુષિત મનથી અર્થાત્ શાંત ચિત્તથી સહન કરે. પોતાના પૂર્વકૃત કર્મનું ફળ છે એમ સમજી સમતામાં સ્થિત રહે.

**સમભાવથી શુદ્ધિ :–**

**૪** **उवेहमाणे कुसलेहिं संवसे, अकंतदुक्खी तस थावरा दुही ।**
**अलूसए सव्वसहे महामुणी, तहाहि से सुस्समणे समाहिए ॥**

**શબ્દાર્થ :– उवेहमाणे** = ઉપેક્ષા કરતા અર્થાત્ મધ્યસ્થ ભાવનું આલંબન લેતાં, પરીષહ– ઉપસર્ગોને સહન કરતાં **कुसलेहिं** = ગીતાર્થ સાધકોની સાથે **संवसे** = રહે **अकंतदुक्खी** =દુઃખ જેને અપ્રિય લાગે છે તેવા **दुही** = દુઃખી જીવોને **अलूसए** = કોઈ પણ પ્રકારે પરિતાપ નહિ આપતા **सव्वसहे** = સર્વ પ્રકારના પરીષહાદિને સહન કરે **तहा हि** = તેથી જ **से महामुणी** = તે મહામુનિ **सुस्समणे** = શ્રેષ્ઠ શ્રમણ **समाहिए** = કહેલા છે.

**ભાવાર્થ :–** પરીષહ, ઉપસર્ગોને સહન કરતા અથવા મધ્યસ્થ ભાવનું અવલંબન લેતા તે મુનિ અહિંસાદિ પ્રયોગમાં કુશળ, ગીતાર્થ મુનિઓની સાથે રહે. ત્રસ તેમજ સ્થાવર સર્વ પ્રાણીઓને દુઃખ અપ્રિય લાગે છે, તેથી તે દુઃખી જીવોને કોઈપણ પ્રકારનો પરિતાપ આપ્યા વિના પૃથ્વીની જેમ સર્વ પ્રકારના પરીષહ, ઉપસર્ગોને સહન કરે છે, તેથી તે મહામુનિને સુશ્રમણ-શ્રેષ્ઠ શ્રમણ કહ્યા છે.

**૫** **विऊ णए धम्मपयं अणुत्तरं, विणीयतण्हस्स मुणिस्स झायओ ।**
**समाहियस्सग्गिसिहा व तेयसा, तवो य पण्णा य जसो य वड्ढइ ॥**

**શબ્દાર્થ :–** **विऊ** = સમયજ્ઞ **णए** = વિનયવાન **अणुत्तरं** = શ્રેષ્ઠ **धम्मपयं** = ધર્મપદ–યતિધર્મમાં પ્રવૃત્તિ કરનારા **विणीयतण्हस्स** = તૃષ્ણાને દૂર કરનાર **झायओ** = ધર્મધ્યાન કરનાર **समाहियस्स** =

સમાધિવાન **मुणिस्स** = મુનિને **अग्गिसिहा** = અગ્નિશિખાની સમાન **तेयसा** = તેજ **तवो** = તપ **पण्णा** = પ્રજ્ઞા-બુદ્ધિ **जसो** = યશ **वड्ढइ** = વૃદ્ધિ પામે છે.

**ભાવાર્થ :–** ક્ષમા, માર્દવ આદિ દશ પ્રકારના અનુત્તર શ્રમણ ધર્મમાં પ્રવૃત્તિ કરનાર, વિદ્વાન-સમયજ્ઞ, વિનીત, તૃષ્ણાથી રહિત, ધર્મધ્યાનમાં રત, ચારિત્ર પાલનમાં સમાધિવાન મુનિના તપ, પ્રજ્ઞા અને યશ અગ્નિશિખાના તેજની સમાન નિરંતર વૃદ્ધિ પામે છે.

**६** **दिसोदिसिंऽणंतजिणेण ताइणा, महव्वया खेमपया पवेइया ।**
**महागुरू णिस्सयरा उदीरिया, तमं व तेजो तिदिसं पगासया ॥**

**શબ્દાર્થ :–** **दिसोदिसिं** = સર્વ એકેન્દ્રિયાદિ ભાવદિશાઓમાં **खेमपया** = રક્ષાના સ્થાનરૂપ અર્થાત્ રક્ષક **पवेइया** = કહ્યા છે, પ્રતિપાદિત કર્યા છે **ताइणा** = છકાય જીવની રક્ષા કરનાર **अणंतजिणेण** = અનંતજ્ઞાની જિનેશ્વર ભગવાને **महागुरु** = મહાન પુરુષો દ્વારા પાલન કરાવવાથી મહાગુરુ સ્વરૂપ મહાવ્રતો **णिस्सयरा** = અનાદિના આત્મા સાથે લાગેલા કર્મબંધનોને તોડનારા **उदीरिया** = પ્રગટ કર્યા છે **तमं व तेजो** = અંધકારને જેમ પ્રકાશ દૂર કરે છે અને **तिदिसं पगासगा** = ઊર્ધ્વ, અધો, તિર્યગ્ આ ત્રણે દિશાઓને પ્રકાશિત કરે છે તેમ મહાવ્રત કર્માંધકારને દૂર કરી ઊર્ધ્વ, અધો, મધ્ય, આ ત્રણે લોકને પ્રકાશિત કરે છે.

**ભાવાર્થ :–** છ કાય જીવોના રક્ષક, અનંત જ્ઞાની, જિનેન્દ્ર ભગવાને સર્વ એકેન્દ્રિયાદિ ભાવદિશાઓમાં રહેનારા જીવોના રક્ષણ માટે તથા અનાદિકાળથી કર્મથી બદ્ધ જીવને કર્મબંધનથી મુક્ત કરવામાં સમર્થ, મહાન પુરુષો દ્વારા આચરિત, મહાગુરુ સમાન મહાવ્રતોનું નિરૂપણ કર્યું છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ ત્રણે ય દિશાઓના અંધકારને નષ્ટ કરે છે, તેવી રીતે મહાવ્રત રૂપ પ્રકાશ પણ અંધકાર સ્વરૂપ કર્મ સમૂહને નષ્ટ કરે છે અર્થાત્ જ્ઞાનવાન આત્મા ત્રણેય લોકના પ્રકાશક બની જાય છે.

**૭** **सिएहिं भिक्खू असिए परिव्वए, असज्जमित्थीसु चएज्ज पूयणं ।**
**अणिस्सिओ लोगमिणं तहा परं, ण मिज्जइ कामगुणेहिं पंडिए ॥**

**શબ્દાર્થ :–** **सिएहिं** = કર્મ અને ઘરના બંધનથી બંધાયેલા ગૃહસ્થો સાથે **असिए** = ઘરના બંધનથી નહિ બંધાયેલા સંયમી **परिव्वए** = સંયમ ગ્રહણ કરીને વિચરે **असज्जं** = આસક્ત નહિ થતા **अणिस्सिए** = સ્ત્રીના સંસર્ગથી રહિત થઈને **इणं लोगं** = આ લોકમાં **तहा** = તથા **परं** = પરલોકમાં **कामगुणेहिं** = કામભોગોને **ण मिज्जइ** = સ્વીકાર કરે નહિ **पंडिए** = કામભોગોના પરિણામને જાણે છે, તે પંડિત છે.

**ભાવાર્થ :–** સાધુ કર્મપાશથી બંધાયેલા ગૃહસ્થો કે અન્યતીર્થિકોના સંપર્કથી રહિત તથા સ્ત્રીઓના સંસર્ગનો ત્યાગ કરીને વિચરે પૂજા, સત્કાર આદિની અભિલાષા કરે નહિ; આલોક તથા પરલોકના સુખની કામના કરે નહિ; મનોજ્ઞ શબ્દાદિના વિષયનો સ્વીકાર કરે નહીં અર્થાત્ તેમાં આસક્ત થાય નહિ. જે કામભોગોના કડવા પરિણામને જાણે છે, તે મુનિ પંડિત કહેવાય છે.

**૮** **तहा विप्पमुक्कस्स परिण्णचारिणो, धिईमओ दुक्खखमस्स भिक्खुणो ।**
**विसुज्झइ जंसि मलं पुरेकडं, समीरियं रुप्पमलं व जोइणा ॥**

**શબ્દાર્થ :–** **तहा** = તથા **विप्पमुक्कस्स** = સંગથી રહિત **परिण्णचारिणो** = જ્ઞાનપૂર્વક ક્રિયા

કરનાર **दुक्ख खमस्स** = દુઃખને સહન કરનાર **धिईमओ** = ધૈર્યવાન **मलं** = કર્મમળ **विसुज्झइ** = દૂર થઈ જાય છે **व** = જેમ **जोइणा** = અગ્નિ દ્વારા **समीरियं** = પ્રેરિત કરેલ **रुप्पमलं** = ચાંદીનો મેલ.

**ભાવાર્થ :–** જેમ સમ્યગ્ રીતે પ્રેરિત અગ્નિ ચાંદીના મેલને બાળીને શુદ્ધ કરે છે, તેમ સર્વ સંગથી રહિત, જ્ઞાનપૂર્વક ક્રિયા કરનાર, ધૈર્યવાન તેમજ દુઃખ સહિષ્ણુ ભિક્ષુ પોતાની સાધના દ્વારા આત્મા ઉપર લાગેલા કર્મમળને દૂર કરી, આત્માને શુદ્ધ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાધકને માટે સમભાવથી શુદ્ધિનો માર્ગ તેમજ સાધુના અન્ય આવશ્યક ગુણો પ્રદર્શિત કર્યા છે.

સાધકના પ્રત્યેક વ્રત, તપ, જપ આદિ અનુષ્ઠાનોનું ફળ સમભાવની પ્રાપ્તિ છે. સમભાવની સિદ્ધિ રૂપ લક્ષ્યને નજર સમક્ષ રાખીને જ સાધક પુરુષાર્થ કરે છે.

આત્મવિશુદ્ધિની સાધના કરતા સાધક સર્વ પ્રથમ સર્વ પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરીને પાંચ મહાવ્રતનો સ્વીકાર કરે છે, ગીતાર્થ મુનિના સાંનિધ્યમાં રહી, તેમની આજ્ઞા પ્રમાણે અંતર્મુખ બની આરાધના કરે છે.

આત્મવત્ સર્વભૂતેષુની ભાવનાથી જગતના સર્વ પ્રાણીને પોતાના નિમિત્તે આંશિક પણ પરિતાપ આપે નહીં અને તે જીવો પોતાના કર્મોના ઉદયથી દુઃખી થઈ રહ્યા છે, તેમ જાણીને તે જીવો તરફથી મળતા ઉપસર્ગો કે પરીષહોને સાધુ સમભાવથી સહન કરે છે.

સાધુ અહિંસા મહાવ્રત સહિત પાંચ મહાવ્રતનું પાલન કરે, પાંચ મહાવ્રતની પૂર્ણતા માટે દશ વિધ યતિધર્મનું આચરણ કરે, રાગના સ્થાન રૂપ સ્ત્રી સંગ તેમજ ગૃહસ્થોના સંસર્ગથી સદા દૂર રહે, આ લોક-પરલોક સંબંધી સર્વ કામનાઓનો ત્યાગ કરે.

આ રીતે અહિંસાદિ મૂળ ગુણોની પુષ્ટિને માટે સાધક અનેક ઉત્તર ગુણોની આરાધના કરે છે. મૂળ ગુણ અને ઉત્તર ગુણોની વિશુદ્ધિથી સાધકને થતાં લાભોનું કથન સૂત્રકારે દષ્ટાંતો દ્વારા કર્યું છે. (૧) સાધકની પ્રજ્ઞા, કીર્તિ અને યશ અગ્નિ શિખાની જેમ વિકસિત અને તેજસ્વી બને છે. (૨) કર્મ સમૂહનો નાશ થતાં તે સૂર્યની જેમ પ્રકાશક બને છે. (૩) જેમ અગ્નિમાં નાંખેલી ચાંદી શુદ્ધ બને છે, તેમ દુઃખ સહિષ્ણુતા તથા ધર્મ ધ્યાનરૂપ અગ્નિમાં કર્મમલ દૂર થતાં સાધકની શુદ્ધિ થાય છે.

**उवेहमाणा :–** ઉપેક્ષા ભાવ ધારણ કરે. સાધુ અજ્ઞાની કે બાલ જીવો પ્રતિ, અનુકૂળ-પ્રતિકૂળ વિષયો પ્રતિ કે કઠોર શબ્દો પ્રતિ રાગ-દ્વેષના મલિન ભાવો કર્યા વિના, ઉપેક્ષા ભાવ ધારણ કરે. સમભાવની સિદ્ધિ માટે સમજણપૂર્વકનો ઉપેક્ષા ગુણ સહાયક બને છે.

**अकंत दुक्खी :–** સર્વ પ્રાણીઓને દુઃખ અપ્રિય છે. ત્રસ-સ્થાવર બંને પ્રકારના સંસારી જીવો પોતાના પૂર્વકૃત કર્મોથી દુઃખી છે. આ પ્રમાણે જાણી સાધુ કોઈપણ જીવોની હિંસા ન કરે.

**अणंत जिणेण :–** મનુષ્ય, તિર્યંચ આદિ અનંત જીવ રૂપ સંસારને જેણે જીતી લીધો છે, તે અનંતજિત છે અથવા અનાદિ અનંત કાલીન રાગ-દ્વેષને, અનંત કર્મોને જેણે જીતી લીધા છે, તે અનંતજિત છે અથવા ભૂતકાળમાં થયેલા અનંત જિનેશ્વરો.

**महागुरु णिस्सयरा उदीरिया :–** મહાવ્રતોનો સ્વીકાર અત્યંત કઠિનતાથી થાય છે. સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિનો સર્વ પ્રકારે જીવન પર્યંત ત્યાગ કરવા રૂપ કાર્ય દઢ સંકલ્પથી જ સિદ્ધ થઈ શકે છે. સામાન્ય વ્યક્તિ તેનો સ્વીકાર કરી શકતી નથી, મહાપુરુષો જ તેનો સ્વીકાર કરે છે. તેનું પાલન કરવું પણ અત્યંત કઠિન છે. મહાવ્રતોના પાલનથી અનંત કર્મોનો નાશ થાય અને અનંત આત્મગુણોનો પ્રકાશ થાય છે. તેના પાલનથી સર્વ જીવોને અભયદાન પ્રાપ્ત થતું હોવાથી જગજ્જીવો માટે પણ કલ્યાણકારી છે. આ રીતે મહાવ્રતની મહાનતાને જોઈને તેમ જ મહાન પુરુષો દ્વારા તેનું આચરણ થતું હોવાથી સૂત્રકારે તેના માટે **महागुरु** શબ્દપ્રયોગ કર્યો છે. જેમ સૂર્યના પ્રકાશથી અંધકારનો નાશ થાય છે તેમ જ મહાવ્રતના પાલન રૂપ પ્રકાશથી કર્મોના સમૂહ રૂપ અંધકારનો નાશ થાય છે.

**सिएहिं भिक्खू असिए परिव्वए :–** જે આઠ પ્રકારના કર્મોથી બદ્ધ છે, ગૃહપાશથી બદ્ધ છે, તેવા ગૃહસ્થોના વિષયમાં **असिए परिव्वए** ગૃહપાશથી નિર્ગત, મુનિ કર્મક્ષય કરવામાં ઉદ્યત થઈને અનાસક્ત ભાવે વિચરણ કરે.

**असज्जमित्थीसु चएज्ज पूयणं :–** સ્ત્રીઓમાં અનાસક્ત રહે. પૂજા-સત્કારની આકાંક્ષાનો ત્યાગ કરે. આ કથનથી મૂળગુણ અને ઉત્તરગુણની સુરક્ષાનું પ્રતિપાદન કર્યું છે.

**अणिस्सिए लोगमिणं तहा परं :–** આ લોક અને પરલોકની કોઈ આકાંક્ષા ન રાખે અર્થાત્ મૂળ ગુણ અને ઉત્તરગુણમાં અવસ્થિત સાધુ આ લોક અને પરલોકના નિમિત્તે તપ કરે નહિ અર્થાત્ નિર્જરાના લક્ષ્યે તપ કરે.

**ण मिज्जइ कामगुणेहिं पंडिए :–** કામગુણના કટુ પરિણામને જાણીને, વિવેકી સાધુ કામગુણોમાં મૂર્ચ્છિત થાય નહિ.

**विसुज्झइ समीरियं रुप्पमलं व जोइणा :–** ચાંદી ઉપરનો મેલ જેમ અગ્નિથી દૂર થાય છે, તેમ પૂર્વકૃત કર્મોનો મેલ પણ તપની અગ્નિથી વિશુદ્ધ થાય છે.

**બંધનથી મુક્ત :–**

**९** **से हु परिण्णासमयम्मि वट्टइ, णिराससे उवरय मेहुणे चरे ।**
**भुजंगमे जुण्णतयं जहा चए, विमुच्चइ से दुहसेज्ज माहणे ॥**

**શબ્દાર્થ :–** **से** = તે સાધુ **परिण्णासमयम्मि वट्टइ** = જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાને સ્વીકારીને પ્રવૃત્તિ કરે **णिराससे** = આ લોક, પરલોકના વિષયોની આશાથી રહિત **मेहुणे** = મૈથુનથી **उवरय** = ઉપરત **चरे** = સંયમમાં વિચરે છે **भुजंगमे** = સર્પ **जुण्णतयं** = જૂની કાંચળીને **चए** = છોડી દે છે **से** = તેવી રીતે તે **माहणे** = સાધુ **दुहसेज्ज** = દુઃખરૂપ શય્યાથી **विमुच्चइ** = મુક્ત થઈ જાય છે, સંસારથી છૂટી જાય છે.

**ભાવાર્થ :–** જેમ સર્પ શરીર પરની જૂની કાંચળીનો ત્યાગ કરી તેનાથી મુક્ત થઈ જાય છે, તેમ સાધુ જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા રૂપ શાસ્ત્રોક્ત કથનને સ્વીકારીને પ્રવૃત્તિ કરે છે; આ લોક, પરલોક સંબંધી આશંસાથી રહિત અને મૈથુન સેવનથી વિરત થઈ સંયમમાં વિચરણ કરે છે તે દુઃખશય્યાથી એટલે કર્મબંધનોથી અને સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ જાય છે.

**૧૦** **जमाहु ओहं सलिलं अपारगं, महासमुद्दं व भुयाहिं दुत्तरं ।**
**अहे य णं परिजाणाहि पंडिए, से हु मुणी अंतकडे त्ति वुच्चइ ॥**

**શબ્દાર્થ :–** **जं** = જે સાધુ **आहु** = કહ્યું છે **ओहं** = ઓઘરૂપ **सलिलं** = જળને **अपारगं** = જેનો પાર ન પામી શકાય તેવા **महासमुद्दं** = મહા સમુદ્રને **भुयाहिं** = ભુજાઓથી તરવો **दुत्तरं** = દુસ્તર છે **व** = તેવી જ રીતે સંસાર સાગર તરવો કઠિન છે **अहे य णं** = તેથી જ સંસારના સ્વરૂપને **परिजाणाहिं** = જ્ઞપરિજ્ઞાથી જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે **से पंडिए** = તે પંડિત છે(સત્યાસત્યને જાણનાર છે) **अंतकडे** = કર્મોનો અંત કરનાર.

**ભાવાર્થ :–** તીર્થંકર ગણધર આદિ ઉત્તમ પુરુષોએ કહ્યું છે– જેનો પાર ન પામી શકાય તેવા મહા સમુદ્રને બે ભુજાઓથી પાર કરવો દુસ્તર છે, તેવી રીતે સંસારરૂપી મહાસમુદ્રને પણ પાર કરવો દુસ્તર છે, તેથી આ સંસાર સમુદ્રના સ્વરૂપને જ્ઞપરિજ્ઞાથી જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે છે, તે પંડિત મુનિ કર્મોનો અંત કરનારા કહેવાય છે.

**૧૧** **जहा हि बद्धं इह माणवेहिं, जहा य तेसिं तु विमोक्ख आहिए ।**
**अहा तहा बंधविमोक्ख जे विऊ, से हु मुणी अंतकडे त्ति वुच्चइ ॥**

**શબ્દાર્થ :–** **जहा** = જેવી રીતે **इह** = આ સંસારમાં **माणवेहिं** = મનુષ્યો જો **बद्धं** = મિથ્યાત્વાદિથી કર્મો બાંધે છે **तेसिं** = તેનો-કર્મોનો બંધ થયો છે **विमोक्ख** = કર્મોના બંધનોથી મુક્ત થવું **आहिए** = કહ્યું છે **जे** = જે સાધુ **बंधविमोक्ख** = બંધ અને મોક્ષના **अहा तहा** = યથાર્થ સ્વરૂપને **विऊ** = સમ્યક રીતે જાણનાર છે.

**ભાવાર્થ :–** મનુષ્યો આ સંસારમાં મિથ્યાત્વાદિ દ્વારા કર્મ બાંધે છે અને સમ્યગ્દર્શનાદિ દ્વારા કર્મોનો ક્ષય કરે છે. આ રીતે બંધ અને વિમોક્ષના સ્વરૂપને યથાતથ્ય જાણનાર વિદ્વાન મુનિ અવશ્ય સંસારનો કે કર્મોનો અંત કરનારા કહેવાય છે.

**૧૨** **इमम्मि लोए परए य दोसु वि, ण विज्जइ बंधणं जस्स किंचि वि ।**
**से हु णिरालंबणमप्पइट्ठिओ, कलंकलीभावपवंच विमुच्चइ ॥त्ति बेमि॥**

**શબ્દાર્થ :–** **णिरालंबणं** = આલંબનથી રહિત-આ લોક પરલોકની આશાથી રહિત **अप्पइट्ठिओ** = પ્રતિબંધથી રહિત **कलंकलीभावपवंच** = જન્મ, મરણ રૂપ સંસારના પરિભ્રમણના પ્રચંચથી **विमुच्चइ** = મુક્ત થાય છે.

**ભાવાર્થ :–** આ લોક, પરલોક કે બંને લોકમાં જેને અંશમાત્ર પણ રાગાદિ બંધન નથી તથા જે સાધક નિરાલંબી– આ લોક, પરલોક સંબંધી ઈચ્છાઓથી રહિત અને અપ્રતિબદ્ધ છે, તે સાધુ અવશ્ય સંસાર-પરિભ્રમણ રૂપ પ્રપંચથી મુક્ત થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વિવિધ દષ્ટાંતો દ્વારા સાધકને બંધનમાંથી મુક્ત થવાની પ્રેરણા આપી છે.

(૧) જેમ સર્પ પોતાની કાંચળીને અનાસક્ત ભાવે છોડી દે છે, તેમ સાધુ પણ પૂર્વ સંયોગોના, રાગાદિ બંધનોનો ત્યાગ કરે છે. (૨) સાધુ મહા સમુદ્ર સમાન સંસાર સાગરને શાસ્ત્રોક્ત ઉપાય દ્વારા તરી જાય છે.

કર્મ બંધનથી મુક્ત થવાના, કર્માશ્રવ રૂપ વિશાળ જળ પ્રવાહને રોકવાના ઉપાયો ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) સાધુ શાસ્ત્રોક્ત ઉપાયોના આધારે જ પ્રવૃત્તિ કરે, (૨) સંસાર સમુદ્રના સ્વરૂપને જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે, (૩) કર્મબંધનના કારણો અને બંધન મુક્તિના ઉપાયોને યથાર્થ રૂપે જાણીને મુક્તિ માટે યથાતથ્ય પ્રયોગ કરે, (૪) ઈહલૌકિક, પારલૌકિક સર્વ આશંસા, આકાંક્ષા કે સ્પૃહાથી રહિત થઈ અપ્રતિબદ્ધપણે વિચરે.

**दुहसेज्जं :–** દુઃખ શય્યા. શ્રી ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારની દુઃખ શય્યાનું નિરૂપણ છે.

સાધુ જીવનના સ્વીકાર પછી કોઈપણ નિમિત્તથી મનમાં અસાધુતાના ભાવોનો પ્રવેશ થઈ જાય, મન વિચલિત થઈ જાય, તો સાધુને માટે સંયમ દુઃખના સ્થાનરૂપ-દુઃખ શય્યારૂપ બની જાય છે. તેના ચાર પ્રકાર છે. (૧) પ્રવચન પ્રતિ અશ્રદ્ધા, (૨) પરલાભની સ્પૃહા, (૩) કામભોગની આશંસા, (૪) શરીર શુશ્રૂષાની ઈચ્છા. આ ચારે કારણોથી સંયમ દુઃખ રૂપ બની જાય છે.

તેથી સાધક શાસ્ત્રોક્ત ઉપાયો દ્વારા ઉપરોક્ત ચારે કારણોનો ત્યાગ કરીને દુઃખ શય્યાથી મુક્ત થાય છે અર્થાત્ સાધક દુઃખમય નરકાદિ ભવોથી અથવા દુઃખમય સંસાર પરિભ્રમણ રૂપ પ્રપંચોથી મુક્ત થાય છે.

**परिण्णा समयम्मि वट्टइ :–** સાધુ પરિજ્ઞા રૂપ શાસ્ત્રોક્ત કથન અનુસાર પ્રવૃત્તિ કરે. સંસારના સ્વરૂપને જ્ઞ પરિજ્ઞાથી યથાર્થ રૂપે જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરે. આ રીતે સમ્યગ્ જ્ઞાન અને સત્ક્રિયાના સમન્વયથી સાધકની સાધના દઢતમ થાય છે.

**उवरय मेहुणे :–** મૈથુન ક્રિયાથી સર્વથા ઉપરત થાય, ચોથા મહાવ્રતનું યથાર્થપણે પાલન કરે. આ કથનથી ઉપલક્ષણથી શેષ સર્વ મહાવ્રતનું કથન થઈ જાય છે.

**संसार महासमुद्दं :–** સંસાર મહાસમુદ્રની સમાન દુસ્તર છે. સમુદ્રમાં નદીઓનો પ્રવાહ આવતો રહે છે, તેમ સંસાર સમુદ્રમાં કર્મરૂપ જલનો પ્રવાહ સતત આવે છે.

ભુજાઓથી મહાસમુદ્રને પાર કરવો કઠિન છે, તેમ સંસાર સમુદ્રને પાર કરવો દુસ્તર છે. જે ઉપાયથી સંસાર પાર કરી શકાય છે તેને જાણીને તે ઉપાય અનુસાર અનુષ્ઠાન કરે છે, તે પંડિત મુનિ છે. તે સંસાર સમુદ્રના પ્રવાહનો અંત કરે છે. તે સંસાર સમુદ્રને તરી જાય છે.

**जहा य बद्धं :–** મનુષ્યો(જીવો) સંસારમાં ક્યા કારણોથી બંધાય છે ? તેને યથાર્થરૂપે જાણે અર્થાત્ જીવ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ, આ આશ્રવના કારણોથી કર્મ બાંધે છે, તેનું યથાર્થ જ્ઞાન કરે.

**जहा य विमोक्ख :–** જે ઉપાયો દ્વારા કર્મબંધનથી બંધાયેલા જીવોનો વિમોક્ષ થાય છે, તે ઉપાયોને જાણે. પ્રાણાતિપાત વિરમણ આદિ વ્રત, તપ, સંયમ, સમ્યગ્દર્શનાદિ ઉપાયો દ્વારા જીવ મુક્ત થાય છે.

**अंतकडे :–** તે બંધ અને મોક્ષના સમ્યક ઉપાયો જાણીને, તદનુસાર આચરણ કરીને, મુનિ કર્મોનો અંત કરે છે.

**कलंकलीभाव पवंच विमुच्चइ :– संसारगर्भादिपर्यटनाद्विमुच्यते ।** સંસાર પરિભ્રમણમાં એક જન્મથી બીજા જન્મમાં, એક ગર્ભથી બીજા ગર્ભમાં, એક શરીરથી બીજા શરીરમાં; આ પ્રકારના ભવ પ્રપંચથી અથવા સ્ત્રી, પુત્ર, પરિવારાદિ રૂપ પ્રપંચોથી એટલે કે જન્મ-મરણની પરંપરાથી સર્વથા મુક્ત થાય છે.

**॥ સોળમું અધ્યયન સંપૂર્ણ ॥**

**॥ આચારાંગ સૂત્ર – બીજો શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥**

## ॥ આચારાંગ સૂત્ર સંપૂર્ણ ॥

**પરિશિષ્ટ–૧ :–**

# ત્રિપદી ચિંતન

## ઉપ્પન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા

બીજમાં વટવૃક્ષ તિરોહિત હોય છે, અરણીના લાકડામાં અગ્નિકણ અને અગ્નિકણમાં તેજસ્વી–જાજ્વલ્યમાન અગ્નિ છૂપાયેલો હોય છે, તેમ ત્રિપદીના ત્રણ પદોમાં જૈનાગમોના સર્વ ભાવો અને દ્વાદશાંગીના સમસ્ત રહસ્યો ગોપાયેલા છે.

બીજ જમીનમાં ધરબાય, પાણીનો સંયોગ પામે ત્યારે વૃક્ષ, અરણીનું લાકડું ઘસાય ત્યારે અગ્નિકણ પ્રગટ થાય છે અને વાયુનો સંયોગ મળતાં અગ્નિકણ તેજસ્વી–જાજ્વલ્યમાન અગ્નિનું સ્વરૂપ ધારણ કરે છે, તેમ તીર્થંકર પરમાત્માના શ્રીમુખે ત્રિપદીનું શ્રવણ થતાં ગણધર ભગવંતોના હૃદયમાં ચૌદપૂર્વ સંયુક્ત દ્વાદશાંગીનું પૂર્ણશ્રુત જ્ઞાન પ્રગટ થાય છે.

ઘટના એમ ઘટે છે કે તીર્થંકર પરમાત્મા સંયમ સ્વીકાર પછી સાધના-આરાધનાના પરિપાક રૂપે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે તેઓને પૂર્વના ત્રીજા ભવમાં બાંધેલા તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે અને તેઓ તીર્થ પ્રવર્તાવવા ઉદ્યમવંત બને છે. કેવળજ્ઞાનને પ્રાપ્ત તીર્થંકર પ્રભુ સૌ પ્રથમ શ્રમણધર્મ અને શ્રાવક ધર્મને સમજાવતી, સંસાર સાગર પાર કરાવનારી, ભવજલતારિણી, દુઃખ મુક્તિદાયિની, શિવ-સુખ-સિદ્ધિ દાયિની, છકાય જીવ રક્ષક, અહિંસા પ્રધાન દેશના(પ્રથમ ઉપદેશ) આપે છે. તે દેશનાના શ્રવણથી પરિષદ(સભા)માં ઉપસ્થિત કેટલાક ભવ્ય જીવો(નર-નારીઓ) પરમાત્મા પાસે સાધુવ્રત–મહાવ્રત અંગીકાર કરી, સર્વવિરતિ સંયમી જીવનનો સ્વીકાર કરે છે અને કેટલાક ભવ્ય જીવો(નર-નારીઓ વગેરે) શ્રાવકવ્રત–અણુવ્રત ધારણ કરી, દેશવિરતિ સંયમ જીવનનો સ્વીકાર કરે છે અને ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે.

નૂતન દીક્ષિત શ્રમણોમાં પૂર્વભવની સાધનાના બળે ગણધર બનાવા યોગ્ય, પુણ્યનો બંધ કરીને આવેલા અર્થાત્ ગણધર પદને યોગ્ય સાધુઓને તત્ત્વજ્ઞાન શીખવવા ભગવાન **उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा** આ ત્રિપદી(ત્રણ પદ) આપે છે. આ ત્રણ પદ સાંભળતા જ જેને-જેને ચૌદ પૂર્વ સહિત દ્વાદશાંગીનું જ્ઞાન લઈ જાય છે અને મુહૂર્ત માત્રમાં દ્વાદશાંગીની રચના કરે છે, તેઓને ભગવાન ગણધર પદ ઉપર સ્થાપિત કરે છે.

જેમ આમ્રવૃક્ષ ઉપર આરૂઢ વ્યક્તિ નીચે રહેલા સ્વજનો માટે મીઠાં-મધુરા પાકાં ફળોની ઉપરથી વૃષ્ટિ કરે અને નીચે રહેલા બે-પાંચ સ્વજનો પોતાના હાથમાં રહેલા વસ્ત્રમાં તે ફળોને ઝીલે છે અને પછી તેને સાફ કરી, સમારીને પોતાના સર્વ સ્વજનોને પ્રેમપૂર્વક ખાવા આપે છે અને પોતે પણ ખાય છે, તેમ કેવળજ્ઞાન રૂપી કલ્પવૃક્ષ ઉપર સ્થિર તીર્થંકરો ભવ્યજનોના ઉપકાર માટે અનુત્તર એવા અર્થને વરસાવે છે તેને ગણધરો બુદ્ધિરૂપી વસ્ત્રમાં ઝીલી સૂત્ર(દ્વાદશાંગી) રૂપે ગૂંથીને પોતાનો તેમજ અન્યનો ઉપકાર કરે છે. **अत्थं भासइ अरहा सुत्तं गुंथइ गणहरा ।** તીર્થંકરો અર્થરૂપ આગમનું કથન કરે છે, ગણધરો સૂત્ર રૂપ આગમની રચના કરે છે.

આ રીતે દ્વાદશાંગીનું મૂળ ત્રિપદી છે, તેથી તે માતૃકાપદ પણ કહેવાય છે. **उप्पने इ वा** એટલે વસ્તુ ઉત્પન્ન થાય છે, **विगमे इ वा** એટલે વસ્તુ નાશ પામે છે, **धुवे इ वा** એટલે વસ્તુ ધ્રુવ, શાશ્વત છે. પ્રત્યેક વસ્તુ–પ્રત્યેક પદાર્થ દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવ છે અને પર્યાયની–અવસ્થાની અપેક્ષાએ અનિત્ય છે અર્થાત્ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આ રીતે સર્વ દ્રવ્ય નિત્ય-અનિત્ય સ્વભાવ ધરાવે છે. **उत्पाद व्यय ध्रौव्य युक्तं सत्** ।– તત્ત્વાર્થ સૂત્ર. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત હોય તે સત્ છે. **यत्सत् तत्द्रव्यम्** જે સત્ છે તે દ્રવ્ય કહેવાય છે. **से णिच्चणिच्चेहि समिक्ख पण्णे.....**સૂયગડાંગ સૂત્ર–૬/૪. દરેક પદાર્થ નિત્યાનિત્ય સ્વભાવવાળા છે.

સમુદ્રમાં મોજા ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પરંતુ પાણી તેનું તે જ રહે છે. માટીમાંથી ઘડો બનાવવામાં આવે ત્યારે ઘડાની ઉત્પત્તિ થાય છે, ઘડો ફૂટી જાય ત્યારે ઘડાનો નાશ થાય છે, પરંતુ આ બંને અવસ્થામાં માટી કાયમ ટકી રહે છે. સોનામાંથી કંકણ ઘડવામાં આવે ત્યારે કંકણની ઉત્પત્તિ થાય છે, કંકણમાંથી કુંડળ બનાવવામાં આવે ત્યારે કંકણનો નાશ થાય છે, પણ સોનું કાયમ રહે છે. બાલ્યાવસ્થા વ્યતીત થાય અને યુવાવસ્થાનો પ્રારંભ થાય છે, પરંતુ વ્યક્તિ તેની તે જ રહે છે. મનુષ્ય રૂપે જન્મ થાય એટલે મનુષ્ય પર્યાયની ઉત્પત્તિ થાય છે, મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થાય, ત્યારે મનુષ્ય પર્યાયનો નાશ થાય છે, જીવ કાયમ રહે છે, તે જીવ ધ્રુવ છે. આ રીતે પ્રત્યેક પદાર્થની અવસ્થાઓ, પર્યાયો ક્ષણે-ક્ષણે પલટાતી રહે છે. પર્યાયો અનિત્ય છે, તેમાં પરિવર્તન થતું જ રહે છે. આ રીતે જગતના તમામેતમામ પદાર્થો, લોકના સર્વ દ્રવ્યો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રૂપ ત્રિપદીમાં સમાવિષ્ટ થઈ જાય છે, બીજી બાજુ અધ્યાત્મ જગતના સર્વ રહસ્યો પણ ત્રિપદીમાં સમાવિષ્ટ છે.

પોતાના નિજ આત્મ દ્રવ્ય તરફ દષ્ટિ કરવામાં આવે તો તે નિત્ય, ધ્રુવ, શાશ્વત છે. આત્મ દ્રવ્ય પોતે પોતાના નિજ સ્વભાવમાં કાયમ માટે સ્થિત જ છે. શુદ્ધ આત્મ સ્વરૂપમાં સ્થિત થઈ જવું, તે જ અધ્યાત્મ છે. દ્રવ્ય દષ્ટિ કેળવવાથી આત્મ રમણતા થાય છે.

આત્માની વૈભાવિક પરિસ્થિતિઓ(અવસ્થાઓ) ઉત્પાદ, વ્યયના સ્વભાવવાળી છે. મોહજન્ય સર્વ વિકારો–રાગ, આસક્તિ, દ્વેષાદિ, ભાવોમાં ઉત્પદ–વ્યય થયા કરે છે. વિચાર, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગાદિ ભાવો ઉત્પન્ન થાય ત્યારે પર્યાય દષ્ટિએ જોવાથી સમજાય જાય છે કે આ તેની પરિવર્તન સ્વભાવવાળી અવસ્થા છે, પર્યાય છે. જે પર્યાય ઉત્પન્ન થઈ છે, તે નાશનો સ્વભાવ લઈને જ ઉત્પન્ન થઈ છે, તેમ પર્યાય દષ્ટિથી તેની અનિત્યતા સમજાય છે અને તેની અનિત્યતા સમજાતાં જ રાગ કે દ્વેષ રૂપ વિભાવ શમી જાય છે અને આત્મા સમભાવમાં સ્થિત થઈ જાય છે.

આ રીતે જૈન દર્શન સંગત બાહ્ય જગતના સર્વ પદાર્થો અને આત્મિક જગતના, આધ્યાત્મિકતાના સર્વ રહસ્યો, સર્વ સિદ્ધાંતો ત્રિપદીમાં ગર્ભિત છે.

શ્રી આચારાંગ સૂત્રના આ બીજા શ્રુતસ્કંધનું, પંદરમું અધ્યયન ભગવાન મહાવીર સ્વામીનો જીવન પરિચય કરાવે છે. તેમાં પરમાત્માનો દીક્ષા મહોત્સવ, સાધના, કૈવલ્ય પ્રાપ્તિનું વર્ણન છે. કૈવલ્ય પ્રાપ્તિ પછી પ્રથમ દેશનામાં પાંચ મહાવ્રત અને તેની પચ્ચીસ ભાવનાઓના વર્ણન સાથે અધ્યયન સમાપ્ત થઈ જાય છે. તેમાં ચતુર્વિધ સંઘની સ્થાપના, ગૌતમાદિ ગણધરને ગણધર પદની પ્રાપ્તિ આદિનું વર્ણન નથી. અન્ય આગમોમાં પણ ત્રિપદીનો ઉલ્લેખ નથી, પરંતુ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત મહાકાવ્ય', ઉપાધ્યાય શ્રી વિનયવિજયગણિ વિરચિત 'લોક પ્રકાશ'

આદિ ગ્રંથોમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

**उत्पादो विगमो ध्रौव्यमिति पुण्यां पदत्रयीम् ।**
**उद्दिदेश जगन्नाथः सर्व वाङ्मय मातृकाम् ॥**

**सचतुर्दशपूर्वाणि द्वादशाङ्गानि ते क्रमात् ।**
**ततो विरचयामासुस्तत्त्रियद्यनुसारतः ॥ પર્વ–૧, સર્ગ–૩, ૬૬૧/૬૬૨**

**ગાથાર્થ–** જગતના નાથ તીર્થંકર પરમાત્મા સર્વ વાઙ્મય(સાહિત્ય)ના માતૃકા સ્થાનરૂપ પુણ્યમય(પવિત્ર) એવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, આ ત્રણ પદનો(ગણધર પદની યોગ્યતાવાળા સાધુઓને) ઉપદેશ આપે છે.

ત્યાર પછી આ ત્રણ પદને અનુસરીને(ગણધરો) શીઘ્ર ચૌદપૂર્વ સહિત બાર અંગ સૂત્રની ક્રમશઃ રચના કરે છે.

**साधुष्वथो गणधर पद योग्या भवंति ये ।**
**उत्पत्तिनाशध्रौव्यार्थां त्रिपदी शिक्षयंति तान् ॥**

**अधीत्य त्रिपदीं तेऽपि मुहूर्ताद् बीज बुद्धयः ।**
**रचयंति द्वादशांगीं विचित्ररचनांचितां ॥** લોકપ્રકાશ, સર્ગ–૩૦.

**ગાથાર્થ–** સાધુઓમાં જે ગણધરપદને યોગ્ય હોય, તેમને ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્ય અર્થવાળી ત્રિપદીનું ભગવાન શિક્ષણ આપે છે.

તે ત્રિપદીનો અભ્યાસ કરતાં, તેઓ બીજ બુદ્ધિવાળા હોવાથી મુહૂર્ત માત્ર(બે ઘડી)માં વિવિધ પ્રકારની રચનાવાળી દ્વાદશાંગી(બાર અંગસૂત્ર)ની રચના કરે છે.

આ રીતે ત્રિપદીના આધારે જ ૧૨ અંગ રૂપ આગમો(શાસ્ત્ર, સિદ્ધાંત)ની રચના થાય છે. વર્તમાનમાં અગિયાર અંગ ઉપલબ્ધ છે, બારમું દૃષ્ટિવાદ નામનું અંગશાસ્ત્ર વિચ્છેદ પામ્યું છે. આ બાર અંગ સૂત્રના આધારે જ આચાર્યોએ ઉપાંગસૂત્રો, મૂળસૂત્રો, છેદસૂત્રો અને આવશ્યક સૂત્રની રચના કરી છે. આ રીતે બત્રીસ આગમોની ગંગોત્રી ભગવાનના શ્રીમુખમાંથી પ્રવાહિત થયેલી ત્રિપદી છે.

ગુરુપ્રાણ આગમ બત્રીસીના આ ગુજરાતી આગમ અનુવાદ પ્રકાશનના પ્રારંભની પળે મુખપૃષ્ઠ અર્થે ચર્ચાઓ ચાલી અને સૌભાગ્યશાળી પાવનપળે અમારી દૃષ્ટિ સમક્ષ પરમપિતા પરમાત્મા ભગવાન શ્રી મહાવીર સ્વામી પ્રથમ દેશના આપતા હોય, ગણધર ભગવંતોને ત્રિપદી આપતા હોય અને ગણધર ભગવંતો ત્રણ પદના આધારે દ્વાદશાંગીની રચના કરતાં હોય, તેવું દશ્ય ઝળકવા લાગ્યું અને મનોપ્રદેશ ઉપર **उप्पन्न इ वा, विगमे इ वा, धुवे इ वा** ત્રિપદી ગૂંજવા લાગી અને **સાધ્વી સુબોધિકાની** કલમ દ્વારા રેખા ચિત્ર તૈયાર થયું અને તે ચિત્ર ગુરુ ભગવંતોની, ગુરુણી મૈયાની અને સર્વાનુમતે પસંદગીને પામ્યું. આ રીતે ભગવાન, ત્રિપદી અને આગમના નામ સહિતનું દશ્ય, **ગુરુપ્રાણ આગમ બત્રીસીના** બત્રીસ આગમો અને ૩૫ આગમ રત્નોના મુખ પૃષ્ઠને શોભાવતું આપ સહુને આધ્યાત્મિકતાની પ્રેરણા આપી રહ્યું છે અને ભવિષ્યમાં આપતું રહેશે.

❖❖❖❖❖

**પરિશિષ્ટ–૨ :–**

# ગોચરી સંબંધી : દોષ–નિયમ

## [આગમ અને ગ્રંથથી સંકલિત]

એષણા સમિતિના ૪૨ દોષ પ્રસિદ્ધ છે તે માટે પિંડ નિર્યુક્તિની ગાથાઓ આ પ્રમાણે છે–

[१]आहाकम्म[२]उद्देसिय,[३]पूईकम्म[४]मीसजाए य ।
[५]ठवणा[६]पाहुडियाए,[७]पाओअर[८]कीय[९]पामिच्चे ॥१॥

[१०]परियट्टिय[११]अभिहडे,[१२]उब्भिण्णे[१३]मालोहडे ।
[१४]आच्छिज्जे[१५]आणिसिट्ठे,[१६]अज्झोयरए सोलसमे ॥२॥

[१]धाई[२]दूई[३]णिमित्ते,[४]आजीवे[५]वणीमगे[६]तिगिच्छाए ।
[७]कोहे[८]माणे[९]माया[१०]लोभे, हवंति दस एए ॥३॥

[११]पुव्विपुच्छासंथव,[१२]विज्जा[१३]मंत[१४]चुण्ण[१५]जोगे य ।
उप्पायणाइ दोसा, सोलसमे[१६]मूलकम्मे ॥४॥

[१]संकिय[२]मक्खिय[३]णिक्खित्त,[४]पिहिय[५]साहरिय[६]दायग[७]उमिस्से ।
[८]अपरिणय[९]लित्त[१०]छड्डिय, एसण दोसा दस हवंति ॥५॥

અહીં પહેલી બે ગાથામાં ઉદ્‌ગમના સોળ દોષ; ત્રીજી, ચોથી ગાથામાં ઉત્પાદનના સોળ દોષ અને પાંચમી ગાથામાં એષણાના દશ દોષ છે. તે દોષોનો નિર્દેશ ભગવતી સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર આદિ અનેક આગમોમાં પ્રાપ્ત થાય છે. તેનું સ્પષ્ટીકરણ પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથ અને વ્યાખ્યાઓમાં છે. તે આ પ્રમાણે છે–

**ઉદ્‌ગમના ૧૬ દોષ–** આહાર વગેરેની ઉત્પત્તિ સંબંધી દોષને ઉદ્‌ગમ દોષ કહે છે. આ સોળ દોષો ગૃહસ્થ દ્વારા લાગે છે. તે આ પ્રમાણે છે–

(૧) એક યા અનેક સાધુ–સાધ્વીજીના નામ નિર્દેશ સાથે તેના માટે જ આહાર આદિ બનાવવામાં આવે તે **આધાકર્મી દોષ** છે.

(૨) કોઈના સ્પષ્ટ નિર્દેશ વિના સામાન્ય રીતે જૈન મુનિ માટે, સર્વ ભિક્ષુ માટે, શ્રમણો માટે, શ્રમણીઓ માટે, આ પ્રકારના ઉદ્દેશ્યથી જે આહારાદિ બનાવવામાં આવે તે **ઔદ્દેશિક દોષ** છે.

(૩) હાથ, ચમચા કે વાસણ વગેરેના માધ્યમે આધાકર્મી આહારનો અંશ જો શુદ્ધ આહારમાં ભળી જાય તો તે આહાર **પૂતિકર્મ દોષ** યુક્ત કહેવાય છે.

(૪) ગૃહસ્થ પોતાના માટે અને જૈન મુનિ માટે એવા મિશ્ર ભાવોથી જે આહારાદિ બનાવે તે **મિશ્રજાત દોષ** કહેવાય છે.

(૫) ગૃહસ્થ માટે બનેલા નિર્દોષ આહાર આદિને દાતા સાધુ માટે જુદો રાખી મૂકે અને ઘરના માટે બીજો બનાવે, જ્યારે જ્યારે સાધુ–સાધ્વી પધારે ત્યારે તે રાખેલો પદાર્થ તેને જ વહોરાવે. આ રીતે સાધુઓ માટે

સ્થાપિત કરે, તે **સ્થાપના દોષ** છે.

(૬) સાધુના નિમિત્તે ભોજન આદિના આયોજનને વહેલું કે મોડું કર્યું હોય અર્થાત્ મહેમાન માટેના ભોજન સમારંભની તારીખ કે સમય પરિવર્તન કરીને આહારાદિ તૈયાર કરે, તે **પાહુડિયા દોષ** છે. સાધુના નિમિત્તે આહારાદિ એકાદ બે કલાક વહેલો કે મોડો કરે તો પણ આ દોષ લાગે છે.

(૭) સાધુ માટે દાતા દીપક, લાઈટ વગેરેનો પ્રકાશ કરી, અગ્નિનો આરંભ કરીને આહારાદિ વહોરાવે; તે **પાઓઅર દોષ** છે.

(૮) સાધુ–સાધ્વી માટે દાતા બજારમાંથી કોઈપણ વસ્તુ કે આહારાદિ ખરીદીને વહોરાવે, તે **ક્રીત દોષ** છે.

(૯) સાધુ માટે કોઈ વસ્તુ ઉધાર લાવીને દાતા વહોરાવે, તે **પામૃત્ય દોષ** છે.

(૧૦) સાધુ માટે વસ્તુની અદલા બદલી કરે અર્થાત્ પોતાની કોઈ વસ્તુ બીજાને આપી, તેના બદલે સાધુને જરૂરી હોય તેવી વસ્તુ તેની પાસેથી લઈને આપે, તે **પરિવર્તિત દોષ** છે.

(૧૧) સાધુ જે સ્થાનમાં રહ્યા હોય ત્યાં લાવીને દાતા આહારાદિ વહોરાવે, તે **અભિહત દોષ** છે.

(૧૨) પેક બંધ પદાર્થ યા મુખ બાંધી રાખેલા ઘડા વગેરે વાસણોના બંધનને કે ઢાંકણાને ખોલીને કે જેને ખોલવામાં ત્રસ કે સ્થાવર જીવોની વિરાધના થતી હોય, તે રીતે આહારાદિ વહોરાવે તો તે **ઉદ્‌ભિન્ન દોષ** કહેવાય છે, પરંતુ જો તે ઢાંકણ વગેરે સહજ રીતે ખોલી શકાય તેમ હોય તો તે દોષરૂપ નથી.

(૧૩) દાતા પડી જાય તેવી નીસરણી વગેરે સાધનનો ઉપયોગ કરીને ઊંચે–નીચેથી લાવીને કોઈ પદાર્થ વહોરાવે તે **માલોહડ દોષ** છે. એકદમ નીચા નમીને કે સુઈને વસ્તુ કાઢી શકાય તેવા સ્થાનમાંથી વસ્તુ કાઢીને વહોરાવે, તે **માલોહડ દોષ** છે.

(૧૪) દાતા કોઈ પાસેથી છીનવીને કે બળજબરીથી લઈને તેમજ કોઈની ઈચ્છા વિના તેની વસ્તુ કે આહારાદિ વહોરાવે, તે **આછિન્ન દોષ** છે.

(૧૫) ઘરમાં બીજા સદસ્યની માલિકીની કોઈ વસ્તુ હોય તે તેને પૂછ્યા વિના વહોરાવે, તે **અનિસૃષ્ટ દોષ** છે. આ એક પ્રકારે અદત્ત દોષ છે.

(૧૬) ગૃહસ્થો માટે થઈ રહેલા આહારાદિમાં સાધુના નિમિત્તે આહારની માત્રા વધારે. તે **અધ્યવપૂર્વક (અધ્યવસાય યુક્ત) દોષ** કહેવાય છે.

**ઉત્પાદનના ૧૬ દોષ** છે, તે સાધુ દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરવાથી લાગે છે. જેમ કે–

(૧૭) મુનિ ગૃહસ્થના બાળકોને રમાડી, તેને ખુશ કરી, ધાવ માતાનું કાર્ય કરી, આહારાદિ પ્રાપ્ત કરે, તો તે **ધાય દોષ** છે.

(૧૮) મુનિ દૂતપણું કરીને, ગૃહસ્થના સમાચારોની લેવડ દેવડ કરીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **દૂતી દોષ** છે.

(૧૯) મુનિ હસ્તરેખા, કુંડલી વગેરે દ્વારા ભૂત અને ભાવી જીવનના નિમિત્ત બતાવી આહારાદિ પ્રાપ્ત કરે, તે **નિમિત્ત દોષ** છે.

(૨૦) મુનિ પોતાનો પરિચય કે ગુણો બતાવીને અથવા મહેનત–મજૂરી કરીને આહારાદિ પ્રાપ્ત કરે, તે **આજીવિકા દોષ** છે.

(૨૧) મુનિ ભિખારીની જેમ દીનતાપૂર્વક માંગી–માંગીને આહાર પ્રાપ્ત કરે, દાતાને દાનના ફળના આશીર્વચન કહીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **વનીપક દોષ** છે.

(૨૨) મુનિ ગૃહસ્થને ઔષધ, ભેષજ બતાવીને ચિકિત્સા વૃત્તિ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરે, તે **ચિકિત્સા દોષ** છે.

(૨૩) મુનિ ક્રોધિત થઈને કે કોપ કરવાનો ભય દેખાડીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **ક્રોધ દોષ** છે.

(૨૪) કોઈ ગૃહસ્થ ભિક્ષા ન આપે ત્યારે મુનિ ઘમંડપૂર્વક કહે કે– "હું ભિક્ષા લઈને જ રહીશ" એમ કહી પછી ઘરના બીજા સદસ્યો દ્વારા બુદ્ધિમાની પૂર્વક ભિક્ષા પ્રાપ્ત કરે, તે **માન દોષ** છે.

(૨૫) રૂપ કે વેશ પરિવર્તન કરીને અથવા અન્ય કોઈપણ પ્રકારે માયા કપટના માધ્યમે ભિક્ષા પ્રાપ્ત કરવી તે **માયા દોષ** છે.

(૨૬) મુનિ ઈચ્છિત વસ્તુ મળે ત્યારે લેવામાં માત્રાનો વિવેક ન જાળવે, અતિમાત્રમાં આહારાદિ લઈ લે અથવા ઈચ્છિત પદાર્થ ન મળે ત્યાં સુધી સમય મર્યાદાનો વિવેક રાખ્યા વિના ફર્યા જ કરે, તે **લોભ દોષ** છે.

(૨૭) આહાર પ્રાપ્તિ અર્થે આહાર ગ્રહણ પૂર્વે કે પછી દાતાની પ્રશંસા કરે, તે **પૂર્વ પશ્ચાત્ સંસ્તવ દોષ** છે.

(૨૮) સિદ્ધ થયેલી વિદ્યાના પ્રયોગ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરે તેમજ ગૃહસ્થને વિદ્યા શીખવાડીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **વિદ્યા દોષ** છે.

(૨૯) મંત્ર, તંત્ર, યંત્રના પ્રયોગે ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ ગૃહસ્થોને તે પ્રયોગ બતાવીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **મંત્ર દોષ** છે.

(૩૦) વશીકરણ ચૂર્ણ વગેરેના પ્રયોગ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ ગૃહસ્થને તે પ્રયોગ શીખવાડીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **ચૂર્ણ દોષ** છે.

(૩૧) પાદ લેપ, અંજન પ્રયોગ, અંતર્ધાન ક્રિયા વગેરેના પ્રયોગથી ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ તે પ્રયોગ ગૃહસ્થને બતાવીને અથવા આપીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **યોગ દોષ** છે.

(૩૨) ગર્ભપાત વગેરે પાપકૃત્યની વિધિ દર્શાવીને તેમજ તેમાં સહકાર આપીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **મૂળકર્મ દોષ** છે.

**એષણાના**(ગ્રહણૈષણાના) **૧૦ દોષ** છે તે ગોચરી લેતા સમયે દાતા કે સાધુના અવિવેક અને અસાવધાનીથી લાગે છે, તે આ પ્રમાણે છે–

(૩૩) ગ્રાહ્ય વસ્તુ અચિત્ત થઈ કે નહીં ? ગ્રાહ્ય અચેત પદાર્થ સચિત્તના સંઘટ્ટામાં છે કે દૂર છે ? દાતા દ્વારા પાણી વગેરે સચિત્ત પદાર્થનો સ્પર્શ સંઘટ્ટો થયો કે નહીં ? વગેરે શંકાશીલ સ્થિતિમાં પદાર્થ લેવા તે **શંકિત દોષ** છે.

(૩૪) પાણીથી ભીના કે ખરડાયેલા હાથ કે ચમચા, વાસણ વગેરેથી ભિક્ષા લેવી, તે **મૃક્ષિત દોષ** છે.

(૩૫) અચિત્ત કલ્પનીય વસ્તુ , સચિત્ત વસ્તુ પર રાખેલી હોય કે તેને સ્પર્શેલી હોય, તે **નિક્ષિપ્ત દોષ** છે.

(૩૬) સચિત્ત વસ્તુથી ઢાંકેલી અચિત્ત કલ્પનીય વસ્તુ લેવી, તે **પિહિત દોષ** છે.

(૩૭) સચિત્ત વસ્તુના પાત્રને ખાલી કરી, તે પાત્ર દ્વારા ભિક્ષા દે, તે **સાહરિય દોષ** છે.

(૩૮) બાળક, અન્ધ વ્યક્તિ, ગર્ભવતી સ્ત્રી અને વિરાધના કરતાં કરતાં વહોરાવનાર વ્યક્તિ પાસેથી ભિક્ષા લેવી, તે **દાયક દોષ** છે.

(૩૯) અચિત્ત પદાર્થમાં સચિત્ત પદાર્થ– મીઠું, આખું જીરું, ચારોળી, ખસખસના દાણા વગેરે નાંખ્યા હોય અને તે અચિત્ત ન થયા હોય તેવા પદાર્થ લેવા, તે **મિશ્ર દોષ** છે.

(૪૦) અથાણા, કચૂમ્બર, ઓળા અને અર્ધપક્વ ખાદ્ય પદાર્થ તથા ધોવણ પાણી કે ગરમ પાણી કે જે પૂર્ણ રૂપે શસ્ત્ર પરિણત ન થયા હોય, તેવા પદાર્થો ગ્રહણ કરવા, તે **અપરિણત દોષ** કહેવાય છે.

(૪૧) સચિત્ત મીઠું, સાજી ખાર, માટી આદિ પૃથ્વીકાયના ચૂર્ણથી તેમજ વનસ્પતિના પિષ્ટ–ચૂર્ણ અને છોતરા આદિથી હાથ વગેરે ખરડાયેલા હોય તેનાથી ભિક્ષા લેવી, તે **લિપ્ત દોષ** છે.

(૪૨) દાતા પાણી કે આહાર કોઈપણ વસ્તુને વેરાતાં કે ઢોળતાં વહોરાવે, તે **છર્દિત દોષ** કહેવાય છે.

**આવશ્યક સૂત્રના** શ્રમણ સૂત્રમાં આવતા ગોચરી સંબંધી દોષો આ પ્રમાણે છે–

(૪૩) આજ્ઞા લીધા વગર અર્ધા ખુલ્લા કે અંદરથી બંધ ન કરેલા દરવાજા ખોલીને ગોચરી માટે જવું, તે **દોષ** છે.

(૪૪) ગોચરી માટે ભ્રમણ કરતા મુનિને કૂતરી કે બાલિકા અથવા સ્ત્રી વગેરેનો સંઘટ્ટો થાય અને સાધ્વીને કૂતરા, બાળક કે પુરુષ વગેરેનો સંઘટ્ટો થાય, તે **દોષ** છે.

(૪૫) નિર્દોષ ખાદ્ય સામગ્રી સાધુને વહોરાવવા એક જગ્યાએ એકઠી કરીને રાખી હોય, અથવા જે આહાર કોઈને દેવા માટે નિશ્ચિત્ત કરેલો હોય, તેમાંથી ભિક્ષા લેતાં દોષ થાય, તે **મંડીપાહુડિયા દોષ** છે.

(૪૬) શ્રાદ્ધ વગેરે પ્રસંગે સાધુને વહોરાવતાં પહેલાં પક્ષીઓ માટે ખાદ્ય પદાર્થને દિશાઓમાં ફેંકીને પછી વહોરાવે, તે **બલિ પાહુડિયા દોષ** છે.

(૪૭) ઉતાવળમાં કે ભૂલથી કોઈપણ અકલ્પનીય વસ્તુ વહોરાવી દે, તે **સહસાકાર દોષ** છે.

(૪૮) દાતા નહીં દેખાતા સ્થાનથી પદાર્થ લાવીને વહોરાવે, તે **અદષ્ટ આહૃત દોષ** છે.

(૪૯) આહારાદિ વહોરાવતા દાતા વચ્ચે કોઈ ચીજ ફેંકે, તેમજ આહાર વાપરતા સમયે કે આહાર કર્યા પછી મુનિ કોઈ પદાર્થને અમનોજ્ઞ કે વધારે માત્રામાં હોવાથી પરઠે તો તે **પરિસ્થાપનિકા દોષ** છે.

(૫૦) માંગી–માંગીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **અવભાસણ દોષ** છે. [આ ૪૨ દોષ માંહેનો વનીમગ દોષ છે.]

**ઉત્તરાધ્યયન સૂત્ર** અધ્ય. ૧૭ અને અધ્ય. ૨૬માં એષણા શુદ્ધિ માટે નીચેના સૂચનો છે.

(૫૧) અન્ય ઘરોમાં ગોચરી ન જતાં સ્વજનોને ત્યાંથી જ ગોચરી કરે, તે **દોષ** છે.

(૫૨) મુનિ છ કારણે આહાર કરે અને આહારની ગવેષણા કરે– (૧) ક્ષુધાવેદનીયના ઉપશમ માટે (૨) આચાર્યાદિની સેવા માટે (૩) ઈર્યા સમિતિના શોધન માટે (૪) સંયમ નિર્વાહ માટે (૫) દસ પ્રાણોને ધારણ કરવા માટે (૬) ધર્મ ધ્યાનની વૃદ્ધિ માટે.

(૫૩) મુનિ છ કારણે આહાર કરવાનું છોડી દે– (૧) વિશિષ્ટ રોગાંતક થાય ત્યારે (૨) ઉપસર્ગ આવે ત્યારે (૩) બ્રહ્મચર્યની પાલના–સુરક્ષા માટે (૪) જીવ દયા માટે (૫) તપશ્ચર્યા કરવા માટે (૬) અનશન–સંથારો કરવા માટે આહારનો ત્યાગ કરે.

**આચારાંગ સૂત્ર** શ્રુ.–૨, અ.–૧માં એષણા શુદ્ધિ સંબંધી અનેકાનેક સૂચનો છે તે માંહેનું વિશેષ વિધાન આ પ્રમાણે છે–

(૫૪) યાત્રા, મેળો, મહોત્સવ વગેરેમાં ભિક્ષાચરો માટેની દાનશાળામાંથી સામાન્ય રીતે જૈન શ્રમણો આહાર લેતા નથી પરંતુ દાન દેવાય જાય અને ઘરના લોકો કે કર્મચારી જમવા બેસે ત્યારે ત્યાંથી ગોચરી લઈ શકાય છે.

(૫૫) નિત્યદાન પિંડ, નિત્ય નિમંત્રણ પિંડ, બનેલા ભોજનનો અર્ધોભાગ, ચોથાઈ ભાગ વગેરે જ્યાં દરરોજ દાન દેવાતું હોય તેવા પ્રસિદ્ધ દાન કુલો(ઘરો)માંથી ભિક્ષા ગ્રહણ ન કરવી.

(૫૬) લગ્ન નિમિત્તના ભોજન પ્રસંગે કે કોઈ પણ વિશિષ્ઠ પ્રસંગોમાં જ્યાં જનાકીર્ણતા હોય ત્યાં ગોચરી ન જવું.

(૫૭) મૃત્યુ પ્રસંગે કે જન્માદિ મહોત્સવ પ્રસંગે તેમજ અનેક ગામડાઓનો ઘણો મોટો જમણવાર હોય અથવા નાનો જમણવાર હોય તેમાં પણ લોકોનું આવાગમન બહુ હોય, ત્યાં ગોચરી જવું નહીં.

(૫૮) ગરમ પદાર્થને ફૂંક મારીને વહોરાવે તે **ફૂમેજ્જ દોષ** છે.

(૫૯) સાધુ માટે પવન નાખીને ઠંડા કરેલા આહારાદિ વહોરાવે તે **વીએજ્જ દોષ** છે.

**ભગવતી સૂત્ર** શતક–૭, ઉદ્દેશા–૧માં દર્શાવેલા શ્રમણના પરિભોગૈષણા સંબંધી દોષો આ પ્રમાણે છે–

(૬૦) મનોજ્ઞ, સ્વાદિષ્ટ આહાર કરતા મુનિ મનમાં ખુશ થાય. આહારની અને દાતાની પ્રશંસા કરે તો **ઈંગાલ દોષ** (અંગાર દોષ) છે. તે પ્રમાણે પ્રશંસા કરવાથી સંયમ ગુણ અંગારા સમાન થઈ જાય.

(૬૧) મુનિ અમનોજ્ઞ, પ્રતિકૂલ આહાર કરતાં મસ્તક હલાવી; આંખ, મુખ વગેરે બગાડી; મનમાં ખિન્ન બનીને આહાર કરે અને તે આહારની કે દાતાની નિંદા કરે તે, **ધૂમ દોષ** છે. તેમ કરતાં સાધકના સંયમગુણો ધૂમાડા સમાન થઈ જાય છે.

(૬૨) મુનિ ખાદ્ય પદાર્થને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં સંયોજ્ય પદાર્થ, મીઠું, મરચું, ખાંડ, ગોળ વગેરેનો સંયોગ કરીને ખાય તે **સંયોજના દોષ** છે.

(૬૩) મુનિ શરીરની આવશ્યક્તા કરતાં વધારે આહાર કરે, ઠાંસી ઠાંસીને આહાર કરે, તે **પ્રમાણાતિક્રાંત દોષ** છે.

(૬૪) સૂર્યોદય પૂર્વે કે સૂર્યાસ્ત પછી આહાર કરે, તે **ક્ષેત્રાતિક્રાંત દોષ** છે.

(૬૫) પ્રથમ પ્રહરમાં ગ્રહણ કરેલા આહાર, પાણી ચોથા પ્રહરમાં રાખે અને તેનું સેવન કરે, તે **કાલાતિક્રાંત દોષ** છે.

(૬૬) વિહાર વગેરે પ્રસંગે બે ગાઉથી વધારે દૂર આહાર પાણી લઈ જાય અને વાપરે, તે **માર્ગાતિક્રાંત દોષ** છે.

(૬૭) દુષ્કાળ માટે લોકોને આપવા બનાવેલો **દુષ્કાળ ભક્ત** આહાર ન લેવો.

(૬૮) દીન દુખીઓ માટે બનાવેલો **કિવિણ ભક્ત** આહાર ન લેવો.

(૬૯) બીમારો માટે બનાવેલો કે અપાતો **ગિલાણ ભક્ત** આહાર ન લેવો.

(૭૦) અનાથ લોકો માટે તૈયાર કરેલો **અનાથ પિંડ** આહાર ન લેવો.

(૭૧) અતિવૃષ્ટિથી પીડિત લોકો માટે બનાવેલો **બદ્દલિયા ભક્ત** આહાર ન લેવો.

(૭૨) સાધુ માટે સુધારેલો કે પીસીને, મથીને તૈયાર કરેલો આહાર, **રચિત દોષવાળો** કહેવાય છે. દાતા ખાદ્ય પદાર્થોનું પરિવર્તન કે રૂપાંતરિત કરીને આપે તે પણ **રચિત દોષ** છે.

(૭૩) ગૃહસ્થનું આમંત્રણ કે નિમંત્રણ સ્વીકારી, તેને ઘરે ગોચરી વહોરવી તે **નિમંત્રણ પિંડ દોષ** છે.

**પ્રશ્નવ્યાકરણ સૂત્રના** પ્રથમ સંવર દ્વારમાં આહાર સંબંધી ઘણાં વિધિ નિષેધ અને નિયમ દર્શાવ્યા છે તેમાંથી વિશિષ્ટ વિધિ નિષેધ આ પ્રમાણે છે–

(૭૪) ગૃહસ્થના ઘરેથી પોતાના હાથે આહાર ગ્રહણ ન કરે. (ગૃહસ્થની આજ્ઞાથી પાણી લેવામાં દોષ નથી, જિનાજ્ઞા છે.– ***આચારાંગ સૂત્ર***)

(૭૫) મુનિ ગૃહસ્થની ખુશામત કરીને આહાર પ્રાપ્ત ન કરે.

(૭૬) આહાર કરતા પહેલાં મુનિ આખા શરીરને પૂંજીને પછી આહાર કરવા બેસે.

(૭૭) મુનિ મૌનપૂર્વક આહાર કરે.

(૭૮) અતિ ધીરે કે અતિ ઉતાવળે આહાર ન કરે.

(૭૯) આહાર કરતાં મુખથી ચવ–ચવ કે સુડ–સુડનો અવાજ કરે અર્થાત્ સબડકા લઈ આહાર કરે તો તે દોષ રૂપ છે.

**નિશીથ સૂત્રમાં** પ્રાયશ્ચિત્તનું વિધાન કરતાં એષણા સમિતિ સંબંધી સૂચનો છે. તેમાં વિશેષ સૂચન આ પ્રમાણે છે–

(૮૦) આ વાસણમાં શું છે ? પેલા વાસણમાં શું છે ? તેમ પૂછી પૂછીને મુનિ આહાર પ્રાપ્ત કરે. તો પ્રાયશ્ચિત્ત.

(૮૧) મુનિ મોટે અવાજે માંગે કે કુતૂહલ ભાવે યાચના કરે તો પ્રાયશ્ચિત્ત.

(૮૨) મુનિ પહેલાં કંઈ પણ દોષ દેખાડી ગોચરી ગ્રહણ કરવાનો નિષેધ કરે અને પછી ચિત્તની ચંચલતા થતાં ગૃહસ્થની પાછળ જઈ ખુશામત કરે તો પ્રાયશ્ચિત્ત.

(૮૩) મુનિ ગૃહસ્થો વગેરેને આહારાદિ આપે તો પ્રાયશ્ચિત્ત.

(૮૪) મુનિ પાસત્થા–શિથિલાચારી સાધુને આહાર દે અને તેની પાસેથી લે તો પ્રાયશ્ચિત્ત.

(૮૫) મુનિ લોક વ્યવહારમાં જુગુપ્સિત અને નિંદિત ગર્હિત તેમજ આગમમાં નિષિદ્ધ કુલોમાં ગોચરી જાય તો પ્રાયશ્ચિત્ત.

(૮૬) મુનિ શય્યાદાતા(રહેવાનું સ્થાન આપનાર)નો આહાર ગ્રહણ કરે તો પ્રાયશ્ચિત્ત.

(૮૭) મુનિ ગુરુ આચાર્યાદિની આજ્ઞા વિના દૂધ, દહીં વગેરે વિગયોનું સેવન કરે તો પ્રાયશ્ચિત્ત.

નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્તોનું જ વિધાન છે માટે અહીં દરેકમાં પ્રાયશ્ચિત્ત શબ્દનો પ્રયોગ કર્યો છે.

**દશવૈકાલિક સૂત્રના** પાંચમા પિંડેષણા અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં વર્ણિત કેટલાક વિધિ, નિયમ કે દોષ આ પ્રમાણે છે–

(૮૮) મુનિ, વરસાદ વરસતો હોય, ધુમ્મસ કે ઝાકળ વરસતી હોય ત્યારે ગૌચરીએ ન જાય. વાવાઝોડાના સમયે અને ઉડનારા કે ચાલનારા ત્રસ જીવોની બહુ ઉત્પત્તિ થઈ હોય ત્યારે પણ ગોચરી ન જાય.

(૮૯) જે ગૃહસ્થે પોતાના ઘરે આવવાની ના પાડી હોય ત્યાં ગોચરી જવું નહીં.

(૯૦) ગૃહસ્થની આજ્ઞા લીધા વિના વસ્ત્ર કે શણ વગેરેના પડદાને હટાવી ગોચરી જવું નહીં.

(૯૧) નીચા(નાના) દ્વારવાળા અંધકાર યુક્ત ઓરડામાં ગોચરીએ જવું નહીં.

(૯૨) ફૂલ બીજ વગેરે સચિત્ત પદાર્થ ઘણા વિખરાયેલા હોય ત્યાં ગોચરી જવું નહીં.

(૯૩) તત્કાલનું લીંપેલું આંગણું હોય તેમાં ચાલીને ગોચરી જવું નહીં.

(૯૪) ઘરના દરવાજામાં બકરા, બાળક, કૂતરા, વાછરડા વગેરે બેઠાં, ઊભા કે સૂતાં હોય તો તેને ઓળંગીને

ગોચરીએ જવું નહીં.

(૯૫) શુચિધર્મી(ચોખ્ખાઈની પરંપરાવાળા) કુલોમાં રસોડું વગેરે જ્યાં સુધી આવવાની ગૃહસ્થની મર્યાદા હોય ત્યાં સુધી જ જવું, તેનાથી આગળ જવું નહીં.

(૯૬) વહોરાવતા સમયે દાતાના પગ નીચે ત્રસ જીવ, બીજ, લીલોતરી વગેરે દબાઈ જાય તેમજ સચિત્ત પાણીનો સંઘટ્ટો કે કોઈ પ્રકારે પાણીની વિરાધના થઈ જાય તો તે ઘરથી ગોચરી ન લેવી.

(૯૭) ગોચરી વહોરાવવાના નિમિત્તે પહેલાં કે પછી દાતા પાણીથી હાથ, ચમચા વગેરે ધૂએ તો તે **પૂર્વ કર્મ** અને **પશ્ચાત્ કર્મ દોષ** થાય, માટે ભિક્ષુએ તે વિષયમાં વિવેક પૂર્વક ભિક્ષા ગ્રહણ કરવી.

(૯૮) ગર્ભવતી સ્ત્રી માટે બનાવેલા આહારમાંથી તેના વાપર્યા પહેલાં લેવું નહીં.

(૯૯) ગર્ભવતી સ્ત્રીને પ્રસૂતિ કાલનો માસ ચાલતો હોય ત્યારે તેને સાધુ માટે ઊઠવું કે બેસવું પડે તે રીતે મુનિએ ગોચરી ન લેવી; તે સ્ત્રી બેઠેલી કે ઊભી રહેલી જેમ હોય તેમ વહોરાવે તો ભિક્ષા લઈ શકાય.

(૧૦૦) બાળકને દુગ્ધ પાન કરાવતી સ્ત્રી તેને રડતાં મૂકીને ગોચરી વહોરાવે તો તેના હાથે મુનિ ગોચરી ન લે.

(૧૦૧) ભારે વાસણ કે પદાર્થ મુશ્કેલીથી ઉપાડીને દાતા વહોરાવે તો ગોચરી ન લેવી.

(૧૦૨) મુનિએ દાન, પુણ્ય માટે કે ગરીબ ભિખારી માટે તેમજ સાધુ સંન્યાસીઓ માટે બનાવેલો આહાર ન લેવો, તે **દાનપિંડ દોષ** છે.

(૧૦૩) મુનિએ કંદ, મૂલ, આદુ તેમજ ફૂલ, ફળ અને બીજ વગેરે સચિત્ત પદાર્થો વહોરવા નહીં. ***–દશવૈ. –૫/૧/૭૦.***

(૧૦૪) મુનિએ દુકાન વગેરેમાં ખુલ્લા પડેલા અને રજથી ભરેલા પદાર્થ વહોરવા નહીં.

(૧૦૫) જેમાં ગોઠલી, ઠળિયા વગેરે ફેંકવાનું બહુ હોય તેવા પદાર્થ વહોરવા નહીં, તે **બહુઉજ્ઝિત દોષ** છે.

(૧૦૬) મુનિએ ધોવણ પાણી કે છાશ વગેરે તૈયાર થતાં તત્કાલ વહોરવા નહીં; એક બે ઘડીનો સમય વ્યતીત થઈ જાય પછી લઈ શકાય છે.

(૧૦૭) અન્ય કોઈ ભિક્ષાચર ઘરના દ્વાર પર ઊભા હોય તો મુનિએ ત્યાં તેને ઉલ્લંઘીને ગોચરી ન જવું અને તેની સામે ઊભા પણ ન રહેવું.

(૧૦૮) મુનિ સામુદાનિક ગોચરી કરે અર્થાત્ ધનિક કે ગરીબના ભેદ ભાવ વિના ગોચરી કરે.

(૧૦૯) મુનિ અજ્ઞાત ઘરોમાં એટલે પૂર્વ સૂચના વિનાના ઘરોમાં ગોચરી કરે અને એક જ ઘરમાં ગોચરી ન કરી લે, ગાયના ઘાસ ચરવાની જેમ અનેક ઘરેથી થોડી થોડી નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે.

(૧૧૦) મુનિ પ્રાપ્ત આહારને બીજા દિવસ માટે રાખે નહીં.

(૧૧૧) ભિક્ષુ મદ્ય માંસ કે મત્સ્યનો આહાર કદાપિ કરે નહીં અર્થાત્ મુનિ તેવી આહાર વૃત્તિથી દૂર રહે.

❖❖❖❖❖

## પરિશિષ્ટ–૩ :–

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | અધ્ય૦ | ઉદ્દે૦ | પૃષ્ટ | | વિષય | અધ્ય૦ | ઉદ્દે૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | अकंत दुक्खी | ૧૬ | – | ૩૪૮ | | असंलोयंसि | ૧૦ | – | ૨૬૪ |
| | अग्गपिंडं | ૧ | ૧ | ૧૪ | | असंसृष्ट | ૧ | ૬ | ૪૯ |
| | अग्गबीयं अग्गजायं | ૧ | ૮ | ૬૮ | | अस्सिं पडियाए | ૧ | ૧ | ૧૩ |
| | અગ્રપિંડ | ૧ | ૫ | ૩૬ | | अहाबद्धं | ૨ | ૩ | ૧૩૦ |
| | अणलं(वत्थं) | ૫ | ૧ | ૨૦૪ | આ | आइण्णावमा | ૧ | ૩ | ૨૭ |
| | अण्णउत्थियस्स | ૧ | ૧ | ૯ | | आयरिए | ૧ | ૧૦ | ૬૮ |
| | अण्ण मण्ण किरियं | ૧૪ | – | ૨૯૦ | | आमं | ૧ | ૮ | ૮૦ |
| | अणंत जिणेणं | ૧૬ | – | ૩૪૮ | | आरोग्गारोग्गं | ૧૫ | – | ૩૦૦ |
| | अणंत संजए | ૧૬ | – | ૩૪૬ | | आहच्च | ૧ | ૧ | ૩ |
| | अणावायंसि | ૧૦ | – | ૨૬૪ | | आहाकम्मियं | ૧ | ૯ | ૭૨ |
| | अणुवीइ भासी | ૧૫ | – | ૩૩૦ | ઈ | ઈન્દ્રિયના ૨૩ વિષય, ૨૪૦ વિકાર | ૪ | ૨ | ૧૮૮ |
| | अणेसणिज्जं | ૧ | ૧ | ૫ | ઉ | उज्झियधम्मा | ૧ | ૧૧ | ૯૧ |
| | अतेणं तेणंति | ૨ | ૨ | ૧૧૦ | | ઉદ્‌ભિન્ન દોષ | ૧ | ૭ | ૫૫ |
| | अथिरं (वत्थं) | ૫ | ૧ | ૨૦૪ | | ઊર્ધ્વગામિની નૌકા | ૩ | ૧ | ૧૫૦ |
| | અદત્તાદાન | ૧૫ | – | ૩૩૩ | | ઉપસ્થાન ક્રિયા | ૨ | ૨ | ૧૧૨ |
| | अधारणिज्जं (वत्थं) | ૫ | ૧ | ૨૦૪ | | उवज्झाए | ૧ | ૧૦ | ૫૧ |
| | अधुवं (वत्थं) | ૫ | ૧ | ૨૦૪ | | उब्भियं वा लोणं(ઉદ્‌ભિન્ન લવણ) | ૧ | ૬ | ૮૦ |
| | અધોગામિની નૌકા | ૩ | ૧ | ૧૫૦ | | उवस्सयं | ૨ | ૧ | ૯૫ |
| | અનભિક્રાન્ત ક્રિયા | ૨ | ૨ | ૧૧૫ | | उवेहमाणा | ૧૬ | – | ૩૪૮ |
| | अपरिहारिया | ૧ | ૯ | ૭૬ | | उस्सेइमं | ૧ | ૭ | ૬૦ |
| | अप्पंडं | ૨ | ૩ | ૧૩૦ | એ | एगं पायं जले किच्चा | ૩ | ૧ | ૧૪૯ |
| | अप्पपाणंसि | ૧૦ | – | ૨૬૫ | | एगं पायं धारेज्जा | ૬ | ૧ | ૨૧૫ |
| | अफासुयं | ૧ | ૧ | ૫ | | एगं वत्थं धारेज्जा | ૫ | ૧ | ૧૯૨ |
| | अफासुयं अणेसणिज्जं... | ૧ | ૧ | ૭ | | एगाभोयं भंडगं करेज्जा | ૩ | ૧ | ૧૪૯ |
| | અભિક્રાન્ત ક્રિયા | ૨ | ૨ | ૧૧૫ | | એષણીય આહાર | ૧ | ૧ | ૪ |
| | अभीरु | ૧૬ | – | ૩૪૪ | ઓ | ओग्गहं | ૭ | ૧ | ૨૩૧ |
| | અલ્પ સાવદ્ય ક્રિયા | ૨ | ૨ | ૧૧૯ | | ओघायतणेसु | ૧૦ | – | ૨૬૪ |
| | અવગ્રહ | ૭ | ૨ | ૨૪૫ | | ओसही | ૧ | ૧ | ૭ |
| | असत्थ परिणयं | ૧ | ૮ | ૬૮ | ક | कडु वेयणा...वेदंति | ૧૩ | – | ૨૮૭ |

| | વિષય | અધ્ય૦ | ઉદ્દે૦ | પૃષ્ટ | | વિષય | અધ્ય૦ | ઉદ્દે૦ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કરણ–કોટિ | ૧૫ | – | ૩૨૭ | | तत्थियरेयरेहिं | ૧ | ૯ | ૭૨ |
| | કાલાતિક્રાંત ક્રિયા | ૨ | ૨ | ૧૧૨ | | तरुपवडणठाणेसु | ૧૦ | – | ૨૬૩ |
| | कुविंदेण | ૩ | ૧ | ૧૫૦ | | तहागयं भिक्खु | ૧૬ | – | ૩૪૬ |
| | કેવળજ્ઞાનના સાત વિશેષણો | ૧૫ | – | ૩૨૨ | | તાલશબ્દ | ૧૧ | – | ૨૬૮ |
| ખ | खोमियं–ક્ષૌમિક વસ્ત્ર | ૫ | ૧ | ૧૯૨ | | તિર્યગ્ગામિની નૌકા | ૩ | ૧ | ૧૫૦ |
| ગ | गणधरः | ૧ | ૧૦ | ૮૦ | | તીર્થંકરના જન્માદિ પ્રસંગો | ૧૫ | – | ૨૯૫ |
| | गणावच्छेदकः | ૧ | ૧૦ | ૮૦ | | तूलकडं–તૂલકૃતવસ્ત્ર | ૫ | ૧ | ૧૯૨ |
| | गणीः | ૧ | ૧૦ | ૮૦ | થ | थंडिलंसि | ૧ | ૧ | ૫ |
| | ગર્હિતકુળ | ૧ | ૨ | ૧૮ | દ | दुगुणा तिगुणेण अपरिहित्ता | ૨ | ૨ | ૧૧૩ |
| | ગવેષણા | ૧ | ૧ | ૫ | | दुपक्खं ते कम्मं सेवंति | ૨ | ૨ | ૧૧૯ |
| | ગાથાપતિ અવગ્રહ | ૭ | ૨ | ૨૪૫ | | दुहसेज्जं | ૧૬ | – | ૩૫૧ |
| | गारत्थियस्स | ૧ | ૧ | ૯ | | દેવેન્દ્ર–અવગ્રહ | ૭ | ૨ | ૨૪૫ |
| | ગ્રહણૈષણા | ૧ | ૧ | ૫ | ન | નક્ષત્ર યોગ | ૧૫ | – | ૨૯૫ |
| | ગ્રાસેષણા | ૧ | ૧ | ૫ | | નિર્દોષ સ્થાન | ૨ | ૩ | ૧૨૨ |
| ચ | चम्म छेयणगं | ૭ | ૧ | ૨૩૦ | પ | પરિગ્રહ | ૧૫ | – | ૩૪૦ |
| | चरियाणि | ૧૦ | – | ૨૬૩ | | परिहारिओ–પરિહારિક સાધુ | ૧ | ૧ | ૯ |
| છ | छत्तयं | ૭ | ૧ | ૨૩૦ | | પ્રાણાતિપાત | ૧૫ | – | ૩૨૬ |
| જ | जंगियं–જાંગમિક વસ્ત્ર | ૫ | ૧ | ૧૯૨ | | पंकायतणेसु | ૧૦ | – | ૨૬૪ |
| | जंघासंतारिमे उदए | ૩ | ૨ | ૧૫૬ | | पंच हत्थुत्तरे | ૧૫ | – | ૨૯૫ |
| | जाणं वा णो जाणंति वएज्जा | ૩ | ૩ | ૧૬૫ | | पाडिहारियं (संथारगं) | ૨ | ૩ | ૧૩૦ |
| | જુગુપ્સિત કુળ | ૧ | ૨ | ૧૮ | | पाडिहारियं वत्थं | ૫ | ૨ | ૨૧૧ |
| ઠ | ठाणं वा सेज्जं... | ૨ | ૧ | ૯૬ | | पिंडवाए सणाओ | ૨ | ૩ | ૧૨૩ |
| ડ | डाग वच्चंसि | ૧૦ | – | ૨૬૪ | | पिहुयं | ૧ | ૧ | ૭ |
| ણ | णप्णत्थ | ૧ | ૮ | ૬૮ | | पुरिसांतरकडं–अपुरिसांतरकडं | ૧ | ૧ | ૧૨ |
| | णणत्थ आगाढागाढेहिं | ૨ | ૧ | ૧૦૨ | | पुव्वं देवाणं धम्मं आइक्खइ | ૧૫ | – | ૩૨૩ |
| | णदि आयतणेसु | ૧૦ | – | ૨૬૪ | | पुव्वं भासा अभासा | ૪ | ૧ | ૧૭૪ |
| | णो खलु मे अंतराए | ૧ | ૧૧ | ૮૭ | | पोत्तगं वत्थं | ૫ | ૧ | ૧૯૨ |
| | णो चेव णं परिवडियाए | ૭ | ૧ | ૨૩૨ | | प्रवर्तकः | ૧ | ૧૦ | ૮૦ |
| | णो णावाओ पुरओ दुरुहेज्जा | ૩ | ૧ | ૧૫૦ | | પ્રાસુક આહાર | ૧ | ૧ | ૪ |
| | णो धोएज्जा णो रएज्जा | ૫ | ૨ | ૨૦૮ | ફ | फासिए पालिए..... | ૧૫ | – | ૩૨૬ |
| | णो संचाएज्जा | ૧ | ૧ | ૫ | | फासिए, उंछे, अहेसणिज्जे | ૨ | ૩ | ૧૨૨ |
| ત | तज्जात संसृष्ट | ૧ | ૬ | ૪૯ | બ | बहिया णीहडं | ૧ | ૯ | ૯૬ |
| | તતશબ્દ | ૧૧ | – | ૨૬૮ | | बहु अट्ठियं पोग्गलं | ૧ | ૧૦ | ૮૨ |

| | વિષય | અધ્ય૰ | ઉદ્દે૰ | પૃષ્ટ |
|---|---|---|---|---|
| | बिलं वा लोणं-બલવણ | ૧ | ૬ | ૫૧ |
| | બ્રહ્મચર્ય | ૧૫ | – | ૩૩૬ |
| ભ | भज्जियं | ૧ | ૧ | ૬ |
| | भंगियं-ભંગિક વસ્ત્ર | ૫ | ૧ | ૧૯૨ |
| | ભાવના અને અતિચાર | ૧૫ | – | ૩૨૮ |
| | ભાષાના બાર દોષ | ૪ | ૧ | ૧૭૫ |
| | ભાષાનું સ્વરૂપ | ૪ | ૧ | ૧૭૪ |
| મ | महद्धणमुल्लाइं | ૫ | ૧ | ૧૯૬ |
| | महागुरु णिस्सयरा | ૧૬ | – | ૩૪૯ |
| | મહાવર્જ્ય ક્રિયા | ૨ | ૨ | ૧૧૬ |
| | મહા સાવદ્ય ક્રિયા | ૨ | ૨ | ૧૧૮ |
| | महिस करणाणि | ૧૦ | – | ૨૬૩ |
| | माइठाणं संफासे | ૧ | ૩ | ૨૬ |
| | मालोहडं | ૧ | ૭ | ૫૪ |
| | મિશ્રભાષા | ૪ | ૧ | ૧૭૫ |
| | મૃષાભાષા | ૪ | ૧ | ૧૭૫ |
| | मोय समायरे | ૨ | ૨ | ૧૧૦ |
| ય | યતના | ૩ | ૧ | ૧૪૫ |
| ર | રાજાનો અવગ્રહ | ૭ | ૨ | ૨૪૫ |
| | रोइज्जंतं ण रोएइ | ૫ | ૧ | ૨૦૪ |
| લ | लहुयं | ૨ | ૩ | ૧૩૦ |
| વ | વનસ્પતિની અંકુરાદિ સાત અવસ્થાઓ | ૪ | ૨ | ૧૮૭ |
| | વ્યવહાર ભાષા | ૪ | ૧ | ૧૭૫ |
| | વર્જ્ય ક્રિયા | ૨ | ૨ | ૧૧૫ |
| | વર્ષાવાસ યોગ્ય ક્ષેત્ર | ૩ | ૧ | ૧૪૧ |
| | વિતત શબ્દ | ૧૧ | – | ૨૬૮ |
| | वेजयंतियं | ૬ | ૧ | ૨૨૦ |
| | वोसट्ठकाए चत्तदेहे | ૧૫ | – | ૩૨૦ |
| | वोसिरामि | ૧૫ | – | ૩૨૭ |
| શ | શુષિર શબ્દ | ૧૧ | – | ૨૬૮ |
| સ | सड्ढे | ૧ | ૯ | ૭૨ |
| | સત્ય મહાવ્રત | ૧૫ | – | ૩૩૦ |

| | વિષય | અધ્ય૰ | ઉદ્દે૰ | પૃષ્ટ |
|---|---|---|---|---|
| | સત્યભાષા | ૪ | ૧ | ૧૭૩ |
| | सपाणं अप्पपाणं | ૨ | ૧ | ૯૬ |
| | समणुण्णा | ૧ | ૯ | ૭૫ |
| | सम्मत्त पइण्णे | ૧૫ | – | ૩૦૬ |
| | सव्वं भंडगमायाए | ૧ | ૩ | ૨૮ |
| | सहिस्सामि खमिस्सामि... | ૧૫ | – | ૩૨૦ |
| | संखडी | ૧ | ૨ | ૨૧ |
| | संगइयं | ૬ | ૧ | ૨૨૦ |
| | संथारगं-સંસ્તારક | ૨ | ૩ | ૧૩૦ |
| | संपरिहावइ | ૧ | ૩ | ૨૬ |
| | संभोइया | ૧ | ૯ | ૭૫ |
| | संसार महासमुद्दं | ૧૬ | – | ૩૫૧ |
| | संसृष्टः | ૧ | ૬ | ૪૯ |
| | સાગારિક અવગ્રહ | ૭ | ૨ | ૨૪૫ |
| | साणियं-શણનાવસ્ત્રો | ૫ | ૧ | ૧૯૨ |
| | साणुबीयं | ૧ | ૮ | ૬૮ |
| | સાધર્મિક અવગ્રહ | ૭ | ૨ | ૨૪૫ |
| | સાધ્વીની વસ્ત્ર મર્યાદા | ૫ | ૧ | ૧૯૨ |
| | સાધુની વસ્ત્ર મર્યાદા | ૫ | ૧ | ૧૯૨ |
| | सामुदाणियं एसियं वेसियं | ૧ | ૩ | ૨૬ |
| | સાવદ્યક્રિયા | ૨ | ૨ | ૧૧૭ |
| | सासियाओ | ૧ | ૧ | ૭ |
| | साहम्मिया | ૧ | ૯ | ૭૫ |
| | साहिम्मिया संभोइया समणुण्णा | ૭ | ૧ | ૨૩૨ |
| | सुद्धेण असुद्धेण वइबलेण | ૧૩ | – | ૨૮૮ |
| | सुहुमा भासा | ૪ | ૧ | ૧૭૬ |
| | स्थविरः | ૧ | ૧૦ | ૮૦ |
| હ | हेमंताण य पंचदस रायकप्पे | ૩ | ૧ | ૧૪૧ |


❖❖❖❖❖

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

| | |
|---|---|
| • શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી, શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે | આકોલા |
| • શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી | આકોલા |
| • માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા | કોલ્હાપુર |
| • શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા | મુંબઈ |
| • માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા | મુંબઈ |
| • શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ | કલકત્તા |

## શ્રુત સદસ્ય

| | |
|---|---|
| • શ્રી પારિતોષ આર. શાહ | મુંબઈ |
| • શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ | મુંબઈ |
| • જૈન જાગૃતિ સેન્ટર | વાશી (મુંબઈ) |
| • શ્રી મુકુન્દ આર. શેઠ | મુંબઈ |
| • શ્રી કેતનભાઈ શાહ | મુંબઈ |
| • શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા | મુંબઈ |
| • શ્રી સુધીરભાઈ પી. શાહ | મુંબઈ |
| • શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા | મુંબઈ |
| • શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી | કલકત્તા |


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org